ચોથી શ્રેણી

પુસ્તક ૨૫

મંગળવાર, તા. ૨૪મી માર્ચ, ૨૦૧૫
ચૈત્ર ૩, ૧૯૩૭ શાકે

થી

ગુરુવાર, તા.૨૬મી માર્ચ, ૨૦૧૫
ચૈત્ર ૫, ૧૯૩૭ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## છઠ્ઠું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક ૨૫)** **ચોથી શ્રેણી**

## અ નુ ક્ર મ ણિ કા


| વિષય | | પાના નંબર |
|---|---|---|
| **તા. ૨૪મી માર્ચ, ૨૦૧૫/ચૈત્ર ૩, ૧૯૩૭ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૫ | ૭૨ |
| શોકદર્શક ઉલ્લેખ | ૭૩ | ૭૭ |
| વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત | ૭૮ | ૮૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૮૩ | ૧૧૭ |
| **તા. ૨૫મી માર્ચ, ૨૦૧૫/ચૈત્ર ૪, ૧૯૩૭ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૧૮ | ૧૩૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩૨ | ૨૧૦ |
| અગિયારમી અતારાંકિત યાદી | ૨૧૧ | ૨૬૩ |
| બારમી અતારાંકિત યાદી | ૨૬૪ | ૩૧૫ |
| તેરમી અતારાંકિત યાદી | ૩૧૬ | ૩૪૮ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૩૪૯ | ૩૪૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૫૦ | ૩૬૧ |
| અધ્યક્ષશ્રીનો નિર્ણય | ૩૬૨ | ૩૬૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) (ક્રમશઃ) | ૩૬૩ | ૩૯૨ |
| **તા. ૨૬મી માર્ચ, ૨૦૧૫/ચૈત્ર ૫, ૧૯૩૭ શાકે** | | |
| **પહેલી બેઠક** | | |
| સરકારી વિધેયકો | ૩૯૩ | ૪૩૭ |
| ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત(સુધારા) વિધેયક, ૨૦૧૫ | ૪૩૮ | ૪૪૪ |
| **બીજી બેઠક** | | |
| તારાંકિત પ્રશ્નો | ૪૪૫ | ૪૫૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૫૯ | ૫૧૨ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૫૧૩ | ૫૧૩ |
| મુખ્યમંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪) | ૫૧૪ | ૫૧૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૫૧૮ | ૫૨૬ |

# ગુજરાત વિધાનસભા
## મંગળવાર, તા.૨૪મી માર્ચ, ૨૦૧૫
## ચૈત્ર ૩, ૧૯૩૭ શાકે
## સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું
## અધ્યક્ષશ્રી, ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને.

તારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જિલ્લામાં બોઈલરની તપાસ**

* ૧૮૨૯૦ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર બોઈલર ઈન્સ્પેકટરો દ્વારા કુલ કેટલી ફેકટરીઓ/કારખાના કે કંપનીઓમાં બોઈલરની તપાસ કરવામાં આવી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર નીચે મુજબની ફેકટરીઓ/કારખાના કે કંપનીઓમાં બોઈલરની તપાસ કરવામાં આવી.

| અ.નં. | તાલુકાનું નામ | ફેકટરી/કારખાના કે કંપનીઓની સંખ્યા | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ |
| ૧ | અમદાવાદ | ૩૮૭ | ૪૩૧ |
| ૨ | વિરમગામ | ૦૭ | ૦૭ |
| ૩ | ધોળકા | ૧૬ | ૧૬ |
| ૪ | સાણંદ | ૬૫ | ૭૧ |
| ૫ | બાવળા | ૪૮ | ૫૩ |
| ૬ | દસક્રોઈ | ૦૨ | ૦૨ |
| ૭ | દેત્રોજ | ૦૦ | ૦૧ |

**પ્રશ્ન**

(૨) આ તપાસ દરમ્યાન કેવા પ્રકારની ખામીઓ કે ગેરરીતિઓ સામે આવી, અને

**જવાબ**

(૨) આ તપાસ દરમિયાન બોયલરોના પ્રેસર પાર્ટસ જેવા કે ટયુબોમાં લીકેજ, ક્રેકીંગ અને વેસ્ટીંગ તેમજ ફરનેશ સેલમાં બલ્જીંગ ક્રેકીંગ પિટીંગ, વેસ્ટીંગ જેવી ખામીઓ જોવા મળેલ છે.

**પ્રશ્ન**

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૩) તપાસ દરમિયાનની ખામીઓની પૂરેપૂરી પૂર્તતા કરેલ હોવાથી પગલાં લેવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે કે, ૨૦૧૩માં સાણંદમાં ૬૫ અને ૨૦૧૪માં ૭૧ ની તપાસ કરવામાં આવી. પણ ખરેખર મારા મત વિસ્તારમાં કારખાનાઓ અને ફેકટરીઓ લગભગ ૫૦૦ થી ૬૦૦ છે. તો આમાં ખરેખર અમુક અમુક કંપનીઓમાં બોઇલરો ન નોંધાયેલા હોય તેવા કેટલા બોઈલરો પકડવામાં આવ્યા અને તેની સામે શું કાર્યવાહી કરવામાં આવી ? ખરેખર આ બોઈલરો નોંધાયેલા નથી હોતા પણ જે તેના અધિકારી હોય શ્રમ અને રોજગાર વિભાગના એ અધિકારીઓ કંઇ આમાં ઘાલમેલ કરી અને ખરેખર એ વધારે નોંધતા નથી. તો આ ખરેખર જે કંપનીઓ છે, જેને બોઇલરો ના હોય તે કંપનીઓ સામે શું શું કાર્યવાહી કરવામાં આવી, તે મને જણાવવા વિનંતી છે.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, બોઇલર હોય અને ના નોંધાયા હોય એવો કોઇ કિસ્સો નથી. અમારા વિભાગના અધિકારીઓ ફેકટરીઓ ઉપર વારંવાર ચેકીંગ કરતા હોય છે, તપાસણી કરતા હોય છે અને જ્યાં પણ એવું લાગતું હોય છે ત્યાં દરેક જગ્યાએ એ કારખાનાવાળાને નોટિસ આપીને જેમ બને તેમ જલદી કાર્યવાહી થાય એના માટેના પ્રયાસો કરતા હોય છે.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ૨૦૧૪માં જે ૫૮૧ કારખાનાઓની મુલાકાત લીધી અને નાની મોટી ખામીઓની પૂર્તતા કરી, એટલે કે વિભાગે

જ્યારે કામગીરીની પૂર્તતા કરી છે તો મારે એટલું જાણવું છે કે, પ્રમાણિત બોઇલરો કાયદાનુસાર ચાલે છે કે નહીં તે જોવા કેટલી મુલકાતો લીધી અને છેલ્લા બે વર્ષમાં બોઇલર ફાટવાથી કોઇ પ્રાણઘાતક અકસ્માત થયા છે કે નહીં ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, કારખાનાઓની અંદર બોઇલર ચાલતા હોય છે, એ બોઇલરની અવારનવાર મુલકાત અમારા વિભાગ મારફતે, અધિકારી મારફતે લેવામાં આવતી હોય છે અને આ બોઇલરોની ખાતરી કરવા માટે ૨૦૧૩ માં ૭૭૩ મુલાકાતો કરવામાં આવી અને ૨૦૧૪–૧૫ માં ૧,૪૦૯ આકસ્મિક તપાસ કરીને આ બોઇલરો બરાબર નિયમ પ્રમાણે નિયત કરેલા બોઇલરો ચાલે છે કે કેમ એની તપાસ કરવામાં આવી અને આ નિયમિત તપાસણીના કારણે  છેલ્લા વર્ષમાં નોંધાયેલા બોઇલરોની અંદર એક પણ અકસ્માત થવા પામ્યો નથી.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા બોઇલરો નોંધાયેલા છે? એમાંથી કેટલા પ્રમાણિત થયેલા છે અને કેટલા બંધ સ્થિતિમાં છે ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષની અંદર ૧૯૧ બોઇલરો નોંધાયેલા છે.

ડો. તેજશ્રીબેન  દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ જે બોઇલરોની ક્ષતિઓ સામે આવી એ પછી એ બધી ક્ષતિઓ નિવારણ થઇ ગઇ અને રિપેર થઇ ગયા કે નહીં એની ફરી ચકાસણી કરવામાં આવી કે કેમ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે બોઇલરમાં ખામી જણાય ત્યારે આપણે કારખાનાવાળાઓને જે બોઇલર વાપરતા હોય છે એમને જાણ કરીએ છીએ અને તાત્કાલિક અસરથી તેઓ તે બોઇલરની ખામી દૂર કરીને આ વિભાગને જાણ કરવામાં આવે છે અને તરત જ એને માન્યતા ફરી વાર આપવામાં આવતી હોય છે.

ડો. નિર્મલાબેન સુ. વાઘવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ગેરકાયદેસર બોઇલરોના ઉપયોગ અંગે કાયદામાં દંડ અથવા શિક્ષાની કોઇ જોગવાઇ છે ખરી ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, તપાસ દરમિયાન કોઇ ગેરકાયદેસર બોઇલર મળી આવે તો કાયદાની અંદર બોઇલર અધિનિયમ–૧૯૨૩ની કલમ–૨૩ અન્વયે રૂપિયા એક લાખ સુધીના દંડની જોગવાઇ છે અને એને મનાઇ હુકમ પણ આપવામાં આવે છે. મનાઇ હુકમ આપ્યા પછી પણ વારંવાર કાળજી રાખવામાં આવતી હોય છે, તેમ છતાં જો બોઇલર ચાલુ કરે તો એ ગુનો સાબિત થાય તો પર ડે એક હજાર રૂપિયાના દંડની જોગવાઇ છે.

**ખેડા અને મહીસાગર જિલ્લામાં વ્યવસાયલક્ષી તાલીમ**

* ૧૭૮૬૨ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને મહિસાગર જિલ્લામાં તાલુકાવાર વ્યવસાયલક્ષી તાલીમ આપવાનું આયોજન હાથ ધરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી સંસ્થાઓમાં ઉક્ત સ્થિતિએ આ અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા, અને | (૨) |

| વર્ષ | ખેડા જિલ્લાની સંસ્થા | | | | મહીસાગર જિલ્લાની સંસ્થા | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટ ઈન એઈડ | સ્વનિર્ભર | કુલ | સરકારી | ગ્રાન્ટ ઈન એઈડ | સ્વનિર્ભર | કુલ |
| ૨૦૧૩ | ૯ | ૧૧ | ૧૦ | ૩૦ | ૬ | ૧ | ૧૩ | ૨૦ |
| ૨૦૧૪ | ૧૦ | ૧૦ | ૧૦ | ૩૦ | ૬ | ૧ | ૧૩ | ૨૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવી ? | (૩) |

| વર્ષ | ખેડા જિલ્લાના તાલીમાર્થી | | | | મહીસાગર જિલ્લાના તાલીમાર્થી | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટ ઈન | સ્વનિર્ભર | કુલ | સરકારી | ગ્રાન્ટ ઈન | સ્વનિર્ભર | કુલ |

| | | એઈડ | | | | એઈડ | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૩ | ૪૩૧૫ | ૧૧૯૬ | ૧૮૨ | ૫૬૯૩ | ૧૮૦૭ | ૫૩૪ | ૩૫૯ | ૨૭૦૦ |
| ૨૦૧૪ | ૪૬૯૬ | ૧૦૮૭ | ૨૧૪ | ૫૯૯૭ | ૨૧૪૧ | ૫૨૪ | ૩૫૪ | ૩૦૧૯ |
| કુલ | ૯૦૧૧ | ૨૨૮૩ | ૩૯૬ | ૧૧૬૯૦ | ૩૯૪૮ | ૧૦૫૮ | ૭૧૩ | ૫૭૧૯ |

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે ખેડા અને મહીસાગર જિલ્લામાં કેટલી ગ્રાન્ટ ઇન એઇડ આઇ.ટી.આઇ. સંસ્થા છે. આ સંસ્થામાં કેટલા કર્મચારીઓ ફરજ બજાવે છે અને આ કર્મચારીઓને સરકારી કર્મચારીને મળતા લાભો આપવા માટે સરકારનું શું આયોજન છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં ૧૧ ગ્રાન્ટ ઇન એઇડ આઇ.ટી.આઇ. સંસ્થાઓ કાર્યરત છે. માનનીય સભ્યશ્રીએ પૂછયું કે એમને શું લાભ આપવામાં આવે છે. આ સંસ્થાના કર્મચારીઓને સરકારી કર્મચારીઓને મળતા લાભો પૈકી નીચે મુજબના લાભો આપવામાં આવે છે. સો ટકા પગારભથ્થુ, જેમાં પગાર, મોંઘવારી ભથ્થુ, ઘરભાડા ભથ્થુ, સ્થાનિક વળતર ભથ્થુ, મેડિકલ એલાઉન્સ ભથ્થુ અને સી.પી.એફ. માં સંચાલકના ફાળા પેટે જે અનુદાન હોય એના લાભ આપવામાં આવે છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ખેડા જિલ્લામાં કયા કયા તાલુકામાં, કેટલી બેઠકો મંજૂર થયેલ છે અને કેટલી બેઠકો ભરાયેલી છે? મહીસાગર જિલ્લામાં કયા કયા તાલુકામાં કેટલી મંજૂર જગ્યા છે અને કેટલી બેઠકો ભરાયેલી છે. ખેડા અને મહીસાગરમાં વિકાસશીલ તાલુકા કેટલા છે એમાં તાલીમની શું સુવિધા છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં કયા કયા તાલુકામાં મંજૂર અને કેટલી ભરાયેલી બેઠકો છે. એમાં કઠલાલમાં મંજૂર ૨૨૪ બેઠકો છે એમાં ૨૪૬ બેઠકો ભરાયેલી છે. કપડવંજમાં ૪૦૪ બેઠકો મંજૂર છે એની સામે ૪૩૯ બેઠકો ભરાયેલી છે. ખેડામાં ૨૦૪ની સામે ૧૬૩ બેઠકો ભરાયેલી છે. ઠાસરામાં ૨૪૦ની સામે ૨૮૫ બેઠકો ભરાયેલી છે. નડીયાદ, ઉત્તરસંડાની અંદર ૧૪૭૨ બેઠકની સામે ૧૧૪૦ બેઠકો ભરાયેલી છે. મહુધાની અંદર ૨૨૪ ની સામે ૨૧૪ બેઠક ભરાયેલી છે. મહેમદાવાદમાં ૨૬૮ બેઠકની સામે ૨૬૩ બેઠક ભરાયેલી છે. માતરની અંદર ૩૫૨ બેઠકની સામે ૩૪૬ બેઠક ભરાયેલી છે. વસો પલાણાની અંદર ૧૯૫૬ બેઠકની સામે ૧૬૦૦ બેઠક ભરાયેલી છે. આમ ૫૫૪૪ બેઠકની સામે ૪૬૯૬ બેઠક ખેડા જિલ્લાની અંદર ભરાયેલી છે. એવી જ રીતે મહીસાગર જિલ્લાની અંદર પણ કુલ ૧૯૯૬ બેઠકોમાંથી ૨૧૪૧ બેઠકો ભરાયેલી છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા પૂછવા માગું છું કે ખેડા જિલ્લા અને મહીસાગર જિલ્લાની અંદર કેટલી સરકારી આઇ.ટી.આઇ. છે તે સરકારી આઇ.ટી.આઇ. પૈકી કેટલી આઇ.ટી.આઇ. પોતાના મકાનમાં બેસે છે? કેટલા ભાડાના મકાનમાં બેસે છે? અને જે ભાડાના મકાનમાં બેસે છે તેમને સરકારી આઇ.ટી.આઇ.નું મકાન કયારે બનાવવામાં આવશે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, બંને જિલ્લામાં થઇને કુલ ૧૬ આઇ.ટી.આઇ.ના મકાનો છે. એમાં ૮ ભાડાના મકાનમાં આઇ.ટી.આઇ. ચાલે છે અને ૮ પૈકી ચાલુ વર્ષની અંદર અમને ૬ મકાન બનાવવા માટે જમીન મળી છે એટલે આ વર્ષે બજેટમાં ૬ મકાન બનાવવાની જોગવાઇ પણ કરવામાં આવી છે અને બે આઇ.ટી.આઇ.ના મકાનોની જમીન હજુ મળી નથી એ જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ છે.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ખેડા અને મહીસાગર જિલ્લામાં મહિલાઓ માટે વ્યવસાયલક્ષી તાલીમની શું વ્યવસ્થા કરવામાં આવી છે અને આ જિલ્લામાં કેવા પ્રકારની વ્યવસાયલક્ષી તાલીમ આપવામાં આવે છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા અને મહીસાગર જિલ્લાની અંદર મહિલાઓ માટેની વ્યવસાયલક્ષી તાલીમની સંસ્થાઓ કાર્યરત છે. ગલતેશ્વર વસોની અંદર મહિલાઓ માટે ૨૦૦ બેઠકો છે. પલાણાની અંદર ૪૮ બેઠકો, ઉત્તરસંડાની અંદર ૫૬, માતરમાં ૨૦, બાલાસિનોરમાં ૨૦ આમ કુલ ૩૪૪ બેઠકોની મહિલાઓ માટે જોગવાઇ કરવામાં આવી છે અને મહિલાઓ માટે જે તાલીમ આપવામાં આવે છે એમાં ઇલેકટ્રોનીકસ મિકેનીકલની તાલીમ, કટીંગ એન્ડ સોઇંગની તાલીમ, કોમ્પ્યુટર ઓપરેટીંગની તાલીમ, ફેશન ટેકનોલોજીની તાલીમ, હેર એન્ડ સ્કીન કેરની તાલીમ, ડ્રાફટસમેન સિવિલની તાલીમ, ડ્રેસ મેકીંગની તાલીમ

જેવા કોર્સો આપવામાં આવે છે. શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ બંને જિલ્લાઓમાં આઇ.ટી.આઇ. ની સંસ્થાઓ ઉભી કરવામાં આવી, ત્યારે એના કોડ જે તે સમયના છે. પ્રવર્તમાન સમયમાં અનુલક્ષીને આ કોડમાં સરકાર સુધારો કરવા માગે છે કે કેમ? બીજો પ્રશ્ન કે જેમ સરકારી કર્મચારીઓને પેન્શન અને જી.પી.એફ. ના લાભ છે, એ લાભો ઉપરાંત સરકારી કર્મચારીઓની માફક આ કર્મચારીઓને વિકલ્પના ભાગરૂપે પેન્શનનો વિકલ્પ આપવા માગે છે કે કેમ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પ્રોવિડંટ ફંડની વાત કરી એમાં અગાઉ મારા જવાબમાં કહ્યું કે જે લાભો સરકારમાં છે એટલા જ લાભો સ્વ નિર્ભર કોલેજમાં આપવા માગીએ છીએ. બાકી બીજી કોઇ જોગવાઇ આપવામાં આવતી નથી.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા અને મહિસાગર જિલ્લાની અંદર આઇ.ટી.આઇ. સિવાય વ્યવસાયલક્ષી કૌશલ્ય વર્ધક કેન્દ્રો કેટલા અને કેટલા લોકોએ તાલીમ લીધી અને કેટલા લોકોને રોજગારી મળી?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : આ કૌશલ્ય વર્ધન કેન્દ્રોની માહિતી એ આઇ.ટી.આઇ.ની માહિતી હતી. એમને જરૂર હશે તો બધી માહિતી આપી દઇશ.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીને માહિતી પહોંચાડી દેશો.

**દ્વારકા તીર્થ સ્થાનનો વિકાસ**

* ૧૭૮૮૭ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ તીર્થસ્થાન દ્વારકાના વિકાસ અર્થે રાજ્ય સરકારે કોઇ યોજના અમલમાં મુકેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) યોજનાઓની વિગત નીચે પ્રમાણે છે.<br>૧. શ્રી દ્વારકાધીશ મંદિર પરિસર વિકાસ અને વહીવટી સંકુલના બાંધકામની યોજના પૂર્ણ કરવામાં આવી છે.<br>૨. પેકેજ–૧ હેઠળ પાર્કીંગ, ટોયલેટ બ્લોક, ડ્રાઇવરો માટેની બેઠક વ્યવસ્થા, દુકાનો, સિક્યુરીટી કેબીન, પ્રવેશદ્વાર ઉપર બે હાથીઓની કામગીરી, ઓફિસ બિલ્ડીંગ, પાથ વે, વીજળીકરણ, કમ્પાઉન્ડ વોલ જેવી કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.<br>૩. પેકેજ–૨ હેઠળ જૂના ગોમતીઘાટનું નવિનીકરણ, નવો ગોમતીઘાટ, લોકર રૂમ, ટ્રાફિક પોલીસ કેબિન, ચેન્જીંગ રૂમ, પાથવે, બેઠક વ્યવસ્થા, કીર્તિ સ્થંભ જેવી કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.<br>૪. પેકેજ–૩ હેઠળ સમુદ્રનારાયણ બીચનો વિકાસ, આર્ચીઝ ગેટ, પાથ વે, બેન્ચીસ, ટોયલેટ બ્લોક, વોટર હટ, કમ્પાઉન્ડ વોલ, વીજળીકરણ જેવી કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.<br>૫. પેકેજ–૪ હેઠળ રાવલા તળાવનો વિકાસ, લોખંડના બે ગેટ, કમ્પાઉન્ડ વોલ, ટોઇલેટ બ્લોક, વોટર હટ, ચિલ્ડ્રન પ્લે એરીયા, વીજળીકરણ જેવી કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.<br>૬. ગોમતી નદી ઉપર સુદામા સેતુની કામગીરી ચાલુ છે.<br>૭. ભડકેશ્વર મહાદેવ મંદિર સ્થળે સનસેટ પોઇન્ટના વિકાસની યોજનાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.<br>૮. લોક ફાળાની સહાયથી ભવ્ય મુખ્ય પ્રવેશદ્વારની કામગીરી કરવામાં આવી છે. |

શ્રી પંકજ અ. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, પવિત્ર યાત્રાધામ એટલે દ્વારકાના વિકાસ માટે મેં જે પ્રશ્ન પૂછ્યો હતો એના અનુસંધાનમાં જવાબ મળ્યો છે કે ગોમતી ઘાટ, સમુદ્ર નારાયણ બ્રીજ, સુદામા સેતુ, ભડકેશ્વર સનસેટ પોઇન્ટ વિગેરે સ્થાનોના વિકાસ માટે કામગીરીનો પ્રારંભ કર્યો છે, એ અનુમોદનીય છે, અભિનંદનીય

છે. દ્વારકા ખાતે આવનાર યાત્રાળુઓની સુવિધા માટે દ્વારકા નગરીને હેરિટેજ ડેવલોપમેન્ટની યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ? દ્વારકા ખાતે પૂર્ણ કરેલ વિકાસલક્ષી કામો માટે અત્યાર સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે. હાલ જે કામ ચાલે છે તેમાં કેટલો ખર્ચ થનાર છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : મને જણાવતા આનંદ થાય છે કે ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઇ મોદી જ્યારે આ દેશના વડાપ્રધાન બન્યા, એમણે ભારતની સંસ્કૃતિનું જતન થાય. જ્યાં આપણા સૌના આસ્થાના કેન્દ્રો છે, જ્યાં આપણું માથું ઝૂકી જાય છે, એવા આસ્થા કેન્દ્રના જતન માટે એક હ્યદય યોજના એમણે હાથ ઉપર લીધી. હેરિટેજ સિટી ડેવલપમેન્ટ એન્ડ ઓગમેન્ટેશન યોજના હેઠળ દ્વારકામાં એનો સમાવેશ કરવામાં આવ્યો. દ્વારકા માટે ૨૨ કરોડ રૂપિયાના ખર્ચે વિવિધ કામોનું આયોજન વિચારણા હેઠળ છે. એમણે બીજો પ્રશ્ન પૂછ્યો કે દ્વારકાના વિકાસ માટે કેટલાં કામો પૂર્ણ કર્યાં છે? આ દ્વારકા ચારધામ પૈકીનું એક ધામ સપ્તપૂરી પૈકીની એક નગરી, આજથી ૧૫ વર્ષ પહેલાં એવું હતું કે ૧૦–૧૨ લાખ લોકો જતા હતા. પરંતુ આ રાજય સરકારે યાત્રાધામનો વિકાસ કરવાના કારણે હવે વર્ષે ૨૮ લાખ કરતા વધારે લોકો ત્યાં જાય છે. જ્યારે આટલી મોટી સંખ્યામાં લોકો ત્યાં જતા હોય તો એના માટે વ્યવસ્થા કરવી જોઇએ. મને જણાવતા આનંદ થાય છે કે આ ૨૫ મી જાન્યુઆરી, ૨૦૧૫ એ રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના હસ્તે ૭૧ કરોડ ૬૭ લાખનાં લોકાર્પણનાં કામો હાથ ઉપર લીધાં અને આગામી દિવસોમાં હાલ ૨૫ કરોડ ૫૪ લાખનાં જુદાં જુદાં કામો પ્રગતિ હેઠળ છે. એમાં દ્વારકા સુદામા સેતુ યોજના હેઠળ હેંગિંગ બ્રીજ એટલે ૭૧ કરોડના લોકાર્પણ ૨૫ કરોડના પ્રગતિ હેઠળ અને ૨૨ કરોડના હ્યદય યોજના હેઠળ આમ દ્વારકા સંપૂર્ણ સુવિધા સજ્જ બને એના માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી,આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે યાત્રાધામ દ્વારકા ખાતે યાત્રાળુઓ ખૂબ મોટી સંખ્યામાં આવે છે. સામાન્ય રીતે તે યાત્રાળુઓ બેટ દ્વારકા જતા હોય છે ત્યારે ભવિષ્યમાં બેટ દ્વારકાના વિકાસ માટેનું કોઇ આયોજન હાથ ધરવામાં આવેલ છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જેમ દ્વારકાનું મહત્વ છે તેમ બેટ દ્વારકાનું પણ મહત્વ છે. બેટ દ્વારકાનું મહત્વ એટલા માટે છે કે ભગવાન શ્રીકૃષ્ણ જયારે દ્વારકાનું શાસન કરતા હતા ત્યારે તેઓ બેટ દ્વારકાની અંદર નિવાસ કરતા હતા. તેની આજુબાજુ દરિયો હોવાના કારણે ત્યાં એકદમ નયનરમ્ય દ્રશ્ય હોય છે. આ રાજય સરકાર બેટ દ્વારકાના વિકાસ માટે કટિબદ્ધ છે. બેટ દ્વારકાના વિકાસ માટે ૩૦ કરોડના ખર્ચે તેના વિકાસનું આયોજન કરેલ છે. તેમાં ફર્સ્ટ ફેઝમાં ૧૨ કરોડ અને સેકન્ડ ફેઝમાં સી.આર.ઝેડ.ની પરમીશન મળ્યા બાદ ૧૭ કરોડ . માનનીય માર્ગ મકાન મંત્રી નીતિનભાઇએ આ તમામ યાત્રાધામોને માર્ગો સાથે જોડવા માટે માતબર ફંડ આપેલ છે. તેમ આગામી દિવસોમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૩૫૦ કરોડના ખર્ચે એક બ્રીજ બનાવવાનો છે. પ્રથમ વર્ષમાં બેટ દ્વારકાને જમીન માર્ગે પુલથી જોડવા માટે ૩૫૦ કરોડ જેટલી માતબર રકમ આપીને આમાં આયોજન કરવામાં આવેલ છે.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, દ્વારકાધીશ મંદિર પરીસરમાં વિકાસ અને વહીવટ તથા સ્કૂલનું બાંધકામ કયારે શરૂ કરવામાં આવ્યું અને કયાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. બીજો મારો પ્રશ્ન છે કે ગોમતી નદી ઉપર સુદામા સેતુની કામગીરી કયારે શરૂ કરવામાં આવી અને કયાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ દ્વારકાના વિકાસ માટે ફાળવી હતી અને તેમાંથી કેટલી ગ્રાન્ટ વપરાઇ છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ બધી ગ્રાન્ટ ગુજરાત સરકારની તિજોરીમાંથી જ વાપરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવી તેવું એમનું કહેવું છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં કેન્દ્રમાં જે સરકાર હતી તેણે એક રૂપિયો નથી આપ્યો. માનનીય નરેન્દ્રભાઇ મોદીની સરકારે ૨૨ કરોડ રૂપિયા આપવાનું નકકી કર્યુ છે.

અધ્યક્ષશ્રી : તે રૂપિયા આપ્યા તે સારી બાબત છે. તેમાં કોઇ ના નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે જે વાત કરી કે દ્વારકા સુદામા સેતુ જે હેંગીંગ બ્રીજ છે જેમાં સ્ટ્રકચર વર્ક, સ્પાઈલીંગ વર્ક, સ્પાઇલ કેબ, પ્રવેશદ્વાર, અન્ય સિવિલ વર્ક, એરીયા ડેવલપમેન્ટ આ બધું કામકાજ કરવાના કારણે આ કામગીરી પૂર્ણ થવાનો અંદાજ જોઈએ તો જુલાઈ ૨૦૧૫માં આ બધી કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દ્વારકાધીશના મંદિર ખાતે પ્રતિદિન હજારોની સંખ્યામાં યાત્રાળુઓ આવતા હોય છે. તો આ દ્વારકાધીશના મંદિર ખાતે સૂરક્ષા અને સલામતિ માટેની શું વ્યવસ્થા કરવામાં આવેલ છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ ધાર્મિક સ્થાનોની સૂરક્ષા એ રાજય સરકારમાં અગ્રીમ સ્થાને છે. દરિયા કાંઠે દ્વારકા આવેલ છે ત્યારે, અને દરવર્ષે ૨૮ લાખ કરતાં વધારે દર્શનાર્થીઓ આવતા હોય ત્યારે ભરતી અને ઓટના સમયને ધ્યાનમાં રાખીને કોસ્ટગાર્ડના સંકલનમાં રહીને ત્રણ ઈન્ટર સેપ્ટર બોટ દ્વારા નાઇટ પેટ્રોલિંગ કરવામાં આવે છે. મરીન સિકયુરીટી દ્વારા ૨૩ જવાનોનું મહેકમ મંજૂર કર્યુ છે પરંતુ હાલ ૩૦ જેટલા જવાનો તેની અંદર કામ કરી રહ્યા છે. ત્યાંના માછીમારો સાથે સંકલન કરીને તેનો પણ આ સૂરક્ષાની અંદર ઉપયોગ કરવામાં આવે છે. જુદા જુદા જે પોલીસ અધિકારીઓ છે તે પ્રમાણે પોલીસ સબ ઈન્સપેકટરથી માંડીને ૪૮ જેટલા પોલીસ સૂરક્ષા કર્મીઓ તેમાં રાખવામાં આવ્યા છે. એલએમજી સાથેના ત્રણ પોઈન્ટ મુખ્યદ્વાર, દ્વારકાધીશ અને ગોમતીઘાટ ઉપર રાખવામાં આવ્યા છે. સંપૂર્ણ વ્યવસ્થા તે ૪૩ જેટલા સીસીટીવી કેમેરાના માધ્યમથી જોડવામાં આવી છે. આ પ્રમાણે કંટ્રોલરૂમ સર્વર સંપૂર્ણ રીતે મંદિરના પટાંગણની અને આસપાસની વ્યવસ્થા અને આવશ્યકતા હોય ત્યારે મોકડ્રીલ અને તેના આયોજનથી સમગ્ર વહીવટી તંત્ર અને સૂરક્ષાતંત્રને ચેતનવંતુ અને જાગૃત બનાવવા માટેનું આયોજન આની અંદર રાખવામાં આવેલ છે.

**હિંમતનગર આર.ટી.ઓ. કચેરીમાં આવક**

* ૧૭૯૧૬ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હિંમતનગર આર.ટી.ઓ. કચેરીને તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ સને ૨૦૧૪ના વર્ષમાં છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ, | (૧) રૂપિયા ૫૯.૩૬ કરોડની આવક થઈ. |
| (૨) વર્ષ-૨૦૧૩ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને | (૨) વર્ષ-૨૦૧૩ના પ્રમાણમાં આવકમાં રૂપિયા ૬.૦૬ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શું છે? | (૩) આવકમાં ઘટાડો થયેલ નથી. |

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો ગતિશીલ ગુજરાતના પ્રણેતા આદરણીય મુખ્યમંત્રી આનંદીબેનના નેતૃત્વમાં આરોગ્ય વિભાગે જે કામગીરી કરી એમાં ગ્યાસુદીનભાઇએ જે ધન્યવાદ આપ્યા છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : રાજેન્દ્રભાઇ, સીધા પ્રશ્ન ઉપર આવો. ગ્યાસુદીનભાઇને નોટિસ મળી ગઇ છે એટલે તમે એમાં ન પડો. સીધા પ્રશ્ન ઉપર આવો.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, હિંમતનગર આર.ટી.ઓ.કચેરી ક્યારથી કાર્યરત છે અને એનો લાભ કયા ક્યા વિસ્તારને મળે છે? અને બીજું નવરચિત અરવલ્લી જિલ્લા માટે રાજય સરકારે આર.ટી.ઓ.કચેરીનું કોઇ આયોજન કરેલ છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હિંમતનગર આર.ટી.ઓ.કેચેરી ૧૩-૧૦-૧૯૮૦થી કાર્યરત છે અને અત્યારે હાલ હિંમતનગર, ખેડબ્રહ્મા, ઈડર, વડાલી, તલોદ, પોશીના અને પ્રાન્તીજ જેટલા વિસ્તાર-તાલુકાનું ત્યાં આગળ કામ આ કચેરીમાં થાય છે. નવો અરવલ્લી જિલ્લો બન્યા પછી આ વખતના બજેટમાં અમે એનું બિલ્ડીંગ બને એ માટે રૂ.૫૦ લાખની જોગવાઇ નવા મકાન માટે કરી છે અને કન્ટીજન્સી ફંડ અને મહેકમ માટે પણ રૂ. ૩૨ લાખની જોગવાઇ કરવામાં આવી છે. મોડાસાની બાજુમાં ગણેશપુરા ગામની પાસે ૭ એકર જમીનની અંદર એ જગ્યાએ બિલ્ડીંગ બને એ માટે જમીન પણ અમે મેળવી લીધી છે. એટલે હવે

નવરચિત અરવલ્લી જિલ્લાની બિલ્ડીંગ બનશે અને કચેરી ત્યાં આગળ કાર્યરત થશે પણ જ્યાં સુધી એ બિલ્ડીંગ ન બને ત્યાં સુધી અમે ભાડાના મકાનમાં ત્યાં આગળ એની કચેરી અલગથી કાર્યરત કરવા જઇ રહ્યાં છીએ.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ હિંમતનગર આર.ટી.ઓ.કેચેરી ખાતે ૨૦૧૪માં જે આવક ૫૯.૩૬ કરોડની થઇ છે એમાંથી રૂટિન વાહનો જે નવા નોંધાય એની આવક કેટલી છે, અને ચેકીંગ દરમ્યાન દંડ કરીને જે રકમ વસૂલ કરવામાં આવે છે એની આવક કેટલી છે? આ આવક ૨૦૧૪માં કેટલી છે અને ૨૦૧૩માં કેટલી હતી?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, એમણે ચારેક બાબતો જે અલગ અલગ માગી છે એમાં વર્ષ ૨૦૧૩ની આવક ઉચ્ચક કર તરીકે, એટલે ચેકીંગની જો તમે માગતા હોય તો આમાં ત્રણેક જાતની અલગ અલગ આવે છે. એક ઉચ્ચક કર તરીકે ૪૫.૫૪ કરોડની આવક ૨૦૧૩માં હતી ૨૦૧૪માં ૫૧.૧૩ કરોડ થઇ, રીકરીંગ કર તરીકે ૨૦૧૩માં ૬.૭૬ કરોડ હતી એ ૨૦૧૪માં ૬.૭૬ કરોડ થઇ અને જે ચેકીંગ દ્વારા તેઓ કહે છે એમાં માંડવાળ ફી તરીકે કહેતા હોઇએ છીએ એ ૨૦૧૩માં ૧ કરોડ રૂપિયા હતી ૨૦૧૪માં ૧.૪૪ કરોડ રૂપિયાની આવક થઇ છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, હિંમતનગર આર. ટી. ઓ. કચેરીમાં આવકમાં વધારો થયો છે, તો એમાં કઇ આવકનો વધારો થયો છે, અને છેલ્લા એક વર્ષમાં વાહનોની તપાસણીમાં શું આવક થઇ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, અલગ અલગ રીતે એની આવકોના હેડ હોય છે મેં અગાઉ હમણાં કહ્યું એ પ્રમાણે. પરંતુ સ્પેસીફિક માનનીય સભ્યશ્રી અશોકભાઇએ પૂછ્યું છે તો વાહનોની તપાસણી પેટે છેલ્લા એક વર્ષમાં ૭૨૭૩ જેટલા વાહનો ચેક કરવામાં આવ્યા અને એમાં ગુનો નોંધી અને એના દંડ પેટે ૧.૪૪ લાખની આવક થઇ છે. શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, હિંમતનગર, સાબરકાંઠામાં આર.ટી.ઓ. કચેરી દ્વારા ૫૯.૩૬ કરોડની આવક થઇ. આ આર.ટી.ઓ. કચેરી દ્વારા કેન્ટીન પણ ચલાવવામાં આવે છે, તો આ જે આવક થઇ એમાં કેન્ટીનની આવક ગણવામાં આવી છે કે કેમ? અને બીજો મારો પ્રશ્ન એ છે કે જો આ કેન્ટીનની આવક ગણવામાં આવી હોય તો ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં એમાંથી કેટલી આવક થઇ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : આમાં અગાઉ જે મેં ચાર હેડ આપ્યા એ જ છે આમાં કેન્ટીનની આવકનો સવાલ આવતો નથી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અરવલ્લી જિલ્લામાં ભાડાનું મકાન કેટલો સમય રાખવામાં આવશે અને કેટલા સમય પછી અરવલ્લી જિલ્લાનું પાસીંગ જીજે–૩૩ આપવામાં આવશે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : અમે એનો કોડ નંબર આપી દીધો છે, નવરચિત જે સાત જિલ્લાઓ છે એ સાતે સાત જિલ્લાની અંદર અલગથી કચેરીઓ આપણે તાત્કાલિક શરૂ કરવા જઇ રહ્યા છીએ એટલે મેં કહ્યું એ પ્રમાણે ૨૦૧૫–૧૬માં નાણાકીય જોગવાઇઓ સાતે સાત જિલ્લાઓની કરી લીધી છે અને અત્યારે ભાડાના મકાન માટેની તાત્કાલિક વ્યવસ્થા થાય એ માટેની તપાસ ચાલુ કરી દીધી છે, એટલે બહુ ઝડપથી નવા જિલ્લામાં આર.ટી.ઓ. કચેરી ચાલુ કરવા જઇ રહ્યા છીએ.

**બહુચરાજી તીર્થસ્થાનનો વિકાસ**

* ૧૭૮૮૮ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં આવેલ બહુચરાજી તીર્થધામ ખાતે વિકાસની કામગીરી કરવા માટે તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કોઇ યોજના અમલમાં મુકેલ છે કે કેમ, અને | (૧) હા, જી. મહેસાણા જિલ્લામાં આવેલ બહુચરાજી તીર્થધામ ખાતે વિકાસની કામગીરી કરવા માટેની યોજના અમલમાં મુકેલ છે. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) આ યોજના અંતર્ગત યાત્રિકોની સવલત માટે દર્શનપથ, પ્રદક્ષિણા પથ, એરાઇવલ પ્લાઝા, પૂર્વાભિમુખ |

દરવાજો, કુડકોર્ટ, કોટવોલ રીસ્ટોરેશન, સેન્ટ્રલ પેવેલીયન, સ્ટોન છત્રી, ટોયલેટ બ્લોક, ઓવર હેડ ટાંકી, પીવાના પાણીની વ્યવસ્થા, ઇલેક્ટ્રીફીકેશન, બેઠક વ્યવસ્થા, દુકાનો તથા યાત્રાળુઓના નિવાસ માટે યાત્રાળુભવન વિગેરે સવલતો ઉભી કરવામાં આવેલ છે.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મેં જે પ્રશ્ન પૂછયો હતો કે મહેસાણા જિલ્લામાં આવેલ બહુચરાજી તીર્થધામના વિકાસની કામગીરી હાથ ધરવામાં આવી છે, એના સંદર્ભે આ યોજનામાં યાત્રિકોની સવલતો માટે દર્શનપથ, પ્રદક્ષિણા પથ, એરાઇવલ પ્લાઝા, પૂર્વાભિમુખ દરવાજો, ફૂડ કોર્ટ, કોટવોલ, સ્ટોન છત્રી, ટોયલેટ બ્લોક, ઓવરહેડ ટાંકી અને પીવાના પાણીની વ્યવસ્થા વિગેરે, વિગેરે તેમજ જે યાત્રીઓ મુલાકાતે આવે તેમના માટે યાત્રા ભવનની જે સવલતો કરવામાં આવી છે તે ક્યારે પૂર્ણ થશે અને તેનો અંદાજિત ખર્ચ કેટલો થશે? બીજો મારો પ્રશ્ન એ છે કે આ પહેલાંની કોઇ સરકારે ગુજરાતમાં  જે તીર્થધામો આવેલા એમાં કોઇ વખતે આવા  વિકાસના કામો હાથ ધરેલા કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : બહુચરાજી એ શક્તિપીઠોમાંનું એક સ્થાનક છે. અત્યારે ચૈત્રી મહિનાની નવરાત્રી ચાલે છે, આ ચૈત્રી મહિનાની નવરાત્રીમાં માં શક્તિની આરાધના કરવા માટે દરરોજના બે લાખ કરતાં વધારે લોકો અહીંયા દર્શન કરવા માટે આવે છે.   વાર્ષિક ૭૮ લાખ કરતાં વધારે લોકો અહીંયા દર્શન કરવા માટે આવે છે, સ્વાભાવિક છે જ્યારે આટલી મોટી સંખ્યામાં લોકોની આસ્થાનું કેન્દ્ર હોય ત્યારે એમની આસ્થાનું જતન થાય એના માટે રાજ્ય સરકારે છૂટાં હાથે આ સ્થાનના વિકાસ માટે ફંડનું આયોજન કરેલું છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો તે પ્રમાણે હાલ ૧૮ કરોડ ૬૨ લાખના કામો ત્યાં પ્રગતિ હેઠળ છે અને એમાં પ્રદક્ષિણા પથ, એરાઇવલ પ્લાઝા, ફૂડ કોર્ટ, ઓવરહેડ ટાંકી જુદા જુદા સ્થાનોનું ઇલેક્ટ્રીફિકેશન વિગેરે તમામ કામો નજીકના સમયમાં એટલે કે એકાદ મહિનાના સમયની અંદર પરિપૂર્ણ થશે અને ભૂતકાળમાં આ યાત્રાધામોની હાલત અત્યંત દયનીય કક્ષાની હતી. ભા.જ.પ.ની સરકાર આવ્યા પછી આ યાત્રાધામોની સુખસુવિધામાં અનેકગણો વધારો કર્યો છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ વિગતે બધી વાત કરી છે, ખાસ કરીને મારે એ પૂછવું છે કે બહુચરાજી મંદિર છે એમાં સાત ફૂટનો ઘૂમ્મટ ઓછો થયો છે તે વાત સાચી છે અને સાચી હોય તો આપણે એની હાઇટ વધારવા માગીએ છીએ કે કેમ? બીજું ખાસ કરીને આપણા  આ બાંધકામની શરૂઆત કઇ તારીખે થઇ અને પૂર્ણ થવાની કઇ તારીખ હતી એ મારે જાણવું છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ મંદિરની અંદર ઘૂમ્મટનું એક મહત્વ હોય છે અને આ રંગમંડપ તથા સભામંડપ ઉપરનો દૈવિક આધ્યાત્મિક વાસ્તુ શાસ્ત્ર તેમજ શિલ્પ શાસ્ત્ર મુજબ ઘૂમ્મટોનું નિર્માણ કરવામાં આવે છે. જે મંદિરની આસ્થા અને ભવ્યતાની સાથે જોડાયેલો છે. મંદિરના વિસ્તૃતીકરણની જે યોજના લીધી તે ૨૦૧૨ની અંદર પૂર્ણ થઇ પરંતુ મંદિરની ઉંચાઇ ૫૦ ફૂટ જેટલી થઇ. જે જૂનુ મંદિર હતું તે જૂના મંદિરની ઉંચાઇ ૫૫ ફૂટ જેટલી હતી. એટલે સ્થાનિક શ્રદ્ધાળુઓની લાગણી એમાં એવી છે કે આ મંદિરની ઉંચાઇ એ ૫૫ ફૂટ જેટલી રાખવી જોઇએ એટલે ત્યાંના વાસ્તુશાસ્ત્ર અને શિલ્પ શાસ્ત્રના લોકો સાથે અત્યારે પરામર્શ ચાલે છે અને લોકોની આસ્થા જળવાઇ રહે એ આ સરકારની ફરજ છે અને લોકોની આસ્થા પ્રમાણે એની અંદર અમે ફેરફાર કરવા માગીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, તેમનો બીજો પ્રશ્ન હતો કે બાંધકામ કયારે શરૂ થયું ? તેમની વાત સાચી છે ૨૦૧૨ની અંદર બાંધકામ શરૂ થયુ જે આર્કિટેકટ દ્વારા અમને ડિઝાઇન આપવામાં આવતી હતી, જોઇતી હતી તેની અંદર અનેક સમસ્યાઓ હતી એના કારણે અમારો પ્રોજેકટ ડિલે થયો છે અને એ આર્કિટેક્ટને અમે નોટિસ આપી છે અને આગામી દિવસોમાં એ સંપૂર્ણ ડિલે થયેલી કામગીરી અમે યોગ્ય સમયની અંદર એટલે એકાદ કે બે મહિનાની અંદર પૂર્ણ કરવાના છીએ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, લગભગ ૧૮ કરોડ ૬૨ લાખના ખર્ચે કામો પ્રગતિમાં છે અને પૂર્ણ થવાના આરે છે. ભવિષ્યમાં સરકાર આ બાબતે કોઇ નવુ ખર્ચ કે નવુ આયોજન કરવા માગે છે કે કેમ ? અને કરેલ હોય તો તેની અંદાજિત રકમ કેટલી છે ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ યાત્રાધામો એવા છે કે જેમાં નિરંતર કંઇક અને કંઇક વધારે વ્યવસ્થાઓ ઉભી કરીને શકિતપીઠ વધારે સુવિધાપૂર્ણ બને એ આ રાજય સરકારનો સંકલ્પ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પૂછયુ ભવિષ્યમાં બહુચરાજી ખાતે જુદા જુદા અનેક વિકાસલક્ષી કાર્યક્રમો હાથ ઉપર લીધા છે. એમાં ખાસ કરીને ૬૬૩.૪૬ લાખના ખર્ચનું આયોજન અત્યારે અમારા હાથ ઉપર લીધુ છે અને તે આખરી તબક્કામાં છે. એની અંદર વહીવટી સંકુલ, કમિટી રૂમ, પ્રસાદ રૂમ, ભેટ કેન્દ્રો, એના ભોજનાલયનું રિનોવેશન આવુ અનેકવિધ આપણે તેની અંદર હાથ ઉપર લીધુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે, આ બહુચરાજીની અંદર ગામમાંથી પસાર થતો સ્ટેટ હાઇવે કે જે ૧.૫ કિલોમીટરના રસ્તે ચાર માર્ગીય બનાવી અને તેનું સ્ટ્રેન્ધનીંગ,સ્ટ્રીટ લાઇટ,સેન્ટ્રલ વર્જ આ બધુ કરવા માટે રાજય સરકારના માર્ગ મકાન દ્વારા ૧૨ કરોડ રૂપિયાના ખર્ચે મંજૂરી આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આનો એક પાલખી પથ છે. માતાજીની દર આઠમે આખી યાત્રા સમગ્ર ગામની અંદર નીકળે છે. આ અમે જયારે ત્યાં રાઉન્ડમાં ગયા હતા ત્યારે તેની હાલત ખરાબ હતી અમે માર્ગ મંત્રીશ્રીને તેની રજૂઆત કરી અને ૧ કરોડ અને ૨૦ લાખના ખર્ચે આ પાલખી પથ પણ રાજય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યો છે. આમ, મંદિર પરિસર અને મંદિરની આસપાસની આનુષાંગિક વ્યવસ્થાઓના માધ્યમથી બહુચરાજી શકિતપીઠમાં ઉત્તમ વ્યવસ્થાઓ કરવા માટે આ રાજય સરકારની કટિબદ્ધતા છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, આ બહુચરાજી મંદિરની આવક છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી થઇ ? અને બીજુ મંત્રીશ્રી પાસે દુઃખ સાથે જાણવા માગુ છું કે, કોંગ્રેસના શાસનમાં જાણે મંદિર જ ના હોય અને ભાજપમાં જ મંદિરો બન્યા હોય (અંતરાય) આ હું એટલા માટે કહેવા માગુ છું કે, ગાંધીનગર જિલ્લામાં ૨૫૦ મકાન તોડવામાં આવ્યા તે કઇ સરકારમાં તોડવામાં આવ્યા ?

અધ્યક્ષશ્રી : હું આ પ્રશ્ન એલાઉ કરતો નથી એટલે તેનો જવાબ આપવાની જરૂર નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એમના પ્રશ્નનો હું જવાબ આપુ (અંતરાય) ગાંધીનગર જિલ્લાનો હું જવાબ નથી આપતો. ભારતીય જનતા પાર્ટીની સરકાર એ સાંસ્કૃતિક ધરોહરના જતનવાળી સરકાર છે, આ હિન્દુ ધર્મના શ્રદ્ધા કેન્દ્રોનું જતન કરવાવાળી સરકાર છે, આ તૃષ્ટીકરણની રાજનીતિના આધાર ઉપર ચાલવાવાળી સરકાર નથી. વર્ષો સુધી તૃષ્ટીકરણના નામે તમે મંદિરોનું જતન નહોતા કરતા (અંતરાય) તેમણે અપેક્ષા રાખી છે કે ત્રણ વર્ષમાં શું આવક થઇ ? મારી પાસે આવકના આંકડા છે. ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા સન ૨૦૧૦–૧૧માં રૂપિયા ૮.૦૧ કરોડ, સન ૨૦૧૧–૧૨ના વર્ષમાં રૂપિયા ૮.૬૨ કરોડ તથા સન ૨૦૧૨–૧૩ના વર્ષમાં રૂપિયા ૧૦.૬૩ કરોડની આવક થઇ છે.

**નવસારી એ.આર.ટી.ઓ. કચેરીમાં આવક**

* ૧૭૯૧૫ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી એ.આર.ટી.ઓ. કચેરીને તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ સને ૨૦૧૪ ના વર્ષમાં છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઇ, | (૧) રૂપિયા ૪૫.૬૧ કરોડની આવક થઇ. |
| (૨) વર્ષ ૨૦૧૩ ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ ઘટાડો થયો, અને | (૨) વર્ષ ૨૦૧૩ ના પ્રમાણમાં આવકમાં રૂપિયા ૫.૬૪ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શું છે ? | (૩) આવકમાં ઘટાડો થયેલ નથી. |

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી એ.આર.ટી.ઓ. કચેરી દોઢ વર્ષ પહેલા જૂના અને જર્જરિત મકાનમાં બેસતી હતી. પરંતુ આજે ખૂબ જ અદ્યતન મકાન અને કોર્પોરેટ ઓફિસને છાજે તેવા મકાનમાં ચાલી રહી છે. માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું એ પ્રમાણે આવકમાં ૨૦ ટકાનો વધારો જોવા મળે છે. એ બદલે સરકારને અભિનંદન આપું છું. મારો પ્રશ્ન એ છે કે કઇ આવકમાં કેટલો વધારો થયો છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : ઉચ્ચક કર પેટે ૫.૪ કરોડ રૂપિયાની આવક તથા રીકવરી કર તરીકે ૦.૩૧ લાખ તથા માંડવાળ ફી .૦૨૯ લાખનો વધારો થયો છે. વિધાનસભા ગૃહને એ બાબતની જાણકારી આપતા આનંદ થાય છે કે રાજયમાં છેલ્લા કેટલાક વર્ષોથી સતત આર.ટી.ઓ.ની આવકમાં વધારો થતો આવ્યો છે. પરંતુ આ વખતે છેલ્લા એક વર્ષમાં માનનીય મુખ્યમંત્રીશ્રી કક્ષાએથી પાંચ જેટલી મિટિંગો અલગ અલગ વિભાગોની લઇને જરૂર પડે પોતે જાતે કચેરીની કે આર.ટી.ઓ. ચેક પોસ્ટની મુલાકાત લઇને યોગ્ય સૂચનાઓ આપી એ પ્રમાણે ઇન્સેન્ટિવ લીધા એના કારણે ચાલુ વર્ષની અંદર આવકમાં ગત વર્ષની તુલનાએ ઘણો બધો વધારો થયો છે એની જાણકારી આપતા હું આનંદ અનુભવું છું. ગત વર્ષે ૨૪૧૧.૫૬ કરોડની આવક થઇ હતી. જે આ વર્ષે ૩૨૩૭.૮૫ કરોડ એટલે કે આ વર્ષે ૮૨૬.૨૯ કરોડ રૂપિયાની આવક વધી છે. એટલે કે ૩૪.૨૬ ટકા જેટલો વધારો થયો છે. આ રીતે ગત વર્ષની તુલનાએ ૮૨૬.૨૯ કરોડ રૂપિયાનો ગુજરાતની તિજોરીમાં વધારો થયો છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : નવસારી આર.ટી.ઓ. કચેરીની અંદર હાઇસિકયોરિટી નંબર પ્લેટ માટે શું ફી લેવામાં આવે છે, નવસારી આર.ટી.ઓ. કચેરીમાં સ્માર્ટ કાર્ડ, રજિસ્ટ્રેશન લાઇસન્સ માટે કઇ કઇ એજન્સીઓ કામ કરે છે. એને શું ચૂકવણું થાય છે, અને કોઇ કામ પેન્ડિંગ છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : અલગ અલગ કામમાં અલગ અલગ કંપનીઓ કામ કરે છે. સ્માર્ટકાર્ડ રજિસ્ટ્રેશન પેઇન્ટીંગનું કામ શોક ટેકનોલોજી ઇન્ટરનેશનલ, મુંબઇ કરે છે. લાઇસન્સ આપવાનું કામ ભારત ઇલેકટ્રોનિક લિમિટેડ કંપની કરે છે. એના દરની વાત કરવામાં આવી તો હાઇ સિકયોરિટી રિજસ્ટ્રેશન પ્લેટ આગળ અને પાછળ બંને બાજુ લગાડવામાં આવે છે એમાં ટુ વ્હીલરના ૧૨૦ રૂપિયા છે, થ્રી વ્હીલરના ૧૫૦ રૂપિયા છે, લાઇટ મોટર વ્હીકલ માટે ૩૫૦ રૂપિયા છે, જયારે કોમર્શિયલ વ્હીકલ કે જે હેવી વ્હીકલ કહેવાય એના માટે ૩૭૦ રૂપિયા લેવામાં આવે છે. હાઇ સિકયોરિટી રજિસ્ટ્રેશન પ્લેટ બદલવા માટેના દર રૂપિયા ૩૦ થી કરીને ૧૮૦ સુધીના વ્હીકલ પ્રમાણે લેવામાં આવે છે. શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં આર.ટી.ઓ. કચેરી દ્વારા છેલ્લા બે વર્ષમાં કોઇ કેમ્પ કરવામાં આવ્યા છે કે કેમ? કરવામાં આવ્યા હોય તો તેમાં કઇ કઇ કામગીરી કરવામાં આવી છે અને આવકમાં કેટલો વધારો થયો છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : આર.ટી.ઓ. કચેરીમાં જે સ્થળ ઉપર કામ ચાલતું હોય તેના સિવાય અલગ અલગ તાલુકા કક્ષાએ કેમ્પ કરીને કામગીરી કરવામાં આવતી હોય છે. એક વર્ષની માનનીય સભ્યશ્રીએ વાત કરી તો વાંસદામાં ચીખલી, ગણદેવી એમ અલગ અલગ કેમ્પ કરવામાં આવ્યા. વાંસદામાં અત્યાર સુધીમાં ૨૧ જેટલા કેમ્પ કર્યા. ઇસ્યુ કરેલ ડ્રાઇવીંગ લાયસન્સ ૧૭૩૮, કન્ડકટર માટેના બેઝ ૨૧, ફીટનેસ સર્ટિફિકેટ ૧૨૯૬, નવા રજિસ્ટ્રેશન ૩,૭૮૦. એ જ પ્રમાણે બીજા તાલુકાનું છે. બધા તાલુકાની વિગતો બોલતો નથી પણ કુલ આંકડો આપું તો કચેરીએ આવે તે સિવાય તાલુકે જઇને જે કામ કરીએ છીએ તેમાં ૧૩૬ જેટલા કેમ્પ, ઇસ્યુ કરેલ ડ્રાઇવીંગ લાયસન્સ ૧૨,૨૨૮, ઇસ્યુ કરેલ કન્ડકટર માટેના બેઝ ૪૦૬, ફીટનેસ સર્ટિફિકેટ ૮,૯૬૧ અને નવા રજિસ્ટ્રેશન ૧૭,૪૯૭. આ કેમ્પ દ્વારા કામ કરવામાં આવ્યું છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે ગુજરાત રાજયમાં અમદાવાદથી બોમ્બે સુધી અને અમદાવાદથી જુનાગઢ સુધી અને આ બાજુ પાલનપુર સુધી ટોલ ટેકસ દ્વારા કર ઉઘરાવવામાં આવે છે. દરેક વેહિકલ આર.ટી.ઓ. મારફત જુદી જુદી રીતે કર ઉઘરાવવામાં આવે છે. રીકરીંગ, ઉચ્ચક અને આજીવન ટેક્સ. તો દરેક વેહિકલ ઉપર ડબલ, મતલબ કે પ્રજાને નાણાકીય બોજ પડે છે. તો વેહિકલ પરથી આજીવન ટેકસ દૂર કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : આ નવસારી જિલ્લા પૂરતો છે, એટલે જવાબ હોય તો આપજો.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લા પૂરતો છે છતાં પણ માનનીય સભ્યશ્રીના ધ્યાન ઉપર મૂકું કે ભારત સરકારે હમણાં જ નિયમ કર્યો છે અને કેટલાક સુધારાઓ પણ કરી રહ્યા છે. અગાઉ આવી કલ્પના નહોતી થઇ શકતી કે ટોલટેકસમાંથી મુક્તિ મળવાનો કોઇ વિચાર કરી શકે. રાજયમાં કેટલીક કેટેગરીના ટોલનાકા બંધ કરવા માટેનું ભારત સરકારે હમણાં વિચાર્યું છે. તેની પોઝીટીવલી એક દિશા પકડાઇ છે. એટલે હું માનું છું કે આવનારા સમયમાં તેના પરિણામ પણ પોઝીટીવ મળી શકશે.

**મહેસાણા જિલ્લાના ઔદ્યોગિક એકમો દ્વારા રોજગારી**

* ૧૯૪૨૦ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સ્થાનિક લોકોને રોજગારી આપવામાં આવી,

(૨) તે પૈકી કેટલા ઔદ્યોગિક એકમોએ સ્થાનિક લોકોને રોજગારી આપવામાં સરકારી પરિપત્રનો ભંગ કરેલ છે, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ મહેસાણા જિલ્લામાં સરકારી પરિપત્રનો ભંગ કરતા ઔદ્યોગિક એકમો સામે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લા રોજગાર કચેરીને ઔદ્યોગિક એકમોની મળેલ માહિતી અનુસાર છેલ્લા બે વર્ષમાં સ્થાનિક લોકોને આપવામાં આવેલ રોજગારીની વિગત.

| | |
|---|---|
| ડિસેમ્બર ૨૦૧૩ અંતિત સ્થિતિ | ૩૩૫૨૭ |
| ડિસેમ્બર ૨૦૧૪ અંતિત સ્થિતિ | ૩૨૮૪૯ |

(૨)

| | |
|---|---|
| ડિસેમ્બર ૨૦૧૩ અંતિત સ્થિતિ | ૦૭ |
| ડિસેમ્બર ૨૦૧૪ અંતિત સ્થિતિ | ૦૭ |

(૩)

- સરકારી પરિપત્રનો ભંગ કરતા એકમોની જિલ્લા કક્ષાએથી મુલાકાત લઇ સ્થાનિક રોજગારી જાળવે તે માટે તા.૩૧–૩–૯૫ ના ઠરાવની સમજુતી આપવામાં આવેલ અને સ્થાનિકોની ટકાવારી જાળવવા ભારપૂર્વક અનુરોધ કરવામાં આવેલ છે. નાયબ નિયામક (રોજગાર) અમદાવાદ દ્વારા પણ લખાણ કરવામાં આવેલ છે. તેમના અધ્યક્ષ સ્થાને ઉદ્યોગો સાથે બેઠકનું આયોજન કરી ઠરાવની જોગવાઇઓનું પાલન કરવા જરૂરી મદદ તથા ઉપાયો પણ સૂચવેલ છે.
- સરકારી પરિપત્રનો ભંગ કરતાં એકમોની વિગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, મહેસાણાને મોકલવામાં આવેલ છે, જેથી તેમના દ્વારા પ્રોત્સાહિત એકમો સામે યોગ્ય કાર્યવાહી થઇ શકે.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં ખૂબ જ મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો આવેલા છે. તેમાં કડી તાલુકામાં ખૂબ જ ઔદ્યોગિક એકમો છે. કડી તાલુકામાં મધુસુદન સિરામિક એક લિમિટેડ કંપની છે અને કડી નગરપાલિકાની હદમાં આવેલી છે. કડી નગરપાલિકામાં અનુસૂચિત જાતિની ખૂબ મોટી વસતિ છે અને બીજાં સ્થાનિક લોકો પણ ખૂબ છે જે પુઅર લોકો છે. આ ફેક્ટરીમાં બહારથી અધર સ્ટેટના લોકોને સ્પેશ્યલ લઇને કામગીરી માટે લાવવામાં આવે છે. સ્થાનિક લોકોને કામગીરી આપતા નથી. અનુસૂચિત જાતિના અમારા મહોલ્લાના આગેવાનો બધા અમે ફેક્ટરીમાં જઇને..

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પૂછો. પૂર્વભૂમિકા ન બાંધીએ.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : હું આપને એ જ કહેવા જઉં છું કે ત્યાં અધર સ્ટેટના જે લોકો આવતા હોય તે સ્થાનિક લોકો સાથે મારામારી સુધીના બનાવો બને છે, ત્યાંથી બધા જે લોકો આવતા હોય તે આપણે કોઇના માટે કંઇ કોમેન્ટ કરવી નથી, પણ મારામારી કરતા હોય તો એવા લોકોને કંપની પ્રોટેક્શન આપે છે અને સ્થાનિક કામદારોને કાઢી મૂકવાનું કરે છે. જે કામદાર કાયમી હોવા છતાં કોઇ બિમારી લાગી જાય અથવા તો સામાજીક કોઇ કામગીરી આવે અને એક–બે દિવસ ન જાય તો તેમને ફેક્ટરીમાંથી કાઢી મૂકવામાં આવે છે. તો આવા લોકોને આપણે સલામતી આપવા માગીએ છીએ કે કેમ? અને સ્થાનિક જે લોઅર ક્લાસના લોકો છે એમને આપણે કામગીરી આપવા માગીએ છીએ કે કેમ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આવી મારામારીની કે બહારના લોકોને રાખીને સ્થાનિક લોકોને કાઢી મૂકવાની ફરિયાદ અમને મળેલી નથી. માનનીય સભ્યશ્રી પાસે આવી માહિતી હોય તો આપે. હું ચોક્કસપણે તપાસ કરાવીને શક્ય તેટલી મદદ કરવા કોશિશ કરીશું.

અધ્યક્ષશ્રી : આપની પાસે એવી માહિતી હોય તો મંત્રીશ્રીને આપજો.

શ્રી નારાયણભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે,

મહેસાણા જિલ્લામાં જે ઔદ્યોગિક એકમો છે એમાં સ્થાનિક લોકોની કેટલી ટકાવારી છે? નિયમ મુજબ એ ટકાવારી સચવાય છે કે કેમ? મહેસાણા જિલ્લામાં ઓ.એન.જી.સી.માં કેટલી ટકાવારી સચવાય છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લાની અંદર ઘણા બધા ઔદ્યોગિક એકમો આવેલા છે. એ એકમો પૈકી સાતેક એકમોમાં સ્થાનિક ટકાવારી જળવાઇ નથી એવું ઘ્યાનમાં આવેલ છે. માનનીય સભ્યશ્રીએ ઓ.એન.જી.સી.ની વાત કરી છે ત્યારે ઓ.એન.જી.સી.માં સ્થાનિક ટકાવારી જળવાઇ નથી એના કેટલાક કારણો છે. ઓ.એન.જી.સી.માં સેન્ટ્રલ લેવલે ભરતી કરવામાં આવે છે. એમની બદલી અને બઢતી પણ સેન્ટ્રલ લેવલ કરવામાં આવતી હોય છે. એટલે ટકાવારી જળવાતી નથી. પરંતુ કામદાર કક્ષાના એકમો છે એની અંદર અમારી છેલ્લી માહિતી મુજબ ૮૮ ટકા જેટલી સ્થાનિક કામદારોની ટકાવારી જળવાઇ છે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગું છું. મંત્રીશ્રીએ લેખિતમાં સ્વીકાર્યું છે કે, સાતેક એકમો એવા છે કે, જે આપણા પરિપત્ર છે એનું પાલન કરતા નથી. પેટા પ્રશ્નના જવાબમાં પણ સ્વીકાર્યું છે. એની સામે માત્ર એમને સમજણ આપી છે, ટકાવારીની પરિસ્થિતિ સમજાવી છે. એનો અર્થ એવો થાય કે, એમની ઉપર શિક્ષાત્મક દંડનીય કાર્યવાહી કરી શકાય તે માટે એવી પરિસ્થિતિમાં જરૂર પડે કાયદામાં સુધારો કરવા માગો છો કે કેમ? ડિસેમ્બર-૨૦૧૩માં ૩૩૫૨૭ સ્થાનિક લોકોને રોજગારી આપી અને ડિસેમ્બર-૨૦૧૪માં ૩૨૮૪૯ને રોજગારી આપી છે. માનનીય રમેશભાઇનો સવાલ હતો. એના ઉપરથી સ્પષ્ટ દેખાય છે. સ્થાનિક લોકોની સંખ્યા વધવાને બદલે ઘટી છે. તો કાયદાનું કડક પાલન કરવા માટે સ્થાનિક કક્ષાએ તપાસ કરીને પગલાં લેવા માટે સરકાર કોઇ સઘન કામગીરી કરવા માગે છે કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, દરેક જિલ્લામાં સ્થાનિક રોજગારી મળી રહે તે માટે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા પ્રયાસો કરવામાં આવતા હોય છે. ઔદ્યોગિક એકમોને પણ બોલાવીને એની અંદર ક્યા પ્રકારનું કામ કરવા માટે સ્થાનિક બેરોજગારો તૈયાર છે એ જાણીને એના માટે મેળા સ્વરૂપે આયોજન કરતા હોઇએ છીએ. મહેસાણા જિલ્લાની અંદર છેલ્લા બે વર્ષની અંદર ૨૦૧૩-૧૪માં સ્થાનિક લોકોને રોજગારી મળી રહે એના માટે ૪૦ જેટલા મેળા યોજીને ૪૧૧૦ સ્થાનિક લોકોને રોજગારી આપવા માટેનું કામ થયું છે. એવી જ રીતે ૨૦૧૪-૧૫માં ૩૯ મેળાઓ કરીને ૫૭૩૭ ઉમેદવારોને, સ્થાનિક લોકોને રોજગારી મળી રહે એના માટે એકમોને સમજાવીને કામ કર્યું છે. નિયમ કે ઠરાવની અંદર ટકાવારી જળવાય તે માટે શિક્ષાત્મક જોગવાઇ નથી.

**ગીર સોમનાથ જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ અરજીઓ**

* ૧૭૯૬૫ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સંકટ મોચન યોજના હેઠળ ગીર સોમનાથ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૭૧. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૯. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે ? | (૩) ૨૫. |

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, સંકટ મોચન યોજના ક્યારે અમલમાં આવી અને આ યોજના હેઠળ સહાય મેળવવા માટેની પાત્રતા શું છે? મારો બીજો પ્રશ્ન- તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં કેટલી અરજીઓ આવી અને કેટલી મંજૂર કરવામાં આવી?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના ૧૯૯૫માં શરૂ કરવામાં આવી છે. એમાં લાભાર્થી બીપીએલના હોવા ફરજિયાત છે અને જ્યારે એમણે ગીર સોમનાથની વાત કરી છે ત્યારે ગીર સોમનાથ પૈકી આખા જિલ્લાની અંદરથી કુલ જે અરજીઓ મળી તે પૈકી ૨૯ અરજીઓ અમે મંજૂર કરી છે, ૪૨ અરજી નામંજૂર કરી છે, અને પહેલા જે ૨૭ જેટલી અરજીઓ પડતર હતી એ પડતર અરજીઓનો પણ અમે નિકાલ કર્યો છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં આપ્યું કે હમણા ૨૭ અરજી પડતર છે, જજનો નિકાલ કર્યો છે અને બી.પી.એલ. યાદીમાં નામ હોવું ફરજિયાત છે. તો જે અરજીઓ નામંજૂર કરવામાં આવી છે અને બીપીએલ કાર્ડ એક યા બીજા કારણોરસ નથી મળ્યું અને બી.પી.એલ. કાર્ડ પાછળથી મળ્યું હોય તો આવી નામંજૂર થયેલી અરજીઓની પુનઃ ચકાસણી કરી અને અરજીઓ મંજૂર કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, અમારી પાસેથી યાદી આવી હોય છે એ યાદીમાં મેં કહ્યું એ પ્રમાણે ૨૭ અરજીઓ પડતર હતી એની પુનઃ ચકાસણી કરવામાં આવી એ ચકાસણી પૈકી ૧૦ અરજીઓ મેં મંજૂર કરી, ૧૭ અરજીઓ મેં ના મંજૂર કરી અને મેં કહ્યા પ્રમાણે બી.પી.એલ.ની યાદીમાં ૦ થી ૧૬ના સ્કોરમાં આવવું આની પાત્રતાનું પ્રથમ કદમ છે અને એટલા માટે આ ૧૭ અરજીઓ આવી નથી અને એટલા માટે એ નામંજૂર કરવામાં આવી છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મેં સ્પષ્ટ કીધું કે બીપીએલની યાદીમાં ૦ થી ૧૬માં નામ હોય છે પણ ડેટા એન્ટ્રીની અંદર એમનું નામ કોમ્પ્યુટરમાં એક યા બીજા કારણોસર રહી જવા પામે છે, તો એમાં પુનઃચકાસણી કરવા માગીએ છીએ કે કેમ?

અધ્યક્ષશ્રી : બી.પી.એલ. નંબર પાછળથી તમને પુરાવા રૂપે આપે તો આપ પુનઃ વિચારણા કરવા માગો છો કે કેમ એવો એમનો પ્રશ્ન છે.

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મેં સ્પષ્ટતાપૂર્વક કીધું છે કે ૨૭ અરજીઓ અમારી પાસે પડતર હતી એ પડતર અરજીઓમાં બીપીએલની યાદીની ચકાસણી કરતા ૧૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે બાકીની ૧૭ અરજી હતી એ નામંજૂર કરવામાં આવી છે. મેં પહેલા કહ્યું એમ બીપીએલ યાદીની ચકાસણી કર્યા પછીની વધારાની ૧૦ અરજીઓ અમે મંજૂર કરી છે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે સંકટ મોચન યોજનામાં સહાય મંજૂર કરવાની સત્તા કોને છે અને અરજી નામંજૂર થાય તો અપીલ માટેની સત્તા કોને છે?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી,આ અંગેની સત્તા તાલુકા મામલતદારશ્રીને છે અને તાલુકા મામલતદારની કચેરીની અંદર એમને સંતોષ ન થાય તો ૬૦ દિવસની અંદર પ્રાંત અધિકારી પાસે એની અપીલ કરવાની હોય છે.

શ્રી નલીનભાઇ ના. કોટડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે આ આ સંકટ મોચન જેવી તાકાત ધરાવતી ભારતીય જનતા પાર્ટીના શાસનમાં સંકટ મોચન માટે સહાય આપવાની કોને સત્તા છે અને આ સહાય કઇ રીતે આપવામાં આવે છે?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એ પ્રમાણે ૧૯૯૫થી આ યોજનાની શરૂઆત કરવામાં આવી હતી. આ યોજનામાં પહેલા પાંચ હજાર, પછી દસ હજાર અને અત્યારે વીસ હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે. તાલુકા મામલતદારશ્રી આ અરજીની ચકાસણી કરે છે અને એમાં કોઇકને પણ ક્ષતિ લાગે તો પ્રાંત અધિકારી પાસે એની અપીલ કરવામાં આવે છે.

**આણંદ જિલ્લામાં લઘુમતિ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ**

* ૧૮૪૯૬ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં લઘુમતિઓને મળતી પ્રી.એસ.એસ.સી. અને પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી, અને

**જવાબ**

(૧) તાલુકાવાર શિષ્યવૃત્તિની અરજીઓ નીચે મુજબ મળેલ છે.

| તાલુકાનું નામ | પ્રિ.એસ.એસ.સી. | પોસ્ટ એસ.એસ.સી. | કુલ અરજીઓ |
|---|---|---|---|
| આણંદ | ૨૪૫૨૩ | ૨૯૯૨ | ૨૭૫૧૫ |
| ઉમરેઠ | ૧૪૮૭૫ | ૬૩૪ | ૧૫૫૦૯ |
| પેટલાદ | ૧૩૯૪૩ | ૭૩૮ | ૧૪૬૮૧ |
| બોરસદ | ૧૫૬૧૮ | ૧૪૧૪ | ૧૭૦૩૨ |

| | | | |
|---|---|---|---|
| આંકલાવ | ૨૦૨૭ | ૮૦ | ૨૧૦૭ |
| સોજીત્રા | ૧૭૨૭ | ૪૮ | ૧૭૭૫ |
| તારાપુર | ૨૦૨૪ | ૧૯૨ | ૨૨૧૬ |
| ખંભાત | ૧૫૩૪૮ | ૯૯૯ | ૧૬૩૪૭ |
| **કુલ** | **૯૦૦૮૫** | **૭૦૯૭** | **૯૭૧૮૨** |

(૨) કેટલી મંજૂર થઇ અને કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ પડતર છે ?

(૨) ૮૮૯૧૫.
ઉક્ત સ્થિતિએ એકપણ અરજી પડતર નથી.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નની અંદર આ યોજનાની અંદર કેટલી અરજીઓ પડતર છે, શાથી પડતર છે, કેટલા રૂપિયા આપવામાં આવે છે, કોને લાભ મળે છે એ તો સંકલનમાંથી જાણવાનું મળે છે, પણ મારો એક પ્રશ્ન ખૂબ ગંભીર અને સરકારશ્રીને વિચારણા માટે પ્રેરણા આપે એટલા માટે આ પ્રશ્ન પૂછયો છે. છેલ્લા બે વર્ષના જે બૂકમાં આંકડા આપ્યા છે એ આપણે જોઇએ તો પ્રી–એસએસસીમાં ૯૦,૦૮૫ વિદ્યાર્થીઓએ અરજી કરી, અને પોસ્ટ એસ.એસ.સી.માં માત્ર ૭૦૯૭ વિદ્યાર્થીઓએ અરજી કરી એટલે સરકારનો જે લાભ લીધો એ પ્રીમાં લીધો, તો એ પછી બીજા વખતમાં પણ લે કારણ કે એમને સામાન્ય રીતે ખબર છે કે લાભ મળે છે, તો એ બે કક્ષાની વચ્ચેની ૬૨૯૬૮ માત્ર અરજીઓનો તફાવત છે, તો હું માનું છું કે આ ડ્રોપ રેશીયો છે કે શું છે એ મારે જાણવું છે. જો ડ્રોપ આઉટ હોય તો સરકારે પોતે જે આંકડા બતાવ્યા છે એની અંદર જે વિદ્યાર્થીઓ નીકળી જાય છે અથવા અભ્યાસ છોડી દે છે એના માટે શું કરવા માગે છે? આ વિદ્યાર્થીઓ જે વચ્ચેથી જતા રહે છે તો આપણે એમને બેકારી તરફ મોકલી રહ્યા છીએ? ગરીબી રેખા નીચે અથવા બાળમજૂરી તરફ અથવા અસામાજિક તત્વો તરફ મોકલી રહ્યા છીએ? આ માટે કમિટી બનાવીને આ જે આંકડાઓ છે એમાં શિક્ષણ વિભાગ અને આ વિભાગ બન્ને ભેગા થઇને વિદ્યાના મંદિરમાં લોકોને આસ્થા જાગે અને એ આસ્થાનું પ્રતિક બને એવું સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી દિલીપકુમાર વી. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, અભ્યાસ કરતા હોય એમની અરજીઓ આવતી હોય છે. એ અરજીઓને મંજૂર કરવામાં આવતી હોય છે. અભ્યાસ છોડી દીધો હોય તો એની અરજી ન આવી હોય. આમાં અરજી આવે એ અરજીઓને જ મંજૂર કરવામાં આવતી હોય છે.

**શ્રી સંજયકુમાર ર. પટેલ :** હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ પ્રિ–મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક માટેની શિષ્યવૃત્તિની યોજના માટે આણંદ જિલ્લામાં અરજીઓ આવી એમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને એના કેટલા પૈસા ચૂકવવામાં આવ્યા. બીજો પ્રશ્ન એ છે કે ખંભાત તાલુકામાંથી જે અરજીઓ આવી હતી એમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી?

**શ્રી દિલીપકુમાર વી. ઠાકોર :** આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૯૦૦૮૫ અરજીઓ મળેલ હતી એમાંથી ૮૨,૩૨૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને ૬૭૧.૫૩ લાખ રૂપિયા શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી છે.

**શ્રી શૈલેષ મ. પરમાર :** મારે જાણવું છે કે પ્રિ–એસ.એસ.સી. અને પોસ્ટ એસ.એસ.સી.માં રાજ્ય સરકારનો હિસ્સો કેટલો હોય અને કેન્દ્ર સરકારનો હિસ્સો કેટલો હોય છે? આ બે વર્ષમાં આ ગ્રાન્ટમાંથી કેન્દ્ર સરકારની કેટલી ગ્રાન્ટ વપરાઇ અને રાજ્ય સરકારની કેટલી ગ્રાન્ટ વપરાઇ એ જાણવું છે.

**શ્રી દિલીપકુમાર વી. ઠાકોર :** રાજ્ય સરકારની શિષ્યવૃત્તિ અને ભારત સરકારની શિષ્યવૃત્તિ બન્નેના ધોરણો અલગ અલગ હોય છે. એ અલગ અલગ ધોરણોના આધારે શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવતી હોય છે.

**શ્રી શૈલેષ મ. પરમાર :** બન્ને ફેકલ્ટીમાં પ્રિ–એસ.એસ.સી. અને પોસ્ટ એસ.એસ.સી.માં રાજ્ય સરકારનો કેટલો હિસ્સો છે બન્નેની અંદર અને રાજ્ય સરકારે કેટલા પૈસા ચૂકવ્યા અને કેન્દ્ર સરકારના છેલ્લા બે વર્ષમાં કેટલા પૈસા ચૂકવાયા એ જાણવું છે.

**શ્રી દિલીપકુમાર વી. ઠાકોર :** રાજ્ય સરકારે નિયત કરેલ શિષ્યવૃત્તિની તમામ અરજીઓ મંજૂર કરી દીધી છે. એક પણ અરજી આજની તારીખમાં પેન્ડીંગ નથી.

**અધ્યક્ષશ્રી :** એમનો પ્રશ્ન એટલો છે કે કેન્દ્ર અને રાજ્યનો કેટલો કેટલો હિસ્સો છે? એની માહિતી છે? માહિતિ ન હોય તો પાછળથી સભ્યશ્રીને આપી દેજો.

**શ્રી સુરેશભાઇ ધ. પટેલ :** માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં પ્રિ–મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે, કેટલી મંજૂર થઇ છે અને શિષ્યવૃત્તિની કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

**શ્રી દિલીપકુમાર વી. ઠાકોર :** લેખિતમાં જવાબ આપી દીધેલ છે.

**શ્રી ગ્યાસુદીન હ. શેખ :** હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ૨૦૧૫–૧૬માં પ્રિ–મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ માટે કેટલી અરજીઓ આવી અને કેટલી મંજૂર કરવામાં આવી. બાકી રહેલ વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર શિષ્યવૃત્તિ આપશે કે કેમ?

**શ્રી દિલીપકુમાર વી. ઠાકોર :** અલગ અલગ વર્ષની મારી પાસે માહિતી નથી. ઘણી બધી અરજીઓ આવેલ છે. માહિતી જોઇતી હશે તો ભેગી કરીને આપી દઇશ.

**અધ્યક્ષશ્રી :** સભ્યશ્રીને આપી દેજો.

**ભાવનગર જિલ્લામાં વિકલાંગોને સાધન સહાય**

* ૧૭૯૬૧ **શ્રી શીવાભાઇ જે. ગોહિલ(તળાજા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૨૨૯. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૨૯. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ.૮,૨૫,૧૧૧/– (અંકે રૂપિયા આઠ લાખ પચ્ચીસ હજાર એકસો અગીયાર પુરા). |

**શ્રી શીવાભાઇ જે. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા આ વિકલાંગો માટેની સાધન સહાય યોજના વિશે જાણવા માગું છું કે આ સાધન સહાયની શરૂઆત ક્યારથી કરવામાં આવી?

**અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.**

અતારાંકિત પ્રશ્નો

તારાંકિત પ્રશ્નોમાંથી ફરવવામાં આવેલ.

**સાબરકાંઠા જિલ્લામાં સાત ફેરા સમૂહલગ્ન સહાય**

* ૧૭૯૭૩ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૧૪ સુધીમાં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ વિકસતી જાતિના અરજદારોને લાભ આપવા માટે કેટલી સંસ્થાઓની અરજીઓ મળી, | (૧) ૫ સંસ્થા |
| (૨) તે પૈકી કેટલી સંસ્થાઓની અને કેટલા યુગલોની અરજીઓ મંજુર કરી, અને | (૨) ૫ સંસ્થા.<br>૮૬ યુગલ. |
| (૩) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) સંસ્થા રૂ. ૧.૬૪ લાખ.<br>યુગલ રૂ. ૮.૬૦ લાખ.<br>કુલ રૂ. ૧૦.૨૪ લાખ. |

---------

**અમદાવાદ જિલ્લામાં પાયલોટ તાલીમ**

તા.૨૪મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

* ૧૭૯૫૦ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં કોમર્શિયલ પાયલોટ તાલીમ લોન યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૦૫. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૦૫. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) ૦૪ અરજીમાં રૂ. ૯૦.૦૦ લાખ લોન ચૂકવવામાં આવી. |

---------

**ગાંધીનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય**

* ૧૭૯૪૪ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનુસુચિત જાતિના લોકોની કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૨૭૪. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૨૭૩. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૨૭.૩૦ લાખ. |

---------

**માંગરોળ તાલુકામાં મંજૂર ગામની આંતરિક પેયજળ યોજનાઓ**

* ૧૭૯૩૫ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે સૂરત જિલ્લાના માંગરોળ તાલુકામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૫ યોજનાઓ. |
| (૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે? | (૨) રૂ. ૨૫૪.૨૩ લાખ. |

---------

**ખેડા જિલ્લાની હદમાં આવેલ ચેકપોસ્ટ પર વાહનો પાસેથી વસૂલ કરેલ દંડ**

* ૧૭૭૯૫ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાની હદમાં આવેલ ચેકપોસ્ટ પર પસાર થતા વાહનો પાસેથી કેટલી રકમનો ટેક્ષ વસૂલ કરવામાં આવ્યો તથા કેટલી રકમનો દંડ વસૂલ કરવામાં આવ્યો, (૨) આ ચેકપોસ્ટ ઉપર વાહન ચાલકો પાસેથી નિયત કરેલ રકમ કરતા વધુ દંડ તથા બિનહિસાબી નાણાંની વસુલાત અંગેની ફરિયાદો સરકારને ઉક્ત સ્થિતિએ મળેલ છે કે કેમ, અને (૩) કઈ ચેકપોસ્ટ ઉપરથી કેટલું બિનહિસાબી નાણું પકડાયું અને કેટલા ગુનેગારો સામે કેવા પ્રકારના પગલાં | (૧), (૨) અને (૩) ખેડા જિલ્લામાં કોઈ ચેકપોસ્ટ આવેલ નથી. આથી માહિતી શુન્ય છે. |

ભરવામાં આવ્યા?

---------

**સૂરત જિલ્લામાં સંકટ મોચન યોજના અંતર્ગત મંજૂર અરજીઓ**

* ૧૭૯૮૬ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સંકટ મોચન યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સૂરત જિલ્લામાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૨૦૫. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૪૨. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે? | (૩) ૫૨. |

---------

**વિદ્યાર્થીઓની ગણવેશ સહાયમાં વધારો**

* ૧૮૪૮૩ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં સામાજિક અને શૈક્ષિણક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓને ગણવેશ પેટે રૂ. ૩૦૦–૦૦ની સહાય અપાય છે, તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ અપાતી રકમમાંથી કાપડ–સિલાઈનો ખર્ચ વધુ આવતો હોઈ આ રકમમાં સરકાર કયારે વધારો કરવા માંગે છે? | (૨) હાલમાં કોઈ આયોજન નથી. |

---------

**જૂનાગઢ જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

* ૧૭૯૭૦ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૨૦૧૫માં તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૭૮૨૬૪. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી? | (૨) ૭૮૨૬૪ વિદ્યાર્થીઓને રૂ. ૨,૩૪,૭૯,૨૦૦/– રકમની સહાય ચૂકવવામાં આવી. |

---------

**પંચમહાલ જિલ્લામાં કીટનું વિતરણ**

* ૧૭૯૯૩ **શ્રીમતી નિમીષાબેન મ. સુથાર (મોરવા હડફ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૨૫–૧૨–૨૦૧૪ના રોજ યોજાયેલ શ્રમયોગી કલ્યાણ મેળામાં પંચમહાલ જિલ્લામાં કુલ કેટલી કીટનું વિતરણ કરવામાં આવ્યું? | ૪૦૦. |

---------

**ખેડા જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

* ૧૭૮૧૭ **શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થીઓને | (૧) રૂ. ૧૨,૪૯,૬૩,૨૦૦/–. |

ગણવેશ સહાય પેટે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની સહાય ચૂકવી, અને

(૨) તે અન્વયે કેટલાને કુલ કેટલી રકમની સહાય ચૂકવવાની બાકી છે?

(૨) એક પણ નહીં.

---------

**ગોધરા તાલુકાની પીએમ-૪બી જૂથ યોજનાની કામગીરી**

* ૧૭૯૩૧ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાની નર્મદા કેનાલ આધારિત પીવાના પાણીની પીએમ-૪ બી જૂથ યોજનાની કામગીરી ક્યારે શરૂ કરવામાં આવી,

(૨) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ આ યોજનાની કેટલા ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૩) આ યોજના ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૧૮-૬-૨૦૦૯ ના રોજ શરૂ કરવામાં આવી.

(૨)
- તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ આ યોજનાની મહત્તમ કામગીરી પૂર્ણ કરેલ છે.
- ૯૯ ટકા પૂર્ણ.

(૩) તા.૩૧-૧-૨૦૧૫ ના રોજ પૂર્ણ થયેલ છે.

---------

**તલોદ તાલુકામાં આશ્રમશાળાઓ અને છાત્રાલયો**

* ૧૯૦૬૨ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકામાં આશ્રમશાળાઓ અને સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના છાત્રાલયો કેટલા છે, અને

(૨) નવીન આશ્રમશાળા અને સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના છાત્રાલયો શરૂ કરવા માંગો છો કે કેમ ?

**જવાબ**

(૧)

| **તલોદ તાલુકો આશ્રમશાળા** | | **છાત્રાલય** |
|---|---|---|
| **અનુસૂચિત જાતિ** | **વિકસતી જાતિ** | **વિકસતી જાતિ** |
| ૧ | ૧ | ૫ |

(૨)

| **તલોદ તાલુકો આશ્રમશાળા** | | **છાત્રાલય** |
|---|---|---|
| **અનુ. જાતિ** | **વિકસતી જાતિ** | **વિકસતી જાતિ** |
| કોઇ આયોજન નથી. | | ૨૫ નવીન સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો શરૂ કરવાની જોગવાઇ થયેલ છે. |

---------

**લઘુમતિઓના વિકાસ માટે રાજ્યકક્ષાની સમિતિ**

* ૧૯૪૦૨ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં લઘુમતી સમાજના વિકાસ માટે વડાપ્રધાનશ્રીના ૧૫ મુદ્દાનો નવો કાર્યક્રમ યોગ્ય રીતે લાગુ થાય તે માટે રાજ્ય અને જિલ્લા કક્ષાની સમિતિઓ બનાવવાની કાર્યવાહી ક્યા તબક્કે છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ રાજ્યકક્ષાની અને ક્યા જિલ્લાની સમિતિઓ ક્યારે બનાવવામાં આવી,

(૩) સદર સમિતિઓની ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી મીટીંગો ક્યારે મળી, અને

**જવાબ**

(૧) વિચારણા હેઠળ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

| | |
|---|---|
| (૪) જે જિલ્લાઓમાં સમિતિની રચનાઓ ન કરવામાં આવી હોય તો કેટલા સમયમાં બનાવવામાં આવશે ? | (૪) વિચારણા હેઠળ છે. |

---------

## પ્રભાસપાટણ ખાતે દેહોત્સર્ગ સ્થાનનો વિકાસ

* ૧૭૮૯૧ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રભાસપાટણ ખાતે દેહોત્સર્ગ સ્થાનના વિકાસ માટે તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કોઇ યોજના અમલમાં મૂકવામાં આવી છે કે કેમ, અને | (૧) હા,જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આ યોજનાના પ્રથમ ફેઝમાં શ્રી કૃષ્ણ ચરણ પાદુકા મંદિરના નિર્માણનું કાર્ય કરવાનું આયોજન છે. બીજા ફેઝમાં અષ્ટકોણ પ્રકારનું એક આધ્યાત્મિક કોમ્પલેક્ષ બનાવવાનું આયોજન છે. તેમાં શ્રી કૃષ્ણની બાળ લીલાથી લઇ ગોલોકધામ પ્રસ્થાન સુધીની જીવન યાત્રા અલગ અલગ ટેકનોલોજી અને માધ્યમો દ્વારા દર્શાવવાનું આયોજન છે.<br>સોમનાથ ખાતે રત્નાકર તટ વિકાસ માટે રૂપિયા ૧૦૦/– લાખની ફાળવણી કરેલ છે જેની સામે રૂપિયા ૧૦૬.૭૨ લાખ ખર્ચ થયેલ છે. જ્યારે સોમનાથ પ્રવેશ દ્વાર થી હમીરજી ગોહેલ સર્કલ તથા હમીરજી ગોહેલ સર્કલથી દેહોત્સર્ગ સુધી રોડ બ્યુટીફીકેશન તથા એલ.ઇ.ડી. બેઇઝ ઇલેક્ટ્રીકલ તથા સોલાર બેઇઝ લાઇટીંગ માટે રૂપિયા ૪૯૮/– લાખની ફાળવણી થયેલ છે જેની સામે રૂપિયા ૪૫૮.૩૧ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

## રાજકોટ આર.ટી.ઓ. કચેરીમાં આવક

* ૧૭૯૦૬ **શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ સને ૨૦૧૪ ના વર્ષમાં રાજકોટ આર.ટી.ઓ. કચેરીને કેટલી આવક થઇ, | (૧) રૂ.૨૦૩.૨૧ કરોડની આવક થઇ. |
| (૨) વર્ષ ૨૦૧૩ ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ ઘટાડો થયો, અને | (૨) આવકમાં રૂ.૧૪.૭૦ કરોડનો વધારો થયો છે. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ મંજૂર અરજીઓ

* ૧૭૯૮૮ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ તા.૩૧–૧૨–૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | (૧) ૪૪૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૨૫૨. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ ? | (૩) ૩૨. |

---------

## વડોદરા જિલ્લામાં મુક્ત થયેલ બાળમજુરો

* ૧૭૯૦૧ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ચાઇલ્ડ લેબર (નિયમન અને નાબૂદી)–૧૯૮૬ હેઠળ સને–૨૦૧૪ માં કેટલી રેડ પાડવામાં | (૧) ૨૦. |

આવી, અને

| | |
|---|---|
| (૨) તે રેડ દરમ્યાન કેટલા બાળ મજુરોને મુક્ત કરાવવામાં આવ્યા ? | (૨) ૨૩. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન સહાય**

* ૧૭૯૫૩ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોનની યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૦૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૦૪. |
| (૩) કુલ કેટલી અરજીઓમાં લોન ચૂકવવામાં આવી ? | (૩) ૦૪ અરજીમાં રૂ.૫૫.૦૦ લાખ. |

---------

**સૂરત જિલ્લામાં મરણોત્તર સહાય**

* ૧૭૯૪૯ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સૂરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૧૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી, અને | (૨) ૧૬. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૬૫,૦૦૦/–. |

---------

**શામળાજીને પ્રવાસન સ્થળ તરીકે વિકાસ માટેની કાર્યવાહી**

* ૧૬૭૦૭ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શામળાજીનો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ માટે તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરેલ છે,<br>(૨) આ સ્થળે પ્રવાસીઓ માટે કઇ સવલતો ઉભી કરવામાં આવેલ છે, અને | (૧) અને (૨)<br>તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ શામળાજીનો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.<br>– પરીક્રમા પથ<br>– મંદિર પરિસરમાં ફ્લોરીંગનું કામ<br>– ૪ પ્રવેશદ્વાર<br>– બેઠક વ્યવસ્થા<br>– પેવર બ્લોકનું કામ<br>– વોક–વે<br>–૩ નવા મંદિરોનું બાંધકામ<br>આ ઉપરાંત નીચે મુજબ કામગીરી કરવાનું આયોજન છે.<br>૧. શામળાજી મંદિર સંકુલ અને પાથ–વે.<br>૨. શામળાજીના મુખ્ય રસ્તા ઉપર પ્રવેશ દ્વાર, ફુડ કોર્ટ અને પાર્કીંગ<br>૩. શોપીંગ સંકુલ<br>૪. નદી અને ઘાટનો વિકાસ<br>૫. આંતરિક રસ્તા<br>૬. બાગ બગીચા. |

| | |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂપિયા ૧૫,૯૮,૪૨,૯૫૯/– નો ખર્ચ થયેલ છે. |

---------

**ખેડા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય**

* ૧૭૯૭૧ **શ્રી સુરેશભાઇ ધ. પટેલ (મણિનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ ખેડા જિલ્લામાં વિકસતિ જાતિના કેટલા લોકોની અરજીઓ મળી, | (૧) ૧૯૨. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૯૦. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૧૯.૦૦ લાખ. |

---------

**બેટ દ્વારકા અને નાગેશ્વરના વિકાસ માટેની કાર્યવાહી**

* ૧૭૩૯૨ **ડૉ. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ બેટ દ્વારકા અને નાગેશ્વરના વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ શી કાર્યવાહી હાથ ધરેલ છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ બેટ દ્વારકા વિકાસ પ્રોજેક્ટ અંદાજિત રૂપિયા ૩૦ કરોડના ખર્ચે હાથ ધરાનાર છે જે હાલ આયોજન હેઠળ છે. જ્યારે નાગેશ્વરના વિકાસ માટે મંદિર પરિસરની આસપાસ તથા ગોપી તળાવના વિકાસની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. |
| (૨) આ સ્થળે પ્રવાસીઓ માટે કઇ સવલતો ઊભી કરવામાં આવેલ છે, અને | (૨) બેટ દ્વારકા વિકાસ પ્રોજેક્ટ હાલ આયોજન હેઠળ હોઇ તે આખરી થયે આગળની કાર્યવાહી હાથ ધરાશે.<br>નાગેશ્વર ખાતે નીચે મુજબની સવલતો ઉભી કરવામાં આવેલ છે.<br>– પાર્કીંગ<br>– પ્રવેશદ્વાર<br>– મંદિર પરિસરમાં ફ્લોરીંગ કામ<br>– ઇલેક્ટ્રીક કામ<br>– પાથ – વે<br>– પીવાના પાણીની વ્યવસ્થા<br>– શૌચાલય |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાગેશ્વર ખાતે રૂપિયા ૨૪૫.૭૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

**જૂનાગઢ આર.ટી.ઓ. કચેરીમાં આવક**

* ૧૮૭૪૫ **શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૦૧–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં આર.ટી.ઓ. ચેકપોસ્ટમાં કેટલી આવક થઈ, | જૂનાગઢ જિલ્લામાં આર.ટી.ઓ. ચેકપોસ્ટ નથી. પરંતુ આર.ટી.ઓ. કચેરી છે. જેની તા.૩૧–૦૧–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવક રૂ.૧૦૬.૪૫ કરોડ થઈ. |

---------

**નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના અંતર્ગત મંજૂર અરજીઓ**

* ૧૭૯૮૭ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

| | |
|---|---|
| (૧) રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | (૧) ૨૩૧. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૩૯. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે ? | (૩) ૫૭. |

---------

**દ્વારકા તીર્થ સ્થાનનો વિકાસ**

* ૧૭૯૯૭ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ તીર્થસ્થાન દ્વારકાના વિકાસ અર્થે રાજ્ય સરકારે કોઇ યોજના અમલમાં મુકેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) યોજનાઓની વિગત નીચે પ્રમાણે છે.<br>૧. શ્રી દ્વારકાધીશ મંદિર પરિસર વિકાસ અને વહીવટી સંકુલના બાંધકામની યોજના પૂર્ણ કરવામાં આવી છે.<br>૨. પેકેજ-૧ હેઠળ પાર્કીંગ, ટોયલેટ બ્લોક, ડ્રાઇવરો માટેની બેઠક વ્યવસ્થા, દુકાનો, સિક્યુરીટી કેબીન, પ્રવેશદ્વાર ઉપર બે હાથીઓની કામગીરી, ઓફિસ બિલ્ડીંગ, પાથ વે, વીજળીકરણ, કમ્પાઉન્ડ વોલ જેવી કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.<br>૩. પેકેજ-૨ હેઠળ જૂના ગોમતીઘાટનું નવિનીકરણ, નવો ગોમતીઘાટ, લોકર રૂમ, ટ્રાફિક પોલીસ કેબિન, ચેન્જીંગ રૂમ, પાથવે, બેઠક વ્યવસ્થા, કીર્તિ સ્થંભ જેવી કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.<br>૪. પેકેજ-૩ હેઠળ સમુદ્રનારાયણ બીચનો વિકાસ, આર્ચીઝ ગેટ, પાથ વે, બેન્ચીસ, ટોયલેટ બ્લોક, વોટર હટ, કમ્પાઉન્ડ વોલ, વીજળીકરણ જેવી કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.<br>૫. પેકેજ-૪ હેઠળ રાવલા તળાવનો વિકાસ, લોખંડના બે ગેટ, કમ્પાઉન્ડ વોલ, ટોઇલેટ બ્લોક, વોટર હટ, ચિલ્ડ્રન પ્લે એરીયા, વીજળીકરણ જેવી કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.<br>૬. ગોમતી નદી ઉપર સુદામા સેતુની કામગીરી ચાલુ છે.<br>૭. ભડકેશ્વર મહાદેવ મંદિર સ્થળે સનસેટ પોઇન્ટના વિકાસની યોજનાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.<br>૮. લોક ફાળાની સહાયથી ભવ્ય મુખ્ય પ્રવેશદ્વારની કામગીરી કરવામાં આવી છે. |

---------

**મહેસાણા જિલ્લામાં સંત સૂરદાસ યોજના અન્વયે સહાય**

* ૧૭૯૬૬ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં સંત સૂરદાસ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવેલ છે, | (૧) ૩૯. |

| | |
|---|---|
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૭. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ.૫૯,૪૦૦ (અંકે રૂપિયા ઓગણસાઈઠ હજાર ચારસો પુરા). |

---------

**સૂરત જિલ્લામાં કીટ્સની વહેંચણી**

* ૧૭૯૮૪ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સૂરત જિલ્લામાં વિકસતિ જાતિના લોકોમાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૨૦૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ માનવ ગરીમા યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને કિટ્સની વહેંચણી કરવામાં આવી ? | ૩૪૪. |

---------

**રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં સહાય**

* ૧૮૪૧૫ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભારત સરકારની રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી રાજ્યમાં કેટલી સહાય આવી. | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી રાજ્યમાં નીચેની વિગતે સહાય આવી છે.<br>– ભારત સરકારના સામાજિક સહાય કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના સહિત વર્ષે ૨૦૧૩માં સંયુકત ગ્રાન્ટ રૂ.૧૦૫૮૪/- લાખ મળેલ છે. રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના માટે અલગ ફાળવણી થયેલ નથી.<br>–વર્ષ ૨૦૧૪માં રૂ.૧૬૫૨.૩૭/- લાખની ગ્રાન્ટ રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના માટે અલગથી ફાળવેલ છે. |
| (૨) આ મળેલ સહાય પૈકી અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી, અને તે અન્વયે કેટલી મંજૂર અરજીઓમાં કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) તે પૈકી ૧૪૧૧ અરજીઓ આવી અને તે અન્વયે ૯૭૭ અરજીઓ મંજૂર કરવામાં આવી.<br>રૂ.૫૬,૬૦,૦૦૦/- સહાય ચૂકવવામાં આવી. |

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧–૧–૧૩ થી ૩૧–૧૨–૧૪ સુધીમાં | | |
|---|---|---|---|---|
| | | મળેલ અરજીઓ | મંજૂર કરેલ અરજીઓ | ચૂકવેલ સહાય |
| (૧) | અસારવા | ૨૨૮ | ૨૧૫ | ૦ |
| (૨) | મણીનગર | ૩૯૦ | ૨૯૪ | ૨,૨૮,૦૦૦ |
| (૩) | વટવા | ૨૦૪ | ૧૨૮ | ૨,૨૦,૦૦૦ |
| (૪) | વેજલપુર | ૫૧ | ૨૦ | ૨,૪૦,૦૦૦ |
| (૫) | ઘાટલોડીયા | ૧૩ | ૧૩ | ૧,૦૦,૦૦૦ |
| (૬) | સાબરમતી | ૧૫૮ | ૧૩૧ | ૦ |
| (૭) | દસક્રોઈ | ૬૭ | ૧૮ | ૩,૬૦,૦૦૦ |
| (૮) | સાણંદ | ૨૦ | ૮ | ૧,૬૦,૦૦૦ |
| (૯) | બાવળા | ૮૯ | ૪૮ | ૪,૨૦,૦૦૦ |
| (૧૦) | ધોળકા | ૭૯ | ૪૧ | ૮,૨૦,૦૦૦ |
| (૧૧) | વીરમગામ | ૫૭ | ૩૫ | ૬,૪૦,૦૦૦ |
| (૧૨) | માંડલ | ૪ | ૪ | ૮૦,૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| (૧૩) | દેત્રોજ | ૨૮ | ૧૬ | ૨,૨૦,૦૦૦ |
| (૧૪) | ધંધુકા–ધોલેરા | ૨૩ | ૬ | ૧,૨૦,૦૦૦ |
| | કુલ | ૧૪૧૧ | ૯૭૭ | ૫૬,૬૦,૦૦૦ |

(૩) કેટલા લાભાર્થીઓને સહાય આપવાની બાકી છે તથા તે બાકી રહેવાના કારણો કયા છે ?

(૩) તમામ લાભાર્થીઓને ચૂકવણી કરવામાં આવી છે.

---------

**વડોદરા જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તિ**

* ૧૭૯૮૯ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૧,૧૫૪.

(૨) ૧,૧૦૦.

(૩) કુલ રૂ.૧૩,૦૭,૦૦૦ (અંકે રૂપિયા તેર લાખ સાત હજાર પુરા).

---------

**પંડીત દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ સહાયમાં વધારો**

* ૧૭૯૮૩ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઇસમોને પંડીત દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ નવુ મકાન બાંધવાની સહાયમાં વધારો કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો આ સહાયમાં કેટલો વધારો કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) રૂ.૪૫,૦૦૦/- થી વધારી રૂ.૭૦,૦૦૦/-.

---------

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં સ્વરોજગાર શિબીરો થકી રોજગારી**

* ૧૮૬૪૮ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી દ્વારા કુલ કેટલી સ્વરોજગાર શિબીરોનું આયોજન કરવામાં આવ્યું,

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | મહીસાગર જિલ્લો | પંચમહાલ જિલ્લો | કુલ |
|---|---|---|---|---|
| ૧ | તા.૧–૧–૨૦૧૩ થી તા.૩૧–૧૨–૨૦૧૩ | ૦ | ૧૨ | ૧૨ |
| ૨ | તા.૧–૧–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪ | ૧ | ૨૬ | ૨૭ |
| | **કુલ** | **૧** | **૩૮** | **૩૯** |

(૨) આ શિબીરોમાં કુલ કેટલા ઉમેદવારો હાજર રહ્યા, અને

(૨) સ્વરોજગાર શિબિરોમાં હાજર ઉમેદવારો
પંચમહાલ જીલ્લો – ૬૧૦૭
મહીસાગર જીલ્લો – ૬૦૦
**કુલ – ૬૭૦૭**

(૩) સરકાર દ્વારા આ શિબીરોમાં બેરોજગારોને રોજગારી અંગે કોઈ આર્થિક સહાય આપવામાં આવી છે, અને

(૩) ના, જી.

જો હા, તો કેટલી રકમની સહાય આપેલ છે ?

---------

## દ્વારકા તીર્થ સ્થાનનો વિકાસ

* ૧૭૮૮૬ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ તીર્થસ્થાન દ્વારકાના વિકાસ અર્થે રાજ્ય સરકારે કોઇ યોજના અમલમાં મુકેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) યોજનાની વિગત નીચે પ્રમાણે છે.<br>૧. શ્રી દ્વારકાધીશ મંદિર પરિસર વિકાસ અને વહીવટી સંકુલના બાંધકામની યોજના પૂર્ણ કરવામાં આવી છે.<br>૨. પેકેજ–૧ હેઠળ પાર્કીંગ, ટોયલેટ બ્લોક, ડ્રાઇવરો માટેની બેઠક વ્યવસ્થા, દુકાનો, સિક્યુરીટી કેબીન, પ્રવેશદ્વાર ઉપર બે હાથીઓની કામગીરી, ઓફિસ બિલ્ડીંગ, પાથ વે, વીજળીકરણ, કમ્પાઉન્ડ વોલ જેવી કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.<br>૩. પેકેજ–૨ હેઠળ જૂના ગોમતીઘાટનું નવિનીકરણ, નવો ગોમતીઘાટ, લોકર રૂમ, ટ્રાફિક પોલીસ કેબિન, ચેન્જીંગ રૂમ, પાથ વે, બેઠક વ્યવસ્થા, કીર્તિ સ્થંભ જેવી કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.<br>૪. પેકેજ–૩ હેઠળ સમુદ્ર નારાયણ બીચનો વિકાસ, આર્ચીઝ ગેટ, પાથ વે, બેન્ચીસ, ટોયલેટ બ્લોક, વોટર હટ, કમ્પાઉન્ડ વોલ, વીજળીકરણ, જેવીક કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.<br>૫. પેકેજ–૪ હેઠળ રાવલા તળાવનો વિકાસ, લોખંડના બે ગેટ, કમ્પાઉન્ડ વોલ, ટોઇલેટ બ્લોક, વોટર હટ, ચિલ્ડ્રન પ્લે એરીયા, વીજળીકરણ જેવી કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.<br>૬. ગોમતી નદી ઉપર સુદામા સેતુની કામગીરી ચાલુ છે.<br>૭. ભડકેશ્વર મહાદેવ મંદિર સ્થળે સનસેટ પોઇન્ટના વિકાસની યોજનાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.<br>૮. લોક ફાળાની સહાયથી ભવ્ય મુખ્ય પ્રવેશદ્વારની કામગીરી કરવામાં આવી છે. |

---------

## પાટણ એ.આર.ટી.ઓ. કચેરીમાં આવક

* ૧૭૯૨૨ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૪–૧૫ના વર્ષમાં તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ પાટણ એ.આર.ટી.ઓ. કચેરીને કેટલી આવક થઈ, | (૧) રૂપિયા ૧૮.૩૩ કરોડની આવક થઈ. |
| (૨) વર્ષ ૨૦૧૩–૧૪ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને | (૨) વર્ષ ૨૦૧૩–૧૪ના પ્રમાણમાં આવકમાં રૂ.૧.૯૨ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શું છે ? | (૩) આવકમાં ઘટાડો થયેલ નથી. |

---------

તા.૨૪મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

## ભરૂચ જિલ્લા ખાતે આર.ટી.ઓ. કચેરીનું નવિનીકરણ

* ૧૭૯૦૭ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લા ખાતે આર.ટી.ઓ. કચેરીનું નવિનીકરણ અને બાંધકામ કયારે કરવામાં આવ્યું, | (૧) ભરૂચ જિલ્લા ખાતે આર.ટી.ઓ. કચેરીનાં મકાનનું બાંધકામ તા.૧–૫–૨૦૦૯ થી તા.૮–૧–૨૦૧૩ દરમ્યાન તથા કચેરી નવિનીકરણ તા.૨૫–૧–૨૦૧૩ થી ૩૦–૪–૨૦૧૩ દરમ્યાન થયેલ છે. |
| (૨) તે માટે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થવા પામેલ છે, અને | (૨) તે માટે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મકાન બાંધકામ માટે રૂ.૪૧૧.૮૯ લાખનો ખર્ચ અને નવિનીકરણ માટે રૂ.૫૪.૧૯/- લાખનો ખર્ચ. એમ મળી કુલ રૂ.૪૬૬.૦૮/- લાખનો ખર્ચ થવા પામેલ છે. |
| (૩) તેમાં નાગરિકો માટે કઈ સુવિધાઓ આપવામાં આવે છે ? | (૩) નાગરિકો માટે નીચે મુજબની સુવિધાઓ ઉપલબ્ધ છે.<br>• વાહન અને તેને લગતા તમામ કામકાજ કમ્પ્યુટરાઈઝડ થયેલ છે. આથી નાણાં સ્વીકારવા સિવ્ગત અન્ય તમામ જ કામગીરીમાં સરળીકરણ તથા કામ ઝડપી થાય છે.<br>• સીનીયર સીટીઝન માટે અલગથી બેસવાની તથા અલાયદુ કાઉન્ટર<br>• નાગરિકો માટે ઠંડા પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ છે.<br>• લાયસન્સ બાબતના તમામ કામકાજ ઓનલાઈન એપોઈન્ટમેન્ટ થી<br>• લાઈસન્સ તેમજ અન્ય કામકાજ માટે બ્લ્યુ હાઈબેક ચેરમાં બેસાડી ફોટો ડીજીટલ સીગ્નેચર તથા થમ્બ ઈમ્પ્રેશન સુવિધા<br>• પાકા લાયસન્સ માટે ઓટોમેટીક ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક પર ટેસ્ટ<br>• વાહનોના પાર્કીંગની સુવિધા<br>• ટી.વી.ડીસ્પ્લે પર ટ્રાફીક નિયમોને લગતા ચલચિત્રો<br>• હવા ઉજાસ મોકળાશ તેમજ શાખાઓ નજીક–નજીક હોઈ, આમ જનતાની હાલાકી ઓછી. |

---------

## બનાસકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ સહાય

* ૧૭૯૫૨ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ અનુસુચિત જાતિના લોકોની કેટલી અરજીઓ મળી. | (૧) ૨૭૧. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૨૬૪. |
| (૩) કેટલી સહાય ચુકવવામાં આવી ? | (૩) રૂા.૨૬.૪૦ લાખ. |

---------

## છોટાઉદેપુર જિલ્લામાં વૃધ્ધોને પેન્શન

* ૧૮૮૮૨ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં પેન્શન મેળવવા માટે કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી,

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં પેન્શન મેળવવા માટે કુલ ૧૦૦૮૨ અરજીઓ આવી.

**૧.વડોદરા જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં | |
|---|---|---|---|
| | | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ |
| ૧ | વડોદરા (શહેર પૂર્વ) | ૮૪૧ | ૭૧૭ |
| ૨ | વડોદરા (શહેર પશ્ચિમ) | ૨૭ | ૨૭ |
| ૩ | વડોદરા (ઉત્તર) | ૨૨ | ૨૦ |
| ૪ | વડોદરા (દક્ષિણ) | ૧૨ | ૧૨ |
| ૫ | વડોદરા (ગ્રામ્ય) | ૧૭૨ | ૧૩૮ |
| ૬ | પાદરા | ૪૮૭ | ૩૮૦ |
| ૭ | સાવલી | ૧૬૦૧ | ૧૩૮૯ |
| ૮ | કરજણ | ૭૭૧ | ૬૯૦ |
| ૯ | ડભોઈ | ૫૮૩ | ૫૪૮ |
| ૧૦ | શિનોર | ૬૯ | ૬૧ |
| ૧૧ | વાઘોડિયા | ૧૫૧ | ૧૧૫ |
| | કુલ | ૪૭૩૬ | ૪૦૯૭ |

**૨. છોટા ઉદેપુર જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં | |
|---|---|---|---|
| | | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ |
| ૧ | છોટાઉદેપુર | ૭૧૭ | ૬૩૧ |
| ૨ | જેતપુર પાવી | ૭૬૧ | ૬૨૯ |
| ૩ | કવાટ | ૧૨૯૦ | ૧૦૬૬ |
| ૪ | સંખેડા | ૪૨૬ | ૨૮૫ |
| ૫ | નસવાડી | ૧૫૦૬ | ૯૨૭ |
| ૬ | બોડેલી | ૬૪૬ | ૫૫૫ |

(૩) મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા પેન્શનરોને કેટલા સમયથી પેન્શન ચૂકવવાનું બાકી છે, અને

(૩) શૂન્ય.

(૪) ચૂકવવાની બાકી રકમ કેટલી છે, તે ક્યારે ચૂકવાશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ખેડા જિલ્લામાં મુક્ત થયેલ બાળમજુરો**

* ૧૭૯૦૩ **શ્રી કેસરસિંહ જે. સોલંકી (માતર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં ચાઈલ્ડ લેબર (નિયમન અને નાબુદી)–૧૯૮૬ હેઠળ સને–૨૦૧૪માં કેટલી રેડ પાડવામાં

**જવાબ**

(૧) ૧૬.

આવી, અને

(૨) તે રેડ દરમ્યાન કેટલા બાળકોને મુકત કરાવવામાં આવ્યા ? | (૨) ૦૫.

---------

**દાહોદ જિલ્લામાં મુક્ત થયેલ બાળમજુરો**

* ૧૭૯૦૨ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં ચાઇલ્ડ લેબર (નિયમન અને નાબુદી)–૧૯૮૬ હેઠળ સને–૨૦૧૪માં કેટલી રેડ પાડવામાં આવી, અને | (૧) ૨૫. |
| (૨) તે રેડ દરમ્યાન કેટલા બાળ મજુરોને મુકત કરાવવામાં આવ્યા ? | (૨) ૦૭. |

---------

**રાજકોટ જિલ્લામાં સમાજ કલ્યાણ નિરીક્ષકનું સેટ–અપ**

* ૧૭૮૧૧ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર વિકસતિ જાતિ કલ્યાણ વિભાગ હસ્તકની કચેરીઓમાં સમાજ કલ્યાણ નિરીક્ષકનું સેટઅપ કેટલુ છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર સંખ્યા |
|---|---|---|
| ૧. | રાજકોટ | ૧ |
| ૨. | જસદણ | ૧ |
| ૩. | જેતપુર | ૧ |
| | **કુલ** | **3** |

(૨) તે પૈકી કેટલી જગ્યા ઉકત સ્થિતિએ ભરેલી અને કેટલી જગ્યા કયારથી ખાલી છે, અને

(૨) ૧ જગ્યા ભરાયેલ છે અને ૨ જગ્યા નીચે જણાવેલ તારીખથી ખાલી છે.

૧. રાજકોટ તા.૪–૬–૧૪ થી

૨. જસદણ તા.૨૬–૧૧–૧૩ થી

(૩) ખાલી જગ્યાઓ સરકાર ક્યારે ભરવા માગે છે ?

(૩) વહેલી તકે.

---------

**સુરેન્દ્રનગર એ.આર.ટી.ઓ. કચેરીમાં આવક**

* ૧૭૯૨૦ **શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૪–૧૫ના વર્ષમાં તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર એ.આર.ટી.ઓ. કચેરીને કેટલી આવક થઈ, | (૧) રૂપિયા ૩૨.૯૩ કરોડની આવક થઈ. |
| (૨) વર્ષ ૨૦૧૩–૧૪ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને | (૨) વર્ષ ૨૦૧૩–૧૪ના પ્રમાણમાં આવકમાં રૂ.૫.૬૧ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શું છે ? | (૩) આવકમાં ઘટાડો થયેલ નથી. |

---------

**કરજણ તાલુકામાં મંજૂર ગામની આંતરિક પેયજળ યોજનાઓ**

* ૧૭૯૦૫ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણી | (૧) ૦૮ યોજનાઓ. |

સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે ?

(૨) રૂ.૬૩.૭ લાખ.

---------

**વડોદરા આર.ટી.ઓ. કચેરીમાં ખાલી જગ્યાઓ**

* ૧૭૯૦૮ **શ્રી યોગેશ પટેલ(માંજલપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ વડોદરા આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, અને

(૨) આ મહેકમ પ્રમાણે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને કેટલી ભરાયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ વડોદરા આર.ટી.ઓ. કચેરીમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ, ખાલી જગ્યાઓ અને ભરાયેલ જગ્યાઓની વિગત નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | મંજૂર થયેલ મહેકમ | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૩ | ૦૧ | ૦૨ |
| ૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૪ | વહીવટી અધિકારી | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૫ | હિસાબી અધિકારી | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૬ | મોટર વાહન નિરીક્ષક | ૧૦ | ૦૫ | ૦૫ |
| ૭ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૧૪ | ૧૦ | ૦૪ |
| ૮ | જનસંપર્ક અધિકારી | ૦૨ | ૦૧ | ૦૧ |
| ૯ | હેડ ક્લાર્ક | ૦૬ | ૦૦ | ૦૬ |
| ૧૦ | સીનીયર ક્લાર્ક/સબ એકા. | ૧૮ | ૦૦ | ૧૮ |
| ૧૧ | જુનીયર ક્લાર્ક | ૫૮ | ૨૫ | ૩૩ |
| ૧૨ | ક્લાર્ક કમ ટાઈપીસ્ટ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૩ | હિસાબનીશ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૪ | સબ ઓડીટર | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૧૫ | સંશોધન મદદનીશ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૬ | આંકડા મદદનીશ | ૦૨ | ૦૨ | ૦૦ |
| ૧૭ | સર્કલ ઓફીસર | ૦૩ | ૦૧ | ૦૨ |
| ૧૮ | ડ્રાઈવર | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૯ | નાયક | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૨૦ | પટાવાળા | ૧૩ | ૦૪ | ૦૯ |
| | **કુલ** | **૧૪૦** | **૫૪** | **૮૬** |

---------

**ગાંધીનગર એ.આર.ટી.ઓ. કચેરીમાં આવક**

* ૧૭૯૨૧ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં તા.૩૧-૧૨-૧૪ ની સ્થિતિએ ગાંધીનગર એ.આર.ટી.ઓ. કચેરીને કેટલી આવક થઇ,

**જવાબ**

(૧) રૂપિયા ૭૧.૮૨ કરોડની આવક થઇ.

(૨) વર્ષ ૨૦૧૩-૧૪ ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને

(૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શુ છે ?

(૨) વર્ષ ૨૦૧૩-૧૪ ના પ્રમાણમાં આવકમાં રૂપિયા ૯.૩૨ કરોડનો વધારો થયો.

(૩) આવકમાં ઘટાડો થયેલ નથી.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં પીવાના પાણીની યોજનાઓ**

* ૧૯૦૧૫ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં વિભાગ હસ્તકની પીવાના પાણી માટેની યોજનાઓથી તાલુકાવાર જિલ્લાના કેટલા ગામોને આવરી લેવામાં આવ્યા,

(૨) તાલુકાવાર કેટલા ગામો બાકી છે, અને

(૩) બાકી રહેતા ગામોને પીવાના પાણી માટેની કાયમી સુવિધા મળી રહે તે માટે સરકાર દ્વારા કોઇ આયોજન કરેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) નીચેની વિગતે જિલ્લાના તમામ ગામો

| **અનુ.** | **તાલુકા** | **પીવાના પાણીની વિવિધ યોજનાઓ હેઠળ આવરી લેવામાં આવેલ ગામોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૧૪૪ |
| ૨ | પાવીજેતપુર | ૧૩૦ |
| ૩ | નસવાડી | ૨૧૦ |
| ૪ | સંખેડા | ૧૧૯ |
| ૫ | બોડેલી | ૧૪૮ |
| ૬ | ક્વાંટ | ૧૩૧ |
| | **કુલ** | **૮૮૨** |

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ખેડા જિલ્લામાં કિટ્સની વહેંચણી**

* ૧૭૯૭૬ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ખેડા જિલ્લામાં વિકસતિ જાતિના લોકોમાં નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ માનવ ગરીમા યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને કિટ્સની વહેંચણી કરવામાં આવી ?

**જવાબ**

૯૫૦.

---------

**મહેસાણા જિલ્લામાં ચૂકવેલ પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ**

* ૧૯૦૪૪ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર કેટલા વિદ્યાર્થીઓને પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી, અને કેટલાને બાકી છે, અને

**જવાબ**

(૧)

| **ક્રમ** | **તાલુકો** | **વિદ્યાર્થીઓની સંખ્યા** | **બાકી વિદ્યાર્થીઓની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | ઉંઝા | ૩૯૨૭૪ | ૦ |
| ૨ | વિજાપુર | ૫૯૫૫૭ | ૦ |
| ૩ | કડી | ૮૫૩૩૬૫ | ૦ |
| ૪ | ખેરાલુ | ૪૩૭૮૦ | ૦ |
| ૫ | વડનગર | ૪૭૬૬૭ | ૦ |

| | | | |
|---|---|---|---|
| ૬ | વિસનગર | ૬૨૬૧૦ | ૦ |
| ૭ | મહેસાણા | ૧૧૬૩૧૭ | ૦ |
| ૮ | સતલાસણા | ૩૦૩૧૧ | ૦ |
| ૯ | બેચરાજી | ૩૦૬૩૭ | ૦ |
| | **કુલ** | **૫૧૫૫૧૮** | **૦** |

(૨) આ બાકી શિષ્યવૃત્તિ કેટલા સમયમાં ચૂકવાશે ?

(૨) પ્રશ્ન રહેતો નથી.

---------

**ભાવનગર આર.ટી.ઓ. કચેરીમાં ખાલી જગ્યાઓ**

* ૧૭૯૦૯ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર-પૂર્વ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ ભાવનગર આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, અને

(૨) આ મહેકમ પ્રમાણે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને કેટલી ભરાયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)
તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ ભાવનગર આર.ટી.ઓ. કચેરીમાં મંજૂર થયેલ, ખાલી અને ભરાયેલ જગ્યાઓની સંવર્ગવાર વિગત નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | મંજૂર થયેલ મહેકમ | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ | ૦૧ | - |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ | - | ૦૧ |
| ૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | ૦૧ | ૦૧ | - |
| ૪ | વહીવટી અધિકારી | ૦૧ | ૦૧ | - |
| ૫ | મોટર વાહન નિરીક્ષક | ૦૬ | ૦૩ | ૦૩ |
| ૬ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૭ | ૦૫ | ૦૨ |
| ૭ | જનસંપર્ક અધિકારી | ૦૨ | - | ૦૨ |
| ૮ | હેડ ક્લાર્ક | ૦૩ | - | ૦૩ |
| ૯ | સીનીયર ક્લાર્ક/સબ એકા. | ૦૬ | - | ૦૬ |
| ૧૦ | જુનીયર ક્લાર્ક | ૨૪ | ૦૯ | ૧૫ |
| ૧૧ | હિસાબનીશ | ૦૧ | - | ૦૧ |
| ૧૨ | સબ ઓડીટર | ૦૧ | - | ૦૧ |
| ૧૩ | આંકડા મદદનીશ | ૦૧ | - | ૦૧ |
| ૧૪ | સર્કલ ઓફીસર | ૦૧ | - | ૦૧ |
| ૧૫ | ડ્રાઈવર | ૦૧ | ૦૧ | - |
| ૧૬ | નાયક | ૦૧ | ૦૧ | - |
| ૧૭ | પટાવાળા | ૦૯ | ૦૨ | ૦૭ |
| ૧૮ | વોચમેન | ૦૧ | ૦૧ | - |
| | **કુલ** | **૬૮** | **૨૫** | **૪૩** |

---------

**જામનગર જિલ્લામાં મુક્ત થયેલ બાળમજુરો**

* ૧૭૮૯૩ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં ચાઇલ્ડ લેબર (નિયમન અને નાબૂદી)-૧૯૮૬ હેઠળ સને-૨૦૧૪ માં કેટલી રેડ પાડવામાં આવી, અને

(૨) તે રેડ દરમ્યાન કેટલા બાળકોને મુક્ત કરાવવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૧૬.

(૨) ૨૦.

તા.૨૪મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

---------

**કચ્છ જિલ્લામાં ગ્રામ્ય ન્યાયાલયો**

* ૧૯૩૨૧ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધી ગ્રામ ન્યાયાલય અધિનિયમ–૨૦૦૮ માં થયેલ જોગવાઇ મુજબ તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ ન્યાયાલયો સ્થાપવામાં આવી, અને | (૧) એક પણ નહીં. |
| (૨) કાયદાની જોગવાઇ અનુસાર ઉક્ત બાબતે કેટલી ગ્રામ ન્યાયાલયોની જરૂર છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજકોટ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ સહાય**

* ૧૭૯૩૯ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૧૫૦૫. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૪૫૯. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) સહાયરૂપે સાયકલ આપવામાં આવે છે. |

---------

**બહુચરાજી તીર્થ સ્થાનનો વિકાસ**

* ૧૭૮૮૯ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં આવેલ બહુચરાજી તીર્થધામ ખાતે વિકાસની કામગીરી કરવા માટે તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કોઇ યોજના અમલમાં મુકેલ છે કે કેમ, અને | (૧) હા, જી. મહેસાણા જિલ્લામાં આવેલ બહુચરાજી તીર્થધામ ખાતે વિકાસની કામગીરી કરવા માટેની યોજના અમલમાં મુકેલ છે. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) આ યોજના અંતર્ગત યાત્રિકોની સવલત માટે દર્શનપથ, પ્રદક્ષિણા પથ, એરાઇવલ પ્લાઝા, પૂર્વાભિમુખ દરવાજો, કુડકોર્ટ, કોટવોલ રીસ્ટૉરેશન, સેન્ટ્રલ પેવેલીયન, સ્ટોન છત્રી, ટોયલેટ બ્લોક, ઓવર હેડ ટાંકી, પીવાના પાણીની વ્યવસ્થા, ઇલેક્ટ્રીફીકેશન, બેઠક વ્યવસ્થા, દુકાનો તથા યાત્રાળુઓના નિવાસ માટે યાત્રાળુભવન વિગેરે સવલતો ઉભી કરવામાં આવેલ છે. |

---------

**વલસાડ જિલ્લામાં કિટનું વિતરણ**

* ૧૭૯૯૪ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૨૫–૧૨–૨૦૧૪ ના રોજ યોજાયેલ શ્રમયોગી કલ્યાણ મેળામાં વલસાડ જિલ્લામાં કુલ કેટલી કિટનું વિતરણ કરવામાં આવ્યું ? | ૧૦૦૦. |

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં એસ.કે.–૪(૧) અને એસ.કે.–૪(૨) યોજના**

* ૧૯૩૧૫ **ર્ડા. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આવેલ પીવાના પાણી માટેની એસ.કે-૪(૧) અને એસ.કે.-૪(૨) યોજનાઓ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે,

(૨) એની પાછળ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત યોજના અન્વયે બંને જિલ્લામાં પીવા માટેનું પાણી દરેક ગામડાઓના ઘર સુધી પહોંચાડવા માટે ઉક્ત સ્થિતિએ શું વ્યવસ્થા કરવામાં આવેલ છે ?

(૧) એસ.કે.-૪ ભાગ-૧ યોજના માહે ૯/૨૦૧૫ અને એસ.કે.-૪ ભાગ-૨ યોજના માહે ૯/૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૨)

- એસ.કે.-૪ ભાગ-૧ યોજનામાં રૂ.૯૨૮.૩૩ લાખ.
- એસ.કે.-૪ ભાગ-૨ યોજનામાં રૂ.૧૧૬.૩૩ લાખ.

(૩) ઉપર મુજબની યોજનાઓ પૂર્ણ થયે યોજનામાં સમાવેશ થયેલ ગામોને ફળિયા સુધી પાણી આપવાનું આયોજન છે.

---------

## જૂનાગઢ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૧૭૮૯૯ **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જૂનાગઢ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જિલ્લા રોજગાર કચેરી, જુનાગઢ ખાતે તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલા છે, અને | (૧) ૨૯૫૨૦. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૨૨૩૪. |

---------

## અમરેલી જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તિ

* ૧૭૯૬૩ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૧,૦૪૧. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧,૦૨૯. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ.૧૪,૭૦,૦૦૦ (અંકે રૂપિયા ચૌદ લાખ સીત્તેર હજાર પુરા). |

---------

## વલસાડ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૧૭૮૦૭ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીમાં કેટલા બેરોજગારો નોંધાયેલા છે, અને | (૧) ૧૯૦૪૨. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત જિલ્લામાં નોંધાયેલ કેટલા બેરોજગારોને રોજગારી આપી ? | (૨) ૧૮૧૦૭. |

---------

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ સહાય

* ૧૭૯૪૦ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દ્વારકા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ | (૧) ૨૧૫. |

વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને — (૨) ૨૦૭.

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? — (૩) સહાયરૂપે સાયકલ આપવામાં આવે છે.

---------

**મહીસાગર જિલ્લામાં શ્રમિક સૂરક્ષા યોજના હેઠળ સહાય**

* ૧૭૮૭૬ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન મહીસાગર જિલ્લામાં શ્રમિક સૂરક્ષા યોજના અંતર્ગત સરકારને વર્ષવાર કેટલી અરજીઓ મળી, | (૧) ૭. |
| (૨) એ અન્વયે કઇ વીમા કંપનીઓએ ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલું પ્રિમિયમ ચૂકવ્યું, અને | (૨) વીમા કંપનીઓએ વર્ષવાર કોઇ પ્રિમિયમ ચૂકવેલ નથી. ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર દ્વારા સને ૨૦૧૪–૧૫ માં વીમા નિયામકશ્રી, ગાંધીનગરને રૂ.૫.૦૦ કરોડ પ્રિમિયમ ચૂકવેલ છે. |
| (૩) તે પૈકી કેટલા શ્રમિકોને સૂરક્ષા યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી, કેટલી રકમ ચૂકવવાની બાકી છે, બાકી રહેવાના કારણો શા છે ? | (૩) ૧ શ્રમિકને રૂ.૧,૦૦,૦૦૦/– ની રકમ ચૂકવવામાં આવી.<br>૫ શ્રમિકોને રૂ.૫,૦૦,૦૦૦/– ની રકમ પૂર્તતાના અભાવે ચૂકવવાની બાકી છે.<br>૧ અરજી નામંજૂર થયેલ છે. |

---------

**ભાવનગર જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તિ**

* ૧૭૯૬૦ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૧,૮૨૦. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧,૮૧૩. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ.૨૩,૩૭,૦૦૦ (અંકે રૂપિયા ત્રેવીસ લાખ સાડત્રીસ હજાર પુરા). |

---------

**ભૂજ આર.ટી.ઓ. કચેરીમાં આવક**

* ૧૭૯૧૯ **ડૉ. નીમાબેન આર્ચાય (ભુજ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૪–૧૫ ના વર્ષમાં તા.૩૧–૧૨–૧૪ ની સ્થિતિએ ભૂજ આર.ટી.ઓ. કચેરીને કેટલી આવક થઇ, | (૧) રૂપિયા ૧૨૮.૧૦ કરોડની આવક થઇ. |
| (૨) વર્ષ ૨૦૧૩–૧૪ ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને | (૨) વર્ષ ૨૦૧૩–૧૪ ના પ્રમાણમાં આવકમાં રૂપિયા ૨૧.૪૩ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શું છે? | (૩) આવકમાં ઘટાડો થયેલ નથી. |

---------

**રાજકોટ આર.ટી.ઓ. કચેરીમાં ખાલી જગ્યાઓ**

* ૧૭૯૧૦ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ આર.ટી. ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, અને

(૨) આ મહેકમ પ્રમાણે ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને કેટલી ભરાયેલ છે ?

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ આર.ટી.ઓ. કચેરીમાં મંજૂર થયેલ મહેકમ કુલ-૧૧૦ છે, જે પૈકી કુલ-૬૩ જગ્યાઓ ભરાયેલ છે. અને કુલ-૪૭ ખાલી જગ્યાઓ છે. સંવર્ગવાર વિગત નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | મંજૂર થયેલ મહેકમ | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૩ | ૦૧ | ૦૨ |
| ૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૪ | વહીવટી અધિકારી | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૫ | હિસાબી અધિકારી | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૬ | મોટર વાહન નિરીક્ષક | ૦૮ | ૦૩ | ૦૫ |
| ૭ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૧૨ | ૦૯ | ૦૩ |
| ૮ | જનસંપર્ક અધિકારી | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૯ | હેડકલાર્ક | ૦૫ | ૦૧ | ૦૪ |
| ૧૦ | સીનીયર કારકુન/સબ એકા. | ૧૩ | ૦૧ | ૧૨ |
| ૧૧ | જુનીયર કારકુન | ૩૬ | ૧૩ | ૨૩ |
| ૧૨ | કલાર્ક કમ ટાઈપીસ્ટ | ૦૪ | ૦૩ | ૦૧ |
| ૧૩ | ટાઈપીસ્ટ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૪ | હિસાબનીશ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૫ | સબ ઓડીટર | ૦૨ | ૦૧ | ૦૧ |
| ૧૬ | સંશોધન મદદનીશ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૭ | આંકડા મદદનીશ | ૦૨ | ૦૨ | ૦૦ |
| ૧૮ | સર્કલ ઓફીસર | ૦૨ | ૦૧ | ૦૧ |
| ૧૯ | ડ્રાયવર | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૨૦ | નાયક | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૨૧ | પટાવાળા | ૧૧ | ૦૬ | ૦૫ |
| ૨૨ | વોચમેન | ૦૧ | ૦૧ | ૦૦ |
| | **કુલ** | **૧૧૦** | **૪૭** | **૬૩** |

---------

**વલસાડ આર.ટી.ઓ. કચેરીમાં આવક**

* ૧૭૯૨૩ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ વલસાડ આર.ટી.ઓ. કચેરીને કેટલી આવક થઇ,

(૨) વર્ષ ૨૦૧૩-૧૪ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ ઘટાડો થયો, અને

(૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શું છે ?

**જવાબ**

(૧) રૂપિયા ૪૮.૪૦ કરોડની આવક થઇ.

(૨) વર્ષ ૨૦૧૩-૧૪ના પ્રમાણમાં આવકમાં રૂપિયા ૩.૩૭ કરોડનો વધારો થયો.

(૩) આવકમાં ઘટાડો થયેલ નથી.

---------

**આણંદ જિલ્લામાં મુક્ત થયેલ બાળમજુરો**

* ૧૭૯૦૪ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં ચાઈલ્ડ લેબર (નિયમન અને નાબુદી)-૧૯૮૬ હેઠળ સને-૨૦૧૪માં કેટલી રેડ પાડવામાં આવી, અને

(૨) તે રેડ દરમ્યાન કેટલા બાળકોને મુકત કરાવવામાં

**જવાબ**

(૧) ૧૮.

(૨) ૦૭.

આવ્યા ?

---------

**બનાસકાંઠા જિલ્લામાં પીવાના પાણીની સંભવિત મુશ્કેલી**

* ૧૯૩૯૫ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧૫–૦૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં આગામી ઉનાળામાં પીવાના પાણીની સંભવિત મુશ્કેલીઓ ઉભી થઈ છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) તા. ૧૫–૦૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પીવાના પાણીની મુશ્કેલી નથી. |
| (૨) જો હા, તો આ સમયસ્યાના ઉકેલ માટે નર્મદા પાઇપ લાઈન આધારિત તથા અન્ય યોજના દ્વારા કયા ગામોને પાણી પુરું પાડવાનું આયોજન છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ જવાબદારી કોને સોંપાઈ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જંબુસર તાલુકામાં મંજૂર ગામની આંતરિક પેયજળ યોજનાઓ**

* ૧૭૯૨૫ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૩ યોજનાઓ. |
| (૨) મંજૂર કરેલ ઉકત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે ? | (૨) રૂ.૨૦૪.૬૯ લાખ. |

---------

**ગીર સોમનાથ જિલ્લા માટે જૂથ યોજનાઓ**

* ૧૭૯૨૬ **શ્રી બાવનજીભાઇ હ. મેતલીયા (ટંકારા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લા માટે મહી નર્મદા પાઈપ લાઈન આધારિત કેટલી જૂથ યોજનાઓ તૈયાર કરવામાં આવેલ છે, અને | (૧) કુલ ૫ યોજનાઓ તૈયાર કરવામાં આવેલ છે. |
| (૨) આ યોજના ઉકત સ્થિતિએ કયા તબક્કે છે ? | (૨) ૨ યોજના પૂર્ણ થયેલ છે, ૧ પૂર્ણતાને આરે છે અને ૨ યોજના હાથ ધરવાનું આયોજન છે. |

---------

**કચ્છ જિલ્લામાં કીટનું વિતરણ**

* ૧૭૯૯૫ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૨૫–૧૨–૨૦૧૪ના રોજ યોજાયેલ શ્રમયોગી કલ્યાણ મેળામાં કચ્છ જિલ્લામાં કુલ કેટલી કીટનું વિતરણ કરવામાં આવ્યું ? | ૪૭૩. |

---------

**સોનગઢ તાલુકામાં મંજૂર ગામની આંતરિક પેયજળ યોજનાઓ**

* ૧૭૯૩૬ **શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે તાપી જિલ્લાના સોનગઢ તાલુકામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૭ યોજનાઓ. |

(૨) મંજૂર કરેલ ઉકત યોજનોઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે ?

(૨) રૂ.૪૯૧.૩૧ લાખ.

---------

**દાહોદ જિલ્લાની કોર્ટોમાં પડતર કેસો**

* ૧૭૮૧૫ **શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કોર્ટોવાર કેવા પ્રકારના કેટલાં કેસો પડતર છે, અને

(૨) આવા પડતર કેસોના ઝડપથી નિકાલ થાય તે માટે રાજ્ય સરકારે છેલ્લાં બે વર્ષમાં શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કોર્ટોવાર નીચે મુજબના કેસો પડતર છે.

| **અનુ. નં.** | **કોર્ટનું નામ** | **કેસનો પ્રકાર** | **૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ પડતર** |
|---|---|---|---|
| ૧ | એપેલેટ કોર્ટ | સીવીલ | ૯૯૭૨ |
| | | ક્રીમીનલ | ૬૨૭ |
| | | કુલ | ૧૦૫૯૯ |
| ૨ | સબોર્ડીનેટ કોર્ટ | સીવીલ | ૩૭૬૭ |
| | | ક્રીમીનલ | ૧૭૫૨૪ |
| | | કુલ | ૨૧૨૯૧ |
| | | **કુલ કેસો સીવીલ (૧+૨)** | **૧૩૭૩૯** |
| | | **કુલ ક્રિમિનલ કેસો (૧+૨)** | **૧૮૧૫૧** |
| | | **કુલ કેસો** | **૩૧૮૯૦** |

(૨) પડતર કેસોનો નિકાલ કરવા માટે વડી અદાલત દ્વારા નીચે મુજબના પગલા લેવામાં આવેલ છે.

(૧) સ્વર્ણિમ ગુજરાતની સ્થાપના નિમિત્તે રાજ્યમાં આવેલ જુદાજુદા જિલ્લાઓમાં જુદા-જુદા સંવર્ગની કુલ ૭૦૦ વધારાની કોર્ટોની સ્થાપના કરવામાં આવેલ છે તે માટે ન્યાયાધીશો સહિત સહાયક મહેકમની કુલ ૪૯૦૦ જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે.

(૨) રાજ્યમાં આવેલ જુદા-જુદા જિલ્લાઓમાં ૨૩ વધારાના જિલ્લા ન્યાયાધિશોની કોર્ટ, ૩૪ સીનીયર સીવીલ જજની કોર્ટની અને ૪૩ સીવીલ જજની કોર્ટની સ્થાપના કરેલ છે.

(૩) ગુજરાત રાજ્યમાં જુદી જુદી અદાલતોમાં જરૂરી એવી તમામ માળખાગત સુવિધાઓ, ઈ-કોર્ટ મશીન મોડ પ્રોજેક્ટ હેઠળ કોમ્પ્યુટર તથા તેને આનુષાંગિક સુવિધાઓ, તથા જીસ્વાનની સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે.

(૪) રાજ્યના જિલ્લાઓમાં મીડીએશન સેન્ટર ઉભા કરવામાં આવેલ છે જેમાં સમાધાન લાયક કેસો મુકવામાં આવે છે. આ પધ્ધતિ દ્વાર વિવાદોનું સત્વરે નિરાકરણ થાય છે અને કોર્ટોના વધતા જતા ભારણને પણ ઓછું કરવામાં મદદ કરે છે.

(૫) રાજયના તાબાના તમામ ન્યાયાધિશોની તાલીમ માટે રચવામાં આવેલ ગુજરાત રાજ્ય ન્યાયિક એકેદમી ખાતે રાજ્ય સરકારદ્વારા માળખાકીય સુવિધા ઉભી કરવામાં આવેલ છે. તથા તેમાં ન્યાયાધિશોને તાલીમ આપવામાં આવેલ છે. ઉપરાંત ગુજરાતના ઉચ્ચ ન્યાયાલય સહિતના ન્યાયાધિશોને લેપટોપની સુવિધા પૂરી પાડેલ છે. તે જ રીતે આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસિકયુટર્સને પણ લેપટોપ ઈ-લાયબ્રેરીની સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે.

આ ઉપરાંત, રાજ્યના તમામ આસીસ્ટન્ટ પબ્લિક

પ્રોસિક્યુટર્સને સ્કીલ અપગ્રેડેશન માટે સઘન ઈન–હાઉસ તાલીમ પૂરી પાડવામાં આવેલ છે. જેનાથી ન્યાયિક પ્રક્રિયાને વેગ મળે છે.
(૬) રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લાઓમાં સમયાંતરે કાયમી લોક અદાલતો, મેગા લોક અદાલતો, પ્રી–લીટિગેશન લોક અદાલતો યોજવામાં આવે છે આ પધ્ધતિ દ્વારા પણ વિવાદોનું નિરાકરણ થાય છે અને લોક અદાલતના માધ્યમ દ્વારા પણ કોર્ટ કેસોમાં થતો ભરાવો અટકે છે.

---------

**અમદાવાદ જિલ્લામાં મફત તબીબી સહાય**

* ૧૭૯૭૪ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર–ખાડિયા) : માનનીય મંત્રીશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ વિકસિત જાતિના લોકોમાં મફત તબીબી સહાય યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | (૧) ૧૪૧૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૩૮૨. |
| (૩) કુલ કેટલી સહાય ચુકવવામાં આવી ? | (૩) રૂ.૭૫.૧૪ લાખ. |

---------

**આણંદ જિલ્લામાં કીટ્સની વહેંચણી**

* ૧૭૯૭૫ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| આણંદ જિલ્લામાં વિકસતી જાતિના લોકોમાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ માનવ ગરીમાં યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને કિટ્સની વહેંચણી કરવામાં આવી? | ૯૭૧. |

---------

**ભાવનગર જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

* ૧૭૯૭૮ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૩,૦૮,૧૪૨. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી? | (૨) ૩,૦૮,૧૪૨ વિદ્યાર્થીઓને રૂ. ૯,૨૪,૪૨,૬૦૦/– રકમની સહાય ચૂકવવામાં આવી. |

---------

**ભરૂચ જિલ્લામાં મુક્ત થયેલ બાળમજુરો**

* ૧૭૯૦૦ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં ચાઈલ્ડ લેબર (નિયમન અને નાબૂદી)–૧૯૮૬ હેઠળ સને –૨૦૧૪માં કેટલી રેડ પાડવામાં આવી, અને | (૧) ૧૯. |
| (૨) તે રેડ દરમ્યાન કેટલા બાળકોને મુક્ત કરાવવામાં | (૨) ૦૨. |

આવ્યા?

---------

**પ્રભાગને ફાળવેલ રકમ અને વણવપરાયેલ રકમ**

* ૧૮૬૮૭ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બિન નિવાસી ગુજરાતી પ્રભાગને કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧) વર્ષ — ફાળવેલ રકમ રૂ.<br>૨૦૧૩ — ૭,૯૨,૪૮,૦૦૦.<br>૨૦૧૪ — ૮,૨૬,૦૮,૦૦૦. |
| (૨) તે પૈકી કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ વણવપરાયેલ રહી, અને | (૨) આ બંને વર્ષોમાં બિન નિવાસી ગુજરાતી પ્રભાગને ફાળવેલ રકમ પૈકી રૂ. ૧૨,૯૩,૨૨,૦૦૦ ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાનને સહાયક અનુદાન પેટે ફાળવવામાં આવેલ ,. ફાળવેલ રકમ પૈકી ડિસેમ્બર–૨૦૧૪ અંતિત રૂ. ૭,૩૦,૭૭,૫૦૬ રકમ વપરાયેલ અને રૂ. ૫,૬૨,૪૪,૪૯૪ વણવપરાયેલ રકમ તરીકે રહી. |
| (૩) પૂરી રકમ ન વપરાઈ હોય તો તેના કારણો શાં છે? | (૩) બજેટમાં જોગવાઈ, ગ્રાન્ટની ફાળવણી અને ખર્ચ નાણાકીય વર્ષ પ્રમાણે થતું હોઈ, ગ્રાન્ટની રકમ નાણાકીય વર્ષ દરમ્યાન વાપરી શકાતી હોય છે તેથી ડિસેમ્બર અંતિત જમા રકમ વણવપરાયેલી ગણવાની રહે નહિ, આ સંજોગોમાં<br>૧. પરપ્રાંતના ગુજરાતી સમાજો તરફથી સમાજ ભવનના નિર્માણ માટે સહાય માટેની અરજીઓ પૂરતા પ્રમાણમાં ન આવવાથી.<br>૨. એપ્રિલ–૨૦૧૪ની લોકસભાની ચુંટણીની આદર્શ આચારસંહિતાના કારણે કાર્યક્રમો થઈ ન શકવાના કારણે.<br>૩. મહત્વનો પ્રવાસી ભારતીય દિવસ કાર્યક્રમ માસ જાન્યુઆરી, ૨૦૧૫માં યોજાયેલ હોવાથી.<br>૪. માર્ચ મહિના સુધીમાં આ રકમનો ઉપયોગ થઈ શકતો હોવાને કારણે. |

---------

**મહેસાણા જિલ્લામાં આવેલ બેચરાજીના વિકાસ માટેની કાર્યવાહી**

* ૧૬૭૧૦ **શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં આવેલ બેચરાજીના વિકાસ માટે તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરેલ છે, | (૧) બેહુચરાજીના વિકાસ માટે મંદિર પરિસરના બહારના ભાગે એરાઈવલ પ્લાઝા અને યાત્રિક ભવનની કામગીરી કરવામાં આવેલ છે. |
| (૨) આ સ્થળે પ્રવાસીઓ માટે કઈ સવલતો ઉભી કરવામાં આવેલ છે, અને | (૨) આ સ્થળે પ્રવાસીઓ માટે મંદિર પરીસરની બહારનું ફલોરીંગ કામ, પ્રદક્ષિણા પથ, એરાઈવલ પ્લાઝા, નવિન પૂર્વાભિમુખ દરવાજો, બે કુડકોર્ટ, મંદિર પરીસરની કિલ્લાની દિવાલનું નવીનીકરણ, ત્રણ સેન્ટ્રલ પેવેલીયન, વીસ સ્ટોન છત્રી, બે ટોઈલેટ બ્લોક, ઓવર હેડ ટાંકી, વોટર હટ, બેઠક વ્યવસ્થા, ચાલીસ મીની દુકોનો, વીજળીકરણ જેવી સવલતો ઉભી કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) રૂપિયા ૫૬૯.૬૭ લાખ. |

---------

તા.૨૪મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

**અમરેલી જિલ્લામાં વિકલાંગોને સાધન સહાય**

* ૧૭૯૬૨ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૧૧૭ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૦૫ |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) કુલ રૂ. ૪,૦૧,૬૮૦/- (અંકે રૂપિયા ચાર લાખ એક હજાર છસ્સો એંશી પુરા). |

---------

**પ્રભાસ પાટણ ખાતે દેહોત્સર્ગ સ્થાનનો વિકાસ**

*૧૭૯૯૬ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠકકરબાપાનગર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રભાસ પાટણ ખાતે દેહોત્સર્ગ સ્થાનના વિકાસ માટે તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કોઈ યોજના અમલમાં મૂકવામાં આવી છે કે કેમ, અને | (૧) હા,જી. |
| (૨) જો હા, તો આ બાબતે પીવાનું પાણી પુરું પાડવા કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ઉકત સ્થિતિએ ગોઠવવામાં આવેલ છે અને જો કોઈ વ્યવસ્થા ગોઠવાયેલ ના હોય તો આવા ગામો માટે પાણીની વ્યવસ્થા કેટલા સમયે કરવામાં આવશે ? | (૨) માણસા તાલુકામાં પીવાનું પાણી પૂરૂ પાડવા માટે વૈકલ્પિક વ્યવસ્થાના ભાગ રૂપે નર્મદા મેઈન કેનાલ આધારિત જુથ યોજના જી–૩ માહે ૦૨/૨૦૦૭ થી કાર્યરત છે.<br>*હિંમતપુરા (લાકરોડા) ગામની આસપાસના ગામો ઉપર મુજબની જુથ યોજના દ્વારા પાણી મેળવે છે. |

---------

### સૂરત જિલ્લા ખાતે નવિન કાર્ટ બિલ્ડીંગનું બાંધકામ

* ૧૮૦૩૧ **શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સૂરત જિલ્લામાં કયા સ્થળે નવીન ફેમીલી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૦૧–૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે. | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ.૯,૪૬,૭૪,૦૦૦/–. |
| (૩) બાંધકામ કયારે શરૂ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રિયા પુર્ણ થયેથી બનતી ત્વરાએ. |

---------

### સગીરવયના નિરાધાર બાળકોને સહાય આપવાની યોજના

* ૧૮૬૯૧ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં જેઓના માતા પિતા બન્ને મૃત્યુ પામ્યા હોય તેવા નિરાધાર સગીરવયના બાળકોના કલ્યાણ માટે સહાય આપવાની કોઈ યોજના રાજ્યમાં તા.૩૧–૦૧–૧૫ની સ્થિતિએ અમલમાં છે ખરી, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાની વિગતો શું છે, અને | (૨) જેઓના માતા–પિતા બન્ને મૃત્યુ પામ્યા હોય તેવા નિરાધાર સગીર વયના બાળકો કે જેની ઉંમર ૦ થી ૧૮ (અઢાર) વર્ષ હોય તેઓના કલ્યાણ માટે રાજ્યમાં પાલક માતા–પિતા યોજના અમલમાં છે. આ યોજના હેઠળ અનાથ બાળકની સંભાળ રાખતા નજીકના સગા–સંબંધીને આ યોજના પેટે માસિક રૂ. ૧,૦૦૦/– સહાય આપવામાં આવે છે.<br>પાલક માતા–પિતાની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૨૭,૦૦૦/–થી વઘુ તથા શહેરી વિસ્તારમાં રૂ.૩૬,૦૦૦/– થી વઘુ હોવી જોઈએ. |
| (૩) આ યોજના હેઠળ બાળકોને આપવામાં આવતી સહાયમાં વધારો કરવા સરકારનું શું આયોજન છે? | (૩) હાલ આયોજન નથી. |

---------

તા.૨૪મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

**થરાદ તાલુકામાં ડૉ. આંબેડકર આવાસ યોજનામાં આવાસ ફાળવણીની તપાસ**

* ૧૯૧૯૯ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) :** તા. ૩-૭-૨૦૧૪ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકીત પ્રશ્ન ક્રમાંક ૯૭૨૬ (અગ્રતા-૧૫) ના અનુસંધાનમાં **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૧૪ની સ્થિતિએ ડૉ. આંબેડકર આવાસ યોજના અંતર્ગત થરાદ તાલુકામાં ખોટી રીતે આવાસોની ફાળવણી કરવાની તપાસ ચાલુ હતી તે હકીકત સાચી છે, | (૧) હા |
| (૨) જો હા, તો આ તપાસમાં શું તથ્યો બહાર આવ્યા, અને | (૨) -મુ. ડોડ, તા. થરાદમાં કોઈ અનિયમિતતા જણાયેલ નથી.<br>- મુ.મોટી પાવડ, તા. થરાદમાં નીચે મુજબના તથ્યો જણાયેલ છે.<br>(૧) ગામતળને બદલે સીમમાં મકાન બાંધકામ કરેલ છે.<br>(૨) બી.પી.એલ.યાદીમાં સમાવેશ નથી.<br>(૩) કુટુંબમાં બે લાભાર્થીઓએ લાભ લીધેલ છે. |
| (૩) જવાબદારો સામે શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) વસુલાત કરવા માટે નોટિસ આપવામાં આવેલ છે. જવાબદારી નક્કી કરવાની કાર્યવાહી ચાલુ છે. |

---------

**આણંદ જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય**

* ૧૭૯૪૩ **શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય સામાજિક અને ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૩૦ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૨૯ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૧૦.૫૦ લાખ |

---------

**દ્વારકાધીશ મંદિરના પુજારીઓના પગાર બાબત વિચારણા**

* ૧૯૩૪૪ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** (તા. ૧૭-૭-૨૦૧૪ના સભાગૃહમાં રજુ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૧૪૯૮ (અગ્રતાક્રમ-૧૨) ના અનુસંધાને **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા સંચાલિત દ્વારકાધીશ મંદિરની આવકનો મોટો હિસ્સો પૂજારીઓને તેના પગાર અને હિસ્સા માટે ચૂકવવામાં આવે છે તે બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગે સરકાર તરફથી તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૧૫ની સ્થિતિએ શી વિચારણા કરી છે ? | (૨) વિચારણા હેઠળ છે. |

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં આવેલ આશ્રમશાળાઓ**

* ૧૯૩૫૫ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં કઈ જગ્યાએ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટેની આશ્રમશાળાઓ કાર્યરત છે, | (૧) અને (૨) પત્રક-અ મુજબ |

(૨) ઉક્ત આશ્રમ શાળાઓવાર કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ વિદ્યાર્થીદીઠ માસિક કેટલી રકમ ચૂકવવામાં આવે છે ?

(૩) વિદ્યાર્થીદીઠ માસિક રૂ઼ા. ૧૦૦૦/– ચૂકવવામાં આવે છે.

**પત્રક–અ**

| આશ્રમશાળાનું નામ | પ્રવેશ આપેલ સંખ્યા |
|---|---|
| વાસુદેવ આશ્રમશાળા, કલોલ તેરસાનું પરૂ ચાર રસ્તા, કલોલ ઘમાસણા રોડ, કલોલ | ૧૨૦ |
| મણિબા આશ્રમશાળા, સઈજ ભગવતી આટા મીલ પાસે, કલોલ હાઈવે, તા. કલોલ | ૧૨૦ |
| એન.એન. પટેલ આશ્રમશાળા, ઘમાસણા, સોનલ ઈન્ડીયન ગેસ ગોડાઉનની બાજુમાં ઘમસાણા, તા. કલોલ | ૧૨૪ |
| બક્ષીપંચ આશ્રમશાળા, લાકરોડા, તા. માણસા | ૧૨૩ |
| બક્ષીપંચ આશ્રમશાળા, મોટી પાવઠી, તા. દહેગામ | ૧૧૯ |
| બક્ષીપંચ આશ્રમશાળા, માછંગ (માણેકપુર), તા. દહેગામ | ૧૨૦ |
| વૃંદાવન આશ્રમશાળા, નભોઈ, તા. જી. ગાંધીનગર | ૧૨૦ |
| નંદનવન આશ્રમશાળા, સે. ૧૩, ગાંધીનગર | ૧૨૫ |
| બલરામ આશ્રમશાળા, ધોળાકુવા, તા. જી. ગાંધીનગર | ૧૨૦ |
| બક્ષીપંચ આશ્રમશાળા, કોલવડા, તા. જી. ગાંધીનગર | – |
| **મહેસાણા જિલ્લો** | |
| બક્ષીપંચ આશ્રમશાળા જી. ઈ. બી. ની બાજુ મુ. તા. ખેરાલુ | ૯૭ |
| બક્ષીપંચ આશ્રમશાળા, મુ. સાકરી, તા. ખેરાલું | ૧૨૬ |
| બક્ષીપંચ આશ્રમશાળા, મુ. નદાણ, તા. કડી | ૯૬ |
| વિચરતી વિમુક્ત જાતિ આશ્રમશાળા, સર્વોદય આશ્રમશાળા, હાઈવે રોડ, વાલમ, તા. વિસનગર | ૧૦૮ |

---------

**વડગામ તાલુકાના મણીભદ્રવીર મહારાજ મંદિરનો વિકાસ**

* ૧૮૭૧૦ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના મગરવાડા ગામે આવેલ મણીભદ્રવીર મહારાજ મંદિરના વિકાસાર્થે
તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કલેકટરશ્રી તરફથી કોઈ દરખાસ્ત થયેલ છે કે કેમ, અને

(૧) ના, જી.

(૨) જો હા, તો તે દરખાસ્ત મંજૂરી અર્થે કયા તબક્કે પડતર છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યની બસોના ભાડામાં ઘટાડો**

* ૧૭૮૪૭ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ગેસ અને ડીઝલ આધારિત ચાલતી એસ.ટી. બસોના ભાડામાં ક્યારે અને કેટલો વધારો કરવામાં આવ્યો, અને

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ગેસ અને ડીઝલ આધારિત ચાલતી એસ.ટી. બસોના ભાડામાં તા. ૪-૩-૨૦૧૩ના રોજ ૧૫.૦૨ ટકા લેખે તથા ૨૨-૧૨-૨૦૧૩ના રોજ ૧૫.૧૫ ટકા લેખે ભાડામાં વધારો કરવામાં આવ્યો.

(૨) ઉક્ત સ્થિતિએ ડીઝલ અને ગેસના ભાવ ઘટવાના કારણે એસ.ટી. બસના ભાડાના દરમાં ઘટાડો કરવાનું શું આયોજન છે ?

(૨) હાલમાં આવું કોઈ આયોજન નથી.

---------

**અમદાવાદ જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

* ૧૮૨૯૨ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (બક્ષીપંચ) ના કેટલા વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવામાં આવી,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | વિદ્યાર્થીની સંખ્યા |
|---|---|
| વિરમગામ | ૧૩૦૮૦ |
| માંડલ | ૩૭૬૬ |
| દેત્રોજ | ૭૧૨૦ |
| ધંધુકા | ૫૦૫૫ |
| ધોલેરા | ૪૬૪૨ |
| સાણંદ | ૧૮૦૦૪ |
| બાવળા | ૧૧૪૮૭ |
| સીટી | ૪૨૫૩૧ |
| દસક્રોઈ | ૩૩૯૦૬ |
| ધોળકા | ૧૫૨૬૪ |
| રાણપુર | ૧૦૩૧૪ |
| બરવાળા | ૭૯૬૧ |
| **કુલ** | **૧૭૩૧૩૦** |

(૨) ગણવેશ સહાય પેટે વિદ્યાર્થી દીઠ કેટલી સહાય આપવામાં આવી છે,

(૨) રૂ. ૩૦૦/-.

(૩) ઉક્ત સહાય પેટે આપવામાં આવતી રકમ ક્યારથી અમલમાં છે, અને

(૩) વર્ષ-૨૦૧૨-૧૩ થી.

(૪) ઉક્ત સ્થિતિએ આ સહાયમાં સરકાર વધારો કરવા માંગે છે અને જો હા તો કેટલી રકમનો વધારો ક્યારથી કરવા માંગે છે ?

(૪) હાલમાં કોઈ આયોજન નથી.

---------

**મહેસાણા જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

* ૧૯૪૨૨ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના બાળકોની ગણવેશ મેળવવા માટે કેટલી અરજીઓ મળી, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | સતલાસણા | ૨૪૩૩૭ |

| | | |
|---|---|---|
| ૨ | ખેરાલુ | ૩૫૯૪૩ |
| ૩ | વડનગર | ૩૯૫૪૧ |
| ૪ | બેચરાજી | ૨૪૭૦૧ |
| ૫ | ઉંઝા | ૩૧૧૧૨ |
| ૬ | વિસનગર | ૪૭૪૩૫ |
| ૭ | કડી | ૬૯૦૪૪ |
| ૮ | વિજાપુર | ૪૪૬૦૭ |
| ૯ | મહેસાણા | ૯૨૦૬૫ |
| | **કુલ** | **૪૦૮૭૮૫** |

(૨) તે પૈકી કેટલા બાળકોને કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૨) ૪૦૮૭૮૫ બાળકોને રૂ. ૧૨,૨૬,૩૫,૫૦૦/– ગણવેશ સહાય ચૂકવવામાં આવી.

---------

**કુતિયાણા ખાતે ન્યાયિક સ્ટાફના રહેણાંક મકાનનું બાંધકામ**

* ૧૯૩૪૧ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં કુતિયાણા ખાતે ન્યાયિક સ્ટાફના રહેણાંકના મકાનના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં કોઈ મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી ક્યારે આપવામાં આવી છે, અને

(૩) આ કામગીરી ક્યારે શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) સદર કામની રૂ. ૪,૦૩,૭૯,૧૦૦/- ની મંજૂરી તા. ૦૯–૦૨–૨૦૧૫ થી આપવામાં આવી છે.

(૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

---------

**પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં આંબેડકર આવાસ યોજના હેઠળ સહાય**

* ૧૮૬૫૦ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર આંબેડકર આવાસ યોજના અન્વયે કેટલી અરજીઓ છેલ્લા બે વર્ષમાં મળી,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર આંબેડકર આવાસ યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ અરજીઓ મળી છે.

**મળેલ અરજીઓની વિગતો જિલ્લો – પંચમહાલ**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | હાલોલ | ૦૬ | ૦૧ | ૦૭ |
| ૨ | ઘોઘંબા | ૩૫ | ૧૯ | ૫૪ |
| ૩ | જાંબુઘોડા | ૦૭ | ૦૨ | ૦૯ |
| ૪ | કાલોલ | ૩૨ | ૧૭ | ૪૯ |
| ૫ | ગોધરા | ૪૨ | ૨૦ | ૬૨ |
| ૬ | મોરવા(હ) | ૩૩ | ૦૭ | ૪૦ |
| ૭ | શહેરા | ૪૯ | ૩૨ | ૮૧ |
| | **કુલ** | **૨૦૪** | **૯૮** | **૩૦૨** |

**મળેલ અરજીઓની વિગતો જિલ્લો – મહીસાગર**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | લુણાવાડા | ૮૧ | ૬૩ | ૧૪૪ |
| ૨ | સંતરામપુર | ૫૭ | ૪૧ | ૯૮ |
| ૩ | ખાનપુર | ૨૯ | ૧૫ | ૪૪ |
| ૪ | કડાણા | ૫૯ | ૭૧ | ૧૩૦ |
| ૫ | બાલાસિનોર | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૬ | વિરપુર | ૦૦ | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૨૨૬** | **૧૯૦** | **૪૧૬** |
| | **એકંદરે કુલ** | **૪૩૦** | **૨૮૮** | **૭૧૮** |

(૨) આ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી આવાસ ફાળવવામાં આવ્યા છે અને કેટલી અરજીઓ ક્યા કારણોસર નામંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી મંજૂર કરવામાં આવેલ અરજીઓ, નામંજૂર કરવામાં આવેલ અરજીઓ નીચે મુજબ છે. અને નામંજૂર કરવામાં આવી તેના કારણો નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પંચમહાલ | ૧૯૮ | ૬૯ | ૨૬૭ |
| ૨ | મહીસાગર | ૨૦૧ | ૧૫૨ | ૩૫૩ |
| | કુલ | ૩૯૯ | ૨૨૧ | ૬૨૦ |

**નામંજૂરના કારણો**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ ના-મંજૂર |
|---|---|---|---|---|
| ૧ | પંચમહાલ | બી.પી.એલ. લાભાર્થી ન હોવાથી>૦૪<br>મકાન બાંધકામ રજાચીઠ્ઠી રજૂ કરેલ ના હોવાથી >૦૧<br>ઈન્દીરા આવાસ કે સરદાર આવાસનો લાભ મળેલ નથી તેવું તાલુકા વિકાસ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર ન હોવાથી >૦૧ | જમીનનો આધાર ન હોવાથી, રેશનકાર્ડ તથા બાંધકામ રજા ચીઠ્ઠી રજૂ કરેલ ન હોવાથી>૦૪<br>બી.પી.એલ. સ્કોર ૨૧ હોવાથી>૦૧<br>આકારણીપત્રકમાં પાકું મકાન બતાવેલ હોવાથી>૦૧<br>બી.પી.એલ.સ્કોર ૨૨ હોવાથી >૦૧<br>બી.પી.એલ.લાભાર્થી ન હોવાથી>૨૨ | ૩૫ |
| | | કુલ>૦૬ | કુલ>૨૯ | |
| ૨ | મહીસાગર | બી.પી.એલ. ન હોવાથી >૧૨ જમીનનો આધાર આકારણી રજૂ કરેલ ન હોવાથી>૦૧<br>મકાન બાંધકામ રજા ચીઠ્ઠી તથા ગ્રામ પંચાયતનો ઠરાવ ન હોવાથી>૦૩<br>મકાન બાંધકામ રજાચીઠ્ઠી રજૂ કરેલ ન હોવાથી>૦૨<br>ઈન્દીરા આવાસ કે સરદાર આવાસનો લાભ મળેલ નથી તેવું તાલુકા વિકાસ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર ન હોવાથી>૦૭<br>કુલ > ૨૫ | ઓછી ઉંમર હોવાથી-૦૧<br>બાંધકામ, રજાચીઠ્ઠી, આવાસનો લાભ મળેલ નથી તેવું તાલુકા વિકાસ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર ન હોવાથી>૦૨<br>બી.પી.એલ. ન હોવાથી>૧૮<br>બાંધકામ માટે ખુલ્લો પ્લોટ ન હોવાથી>૦૧<br>રેશનકાર્ડની નકલ આકારણી રજૂ કરેલ ન હોવાથી>૦૨<br>આવકનો દાખલો તાલુકા વિકાસ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી>૦૧<br>જમીનનો કોઈ આધાર, ચતુર્દીશાનો નકશો રજૂ કરેલ ન હોવાથી>૦૧<br>ઈન્દીરા આવાસ કે સરદાર આવાસનો લાભ મળેલ નથી તેવું તાલુકા વિકાસ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર ન હોવાથી>૦૧<br>બી.પી.એલ. સ્કોર ૩૧ હોવાથી>૦૧<br>આકારણી અથવા ૭/૧૨, ૮-અ રજૂ કરેલ ન હોવાથી>૦૧<br>અગાઉ કુટુંબમાં | ૬૩ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | આવાસનો લાભ મળેલ હોવાથી>૦૯<br>કુલ ૩૮ | |
| | કુલ | ૩૧ | ૬૭ | ૯૮ |

(૩) ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે તથા આ અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

(૩) એકપણ અરજી પડતર નથી. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### પાટણ જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય

* ૧૭૯૬૮ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને

(૧) ૧,૭૦,૮૨૮.

(૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

(૨) ૧,૭૦,૮૨૮ વિદ્યાર્થીઓને રૂ. ૫,૧૨,૪૮,૪૦૦/- રકમની સહાય ચૂકવવામાં આવી.

---------

### દાંતીવાડા ખાતે ન્યાયિક સ્ટાફના ક્વાર્ટસનું બાંધકામ

* ૧૮૦૩૪ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા ખાતે ન્યાયિક સ્ટાફના રહેણાંકના ક્વાર્ટસના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી ક્યારે આપવામાં આવી છે, અને

(૨) રૂ. ૪,૦૦,૦૦,૦૦૦/-.

(૩) આ કામગીરી ક્યારે શરૂ કરવામાં આવશે ?

(૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

---------

### છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત અપૂર્ણ યોજના

* ૧૮૮૮૪ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત અને બુટ બેઝિઝ આર.ઓ. પ્લાન્ટ કાર્યક્રમ હેઠળ તાલુકાવાર કેટલા ગામોની યોજના મંજૂર થઈ છે,

(૧) છોટાઉદેપુર અને વડોદરા જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત આર.ઓ. પ્લાન્ટ મંજુર થયેલ નથી.

છોટાઉદેપુર અને વડોદરા જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં બુટ બેઝિઝ આર.ઓ. પ્લાન્ટ મંજુર થયેલ નથી.

(૨) મંજૂર થયેલ યોજના પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) કેટલા ગામોની યોજના પૂર્ણ થઈ,

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પૂર્ણ થયેલ યોજના પૈકી કેટલી ઉક્ત સ્થિતિએ કાર્યરત છે, અને કેટલી બંધ છે, અને

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) યોજના બંધ હોય તો તેના કારણો શાં છે?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### નડિયાદ ખાતે ન્યાયિક સ્ટાફના કવાર્ટસનું બાંધકામ

* ૧૮૦૩૩ **શ્રી કેસરસિંહ જે. સોલંકી (માતર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ખેડા જિલ્લાના નડીયાદ ખાતે ન્યાયિક સ્ટાફના કવાર્ટસ બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો કેટલી રકમની મંજુરી ક્યારે આપવામાં આવી છે, અને

(૨) રૂ. ૩,૫૫,૫૦,૦૦૦/-.

(૩) આ કામગીરી ક્યારે શરૂ કરવામાં આવશે?

(૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

---------

## મોરબી શહેર માટે ટીંબડી સમ્પની યોજના હેઠળ ટેન્ડરની મંજૂરી

* ૧૯૦૧૭ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ મોરબી શહેર માટે એન.સી.-૭ના ટીંબડી સમ્પની યોજનામાં ૧૧ કી.મી. પાઈપ લાઈન દ્વારા પાણી પુરૂં પાડવા માટે છેલ્લાં બે વર્ષમાં ક્યારે ટેન્ડર બહાર પાડવામાં આવ્યુ,

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ મોરબી શહેર માટે એન.સી.-૭ના ટીંબડી સમ્પની યોજનામાં ૧૧ કી.મી. પાઈપ લાઈન દ્વારા પાણી પુરૂં પાડવા માટે છેલ્લાં બે વર્ષમાં ટેન્ડર બહાર પાડવામાં આવેલ નથી.

(૨) આ યોજના માટે કેટલી એજન્સીઓએ ટેન્ડર ભર્યા,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ એજન્સીઓમાંથી કઈ એજન્સીનું કેટલી રકમનું ટેન્ડર મંજૂર કરવામાં આવ્યુ,

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) મંજુર થયેલ એજન્સીએ એસ્ટીમેટ મુજબ મટીરીયલ વાપરેલ છે કે કેમ, અને

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) આ યોજના કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવેલ છે?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## મહેસાણા જિલ્લામાં વાહનચાલકો પાસેથી દંડ પેટે વસૂલ રકમ

* ૧૯૦૪૬ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં આર.ટી.ઓ. કચેરી દ્વારા ટુવ્હીલર, થ્રી વ્હીલર અને તમામ પ્રકારના વાહન ચાલકો પાસેથી સ્થળ સમાધાન પેટે કેટલી રકમનો દંડ વસૂલ કરવામાં આવ્યો, અને

(૧) ***પત્રક-૧** મુજબ.

**પત્રક-૧**

| | | ટુ વ્હીલર | | થ્રી વ્હીલર | | અન્ય | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **અ.નં.** | **તાલુકાનું નામ** | **કેસની સંખ્યા** | **વસૂલ કરેલ રકમ** | **કેસની સંખ્યા** | **વસૂલ કરેલ રકમ** | **કેસની સંખ્યા** | **વસૂલ કરેલ રકમ** | **કેસની સંખ્યા** | **વસૂલ કરેલ રકમ** |
| ૧ | મહેસાણા | ૪ | ૬૦૦ | ૬ | ૨૨૦૦ | ૧૮૫ | ૯૭૭૧૭૦ | ૧૯૫ | ૯૭૯૯૭૦ |
| ૨ | વિસનગર | ૨ | ૪૦૦ | ૨ | ૮૦૦ | ૧૪૩ | ૧૫૫૩૨૬ | ૧૪૭ | ૧૫૬૫૭૬ |
| ૩ | વિજાપુર | ૨ | ૩૦૦ | ૩ | ૧૨૦૦ | ૧૩૨ | ૬૯૭૨૨૪ | ૧૩૭ | ૬૯૮૭૨૪ |
| ૪ | કડી | ૧ | ૨૦૦ | ૩ | ૧૫૦૦ | ૧૧૩ | ૫૯૬૮૬૬ | ૧૧૭ | ૫૯૮૫૬૬ |
| ૫ | બેચરાજી | ૦ | ૦ | ૧ | ૪૦૦ | ૨૮ | ૧૪૭૮૯૬ | ૨૯ | ૧૪૮૨૯૬ |
| ૬ | ઉંઝા | ૨ | ૪૦૦ | ૨ | ૮૦૦ | ૯૮ | ૫૧૭૬૩૬ | ૧૦૨ | ૫૧૮૮૩૬ |
| ૭ | ખેરાલુ | ૧ | ૧૦૦ | ૨ | ૬૦૦ | ૬૭ | ૩૫૩૮૯૪ | ૭૦ | ૩૫૪૫૯૪ |
| ૮ | વડનગર | ૦ | ૦ | ૧ | ૩૦૦ | ૨૦ | ૧૦૫૬૪૦ | ૨૧ | ૧૦૫૯૪૦ |
| ૯ | સતલાસણા | ૦ | ૦ | ૧ | ૪૦૦ | ૭ | ૩૬૫૮૬ | ૮ | ૩૬૯૮૬ |
| **કુલ** | | **૧૨** | **૨૦૦૦** | **૨૧** | **૮૨૦૦** | **૭૯૩** | **૩૫૮૮૨૩૮** | **૮૨૬** | **૩૫૯૮૪૩૮** |

(૨) તે અન્વયે જે વાહનોએ દંડ ન ભરેલ હોય તેવા કેટલા વાહનચાલકો સામે ઉક્ત સ્થિતિએ કેસ કરવામાં

(૨) ***પત્રક-૨** મુજબ.

**પત્રક-૨**

| | | ટુ વ્હીલર | | થ્રી વ્હીલર | | અન્ય | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | તાલુકાનું નામ | કેસની સંખ્યા | વસૂલ કરેલ રકમ | કેસની સંખ્યા | વસૂલ કરેલ રકમ | કેસની સંખ્યા | વસૂલ કરેલ રકમ | કેસની સંખ્યા | વસૂલ કરેલ રકમ |

આવ્યા?

| અ. નં. | તાલુકાનું નામ | ટુ વ્હીલરના કેસ | થ્રી વ્હીલરના કેસ | અન્ય કેસ | કુલ કેસ |
|---|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૧ | ૩૭ | ૯૯૭ | ૧૦૪૫ |
| ૨ | વિસનગર | ૭ | ૨૧ | ૬૪૫ | ૬૭૩ |
| ૩ | વિજાપુર | ૫ | ૧૭ | ૫૫૮ | ૫૮૦ |
| ૪ | કડી | ૬ | ૧૨ | ૩૪૨ | ૩૬૦ |
| ૫ | બેચરાજી | ૨ | ૬ | ૯૮ | ૧૦૬ |
| ૬ | ઉંઝા | ૩ | ૫ | ૧૦૨ | ૧૧૦ |
| ૭ | ખેરાલુ | ૩ | ૩ | ૧૧૫ | ૧૨૧ |
| ૮ | વડનગર | ૨ | ૧ | ૮૫ | ૮૮ |
| ૯ | સતલાસણા | ૧ | ૧ | ૯૦ | ૯૨ |
| | **કુલ** | **૪૦** | **૧૦૩** | **૩૦૩૨** | **૩૧૭૫** |

---------

**જામનગર ખાતે ન્યાયિક અધિકારીઓના રહેણાંકનું બાંધકામ**

* ૧૮૦૩૫ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર ખાતે ન્યાયિક અધિકારીઓના રહેણાંકના કવાટર્સના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજુરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૧,૨૫,૭૫,૩૦૦/–. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

---------

**મહીસાગર જિલ્લામાં સાત ફેરા સમૂહલગ્ન યોજના હેઠળ સહાય**

* ૧૭૮૭૮ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન મહીસાગર જિલ્લામાં સાત ફેરા સમૂહલગ્ન યોજના અંતર્ગત તાલુકાવાર સહાય મેળવવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) શૂન્ય. |
| (૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરી અને કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલી અરજીઓ કયા કારણોસર નામંજૂર કરવામાં આવી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ અને સૂરત શહેરમાં રીક્ષાના ભાડામાં ઘટાડો**

* ૧૯૩૯૭ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ અને સૂરત શહેરમાં તા. ૩૧ જાન્યુઆરી ૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સી.એન.જી. ના ભાવમાં વારંવાર ઘટાડો થવા છતાં વાહનવ્યવહાર નિયામક, ગાંધીનગર તરફથી રીક્ષાના ભાડામાં ઘટાડો | (૧) ના, જી. સી.એન.જી. ના ભાવ ઘટાડા બાદ તા. ૨૦–૨–૨૦૧૪થી રીક્ષાના ભાડામાં ઘટાડો કરવામાં આવેલ છે. જે હાલમાં અમલી છે. |

કરવાના આદેશો કરવામાં આવ્યા નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના શા કારણો છે, અને

(૩) સી.એન.જી. ના ભાવ ઘટાડાને ધ્યાને લઈને જરૂરી હુકમો ક્યારે પ્રસિધ્ધ કરવામાં આવનાર છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) સી.એન.જી.ના ભાવ ઘટાડાને ધ્યાને લઈને તા. ૨૦-૨-૨૦૧૪ના જાહેરનામાથી રીક્ષા ભાડામાં ઘટાડો કરવામાં આવેલ છે. ત્યારબાદ સી.એન.જી.ના ભાવમાં ઘટાડો થયેલ ન હોઈ, આ અંગે કોઈ દરખાસ્ત કરવામાં આવેલ નથી.

---------

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં નવી આઈ.ટી.આઈ.**

* ૧૮૮૯૬ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર, જિલ્લા અને ગાંધીનગર જિલ્લામાં કેટલી સરકારી અને ખાનગી નવી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓની મંજૂરી આપવામાં આવી,

(૨) કઈ જગ્યાએ સરકારી નવી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ઉભી કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ સરકારી સંસ્થાઓ ઉભી કરવા પાછળ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧)

| વર્ષ | અમદાવાદ શહેર/જિલ્લા | ગાંધીનગર શહેર/જિલ્લા |
|---|---|---|
| ૨૦૧૩ | ૪-સ્વનિર્ભર | ૧-સરકારી<br>૧-સ્વનિર્ભર |
| ૨૦૧૪ | શૂન્ય | શૂન્ય |
| **કુલ** | **૦૪** | **૦૨** |

(૨) અમદાવાદ જિલ્લાના ધોલેરા ગામે ઔદ્યોગિક તાલીમ સંસ્થા શરૂ કરેલ છે.

(૩) રૂ. ૦૨,૦૮,૯૬૩/-નો ખર્ચ થયેલ છે.

---------

**ગાંધીનગર જિલ્લાના દેવસ્થાનોનો વિકાસ**

* ૧૯૪૨૬ **શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય દેવસ્થાન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલા દેવસ્થાનો આવેલાં છે,

(૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં કયાં દેવસ્થાનોના વિકાસ માટે કેટલી રકમ કયા હેતુસર ખર્ચ કરવામાં આવી, અને

(૩) બાકી રહેતા દેવસ્થાનોના વિકાસ માટે શું આયોજન કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગરમાં સરકારશ્રીના વહીવટ હેઠળના કુલ-૧૩ દેવસ્થાન આવેલ છે.

(૨) સરકાર હસ્તકના શ્રી વરદાયિની માતા મંદિર, રૂપાલને વિકાસના હેતુસર રૂપિયા ૫૧,૦૦.૦૦૦/-નું અનુદાન ફાળવેલ છે. આ રકમ માંથી

સ્ટ્રીટલાઈટ, ડસ્ટબીન, પાર્કિંગ, પાથ-વે, ટોઈલેટ બ્લોકનું નવીનીકરણની કામગીરી માટે ખર્ચ થયેલ છે.

પંચદેવ મંદિર, ગાંધીનગર માટે રૂપિયા ૪,૮૦,૨૯૫/- એલઈડી લાઈટથી કાયમી રોશની કામગીરી માટે ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) સંબધિત ટેમ્પલ ટ્રસ્ટની વિકાસ અનુસંધાનની રજૂઆત કલેકટરશ્રી મારફત ઉપલબ્ધ થયેથી વિકાસની કામગીરી હાથ ધરવામાં આવશે.

---------

**સરસ્વતી સાધના યોજના હેઠળ અપડાઉન કરતી કન્યાઓને સાયકલ સહાય**

* ૧૯૩૪૬ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યનાં જે ગામોમાં ધોરણ ૧ થી ૫ ની સુવિધા છે તે ગામની સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગની કન્યાઓ ધોરણ ૬ થી ૮ ના અભ્યાસ માટે બહારગામથી અપડાઉન કરતી હોય તેને સરસ્વતિ સાધના સહાય યોજના હેઠળ સાયકલ સહાય મળતી નથી, તે હકિકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગની બહારગામ ભણવા જતી કન્યાઓને લાભ આપવા સરકારે શી વિચારણા હાથ ધરી છે? | (૨) હાલ કોઈ વિચારણા હાથ ધરેલ નથી. |

––––––

**ગાંધીનગર જિલ્લામાં લેબર કોન્ટ્રાકટર તરીકે નવા લાયસન્સ**

* ૧૯૩૫૬ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં લેબર કોન્ટ્રાકટર તરીકે નવું લાઇસન્સ મેળવવા તથા રીન્યુ કરાવવા માટેની કેટલી અરજીઓ સરકારને મળી, | (૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં લેબર કોન્ટ્રાકટર તરીકે નવું લાઇસન્સ મેળવવા કુલ ૪૧૨ તેમજ લાયસન્સ રીન્યુ કરાવવા માટે કુલ ૭૩૩ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓમાં લાઇસન્સ આપવામાં આવ્યા, | (૨) જે પૈકી કૂલ ૩૮૯ નવા લાઇસન્સ આપવામાં આવ્યા તેમજ કૂલ ૬૭૦ લાયસન્સ રીન્યુ કરવામાં આવ્યા. |
| (૩) પરવાનેદાર કોન્ટ્રાકટર દ્વારા શ્રમ કાયદાઓનો ભંગ કરવા અંગેની કેટલી ફરિયાદો આ સમયગાળામાં સરકારને મળેલ છે, અને | (૩) ઉકત સમયગાળામાં પરવાનેદાર કોન્ટ્રાકટર દ્વારા શ્રમ કાયદાઓના ભંગ અંગેની કૂલ ૧૫૮ ફરિયાદો મળેલ છે. |
| (૪) મળેલ ફરિયાદો સંદર્ભે સરકાર દ્વારા શાં પગલાં ભરવામાં આવ્યા? | (૪) મળેલ ફરિયાદો સંદર્ભે લઘુત્તમ વેતન અધિનિયમ હેઠળ કૂલ ૧૬૦ ફોજદારી કેસ તથા કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) ૧૯૭૦ હેઠળ કૂલ ૦૯ ફોજદારી કેસ કરવામાં આવેલ છે. |

–––––––––

## શોકદર્શક ઉલ્લેખ

### ગુ.રા.ના રાજય કક્ષાના પૂર્વ મંત્રીશ્રી સ્વ. શ્રી જનકસિંહ ખેંગારજી રાણાના અવસાન અંગે

શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, રાજ્યકક્ષાના પૂર્વ મંત્રી શ્રી જનકસિંહ ખેંગારજી રાણાનું તા.૧૭મી માર્ચ, ૨૦૧૫ નાં રોજ ૭૫ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ શ્રી રાણાનો જન્મ ૨૩મી માર્ચ ૧૯૩૯ ના રોજ અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના ભડિયાદ ગામે થયો હતો. તેઓશ્રીએ ઇન્ટર આર્ટસ સુધીનો અભ્યાસ કરેલો હતો. સ્વર્ગસ્થશ્રી રાણા ખેતીનાં વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી રાણાએ સાતમી વિધાનસભા લીંબડી મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી લોકહિતના કાર્યો કર્યા હતા. તેમજ તેઓશ્રીએ સન ૧૯૮૫ માં પંચાયત વિભાગના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક ઉત્તમ સમાજસેવક ગુમાવ્યાં છે. પ્રભુ સદગતનાં આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

### ગુ.રા.ના પૂર્વ સંસદીય સચિવ સ્વ. શ્રી ગોંસાઇભાઇ છીબાભાઇ પટેલના અવસાન અંગે

તા.૨૭મી માર્ચ, ૨૦૧૫
શોકદર્શક ઉલ્લેખ

શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત રાજ્યના પૂર્વ સંસદીય સચિવશ્રી ગોંસાઇભાઇ છીબાભાઇ પટેલનું તા.૧૮મી માર્ચ, ૨૦૧૫ નાં રોજ ૯૩ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૨૧મી ડીસેમ્બર, ૧૯૨૧ નાં રોજ તે સમયના વલસાડ જિલ્લાના નવસારી તાલુકાના મટવાડ ગામે થયો હતો. તેઓશ્રીએ મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો હતો અને સમાજ સેવા, સહકાર, શિક્ષણ, સાહિત્ય અને રમતગમતની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહ્યા હતા. સ્વર્ગસ્થશ્રી પટેલે ૧૯૪૧માં વ્યક્તિગત સત્યાગ્રહમાં તથા ૧૯૪૨ની હિન્દ છોડો ચળવળમાં ભાગ લઇ અનેકવાર જેલવાસ ભોગવ્યો હતો. સ્વર્ગસ્થશ્રી પટેલ બીજી, ત્રીજી તેમજ પાંચમી ગુજરાત વિધાનસભામાં જલાલપોર મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જાગૃત ધારાસભ્ય તરીકે સેવાઓ આપી હતી. સ્વર્ગસ્થશ્રી પટેલે ત્રીજી ગુજરાત વિધાનસભામાં સંસદીય સચિવ તરીકે તેમજ પાંચમી ગુજરાત વિધાનસભાના શાસકપક્ષ તેમજ વિરોધપક્ષના દંડકશ્રી તરીકે ઉત્તમ કામગીરી કરેલ હતી. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક ઉમદા સમાજસેવક ગુમાવ્યાં છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા(ભા.રા.કોં) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ગૃહ સમક્ષ જનકસિંહભાઇ અને ગોંસાઇભાઇના અવસાન અંગેના શોકદર્શક પ્રસ્તાવ લાવ્યાં છે એમાં મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જનકસિંહભાઇ પંચાયતથી માંડીને તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત છેલ્લે રાજ્ય સરકારમાં પંચાયતના રાજ્ય કક્ષાના મંત્રી બનીને સરસ મજાનો આદર્શ દાખલો જેને કહી શકાય કે પંચાયત રાજ કેવું હોઇ શકે. એમાંય કોઇની એપોઇમેન્ટ વગર તાલુકામાં બેઠા હોય, જિલ્લામાં બેઠા હોય કે ગાંધીનગરમાં બેઠા હોય ગમે ત્યારે લોકો એના પ્રશ્નો માટે મળી શકે. આવા સીદા, સાદા, સરળ કહી શકાય એવા જનકસિંહભાઇ બહુ સારી રીતે જાહેર જીવનમાં રહ્યાં ત્યાં સુધી નિર્વ્યસની અને સારા કાર્યો કહી શકાય. પોતાના પરિવારને પણ સારું શિક્ષણ મેડિકલ લાઇનમાં આપીને સ્વર્ગે સીધાવ્યાં છે. ઉંમર ૭૫ વર્ષની બહુ ઓછી કે વધારે ના કહેવાય પણ તંદુસ્ત જીવન જીવીને એક સારો ચીલો જેને કહી શકાય. ઝાલાવાડના સુરેન્દ્રનગરમાં એવા જનકસિંહભાઇનું અવસાન થયું છે અને ગોંસાઇજીભાઇ બહુ સારી રીતે આઝાદીના લડવૈયા, સ્વાતંત્ર્ય સેનાની. એ વખતે મેટ્રિક પાસ અને કોળી સમાજમાં બહુ ઓછા લોકો મેટ્રિક ભણી શકે અને ભણ્યાં પછી પણ પોતાનું કોઇ વ્યક્તિગત કામ ના કરતાં આઝાદીના લડવૈયા સ્વાતંત્ર્ય સેનાની તરીકેની ૪૧, ૪૨ ની લડતમાં ભાગ લઇને એક નવો ચીલો વલસાડ જેવા આદિવાસી બાહુલ્ય વિસ્તારમાં એમણે ચાતરેલો. પોતે સારા કવિ અને લેખક પણ અનેક શૈક્ષણિક ક્ષેત્રમાં સારી કામગીરી કરી. એમનો પરિવાર પણ સુખી અને એ પણ મેડિકલ લાઇનમાં એમના બાળકો ભણે છે અને કેટલાક વિદેશમાં પણ છે. આ બંને મહાનુભાવો ગુજરાત વિધાનસભામાં સારી કામગીરી કહી શકાય જેમની સામે કોઇ દાગ નથી એવા બંને મહાનુભાવો આપણાં વચ્ચે નથી. તેમના આત્માને મોક્ષ મળે અને કુટુંબીજનોને આપના માધ્યમથી દિલસોજીનો સંદેશો પાઠવીએ એમાં હું મારો સૂર પુરાવું છું.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને રાજ્યના મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક પ્રસ્તાવ લાવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જાહેર જીવનની ઘણી પરિભાષાઓ હોય છે. માણસ જનકસિંહભાઇ, એમને ઘણી વખત મારે મળવાનું થયું છે. એના વિચારોને, હું તો એમ કહું છું, આપણી વચ્ચે નથી પણ એણે સુરેન્દ્રનગર જિલ્લામાં અને ઝાલાવડ પંથકમાં એના વિચાર અને એની કામગીરી છે એ ગામડામાં રહેતો ગરીબમાં ગરીબ એને કાયમી યાદ કરશે. અને એને પહેલું એના જીવનનું એક જ પગથિયું હતું કે, આપણે ગરીબમાં ગરીબ માણસની સેવા કરવી અને આ જિલ્લામાં કોઇ પણ સમાજની વ્યક્તિ જનકસિંહ પાસે જાય એટલે એને પોતાને એમ થાય કે, મારું કામ થશે. આવા વિચારની વ્યક્તિ અને એના પરિવારને હું જ્યારે મળવા ગયો હમણાં ત્યારે એના મૃત્યુ પહેલાં દસ મિનિટ એના પરિવારને એ જે વિચાર આપે છે, એમના દીકરા ડોકટર છે, એમના દીકરાને એમણે એમ કહ્યું કે, તારી હોસ્પિટલમાં કોઇ પણ ગરીબ માણસ આવે અને એની પાસે જો દવાના પૈસા ન હોય તો એની પાસે તું પૈસા માગતો નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, આવા વિચારો સાથે જ્યારે એ મૃત્યુ પહેલાં કહીને જાય છે, એ વ્યક્તિને આખો જિલ્લો, ઝાલાવાડ જિલ્લો એના કામને કાયમી યાદ રાખશે, એના વિચારનું કાયમી ગઠન કરશે અને શ્રી ગોંસાઇભાઇ છીબાભાઇ જે એક સારા અને એક ધરતીના માણસ તરીકે પણ આપણી વચ્ચેથી જાય છે, તો આ બન્ને પરિવારોને આપના મારફત દિલસોજીનો સંદેશો પાઠવામાં આવે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લાવ્યા અને મારા પક્ષના નેતાશ્રીએ જેને સમર્થન આપ્યું છે એ શોકદર્શક ઉલ્લેખો પૈકીના સ્વ.શ્રી જનકસિંહજી રાણા સાથે મારો એક અંગત, આત્મીય અને પારિવારિક નાતો રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જેન્તીભાઇ સાચું જ કહેતા હતા કે, એક રાજકારણની પરિભાષામાં સૈદ્ધાંતિક લડાઇ હોઇ શકે, વ્યક્તિગત સંઘર્ષ ન હોઇ શકે. કોઇ પણ વ્યક્તિ એની પાસે જાય તો એને મળવાનું મન થાય. માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહમાં એમની કામગીરી, મંત્રીમંડળના સભ્ય તરીકે કે એક સભ્ય તરીકેની જોઇએ. હંમેશા જેમની સાથે કામ કર્યું, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને ચૂંટાયેલું પ્રતિનિધત્વ ન હોય તો પણ પોતે ત્યાં બેસીને શું ઉપયોગી થઇ શકે. થોડા સમય પહેલાં જ એમના દીકરાની હોસ્પિટલમાં સુરેન્દ્રનગર ખાતે જ્યારે બેઠા હતા ત્યારે એમ જ દીકરાની પ્રેકટિસ બાબત વાત કરતા હતા ત્યારે ત્યાં બેઠેલા બે આગેવાનોએ કહ્યું કે, દીકરાની પ્રેકટિસમાંથી અમુક ટકા તો બાપની ચિઠ્ઠીમાં જાય છે. પહેલાં હું સમજ્યો નહીં, પછી પેલાએ કહ્યું કે, જનકસિંહભાઇ ઉઘલમાં બેઠા હોય કે, લીંબડીમાં બેઠા હોય કે સુરેન્દ્રનગરમાં આંટો મારવા આવે , કોઇક ને કોઇક મળે એટલે ચિઠ્ઠી લખી દે કે, આની સારવાર કરવાની છે. એ તો મફત કરવાની જ હોય, પણ જે કાંઇ દવા લખાય એ દવા તમારે વ્યવસ્થા કરવાની છે, એ દવા ખરીદવાના પરિવાર પાસે પૈસા નહીં હોય. એટલે કે, ડોકટર પ્રેકટિસ કરે છે દીકરો, તો એને પોતાના પૈસામાંથી ખરીદીને, આ પ્રકારના એક મૂક સેવક, સામાજીક ખૂબ ઉંચી પ્રતિષ્ઠા ધરાવનાર વ્યક્તિત્વ શ્રી જનકસિંહજી રાણાને હું શોકાંજલિ અર્પણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વાતંત્ર્ય સેનાની, આ ગૃહમાં લાંબો સમય રહેલા બૂઝુર્ગ સર્વશ્રી ગોંસાઇભાઇ છીબાભાઇ પટેલ માટે જે શોકદર્શ ઉલ્લેખો થયા છે એમાં મારો સૂર પુરાવી શ્રદ્ધાંજલિ સમર્પિત કરીને વિરમું છું.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન, સ્વ. શ્રી જનકસિંહજી રાણા અને સ્વ. શ્રી ગોંસાઇભાઇના જે શોકદર્શક ઠરાવ લાવ્યા છે એમાં હું પણ મારી શોકાંજલિ આપું છું

આદરણીય શ્રી ગોંસાઇભાઇ મારા નવસારી જિલ્લાના વતની અને જન્મજાત દેશભક્ત. હું જ્યારથી સમજતો થયો ત્યારથી એમને દેશ ભક્ત તરીકે, સમાજ સેવક તરીકે, સહકારી કાર્યકર તરીકે, એક કેળવણીકાર તરીકે, એ રાજકીય પ્રમાણિક લોકપ્રતિનિધ તરીકે એમના અનેક પાસાઓ મેં જોયા છે, જાણ્યા છે અને માણ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વતંત્ર્ય સેનાની તરીકે મારા પિતાશ્રી સાથે પણ એ હતા અને આઝાદીની ચળવળમાં ભાગ લીધો અને સાબરમતી જેલવાસમાં પણ એ હતા. મારા માતૃશ્રી સાથે પણ એમનો ઘરોબો હતો અને સૂરત જિલ્લામાં લોકલ બોર્ડ તરીકે પણ જયારે જિલ્લા પંચાયત નહોતી ત્યારે લોકલ બોર્ડ તરીકે પણ ૧૯૫૨ માં એ સાથે સભ્ય હતા. સ્વતંત્ર સેનાની તરીકે, બહાદૂર વ્યકિત તરીકે અને ખાસ કરીને કરારીમાં જયારે ગોળીબાર થયો અને બ્રિટીશ સરકારે, એમ કહેવામાં આવતું કે તે વખતે એમની ખૂબ ધાક હતી એમ બલોચ મિલિટરી જયારે અંગ્રેજોએ મોકલી અને સ્વતંત્ર સેનાનીઓની જયારે ધરપકડ કરી ત્યારે કરારી અને બોડાલી આગળ સોઢીયાવડની જગ્યાએ એમણે પોલીસની બંદૂક પણ છીનવી લીધી હતી અને તે રીતે સ્વતંત્ર સેનાનીઓને એમણે તે વખતે આઝાદ પણ કર્યા હતા. પૂર્ણા નદી આગળ સાગરા આગળ ગુડઝ ટ્રેનને ઉથલાવવાનો પણ પ્રયત્ન કર્યો હતો આવા સ્વતંત્ર સેનાની હતા. આજીવન બસમાં ફરતા એક થેલી લઇને એ સમગ્ર જગ્યાએ નવસારી જિલ્લો અને વલસાડ જિલ્લો એક પણ જિલ્લો એવો નહીં હોય કે જયારે ગાંધી મેળો હોય એમાં એમની હાજરી ન હોય. ભારત વિદ્યાલય કરાડીમાં પણ એમણે સેવા આપી છે અને ખાદી મંડળીના વલસાડ જિલ્લાના પ્રમુખ તરીકે પણ એમણે ભાગ લીધો હતો અને નવસારી જિલ્લાની આજુબાજુ રોટીરોજી

અપાવવાના પણ ખૂબ પ્રયત્નો કર્યા હતા. એમને મારી શોકાંજલી આપું છું અને આ ગૃહના નેતા જનકસિંહજી ખેંગારજી રાણા અને ગોંસાઇભાઇ બંનેના અવસાન નિમિત્તે જે શોકદર્શક પ્રસ્તાવ લાવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું.

શ્રી કિરીટસિંહ જી. રાણા(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતાશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે અને તેમાં વિરોધ પક્ષના નેતાશ્રી આદરણીય શંકરસિંહજી બાપુ, આદરણીય શકિતસિંહભાઇ અને માનનીય જેન્તીભાઇએ સૂર પુરાવેલ છે તેમાં હું મારો સૂર પુરાવું છું. માનનીય વડીલશ્રી જનકસિંહકાકા મારા પિતાશ્રીના અંગત મિત્ર પણ હતા અને વર્ષોથી લીંબડીમાં નાના એવા ગામમાં એટલે કે ઉગલ ગામમાં ખૂબ નાની વસતિ ધરાવતું ગામ છે એમાં વર્ષોથી એમણે કારકીર્દી શરૂ કરેલી. પાંચ વર્ષ સરપંચ તરીકે પોતે રહેલા. પાંચ વર્ષ તાલુકા પંચાયતના પણ પ્રમુખ રહેલા. જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે પણ પાંચ વર્ષ કામ કર્યું છે. લીંબડી મત વિસ્તારના ધારાસભ્ય તરીકે પણ ૧૯૮૫માં પોતે પાંચ વર્ષ ધારાસભામાં રહી અને પંચાયત મિનિસ્ટર બન્યા છે. એટલે કે એક ગામડાંનો માણસ સમાજ સેવક તરીકે જે રીતે કામ કરતો હોય એને લોકો સાથેના એટલા બધા વ્યવહારથી કામ કરતા કરતા વર્ષોથી એની પોતાની કારકિર્દી એવી બનાવેલી કે મારા બાપુજી અને બંને હરીફાઇમાં સામસામા લડતા હતા. સ્વ.જીતુભા અને જનકસિંહ બંને તાલુકા પંચાયતના પ્રમુખ હતા તો એ ધારાસભ્ય હોય, એ ધારાસભ્ય હોય તો તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે મારા પિતાશ્રી હતા. બંને બબ્બે વખત સામસામે એક વાર એ જીતે, એક વાર મારા પિતાજી જીતતા હતા પણ વર્ષોથી જે ગરીબ માણસોનું કામ, સભાગૃહને જણાવતા મને દુઃખ અને આનંદ પણ થાય કે આવા એક નેતા કે જે કર્મઠ કાર્યકર હતા. સામાન્યમાં સામાન્ય કોઇપણ સમાજનો માણસ હોય જેન્તીભાઇએ, શંકરસિંહભાઇએ અને શકિતસિંહભાઇએ જે રીતે વાત કરી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આજે જે ઉલ્લેખ કર્યો એમનો એમણે નાનામાં નાના માણસને, છેવાડાના માણસને એ વખતે પીવાનું પાણી મળતું નહોતું તો પીવાના પાણી માટે ચિંતા કરવાની, ખેતમજૂરો હોય તો એમને મજૂરી અપાવવા માટેના પ્રયત્નો કર્યા છે. આ બંને નેતાએ જયારે અછતની પરિસ્થિતિ ચાલતી હતી અને દુષ્કાળની સ્થિતિમાં બન્ને પદ ઉપર હતા એક તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે અને એક ધારાસભ્ય તરીકે પણ બન્નેનો ઝઘડો હતો એ લોકોના કામ કરવા માટે હતો. રોજી રોટી મેળવવી, રોજીરોટી અપાવવી, પાણી પહોંચાડવું અને નાના નાના સમાજના લોકોને અલગ અલગ યોજનામાંથી લાભ પહોંચાડવો એવું કામ માનનીય વડીલશ્રી જનકસિંહકાકાએ કરેલું. મારે એમની સાથે પારિવારિક સબંધ. એમના દીકરા પોતે ડોકટર છે. એમના પરિવારમાં શિક્ષણ અપાવ્યું. પોતે ઉગલમાં રહીને પછી લીંબડી રહેવાનું નકકી કર્યું ત્યારપછી સુરેન્દ્રનગર એમના દીકરાએ સારું એવું દવાખાનું બનાવ્યું. એમણે એટલા બધા નાના માણસોને મદદ કરી, નહીંતર વ્યવસાયમાં ડોકટર હોય એટલે ફીનું પહેલા વિચારે પણ એમના પિતાશ્રીના ગુણના કારણે જનકસિંહકાકાએ એમને એમ કીધું કે તારે ચલાવવું હોય તો મારી ભલામણ આવશે. એમને કોઇને કોઇ ભલામણ આવે. અમે જઇએ તો કહીએ કે તમે તમારા દીકરાને એવી ભલામણ ન કરો, એનું દવાખાનું ચાલે, રોજીરોટી પરિવારની ચાલે એ મુજબ પોતે ખેતીવાડી સારી, સમૃદ્ધ હતા પણ લોકોના કામ કરવા માટે વર્ષોથી જે રીતે વિસ્તારમાં નામના હતી ધારાસભ્ય તરીકે અમારે પ્રેરણા લેવા જેવી બાબત છે. ખેલદિલી પૂર્વક લડતા હતા. નહિતર ભાજપ અને કોંગ્રેસ સામ સામે પદ ઉપર હોય. અછતના કામમાં એકબીજાના કામ માટે કોઇને તળાવ ઉંડા ઉતારવાના કામ માટે મસ્ટર આપવું, એમાં ઝઘડો થાય. પેલા કહે કે મારું આ ગામ, પેલા કહે કે મારું આ ગામ. અને પછી તરત જ બે મિનિટ પછી એમ કહે કે જીતુભા ચા મંગાવો. જીતુભા મારા પિતાશ્રી એમ કહે કે તમે નાસ્તો મંગાવો. અધિકારી તે વખતના વિચાર કરતા કે કઇ રીતની હરીફ છે? અને પાંચ મિનિટ મીટીંગ પત્યા પછી તરત જ બોલે, ખેલદિલિપૂર્વક વાતાવરણને શાંત પાડી જે અધિકારી પાસેથી કામ લેવાની આવડત હતી તે આપણે બધાએ એમની પાસે શીખવા જેવી બાબત હતી. માનનીય ધારાસભ્ય તરીકે ઉત્તમ સેવા બજાવી છે. જે વિધાનસભાની ચૂંટણી ખેલદિલિપૂર્વક પોતે કોઇપણ પક્ષે ધ્યાને લેતા નહીં. મારા પિતાશ્રી સાથે સ્વ.જનકસિંહ રાણા લીંબડી વિસ્તારના પ્રશ્નો માટે સતત કામ કરતાં હતાં. તેઓના અવસાનને કારણે રાજ્યે એક ઉત્તમ સેવાકીય અને પીઢ નેતા ગુમાવ્યા છે. સદગતના આત્માને પ્રભુ શાંતિ આપે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ. આપણા બીજા સભ્ય ગોસાઇ છીબાભાઇ પટેલ તેઓ આ ગૃહના સતત ત્રણ વખત સભ્ય તરીકે રહી ચૂક્યા છે.

વર્ષોથી કામગીરી કરતા એમનું પણ ૧૮ માર્ચ ૨૦૧૫ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. આ બંને સદગતના આત્માને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના કરીએ અને તેમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી આર.સી.પટેલ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ સમર્થન કર્યુ છે, એમાં મારો સૂર પૂરાવવા માટે ઉપસ્થિત થયો છું. ગોસાઇ કાકા જોડેનો મારો ખૂબ લાંબો પરિચય છે. ખુબ લાંબા સંબંધો છે. વર્ષો સુધી સાથે કામ કર્યુ છે. ગોસાઇકાકા આટલી ઉંમરે લગભગ ૯૩ વર્ષની ઉંમરે છેલ્લામાં છેલ્લે પણ એ રમત ગમત માટે લોકોને પ્રોત્સાહિત કરતા. ક્રિકેટ અસોસીએશનનો હું પ્રમુખ છું અને મેં જોયું છે ત્યાં સુધી અત્યારે છેલ્લે પણ નાઇટ ટુર્નામેન્ટમાં ગોસાઇકાકા હાજરી આપતા. મને ઘણીવાર કહેતા રમેશભાઇ અમે તો ઘણો બધો સંઘર્ષ કર્યો છે. અમે ૧૯૩૦ માં જે તે વખતે ગાંધી બાપુ મીઠાના સત્યાગ્રહ વખતે દાંડી મુકામે આવેલા ત્યારે પહેલી વખત એમના દર્શન થયેલ. જે તે વખતે અમે નક્કી કરેલ અને નાની અને કુમળી વયે નક્કી કરેલ કે દેશ માટે કંઇને કંઇક કરવું છે. આખા સમાજને માટે એમણે ખૂબ કર્યુ. ૧૯૪૨ માં જે વખતે તે લોકોની ધરપકડ થઇ. એમના સાથીની ધરપકડ થઇ તે વખતે રસ્તાના કોઇ ઠેકાણા ન હતા. આ બલુચ પોલીસની જે વાતો કરતા હતા પીયૂષભાઇ. પોલીસ લોકો પકડે અને બળદગાડા સાથે બાંધીને એ લોકો નવસારીમાં લઇ જતા હતા, તો રસ્તે બળદગાડી કોણ લઇને જાય છે એની તપાસ કરી અને કહ્યું કે સોરીયાવાડ પાસે એ ગાડીને બળદને પીવાના પાણીને બહાને ત્યાં આગળ ઉભી રાખજો. ત્યાં આગળ દસ મિનિટ માટે ઉભા રહે છે. આજુબાજુના ખેતરમાં છુપાઇને બેઠા હોય છે અને હુમલો કરીને પોલીસ પાસેથી બંદૂક છીનવીને સાથીને છોડાવીને લઇ જાય છે. આવા સંજોગોમાં આ લોકોએ આઝાદી મેળવેલી. અમે ખૂબ સંઘર્ષ કર્યો છે, આવું ગોસાઇકાકા ઘણી વખત કહેતા. અમે એક–બે સંસ્થામાં સાથે કામ કર્યુ છે. કોળી સમાજ પાસે આજે પણ જમીનની પરિસ્થિતિ ખરાબ છે, તો તે વખતે પણ ખૂબ પરિસ્થિતિ ખરાબ હતી. તો એમના માટે આપણે કઇક કરવું જોઇએ. તો બે–પાંચ સ્વાતંત્ર્ય સેનાનીઓ ભેગા થઇ અને દાંડી વિભાગ સહકારી ખેતી મંડળીની સ્થાપના કરી અને સરકાર પાસે જમીન માગી અને વિભાગમાં આખા વિસ્તારની લગભગ ૮–૯ ગામમાં ફરીને સહકારી સભ્યો બનાવ્યા. પછી એમને ખેતી માટેની જમીન ફાળવી અને ઘણા લોકોએ એમાં ડાંગર અને ચીકુની વાડી પણ કરી. એ રીતે ઘણા બધા બે ટંક ખાતા થયા એવું આપણે કહી શકીએ. આ સમાજ માટે એમણે ખૂબ કામ કર્યુ છે. કેળવણી માટે પણ ખૂબ કામ કર્યુ છે અને રમતગમત માટે યુવાનોને આજે પણ સહકાર આપતા રહે છે. મેં જોયું છે કોઇપણ પ્રસંગ હોય અને ગમે ત્યારે ગમે ત્યાં જવાનું હોય તો આજે પણ યુવાનો એમને રીક્ષા લઇને ઘરે લેવા માટે જાય છે અને જે તે સ્થળે આજે પણ પહોંચે છે. એમણે કોળી સમાજ માટે ખૂબ મોટી સેવા કરી છે. આ વિધાનસભામાં ત્રણવાર તે સભ્ય બન્યા. ત્રણવાર સભ્ય બન્યા તેમાં સંસદીય સચિવ તરીકેની ખૂબ સારી કામગીરી કરી. તેઓશ્રી દંડક પણ રહી ચૂક્યા છે. આ બંને મહાનુભાવોના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે અને તેઓના કુટુંબીજનો પર આવી પડેલ અસહ્ય દુઃખ સહન કરવાની પ્રભુ શક્તિ આપે તેવી પ્રાર્થના કરીએ. આપશ્રી મારફત તેઓના પરિવારજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

અધ્યક્ષશ્રી : આ ગૃહના સન્માનનીય નેતા માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ ગૃહના પૂર્વ સભ્યો એવા ગુજરાત રાજયના રાજયકક્ષાના પૂર્વ મંત્રીશ્રી જનકસિંહ ખેંગારસિંહ રાણા તેમજ ગૃહના અન્ય એક સભ્ય પૂર્વ સંસદીય સચિવ શ્રી ગોંસાઇભાઇ છીબાભાઇના અવસાન અંગેનો જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે અને તેમાં વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાજીએ અને અન્ય સભ્યશ્રીઓએ શોકાંજલિ અર્પી છે તેમાં હું મારો સૂર પુરાવું છું.

ગુજરાત રાજયના રાજયકક્ષાના પૂર્વ મંત્રીશ્રી જનકસિંહ રાણાનું ૭૫ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. ખેતીના વ્યવસાય સાથે સંકળાઇને સાથે સાથે સમાજ સેવાને પણ શ્રી રાણાએ સાતમી ગુજરાત વિધાનસભામાં લીંબડી મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવીને લોકહિતના અનેક કાર્યો કર્યા હતા. તેઓશ્રીએ રાજયકક્ષાના પંચાયત મંત્રી તરીકેની અમૂલ્ય સેવાઓ આપી હતી. આ જ પ્રમાણે ગુજરાત રાજયના પૂર્વ સંસદીય સચિવશ્રી ગોંસાઇભાઇ છીબાભાઇ પટેલનું ૯૩ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. શ્રી ગોંસાઇભાઇ મેટ્રીક

સુધીનો અભ્યાસ કરીને જાહેર જીવનમાં આવ્યા હતા. સમાજસેવા, સહકાર, શિક્ષણ, સાહિત્ય અને રમતગમતની પ્રવૃત્તિઓ સાથે સંકળાઇને તેઓએ અમૂલ્ય સેવાઓ આપી હતી. તેઓશ્રીએ ૧૯૪૧માં વ્યક્તિગત સત્યાગ્રહમાં તથા ૧૯૪૨ની હિંદ છોડો ચળવળમાં પણ ભાગ લઈ અનેકવાર જેલવાસ ભોગવ્યો હતો. આ બંને મહાનુભાવોના અવસાનથી રાજ્યે એક ઉમદા સમાજ સેવકો ગુમાવ્યા છે. પ્રભુ તેમના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ. આપણે સૌ પોતાના સ્થાન ઉપર બે મિનિટ ઉભા થઇને મૌન પાળીને સદગતોને અંજલિ અર્પીએ.

**બે મિનિટ મૌન બાદ.**

અધ્યક્ષશ્રી : સૌ સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી અને દિલસોજીનો સંદેશો તેમના કુટુંબીજનો સુધી પહોંચાડવામાં આવશે.

અધ્યક્ષશ્રીની જાહેરાત

ગુજરાત વિધાનસભાની વિવિધ સમિતઓ તથા સેનેટ મેમ્બરની ચૂંટણીના કાર્યક્રમ અંગે

અધ્યક્ષશ્રી : હવે ગુજરાત વિધાનસભાની સન ૨૦૧૫-૧૬ના વર્ષ માટેની અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર પંદર પંદર સભ્યોની ચૂંટણી માટે તેમજ સરદાર પટેલ યુનિવર્સિટીની સેનટ ઉપર એક સભ્ય તથા કચ્છ યુનિવર્સિટીની સેનેટની ખાલી પડેલ એક જગ્યા ઉપર ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિની ચૂંટણી માટે નીચે મુજબનો કાર્યક્રમ ઠરાવું છું.

(૧) નામ નિર્દેશ પત્ર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય મંગળવા તા.૩૧-૩-૨૦૧૫ સાંજના છ વાગ્યા સુધી.

(૨) નામ નિર્દેશ પત્રોની ચકાસણી તારીખ, સમય અને સ્થળ શનિવાર તા.૪-૪-૨૦૧૫ સાંજના ૫.૩૦ વાગ્યા સુધી નાયબ સચિવશ્રી એમ.એમ.પરીખની ચેમ્બરમાં.

(૩) નામ નિર્દેશ પત્રો પાછા ખેંચી લેવાની તારીખ અને સમય શુક્રવાર તા.૧૦-૪-૨૦૧૫ના સાંજના ૫.૩૦ વાગ્યા સુધી.

(૪) મતદાન જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ પાછળથી જાહેર કરવામાં આવશે. આ ચૂંટણી માટેના નામ નિર્દેશ પત્રો કામકાજના દિવસ અને સમય દરમ્યાન વિધાનસભાના મકાનના પહેલા માળે આવેલી સમિતિ શાખા-૧માંથી મળી શકશે.

વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**કામકાજ સલાહકાર સમિતિના ૮માં અહેવાલની રજૂઆત**

અધ્યક્ષશ્રી : હું કામકાજ સલાહકાર સમિતિનો આઠમો અહેવાલ રજૂ કરું છું.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો આઠમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક સોમવાર, તા.૨૩મી માર્ચ, ૨૦૧૫ના રોજ સભાગૃહની બેઠકના વિરામ સમયમાં અધ્યક્ષના સમિતિનખંડમાં મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણો કરી છે.

**૧.** ગુરૂવાર, તા. ૨૬/૩/૨૦૧૫ના રોજ સભાગૃહની બે બેઠકો રાખવી અને પહેલી બેઠકમાં નીચે દર્શાવેલા સરકરી વિધેયકો ક્રમાનુસાર વિચારણા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૧૫નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા)વિધેયક.

(૨) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૧૫નું ગુજરાત મોટર વાહન વેરા (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૧૫નું ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સ્પ્લાન્ટેશન સાયન્સિઝ વિધેયક.

(૪) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૧૫નું ગુજરાત કોર્ટ ફી (સુધારા) વિધેયક.

(૫) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૧૫નું ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયક.

**૨.** સોમવાર, તા.૩૦/૩/૨૦૧૫ના રોજ નીચે દર્શાવેલા સરકારી વિધેયકો ક્રમાનુસાર વિચારણા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૬) સન ૨૦૧૫નું ગુજરાત વિનિયોગ વિધેયક.

(૭) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૧૫નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક.

(૮) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૧૫નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક.

(૯) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૧૫નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક.

(૧૦) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૧૫નું ગુજરાત પ્રાથમિક શિક્ષણ (સુધારા) વિધેયક.

**૩.** મંગળવાર, તા. ૩૧/૩/૨૦૧૫ના રોજ સભાગૃહની બે બેઠકો રાખવી અને પહેલી બેઠકમાં નીચે દર્શાવેલા સરકારી વિધેયકો ક્રમાનુસાર વિચારણા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧૧) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૧૫નું ગુજરાત જિલ્લા આયોજન સમિતિ (સુધારા) વિધેયક.

(૧૨) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૧૫નું ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક.

૪. મંગળવાર, તા.૩૧/૩/૨૦૧૫ના રોજ બીજી બેઠકમાં "ઘરેઘરે શૌચાલયની સુવિધા પૂરી પાડવા" અંગેનો માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઇ પટેલનો નિયમ–૧૨૦ હેઠળનો પ્રસ્તાવ વિચારણા માટે હાથ ધરવો અને તેને ૬૦ મિનિટનો સમય ફાળવવો.

કામકાજ સલાહકાર સમિતિનો ૮મો અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

## જાહેર સાહસો માટેની સમિતિનો ત્રીજો અહેવાલ

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ(સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ભારતના સી.એ.જી.ના સન ૨૦૦૯–૨૦૧૦ના ઓડિટ અહેવાલ, વાણિજ્યકના ખુલાસા ઉપરના તેરમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિનો ત્રીજો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવાની રજા લઉં છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

## સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા **(**સંસદીય બાબતોના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના આઠમાં અહેવાલ સાથે સંમત થાય.

કામકાજ સલાહકાર સમિતિના અહેવાલ ઉપરનો સુધારો

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ સંમતિ માટે લઇને આવ્યા છે તેના સંદર્ભે નિયમ ૧૯૩(૨) મુજબ હું કામકાજ સલાહકાર સમિતિના અહેવાલમાં નીચે મુજબનો સુધારો રજૂ કરું છું.

"૨૬મી માર્ચના રોજ જે બે બેઠકો રાખવામાં આવી છે અને ૩૧મી તારીખે જે બે બેઠકો રાખવામાં આવી છે એ બન્ને બેઠકો પૈકી તારીખ ૨૬મીની ડબલ બેઠકના બદલે તારીખ ૧–૪–૨૦૧૫ને બુધવારના રોજ અને ૩૧મી માર્ચના રોજ જે સવારની બેઠક વધારાની રાખવામાં આવી છે એ બીજા દિવસે એટલે કે ગુરૂવાર તારીખ ૨–૪–૧૫ના રોજ કરવી એવો હું સુધારો રજૂ કરું છું."

**સુધારો રજૂ થાય છે.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં આપણી એક પરંપરા રહી છે, હું ૨૦૦૨થી આજે આટલા વરસોની પરંપરામાં દંડક તરીકેની ભૂમિકામાં મેં ખાસ કરીને કામકાજ સલાહકાર સમિતિમાં જોયું છે કે હંમેશા બધા જ સભ્યો સાથે મળીને સંયુકત રીતે ત્યાં આગળ ચર્ચા વિચારણા કરીને આપણે નિર્ણય કરતા હોઇએ છીએ. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, ગઇકાલે કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં

અમે માનનીય અધ્યક્ષશ્રીને ઘણી બધી વિનંતી કરી અને ત્યાં સુધી જે બિલોની સંખ્યા હતી એ બધા જ બિલો આપણે પૂર્ણ કરવા એ બાબતે પણ અમે સંમતિ આપી. ૧૦૧ નો પ્રસ્તાવ વરસોથી આપણી પરંપરા રહી છે કે આપણે દર વખતે ૧૦૧ નો પ્રસ્તાવ લઇએ છીએ, પણ માનનીય મંત્રીશ્રીએ ૧૨૦ નો પ્રસ્તાવ મૂક્યો ત્યારે અમારા સભ્યશ્રી શૈલેષભાઇ અને અમે બધાએ વિચાર્યું કે સરકાર જો ૧૨૦ નો પ્રસ્તાવ મૂકવા માગે છે તો અમે ૧૨૦ ના પ્રસ્તાવનો પણ સ્વીકાર કર્યો અને અમે ૧૦૧ નો આગ્રહ રાખ્યો કે ૧૦૧ નો આપવામાં આવે તો વધારે સારું રહે. પણ માનનીય અધ્યક્ષશ્રી, ડબલ બેઠક થાય અને ડબલ બેઠકની અંદર ભારણ માટેના માનનીય અધ્યક્ષશ્રી અને માનનીય મંત્રીશ્રીઓ પાસેથી અમે હમણાં વિચારો જાણ્યા, એમણે બધા સરકારી પ્રોગ્રામની વાત કરી, એમને રિકવેસ્ટ કરતાં ખાસ એમનું મહત્વનું જે કારણ હતું એ હતું કે અમારે સરકારી પ્રોગ્રામો ગોઠવવાના છે. સરકારી પ્રોગ્રામો કરતા પણ વિધાનસભાની બેઠક એ બહુ મહત્વની હોય છે અને એની અંદર આપણે વાત કરતા હોઇએ ત્યારે ડબલ બેઠક થાય અને આટલા બધા બિલો આવતા હોય અને એમાં પણ ખાસ કરીને રાજ્યપાલશ્રીના પ્રવચનમાં પણ આ બિલોની વાત કરવામાં આવી નથી અને તેમ છતાં આટલા મોટા બિલો આવ્યા છે ત્યારે મારો સુધારો એ મેં એટલા માટે રજૂ કર્યો છે કે અમને સરળતાથી સમય મળે અને વ્યવસ્થિત બોલી શકીએ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાની સમિતિઓ બન્ને પક્ષો અને અન્ય પક્ષો હોય તો તેનું પ્રતિનિધિત્વ કરતી સમિતિ છે. સામાન્ય રીતે આ ગૃહની પરંપરા રહી છે કે સર્વસંમતિથી અથવા તો વિના વિરોધે આ સમિતિઓના અહેવાલ આપણે સ્વીકારીએ છીએ. સરકારને સરકારનું કામકાજ હોય એ સમજી શકાય તેમ છે, વિધાનસભાની કામગીરી એ અતિ મહત્વની કામગીરી છે. આપના મારફતે સત્તાધારી પક્ષને પણ વિનંતી કરીએ છીએ કે ભૂતકાળને આપ જો વાગોળશો તો આપણી સરખામણી બીજા કોઇની સાથે કરી જ ન શકાય કારણકે ગુજરાતની સંસદીય પરંપરાઓ બીજા સાથે સરખાવી ન શકાય એટલી ઉત્તમ રહી છે મને યાદ છે ૧૯૯૦ થી ૧૯૯૫ના દિવસો, માનનીય શ્રી વજુભાઇ વાળા અને માનનીય શ્રી સુરેશભાઇ મહેતા આજે હયાત છે. કામકાજ સલાહકાર સમિતિની બેઠક છોડીને વિરોધપક્ષ નીકળી ગયો, મુખ્યમંત્રીશ્રીએ સામે ચાલીને બહાર જઇને બીજા કોઇ નહિ, હું જઇને વાત કરીશ સવાલ માત્ર એમનો એટલો જ હતો કે એમને ૧૦૧ના બે પ્રસ્તાવ વધારે જોઇતા હતા, મુખ્યમંત્રીશ્રીએ કહ્યું ભલે, આપો સમય એમને, મારી આપના મારફતે સત્તાધારી પક્ષને વિનંતી છે કે, આમાં હઠાગ્રહ, ગજગ્રાહ રાખવાના બદલે બન્ને પક્ષના દંડકશ્રીઓ બેસીને આખરે બે દિવસ ગૃહ વધારે મળશે તો માનનીય બલવંતસિંહભાઇનો સુધારો એટલા માટે પણ આવકારદાયક છે, કારણકે માણસની વૈચારિક શકિત માટેની પણ એક મર્યાદા હોય છે. આપણે વૈધાનિક બિઝનેસ તેમાં લાવવા માગીએ છીએ લેજીસ્લેશનનો બિઝનેશ લાવવા માગીએ છીએ. We are legislators અને લેજીસ્લેશનનો બિઝનેશ આપણા બધા માટે અગત્યનો છે. પ્રશ્નકાળ, પ્રશ્નો, તેનું આયુષ્ય અલ્પજીવી હોય છે પણ લેજીસ્લેશનનું આયુષ્ય કાયદો ઘડાશે તે ચિરંજીવી રહેવાનો છે. કામકાજ સલાહકાર સમિતિનું અધ્યક્ષપદ એટલા જ માટે એક તટસ્થ આસન પાસે માનનીય અધ્યક્ષશ્રી પાસે રહેતું હોય છે. ત્યારે એ આસનની સમિતિનો નિર્ણય બહુમતિથી થાય તેના બદલે વિના વિરોધે થાય તે ઉચ્ચ પ્રણાલિકાઓની જાળવણી રહેશે. હું આપને પણ અંગત રીતે વિનંતી કરીશ કે આપ મધ્યસ્થી બનો. આગ્રહ કદાચ અમારો વધારે લાગતો હોય તો વચલો રસ્તો કાઢજો. માનનીય મંત્રીશ્રી, mover of the motion એમને પણ આપના વતી વિનંતી કરીશ કે આવતીકાલ માટે આપ મુલતવી રાખો એક સંવાદ પ્રસ્થાપિત કરો. સવાલ અહંકારનો નથી સવાલ આ વિધાનસભાની ઉચ્ચ પરંપરાઓનો છે અને જો ધારા ઘડવાની બાબતમાં એક જ દિવસની બે બે બેઠકો રાખીને આપણે બધાજ બિલો બહુમતિથી પસાર કરીએ, એ થશે. અમે નમ્રભાવે અમારી વાત મૂકી છે એને નહીં સ્વીકારીને આપના નિર્ણય સામે અમારો બળાપો રહે અને એ સંદેશ સારો અમારા કરતા આપના માટે નહીં જાય, એટલા જ માટે હું માનનીય બલવંતસિંહજીભાઇના સુધારા સાથે સંમત છું કે એક જ દિવસે બે બે બેઠકોના બદલે બે દિવસ આપણે ગૃહ વધારીએ. સમયમાં થોડુ આમ તેમ કરીને કંઇ વચલો રસ્તો કાઢવો હોય તો બન્ને દંડકશ્રીઓ અથવા ગૃહના નેતાશ્રી અને મારા પક્ષના નેતાશ્રી વાત કરે અને આપણે જે પરંપરા છે વિના વિરોધે પ્રસ્તાવ પસાર કરવાની તે જ રાખીએ તેમાં ગૃહનું અને આપણાં સૌનું ગૌરવ જળવાશે એ જ શબ્દો સાથે હું વિરમું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બલવંતસિંહભાઇએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે તે મુદ્દાના સંદર્ભમાં તો મારે એટલુ જ કહેવું છે કે, વિધાનસભાના નિયમોના નિયમમાં કામકાજ સલાહકાર સમિતિનો જે ૧૯૧ નિયમ છે તે પ્રમાણે સમિતિના કાર્યો નિશ્ચિત કર્યા છે. સમિતિના કાર્યોના ભાગ પ્રમાણે કયા સરકારી વિધેયકો અથવા બીજુ કયુ સરકારી કામકાજ સભાગૃહમાં કયા દિવસે, કયા ક્રમે હાથ ઉપર લેવુ તે અંગે અને તેનો બીજો ભાગ ''ખ'' છે, સરકારી વિધેયકોના તબક્કા અથવા તબક્કાઓ ઉપર તેમજ બીજા સરકારી કામકાજ ઉપર ચર્ચા કરવા માટે કેટલો સમય ફાળવવો તે અંગે ભલામણ કરવી.

માનનીય અધ્યક્ષશ્રી, આના ઉપરાંત પણ નિયમોમાં સ્પષ્ટ જોગવાઇ છે, એમણે નિયમ ૧૨૦ પ્રમાણેના સરકારી સંકલ્પ માટેની વાત કરી. ઘર ઘર શૌચાલય માટેનો આ ઉત્તમ પ્રકારનો સંકલ્પ લઇને રાજય સરકાર આ સભાગૃહની સમક્ષ જયારે આના માટેનો સમય ફાળવવા માટે માનનીય મંત્રીશ્રીએ વિનંતી કરી એ પણ નિયમોના નિયમ ૧૫(૧) પ્રમાણે સરકારી કામકાજ તેને યોગ્ય લાગે તેવા ક્રમમાં ગોઠવી શકે અને આના સિવાય પણ આ સમિતિઓનું જે કાર્યક્ષેત્ર છે અને એ સમિતિઓના કાર્યક્ષેત્ર પ્રમાણે પણ ગઇકાલે જયારે કામકાજ સલાહકાર સમિતિ હતી અને એ કામકાજ સલાહકાર સમિતિની અંદર આ સરકાર legislation બિઝનેસને સંપૂર્ણપણે પૂરતો ન્યાય આપવા માટે અને પૂરતી ચર્ચા કરવા માટે તૈયાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે બાર પ્રકારના બિલો આવે છે એ બાર પ્રકારના બિલોમાંથી નવ જેટલા બિલો એવા છે કે જે બિલોની અંદર એક નાના નાના સુધારા છે. એ નાના સુધારા હોવાના કારણે એને ચર્ચાનો વ્યાપક સ્કોપ નથી રહેવાનો. આ કામ ૨૯મી તારીખ અને ૩૧મી તારીખ બે ડબલ કરવાના કારણે આપણે તેની અંદર સમાવી શકીએ છીએ. માત્ર અને માત્ર અમે કહીએ છીએ એટલા માટે આ કરો. આ પ્રમાણે મમતના આધાર ઉપર પહેલીએ કરવી બીજીએ કરવી અને માનનીય અધ્યક્ષશ્રી, બીજી તારીખે તો મહાવીર જયંતી છે અને મહાવીર જયંતીએ અહીંયા હાઉસની અંદર રજાનો દિવસ હોય છે. એવા સંજોગોમાં રજાના દિવસે હાઉસ આપણે કેવી રીતે ચાલુ રખાવી શકીએ ? (અંતરાય) ના, તમે જે રજૂઆત કરી તેના સંદર્ભમાં હું કહું છું. ત્યાર પછી ગુડ ફ્રાઇડે આવે છે આ તમારે સહેજ હોમવર્ક કરી લેવું જોઇતુ હતું આ બધુ હોમવર્ક કરીને વ્યાપકપણે અને કામકાજ સલાહકાર સમિતિ એ મીની હાઉસ તરીકે કામ કરે છે. એટ લેન્થ માનનીય વિપક્ષના સભ્યશ્રીઓને કામકાજ સલાહકાર સમિતિમાં વિનંતી કરી હતી, આપણે બે બેઠકો રાખવામાં આવી છે એની અંદર અમે કોઇ સમય કાપ્યો નથી. બે બેઠકમાં મળતા ૩.૫ કલાકથી ૪ કલાક, એમાં પ્રશ્નોત્તરી નહિ હોય એટલે પૂરતો સમય મળશે. એટ લેન્થ વિસ્તૃત ચર્ચા કરી શકીશું. હકીકતે કીડની ટ્રાન્સપ્લાન્ટ જેવા અગત્યના વિધેયકોને ન્યાય આપી શકીશું એટલે એમણે આ મુદ્દો ઉપસ્થિત કર્યો છે એ મુદ્દા સાથે હું સંમત થતો નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, બે વાતની સ્પષ્ટતા માટે મારે દરમિયાનગીરી કરવી પડે છે. અહીંયા રાજય સરકારનો કોઇ હઠાગ્રહ કે અહંકાર નથી. આપણને ૨૦ કે ૨૫ દિવસ પહેલા હાઉસ કયારે શરુ થવાનું છે અને કયારે પૂરું થવાનું છે એની ખબર પડી જાય છે. એટલે રાજય સરકાર અને અહીંયા બેઠેલા તમામ સભ્યશ્રીઓ રાજય સરકારનો કાર્યક્રમ હોય કે પક્ષનો કાર્યક્રમ હોય કે અંગત કાર્યક્રમ એ દિવસ પછીના બીજા દિવસે પહેલેથી નક્કી કરે છે. એટલે મિટિંગમાં નમ્રતાપૂર્વક મેં અને નીતિનભાઇએ સૌ સભ્યોને વાત કરેલી. માનનીય મુખ્યમંત્રીશ્રીનો કાર્યક્રમ છે, રાજય સરકારનો છે, અમારા બધાના કાર્યક્રમ છે એટલે આ કોઇ હઠાગ્રહ કે અહંકારનો મુદ્દો જ નથી. જેવી વિનંતી એમણે કરી છે એવી વિનંતી રાજય સરકાર વતિ હું કરું છું કે એવો કોઇ હઠાગ્રહ કે અહંકારનો શબ્દ પ્રયોગ નથી કરતો પરંતુ એવો કોઇ આગ્રહ દુરાગ્રાહ ન રાખવામાં આવે અને જેવી જવાબદારી પરંપરા જાળવવાની આ પક્ષની છે તેવી જવાબદારી સામેની પણ છે. એટલે ભૂતકાળમાં પણ જે રીતે પરંપરા જળવાઇ છે એ જળવાઇ રહે અને હું સંસદીય મંત્રી તરીકે મારા સાથી પ્રતિપક્ષને વિનંતી કરું છું કે મારા ઠરાવને અનુમોદન આપે અને સુધારો પાછો ખેંચે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય કોંગ્રેસ પક્ષના દંડક જે સુધારો લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. કામકાજ સલાહકાર સમિતિનો હું પણ સભ્ય છું અને કમિટીની અંદર જે પણ નિર્ણયો લેવાતા હોય છે એમાં અમે અમારી મંજૂરી આપતા હોઇએ છીએ. પહેલી વખત એવું થયું છે કે કામકાજ સલાહકાર

સમિતિનો કોઇ નિર્ણય હોય એની ચર્ચા ગૃહમાં આવી હોય. ટોટલ ૧૩ વિધેયકોમાં ૧૨ વિધેયકો આ રાજય સરકાર લઇને આવી રહી છે ત્યારે ૧૦૧ ના પ્રસ્તાવની બલવંતસિંહભાઇએ વાત કરી, જયારે સરકાર નિયમ ૧૨૦ નીચે સરકારી પ્રસ્તાવ મુજબ ઘેર ઘેર શૌચાલયનો પ્રસ્તાવ લઇને આવી છે. ગઇકાલે જે એજન્ડા હતો એ એજન્ડાની અંદર ૧૦૧ ઘરઘર શૈચાલય એ મુજબ હતો. અગાઉના એજન્ડામાં ન હોવા છતાં ૧૨૦ નો પ્રસ્તાવ સરકાર લઇને આવે છે એમાં અમે એગ્રી થઇ ગયા હતા. અમારી ડિમાન્ડ હતી, માગણી હતી કે ૧૦૧ નો પ્રસ્તાવ આપના તરફથી અને અમારા તરફથી મૂકાય પરંતુ એ અમારો પ્રસ્તાવ સ્વીકારવામાં ન આવ્યો. અમારી બીજી માગણી હતી કે સરકાર પોતે પોતાના સરકારી કામકાજ માટે ૧૨ જેટલા વિધેયકો લઇને આવી છે ત્યારે પહેલેથી ટાઇમ પિરિયડ સરકારે નક્કી કરવો જોઇતો હતો પછી વિધેયકો લાવવા જોઇતા હતા. અમારી ડિમાન્ડ હતી કે બે દિવસ માટેનું હાઉસ વધારવું જોઇએ, જયારે સરકારે ગુરૂવાર અને મંગળવારે ડબલ બેઠક રાખવાનું નક્કી કરેલ છે. ગુરૂવારે બેઠક કરવામાં આવી છે તેથી તે દિવસે દરેક સભ્યશ્રીઓએ હાઉસમાં હાજર રહેવું પડશે અને ચર્ચામાં ભાગ લે. પણ તે દિવસે ભારતીય ક્રિકેટ ટીમ સેમી ફાઇનલ રમવાની છે. અગાઉ પાકિસ્તાનની ટીમ સેમી ફાઇનલ રમતી હતી ત્યારે આપણા વડાપ્રધાનશ્રીએ પકિસ્તાનને અભિનંદન આપ્યા હતા. ૨૬મી તારીખે તો ભારતની સેમી ફાઇનલ છે અમારો આગ્રહ હતો, ગઇકાલે જેમ મહાવીર જયંતિની વાત કરી હતી એમ ૨૬મી તારીખે આ પણ છે. તો અમારી વિનંતી એવી હતી કે બે દિવસ માટે હાઉસ વધારવું જોઇએ. અને જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં ભૂતકાળમાં એવું થયેલું છે. ભૂતકાળમાં ૧૯૮૫ થી ૨૦૦૨ દરમ્યાન, ૯૦ માં પાને લખેલું છે કે રાજયપાલશ્રીના પ્રવચનમાં કોઇ વિધેયકનો ઉલ્લેખ ન થયો હોય અને તે ગૃહમાં રજૂ કરવું હોય તો સરકારે હવે પછી પાગે સમિતિની કરેલ ભલામણો લક્ષમાં લેવી જોઇએ. આના ભાગરૂપે બલવંતસિંહભાઇ જે સુધારો લઇને આવ્યા છે. એવી સરકારશ્રીને અમારી વિનંતી છે કે આપણે બધા ક્રિકેટપ્રેમી છીએ, દેશપ્રેમી છીએ, દેશભક્તો છીએ. ૨૬મી તારીખે વર્લ્ડ કપની જયારે સેમીફાઇનલ હોય ત્યારે દેશની ભક્તિ બતાવવા માટે જયારે આખો દેશ ઉછળતો હોય અને આ સભાગૃહના ૧૮૨ સભ્યો સરકારી કામકાજના ભાગે એ દિવસે હાઉસ રાખવાની વાત કરે છે, મારા મતે એક દેશભક્ત તરીકે આપણાં ક્રિકેટરોને પણ એ અન્યાય થશે એવું ચોક્કસપણે હું માનું છું. માટે મારી સરકારશ્રીને વિનંતી છે કે ૧લી તારીખે આપનો એર–શો છે. તેના કારણે ૧લી તારીખે અમારી માગણી હતી પણ પ્રોગ્રામ નક્કી છે તેના લીધે હાઉસ વધારી શકતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું એક હિંદુસ્તાની તરીકે એમ કહું છું કે એર–શો કરતા ૨૬મી તારીખે ભારતની ક્રિકેટ ટીમ સેમીફાઇનલમાંથી ફાઇનલમાં પહોંચે તેના માટે આ દેશ જયારે તત્પર છે ત્યારે મારી એવી વિનંતી છે કે અમારા દંડકશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને આ રાજય સરકાર પ્રેમથી સ્વીકારે એવી અમારી માનનીય સરકારશ્રીને વિનંતી છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, ઘણા વખતથી ગુજરાતની વિધાનસભા ટાઇટ કમ્પાર્ટમેન્ટથી ચાલે છે. જરૂરિયાત હોય તો જ હાઉસના દિવસો નક્કી કરવા કે મિનિમમ ૩૫, તો ૩૫. ૩૬ ન થાય તેની સભાનતાપૂર્વક સત્તાધારી પક્ષ ચિંતા કરે છે. આ પહેલાં અગાઉ માનનીય વજુભાઇ સાહેબ આ ઠેકાણે હતા ત્યારે અમે એમને પત્ર લખેલો કે સાહેબ, હાઉસના ચર્ચાના દિવસો વધે તો સારું. તમારી પાસે બિઝનેસ ન હોય તો બિઝનેસના મુદ્દા પ્રજાલક્ષી જે કંઇ લોકોના ભલા માટેના હોય એવા મુદ્દા અમે આપીશું અને કામકાજ સલાહકાર સમિતિ એ સાચી વાત કીધી કે મિનિગૃહ કહેવાય, પણ અમને લાગવું જોઇએ કે આ મિનિગૃહનો વ્યવહાર સામા પક્ષેથી હકારાત્મક હોય તો અમને પણ લાગે કે આ મિનિગૃહ કહેવાય. ટેકન ફોર ગ્રાન્ટેડ, બહુમતી હોય, બધું કરી શકાય. બહુમતી કાયમ સાચી હોય એવું માનવાની જરૂર નહીં, પરંતુ બહુમતીના આધારે જે મહત્વના વિષયો હોય એ પણ તમારે પરાણે ગૃહની સમક્ષ •(xxx) શબ્દ બરાબર ન હોય તો કાઢી નાખજો પણ અહીં *(xxx), એ બરાબર નથી. આ સરકારનું હોમવર્ક નથી. જો હોમવર્ક હોત તો માનનીય રાજપાલશ્રીના ભાષણમાં આપ છ બિલ લાવ્યા તો સોળ લાવી શક્યા હોત. કોણે ના પાડેલી આપને? એનો અર્થ કે આપને હાઉસમાં છેલ્લા દિવસ સુધી શું ચર્ચા કરવી તેનું હોમવર્ક નહોતું અને આ તમામે તમામ બિલ જે કંઇ છે એ માની લો કે આ સત્રમાં ન થાય તો આવતા સત્રમાં લેવાય. એકાદ દિવસ વધારવાનો કયાં વાંધો હોઇ શકે એ હું સમજી

•આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેસાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

શકતો નથી. રવિવાર હોય, બીજી રજા હોય એ તો શીડ્યુલમાં હોય અને એ કંઇ આમાં ગણવાની જરૂર નહીં કે બળવંતસિંહભાઇએ બીજી તારીખ કેમ કીધી? એમાં કંઇ ટાઇમટેબલ જોઇને અહીં વાત ન કરતા હોય, પરંતુ જો આપનો હકારાત્મક પ્રતિભાવ હોય તો અમે પણ આપની વાતમાં સૂર પૂરાવીએ કે સાચી વાત છે અને આ એક દિવસ તમે જતો કરો, એક દિવસ અમે જતો કરીએ. એકાદ દિવસ પણ સવારે ૮–૩૦ વાગ્યે બોલાવશો તો પણ વાંધો નહીં,. અમારા સભ્યો અને સવિશેષ શક્તિસિંહભાઇ તો દુઃખી થાય છે ૮–૩૦ વાગ્યે મળવા માટે, પણ ગૃહનું કામકાજ રાતોરાત ચાલેલું છે. ભૂતકાળમાં અનેક હાઉસીસમાં ૨૪ કલાક કામો ચાલેલા હોય છે. અતિ મહત્વના હોય તો. આમાં એક પણ કામ એવું નથી કે જે મોડું થાય તો બહુ જ મોટી તકલીફ પ્રજાને થવાની હોય એવું નથી. તમે એમ ન માનતા કે અમે આ ચર્ચામાં ભાગ નહીં લઇએ. બધી જ ચર્ચામાં જે બીજી સાઇડ છે પ્રજાની, એ જરૂર અમારા માનનીય સભ્યશ્રીઓ પૂરો અભ્યાસ કરીને વાત રાખશે. એટલે આપની હકારાત્મક વાતને હું હકારાત્મક રીતે સ્વીકારું છું અને અમારી પણ હકારાત્મક વાત.. આધા આપ છોડીએ, આધા હમ છોડે, બીચમેં ચલેં, સાથ મિલકર ચલેં તો અચ્છા રહેગા. એક દિવસ વધારો તો સારું રહેશે એવી આપના માધ્યમથી સરકારશ્રીને વિનંતી કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : હવે એમનો સુધારો આપણે મત પર લઇએ..

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : મતદાન માટે એવું હશે તો અમારે પછી વોકઆઉટ કરીને રેકોર્ડ પર રાખવું પડશે.

અધ્યક્ષશ્રી : નહીં, એના ઉપર પછી બીજો કોઇ રસ્તો નથી. એ તો ચર્ચા થયા પછી મતદાન જ લેવું પડે. હવે એમાં સમય ન બગાડીએ. આપણે મતદાન લઇ લઇએ. (અંતરાય) માનનીય શંકરસિંહજી..

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : ભવિષ્યમાં આવું ન થાય એટલો તો વિચાર કરશો કે નહીં. કામકાજ સલાહકાર સમિતિની ચર્ચા અહીં ન થાય. કામકાજ સલાહકાર સમિતિ જે અધ્યક્ષશ્રીની ચેમ્બરમાં મળતી હોય, એની બાબત કમસેકમ હાઉસમાં ન લવાય, એની તમામ જવાબદારી સત્તાધારી પક્ષની હોય, ખરાબ તમારું લાગતું હોય છે. હાઉસ સારું ચાલે એના માટે અત્યાર સુધી અમે પૂરો રસ લઇને પોઝિટીવ એપ્રોચ રાખ્યો છે. આના કરતાં કમસેકમ ચેમ્બરમાં જે થાય એ અહીં ન લવાય. આટલો એહસાસ તો અમને આપો કે ભવિષ્યમાં આવું નહીં થવા દઇએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીની જે લાગણી છે એ અમે સમજીએ છીએ. ભવિષ્યમાં આવો કોઇ પ્રશ્ન ઉભો નહીં થાય. કામકાજ સલાહકાર સમિતિમાં આમ તો ગઇકાલે પૂરતી ચર્ચા સંપૂર્ણ રીતે થયેલી છે. અત્યારે જે દલીલો માનનીય સભ્યશ્રીઓ, માનનીય શક્તિસિંહે અને માનનીય વિપક્ષના નેતાશ્રીએ રજૂ કરી, એ પણ ગઇકાલે ચર્ચા થઇ ચૂકી છે. પણ ૩૧ માર્ચ પછી ભૂતકાળમાં કોઇપણ દિવસ વિધાનસભાગૃહ લંબાવવાનો પ્રસંગ ઉપસ્થિત થયેલ નથી. પૂરતી ચર્ચા વિચારણા થાય એના માટે સમય લંબાવવાની પણ અમારા સંસદીય બાબતોના મંત્રીશ્રીએ ખાતરી આપી છે. એટલે સમય બાબતમાં કોઇ પાબંદી નથી. આપ ઇચ્છો એટલી ચર્ચા આપણે ચોક્કસ કરીશું. જરૂર પડશે તો બેઠકનો સમય લંબાવીને પણ ચર્ચા કરીશું. પણ ૩૧ માર્ચ પછી નથી થઇ એટલે મારી આપને વિનંતી છે. ભવિષ્યમાં ચોક્કસ સરકાર વિપક્ષનું બને એટલું માન રહે એ માટે અમે કામકાજ સલાહકાર સમિતિમાં પૂરતી કાળજી રાખીશું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇએ અને માનનીય સભ્યશ્રીઓએ જે ખાતરી આપી છે તેથી હું મારો સુધારો પાછો ખેંચવાની સભાગૃહની પરવાનગી માગું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો પાછો ખેંચું છું.

અધ્યક્ષશ્રી : સુધારો પાછો ખેંચવામાં આવે છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો.**

માનનીય શિક્ષણ મંત્રીશ્રીનો પ્રસ્તાવ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના ૩ સભ્યોની ચૂંટણી બાબત

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા **(** શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રસ્તાવને સર્વાનુમતે કરવા બદલ હું વિપક્ષનો આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહ ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ–૧૯૭૨ની કલમ–૩(૨) વર્ગ–ખ ચૂંટાયેલા સભ્યો (૧૦)ની જોગવાઇ મુજબ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના ત્રણ સભ્યશ્રીઓની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.''

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** હવે હું આ ચૂંટણી માટે નીચે મુજબનો કાર્યક્રમ ઠરાવું છું.

૧) નામ નિર્દેશ પત્ર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય મંગળવાર .૩૧–૩–૨૦૧૫ સાંજના છ વાગ્યા સુધી.

(૨) નામ નિર્દેશ પત્રોની ચકાસણી તારીખ, સમય અને સ્થળ શનિવાર તા.૪–૪–૨૦૧૫ સાંજના ૫.૩૦ વાગ્યા સુધી નાયબ સચિવશ્રી એમ.એમ.પરીખની ચેમ્બરમાં.

(૩) નામ નિર્દેશ પત્રો પાછા ખેંચી લેવાની તારીખ અને સમય શુક્રવાર તા.૧૦–૪–૨૦૧૫ના સાંજના ૫.૩૦ વાગ્યા સુધી.

(૪) મતદાન જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ પાછળથી જાહેર કરવામાં આવશે. આ ચૂંટણી માટેના નામ નિર્દેશ પત્રો કામકાજના દિવસ અને સમય દરમ્યાન વિધાનસભાના મકાનના પહેલા માળે આવેલી સમિતિ શાખા–૧ માંથી મળી શકશે.

માનનીય પંચાયત મંત્રીશ્રીનો પ્રસ્તાવ)

ગુજરાત રાજ્ય પંચાયત કાઉન્સિલ ઉપર ગુજરાત વિધાનસભાના એક સભ્યની ચૂંટણી બાબત

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા **(** રાજ્યકક્ષાના પંચાયત મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ''આ સભાગૃહ સને–૧૯૯૩ ના ગુજરાત પંચાયત અધિનિયમની કલમ–૨૬૬ની પેટા કલમ–૧(ગ)ના ખંડ–(૬) મુજબ, ગુજરાત રાજ્ય પંચાયત કાઉન્સિલ ઉપર ગુજરાત વિધાનસભાના એક સભ્યની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે. પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** હવે હું આ ચૂંટણી માટે નીચે મુજબનો કાર્યક્રમ ઠરાવું છું.

(૧) નામ નિર્દેશ પત્ર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય મંગળવાર .૩૧–૩–૨૦૧૫ સાંજના છ વાગ્યા સુધી.

(૨) નામ નિર્દેશ પત્રોની ચકાસણી તારીખ, સમય અને સ્થળ શનિવાર તા.૪–૪–૨૦૧૫ સાંજના ૫.૩૦ વાગ્યા સુધી નાયબ સચિવશ્રી એમ.એમ.પરીખની ચેમ્બરમાં.

(૩) નામ નિર્દેશ પત્રો પાછા ખેંચી લેવાની તારીખ અને સમય શુક્રવાર તા.૧૦–૪–૨૦૧૫ના સાંજના ૫.૩૦ વાગ્યા સુધી.

(૪) મતદાન જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ પાછળથી જાહેર કરવામાં આવશે. આ ચૂંટણી માટેના નામ નિર્દેશ પત્રો કામકાજના દિવસ અને સમય દરમ્યાન વિધાનસભાના મકાનના પહેલા માળે આવેલી સમિતિ શાખા–૧માંથી મળી શકશે.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

**વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગ**

**માગણી ક્રમાંક ૮૯**

**શ્રી** ગોવિંદભાઇ પટેલ **(** વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક મંત્રીશ્રી ) માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી સેવાને લગતી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧,૯૧,૬૭,૫૭,૦૦૦ ની માગણી ક્રમાંક– ૮૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૮૯ રજૂ કરવામાં આવી.**

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક૧ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરવામાં આવી.**

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરવામાં આવી.**

**રમત ગમત, યુવા અને સાંસ્કૃત્તીક પ્રવૃત્તિઓનો વિભાગ**

**માગણી નંબરઃ ૯૮**

શ્રી નાનુભાઇ ભ. વાનાણી (રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રા. ક. ના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સેવાને લગતી રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૨,૯૯,૧૧,૮૭,૦૦૦ની અને મૂડી ખર્ચ રૂ.૭૩,૦૧,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક– ૯૮ રજુ કરું છું.

**માગણી ક્રમાંક ૯૮ રજૂ કરવામાં આવી.**

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરવામાં આવી.**

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરવામાં આવી.**

શ્રી મેરામણભાઇ મા. આહીર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૧૪રજૂ કરવામાં આવી.**

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરવામાં આવી.**

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરવામાં આવી.**

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરવામાં આવી.**

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરવામાં આવી.**

**મહિલા અને બાળ વિકાસ વિભાગ**

**માગણી નંબર–૧૦૫**

પ્રો વસુબેન ન. ત્રિવેદી ( રા. ક. ના મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું મહિલા અને બાળ વિકાસ સેવાને લગતી મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૩,૭૫,૬૫,૦૦૦ની માગણી ક્રમાંક ૧૦૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૧૦૫ રજૂ કરું છું.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરવામાં આવી.**

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરવામાં આવી.**

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી.**

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરવામાં આવી.**

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરવામાં આવી.**

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરવામાં આવી.**

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરવામાં આવી.**

**કલાયમેટ ચેઇન્જ વિભાગ**

**માગણી ક્રમાંક ૧૦૭**

શ્રી ગોવિંદભાઇ પટેલ (કલાયમેટ ચેઇન્જ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું કલાયમેટ ચેઇન્જ વિભાગ સેવાને લગતી કલાયમેટ ચેઇન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૭૭,૫૮,૦૦૦ની માગણી ક્રમાંક ૧૦૭ રજુ કરું છું.

**માંગણી ક્રમાંક ૧૦૭ રજૂ કરવામાં આવી.** શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૫ રજૂ કરવામાં આવી.**

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરવામાં આવી.**

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરવામાં આવી.**

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરવામાં આવી.**

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરવામાં આવી.**

**તા.૨૪–૩–૨૦૧૫ (નવમો દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ | |

| | | | | |
|---|---|---|---|---|
| **માગણી નં. ૮૯** | | | | |
| ૧ | ૨૦૫૨–<br>સચિવાલય...સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>રૂ. ૧,૯૧,૬૭,૫૭,૦૦૦<br>અં.પ્ર. નં. ૨૩<br>પાના નં. ૬ થી ૯ | ૧૦૦ | વિભાગો દ્વારા બહાર પાડવામાં આવતા પરિપત્રો સત્વરે નેટ ઉપર મૂકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઇ પટેલ |
| ૨ | --""-- | ૧૦૦ | કોમ્પ્યુટરો વારંવાર વાયરસને કારણે બંધ પડી જાય છે તે સ્થિતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષિયારા |
| ૩ | --""-- | ૧૦૦ | જી–સ્વાનનું નેટવર્ક વારંવાર ખોરવાતા પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજી પટેલ |
| ૪ | --""-- | ૧૦૦ | જી–સ્વાનની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર (પ્રહલાદભાઇ પટેલ) |
| **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ**<br>**માગણી નં ૯૮** | | | | |
| ૫ | ૨૨૦૪– ખેલકૂદ... સેવાઓ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧– યુવક... નિયામક<br>રૂ. ૧,૬૩,૫૬,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૫<br>પાના નં. ૧૩ | ૧૦૦ | રાજ્ય બહાર રમવા જતા ખેલાડીઓને રેલ્વે રીઝર્વેશનની સુવિધા કરી આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહંમદજાવીદ પીરઝાદા |
| ૬ | --""-- | ૧૦૦ | ખેલ મહાકુંભમાં યોગ્ય આયોજનના અભાવે ભાગ લેવા આવતા ખેલાડીઓને પડતી અગવડતાઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગેંદાલભાઇ ડામોર |
| ૭ | --""-- | ૧૦૦ | ખેલ મહાકુંભમાં રમતવીર બાળકોને ફુડ પેકેટ કે ગ્લુકોઝ માટે અલગથી રકમ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૮ | --""-- | ૧૦૦ | રમતગમત4 યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૯ | --""-- | ૧૦૦ | રમતગમતના મેદાનોમાં વિવિધ સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચાવડા |
| ૧૦ | ૨૨૦૪– ખેલકૂદ... સેવાઓ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧– યુવક... નિયામક<br>રૂ. ૧,૬૩,૫૬,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૫<br>પાના નં. ૧૩ | ૧૦૦ | રમતગમત4 યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વ્યાપ વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૧૧ | --""-- | ૧૦૦ | જિલ્લા/તાલુકા કક્ષાએ રમતવીરોને પ્રોત્સાહિત કરવા પાયાની સુવિધાઓ/સહાય પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઇ રબારી (ધારશીભાઇ ખાનપુરા) |
| ૧૨ | ૨૨૦૫– કલા અને સંસ્કૃતિ<br>૧૦૩– પુરાતત્વ વિદ્યા... મોજણી<br>૦૧– ART – 7– પુરાતત્વ વિકાસ<br>રૂ. ૩,૮૧,૯૩,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૫<br>પાના નં. ૩૦–૩૧ | ૧૦૦ | પ્રાચીન ઇમારતોની જાળવણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મેરામણ આહિર (ઇશ્વરભાઇ પટેલ) |
| ૧૩ | --""-- | ૧૦૦ | પુરાતત્વ અને પ્રાચીન ઇમારતોમાં આવેલી અમૂલ્ય વસ્તુઓની જાળવણી કરવામાં અને ચોકીદારોની ગેરહાજરી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૧૪ | ૨૨૦૫– કલા અને સંસ્કૃતિ<br>૧૦૫– જાહેર ગ્રંથાલયો<br>૦૧– ART – 2– ગ્રંથાલય વિકાસ<br>રૂ. ૧૬,૧૨,૭૫,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૫<br>પાના નં. ૩૫–૩૬ | ૧૦૦ | જાહેર ગ્રંથાલયો સમયસર ન ખુલવાથી લાભાર્થીઓને પડતી અગવડતા દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૧૫ | --""-- | ૧૦૦ | જાહેર ગ્રંથાલયોમાં પુસ્તકોની જાળવણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઇ વાજા |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | --""-- | ૧૦૦ | જાહેર ગ્રંથાલયોમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રમેશભાઇ ચાવડા |
| ૧૭ | ૨૨૦૫- કલા અને સંસ્કૃતિ<br>૧૦૭- સંગ્રહાલયો<br>૦૨-ART -1-<br>સંગ્રહાલયોનો વિકાસ<br>રૂ. ૯,૮૬,૦૪,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૫<br>પાના નં. ૪૩-૪૪ | ૧૦૦ | સંગ્રહાલયોમાં રાખેલી અમૂલ્ય ચીજોની સ્વચ્છતા જાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૧૮ | --""-- | ૧૦૦ | સંગ્રહાલયોને પ્રાથમિક સુવિધાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કરમશીભાઇ પટેલ |
| ૧૯ | --""-- | ૧૦૦ | સંગ્રહાલયોમાં ગાઇડની અનિયમિતતા નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીલાલ વાઘેલા |
| | | **મહિલા અને બાળ વિકાસ વિભાગ**<br>**માગણી નં ૧૦૫** | | |
| ૨૦ | ૨૨૫૧-સચિવાલય...<br>સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧- મહિલા... વિભાગ<br>રૂ. ૩,૬૫,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૭<br>પા.નં. ૩૩-૩૪ | ૧૦૦ | કેન્દ્ર સરકારની સહાય મળવા છતાં મહિલા અધિકારીઓ4 આંગણવાડી વર્કરો અને હેલ્પરોની થતી ઉપેક્ષા નિવારવામાં તંત્રને નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૨૧ | ૨૨૫૧-સચિવાલય...<br>સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧- મહિલા... વિભાગ<br>રૂ. ૩,૬૫,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૭<br>પા.નં. ૩૩-૩૪ | ૧૦૦ | શહેરી મેટ્રોપોલીટન આદિજાતિ જીલ્લાઓમાં ખાનગી મકાનોમાં ચાલતા આંગણવાડી કેન્દ્રોમાં મકાનભાડાનાં વર્તમાન દર મુજબ અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૨૨ | --""-- | ૧૦૦ | આંગણવાડી કર્મચારીઓનો પગાર નિયમિત થાય તેવી વ્યવસ્થા કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી |
| ૨૩ | --""-- | ૧૦૦ | માતૃમંડળોના પુરક પોષણ આહારના ખર્ચના નાણા એડવાન્સમાં આપવાની સૂચના હોવા છતાં તેમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા |
| ૨૪ | --""-- | ૧૦૦ | રાજ્યમાં કુપોષણ માટે પૂરતી ગ્રાન્ટ મળતી હોવા છતાં કુપોષણ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ રાઠોડ (રામસિંહ પરમાર) |
| ૨૫ | --""-- | ૧૦૦ | દુષ્કર્મનો ભોગ બનેલ મહિલાઓને સત્વરે વળતર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનમભાઇ પરમાર (વજેસિંગભાઇ પણદા) |
| ૨૬ | --""-- | ૧૦૦ | આંગણવાડીઓમાં પૂરા પાડવામાં આવતા આહારની રકમમાં બાળકદીઠ સમયાંતરે વધારો કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પરેશ ધાનાણી (કાંતિભાઇ ખરાડી) |
| ૨૭ | --""-- | ૧૦૦ | સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ આંગણવાડી વર્કર4 હેલ્પરોની કામગીરી માટે પૂરતી ગ્રાન્ટ ફાળવવા છતાં બિલોની મંજૂરીમાં થતો વિલંબ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગૌતમભાઇ ચૌહાણ (ધર્મેન્દ્રસિંહ જાડેજા ) |
| ૨૮ | --""-- | ૧૦૦ | જીલ્લા-તાલુકાઓની કચેરીઓમાં ઇન્ચાર્જથી ચાલતો વહીવટ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ |
| ૨૯ | --""-- | ૧૦૦ | તા.૧૩-૧-૨૦૦૯ના આંગણવાડી કાર્યકરોને બઢતી આપવાના ઠરાવમાં વય મર્યાદા અંગે કોઇ સ્પષ્ટતા ન હોઇ બઢતી મેળવવામાં થતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ |
| ૩૦ | --""-- | ૧૦૦ | વર્કર હેલ્પરોની જીલ્લા અંતર્ગત તથા આંતર જીલ્લા ફેરબદલી કરી આપવાના ઠરાવનો સત્વરે અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૩૧ | --""-- | ૧૦૦ | આંગણવાડી કાર્યકરો/તેડાગર બહેનોને કાયમી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત |
| ૩૨ | --""-- | ૧૦૦ | આંગણવાડી કાર્યકરોને નિવૃત્તિ સમયે પોણા બે લાખ રૂપિયા આપવાની મહિલા સંમેલનમાં મુખ્યમંત્રીએ કરેલ જાહેરાતનો અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી. કે. રાઉલજી (કામિનીબા રાઠોડ) |
| ૩૩ | --""-- | ૧૦૦ | વર્ષ ૨૦૧૪-૧૫ની ગ્રાન્ટની પૂરેપૂરી રકમ વાપરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. તેજશ્રીબેન પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૪ | --""-- | ૧૦૦ | આંગણવાડી કાર્યકરો/તેડાગરો બહેનોને પ્રસુતિની રજા અન્વયેના કેન્દ્ર સરકારના ૯મી જુલાઈ-૨૦૧૦ના પરિપત્રનો અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |
| **કલાઈમેટ ચેઈન્જ વિભાગ**<br>**માગણી નં ૧૦૭** | | | | |
| ૩૫ | ૩૪૫૧- સચિવાલય... સેવાઓ<br>૦૯૦- સચિવાલય<br>૦૧-કલાઈમેટ... વિભાગ<br>રૂ. ૭૭,૫૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૮<br>પા.નં. ૯ | ૧૦૦ | અપૂરતા સ્ટાફને કારણે વહીવટી કામગીરીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ (મિતેષ ગરાસિયા) |
| ૩૬ | --""-- | ૧૦૦ | વિભાગ દ્વારા થતી કામગીરીની વિગતો પ્રસિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઇ ચૌધરી (જોઇતાભાઇ પટેલ) |
| ૩૭ | --""-- | ૧૦૦ | ગ્લોબલ વોર્મીંગની માનવીના જીવન પર પડતી ખરાબ અસરો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભોળાભાઇ ગોહેલ (રાજેન્દ્રસિંહ પરમાર) |
| ૩૮ | --""-- | ૧૦૦ | પર્યાવરણલક્ષી સંશોધનનો વ્યાપ વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઇ ભીલ (મહેશકુમાર પટેલ) |
| ૩૯ | --""-- | ૧૦૦ | શહેરોમાં હવા અને પાણીના અશુધ્ધિના પરિણામે વાતાવરણમાં સર્જાતી અસમતુલા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદભાઇ રીબડીયા (અમીત ચૌધરી) |

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કલાઇમેટ ચેઇન્જ, મહિલા અને બાળ વિકાસ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ તથા રમત ગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓના વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ‘‘હું એક એવા નગરમાં આવી ચડી છું, હતો જ્યાં ફૂલોનો શ્વાસ ત્યાં હવે કાર્બનનો શ્વાસ લઇ રહી છું.’’ હમણાં હમણાં ભર ઉનાળે માવઠું થયું, કરા પડયાં, ૧૯ તારીખે હિંમતનગરમાં ધરોઇ ડેમ પાસે ૩.૬ રિકટર સ્કેલનો ભૂકંપ આવ્યો. ચાર જ દિવસ પહેલાં World Sparrow dayહતો ત્યારે આપણે જોયું કે સર્વે આવ્યો કે ચકલીઓ નામશેષ થઇ ગઇ, પક્ષીઓનો કલરવ ઓછો થઇ ગયો. આ ગ્લોબલ વોર્મીંગની અસર છે. બે દિવસ પહેલાં World water’s day હતો ત્યારે દુનિયાની ટોપ ૧૦ નદીઓમાં સૌથી વધુ પ્રદૂષિત નદીઓમાં ગંગા-યમુના ઉપરાંત સાબરમતિનું પણ નામ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦માં કલાઇમેટ ચેઇન્જ ડિપાર્ટમેન્ટ બન્યું, આપણા પી.એમ. સાહેબે તેના પર એક Conviniant Action અને બીજી The Response to chalange of climate નામની બે ચોપડીઓ પણ લખી પણ એકશન શું? અમલીકરણ શું? કલાઇમેટ ચેઇન્જમાં બે વિભાગ છે. એક એડોપ્ટેશન એટલે કે અનુકૂળ થવું અને બીજું મિટિગેશન એટલે કે રોકવું. આ બન્નેમાં આપણે નિષ્ફળ ગયા છીએ. આપણા આ વખતનાં સામાજિક આર્થિક સર્વેક્ષણમાં છે કે ચોખાને બાદ કરતાં બધા ધાન્ય ઘટયા. બરછટ ધાન્ય વધુ વાવવા જોઇએ એના બદલે એનું ઉત્પાદન ઘટયું છે. બાજરો, મકાઇ, નાગલી, કોદરી, રાગી, બન્ટી, બાજરો, કાંગ કે જેનાથી કુપોષણ પણ નિવારી શકાય છે. આ પાકોનું ઉત્પાદન ઘટયું છે. રાજ્ય સરકાર તેમાં ઉદાસીન છે પછી તો બાળકો માટે ફોર્ટીફાઇડ આટો જ ખવડાવવો પડે ને? જો પાક ઘટયા હોય તો પછી કૃષિ મેળાઓનો શું અર્થ રહ્યો? ગ્રીન હાઉસનો બરાબર પ્રચાર પ્રસાર થયો નહીં અને સબસિડીના પૈસા પણ મળતા નથી. ૮૯ ખેડૂતોએ ગુજરાતમાં આત્મહત્યા કરી પણ કારણો જુદા જુદા જણાવવામાં આવે છે. વળતરની કોઇ પોલીસી બનાવાતી નથી. હવે શું બોલે કે ‘મર જવાન, મર કિસાન’? વેધર ઇન્સ્યોરન્સ રાજસ્થાનમાં છે. બી વાવો અને હવામાન ખાતાના વર્તારા પ્રમાણે જો પાક નિષ્ફળ જાય તો ઇન્સ્યોરન્સ મળે છે. આપણે ત્યાં એવું નથી. આપણે ત્યાં વૃક્ષો એડોપ્ટેશન માટે વધારે વાવવા જોઇએ. એના બદલે ગાંધીનગરમાં પંચામૃત ભવન બનાવવા હજારો વૃક્ષો કપાયા. તલાલામાં ૧૦ હજાર આંબા કપાયા, છોટા ઉદેપુરમાં ૧૨૦૦ વૃક્ષો કપાયા. ગુજરાતમાં કુલ ૧૫ લાખ ૭ હજાર વૃક્ષો છેલ્લા પાંચ વર્ષમાં કપાયા છે. નળ સરોવરને ઇકો સેન્સિટીવ ઝોન જાહેર કરેલ છે છતાંય બિન-ખેતી પરમિશન આપી દેવાય છે. કલાઇમેટ ચેઇન્જનો એક્શન પ્લાન હજુ ગુજરાતમાં અમલી નથી બન્યો.

માનનીય અધ્યક્ષશ્રી, એક વ્યક્તિ ખાડો ખોદતો હતો અને બીજી વ્યક્તિ એમાં માટી નાખતો હતો તો કોઇ રાહદારીએ પૂછ્યું કે શું કરો છો? તો કહે એકનું કામ ખાડો ખોદવાનું હતું, બીજાનું કામ વૃક્ષ વાવવાનું હતું અને ત્રીજાનું માટી નાખવાનું કામ હતું. પણ વચ્ચેવાળો આવ્યો નથી એટલે અમે નિયમ મુજબ કામ કરીએ છીએ. નોર્થ ગુજરાતમાં આડેધડ વૃક્ષો કપાય છે. પર્યાવરણના મિત્રો હાઇકોર્ટમાં ગયા. કેન્દ્ર સરકાર સાથે નીતિ નક્કી કરવાની હતી પણ હજી કંઇ પોલિસી બની નથી. મિટિગેશનની વાત કરું તો ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૦માં ભારત સરકારે ૮૮ જેટલા ઔદ્યોગિક વસાહતોને ક્રિટિકલી પોલ્યુટેડ જાહેર કર્યા છે. આપ મેઇક ઇન ઇન્ડિયાની વાત અને ઔદ્યોગિક હબની વાત કરો છો પરંતુ કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કેમિકલયુકત પાણી શુદ્ધિકરણ કરી દરિયામાં જે નાખવાની વાત છે તો એમાં કાંઇ અંકલેશ્વર ખાતે બંધ કર્યા છે, એમાં કાંઇ ફેરફાર કરતા નથી. જેથી નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને પરમિશન મળતી નથી અને નુકસાન થાય છે. વટવા, દાણી લીમડા, નારોલ, ઓઢવના કેમિકલ એકમો પ્રત્યે તંત્ર મહેરબાન કેમ છે? કેમિકલ કટોકટીની ચર્ચા માટે તંત્ર પાસે સમય કેમ નથી? વસ્ત્રાલમાં ગેસ ગળતરથી હમણાં બે પુત્રી અને માતાનું મૃત્યું થયું. ઝેરી કેમિકલ ગટરમાં ભળવાથી આ જોખમી કેમિકલ ટોક્સિક વેપર્સ શ્વાસમાં જાય અને ગુંગળાઇને મૃત્યું થાય છે. ૪૦ ટકા એકમો ઇમરજન્સી પ્લાન બનાવીને રજૂ કરતા નથી. ગુજરાત ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૩ની કલમ ૨૯ (૧)(જી) પ્રમાણે ઇમરજન્સી પ્લાન બનાવવો ફરજિયાત છે. પણ એનું ઉલ્લંઘન કરવામાં આવે છે. અમારાં એમ.પી. પ્રવિણ રાષ્ટ્રપાલે હાઇકોર્ટમાં પિટિશન કરી હતી. જેનો ૨૦૦૭માં જવાબ આવ્યો કે જે લોકો ગટરમાં જવાના કારણે મૃત્યુ પામે છે એ લોકો માટે બોર્ડની રચના કરવી અને એ માણસોને ગટરમાં ના ઊતારવા અને મશિનથી કામકાજ કરાવવું. છતાંય એ પછી ૩૦ મૃત્યુ ચોપડે નોંધાયા છે. વર્ષમાં ફક્ત એક જ વખત ડાયરેક્ટર ઇન્ડસ્ટ્રિયલ સેફ્ટી એન્ડ હેલ્થ ક્રાઇસીસ ગૃપની મિટિંગ મળે છે. પોલિસી દ્વારા આતંકવાદી હુમલો થશે તો શું? એનું મોક ડ્રીલ કરાવે છે. પરંતુ ફેક્ટરી એક્ટની જોગવાઇ પ્રમાણે ઓફ સાઇટ, ઓન સાઇટ ઇમરજન્સી પ્લાન્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટની મોક ડ્રીલ કરવામાં આવતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, ''વાર્યા ના વળે પણ હાર્યા વળે'' છે. કારણ કે એક પણ નગરપાલિકામાં એસ.ટી.પી. એટલે કે સૂએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ નિયમો પ્રમાણે ચાલતાં નથી અને બી.આર.ટી.એસ.નો ઉપયોગ ખાલી ૪% ના ફાયદા માટે ૯૬%ને નુકસાન થાય એટલું બધું પોલ્યુશન, એટલો બધો પેટ્રોલનો ધુમાડો આ બી.આર.ટી.એસ.ના કારણે થાય છે. ગુજરાતમાં પીરાણા ખાતે એટલે કે નારોલ રોડ ઉપર જે ૪૫ એકરમાં ૭૦ ફૂટના ઊંચા ઢગલા છે એ કોઇ પર્વતોની હારમાળા નથી. એ આ ઘન કચરાના નિકાલ કરીને ત્યાં આગળ મૂકવામાં આવે છે. મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ રૂલ્સ ૨૦૦૦ પ્રમાણે નામદાર સર્વોચ્ચ અદાલતની નિર્દિશિકા મુજબ ઘરે ઘરેથી કચરો ઊઠાવવો અને સાયન્ટીફિકલી સિક્યોર લેન્ડ ફિલ્ડમાં એને કાં બાળવો જોઇએ, કાં દાટવો જોઇએ, કાં એમાંથી વીજળી પણ ઉત્પન્ન કરી શકાય અથવા એનો રોડ પણ બની શકે અથવા એનું ખાતર પણ બનાવી શકાય પણ એનો યોગ્ય ઉપયોગ કરવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં વન પર્યાવરણના તાબા હેઠળની ૨૬૯૦ જગ્યાઓ ખાલી છે અને જે કલાઇમેટ ચેઇન્જના અપૂરતા સ્ટાફના લીધે એમાં કલાઇમેટ ચેઇન્જની અસરો નિવારવા માટે જે ખરાબ અસર પડે છે એ આપણે નિવારી શકતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસની વાત કરું તો આપણાં સ્વર્ગસ્થ ઇન્દિરા ગાંધી પહેલા મહિલા વડાપ્રધાન હતા. એ વખતથી આઇ.સી.ડી.એસ. એટલે કે ૪૦ વર્ષથી આ યોજના તો ચાલુ જ છે. આંગણવાડી વર્કરો અને હેલ્પરો આરોગ્ય ઉપરાંત પણ ઘણાં બધા કામો કરે છે. આંગણવાડી કેન્દ્રોમાં બાળકોનું પ્રમાણ વધે કે ઘટે, કુપોષણનું પ્રમાણ વધે કે ઘટે પણ ગરીબ કલ્યાણ મેળો હોય, મહોત્સવ હોય, સરકારી કાર્યક્રમો હોય, સમારંભો હોય તો આંગણવાડીની વર્કર બહેનો તો હોય જ. સી.ડી.પી.ઓ. અને સુપરવાઇઝર તો જાણે સ્વયં સેવિકા હોય એવું લાગે. ગતિશીલ ગુજરાતમાં કુપોષણનું પ્રમાણ બાળકો અને મહિલાઓમાં એટલું બધું વધ્યું છે કે પ્રશ્નના જવાબ પ્રમાણે ઓછા વજનના બાળકોની સંખ્યા ૭ લાખ ૮૧ હજાર અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા ૬૨ હજાર છે અને એના સરવે માટે બે સંસ્થાને કામ સોંપ્યું હતું. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ન્યુટ્રીશન અને ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પોપ્યુલેશન સાયન્સ તો એની પાછળ એક કરોડ અને છાસઠ લાખનો ખર્ચ થયો. કેગના રિપોર્ટમાં જણાવ્યું છે કે દર ત્રીજું બાળક કુપોષિત છે. ૧.૮૭

કરોડની વસતિ આંગણવાડીથી વંચિત છે. કેગનો રિપોર્ટ ગયા વર્ષનો છે. કારણ કે આ વખતનો તો છેલ્લા દિવસે બહાર આવશે અને છેલ્લા દિવસે ગૃહ સમક્ષ મૂકવામાં આવે છે એટલે એનો અભ્યાસ થઇ શક્યો નથી. કુપોષણ સમગ્ર ગુજરાત માટે ચિંતાનો વિષય છે. પરંતુ જે આંગણવાડીના કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે એ બહુજ અવ્યવહારૂ છે. કારણ કે અઠવાડિયામાં બેવાર ફળ આપવાની વાત કરી. એટલે કે મહિનામાં આઠ ફળ અને રૂપિયા કેટલા ચૂકવવામાં આવે છે? તો મહિનામાં ૧૦ રૂપિયા. એક બાળકના ભાગે સવા રૂપિયો ભાગમાં આવે છે તો સવા રૂપિયામાં કયુ ફ્રુટ મળે છે? ત્રીજા ભોજન રૂપે એમણે કહ્યું, બાળકને ૩ રૂપિયાનો લાડુ. તો ૩ રૂપિયાના લાડુની સાઇઝ શું હશે? શાકભાજી, દૂધ, ફ્રૂટ એટલા બધા મોંઘા થઇ ગયા છે કે મહિલાઓ, બાળકો અને પુરૂષો પણ કુપોષિત રહે છે. પાછું સ્ટ્રેસનું પ્રમાણ પણ કેટલું બધું વધ્યું છે? આઠ કલાકના બદલે બાર થી ચૌદ કલાક કામ કરવું, મોંઘવારી, આટલી બધી મોંઘવારીમાં ઉંચી ફી ભરવાનો સ્ટ્રેસ એના લીધે બધાની ઇમ્યુનિટી ઘટી ગઇ છે. કુપોષણના લીધે જાત જાતના રોગો, સ્વાઇન ફ્લૂ જેવા રોગો હાવી થઇ જાય છે. આંગણવાડીમાં તો ખરેખર પોષણ-આહાર માટે એડવાન્સ પૈસા આપવાનો કમિશ્નરશ્રીનો ઠરાવ છે. છતાં ૬-૬ અને ૮-૮ મહિના સુધી પગાર થતો નથી અને પૈસા ચૂકવાતા નથી. આઇ.સી.ડી.એસ. યોજનામાં આંગણવાડી કાર્યકરોને પહેલી એપ્રિલે પગાર આપવામાં આવે છે. પરંતુ પેલા સભ્ય કહેતા હતા કે, પહેલી એપ્રિલે તમે શું કરવા માગો છો? તો વેતન વધારો ઓગષ્ટ મહિનાથી કેમ આપો છો? ૯મી જુલાઇએ ૨૦૧૦માં કેન્દ્ર સરકારના ઠરાવ પ્રમાણે આંગણવાડી કાર્યકરો, હેલ્પરોને (સમય સૂચક ઘંટડી) ૧૮૦ દિવસની રજા હોવી જોઇએ એના બદલે કેમ ૧૩૫ દિવસની જ ગુજરાત સરકાર રજા આપે છે ? માતા યશોદાનું નામ તો આપ આપો છો પણ કેન્દ્ર સરકારના ઠરાવ પ્રમાણે આ માતાઓને ૫૮ વર્ષે ફરજીયાત કેમ નિવૃત્ત કરી દેવામાં આવે છે ? અને એમને મહિલા સશક્તિકરણના સંમેલનો નથી કરતા હોતા એવા પણ રાજ્યોમાં એનું અમલીકરણ તો થતું નથી. પોંડિચેરી જેવા રાજ્યોમાં પણ કાયમી બહેનોને કરવામાં આવે છે અને સરકારી કર્મચારી ગણવામાં આવે છે. તો આપણે ત્યાં કેમ એવું કરતા નથી ? આંગણવાડીના મકાનોમાં ૧૯,૨૬૫ આગણવાડી ભાડાના મકાનમાં બેસે છે અને શહેરમાં ત્રણ હજાર રૂપિયા ભાડું, ગ્રામ્યમાં સાડા સાતસો તો એના બસ્સો રૂપિયા અગાઉના ધોરણે જ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીની વર્કર બહેનોને પ્રમોશન જોઇતું હોય તો પાંચ વર્ષ ત્યાં કામ કરેલી હોવી જોઇએ, ધોરણ-૧૦ પાસ હોવી જોઇએ, ૩૩ વર્ષથી ઓછી ઉંમરની હોવી જોઇએ અને જો હેલ્પર એક્સપાર્યડ થાય તો જ વર્કરને પ્રમોશન મળે એટલે વર્કર બહેનો ત્યાં ને ત્યાં જ ઘરડી થઇ જાય છે. છ કલાકનું કામ અને સ્વૈચ્છિક સંસ્થાઓને આપવાની વાત પણ ખૂબ જ ચિંતાજનક છે.

માનનીય અધ્યક્ષશ્રી, દિલ્હીમાં ૧૬મી ડિસેમ્બરે, જ્યારે બે વર્ષ પહેલાં નિર્ભયા બળાત્કાર બન્યો ત્યારે ભા.જ.પ.ની મહિલા બહેનો કેન્ડલ લાઇટ માર્ચ કરવા નીકળી ગઇ. તો અત્યારે ગુજરાતમાં પાંચ વર્ષમાં ૨,૭૩૮ બળાત્કારના કિસ્સાઓ બન્યા, અપહરણનાં ૯,૩૬૪ થયા, ચેઇન સ્નેચીંગના ૪,૦૭૬, દહેજના લીધે ૧૩૧ મહિલાઓ હેરાન થઇ, ઘરેલું હિંસામાં ૪,૪૭૦ અને અતારાંકિત પ્રશ્નના જવાબ પ્રમાણે ૫૩,૦૦૦ મહિલાઓ અત્યારચારનો ભોગ બની અને ૫,૦૦૦ મહિલાઓ અને બાળકો ઉપર અત્યાચાર બન્યા. તો આ મહિલાઓ અત્યારે શું કરવા માગે છે ? વિધવા સહાયમાં ૭૫૦ રૂપિયાની સહાય હોય છે એમાં ૨૧ વર્ષની લિમિટ કરી છે. પરંતુ ૨૧ વર્ષે તો એમેય પુત્ર લગ્ન કર્યા પછી મા-બાપનું રાખતો નથી.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરૂં થાય છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : Respected Sir, I stand here to support the Demand No.89 which is put forward by Hon'ble Minister for Science and Technology. Sir, good governance and development are the major areas of concern for the country. Any Governance is highway to the good governance. Our Hon'ble Prime Minister Mr. Narendra Modi has given slogans of Skill India, Make in India, Clean India and Digital India. Sir, Government of India have announced National E-Governance Plan in the year 2005. But, when Mr.Narendrabhai Modi was here, as Chief Minister, he was a visionary man and therefore, in Gujarat, GSWAN was

started in 2001 and after 4 years, Government of India thought about it and started National E-Governance plan. The State Wide Area Network plan has covered 33 districts, 248 Talukas and 8496 public offices. This is country's widest intranet system available and there is a facility of 45000 emails to the officers and employees. On an average, 150 video conferences also can be webcasted.

In every district, there are 60 to offices which are covered and at Taluka level, around 3o to 40 offices are covered under Gujarat State Wide Area Network. There is facility for data communication, voice communication and video conference facility at Taluka and District levels. The State Government has also established State Date Center at Gandhinagar. Necessary I.T. security and standard procedures are also made available. There are 250 websites which are hosted in the State Data Center. 3 mini data centers are also established at Rajkot, Mehsana and Vadodara. Government of Gujarat has launched Gujarat Portal which is a State level web portal. Around 50,000 services are available online. Sir, I am happy to inform this August House that Khedbramha, which is a tribal Taluka, has become the first taluka in the country which is having wi-fi facility.

Sir, Gujarat is a unique State. Some States are having State Level connectivity at their State Capital, some States are talking about district level connectivity. Developed States like Punjab and Haryana are talking about Taluka level connectivity whereas, because of dynamic and visionary leadership of Mr.Narendra Modi, who was our earlier Chief Minister, we have digital connectivity available at panchayat level. There are 13,685 E-Gram centers at panchayat level. This is the widest network in Asia and I am happy to inform this August House that earlier, we had given proposal to Government of India to give assistance for E-Gram. For 10 years, nobody listened and now since Mr.Narendra Modi is Prime Minister of the country, he has sanctioned Rs.49 crores for E-Gram and Rs.13 crores' installment has been released. E-Grams are running by village level entrepreneurs on PPP model. I am happy to inform that E-Gram centers are making available services of distribution of certificates of record of rights, birth certificates, death certificates, caste certificates, income certificates at the village panchayat level. We are collecting electricity bills also. 2.66 crores, this is mind blowing, 2.66 crores electricity bills were collected of an amount of Rs.1895 crores by E-Gram centers. Government of Gujarat has started issuing ration card coupons also. Around 34 lakh coupons have been issued through E-gram centers.

Sir, there are several applications which have been developed by Science and Technology Department in consultation with aligned department. The Finance Department, perhaps it is the only department in the country where Integrated Finance Management System has been introduced. You can see real time data online where you access this Integrated Finance Management System about treasury functions. Even in the remotest place like Dang, what is happening can be seen while sitting at Gandhinagar. This is the strength of Financial Management System, Sir, Sales Tax Commissionerate – they have system called GujTac. There are for collection of VAT purpose, 4.43 lakh dealers are registered. 75 lakh E-forms were issued and sir, I am happy to inform that E-payment of Rs.49,935

crores was collected through E-payment. Nowhere in the country, nowhere – give me one example. Rs.49935 crores collected through E-payment. This makes citizens happy because they need not go to village, taluka offices. They can make payment anywhere they like.

Sir, Revenue Department – I should congratulate Chief Minister who is Minister in-charge of Revenue Department. Sir, Apno Taluko Vibrant Taluka – Prant officers offices have issued around 36 lakh revenue certificates to the citizens. Our Sub Registrar – there is system of E-property. Around 10.72 lakhs documents are registered online. Civil Supply Department. I say SWAGAT – Statewide Attention of Grievances by Application of Technology. Sir, some Chief Ministers are calling Lok Darbar, but here in Gujarat, we have a program called SWAGAT online where people can put their grievance online and Chief Minister, once in a month, will attend this function and around 2 lakh complaints have been received and 90% of the complaints are positively disposed. This is the strength of SWAGAT. Therefore, not only Government of India, but United Nations which is the highest supreme body in the world, they have given award to the Government of Gujarat for successful implementation of SWAGAT program. In Gujarat you need take convict to the court, while sitting in jail, the trial can be conducted through Video Conferencing. Judge on the other end, can conduct the case.

E –Mamta, 99 lakhs women and children are registered and they are provided health services and this has resulted into reduction of infant mortality and child mortality. E-Procurement – anything above Rs.10 lakh purchase has to be through E-procurement.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી માગણી નં. ૯૮ અને ૧૦૭ લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું. રમત ગમતથી બાળકોનો સર્વાંગી વિકાસ થાય છે. તંદૂરસ્ત શરીરની અંદર તંદૂરસ્ત મનનું ઘડતર થાય છે અને આટલા માટે જ ૫ વર્ષથી ૨૦ વર્ષ સુધી આ બાબતને મહત્વનું સમજી વ્યાયામ માટેની ચિંતા કરવામાં આવતી હતી. આ ઉમદા હેતુ માટે પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, ઉચ્ચ માધ્યમિક શાળા અને કોલેજ સુધી આનું જ્ઞાન આપવામાં આવતું હતું કારણ કે તેનું મહત્વ હતું. તંદૂરસ્ત શરીરની અંદર જ તંદૂરસ્ત મનનું ઘડતર થાય છે અને એટલા માટે જ આ વિષયને દાખલ કરવામાં આવતા હતા, પણ ખૂબ દુઃખ સાથે કહેવું છે કે આજે આ પ્રાથમિક શાળા હોય, માધ્યમિક શાળા હોય, ઉચ્ચત્તર માધ્યમિક શાળા કે કોલેજની અંદર આ વિષય ઉપર સરકારશ્રીનું કેટલાય વર્ષોથી ધ્યાન ગયું નથી અને શારીરિક શિક્ષણ દિન પ્રતિદિન ખાડે ગયું હોય તેવું લાગે છે. આજે ગુજરાતની અંદર રમત ગમતની અંદર સૌથી વધારે ખરાબ પરિસ્થિતિ છે એ બાબત મારે કહેવી છે. ગુજરાતની અંદર પહેલા શારીરિક શિક્ષણની ગ્રાન્ટેડ ૬ કોલેજો અને નોન ગ્રાન્ટેડ ૪૦ શાળાઓ હતી. ૧૯૯૫ પછી સરકારને રમત ગમતની અંદર એકદમ રસ જાગ્યો. જેણે માગી એને નોન ગ્રાન્ટેડ શાળા આપી દીધી. પરિણામે વિદ્યાર્થીઓનો એકદમ ભરાવો થઇ ગયો કે સરકારી નોકરીઓમાં તેમને કોઇ સ્થાન ન મળ્યું. સરકારશ્રીએ આ વિષય માટે ચિંતા ન કરી. એના કારણે આજે પરિસ્થિતિ એવી છે કે આ ૬ સરકારી શાળા અને ૪૦ નોન ગ્રાન્ટેડ શાળા બંધ થઇ ગઇ છે. એમને વિદ્યાર્થીઓ કયાંય મળતા નથી. ફકત ને ફકત શીયાન અને અંબુભાઇ પુરાણી જે રાજપીપળામાં છે, ત્યાં ગણ્યા ગાંઠ્યા વિદ્યાર્થીઓ છે તે બંધ થવાની હાલતમાં છે. આ રમત ગમતની પરિસ્થિતિ આજે આ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે ખૂબ દુઃખ સાથે કહેવું છે કે રમત ગમતની સિદ્ધિઓની સરકાર ગમે તેટલી વાતો કરે પણ સરકાર વ્યાયામ શિક્ષકોની ભરતી બિલકૂલ કરતી નથી. આજે ટાટ, ટેટ અને હેટની પરીક્ષા લેવામાં આવે છે. પ્રાઇમરી કે હાઇસ્કૂલની અંદર કોઇપણ જગ્યાએ આ ટાટ, ટેટ કે હેટની અંદર વ્યાયામનો સમાવેશ થતો નથી. તેના કારણે સ્કૂલોની અંદર એવી પરિસ્થિતિ છે કે વ્યાયામ વિષય લગભગ નિર્મૂળ થઇ ગયો હોય તેવું લાગે છે અને વ્યાયામના શિક્ષકો ભરવાના

જ ન હોય તેવું લાગે છે. સરકાર એકબાજુ વ્યાયામની ચિંતા કરતી હોય ત્યારે હું ખૂબ દુઃખ સાથે માનનીય મંત્રીશ્રી વાનાણી સાહેબને વિનંતી કરું છું કે ટાટ, ટેટ અને હેટની અંદર તમે શિક્ષકોની ભરતી કરાવો. બિચારા સી.પી.એડ, ડી.પી.એડ, ડી.પી.ઇ., બી.પી.ઇ., આ છોકરાંઓની શું દશા થઇ છે. તે ભણ્યા ગણ્યા અને ગરીબ મા–બાપે ખૂબ ખર્ચા કરીને ભણાવ્યા અને આજે એવી સ્થિતિ છે કે તેમને બિચારાને નોકરી મળતી નથી. ગરીબીની અંદર સબડવાનું કારણ પેદા થયેલ છે. તે માટે આપનું ધ્યાન દોરવું છે. હું વ્યાયામનો એક અધ્યાપક છું એટલે રસ લઇને તમને વિનંતી કરું છું કે અમારા વ્યાયામને જીવતો રાખો. સરકારની બધી સિદ્ધિઓ સાચી. ૧૯૯૫ પછી વ્યાયામનું સ્તર ખૂબ નિમ્ન ગયું છે. કોઇપણ બાબત આની અંદર હોય તો સરકારની અણઆવડતની નીતિ છે તે આપના દ્વારા આ ગૃહનું ધ્યાન દોરવું છે. એકબાજુ કોલેજની અંદર વ્યાયામ શિક્ષકોની ભરતી થતી નથી. કેટલાક વર્ષથી ખેલ મહાકુંભની શરૂઆત કરી છે. તેની સાથે મારે કોઇ વિરોધ નથી કારણકે તે વ્યાયામ સાથે સંકળાયેલ છે. સ્કૂલ, કોલેજની અંદર રમતો રમાય છે. શાળાકીય હોય, માધ્યમિકની અંદર હોય, ઓપન સ્પર્ધા હોય તે દરેક જગ્યાએ આ હરિફાઇઓ થતી હોય છે. તેમાં બાળકો નથી આવતા તો આ ખેલ મહાકુંભનો ખર્ચ તેમાં કરી આ સ્કૂલોને પ્રોત્સાહન આપો અને તેનું નામ ખેલ મહાકુંભ રાખો. શાળાકીય સ્પર્ધા હોય, ઓપન સ્પર્ધા હોય, સ્કૂલ કોલેજોમાં વ્યાયામ શિક્ષકો નથી ત્યાં તેમની ભરતી કરો. તેનું ખેલમહાકુંભ નામ આપો. ખેલ મહાકુંભમાં જે ખોટા ખર્ચા થાય છે તે ફકત ને ફકત સરકારની પ્રસિદ્ધિ માટે થાય છે તેની જગ્યાએ વ્યાયામને તેની અંદર સાંકળી લો. તેની ગ્રાન્ટ સાંકળી લો. તેના મેદાનો બનાવો. તેના શિક્ષકો આપો અને તેના ડ્રેસ આપો તો ચોકકસ સારૂ કામ થશે. વ્યાયામની આજે આ સ્થિતિ છે ત્યારે હું આ સરકારનું ધ્યાન દોરું છું અને ખૂબ દુઃખ અને દર્દ સાથે એક વ્યાયામના અધ્યાપક તરીકે કહું છું કે ખરેખર વ્યાયામની પરિસ્થિતિ બહુ કફોડી છે.

મારે થોડીક કલાઇમેટ ચેઇન્જ વિશે વાત કરવી છે. મારા વિસ્તારની અંદર વટવા હોય કે ઓઢવ હોય ત્યાંથી પ્રદૂષિત પાણી મહીજથી શરૂ થઇ લાલી, ઉમિયાપુરા, બીડજમાં સતત વહેતું રહે છે. આના કારણે અમારી નહેર છે તેમાં આ ગંદુ પાણી જોડી દેવામાં આવેલ છે. આ પાણીના સ્તર નીચે ગયેલ છે. તે ખારીકટ કેનાલના કારણે પાણી નીચે જવાથી ત્યાં કૂવાઓમાં ફીણવાળું પાણી આવે છે. ત્યાં પીવાલાયક પાણી નથી. આ પાણી વહેતું વહેતું ખેડા જિલ્લાની બહાર ધોળકા, ધંધુકાના દરિયા કિનારા સુધીના ૭૮ કીલોમીટર ગંદુ પાણી વહે છે. તેનાથી મોટા મોટા મચ્છર પેદા થાય છે અને લોકોને અનેક રોગ થાય છે. સરકારશ્રી આ બાબતમાં થોડીક ચિંતિત રહે. સાબરમતી અત્યારે રીવરફ્રન્ટ આગળ સારી લાગે છે. તેનાથી આગળ સાબરમતીની અંદર ગંદુ પાણી જાય છે. બાપુના મત વિસ્તારની અંદર ગંદુ પાણી જાય છે. આના કારણે ખેડૂતોની સ્થિતિ બેહાલ બની છે. તેનાણી ઘણા રોગો થાય છે. આ પ્રદૂષિત પાણીને રોકવા માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. આડેધડ પાણી જાય છે તેના માટે કંઇક વિચારે. મારા વિસ્તારમાં જયાં ફેકટરીઓ થઇ છે તે ફેકટરીઓ ઉપર થોડુંક નિયંત્રણ કરે તેવું સરકારશ્રી અને પર્યાવરણ મંત્રીશ્રીને વિનંતી કરું છું. હું જયારે આપને વિનંતી કરું છું ત્યારે આ બાબતે અનેક વખતે રજુઆતો કરી છે. સરકારશ્રીએ હૈયા ધારણાઓ આપી છે.

**ઉપાધ્યક્ષશ્રી :** આપનું પ્રવચન વિરામ પછી એક મિનિટ માટે ચાલુ રહેશે. મારે એક અગત્યની જાહેરાત કરવાની છે.

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**પાર્લામેન્ટરી એસોસિએશનની બેઠક અંગે**

**ઉપાધ્યક્ષશ્રી :** આજ રોજ સભાગૃહની બેઠકના વિરામ સમયની શરૂઆતમાં ગુજરાત પાર્લામેન્ટરી એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભાની બેઠક વિધાનસભા ભવનના ચોથા માળે આવેલ સમિતિ ખંડ–૧ માં રાખવામાં આવી છે. તેમાં દરેક સભ્યશ્રીએ અચૂક હાજર રહેવા વિનંતી છે.

**વિરામ ૨.૩૦ થી ૩.૧૫**

**ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ગૌતમભાઇ, આપની એક મિનિટ બાકી છે, આપ ચાલુ કરો.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, સૂરતમાં ૨૨ કરોડના ખર્ચે ઇન્ડોર સ્ટેડિયમનું રિનોવેશન કરવાનું છે. ૧૯૯૮ની સાલમાં સૂરત મહાનગરપાલિકાએ ૨૧ કરોડના ખર્ચે ઇન્ડોર સ્ટેડિયમ બનાવ્યું હતું પરંતુ ૧૭ વરસની અંદર જ આના બિંબ અને બધું તૂટી ગયું છે અને એને રિપેરીંગ કરવા માટે ૨૨ કરોડની માગણી કરી છે તો જ્યારે આને બનાવ્યું હતું ત્યારે અને અત્યારે આ બાબતમાં શું ધ્યાન રાખવામાં આવ્યું? આ તો ૨૧ કરોડનું સ્ટેડિયમ હતું અને ૨૨ કરોડ એના રિનોવેશનમાં ખર્ચ થશે એટલે સોના કરતા ઘાટ વધારે મોંઘો થશે એવી પરિસ્થિતિ છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી(રાવપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગની માગણી નં.૯૮ ના સમર્થનમાં મારા વિચારો હું રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રમતમાં રાજકારણ ન હોય રાજકારણમાં રમત હોય અગાઉ મેં આ વાત કરી છે. તમામ ધારાસભ્ય મિત્રોને આ ગૃહમાં મારી વિનંતી છે કે, જ્યારે રમત ગમતનો વિભાગ હોય અને માનનીય ગૌતમભાઇ હમણા જ કહેતા હતા કે રમત ગમત માટે કોઇ પક્ષાપક્ષી નહીં અને માટે જ મારું પણ એજ નમ્ર નિવેદન છે કે, જ્યાં રમત ગમતની વાત આવે ૨૦૬ હાડકા આ શરીરમાં હોય, ૯૦૦ સ્નાયુ હોય, ૭૦૦ શીરા હોય, ૨૪ ધમની હોય એવા આ શરીરને રમત ગમતથી સ્વસ્થ રાખવા માટે, મજબૂત રાખવા માટે અને એ થકી રાજય સરકારનો આ રમત ગમત વિભાગ સમગ્ર જનતાનું શારીરિક સૌષ્ઠવ બને એટલે બહુ મહત્વનો છે અને માનનીય વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને તત્કાલિન મુખ્યમંત્રી હતા ત્યારે એમણે આ વિષયને ખૂબ વેગ આપ્યો છે અને તમને અદ્વિતિય શબ્દકોષની અંદર પણ ન મળે શબ્દ "ખેલ મહાકુંભ" નામ આપ્યું. એમનો જે પ્રયાસ છે, હું જો ટૂંકમાં કહું તો ૨૦૧૧-૨૦૧૨માં કુલ ૧૨૬ મેડલ મળેલા, ૨૦૧૨માં ૧૫૪, ૨૦૧૩માં ૧૩૯ અને છેલ્લે ૨૦૧૩-૧૪માં ૨૦૭ મેડલ ગુજરાત મેળવીને લાવ્યું છે આ રમત ગમતની અંદર. તો ૧૨૬ થી ૨૦૭ એ ટૂંકાગાળાની અંદર જો આપણે સિદ્ધિ હાંસલ કરી શકતા હોઇએ તો એનું કારણ છે આ ખેલ મહાકુંભ. માનનીય મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આના માટે એક પહેલ કરી છે અન્ય રજયોની સરખામણીમાં પહેલીવાર આ યોજના દાખલ કરી છે ગુજરાતીઓને માટે આ આનંદની વાત છે. ઓલોમ્પીક્સ ગેમ્સમાં જો બ્રોન્ઝ મેડલ જીતીને કોઇ ખેલાડી લાવે તો એને ૨ કરોડ રૂપિયા, સિલ્વર મેડલ જીતીને લાવે તો ૩ કરોડ રૂપિયા અને જો ગોલ્ડ મેડલ જીતીને લાવે તો ૫ કરોડ રૂપિયાનો પુરસ્કાર આપવાની માનનીય આનંદીબેને જાહેરાત કરી છે અને તેના માટે આ માંગણી આવેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, માત્ર ઓલોમ્પીકસ ગેમ્સ જ નહીં પણ એશિયન ગેમ્સની અંદર પણ જો કોઇ ખેલાડી બ્રોન્ઝ મેડલ લાવે તો એને ૫૦ લાખ રૂપિયા, સિલ્વર મેડલ જીતીને લાવે તો એને ૧ કરોડ રૂપિયા અને ગોલ્ડ મેડલ જીતીને લાવે તો ૨ કરોડ રૂપિયા, એટલું જ નહીં કોમનવેલ્થ ગેમ્સમાં જો બ્રોન્ઝ મેડલ જીતીને લાવે તો ૨૫ લાખ રૂપિયા, સિલ્વર મેડલ જીતીને લાવે તો ૫૦ લાખ રૂપિયા અને ગોલ્ડ મેડલ જીતીને લાવે તો ૧ કરોડ રૂપિયા. નેશનલ ગેમ્સમાં પણ નેશનલ ચેમ્પિયનશીપમાં કોઇ ખેલાડી બ્રોન્ઝ જીતીને લાવે તો ૧ લાખ રૂપિયા, સિલ્વર મેડલ જીતીને લાવે તો ૨ લાખ રૂપિયા અને ગોલ્ડ મેડલ જીતીને લાવે તો ૩ લાખ રૂપિયા. તો રમત ગમતના પ્રયાસોને આ સરકારે ખૂબ જ મહત્વ આપ્યું છે ત્યારે એક આગવી વાત જે લાવ્યા છે કે દરેક આવા ખેલાડીને માટે ૫ લાખનો મેડીકલેઇમ અને જે ખેલાડીઓ ઉતિર્ણ થયેલા છે એવા ખેલાડીઓને વધારે પ્રોત્સાહન આપવા માટે, લજ્જા ગોસ્વામી, આપણે સૌ આ નામ જાણીએ છીએ તેને રાયફલ શુટિંગમાં ૨૮ લાખ રૂપિયા ઇલેક્ટ્રોનીક ઇક્વિપમેન્ટ માટે અને વધુ આગળ શિખવા માટે આ સરકારે મંજૂર કર્યા છે, અંકીત રાજપરા જેઓ ચેસના આંતરરાષ્ટ્રીય ખેલાડી છે અને મહેસાણાના છે તેને માટે ૨૯ લાખ રૂપિયા એમના ટ્રેનિંગ અને કોચ માટે મંજૂર કર્યા છે, અંકિતા રૈના, અમદાવાદ, જેઓ ટેનિસની અંદર ખૂબ સારા ખેલાડી છે, અગિયારથી વધુ દેશમાં ટુર્નામેન્ટ રમવા માટે અને વિદેશી નિષ્ણાત પાસે કોચીંગ માટે ૨૯ લાખ રૂપિયા આપણે આપ્યા છે, અંશુલ કોઠારી, સૂરત, એને સ્વીમીંગ માટે તાલીમ લેવા માટે ૩૧ લાખ રૂપિયા આ સરકારે મંજૂર કર્યા છે, માના પટેલ અમદાવાદ, તેને સ્વીમીંગની અંદર આંતરરાષ્ટ્રીય કોચ, ઓસ્ટ્રેલીયામાં કોચીંગ માટે રૂપિયા ૧૯ લાખ આપણે મંજૂર કરેલા છે, રમતગમતમાં જ્યારે પણ આપણે આગળ લાવવા હોય ત્યારે આપણી સરકારે ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર ધ્યાન આપવું જોઇએ અને એના માટે આ બજેટની અંદર, આ માગણીની અંદર જિલ્લા કક્ષાએ સરદાર પટેલ સ્પોર્ટસ કોમ્પલેક્સ બનાવવા માટે દરેક જિલ્લામાં દસ થી પંદર એકર જમીન ફાળવવાના છે, તેમજ અગિયાર

જિલ્લાઓમાં કોમ્પલેક્સ ઉભાં થશે અને કેટલીક જગ્યાએ ૩૫ એકર જમીન ફાળવવાના છીએ. ૨૦૧૫-૧૬ના બજેટમાં સાત નવી હોસ્ટેલ આપણે મંજૂર કરવા જઇ રહ્યા છીએ. ૨૦૧૫-૧૬માં અમદાવાદમાં ખોખરા મુકામે સ્વીમીંગ પુલ માટે માનનીય સુરેશભાઇ પટેલ અને શૈલેષભાઇ પરમાર સાહેબને ધ્યાન દોરીને કહુ છું કે આ સ્વીમીંગ પુલ માટે બે કરોડ રૂપિયા, અમદાવાદમાં નરોડા માટે અમારા મિત્ર જગરૂપસિંહ અને પંચાલભાઇનું ધ્યાન દોરું કે ત્યાં સ્પોર્ટસ હોલમાં ટેનિસ કોર્ટ માટે સાડા ચાર કરોડ રૂપિયા, ભાવનગર માટે શક્તિસિંહજી અને વિભાવરીબહેનનું ધ્યાન આકર્ષિત કરીશ મલ્ટીપરપઝ સ્પોર્ટસ હોલ માટે સાડા ચાર કરોડ રૂપિયા, જામનગરમાં સ્વીમીંગ પુલ માટે બે કરોડ રૂપિયા. નડિયાદમાં માનનીય પંકજભાઇ દેસાઇ અને માનનીય નટવરસિંહ જે આજે નથી સ્પોર્ટસ હોસ્ટેલ માટે બે કરોડ રૂપિયા, હિંમતનગર માટે માનનીય રાજેન્દ્રસિંહ અને જોષીયારા સાહેબ એક કરોડ રૂપિયા, દેવગઢ બારિયા, પાટણ અને સાપુતારામાં આમ મળીને કુલ ૨૭ કરોડ રૂપિયાનો આપણે ખર્ચ કરવા જઇ રહ્યા છીએ. ૨૦૧૧-૧૨માં ૨૦૩ કરોડ રૂપિયા આ વિભાગને ફાળવેલા, ૨૦૧૧ થી ૨૦૧૫-૧૬ના માત્ર સાડા ચાર વરસના ટૂંકા ગાળામાં ૩૭૭ કરોડ રૂપિયા, એટલે ૧૭૪ કરોડ રૂપિયાનો વધારો આ વિભાગમાં આપણે કર્યો છે. એટલે મને એમ થાય છે કે, "**તારીફ કરું ક્યાં ઉસ કી જિસને યે બજેટ બનાયા**", માનનીય નાનુભાઇ વાનાણી ઉપર ખુબ ખુશ થઇ ગયા છે માનનીય સૌરભભાઇ પટેલ સાહેબ. નવી બાબતો જોઇએ તો સ્પોર્ટસ યુનિવર્સિટી માટે ૩૬ કરોડ રૂપિયા, સ્પોર્ટસ મેડીસીન સેન્ટર માટે ૧૦૦ લાખ રૂપિયા, પ્રિ-નેશનલ કોચીંગ માટે ૧૦૦ લાખ રૂપિયા, ખેલ મહાકુંભ માટે પ્રતિભા ઓળખ શોધ અને તેમની તાલીમ માટે પચાસ લાખ રૂપિયા ફાળવેલ છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મહિલા અને બાળ વિકાસની માગણી નંબર-૧૦૫ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉભી થઇ છું. માનનીય અધ્યક્ષશ્રી, ચૈત્ર સુદ પાંચમ માં જગદંબાના આ ચોથા નવરાત્રીની આ ગૃહના તમામ સભ્યશ્રીઓને હું શુભકામનાઓ પાઠવું છું. માં જગદંબા આપ સૌને શક્તિ આપે અને જનતાના કામ સંપૂર્ણ સારી રીતે કરો એવી શક્તિ આપે.

મહિલા અને બાળ વિકાસ વિભાગમાં આજે મારા વિચારો રજૂ કરું છું ત્યારે આજે આ વિભાગમાં *(xxx) જેથી સ્થિતિ મહિલા અને બાળ કલ્યાણની છે.

ઉપાધ્યક્ષશ્રી : *(xxx)આ શબ્દો રેકર્ડ પરથી હું દૂર કરું છું.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા: માનનીય અધ્યક્ષશ્રી, આજે મારા મત વિસ્તારની વાત કરવા માગું છું ત્યારે મારા ૨૫-૨-૨૦૧૫ના પ્રશ્નોત્તરીમાં ૧૪૦મો પ્રશ્ન હતો એમાં દાહોદ જિલ્લા દેવગઢ બારિયા, ધાનપુર, ફતેહપુરા, ગરબાડા, લીમખેડા અને ઝાલોદમાં કુલ કુપોષિત બાળકો ૨૧૫૩૯ અને અતિ કુપોષિત ૧૭૦૦ બાળકો. એટલે દુઃખ સાથે કહેવું પડે છે કે, સરકાર જાહેરાત આપે છે પણ કુપોષણ મુક્ત ગુજરાત ક્યારે થશે એ તો એક સપનું બની ગયું છે. બાળકોને આંગણવાડીમાં જે અનાજનો જથ્થો મળે છે એ પણ સડેલું હોય છે અને એમાં બીજું કે એક દિવસમાં ત્રણ જાતનો નાસ્તો બનાવવામાં આવે છે. ત્યારે સવારમાં ઘઉંનો નાસ્તો બનાવવાનો હોય પણ ઘઉં અત્યંત સડેલા હોય છે અને એક રૂપિયાનું સફરજન, જેવું તેજશ્રીબહેને કહ્યું એમ એક રૂપિયાનું સફરજન એટલે અમારા આદિવાસી વિસ્તારમાં તો લોકો દાહોદથી લાવીને ધંધો કરે છે એટલે પાંચ રૂપિયા વિના એક સફરજન પણ મળતું જ નથી એટલે આંગણવાડીની બહેનો અત્યારે કેટલી મુંઝવણમાં છે. મારૂ એમ કહેવાનુ છે કે આંગણવાડીમાં ત્રણ વખત નાસ્તો આપવામાં આવે છે અને તેનો ટાઇમ ૧૧ થી ૨નો છે તેની જગ્યાએ તાજો અને ગરમ નાસ્તો એક વખત આપવામાં આવે તો પણ કૂપોષણ અટકવાનું છે. આંગણવાડી કાર્યકરો, બહેનો જે ભાજપના પોગ્રામો થાય છે તેમાં બહેનો દોડી દોડીને ત્યાં સંખ્યા બતાવવાનું કરે છે અને છોકરાઓને તેડાગરની રીતે મૂકી દે છે એટલે છોકરાઓની સંખ્યા આંગણવાડીમાં થતી નથી અને મારી ઘણી બધી વિઝિટો થયેલી છે ત્યારે ચાર કે પાંચ છોકરાઓ હોય, આ જીવતો જાગતો દાખલો છે. ગયા શનિવારે હું એક આંગણવાડી વિસ્તારમાં ગઇ હતી તો ત્યાં ત્રણ જ છોકરા હતા એટલે દુઃખ સાથે કહેવુ પડે છે.

---

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મહિલા કોલેજ, મહિલા આઇ.ટી.આઇ. અને મહિલા હોસ્ટેલોની જોગવાઇમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. નારીને ન્યાય નારીઓ દ્વારા મળે તે માટે વધુ તાલુકાઓમાં નારી અદાલતની રચના કરાશે. ૨૦૧૨માં જાહેરાત કરી હતી પરંતુ ૩૭ નારી અદાલતની રચના થઇ નથી. રાજયમાં ૭.૨૭ લાખ જેટલા બાળકો ઓછું વજન ધરાવે છે. ગુજરાતની મહિલાઓના વિકાસ માટે હાલમાં માત્ર ૫ ટકા જેટલું બજેટ અંદાજિત ફાળવવામાં આવ્યું છે. આંગણવાડી કાર્યકર વર્ગ–૩ના જે સેવાવર્ગ કાયમી કરવામાં આવે. આંગણવાડી તેડાગરને વર્ગ–૪ સેવાવર્ગને સમાવેશ કરી વર્ગ–૪ના પગાર ધોરણનો અમલ કરવો જોઇએ. ચિરંજીવી યોજનામાં બાળકોને ફકત આદિવાસી વિસ્તારમાં દૂધ ડેરીઓ મારફતે અપૂરતું દૂધ આપવામાં આવે છે અને ઘણી જગ્યાએ દૂધ બગડી પણ જાય છે એટલે છોકરાઓ પીતા પણ નથી અને પીએ તો તેમની તબિયત બગડી જાય છે. સમગ્ર રાજયમાં જયારે આપણે કૂપોષણમાં નંબર ૧ છીએ અને અધિકારીઓને બાળકો દત્તક લેવાનું કહેવામાં આવે છે, તેના બદલે સમગ્ર ગુજરાતમાં બાળકોને વિટામીનયુકત ખોરાક આપવો જોઇએ. ૨૦૧૨ કરતાં ૨૦૧૩માં બળાત્કારો વધવાના દરની બાબતમાં અરૂણાચલ પ્રદેશ, ગોવા, કર્ણાટક, મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશ પછી સાતમા ક્રમે ગુજરાત છે. ભારતમાં દર વર્ષે ૩૨ ટકાના દરે બળાત્કાર વધે છે જયારે ગુજરાતમાં ૫૪ ટકાના દરે વધે છે. કુલ અપહરણમાં મહિલાઓના અપહરણની ટકાવારીની બાબતમાં ગુજરાત બિહાર કરતાં પણ આગળ છે. રોજના ૩૦ જેટલા બાળકો/વ્યકિતઓ ગુમ થાય છે. ગુજરાતમાં દર વર્ષે ૧૦ હજાર જેટલાં બાળકો લાપત્તા થાય છે.

ઉપાધ્યક્ષશ્રી : ચંદ્રિકાબેન આપની પાસે બે મિનિટ છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારની વાત કરું ત્યારે હું મારા ગરબાડા તાલુકાની વાત કરવા માગુ છું જે આંગણવાડી બહેનો પોગ્રામ ઓફિસર હોય સી.ડી.પી.ઓ.બહેનો છે તે તેમના પોતાના જે ડ્રાયવરને કામ સોંપવામાં આવે છે અને ડ્રાયવર બધુ એમનું કામ કરે છે. આંગણવાડીમાં વિઝિટ મારવી હોય તો નોટિસ પણ ડ્રાયવર આપી શકે છે તો આ બહેનોને શું કામ રાખી ? આદિવાસી વિસ્તારમાં જે ગરબાડા તાલુકામાં ભરતી કરવાની હોય *(xxx)

ઉપાધ્યક્ષશ્રી : *(xxx) તે શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેરિટમાં બહેન આવતા હોય તેના કાગળો પણ કાઢી લેવામાં આવે છે એટલે દુઃખ સાથે કહેવું પડે છે કે આવો ભ્રષ્ટાચાર થાય છે ત્યારે અનાજ મોકલવામાં આવે છે તેમાં બહેનોને પૂરતા પ્રમાણમાં પગાર પણ મળતો નથી. જયારે બહેનો બેન્કોમાં જાય છે ત્યારે તેમને પૂરતો પગાર મળતો નથી અને બહેનો આખો આખો દિવસ બેન્કોમાં પણ બેસી રહે છે અને ત્યાં પણ એક હપ્તા જેવું જ ચાલે છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે આદિવાસી વિસ્તારમાં આપ જુઓ અને ખાતરી કરો. હું મારા ગરબાડા તાલુકામાં તમારી સાથે આવીશ.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારોમાં, ઉંડાણવાળા વિસ્તારોમાં આવુ બધુ ઘણું થાય છે એટલે મારે દુઃખ સાથે કહેવું પડે છે. આજે આંગણવાડીમાં જે નાસ્તો આપવામાં આવે છે તેના ઘઉં પણ સડેલાં આપવામાં આવે છે અને અપૂરતાં આવે છે. જયારે ઘઉં મળે તો તેલ ના મળે અને તેલ મળે તો ઘઉં ના મળે એવી પરિસ્થિતિ આ ગામડાની જોવા મળે છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, માગણી નંબર ૧૦૫, મહિલા અને બાળ કલ્યાણના માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

આ દેશની કુલ વસતિના ૫૦ ટકા મહિલાઓ અને ૨૫ ટકા બાળકો અને યુવાનોની જનસંખ્યા રહેલી છે. એટલે સમાજની ૭૦ ટકા થી ૭૫ ટકા વસતિ મહિલાઓ, બાળકો અને યુવાનોની છે ત્યારે તેમના કલ્યાણ માટે સાચા અર્થમાં ચિંતા કરી હોય તો તે મારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. મહિલા અને બાળ કલ્યાણ વિભાગનો હવાલો શરૂઆતથી જ માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વમાં રહ્યો અને આજે આ વિભાગનો સ્વતંત્ર હવાલો માનનીય મંત્રી પ્રો. વસુબેન ત્રિવેદી સંભાળે છે ત્યારે મારે ગૌરવભેર

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

કહેવું પડે છે કે, આ વિભાગે માત્ર યોજનાઓ નહિ પરંતુ એથી આગળ વધીને મહિલાઓની આશા, અપેક્ષા અને સ્વપ્નાઓને સમજવાનું અને સજાવવાનું કામ કર્યું છે. એક ચોક્કસ દિશામાં દ્રઢ નિશ્ચય સાથે ઉત્તમ પગલા ભરીને મહિલાઓને સધિયારો આપવાનું કામ આ મહિલા અને બાળ કલ્યાણ વિભાગે કર્યું છે.

ગુજરાતના પ્રથમ મહિલ મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલે શાસનની ધૂરા સંભાળી ત્યારથી જ વિકાસની પ્રક્રિયામાં મહિલાઓને વધુને વધુ ભાગીદાર બનાવવાના પ્રયત્ન કર્યા છે. વાત મહિલાને શિક્ષિત કરવાની હોય કે રોજગારી આપવાની હોય કે પછી આરોગ્ય ક્ષેત્ર હોય કે આર્થિક ક્ષેત્ર હોય એમ દરેક ક્ષેત્રમાં ભાગીદાર બનાવવાની પહેલ કરી છે. પોલીસની ભરતીમાં ૩૩ ટકા મહિલા અનામત અને ૫૦ ટકા સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં મહિલા અનામત આપવાનો ઐતિહાસિક નિર્ણય રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ લીધો છે.

આ નાની સૂની વાત નથી. સાહેબ ૨૧મી સદી વિજ્ઞાન અને ટેકનોલોજીની છે. તો ૨૧મી સદી મહિલાઓની સદી આપણને દેખાઇ રહી છે. આ સદીનું નેતૃત્વ પણ મહિલાઓના સૂરક્ષિત હાથમાં હશે જે એક ઐતિહાસિક સિદ્ધિ હશે અને તે માટે માત્રને માત્ર જો કોઇને યશ આપવાનો હોય તો ગતિશીલ ગુજરાતના સ્વપનદ્રષ્ટા અને કુશળ વહીવટ કરતા તેમજ દ્રઢ ઇચ્છા શકિત ધરાવતા માનનીય આનંદીબહેનના ફાળે જાય છે.

આપણું રાજય વિવિધ પર્વોની ઉજવણી કરે છે. એક દિવસના અનેક તહેવારો આપણે ઉજવીએ છીએ બે દિવસના તહેવારો હોળી ધુળેટી, ઉતરાણ, વાસી ઉતરાણ, ત્રણ દિવસમાં મારી બહેનો ચાંદરણનું વ્રત કરે છે ચાર દિવસનું દીવાળી પર્વ, પાંચ દિવસના દીકરીઓના મોળાવ્રત અને છ દિવસ જન્મષ્ટમીનો મેળો કરીએ છીએ, સાત દિવસની સપ્તાહ બેસે અને આઠ દિવસ પર્યૂષણની ઉજવણી કરીએ છીએ. દેશનો લાંબો તહેવાર નવ દિવસનો નવરાત્રી આપણે ઉજવીએ છીએ પરંતુ અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ તો સળંગ ૧૫ દિવસનો મહિલા સશકિત પર્વની ઉજવણી કરીને ગુજરાતની નારી જગતને અમૂલ્ય ભેટ આપી છે. રાજયની તમામ બહેનો વતિ હું રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું.

એક જમાનો હતો એ વખતે મહિલાને અબળા કહેવામાં આવતી હતી પરંતુ આજે અબળા નારીને સબળા બનાવવાનું કામ છેલ્લા એક દસકાથી ભગીરથ પ્રયત્ન અને યોજનાઓની અમલવારી થતાં પરિસ્થિતિ બદલાઇ છે અને મહિલાઓ દરેક ક્ષેત્રમાં આગળ વધી રહી છે. આજે ઘરકામમાં પરોવાયેલી મારી બહેનોને સ્વાવલંબી બનાવવામાં પરિશ્રમની સાથે સરકારની સહાયે રંગ પૂર્યો છે. યોજનાઓથી લાભાન્વિત થયેલી મહિલાઓના જીવનમાં ગરીબીનો અંધકાર ઉલેચવાનું અભૂતપૂર્વ કામ મારા મહિલા અને બાળ કલ્યાણ વિભાગે કર્યું છે. મહિલા સશકત બને આગળ ધપે તે વિશ્વાસ તો આપ્યો પરંતુ સંસાધનો પણ આપ્યા પરંતુ અતિ મહત્વની કોઇ બાબત હોય તો મહિલાઓને સંરક્ષણ પૂરું પાડયું છે. માતા મૃત્યુદર અને બાળ મૃત્યુદર ઘટાડવા અને તંદૂરસ્ત રાજય અને રાષ્ટ્રના નિર્માણ માટે સરકારે અનેક યોજનાઓ બનાવી. મહિલાઓના આરોગ્ય માટે વિશેષ કાળજી લેવામાં આવી. આપણે સૌ જાણીએ છીએ કે તંદૂરસ્ત માતા હશે તો જ તંદૂરસ્ત બાળકને જન્મ આપી શકશે. માતાને બચાવવા માટે ચિરંજીવી યોજના અને બાળકને બચાવવા માટે બાળસખા અને બાળભોગ જેવી યોજનાઓ બની.

હમણાં એવું કહેવાતું હતું કે આઇ.સી.ડી.એસ. અમે શરૂ કર્યું. સરદાર સરોવરની વાત આવે તો કહે કે અમે શરૂ કરી છે. તમે શરૂ કર્યાનો આનંદ રાખો અમે એ બધું વિકસાવવાનું કામ કર્યું છે અને આ વિકસાવવાની વાતો કરી રહ્યા છે તમે માત્ર પથ્થર મૂકો અને અમે બધી ઇમારતો બનાવીએ છીએ. આ ઉપરાંત મારે એક વાત કરવી છે કે, આપણે પાંદડે પાણી પાઇએ તો બીજું પાન ન ફૂટે મૂળમાં જ પાણી પાવું જોઇએ. એટલે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સગર્ભ માતા હોય કે ધાત્રી માતા હોય. તેનું તો લાલન-પાલન કરવાનું કહ્યું છે પરંતુ આ દેશની કિશોરીઓ જે ભવિષ્યમાં માતા બનવાની છે તેની ચિંતા પણ કરી છે અને એટલા માટે આ કિશોરીઓને પૂરક પોષણ આપવા માટે પ્રિમિકસના પેકેટ અને આયોડિનની ગોળી આપવામાં આવે છે. માતા અને બાળકમાં કૂપોષણનો ઘટાડો થાય તેના માટે કૂપોષણ મિશનની પણ રચના કરવામાં આવી છે. આપણે સૌ જાણીએ છીએ કે બાળકોને ચોકલેટ બહુ પ્રિય હોય છે. વર્ષ-૨૦૦૭માં બાલભોગ યોજના અંતર્ગત પોષણયુક્ત ચોકલેટનું

લોન્ચીંગ કરવામાં આવ્યું. આ ચોકલેટ દ્વારા આ બાળકોને આયર્ન, વીટામીન એ., સી. અને ફોલિક એસિડ રહેલું છે જે બાળકને ખૂબ ઉપયોગી છે. આ ઉપરાંત દૂધ સંજીવની યોજના, આંગણવાડીના બાળકોને ફળ આપવાની યોજના, ગરમ નાસ્તો આપવાની યોજનાની અમલવારી થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મુખ્યમંત્રીશ્રી પણ મહિલા છે અને આ વિભાગ સંભાળતા મંત્રી પણ મહિલા છે ત્યારે મહિલાઓના ઉત્કર્ષમાં અભૂતપૂર્વ આત્મવિશ્વાસનો સંચાર થયો છે. ખરેખર બળ પણ મળ્યું છે. રાજયની લાખો બહેનોના સ્વાભિમાન અને સ્વમાનને અપાવવામાં મહિલા અને બાળકલ્યાણ મંત્રી જયારે ખૂબ સફળ રહેલ છે ત્યારે મહિલા અને બાળકલ્યાણ વિભાગની માગણીને સમર્થન આપું છું.

શ્રી પુનમભાઇ મા. પરમાર(સોજીત્રા) : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસ અંગેની મહેસૂલી ખર્ચની માગણી નં. ૧૦૫ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દીકરી–દીકરો એક સમાન આ માનસિકતા દરેક વ્યકિતના વિચાર–વાણીમાં હોવી જોઇએ. સરકારે આ ભેદભાવ ભૂલવાની દિશામાં કોઇ જ પગલાં લીધા નથી. મહિલા અબળા નહીં, રણચંડી છે. હાલ નવરાત્રિ ચાલે છે. માતા સતી ઉપાસના ભકિતનો અનેરો અવસર છે. આજના સંદેશ સમાચારમાં છાપામાં પુરૂષની સ્ત્રી ભકિતના સમાચાર છે. દિલ્હીની આપ પાર્ટીના એક પ્રધાન રોજ સવારે પોતાની પત્નીને પ્રણામ કરી, પગે લાગી રોજીંદા કામે જાય છે. આને કહેવાય સ્ત્રી સશકિતકરણ. અહીં તો ફકત વાતોના ફડાકા મારવામાં આવે છે.

ઉપાધ્યક્ષશ્રી : પુનમભાઇ, તમે દિલ્હીવાળામાંથી પ્રેરણા લેવાના નથી ને?

શ્રી પુનમભાઇ મા. પરમાર : બધાએ લેવાની છે. આ સરકારે લેવાની જરૂર છે. માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓ માટે દવાખાનામાં પૂરતો સ્ટાફ નથી. પૂરતી દવાઓ નથી. મહિલાની પ્રસૂતિ માટે દવાખાનામાં જાય તો દવાઓ ખાનગી સ્ટોરમાંથી લાવવાનું પ્રિસ્ક્રીપ્શન લખી આપવામાં આવે. કયાં છે મહિલા સલામત? કયાં છે મહિલાનો વિકાસ? મહિલાઓ માટે માધ્યમિક કોલેજો, આઇ.ટી.આઇ. તેમજ શિક્ષણ, હોસ્ટેલ વ્યવસ્થા કરવા માટે બજેટમાં કોઇ નોંધપાત્ર જોગવાઇ કરી નથી. ગામથી લઇ રાજય, દેશ અને દુનિયામાં પૃથ્વીની રચના ભગવાને કરી ત્યારથી સ્ત્રી–પુરૂષની સંખ્યા સરખી રહે એવો જ ઇરાદો રાખેલ. પરંતુ સ્વાર્થી માનવી અને તંત્રએ એ પણ ખોરવવાના પ્રયાસ કર્યા છે. સરકાર ગમે તેટલી •(xxx), સ્ત્રી સાક્ષરતામાં પણ ઘણો તફાવત છે. સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ..

ઉપાધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી પુનમભાઇ મા. પરમાર : પુરૂષ કરતા ઘણું ઓછું છે. સ્ત્રીને ઘરકામ કરનાર તરીકે જ જોવામાં આવે છે. *(xxx) સ્ત્રીને પુરૂષ સમોવડી બનાવવી હોય તો જીવનના દરેક સ્ટેજે, દરેક ક્ષેત્રે અલગ વ્યવસ્થા અને સગવડો આપવી જોઇએ, પણ દુઃખ સાથે કહેવું પડે કે શિક્ષણમાં શિક્ષકો નથી. ઓરડા નથી, પીવાનું પાણી નથી. કેવી રીતે મહિલાઓ શિક્ષણ મેળવી શકે?

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં વર્ષાબેને ગતિશીલ સરકારની વાત કરી. સૌનો સાથ સૌનો વિકાસ–ની વાતો કરી. સરકાર બાળકોને •(xxx) માં એલચીનો સ્વાદ ન હોય એ સ્વાભાવિક વાત છે. ત્યારે સરકાર લાડુના ત્રણ રૂપિયા ગ્રાન્ટ આપે. ત્રણ રૂપિયા ગ્રાન્ટની અંદર દોઢ રૂપિયો વચેટીયા ખાઇ જાય. તો એ દોઢ રૂપિયાનો લાડુ કેવો બને? લોટ,પાણી અને લાકડા જેવો બને ત્યારે આપણે વિચારવું રહ્યું કે આ બાળકો કેવી રીતે કૂપોષણથી બચવાના છે?

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ઘણાં વિસ્તારમાં પાણીની તંગી છે. મહિલાઓનો અડધો સમય તો પાણી, કપડાં, વાસણ સાફ કરવા અને ઘરકામમાં જ જાય છે. શિક્ષણ સ્વાસ્થ્યની કેવી વાત? મોડેલ સ્ટેટમાં નાની બાળાઓ અને સગર્ભા મહિલાઓ કૂપોષણનો શિકાર થાય છે. સરકાર આના માટે ગંભીર નથી. આદિવાસી વિસ્તારમાં ૪૦ ટકા જેટલું ઉંચું કૂપોષણનું પ્રમાણ છે.

---

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા રાજ્યો કરતા મહિલાઓ અને બાળાઓ પર બળાત્કાર, અત્યાચાર, લૂંટના બનાવો, ગુજરાતમાં વધુ બને છે. આમાં પણ ગુજરાતે નં.૧ જાળવી રાખ્યો છે. વિધવા મહિલા પાસે દર બે વર્ષે પુનઃલગ્ન ન કર્યાનું પ્રમાણપત્ર માગવામાં આવે છે. જો ન મળે તો પેન્શન બંધ થઇ જાય છે. વિધવા પાસે વિધવા છું એવું પ્રમાણપત્ર માગવું એ મહિલાઓનું હળહળતું અપમાન છે. એ આ માનનીય સરકારે પોતે પોતાના અધિકારીઓ મારફત તપાસી લેવું જોઇએ કે ફરી લગ્ન કર્યા છે કે નથી કર્યા. મહિલાઓના પ્રશ્ન માટે દરેક ગામ-શહેરમાં અલગ સમિતિઓ બનાવવી જોઇએ. અને તેની રજૂઆતો, ભલામણો મેળવીને તેની અલગ વ્યવસ્થા કરવી જોઇએ. આંગણવાડીઓ અને બાલવાડીઓમાં બાલ આહારમાં ભયંકર ભ્રષ્ટાચાર ચાલે છે. ખોટી હાજરી બતાવી વધારાનું રેશન સંચાલકો, વચેટિયા ખાઇ જાય છે. સરકાર ઉંઘે છે. આંગણવાડીની તેડાગર બહેનોનું શોષણ બંધ કરવું જોઇએ. આંગણવાડી બહેનોને માત્ર રૂ. ૪૦૦૦/- પગાર આપવામાં આવે છે એ વધારવો જોઇએ. આંગણવાડીની બહેનો, આશાવર્કર જેવી બહેનોને આ સરકાર *(xxx) એ પણ બંધ કરવું જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : આપને ઘણો સમય થયો છે. આપ તેમાંય પ્રવચન આપી શકો તેમ છો.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રીના એજન્ડામાં ૧૧ મહત્વની બાબત પૈકી બે બાબતો મહિલા અને બાળ વિકાસ અંગે જાહેર કરી હતી. જેમ કે, મહિલાઓને સશક્તિકરણ કરીશું અને પોષણયુક્ત ગુજરાત બનાવીશું. પરંતુ આ બાબતે દિવસો પસાર થઇ ગયા હોવા છતાં કોઇ નક્કર પગલાં બજેટમાં ભરવામાં આવ્યા નથી. મહિલાઓની વાતો કરીએ છીએ પણ મહિલાઓની હેરાનગતીના કેસો ૧૨૪૩, પ્રતિદિન-૪, પતિ દ્વારા હેરાનગતિના ૭૮૧૨, પ્રતિદિન-૨૧, અપમૃત્યુના ૨૯, આત્મહત્યાના ૭૧૬૬, પ્રતિદિન ૨૦, પ્રાથમિક શાળામાં સફાઇ કામદારોને મહિનાનું વેતન રૂ. ૪૦૦/- જ આપવામાં આવે છે. હાથમાં ઝાડુ લઇને ફોટા પડાવવાથી સફાઇ ન થાય. જેમાં કરોડો રૂપિયા વાપર્યા છે. એ સફાઇ કામદારોને પગાર વધારી પ્રોત્સાહન આપ્યું હોત તો ખરેખર સાચા અર્થમાં સફાઇ ઝૂંબેશ કરી કહેવાત. એને કહેવાય એડમિનિસ્ટ્રેશન. *(xxx)

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ભાજપની સરકાર અત્યાર સુધીની સરકારોમાં સૌથી વધારે *(xxx). બહાર જઇને પૂછે તો ખબર પડે.

ઉપાધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરું

શ્રી પુનમભાઇ મા. પરમાર :કાઢી નાંખજો. સાહેબ, આ *(xxx)

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : પૂરું શું કામ કરો છો. ચાલુ રાખોને સાહેબ, તો લોકોને ખબર પડે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય દુષ્યંતભાઇ પટેલ, એમાં કાંઇ રહે એવું હતું નહીં એટલે એક-બે સેકન્ડ વહેલું પૂરું કર્યું. એ લાંબું કરે અને પછી કાઢવાની મહેનત કરવી એના કરતાં ૧૨ સેકન્ડ વહેલું પૂરું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં.૧૦૭ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહની અંદર બધા જ વિપક્ષના મિત્રો જે વાત કરે છે એને એક લાઇનમાં કહુ તો, discussion is an exchange of knowledge અને argument is an exchange of ignorance એટલે જ્યારે પણ ડિસ્કશન કરતા હોઇએ ત્યારે વિચારોની આપ-લે કરીએ પણ અહીં આર્ગ્યુમેન્ટ કરીશું તો exchange of ignorance આપણે જાણતા નથી અને બોલીએ છીએ એવું થતું રહ્યું છે. માનનીય તેજશ્રીબેન બોલીને આપણી વચ્ચે હાલ નથી. મારે ખાસ કહેવું પડે છે કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર અને તેના અહીં બેઠેલા ધારાસભ્યો એમાં એમ કહેવાય કે we are always optimists. અમે દરેક ડિફિકલ્ટીની અંદર અમે opportunity શોધી લઇએ છીએ. We are optimists એટલે જ્યારે પણ અહીં ડિસ્કશન થતું હોય ત્યારે we are always optimists. આપના પણ સારા સૂચનો શું હોય છે એ સ્વીકારવા હર હંમેશ તૈયાર

* માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

હોઇએ છીએ. આપના પણ સારા સૂચનો જે હોય છે એ સ્વીકારવા હરહંમેશ તત્કાલીન મુખ્યમંત્રીશ્રીના પણ એમના છેલ્લા દિવસના એમના ભાષણમાં આ શબ્દો હતા. તમારા સારા સૂચનો હંમેશાં લીધા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું કલાયમેટ ચેઇન્જની વાત કરતો હતો. કલાયમેટ ચેઇન્જ એ દંતકથા નથી વાસ્તવિકતા છે. અને એનું અસ્તિત્વ એ આપણા સૌના ઉપર સૌથી મોટો ખતરો છે. સમગ્ર વિશ્વની એક સૌથી મોટી રાક્ષસી સમસ્યા છે અને માનવસર્જિત છે અને એનો મુખ્ય ભોગ બનનાર પણ આપણે જ છીએ. જે રીતે વિશ્વમાં લોકોની જીવનશૈલી અલગ અલગ છે પણ જોવા જઇશું તો એની અસરો બધાએ ભોગવવાની છે. હમણા જ તાજેતરમાં માવઠું પડયું, કરા પડયા. આ એક જીવતું જાગતું કલાયમેટ ચેઇન્જ કે ગ્લોબલ વોર્મીંગનું મોટામાં મોટું ઉદાહરણ છે. એક જ સ્થળ પર સાડા છ ઇંચ થી સાત ઇંચ વરસાદ પડતો હોય છે. આ રાજયની અંદર છેલ્લા ત્રણ વર્ષમાં એવું પણ જોવામાં આવ્યું છે કે ત્રણ દિવસની અંદર આખી સીઝનનો વરસાદ કોઇ ઠેકાણે પડી જતો હોય એવું પણ આ રાજયની અંદર બનેલું છે અને આ બધી અસરો જોવા જઇએ તો આ ગ્લોબલ વોર્મીંગની બધી અસરો છે. એવું કહેવાયું છે કે એક અમેરિકન જે લાઇફ સ્ટાઇલ જીવે છે જો વિશ્વના બધા જ લોકો એક અમેરિકનની લાઇફ સ્ટાઇલથી જીવે તો આવી પાંચ પૃથ્વી આપણે જોઇએ. આ ''ધરતી માં'' એ બ્રમ્હાંડની સૌથી મૂલ્યવાન બક્ષિસ છે અને એનું જતન કરવું એ આપણું સૌથી મોટું કર્તવ્ય છે. આપણે જે રહીએ છીએ એમાં પાણી, હવા, માટી, ખનિજ તેલ જંગલ ઘાંસ, સમુદ્ર, કૃષિ અને પાલતુ પ્રાણીઓ વગેરેના પેદાશો આપણું જીવનચક્રની વ્યવસ્થા છે અને તેના વિનાનું જીવન આપણે જોઇએ તો એ ખરેખર અસંભવ છે. મહાત્મા ગાંધીએ પણ કહ્યું છે કે આપણે વિશ્વમાં જે ફર્ક જોવા માગીએ છીએ એ મુજબ આપણામાં ફર્ક લાવવો પડશે. હું પાણીની વાત કરું તો પાણી આપણે આજે જે પીએ છીએ બધાય કબૂલતા હશે કે આપણે બધા આર.ઓ. પ્લાન્ટનું પાણી પીએ છીએ અને આર.ઓ. પ્લાન્ટનું પાણી પીએ અને આપણે આપણો પોતાનો બ્લડ ટેસ્ટ કરાવીએ કે યુનિટ ટેસ્ટ કરાવીએ તો બધાયની અંદર મોટા ભાગે બી–૧૨ ની ડેફીસીયન્સી આવે છે. શા માટે આર.ઓ પ્લાન્ટનું પાણી આપણે પીએ છીએ? કારણ કે આપણે જાણીએ છીએ કે ગ્રાઉન્ડ વોટર આખા વિશ્વનું ૨૦ ટકા પ્રદૂષિત થઇ ચૂકયું છે. હું જે જિલ્લામાંથી આવું છું અને મારી જે વિધાનસભા સીટ છે ત્યાં સૌથી મોટી વિકરાળ સમસ્યા પાણીની છે ત્યારે ભવિષ્યમાં શું થશે? આપણી આવનારી પેઢીનું શું થવાનું છે, તો એમ ખરેખર કહી શકાય કે સૌથી મોટો આવનાર પડકારરૂપ જો કોઇ હોય તો આપણું ભવિષ્ય છે. એવી જ રીતે હવાનું છે, વાતાવરણનું ચોકકસ એક યુનિફોર્મ મેથડ છે કે એની અંદર શું શું હોય, વાતાવરણ કેવું હોય, તો વાતાવરણની અંદર નાઇટ્રોઝન લગભગ ૭૮ ટકા હોય, પ્રાણવાયુ એટલે કે ઓકસીઝન ૨૦ થી ૨૧ ટકા હોય, ઓર્ગન અને અન્ય વાયુ ૦.૯૪ ટકા હોય અને કાર્બન ડાયોકસાઇડ ૦.૦૪ ટકા જ હોય, આ એક સમતુલિત વાતાવરણ કહેવાય આજે જો આને જોવા જઇએ તો આ વાતાવરણની અંદર કાર્બન ડાયોકસાઇડ સૌથી વધારે અસર કરે છે અને આજની જે સૌથી મોટી સમસ્યાઓ ઉભી થઇ છે એ વાતાવરણને લીધે પણ થઇ છે. ટાઇમ ઓછો છે મારે એક છેલ્લી વાત કરવી છે, ન્યુઝ પેપર્સની અંદર હમણા એસ.જી.વી.પી. સ્કૂલના લગભગ ૯૦૦ બાળકોએ પોલીથીન બેગ ન વાપરવાની પ્રતિજ્ઞા લીધી કે અમે વાપરીશું નહીં.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ(રાજકોટ (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે સભ્યો જયારે બોલતા હોય તો ઘણી બધી જગ્યાએ •(xxx), પણ સભ્યો બોલતા હોય ત્યારે અમારે સરકારનું કંઇક ધ્યાન દોરવાનું થતું હોય છે અને એમાં થોડા વધારે સીનીયર લોકો હોય તો સરકાર કેમ સારું કામ કરી શકે એ સજેશન લઇ શકે અને ઇમ્પલીમેંટ કરી શકે પરંતુ બેંચ ખાલી છે. •(xxx)

**ઉપાધ્યક્ષશ્રી :** કેટલાક શબ્દો સંસદીય પ્રણાલિ પ્રમાણે યોગ્ય નથી એટલે આપણે કાઢીએ છીએ. એની ટીકા ન થાય.

**શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ :** મારો કહેવાનો મતલબ એટલો જ છે કે છતાં અહીંયા નથી સારા લાગતા તો એ હકીકતમાં સારા નથી એનો સ્વીકાર સરકારે કરીને એમાં પગલાં લેવા જોઇએ મારી માગણી એ છે,

---

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

મારી ટીકાની વાત નથી. આજે યુવાનોની વાત આવે ત્યારે બે વાતની ચર્ચા કરીએ કે આપણે એને શું ખવડાવીએ છીએ અને શું રમાડીએ છીએ? એનો ખોરાક અને એના પછી એની માનસિકતા એનું ઘડતર કેમ થાય એની અગત્યતા એના કરતાં પણ ઉપરનું હોય એની ચર્ચા અહીંયા ઓછી થતી હોય છે. આજે રાજકોટમાં સરકારમાંથી મને કોઇ કહેશે તો હું એમને દાખલા સહિત સ્કૂલમાં લઇ જઇને આખી પદ્ધત્તિ દેખાડીશ. બાળક ભણે છે, ૧૦ માં અને ૧૨ માં ની પરીક્ષા દે છે. અમે પણ ભણતા ત્યારે નાના મોટા તોફાન કરી લેતા, નાની મોટી ભણવામાં ચોરી કરી લેતા. બધા કરતા હશે. આજે પ્રોફેશનલ ચોરી કરવાનું કામ સ્કૂલો કરી રહી છે. એને વિદ્યાર્થીઓ મળે એ માટે આમ કરે છે. એ જ સ્કૂલમાં એ જ સ્કૂલના વિદ્યાર્થીનો નંબર આવે એટલે એની ખુલ્લેઆમ ચોરી થાય અને ખુલ્લેઆમ એના પેપરો લખાય છે. એટલું જ નહીં પણ એનાથી આગળ કહું કે એ જ સ્કૂલનો વિદ્યાર્થી હોય એટલે બહાર ઉભા ઉભા (અંતરાય) તમે સાંભળો, આ હકીકત છે. (અંતરાય)

**ઉપાધ્યક્ષશ્રી :** માગણી ઉપર બોલો.

**શ્રી ઈન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ :** માગણી ઉપર જ છે. યુવાનોને સંસ્કાર આપવા માગીએ છીએ એની વાત કરી રહ્યો છું. આપણે ૧૦ મા અને ૧૨ મા ધોરણમાં શું સંસ્કાર આપીએ છીએ? ત્રણ દોરી આપી સ્કૂલમાં જઇને એ સ્કૂલના વિદ્યાર્થીને એને દરવાજાની બહાર આવી ત્રણ દોરી બાંધે એટલે માર્કસ ચેક કરવા જાય ત્યારે પૂરાપુરા માર્કસ મળી જાય એવી વ્યવસ્થાઓ થાય. આપણી શિક્ષણની પદ્ધત્તિ આવી થઇ ગઇ છે. ખાસ કરીને આ સરકાર આવ્યા પછી થઇ ગઇ છે. હમણાં મારા મિત્રએ કહ્યું કે તમે પાયો મૂક્યો છે. આ ગાંધીનગરમાં મોટા રસ્તા હતા, ગાંધીનગરમાં આયોજન થયું એટલે તમે મોટા રસ્તાઓનું આયોજન કરી શક્યા. સાંકડા રસ્તા મૂક્યા હોત તો ન કરી શક્યા હોત. નર્મદા યોજનાનો વિચાર હતો એનું ઇમ્પ્લીમેન્ટેશન નથી કરી શકતા. તમે વિચારની વાત કરો છો. સરકારના સારા અને સાચા વિચારથી દેશ અને રાજ્યનો વિકાસ થતો હોય છે. નબળા વિચારની સરકાર આવે ત્યારે ભવિષ્યમાં લોકોએ એનો ભોગવટો કરવાનો થતો હોય છે. આજે પણ મને એ વાતનો આનંદ છે કે નરેન્દ્રભાઇએ અહીંયા મુખ્યમંત્રી હતા ત્યારે કેન્દ્રની ઘણી યોજનાઓ સ્વીકારી અને એનું ઇમ્પ્લીમેન્ટેશન બરાબર કરે તો આપણે રૂપાળા દેખાઇશું. એ વિચાર મનમોહનસિંહનો વિચાર હતો. આજે પણ તમે આંકડાઓની વાતો કરો છો, એમ કહો છો કે આટલા અમે આમાં ફાળવ્યા, આટલા આમાં ફાળવ્યા એમ કહીને રાજી થાઓ છો. આપ પૈસા આપો એમાં રાજી છીએ. ટેક્સ ભરવાની ક્ષમતા લોકોની વધી છે એટલે તમારી પાસે વધારે પૈસા આવ્યા છે. કેન્દ્ર સરકારની નીતિઓ જે યુ.પી.એ.ની હતી એના લીધે વધારે આવ્યા છે એટલે તમે વધારે ફાળવી શકો છો. પણ સાથે તમારી જવાબદારી પણ બને છે કે ફાળવેલ પૈસાનો સદુપયોગ થાય છે કે દુરૂપયોગ એ જોવું જોઇએ. મારે કમનસીબે કહેવું પડે છે કે એનો ભરપૂર દુરૂપયોગ થાય છે. આ સંજોગોમાં હું આ સરકારને વિનંતી કરું કે ખાલી પૈસા દરેક સ્થળે, તમે હોસ્પિટલમાં જાઓ, તમે પોલિસમાં જાઓ તો આજે શું સ્થિતિ છે? તમને તો સારા આંકડા રજૂ કરી દે એટલે તમે રાજી થઇને આ બધું ચલાવો છો. પણ સ્થિતિ ત્યાં તો જુદી છે. એક હોસ્પિટલ સરખી કરવાની છે તો ટેકો આપે. એક અધિકારી આવ્યા છે, એવોર્ડ મળ્યો, અધિકારીએ કહ્યું કે મને સરકારનો ટેકો હતો એટલે સારું કામ કરી શક્યો. હું આ સરકારને વિનંતી કરું છું કે, બધા સાચા અને સારા અધિકારીઓ હોય એને ટેકો આપો એટલે આપોઆપ સુધારો થઇ જશે પણ એ સરકારમાંથી થઇ રહ્યું નથી. પોતાની જરૂરિયાતો પોતાના એવું તો હું નહિ કહું. બરોબર નહિ ગણાય પણ લોકોને કંઇક •(xxx).

ઉપાધ્યક્ષશ્રી : *(xxx)આ શબ્દ હું રેકર્ડ પરથી દૂર કરું છું. ઇન્દ્રનિલભાઇ આપની પાસે બે મિનિટ છે ફક્ત.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : એના દરેક કાર્યક્રમોનું ઇમ્પ્લીમેન્ટેશન થાય એટલે પછી બાકી જે અધિકારીને કરવું હોય એ કરે. આજે પહેલા પણ મેં કહ્યું છે કે ખાલી અમને નથી સાંભળતાં એવું નથી પણ લોકશાહીમાં તમને અધિકારીઓ કરી દે પછી અધિકારીઓને સંપૂર્ણ રીતે છૂટ આપી દેવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : ઇન્દ્રનિલભાઇ વિષય પર આવોને.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : વિષય પર જ બોલું છું.

---

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યાં.

ઉપાધ્યક્ષશ્રી : માગણીઓ જે છે મહિલા–બાળ કલ્યાણ, ક્લાઇમેટ ચેઇન્જ, રમત–ગમત એના પર આવો. એક જ મિનિટ છે હવે.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : સાહેબ, હું તમને કહું કે, આપણે આટલા બધા સભ્યોમાં આપણે ઓછા દિવસનું ગૃહ બોલાવીએ છીએ ત્યારે સભ્ય કહેતા હોય તો એ લોકોની લાગણી વ્યક્ત કરતા હોય એ થોડી સાંભળવાની તૈયારી રાખવી જોઇએ. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : તમે ક્યાં હાઉસમાં હાજર રહો છો?

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : આજે ખાલી કોંગ્રેસના સભ્યોનું જ નહિ. પરંતુ ભાજપના સભ્યો જે લોકોનું પ્રતિનિધિત્વ કરે છે એ યુવા માટે હોય કે મહિલા માટે હોય. મહિલા મુખ્યમંત્રી આવ્યાં છે. મહિલાનું બહુ રક્ષણ કરે છે પણ મને વધારે મજા આવે કે જો મિનિસ્ટ્રિમાં પણ એટલી જ ટકાવારીમાં મહિલાઓને લેવામાં આવે તો એ આનંદનો વિષય થાય કે ખરેખર એમને ન્યાય મળ્યો છે. આપણે ખાલી વાતોથી જ આખા સમાજને અથવા આપણાં સભ્યોને, આપણને બધાને વાતોથી રાજી રાખવાનો પ્રયત્ન થઇ રહ્યો છે ત્યારે અગાઉની સરકારમાં મહિલાઓની વાતો કરતા હતા પણ અગાઉની સરકારમાં પણ એ જ હાલત મહિલાઓની હતી.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી પંકજભાઇ મહેતા આપની પાંચ મિનિટ છે.

શ્રી પંકજ અ. મહેતા(રાપર) : માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગના મંત્રી જે માગણીઓ લઇને આવ્યાં છે તેને હું મારું સમર્થન આપવા અને એને આવકારવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી ભારત દેશની પ્રાચીન સંસ્કૃત્તિ અને પ્રાચીન જે વિદ્યાપીઠો હતી એ નાલંદા હોય, તક્ષશીલા હોય કે વલ્લભી હોય આ બધી જ વિદ્યાપીઠોની અંદર અનેક વિષયોના ઘડતરની સાથે સાથે જ્ઞાન અને શારીરિક સૌષ્ઠવને ખૂબજ મહત્વ આપી આ વિદ્યાર્થીઓના ખેલના અને રમતના કૌશલ્યમાં વૃદ્ધિ થાય એ માટેની પ્રવૃત્તિઓ આ પ્રાચીન કાળની અંદર પણ વિદ્યાપીઠોની અંદર થતી હતી. આપણાં દેશની અંદર અખાડાઓની અંદર આ પ્રકારની રમતોના આયોજન થતા હતા. ભારતીય પરંપરાના તમામ ધર્મના, તમામ સમાજના તહેવારોની સાથે સાથે પણ રમતોને જોડવાની આપણી પ્રાચીન પરંપરા રહી છે. વર્તમાન સમયમાં ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની આ સરકારે જે પ્રકારે ખેલ મહાકૂંભનું આયોજન કર્યુ છે એ સમગ્ર દેશની અંદર આયામ છે. એ સમગ્ર દેશને દિશા આપી શકે એ પ્રકારનો આયામ છે. કારણ કે ખેલ મહાકુંભનું આયોજન થકી આ રાજ્યના લાખો લોકોને રમત ગમતથી જોડીને એક અલગ પ્રકારની નેત્રદિપક કામગીરી આ રાજ્યની અંદર થઇ છે. **''રમશે ગુજરાત, જીતશે ગુજરાત''** આપણાં ગુજરાતીઓ માટે એવું કહેવાય છે કે, દાળ–ભાત ખાનારાં ગુજરાતીઓ. પરંતુ આ રમત ગમતની પ્રવૃત્તિઓના જે પ્રકારે આયોજન થયા છે અને એના પછીના જે પરિણામો આવ્યાં છે. આજે ગુજરાતનો યુવાન દેશ સેવા કાજે લશ્કરની અંદર જઇ રહ્યો છે અને આ પ્રવૃત્તિઓના કારણે એને પ્રોત્સાહન મળી રહ્યું છે. રાજ્યમાં રમતવીરોને પ્રોત્સાહન આપવા માટે નેશનલ કોચિંગ કેમ્પની પણ આગામી ખેલ ક્ષેત્રની પ્રતિભા ઓળખ માટેની પણ આગામી બજેટની અંદર એનું આયોજન કરવામાં આવ્યું છે. રમતવીરોને તાલીમની વ્યવસ્થાના ભાગરૂપે રાજ્યના સાત સ્થાનો ઉપર સ્પોટર્સ હોસ્ટેલનું નિર્માણ કરવાની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યાં છે એ અભિનંદનને પાત્ર છે. એની સાથે સાથે મારા કચ્છ જિલ્લાની અંદર પણ એક સ્પોટર્સ સંકુલ થાય એવી કચ્છના સૌ યુવાનો વતી, કચ્છના સૌ રમત અને ખેલ પ્રેમીઓ વતી હું આ સરકારને વિનંતી કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, સાંસ્કૃતિક શહેર જેને કહેવાય છે એ વડોદરા અને ભાવનગરની અંદર નાટ્ય અને નૃત્ય માટેની તાલીમના મહોત્સવનું આયોજન કરી શકાય, તેવા બહુહેતૂક કલા અને સાંસ્કૃતિક કેન્દ્રો બનાવવા માટેની જોગવાઇ પણ આની અંદર કરવામાં આવી છે. ઉભરતા ખેલાડીઓને વિવિધ રમતો માટે કોચીંગ પૂરું પાડવા માટે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતની અંતર્ગત સો કોચની ભરતી કરવા માટેની પણ જોગવાઇ કરવામાં આવી છે. ખેલ પ્રતિભા માટે પુરસ્કારોનું જે આયોજન કરવામાં આવ્યું છે, ચાલુ વર્ષે પાંત્રીસમી નેશનલ ગેમ્સ જે કેરાલા ખાતે યોજાયેલી હતી એમાં ગુજરાત રાજ્યે ગૌરવ લઇ શકે એવા ૧૦ સુવર્ણ ચંદ્રક, ૪ રજત ચંદ્રક અને ૬ કાંસ્ય ચંદ્રક સાથે કુલ ૨૦ ચંદ્રકો મેળવીને રાષ્ટ્રમાં નવમું સ્થાન પ્રાપ્ત કરી નેશનલ ગેમ્સમાં ગુજરાત રાજ્યે અત્યાર સુધીની અંદર ઇતિહાસમાં સર્વ શ્રેષ્ઠ પ્રદર્શન કરીને એક નવો ઇતિહાસ

રચ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેલની અંદર પણ મારે વિનંતી કરવી છે કે, આમાં કાપ દરખાસ્ત શેની હોય? એક બાજુ કોઇ સામેની પાર્ટીના સદસ્ય ખેલ માટે શું શું કરવું જોઇએ. એવી વાત કરી રહ્યા હતા અને બીજી બાજુ એમણે જ કાપ દરખાસ્ત મૂકી છે. મારે એટલું જ કહેવું છે કે, "**ઉપાડશે કોણ મારું કામ, અસ્ત થતા સૂર્યએ પૂછ્યું, સાંભળી જગત નિરૂત્તર રહ્યું, માટીનું કોડિયું બોલ્યું કે, મારાથી થતું હું કરી છુટીશ".** તો આ ખેલના કાર્ય માટે આ રાજ્યના યુવાનોને ખેલની પ્રવૃત્તિની અંદર જોડવા માટે બધાએ સાથે મળી, બધાએ પોતપોતાના વિસ્તારની અંદર એક-એક યુવાનને, એક-એક યુવતીને આ ખેલના ક્ષેત્રની અંદર પોતાની અનુકૂળતા કરી આપીએ એ પ્રકારનું વાતાવરણ રચીએ અને આપની કાપ દરખાસ્ત આપ પાછી ખેંચો એવી વિનંતી સાથે આ સરકારને જેના માટે આટલી માતબર રકમનું આયોજન કર્યું છે એના માટે લાખ લાખ અભિનંદન આપીને મારી વાતને પૂર્ણ કરીશ, અસ્તુ, વંદે માતરમ્.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, ક્લાઇમેટ ચેઇન્જ વિભાગની માગણીઓ લઇને મંત્રીશ્રી આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સ્નેહી મિત્ર દુષ્યંતભાઇએ ખૂબ સરસ વાત કરી. અમેરિકાની લાઇફ સ્ટાઇલને અનુસરીશું તો પાંચ ગણી પૃથ્વીઓ પણ આપણને ઓછી પડશે અને દુનિયાએ સ્વીકારી લીધું છે. **રિયો-ડિ-જાનેરો**માં ૧૯૯૨માં પર્યાવરણ વિદોએ ચિંતન બેઠક રાખી અને એમાં સ્વીકારી લીધું કે, આપણે માનવ સભ્યતા બચાવવી હોય, પ્રકૃતિને બચાવવી હોય તો માત્ર ને માત્ર એક ઉપાય છે કે, આદિવાસીઓની જે સંસ્કૃતિ છે, ''પ્રકૃતિ એ જ પરમેશ્વર'' એની જે લાઇફ સ્ટાઇલ છે એને અનુસરવું પડશે. તો જ આ દુનિયા બચશે અને એનો મને આદિવાસી હોવાનું ગૌરવ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વિશ્વ આજે ગ્લોબલ વોર્મિંગની અસરથી પ્રભાવિત થયું છે ત્યારે જળ, જંગલ, જમીનનું અમર્યાદ દોહન, પર્યાવરણ પ્રદૂષણનું જનક છે. ત્યારે દેશના અને રાજ્યના જવાબદાર નાગરિક તરીકે આપણા સૌની નૈતિક ફરજ છે કે, સાંપ્રત ગ્લોબલ વોર્મિંગના સ્ટેજને ઘટાડવા કે યથાવત રાખવા આપણે સૌ સહિયારા પ્રયાસો કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ક્લાઇમેટ ચેઇન્જ થવાના કારણો તપાસીએ તો વસતિ વિસ્ફોટ, બેફામ ઔદ્યોગિકરણ અને આર્થિક વિકાસની અસમાન ગતિ, આંધળી દોટ. કારણ કે, વિશ્વ સ્તરે જે તાપમાન વધે છે એ હવામાં કાર્બન ડાયોક્સાઇડ, બેફામ પ્રાકૃતિક ઓઝોન સ્તરને ગાબડા પાડીને આ ગ્લોબલ વોર્મિંગની અસર આપણે રોજબરોજ જોઇએ છીએ. અને છેલ્લા ઘણા વર્ષોમાં અનિયમિત ઋતુઓ, ગમે ત્યારે વરસાદ પડે, ગમે ત્યારે ઠંડી લાગે, કે ગમે ત્યારે ઋતુઓમાં જે ફેરફારો આવે છે એનું મુખ્ય કારણ છે. સાથે સાથે આપણા સમાજના ગંભીર પડકારો જે છે એ આપણા સ્વાસ્થ્ય માટે ગંભીર પડકારો ઉભા થયા છે. કારણ કે, પ્રકૃતિ અને પ્રાણી માત્રના સ્વાસ્થ્ય માટે સૌથી વધુ ઘાતક પર્યાવરણ પ્રત્યેનું અજ્ઞાન અને ભૌતિક સુખ માટેની ધન લાલસાના કારણે પર્યાવરણના રક્ષણ માટે માનવ સમાજ માટે ગંભીર પડકારો દુનિયામાં ઉભા થયા છે ત્યારે સરકાર અને આપણે સૌ ઉદાસીન છીએ. ગાંધીનગર જેવા પાટનગરમાં પણ પંચામૃત ભવનના નિર્માણના વિરૂદ્ધમાં પર્યાવરણ પ્રેમીઓ, સમાજના પ્રહરીઓ અને અખબાર માધ્યમો દ્વારા સરકારને ઢંઢોળવાનો પ્રયત્ન કરે અને આપણે સૌ ચૂપ બેસી રહીએ એ યોગ્ય નથી. હું ઘણી વખત અહીંયાથી જોઉં છું, વડોદરાથી ડભોઇ હાઇવે જેનું વિસ્તૃતિકરણનું કામ ચાલે છે. હજારો મહાકાય વૃક્ષો બેફામ રીતે કપાય છે. જરૂરી છે પણ એના વિકલ્પ તરીકે પણ આપણે નવા વૃક્ષો ઉગાડવાની શરૂઆત કરવી પડશે. વધતા જતા ઉષ્ણતામાન માટે, ગ્લોબલ વોર્મિંગના નિયમન માટે અનુકુલન ઉપાય, ગ્રીન હાઉસ, હવામાં કાર્બન ડાયોકસાઇડનું પ્રમાણ ઘટાડવા સક્ષમ ઉર્જા પ્રણાલિનું આયોજન અશ્મિજન્ય બળતણ કાર્બન ડાયોકસાઇડ વધુ પડતો ઉત્પન્ન કરે છે માટે સૌર ઉર્જા કે ન્યૂકલીયર ઉર્જાનો ઉપયોગ પણ ભવિષ્ય માટે આપણા માનવ સમાજ માટે ઉપયોગી રહેશે. પર્યાવરણના દૂષણની સાથેસાથે સરકારમાં પણ ભ્રષ્ટાચારનું દૂષણ લાગ્યું છે ત્યારે આ પર્યાવરણ ઇજનેરોની ભરતી માટે એન્ટ્રન્સ એકઝામ તા. ૩૧-૧-૨૦૧૫ના રોજ સોલ્યુશન લીસ્ટ તા. ૧૯-૩-૨૦૧૫ના રોજ આવ્યું અને કવોલીફાઇડ લીસ્ટ એક જ કોલેજના વિદ્યાર્થીઓ, આપણા ગુજરાતમાં કેટલી બધી કોલેજો ચાલે છે પણ એક જ

કોલેજનું લીસ્ટ આવ્યું અને એમાં પણ સરકારશ્રીના સનદી અધિકારીઓ વિદ્યાર્થીઓને એમ કહે છે કે ૫૦-૬૦ લાખ રૂપિયા આપો તો તમારી ઇજનેર તરીકે ભરતી કરીએ. આવી પરિસ્થિતિ ઇજનેરોની હોય તો ભવિષ્યમાં એ ખોટા સર્ટીફિકેટ આપશે. મારા વિસ્તારમાં જી.આઇ.ડી.સી. વિસ્તાર છે કરંજ, સાહેબ પણ પરિચિત છે. આખું ગટરનું પાણી પિયત વિસ્તારમાં અને લોકોના ઘરોમાં જાય, બોર કરીએ તો લાલ પાણી આવે એ પરિસ્થિતિ સુધી આપણે નિયમન કરી શકયા નથી. ઉકાઇનું પાણી પણ જે શહેરમાં જાય છે સૂરત શહેરમાં સી.પી.એમ.માંથી કરોડો લીટર પ્રદૂષિત પાણી તાપી નદીમાં છોડવામાં આવે અને એ આજે આપણે પીએ છીએ. આવી પર્યાવરણની પરિસ્થિતિ, આવી ઔદ્યોગિકરણની નીતિને કારણે આપણે સૌ આપણું જોખમ ઉભું કરીશું ત્યારે આપણે સૌ એની ચિંતા કરીએ એવું આ ગૃહને મારું નમ્ર નિવેદન છે.

શ્રી કિશોર શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત વિભાગના માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એમાં હું સૂર પુરાવું છું અને મારી વાત મુકું છું. મજબૂત અને સશકત રાષ્ટ્રના નિર્માણ માટે યુવાનો અને બાળકોને સંસ્કાર સાથે શિક્ષણ મળે એ જરૂરી છે એટલી જ જરૂરિયાત રમતગમત અને શારીરિક શિક્ષણ મળે એ પણ છે. યુવાન શિક્ષિત બને એની સાથે યુવાનોની કેળવણી, એનું ઘડતર રમતગમત દ્વારા પણ થાય અને જેનાથી યુવાન સશકત બને, યુવાનોમાં આત્મવિશ્વાસ વધે, યુવાન ખેલદિલ, શિસ્તબદ્ધ બને અને ગુજરાતમાં ખેલાડીઓ રમતગમતક્ષેત્રમાં પણ આગળ આવે અને ગુજરાત રમતગમત ક્ષેત્રે પણ નંબર-૧ બને એના તમામ પ્રયત્નો સરકારશ્રી કરી રહી છે. કરોડો લોકોની ધાર્મિકતા, શ્રદ્ધા અને લાગણી સમા કુંભમેળામાં મને જવાની તક મળી. કુંભમેળામાં હું ગયો છું.

**માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને**

લાખો શ્રદ્ધાળુઓ કુંભમેળામાં ભાગ લે છે પરંતુ રમતગમતક્ષેત્રમાં ગુજરાત ગૌરવ લઇ શકે અને યુવાનોમાં છુપાયેલી શકિત બહાર લાવવા માટે રમતોમાં રસ ધરાવતા યુવાનોને સાચા અર્થમાં રમતવીર બનાવવા માટે ખેલ મહાકુંભનો કાર્યક્રમ થાય અને આ ખેલ મહાકુંભની અંદર લાખો રમતવીરો પોતાની શકિતનો પરચો બતાવવા માટે મેદાનમાં ઉતરે એ મેં પહેલી વાર જોયું છે અને એના પરિણામે ૩૪મી નેશનલ ગેમ્સમાં ગુજરાતના સાત મેડલ સાથે જે ૨૮ મા નંબરે હતુ તે ૩૫મી નેશનલ ગેમ્સમાં પંકજભાઇએ જેમ વાત કરી તેમ ૨૦ ચંદ્રકો સાથે ગુજરાત નવમા ક્રમે રહ્યું જે ગુજરાતની સ્થાપના પછી આ પહેલીવાર બન્યું છે. આ એમ જ નથી થઇ જતું. આની પાછળ સરકારની ઇચ્છા શકિત હોય છે અને એટલે જ સરકારે શકિતજૂથ યોજના હેઠળ રાજ્યના અતિ ઉત્કૃષ્ટ ખેલાડીઓ માટે ટ્રેનિંગ અને ટુર્નામેન્ટ માટે રૂપિયા ૩ કરોડનો ખર્ચ કર્યો છે. ખેલાડીઓની શકિતને પારખીને તેમને ટ્રેનિંગ આપવી, સ્પર્ધા માટે બહાર મોકલવા, સાધનો માટે સહાય કરવાની જેના કારણે આપણને ખેલકૂદમાં સારાં પરિણામો મળતાં હોય છે. સ્વામિ વિવેકાનંદ માનતા હતા કે વિશ્વના કલ્યાણ માટે અને મહિલાઓને ઉત્થાન અને સશકિતકરણ સિવાય બીજો કોઇ ઉપાય નથી. આ દેશ માટે મોટો પડકાર છે. આ પડકાર ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ઉપાડી લીધો છે. એના ભાગરૂપે સ્વામિ વિવેકાનંદના વિચારોથી પ્રેરણા લઇને મહિલા સશ્કતિકરણ માટે પડકાર કાર્યક્રમનું અમલીકરણ કરવામાં આવ્યું છે. આ પડકાર કાર્યક્રમમાં ડિસેમ્બર-૨૦૧૩ માં પ્રથમ તબક્કામાં ગુજરાત રાજ્યના ૩૩ જિલ્લામાંથી કુલ ૭૮ તાલુકાઓની ૩૦૦ થી વધુ શાળાઓ અને કોલેજો અને સ્વામિ વિવેકાનંદ મહિલા મંડળોની દોઢ લાખથી વધુ કિશોરીઓ અને મહિલાઓને સ્વરક્ષણની તાલીમ પૂરી પાડવામાં આવી હતી. આ વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માં આ યોજના હેઠળ કુલ ખર્ચ ૪,૩૨,૮૯,૬૦૦ રૂપિયાનો થયેલ છે અને અત્યાર સુધીમાં ૨,૫૦,૦૦૦ મહિલા કિશોરને તાલીમ આપવામાં આવેલ છે અને હજુ ૨,૫૦,૦૦૦ ને તાલીમ આપી કુલ ૫ લાખ બહેનોને આ તાલીમ આપવામાં આવનાર છે. આ જે કઇ કાર્યક્રમ ગુજરાત સરકાર કરી રહી છે એ રમત ગમત ક્ષેત્રની અંદર ગુજરાતનું સ્થાન સારા નંબરે પ્રાપ્ત થાય, ઉચ્ચ સ્થાને જાય અને આપણા ગુજરાતના ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે એની શકિત બહાર લાવવા માટે જે કાઇ કૂંભ મેળામાં ખર્ચ કરવામાં આવ્યો છે, જે ખેલાડીઓની પાછળ ખર્ચ કરવામાં આવ્યો છે. ઇનામ આપવામાં આવ્યા છે. એના માટે મને લાગે છે કે માનનીય મંત્રીશ્રી રમત ગમત વિભાગની માગણીઓ લઇને આવ્યા છે, જે યથાયોગ્ય લાગે છે, એટલા માટે સૂર પુરાવું છું અને સમર્થન કરું છું.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર(મોરવા હડફ) : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળવિકાસ વિભાગની માગણી નં. ૧૦૫ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

ગુજરાતની મહિલાઓ તમામ ક્ષેત્રે આજે આગળ વધી રહી છે અને વિકાસની નવતર કેડી કંડારી રહી છે, તેના પાયામાં ગતિશીલ ગુજરાતના પ્રણેતા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે મહિલાઓના સશક્તિકરણ માટે અનેકવિધ પગલાં લીધાં છે. જેના કારણે ગુજરાતના વિકાસને નવતર દિશા સાથે આજે ગતિશીલતા મળી છે. આપણા દેશમાં નારીને પૂજ્ય ગણવામાં આવી છે. આપણા શાસ્ત્રોમાં પણ લખ્યું છે કે 'યત્ર નારેસ્તું પૂજ્યંતે રમંતે તત્ર દેવતા:'. જ્યાં નારીનું સન્માન થાય છે ત્યાં દેવોનો વાસ હોય છે. એટલે વેદોમાં જણાવ્યા મુજબ ગુજરાતમાં મહિલાઓના વિકાસમાં જે સક્રીય ભાગીદારીને ઘ્યાનમાં રાખીને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં દેશમાં પ્રથમ વખત જેન્ડર બજેટને મહિલાઓના સશક્તિકરણ માટે જાતિગત અસમાનતા દૂર કરવા માટે આ જેન્ડર બજેટ પ્રથમ વખત રજૂ કર્યુ છે. જેમાં મહિલાલક્ષી વિવિધ યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. મહિલા સૂરક્ષા અને સશક્તિકરણની દિશામાં આજે ગુજરાત રાજ્ય અગ્રેસર છે, ત્યારે મારે કહેવું છે કે મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા હમણા કહેવામાં આવતું હતું કે મહિલાઓના રક્ષણ માટે ગુજરાત સરકાર કાંઇ કરતી નથી. મારે કહેવું છે કે જે મહિલાઓ પીડિત છે, શોષિત છે. જે મહિલાઓના રક્ષણ આપવા માટે એના હેતુ માટે રાજ્યમાં ૩૩ જિલ્લાઓમાં પોલીસ મથક ખાતે સપોર્ટ સેન્ટરની રચના કરવામાં આવી છે. આ પીડિત મહિલાઓને સમયસર અને વૈજ્ઞાનિક માર્ગદર્શન મળે, મદદ મળે તે માટે રાજ્યના દરેક જિલ્લામાં દરેક પોલીસ સ્ટેશનમાં કાઉન્સલિંગ સેન્ટર ઉભાં કરવામાં આવ્યાં છે. અને દરેક કાઉન્સલિંગ સેન્ટરમાં બે કાઉન્સલરની નિમણૂક કરવામાં આવી છે, જેથી કરીને મહિલાઓને તાત્કાલિક રીતે મદદ અપાવી શકાય. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, ૮મી માર્ચ વિશ્વ મહિલા દિવસે ૧૮૧ "અભયમ" હેલ્પલાઇન સમગ્ર રાજયની બહેનોને સંકટ સમયની સહેલી તરીકે માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના હસ્તે ગુજરાત રાજયની દરેક મહિલાને સરકારની એક અનોખી ભેટ અર્પણ કરી છે. ગુજરાત રાજયમાં મહિલાઓને સાચા અર્થમાં નિર્ભય, અભય બનીને હિંસ્સા સામે અવાજ ઉઠાવવા માટે, હિંમત આપવા માટે "૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઇનની" રાજયના તમામ ૩૩ જેટલા જિલ્લાઓમાં શરૂઆત કરી છે. મહિલાઓ ઘરેલુ હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસાના કિસ્સાઓમાં તાત્કાલિક ધોરણે મદદ મેળવી શકે એ માટે આ હેલ્પલાઇન શરૂ કરી છે. મારે એમને પણ કહેવું છે જે સભ્યશ્રી કહેતા હતા કે "વિવિધ કાંઇ કામ કરવામાં આવતું નથી" તો જે કોઇ પણ વિવિધ પ્રકારની હિંસાઓ મહિલા પર થતી હોય તો એની સલાહ માટે, એના માર્ગદર્શન માટે ઉપરાંત મહિલા લક્ષી જે યોજનાઓ છે એના વિશેની જાણકારી માટે મહિલાઓ પોતાના ફોનથી ૧૮૧ નંબર ડાયલ કરીને હેલ્પલાઇનનો ઉપયોગ કરે તો નિઃશૂલ્ક લાભ લઇ શકશે, તદુપરાંત તુરત જ કોઇ પણ હિંસા થઇ હોય અથવા હિંસા થતી હોય તો તાત્કાલિક તેમાંથી બચાવવા માટે રેસ્ક્યુ સેવા પણ એમને પૂરી પાડવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, હમણા એમ કહેવામાં આવતું હતું કે આદિવાસી વિસ્તારમાં શિક્ષણ ક્ષેત્રે કે આરોગ્ય ક્ષેત્રે આ સરકાર કંઇ જ કરતી નથી. પણ મને કહેતા આનંદ થાય છે કે, મારો આદિવાસી વિસ્તાર મોરવા હડપ તાલુકો છે અને માનનીય શિક્ષણ મંત્રીશ્રી હોય કે માનનીય આરોગ્ય મંત્રીશ્રી હોય એમનો ખૂબ જ આનંદભેર, ઉત્સાહભેર મારે આભાર માનવો છે કેમ કે અમારા તાલુકામાં એક પણ કોલેજ ન હતી તો શિક્ષણ માટે દીકરીઓ માટે કોલેજ આપવામાં આવી છે અને આરોગ્ય માટે સી.એચ.સી. આપવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓ અને બાળકો માટે અગાઉની સરકારે કોઇ ચિંતા કરી ન હતી પરંતુ માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતમાં સત્તા જ્યારે સંભાળી ત્યારથી મહિલાઓની ચિંતા કરીને મહિલાઓના ઉત્થાન માટે, મહિલાઓના વિકાસ માટે અને સ્ત્રી શક્તિના સશક્તિકરણ માટે વ્યવસ્થા કરવા માટે નવો અલાયદો વિભાગ મહિલા અને બાળ કલ્યાણ વિકાસ વિભાગ નામનો અલગ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે ગ્રામ્ય વિસ્તારની ગરીબ બહેનોને એના ઉત્થાન માટે અલગ અલગ વિવિધ યોજનાઓ શરૂ કરી છે તો એ યોજનાઓ રૂપે પણ આજે મહિલાઓ આગળ આવે છે, એનું પુનઃવ્યવસ્થાપન કરે છે અને આગળ પોતાના જીવનમાં વધે એની કાળજી પણ લે છે. મારે કહેવું છે કે, અગાઉની સરકાર હતી એ લઠ્ઠાકાંડમાં મૃત્યુ પામનારની વિધવાને ૪૦ થી ૫૦ હજારની સહાય ચૂકવતી હતી. દારૂ પીવો એ ગેરકાયદેસર હોય છે ત્યારે દારૂથી મૃત્યુ પામનાર વ્યક્તિની

વિધવાને સહાય મળે પણ રાજયની કોઇ બીજી ગરીબ વિધવા હોય, ખેડૂત વિધવા બહેન હોય, કોઇ આંગણવાડીની કાર્યકર બહેન હોય એ ગુજરી જાય તો તેના પરિવારને અગાઉની સરકાર એક કાણી પાય પણ આપતી ન હતી. વિધવાઓના ઉત્થાન માટે વિધવા પેન્શન યોજના ગુજરાત સરકારે શરૂ કરી છે. વિધવા સહાય પેન્શન ૧૮ થી ૬૦ વરસની જે નિરાધાર વિધવા બહેનો છે અને જેને ૨૧ વર્ષ કે તેથી વધુ ઉમરનો પુત્ર ન હોય એવી વિધવા બહેનોના પુનઃસ્થાપન માટે નાણાકીય સહાય આપવા માટે તેમને ૭૫૦ રૂપિયા દર મહિને આપવામાં આવે છે અને એક બાળક દીઠ ૧૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે.

શ્રી ગોવિંદભાઇ પટેલ( વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી રાજય કક્ષા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની માગણી લઇને આ સન્માનીય ગૃહ સમક્ષ હું આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને એ વાતનું ગૌરવ છે કે, રાજય કક્ષાના મંત્રીને એક અતિ મહત્વનો કહી શકાય એવો સાયન્સ અને ટેકનોલોજી વિભાગ અને કલાઇમેટ ચેન્જ જેવા વિભાગો જે આજ દિન સુધી માનનીય મુખ્યમંત્રીશ્રી હવાલો સંભાળે છે એ માગણી પર માગણી મૂકવાની અને ચર્ચા કરવાની મને આજે તક મળી છે એના માટે માનનીય મુખ્યમંત્રી આનંદીબેન પટેલનો હું આભારી છું. માનનીય અધ્યક્ષશ્રી, એકવીસમી સદી એ જ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે અને આ યુગના લોકો સુધી ઝડપી, ગુણવત્તાસભર અને પારદર્શક સેવા જો પૂરી પાડવી હોય તો તેના માટેનો જો કોઇ સચોટ ઉપાય હોય તો એ વહીવટી પ્રક્રિયાનું આધુનિકરણ, ડિજીટાઇઝેશન છે. આ વાત બાર વરસ અગાઉ તત્કાલિન મુખ્યમંત્રીશ્રી માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સ્વીકારી અને ગુજરાતમાં સૌપ્રથમ ઇન્ફરમેશન ટેકનોલોજી આધારિત વહીવટી પારદર્શકતાનો પાયો નાંખેલ છે અને રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ આ યાત્રાને આજે આગળ ધપાવી રહ્યા છે. ગુજરાતે પણ એ વાતનું ગૌરવ લેવા જેવું છે કે ગુજરાતની આ સફળતાને ઉદાહરણ બનાવીને માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ડિઝીટલ ભારતનું અભિયાન ઉપાડેલું છે. ડિઝીટલ ભારતનું સ્વપ્ન સાકાર થાય તે માટે ડિઝીટલ ગુજરાત અનિવાર્ય છે. આ માટે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના વડપણ હેઠળ સરકાર સક્રિય રીતે ડિઝીટલ ગુજરાત માટે કામ કરી રહેલ છે, છેલ્લાં એક દસકામાં ગુજરાત સરકારે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી ક્ષેત્રે કરેલા પ્રયાસોને કારણે રાજય, રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રના ૧૩૧ જેટલા એવોર્ડો આ રાજ્યને મળેલા છે. ડિઝીટલ ગુજરાતનો મજબૂત પાયો નાંખવા અંદાજપત્રમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે ઐતિહાસિક સૌથી મોટી નાણાકીય જોગવાઇ કરવામાં આવેલી છે, ૨૦૦૨-૦૩માં આ વિભાગની જોગવાઇ ૫૨.૩૧ કરોડની હતી જેની સામે ચાલુ વરસના નાણાકીય વરસમાં ૩૨૩.૫૪ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલી છે અને લગભગ ૫૨૦ ટકા જેટલો વધારો ચાલુ વરસના નાણાકીય વરસની જોગવાઇમાં કરવામાં આવ્યો છે. ડિઝીટલ ગુજરાતના માધ્યમથી ડિઝીટલ ઇન્ડિયાના ઉમદા હેતુને નક્કર સ્વરૂપ આપવા માટે રાજ્યના ઇન્ફરમેશન ટેકનોલોજી પ્રભાગ દ્વારા ૧૫-૧૬માં રૂપિયા ૧૯૪.૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. તાજેતરમાં જ રાજ્ય સરકાર દ્વારા ત્રણ મહત્વની નીતિઓની જાહેરાત કરવામાં આવેલી છે. આઇ.ટી. પોલિસી, ઇલેકટ્રોનિક પોલિસી, ઇ-ગવર્નન્સ પોલીસી, જેના અંતર્ગત ઇન્સેન્ટીવ રકમ તરીકે વર્ષ ૨૦૧૫-૧૬ના બજેટમાં ૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યમાં મેઇક ઇન ઇન્ડિયા અંતર્ગત સેમી કન્ડકટર ફેબ્રીકેશન યુનિટ સ્થાપવા માટે શરૂઆત કરીને દસ કરોડની જોગવાઇ ચાલુ વરસમાં કરવામાં આવી છે. દરેક ઇલેકટ્રોનિક યુનિટની અંદર એક ચીપ લગાડવામાં આવેલ છે. આ ચીપ દુનિયાના બીજા દેશો બનાવે છે, ભારતમાં આ ચીપ બનતી નથી. એની શરૂઆત ગુજરાતમાં પણ થાય એના માટેની જોગવાઇ ચાલુ નાણાકીય વરસમાં કરવામાં આવી છે. રાજ્યમાં નાગરિક અને સંસ્થાઓના ડેટાની સાચવણી માટે સરકાર દ્વારા ડિઝીટલ હોલ્ટની રચના માટે એક કરોડની પ્રાયોગિક જોગવાઇ કરવામાં આવેલી છે, વારંવાર આપણે અલગ અલગ જે ડેટા નોંધાવતા હોઇએ છીએ એની એક વખત એક ડેટાની નોંધણી થાય તો કાયમી એ ડેટામાંથી તમામ વસ્તુ મળી શકે એ માટેની જોગવાઇ આમાં કરવામાં આવેલી છે.

G.S.W.A.N. એ ગુજરાત સરકારની દૂરદર્શીતાનું ખૂબ મોટું ઉદાહરણ છે. G.S.W.A.N. જેવું સમગ્ર રાજ્યમાં પથરાયેલું નેટવર્ક ઉભું કરવું અન્ય માટે જ્યારે વિચારવાનું પણ શક્ય નહોતું ત્યારે વરસ ૨૦૦૧-

૦૨ માં તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ સાકાર કરીને ગુજરાતમાં એ બતાવેલું છે. જીસ્વાન નેટવર્કના માધ્યમથી ૩૩ જિલ્લા અને ૨૪૮ તાલુકા જે આવેલા છે એની પાંચ હજારથી વધારે ઓફિસો જોડાયેલી છે અને તેના કુલ ઉપયોગ કરતાં પચાસ હજારથી વધારે કનેકશન ધરાવતું જીસ્વાન એ દેશનું નંબર વન લોકલ એરિયા નેટવર્ક છે. જીસ્વાનના માધ્યમથી સ્વાગત જેવો મહત્વકાંક્ષી કાર્યક્રમ પણ સંભવ બની શકયો છે. સન્માનનીય સદનના સર્વે સદસ્યશ્રીઓને જણાવતા મને આનંદ થાય છે કે સ્વાગત કાર્યક્રમની સફળતાને ધ્યાને લઇને આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ હાલનો સ્વાગત કાર્યક્રમ જેવો કાર્યક્રમ "પ્રગતિ" પ્રો-એક્ટીવ ગવર્નન્સ એન્ડ ટાઇમલી ઇમ્પ્લીમેન્ટેશન કેન્દ્રમાં ચાલુ કરવા જઇ રહ્યા છે. આવતીકાલે એ કાર્યક્રમ લોન્ચ થવા જઇ રહેલ છે. આ જોગાનુજોગ છે કે આજે એની ચર્ચા થાય છે. આવતીકાલે પ્રધાનમંત્રી આ પ્રગતિ કાર્યક્રમની શરૂઆત કરવા જઇ રહ્યા છે. અધ્યક્ષશ્રી : આપની પાસે પાંચ મિનિટનો સમય છે.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, G.S.W.A.N. ની મદદથી ૪૫ હજાર ઉપરાંત ઇ-મેઇલ પ્રોસેસ થાય છે. ઇ-ગવર્નન્સ પર છેલ્લા દાયકાથી ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે અને e-tal વેબ સાઇટ જે આપણે લોન્ચ કરી છે તેને ૧-૧-૨૦૧૩ થી ૨૪-૩-૨૦૧૫ સુધીમાં ઇ-ટ્રાન્ઝેકશન ૧૨૬ કરોડ ૨ લાખ જેટલી તેની નોંધણી થયેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના કુલ ૪૭૭ કરોડ ૬૭ લાખની નોંધણી સામે લગભગ ૨૬ ટકા જેટલો હિસ્સો એકલા ગુજરાતનો છે. ગુજરાતમાં થતા ઇ-ટ્રાન્ઝેકશનમાં જાહેર વિતરણની ફૂડ કૂપન, લેન્ડ રેકર્ડ, લાઇટ બિલ, ચૂંટણી કાર્ડ, ધોરણ-૧૦,૧૨ના ઓન લાઇન પરિણામ, ઇ-રોયલ્ટી, કોમર્શીયલ ટેક્સ, કોર્ટ આ રીતે જીસ્વાનના વહીવટમાં તેનો ઉપયોગ થાય છે. લોકોને જોઇતી માહિતી મળી રહે તેના માટે આ સરકાર ચિંતા કરી રહી છે અને તમામ વિભાગોની માહિતી વેબ સાઇટ ઉપર મૂકવાની પણ વ્યવસ્થા કરેલી છે. છ જુદી જુદી કંપનીઓને જવાબદારી સોંપવામાં આવેલી છે અને ૧૫ દિવસની અંદર એ વેબ સાઇટ ઉપર મૂકાય છે. ડિજીટલ ઇન્ડિયા એ તાલુકામાં પી.પી.પી.મોડ ઉપર વાઇ ફાઇની સેવાઓ પૂરી પાડવા માટે ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સોશ્યલ મિડીયાના માધ્યમથી ૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જે ત્રણ પોલીસી લોન્ચ કરી એ ત્રણે ત્રણ વેબ સાઇટ ઉપર મૂકવામાં આવી હતી લોકોના અભિપ્રાયો લીધા હતા અને ત્યાર પછી આ પોલીસીઓ આપણે લોન્ચ કરી છે. આવતા દિવસોમાં સોશ્યલ મિડીયાનું આ વર્ક પણ આપણને ખૂબ ઉપયોગી થવાનું છે. GACS, Gujarat Council on Science and Technology, GUJCOST, BISAG આ પ્રકારના વિવિધ માધ્યમો દ્વારા સાયન્સ અને ટેકનોલોજી વિભાગની ખૂબ સારી કામગીરી થઇ રહી છે. એ જ રીતે મહત્વનું આપણું જે સાયન્સ સીટી છે તે સાયન્સ સીટીમાં લગભગ ૭૦ લાખ લોકોએ આજદિન સુધીમાં મુલાકાત લીધી છે અને તેમાં ૨૦ લાખ જેટલા વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રભાગ જે છે તે કલાયમેટ ચેન્જનો છે. એમાં બે મિત્રો માનનીય તેજશ્રીબેન અને ગૌતમભાઇ, દુષ્યંતભાઇ, અને આર.એમ.પટેલએ ભાગ લીધો છે. કેટલાક સારા સજેશનો સદસ્યો દ્વારા આવ્યા છે તેને હું સ્વીકારું છું. આજે સમગ્ર દેશ, સમગ્ર વિશ્વ જયારે ગ્લોબલ વોર્મીંગની ચિંતાથી પીડાય છે એ સમયે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ convenient action જાહેર કરીને એનો ઇરાદો જાહેર કર્યો. માત્ર ઇરાદો જાહેર નથી કર્યો પણ એ ઇરાદાની દિશામાં ચાલ્યા પણ છે. આજથી દસ વર્ષ પહેલાં અમદાવાદની જે હાલત હતી કે સાંજે આંખો બળે અને ધૂપછાંવ જેવુ આખુ વાતાવરણ બની જતું , દસ વર્ષ પહેલાં અમદાવાદનો સૌથી ગંદા શહેરમાં ચોથો ક્રમ હતો આજે મને કહેતાં આનંદ છે કે તે ચોથામાંથી ૬૮માં ક્રમે પહોંચ્યુ છે તે આ એકશનના કારણે પહોંચ્યુ છે. બિન પરંપરાગત ઉર્જાના કારણે ૪૪૪૨ મેગાવોટ વીજળી આપણે ઉત્પન્ન કરી શકયા છીએ એના કારણે કોલસાનો ધૂમાડો, $CO_2$ ઓછો થાય છે, વાતાવરણ ઓછું બગડે છે અને માનનીય સભ્યશ્રી ગૌતમભાઇએ જે સજેસન કર્યા છે તેને પણ ધ્યાનમાં રાખીને આવતા દિવસોમાં વધુમાં વધુ વૃક્ષોનું જતન થાય એની પણ સરકાર ચિંતા કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ માનવતાનો સવાલ છે અને વાતાવરણ દૂષિત ના થાય એના માટેની સૌની ચિંતા છે અને કુદરતે જયારે આ ધરતીને બનાવી ત્યારે જે પ્રકારે હવા, પાણી અને જમીન આ ત્રણેની જે સરખા

હિસ્સે વહેંચણી કરવામાં આવી હતી પણ કમનસીબે તેમાં ઇનબેલેન્સીંગ આપણા દ્વારા થયુ છે તેમાં સૌ દોષિત છે એકસ, વાય, ઝેડ નહીં અને તેમાંથી આપણે બહાર નીકળવાનો પ્રયાસ કરીએ અને બેલેન્સીંગ કરીએ અને મારી જે માગણીઓ છે તેમાં આપ કાપ દરખાસ્ત પાછી ખેંચી અને સર્વાનુમત્તે આ ઠરાવ મંજૂર થાય એના માટે સૌ સહકાર આપે એટલી વાત કરી મારી વાત પૂરી કરું છું.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી (રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગની અમારી માગણી લઇને હું આ ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું ત્યારે અમારી માગણી ઉપર ઘણા વિદ્વાન સભ્યશ્રીઓએ પોતાના સૂચનો કર્યા છે. જેમાં માનનીય ગૌતમભાઇ, પંકજભાઇ, કુમારભાઇ, રાજેન્દ્રભાઇ, ઇન્દ્રનિલભાઇ, એમના જે સકારાત્મક સૂચનો અને માગણીઓ છે એના ઉપર સરકાર સકારાત્મક રીતે આગળ વધશે.

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ આમ પ્રમાણમાં નાનો વિભાગ છે પણ એનું મહત્વ ખૂબ છે. આ મહત્વનો સ્વીકાર કરીને ઉત્તરોત્તર દર વર્ષે આ રાજય સરકાર બજેટમાં ખૂબ મોટો વધારો કરી રહી છે. આ વર્ષે એટલે કે સન ૨૦૧૫-૧૬ના વર્ષમાં ૩૭૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે ત્યારે રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વ હેઠળ રમત ગમત વિભાગ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ, યુવા પ્રવૃતિઓનો વિભાગ ઉત્તરોત્તર વિકાસ કરી રહ્યો છે. વિકાસ થયો છે, અમારું આયોજન છે એ આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું.

રમત ગમતનું મહત્વ શારીરિક તંદૂરસ્તી માટે, માનસિક તંદૂરસ્તી માટે અને જીવનના શિક્ષણ માટે અનિવાર્ય છે અને અગત્યનું છે. રમત રાષ્ટ્રને ગૌરવ અપાવે છે. સ્વામી વિવેકાનંદજીને કોઇએ એક વખત પૂછયું કે સ્વામીજી મારે ગીતાનું જ્ઞાન પ્રાપ્ત કરવું છે મને ગીતાની સમજણ આપો. ત્યારે સ્વામીજીએ એને જે જવાબ આપ્યો કે તારે જો ગીતાને સમજવી હોય, ગીતાને જો પચાવવી હોય તો તું ફૂટબોલના મેદાનમાં જા અને ફૂટબોલ રમ. સ્વામીજીનો અર્થ એ હતો કે રમત એ જીવનનું શિક્ષણ છે અને ગીતા એ પણ જીવનનું શિક્ષણ છે. ગીતાની અંદર જે શ્લોક ''કર્મણે વાધીકા રસ્તે મા ફલેશું કદાચન'' આપણને રમત ખેલદિલી શીખડાવે છે. રમત છે એ હારજીત હોઇ શકે, જીવન છે એ હાર જીત હોઇ શકે, સુખદુઃખ હોઇ શકે પરંતુ એને સાક્ષી ભાવે કેવી રીતે મૂલવવું આ ખેલદિલી આપણને રમત સમજાવે છે. ત્યારે વિવેકાનંદજીના શબ્દોને સાર્થક કરવા માટે આ રાજય સરકાર જીવનના શિક્ષણના એક ભાગરૂપે રમતને ખૂબ સારું એવું મહત્વ આપી રહી છે.

પહેલા આ રાજય રમતના ક્ષેત્રની અંદર એટલું પ્રગતિશીલ નહોતું અને ભૂતકાળની સરકારોએ આટલું ધ્યાન પણ આપ્યું નહોતું મારે કોઇ ટીકા ટિપ્પણીમાં પડવું નથી જયારે હું ખેલદિલીની વાત કરું છું ત્યારે, પરંતુ મારે આંકડા કહેવા છે કે ૧૯૮૫ થી ૨૦૧૧ સુધીમાં જે નેશનલ ગેઇમ્સની રમત આખા દેશમાં જુદા જુદા સ્થળે દર વર્ષે થાય છે એમા ૧૯૮૫ થી ૨૦૧૧ સુધીમાં આ રાજયમાં રમતવીરોએ, યુવાનોએ માત્ર દસ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલા. જયારે માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલની આગેવાની નીચેની સરકારમાં આ વર્ષે કેરાળ ખાતે નેશનલ ચેમ્પીયનશીપ રમાણી એમાં ૨૦ ચંદ્રકો મળ્યા એમાં ૧૦ ગોલ્ડ, ચાર રજત અને છ કાસ્ય મેળવેલા છે. અને આ ગૃહને જણાવતા મને આનંદ થાય છે કે દસ સુવર્ણ ચંદ્રકો મળ્યા એમાં નવ આપણી યુવા બહેનોએ પ્રાપ્ત કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આમ ગુજરાતીઓની સામાન્ય રીતે છાપ દાળ-ભાત ખાઉંની, કે ગુજરાતીઓ શું કરી શકે? ગુજરાતી બહુ તો સામાન્ય રમતો રમી શકે. જે માર્શલ આર્ટની રમતો હોય એ ગુજરાતીઓ ન રમી શકે, પણ મને આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે નેશનલ ગેઇમ ચેમ્પિયનશીપમાં મુક્કાબાજીમાં કાંસ્ય ચંદ્રક ગુજરાતનો રમતવીર જીતીને આવ્યો છે. આ નેશનલ ગેઇમ્સની રમત છે તેની વધારે વિગતો અમારા સભ્યશ્રી કુમારભાઇએ કીધી એટલે એ વાતને હું દોહરાવતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારે રમતને વધારે પ્રોત્સાહન આપવા માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. પ્રોત્સાહક યોજનાઓ અમલમાં મૂકી છે. મને આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે ખેલ મહાકુંભમાં, જુદી જુદી રમતોમાં જે ખેલાડીઓએ પોતાની પ્રતિભાના દર્શન કરાવ્યા છે એવા ૧૩૦૦ ખેલાડીઓને, આ રાજયની અંદર હાલમાં એવા ૧૩૦૦ ખેલાડીઓને વાર્ષિક ૬૫,૦૦૦ રૂપિયાની સહાય આ

રાજ્ય સરકાર આપે છે. એટલું જ નહીં, પણ શક્તિદૂતની યોજનાના માધ્યમ દ્વારા સારા ખેલાડીઓને ટ્રેનીંગ, આહાર, રમતના સાધનો ખરીદવા માટે સહાય એવા ૨૦૧૪–૧૫માં ૪૭ ખેલાડીઓને ૨ કરોડ ૩૨ લાખ રૂપિયાની સહાય આ રાજ્ય સરકારે ચૂકવી છે. એ ઉપરાંત આ અન્ય વિવિધ રમતોમાં ખેલાડીઓને ખેલકૂદ માટે પ્રોત્સાહન આપવા તથા જરૂરી સવલતો આપવા રાજ્ય સરકાર દ્વારા જુદી જુદી શાળાકીય રમતો, બાળ રમતો, મહિલા રમતો, ગ્રામીણ રમતો તેમજ અન્ય રમતો જવાહરલાલ નહેરૂ હોકી જુનિયર ભાઇઓ અને બહેનો, સબ જુનિયર હોકી ભાઇઓ અને બહેનો, સુબ્રતો મુખર્જી કપ ફૂટબોલ, એસ.જી. એફ. આઇ.દ્વારા યોજાતી નવી રમતો, અલગ અલગ વયજૂથ પ્રમાણે અન્ડર–૧૪ની એઇજ ગૃપમાં ૧૯ રમતો, અન્ડર–૧૭ની એઇજ ગૃપમાં ૪૦ રમતો તેમજ અન્ડર–૧૯ ની એઇજ ગૃપમાં ૭૦ રમતોનું આયોજન સન ૨૦૧૦–૧૧ના વર્ષથી યોજવામાં આવે છે. તેમજ ચાલુ વર્ષે રમતોનો વ્યાપ વધારવા માટે અને વધુને વધુ સંખ્યામાં ખેલાડીઓ ભાગ લે તે માટે સન ૨૦૧૪–૧૫ ના વર્ષમાં જે રમતો રાજ્ય સરકાર દ્વારા યોજવામાં આવતી ન હતી અને એસ.જી. એફ.આઇ. દ્વારા યોજવામાં આવતી હતી એવી કુલ ૨૩ રમતોનું આયોજન ચાલુ વર્ષ દરમ્યાન કરવામાં આવેલ છે. તેમજ સન ૨૦૧૦–૧૧ની ગ્રામ્ય કક્ષાના તથા શહેરી વિસ્તારના ખેલાડીઓ રમતમાં રસ લે અને ભાગ લે તે માટે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ખેલ મહાકુંભ અંતર્ગત તાલુકા પંચાયત કક્ષાએથી તાલુકા, જિલ્લા તેમજ રાજ્ય કક્ષાએ વિવિધ ૨૧ જેટલી સ્પર્ધાઓમાં છ વયજૂથની કેટેગરીવાઇઝ આયોજન કરવામાં આવે છે અને તમામ વયના ખેલાડીઓને તેમાં આવરી લેવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જયારે ખેલ મહાકુંભની વાત કરતા હોઇએ ત્યારે મારા આગળના સભ્યશ્રીએ તે અંગે વાત કરી છે એટલે વધારે વાત નહીં કરું. પણ આ સન્માનનીય સભાગૃહને જણાવતા મને આનંદ થાય છે કે ગયા ખેલ મહાકુંભમાં ૨૮,૫૫, ૯૪૭ ભાઇઓ અને બહેનોએ આ ખેલ મહાકુંભમાં ભાગ લીધેલો. તેમાં ૧૭,૬૨,૬૨૫ ભાઇઓ અને ૧૦,૯૩,૩૨૨ બહેનોએ ભાગ લીધેલો. આ રમતોમાં બહેરા–મૂંગા, અંધજન, માનસિક ક્ષતિવાળા અને વિકલાંગ ભાઇઓ–બહેનોએ પણ સ્પેશ્યિલ ખેલ મહાકુંભમાં ભાગ લીધેલો અને તેની સંખ્યા ૨૫,૩૭૦. બીચ ખેલ મહાકુંભમાં ભાગ લીધો તેમાં ૧૦,૪૧૨. આ રાજ્ય સરકાર ખેલ મહાકુંભનું આયોજન કરી અને પછી બેઠી રહેતી નથી. મને આ સન્માનનીય સભાગૃહમાં જણાવતા આનંદ થાય છે કે ગયા ખેલ મહાકુંભમાં ૨૮,૦૦૦ એવા ખેલાડીઓ હતા કે જેણે તાલુકા લેવલે, જિલ્લા લેવલે અને રાજ્ય લેવલે સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આવા ૨૮,૦૦૦ ખેલાડીઓનો સમર કોચીંગ કેમ્પ આયોજન કરવાનું માનનીય મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આયોજન કરવાનું અમને કહ્યું છે. તેનું આયોજન ટૂંક સમયમાં અમે કરવાના છીએ. તો તેમાં તાલુકા લેવલે ૨૫૦ કેમ્પ, જિલ્લા લેવલે અને રાજ્ય લેવલે જુદા જુદા કેમ્પો કરી અને ખેલ મહાકુંભમાં જે પ્રતિભા બહાર આવી છે એમને વિશેષ તાલીમ માટે ૧૫ દિવસનો સમર કોચીંગ કેમ્પ અમે કરવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ઓલમ્પિકની વાત આપણે ઘણી સાંભળી છે. પરંતુ આ રાજ્યની અંદર ગ્રામીણ ઓલિમ્પિક રમતોનું આયોજન કરવામાં આવે છે. તરણેતરના મેળામાં ભાદરવા મહિનામાં, દેવગઢ બારીયામાં દશેરાએ, આહવામાં ડાંગ દરબારના સમય દરમિયાન ગ્રામીણ ઓલિમ્પિક રમતોનું આયોજન કરીએ છીએ. હવે ખેલ મહા કુંભમાં અને શાળાકીય રમતોમાં બીજી રમતોની અંદર ખેલાડીઓએ જે પ્રતિભા પ્રાપ્ત કરી હોય તે પ્રતિભાઓમાંથી ટેલેન્ટ અલગ કરીને આ ખેલાડીઓને સારી કુશળતા પ્રાપ્ત કરવા માટે સારા કોચ મળે અને કોચના માધ્યમ દ્વારા તેમને સારી તાલીમ મળે એ માટે આ રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. એટલા માટે આંતરરાષ્ટ્રીય કક્ષાના કોચ આ રાજ્ય સરકારે રોકીને આવા ટેલેન્ટવાળા ખેલાડીઓને ઉચ્ચ કક્ષાની તાલીમ આપવાનું આયોજન કર્યું છે. આ સન્માનનીય ગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે, એથ્લેટીક માટે કોચીંગ આપવા માટે પી.ટી. ઉષાને આ રાજ્ય સરકારે રોક્યા છે, હોકી માટે ધનરાજ પિલ્લઇને રોક્યા છે, ટેબલ ટેનીસ માટે એક કોરીયન કોચને રોક્યા છે, ચેસ માટે શેખર શાહુને રોક્યા છે અને આર્ચરી માટે મહેન્દ્રસિંગ સરદારને રોક્યા છે. આ બધા જ આંતરરાષ્ટ્રીય કક્ષાના કોચ આપણા ગુજરાતના પ્રતિભાવંત ખેલાડીઓને ઉચ્ચ કક્ષાની તાલીમ આપીને માત્ર રાષ્ટ્રીય કક્ષાએ ઝળકે એવું નહીં પણ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ એ ઝળકે એ માટેના રાજ્ય સરકારના પ્રયત્ન છે. આ રાજ્ય સરકાર ખેલ કૂદને વધારે મહત્વ આપવા માટે હજુપણ એમનું જે વિઝન છે એ એ છે કે, સ્પોર્ટસ યુનિવર્સિટી બનાવવી. સ્પોર્ટસ યુનિવર્સિટી માટે વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ચોકારી ખાતે

૨૫૦ એકર જમીનમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનો સ્પોર્ટસ યુનિવર્સિટી અને સ્પોર્ટસ સંકૂલ બનાવવાનો નિર્ણય લીધો છે અને એમાં બહુ સ્તરીય તાલીમ આપવામાં આવશે. વોટર શોપ અને બીજી બધી એમાં સારી રમતો આપવામાં આવશે. રમતની સાથોસાથ સાંસ્કૃતિક વિભાગનું પણ એટલું જ મહત્વ છે. મને જણાવતાં આનંદ થાય છે કે, આ રાજ્ય સરકાર પોતાના સાંસ્કૃતિક કાર્યક્રમો દ્બારા આ દેશ અને રાષ્ટ્રની સંસ્કૃતિને ઉજાગર કરવાનું કામ કરે છે. માનવ જીવનમાં સંસ્કૃતિનું સૌથી વધારે મહત્વ છે. સંસ્કૃતિ રાષ્ટ્રનો આત્મા છે, સંસ્કૃતિ સમાજને જોડવાનું કામ કરે છે. રાષ્ટ્ર સંસ્કૃતિથી જ ટકે છે. કોઇકે કહ્યું છે કે, જો કોઇ રાષ્ટ્રને તોડવું હોય, કોઇ રાષ્ટ્રને નષ્ટ કરવું હોય તો પહેલાં એની સંસ્કૃતિને તમે નષ્ટ કરો, રાષ્ટ્ર આપોઆપ તૂટી જશે. તો આ ગુજરાત સરકાર આપણી સંસ્કૃતિને વધારે મજબૂત કરવા માટે ખૂબ સારા કાર્યક્રમોનું આયોજન કરી રહી છે. આપણી ભારતીય સંસ્કૃતિ એમ કહે છે કે, જે જન્મે છે એ તમામને જીવવાનો અધિકાર છે. પશ્ચિમની સંસ્કૃતિ અને ભારતીય સંસ્કૃતિ અહીં જુદી પડે છે. પશ્ચિમની સંસ્કૃતિ એમ કહે છે કે, જે જે શ્રેષ્ઠ હોય એ ટકે અને એને જીવવાનો અધિકાર છે. જ્યારે ભારતીય સંસ્કૃતિ એમ કહે છે કે, જે જન્મે છે એ તમામને જીવવાનો અધિકાર છે, જે નબળા છે એને સબળાઓ સપોર્ટ કરશે અને મને જણાવતાં આનંદ થાય છે કે, મેં રાજ્યપાલશ્રીના પ્રવચનમાં જ્યારે વાત કરી અને પંડિત દિન દયાળજીનો ઉલ્લેખ કર્યો કે, આ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં મને માનવતાના દર્શન થાય છે અને પંડિત દિન દયાળ ઉપાધ્યાયજીના એકાત્મવાદના દર્શન થાય છે ત્યારે વિપક્ષના સભ્યોને આ વાત નહોતી ગમી અને મને એમ કહ્યું. મને એમ નામથી નહીં કે, તમે પંડિત દિન દયાળ ઉપાધ્યાયજીને જોયા છે? તમે એમને સાંભળ્યા છે? તમે એમને વાંચ્યા છે? તમે એમને સમજ્યા છો? મારે એટલું જ કહેવું છે કે, મેં પંડિત દિન દયાળજીને વાંચ્યા છે, મેં પંડિત દિન દયાળજીને સમજ્યા છે, મેં પંડિત દિન દયાળજીને પચાવ્યા છે. મારે વિપક્ષના સભ્યશ્રીઓને કહેવું છે કે, મેં પંડિત દિન દયાળજીના વિચારોને સત્તાનું પગથીયું બનાવવા માટે ક્યારેય ઉપયોગ કર્યો નથી અને પંડિતજીના વિચારો જેમણે કર્યા હોય એમણે સત્તાનું પગથીયું બનાવવાનો વિચાર ક્યારેય કર્યો ન હોય. એવું અમે કયારેય કર્યુ નથી. જેવી રીતે સંસ્કૃતિ છે એવી જ રીતે કલાનું પણ એટલું જ મહત્વ છે. આપણા ચાર પવિત્ર વેદો, ચાર વેદોની અંદર સામવેદ એ કલાનો વેદ છે અને કૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે કે વેદોમાં હું સામ છું અને કલાની અંદર પ્રકૃતિમાં પરિવર્તન કરવાની પણ એમાં તાકાત છે. આપણે કૃષ્ણલીલા સાંભળી છે. કૃષ્ણલીલા આપણે સમજ્યા છીએ, એક કૃષ્ણની વાંસળી, ગાયોને સ્થગિત કરી દે, ગોપીઓને સ્થગિત કરી દે, યમુનાના નીરને સ્થગિત કરી દે, આટલી આ કલાની તાકાત હોય ત્યારે આપણો ભકતકવિ નરસૈયો રાગ પ્રભાતમાં ગાય કે !!વાછરૂ વરાહે મેં તો છોકરાને બાંધ્યા!! , આ કલાની તાકાત છે. મને જણાવતા આનંદ થાય છે કે ગુજરાતની અંદર એક આવી કલાની સાધક તાનારીરી થઇ ગયા, વડનગરમાં, દિલ્હીના દરબારમાં તાનસેન મોટા સંગીતકાર બાદશાહ અકબરે એમને કહ્યું કે તમે રાગ દિપક ગાવ, તાનસેને રાગ દિપક છેડયો અને તાનસેનના આખા શરીરમાં દાહ લાગ્યો અને એ દાહને તો જ શાંત કરી શકાય કે જો કોઇ રાગ મલ્હાર ગાવા વાળો હોય, આખા દેશની અંદર નજર દોડાવી, આખા દેશની અંદર કોઇ જગ્યાએ મલ્હાર રાગ છેડવા વાળું કોઇ નહોતું ત્યારે આખા દેશમાં તપાસ કરતા જાણવા મળ્યું કે ગુજરાતની અંદર એક વડનગર નામના ગામની અંદર તાના અને રીરી નામની બે બહેનો છે એ રાગ મલ્હાર ગયા છે અને એ જો મલ્હાર ગાશે તો જ તાનસેનનો જે દાહ છે એ શાંતિ પામશે. તાનારીરીએ રાગ મલ્હાર ગાયો, તાનસેનનો દાહ શાંત થયો, અહીં પ્રસ્તુત નથી પરંતુ ઈતિહાસનું કયારેક પુનરાવર્તન પણ થાય છે. આ દેશની અંદર અંગ્રેજોનું શાસન, અંગ્રેજોએ રાગ ગુલામ છેડયો, રાગ ગુલામમાંથી મુકિત અપાવવા માટે મહાત્મા ગાંધીજીએ રાગ આઝાદ છેડયો, અને મહાત્માજીએ દેશની જનતાને કહ્યું કે તમે એક થાવ અને આ અંગ્રેજોને આપણે કાઢીએ અને જો આપણે કાઢીશું તો આ દેશની અંદર સોનાનો સૂરજ ઉગશે, સુશાસન આવશે, ભ્રષ્ટાચાર નહીં રહે, લોકોને માટે કામ કરવાવાળી સરકાર આવશે, દેશ એક થયો અને દેશ આઝાદ થયો પણ આ દેશના કમનસીબે રાગ જે વિકાસ છેડવાનો હતો એ રાગ વિકાસ ન છેડયો અને ઈતિહાસનું જે પુનરાવર્તન થયું રાગ મોંઘવારી છેડયો, રાગ ભ્રષ્ટાચાર છેડયો, રાગ સ્થગિતતા છેડયો, રાગ અરાજકતા છેડયો અને દેશની જનતા ૨૦૧૪ સુધીમાં ત્રાહિમામ પોકારી ઉઠી, જયારે ત્રાહિમામ પોકારી ત્યારે દેશની જનતાએ આખા દેશની અંદર નજર દોડાવી કે આ રાગ મોંઘવારી, રાગ ભ્રષ્ટાચાર, રાગ સ્થગિતતા, રાગ અરાજકતા આને શાંત પાડે એવું કોણ ત્યારે ફરી વખત આજ ગુજરાતમાં જેવી રીતે તાનારીરી વડનગરમાંથી

આવ્યા હતા એવી જ રીતે વડનગરના એક સપૂત માનનીય નરેન્દ્ર મોદી એની ઉપર નજર ઠેરવી અને દેશની જનતાએ નરેન્દ્રભાઇને રાજયની સત્તા સોંપી અને નરેન્દ્રભાઇએ દેશની શાસનધૂરા સંભાળી અને રાગ વિકાસ છેડયો અને આ રાગ વિકાસ છેડયો અને દેશની જનતા શાંત થઇ, આ છે રાગની તાકાત. એટલે કલા અને સંસ્કૃતિ વિભાગ આપણા રાજયની અંદર રાજય સરકાર ખૂબ જયારે પ્રોત્સાહિત કરે છે ત્યારે મારે મારા સાથી પક્ષોના સભ્યોને એટલી જ વિનંતી કે આ રમતગમત સાંસ્કૃતિક વિભાગ છે એમાં રમતગમતમાં ખેલદિલીનું ખૂબ મહત્વ છે ત્યારે આપ સૌ ખેલદિલી બતાવીને અમારા વિભાગની માગણીઓ છે એને સર્વાનુમતે મંજૂર કરો એવી હું આપ સૌને અપીલ કરું છું. ધન્યવાદ.

**પ્રો વસુબેન ન. ત્રિવેદી ( મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ કલ્યાણ વિભાગની માગણી લઇને હું સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની માગણી ઉપર બહેનશ્રી વર્ષાબેન, નિમિષાબેન, તેજશ્રીબેન, ચંદ્રિકાબેન અને અમારા ભાઇઓએ આ ચર્ચામાં ભાગ લીધો. **''એક ભારત શ્રેષ્ઠ ભારત અભિગમ થયો સાકાર, રાજયોને આપ્યા આગવા વિકાસના અધિકાર.''** મારા વિભાગ ઉપરની વાતોને હું સાંભળતી હતી. મારે કહેવું છે કે, **''દુઃખીના દુઃખની વાતો સુખી ના સમજી શકે, જો સુખી સમજી શકે તો દુઃખ આ વિશ્વમાં ન રહે.''** હમણાં સાચી વાત કહું છું નિરંજનભાઇ, શાંતિ રાખો. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ શરૂ કરેલ વિકાસ યાત્રાને આપણા માનનીય પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના નેતૃત્વ હેઠળ સાચા અર્થમાં નારી તું નારાયણીની શકિતને ઉજાગર કરવા ચાલુ વર્ષનું સન ૨૦૧૫-૧૬નું બજેટ મહિલાલક્ષી બજેટ બનાવીને મહિલા સશકિતકરણના મૂળને ઉંડે સુધી લઇ જવાનો પ્રયત્ન કર્યો છે. ૧લી ફેબ્રુઆરીના રોજ અમદાવાદ સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે વુમન હેલ્પલાઇન ૧૦૧૯ ડિફેન્સ-ઓ-ડાન્સ કાર્યક્રમમાં માનનીય મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે મહિલાઓની સૂરક્ષા અને સન્માન માટે નારી શકિતએ પોતે જ હિંમત અને આત્મવિશ્વાસ જગાવવા માટેનું આહવાન કર્યું. એટલા માટે કરી શક્યા કે ગુજરાતની નારીઓ સક્ષમ અને સશક્ત બની છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે વિવેકહીન પ્રદૂષિત વાણી વિલાસ કરનાર સ્ત્રીને સમાજ પણ તિરસ્કારિત ગણતો હોય છે. સ્ત્રી હૃદયથી વિચારે છે, લાગણીથી જીવે છે અને સંવેદનાથી વર્તે છે. આજની નારી સંપૂર્ણ બુદ્ધિમત્તા અને સંવેદનનાને સાથે રાખી ગૃહ જીવન તથા જાહેર જીવનની ધૂરા સંભાળી રહી છે. આવી જ સંવેદના, આવી જ સક્ષમતા અને આવી જ બુદ્ધિમત્તા સાથે આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીએ સ્ત્રીઓ માટે જનરલ બજેટ ૨૦૧૫-૧૬ રજૂ કર્યું છે. ગુજરાતની બહેનો માતૃત્વ, નેતૃત્વ અને કર્તુત્વ ક્ષેત્રે સશક્ત બની અને એના માટેનું કામ માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ વિભાગને અલગ વિભાગ કરાવીને કરવાની શરૂઆત કરી દીધી હતી. જ્યારે આ વાત હું વિચારતી હતી મહિલા અને બાળ વિકાસના મંત્રી તરીકે અને એક માં તરીકે પણ મનમાં સંવેદના અને દુઃખ પણ થતું હતું. જ્યારે એમ સાંભળતા કે માનનીય ઇન્દિરાજીએ આ યોજનાની શરૂઆત કરી હતી. આ યોજનાને ઓળખતું હતું કોણ? માત્ર પાના ઉપરની યોજનાઓ હતી. મને ખબર છે કે જ્યાં સુધી આ વિભાગ અલાયદો ન થયો ત્યાં સુધી આંગણવાડીનું કોઇ અસ્તિત્વ ન હતું, આંગણવાડીના કોઇ કાર્યકર્તા કે વર્કરને ઓળખતું ન હતું. જ્યારે આખા રાજ્યમાં અંધારું થતું ગયું છે, કહે છે સારું થયું નથી અને ગુજરાતને બદનામ કરવાની વાતો કરીએ છીએ ત્યારે મારે એક વાત યાદ કરાવવી છે. અહીં બેઠેલા સભાગૃહના સૌ સભ્યોને કહેવું છે, હું કોલેજમાં ભણતી હતી, વિજયભાઇ સાથે અમે કામ કરતા હતા, આ દેશમાં ખરાબમાં ખરાબ તંદૂરી કાંડને કોઇ ભૂલ્યું નથી. કોંગ્રેસ યુવા મોરચાના સભ્યએ બહેનને ભઠ્ઠીની અંદર જીવતી ભૂંજી નાખી હતી એ તંદૂરી કાંડ અને બીજો હતો નિર્ભયા કાંડા (અંતરાય) સાંભળવું પડે, મેં બધું સાંભળ્યું છે. અહીં દિશા બતાવવાની વાતો કરતા હતા એમને મારે કહેવું છે કે દિશા બતાવનારાઓની દશા બદલાઇ ગઇ છે અને હજી પણ આ દિશામાં પોઝિટીવ વિચારે તો સારી વાત છે. માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં વિકાસ લક્ષી કાર્યમાં પણ ખાસ કરીને મહિલા અને બાળ વિકાસ માટે માનનીય મહિલા મુખ્યમંત્રી દ્વારા ૨૪૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આપણે સૌ જાણીએ છીએ કે આંતરરાષ્ટ્રીય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ વિકાસની પરિસ્થિતિઓ જોતાં એક બાબત દીવા જેવી સ્પષ્ટછે કે જે અર્થતંત્રમાં પુરૂષ અને મહિલાઓને તકો અને લાભો સરખા હોય ત્યાં આર્થિક વિકાસ નહિ, પરંતુ ઉચ્ચ જીવન ગુણવતાં પણ જોવા મળે છે. આ સરકારે જેન્ડર બજેટ સ્ટેટમેન્ટ ૨૦૧૫-૧૬માં

મહિલાઓ માટે વિવિધ કક્ષાએ વિશેષ નાણાકીય ફાળવણી કરી છે. ગતિશીલ ગુજરાતના કાર્યક્રમ અંતર્ગત મહિલાઓ સશક્ત બને અને એના હેઠળ નિરાધાર બહેનોને વિધવા સહાય યોજના અન્વયે સહાય પૂરી પાડવા માટે તેમજ જિલ્લા કક્ષાએ સંમેલનો યોજીને મહિલાઓને બૌદ્ધિક રીતે એમનો વિકાસ થાય, સરકારની વિશેષ વાતોથી માહિતગાર થાય એના માટેનું કામ કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, નિરાધાર, વિધવા મહિલાઓના પ્રશ્નનની વાત લઇને આપણા ગૃહના એક ભાઇ, એમ કહે કે, શું બોલ્યાં હતાં મને તો દુ:ખ થતું હતું. વિધવાઓને વિધવા હોવાનું પ્રમાણપત્ર અને પુનઃલગ્ન કર્યા નથી એના પુરાવા આપવા પડે.•(xxx) કોઇ પણ યોજનાનો લાભ લેવો હોય તો પહેલી વખત વહિવટી અનુકૂળતા માટે થઇને આ વિષયને લાવવો પડે છે. કોઇ વિધવાઓનું (અંતરાય)

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : આ પ્રમાણપત્ર માગવાનો વિષય નથી. એને પહેલીવાર જ આપવું પડે છે. દર બે વર્ષે આપવાની વાત કરી છે એ વાત સાચી નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : શું છે પોઇન્ટ ઓફ ઓર્ડર?

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહમાં દરેક સભ્યશ્રીને બોલવાનો અધિકાર છે અને કોઇપણ સભ્યશ્રી બોલ્યાં હોય એનો જવાબ મંત્રીશ્રી આપે એનો વાંધો ના હોઇ શકે. એક કરતાં અનેક નિર્ણયો છે. સભ્યશ્રી મહિલાઓનું અપમાન કરવા માટે બોલ્યાં છે. એમણે આમ કરવું જોઇએ, આપ શબ્દો વાંચી લેજો માનનીય અધ્યક્ષશ્રી. આવા શબ્દો રેકર્ડ ઉપર રહે એ બરાબર નહિ.

અધ્યક્ષશ્રી : હું રેકોર્ડ જોઇ લઇશ.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો ભાવાર્થ એ હતો કે, વખતો વખત માગવાની વાત કરી. શક્તિસિંહભાઇ બે વખત એમણે માંગ્યું. જોઇ લેજો. બે વાર આપવું પડે છે એની મેં ના પાડી હતી.

અધ્યક્ષશ્રી : હું રેકોર્ડ જોઇ લઇશ.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં આ યોજનાઓમાં ૧૩૨ યોજનાઓ એવી છે કે જેમાં ૧૦૦ટકા લાભાર્થી મહિલાઓ છે. ૨૦૭૫ કરોડ રૂપિયાની આ યોજનાઓ છે. બીજી યોજનાઓ એવી છે કે ૩૦ ટકા અને ૯૯ ટકાથી ઓછી હોય એવી ૪૬૧ સ્કીમો જેમાં ૪૫૭૭ કરોડ રૂપિયા બહેનો માટે ફાળવેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૪૫૦ કરોડની યોજનાની માહિતીમાં મુખ્યત્વે પોષણ માટે ૨૧૯૬.૨૫ કરોડ વિધવા સહાય, પિડિત અને સમસ્યાગ્રસ્ત નિરાધાર બહેનોની સમાજ સૂરક્ષા માટેની યોજના ૧૮૫.૮૪ કરોડ. મહિલા વિકાસ માટે ૧૯.૫૪ કરોડ, આર્થિક વિકાસ નિગમ માટે ૩૯.૪૮ કરોડ અને હમણાં જ નીમીષાબેને અભયમ હેલ્પ લાઇનની વાત કરી તો એના માટે ૮.૪૯ કરોડની જોગવાઇનો સમાવેશ આમાં કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પૂરક પોષણની વાત કરવામાં આવતી હતી. મારે એ કહેવું છે કે અહીંયા બેઠેલા મોટાભાગના આપણા સભ્યશ્રીઓ પોતાના વિસ્તારમાં જાય ત્યારે ભૂખમરો શબ્દ કોઇનાય મોઢે આવતો નથી. કોની સરકારમાં ભૂખમરો હતો? આજે પોષણયુક્ત ગુજરાત બને છે. ગરીબી વીનાનું મારું ગુજરાત બને છે. શિક્ષિત ગુજરાત બને છે, સંસ્કારી ગુજરાત બને એના માટેના પ્રયત્નો માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યા છે અને મને કહેતા એ વાતાનું દુ:ખ થાય છે કે, એ સમય હતો. આ જ વિધાનસભા ગૃહમાં, ભૂરા અહેમદ નામના ખેતમજૂરનું ભૂખમરાને કારણે અવસાન થયું હતું ત્યારે અહીંયા ભૂખ નિવારણ મોટેની વાતો થઇ હતી. આજે ભૂખમરાને કોઇ યાદ નથી કરતું.

માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીના ૩ થી ૬ વર્ષની વય જૂથના બાળકોને લાભાર્થી દીઠ માસિક ૮ દિવસ ૧૦ રૂપિયાની મર્યાદામાં વધારો કરીને આ રાજ્ય સરકારે ૨૦ કરતા વધારે ફળ આપવા માટે ૧૦.૫૦

•આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

કરોડની જોગવાઇ ઓલરેડી શરૂ કરી દીધી છે. માનનીય અધ્યક્ષશ્રી, બાળકોને દૂધ સંજીવની યોજના આપવાની સાથે સાથે વાત થઇ કે દૂધ બગડી જાય. દૂધ સંજીવનીમાં સ્પેચ્યુરાઇઝ્ડ કરેલું ફ્લેવર્ડ મિલ્ક આપવામાં આવે છે. ડેરીઓના માધ્યમથી આપવામાં આવે છે. એવા કોઇ બનાવો અમારા ધ્યાનમાં નથી અને કુલ મળીને ૨૧ વિકાસશીલ તાલુકાના આંગણવાડી કેન્દ્રોના ૩ થી ૬ વર્ષના બાળકો માટે અઠવાડિયામાં બે વખત ૨૦૦ એમ.એલ. પેશ્ચ્યુરાઇઝડ ફ્લેવર્ડ મિલ્ક માટે ૨૬.૩૬ કરોડની જોગવાઇ આમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક રાષ્ટ્રીય સ્વાવલંબન યોજના, નેશનલ પેન્શન સ્કીમ, આ સિસ્ટમમાં જે બહેનોએ જોડાવવું હોય તેડાગર બહેનો કે આંગણવાડીની બહેનોને તો એમના વેતનમાંથી ઓછામાં ઓછા વાર્ષિક રૂપિયા એક હજાર એણે ભરવાના થાય. ૫૦૦ રૂપિયા રાજ્ય સરકારના અને ૫૦૦ રૂપિયા કેન્દ્ર સરકારના અને જે આ યોજનામાં જોડાય એને ભારત સરકાર તરફથી વધારાના એક હજાર રૂપિયા મળીને આ યોજના શરૂ કરવામાં આવી છે. એના અંતર્ગત ૫.૧૩ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીના બાળકોને પોષણયુક્ત આહાર મળે, આ બાળકોને કોઇક વિશેષ યોજનાથી આપણે તંદૂરસ્તીની દિશામાં લઇ જઇએ, પી.પી.પી.ના મોડેલથી આંગણવાડીના લાભાર્થી બાળકોને પૌષ્ટિક ગરમ ખોરાક આપવા માટે વડોદરા ગ્રામ્ય ઘટક ૧ અને ૨ એમાં ૯,૩૨૭ બાળકો, ગાંધીનગર ૧ અને ૨ના ૯,૪૨૫ બાળકો, કલોલના ૭,૧૫૩ બાળકોને અક્ષયપાત્ર મારફતે ફાઉન્ડેશન મારફતે બપોરનો ગરમ પૂરક નાસ્તો મળે તેના માટે ૨.૧૬ કરોડની જોગવાઇ આ બજેટની અંદર કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઇન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના ૨૧ જિલ્લાઓના, ૨૧ તાલુકાઓ માટે કુલ ૨૭.૨૧ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. સમગ્ર યુગ ઇન્ટરનેટનો થયો છે. આંગણવાડીમાં પણ આનો ઉપયોગ થઇ શકે તે હેતુથી આઇ.ટી.એકશન પ્લાન માટે જિલ્લા અને ઘટક કક્ષાએ કોમ્પ્યુટર હાર્ડવેર અને એસેસરિઝ આપવા માટે ૪.૮૬ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લાની આંગણવાડીઓમાં આંગણવાડી કાર્યકર દ્વારા વર્તમાન ભરવામાં આવતા રજીસ્ટરોની જગ્યાએ આઇ-પોષણ સોફ્ટવેર આપવા માટે ૧.૩૩ કરોડની યોજના પણ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લાના, ગાંધીનગર તાલુકાની આંગણવાડીના કેન્દ્રોમાં ઇન્ટેલીજન્સ પેમેન્ટ ગેટ-વે એન્ડ સુપરવિઝન સિસ્ટમ, પગાર અને અન્ય ખર્ચની નાણાકીય ચૂકવણી ઓન લાઇન કરવા માટે બજેટમાં ૬૨.૭૯ લાખની જોગવાઇ પણ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચૌદમા નાણાપંચની ભલામણો એના અંતર્ગત કુપોષણ સંદર્ભે ફાયનાન્સ કમિશન દ્વારા સૂચવેલ યોજનાઓના અમલીકરવા કરવા માટે અને સબળા યોજનાનો તક્કાવાર નવા ધોરણો માટે વિસ્તૃતિકરણ કરવા માટે આપણે કુલ મળીને ૧૦૧ લાખ જેટલી જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગ અંતર્ગત મહિલા આર્થિક વિકાસ નિગમ, એના હેઠળ જે બહેનો તાલીમ પામતી હતી. આ તાલીમ પામતી બહેનોના સ્ટાઇપેન્ડમાં વધારો કરવા માટે ૩ કરોડ, ૩૮ લાખની જોગવાઇ પણ કરવામાં આવી છે.

આર્થિક વિકાસ નિગમ દ્વારા બહેનો આર્થિક રીતે પગભર બને, પોતાનું જીવનનિર્વાહ કરવા માટે પતિ-પત્ની બંનેનો સહિયારો ભાગ હોય તે વિચારીને ગરીબ અને પછાત વર્ગની મહિલાઓ ભરત ગૂંથણના કામો ઘરે કરે, કાંઇક નાસ્તાઓ બનાવવાનું કામ ઘરે કરે, એની કલા અને કૌશલ્યપૂર્ણ રીતે કરે, આ બધી જ વસ્તુઓના ઉત્પાદન માટે, એના વેચાણ માટે ખરીદ સેન્ટર ઉભા થાય એના માટે પ્રદર્શન કમ વેચાણની યોજના દ્વારા વધુમાં વધુ લાભ અપાવવા માટે પાંચ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કુપોષણના નિવારણ માટે પણ ખાસ વિશેષ યોજનાઓ બાળ વિકાસના સૂચકાંકમાં સુધારો લાવવા માટે પ્રોત્સાહનો અને શહેરી વિસ્તારોમાં પોષણ કાર્યક્રમને વધુ સંગીન બનાવવાના પ્રયાસો જે ભારત સરકારના છે એનો અમે સમાવેશ કરી લીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખત મહિલાઓ કાનૂની પ્રક્રિયાથી પીડાતી હોય છે. અને કાનૂની પ્રક્રિયાઓથી પીડાય ત્યારે એના હક્કો અને અધિકારો માટે એને લડવા જવું પડતું હોય છે. કાયદાની આંટીઘૂંટી સમજતી નથી અને જટિલ કાનૂની પ્રક્રિયા એને અધમૂઇ જેવી કરી નાખતી હોય છે. ત્યારે મુખ્યમંત્રીશ્રીના

સંવેદનશીલ વહીવટને કારણે નારી અદાલતો શરૂ કરી. બહેનો માટે, બહેનોની બનેલી, બહેનો દ્વારા ચાલતું એક અનૌપચારિક માળખું નારી અદાલતોના માધ્યમથી આપણે ઉભું કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, પરંપરાગત ન્યાય પ્રણાલી કે પોલીસીમાં ગયા વિના પોતાના પ્રશ્નોનું બિનખર્ચાળ પદ્ધતિથી સમાધાન કરવા માટે નારી અદાલત એક ઉમદા વિકલ્પ તરીકે વિકસાવેલ છે. ૨૦૧૫–૧૬માં મહિલાઓના આર્થિક સશકિતકરણ અને ૧૪૦ નારી અદાલતોની પ્રવૃત્તિઓ અને નવી ૨૦ નારી અદાલતો સ્થાપવા માટેની યોજનાની જોગવાઇ ૪૪.૩૧ કરોડના ખર્ચે કરવામાં આવી છે. મહિલાઓ માટે રેસ્કયુ વાનની સગવડ માટે જે ૧.૩૪ કરોડ હતા એને બદલે ૨.૭૫કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વિવિધલક્ષી મહિલા કેન્દ્રો આપણા રાજયમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આપણે કરાવતા હોઇએ છીએ એની સહાય ચૂકવવા માટે ૮.૫૭ કરોડની જોગવાઇ કરી છે. ૧૩૦૦૦૦ વિધવા બહેનોને વિધવા સહાય ગયા વર્ષે આપવામાં આવી હતી. આ વર્ષે ૧૪૦૦૦૦ વિધવાબહેનોને આપી શકાય એ માટેની યોજના ૧૭૭.૧૮ કરોડની કરી છે. મહિલાઓનું સશકિતકરણ અને સ્વાવલંબનનો પાયો એ કિશોરી અવસ્થામાં હોય ત્યારથી જ નખાય એના માટેની યોજનાઓ ૧૧ થી ૧૮ વર્ષની કિશોરીઓનો વિકાસ થાય એના માટે અમલમાં મુકી છે. આરોગ્ય વિભાગની સાથે જોડીને આરોગ્ય, એમની વૃદ્ધિ, વિકાસ, સારવાર, રોગ પ્રતિકારક રસી, પર્યાવરણીય સ્વચ્છતા વિગેરે વિશેની માહિતી આપવા માટેના કલાસીસ આના દ્વારા ચલાવવામાં આવે છે. પ્રથમ મહિલા મુખ્યમંત્રી છે આ વિભાગની અંદર આપણા ગૃહની અંદર ૧૩ મહિલાઓ વગર અનામતે ચૂંટી શકે એવી સીટો પર લડાવીને વગર અનામતે નેતૃત્વ અહીંયા કરવાની તક મારી ભારતીય જનતા પાર્ટીની સરકારે આપી છે. મેયર કે જિલ્લા પંચાયતના અધ્યક્ષો અનામત હોય છે. (અંતરાય) એમને નથી ગણ્યા સર.એ તો બે જ છે. (અંતરાય) ત્રણ છે પણ એ તો બધા હારેલી સીટો પર લડાવીને લડાવીને લાવ્યા છે તેજશ્રીબેન(અંતરાય)

અધ્યક્ષશ્રી : વસુબેન, માગણી પર આવી જાવ.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મેયર અને જિલ્લા પંચાયતના પ્રમુખો અનામત હોય પણ બાકીના વહીવટમાં ભાગીદારી માટે ડેપ્યુટી મેટર, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન આવી જગ્યાઓ પર પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ મહિલાઓને મુકવાનું કામ કર્યું છે. ૩૩ ટકા અનામત પોલીસમાં અને સરકારી વહીવટમાં મહિલાઓ માટે કર્યું છે. સમગ્ર દેશને દિશા આપવાનું કામ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યું છે. કૃષ્ણ ભગવાનનો ઉછેર, તેમના સંસ્કારોનું સિંચન માતા યશોદા દ્વારા કરવામાં આવતું હતું. આંગણવાડીની કાર્યકર અને તેડાગર બહેનોને મા યશોદાનો એવોર્ડ યશોદા તુલ્ય માનીને આપવાનું કામ શરૂ કર્યું છે. જયાં રમે છે બાળકો એને નંદઘર આપ્યું છે પાંચ હજાર જેટલા નંદઘર બનાવવાનું આયોજન આ બજેટની અંદર કરવામાં આવ્યું છે. આનંદીબેન પટેલ આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ ગુજરાતનો આગવો કાર્યક્રમ ચાલે છે જેમાં સરકારના જુદા જુદા વિભાગોની અગત્યની પ્રવૃત્તિઓ સામેલ કરી નિયત સમયે લક્ષ્યાંકો આપેલા છે. મારા વિભાગના લક્ષાંકો પણ એમાં આપ્યા છે અને એના આધારે આપણે ત્યાં કામ થઇ શકે છે. મારે એક છેલ્લી વાત ગૃહને કરવી છે. ગુજરાતમાં બેટી બચાવોના અભિયાનને જે રીતે જબરજસ્ત આવકાર મળ્યો એને ધ્યાનમાં રાખીને દેશના વડાપ્રધાને પાણીપતમાંથી સમગ્ર દેશમાં આ અભિયાન ચાલુ કરવા માટેનો કાર્યક્રમ પાણીપતમાં માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વ હેઠળ કર્યો અને એ કાર્યક્રમ ચાલુ થઇ ગયો છે. મારે વિશેષ કાંઇ નથી કહેવું પણ મારે એ જરૂર કહેવું છે કે એક ઇશ્વરીય કાર્ય સાથે મારો વિભાગ કામ કરી રહ્યો છે. અગત્યના સૂચનો, અગત્યની માહિતીઓ જો મને આપવામાં આવે તો સાથે મળીને કામ કર્યાનો સંતોષ થશે અને ફરીથી હું આ સૌ સભાગૃહના સૌ સભ્યોને વિનંતી કરું છું કે ચાલો આપણે સાથે મળીને મહિલા અને બાળ કલ્યાણના કામો માટે આગળ આવીએ અને સાથે મળીને કામ કરીશું તો સાચા આર્થમાં પોષણયુકત ગુજરાત બનશે. ૩૪ જેટલી કાપ દરખાસ્તો છે. હું સૌ સભ્યોને વિનંતી કરું છું ખાસ કરીને વિપક્ષના સભ્યોને કે એમની કાપ દરખાસ્તો પાછી ખેંચી લે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ટ્રાયબલ વિસ્તાર, આદિવાસી વિસ્તાર છે ત્યાં કુપોષણનું પ્રમાણ ખૂબ વધારે છે. દર વખતે એવી જાહેરાત કરવામાં આવે છે કે આ વિસ્તારોમાં કુપોષણ દૂર કરવા માટે દૂધ સંજીવની યોજના ચાલુ કરી દેવામાં આવશે.જે તે વખતના અમારા કલેકટરશ્રીએ પણ કહ્યું હતું અને માનનીય મુખ્યમંત્રીશ્રી ત્યાં આવ્યા ત્યારે પણ આ ચર્ચા થઇ હતી. અને એમ કહેવામાં આવ્યું હતું કે

જલ્દીમાં જલ્દી દૂધ સંજીવની યોજના ચાલુ કરવામાં આવશે. હજુ સુધી મેક્સિમમ કૂપોષિત આદિવાસી વિસ્તાર હોવા છતા આ વિસ્તારોમાં કોઇ આવી વ્યવસ્થા કરવામાં આવી નથી. મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આવા પછાત વિસ્તારો ભીલોડા અને મેઘરજ એ અતિ પછાત છે તો આવી યોજના ચાલુ કરવા માગો છો કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : આપણે આદિવાસીના એ દરેક તાલુકામાં આ યોજના શરૂ કરવા માગીએ છીએ અને બજેટ પણ ફાળવ્યું છે. પરંતુ દૂધની ડેરીઓ સાથેની કેટલીક મુશ્કેલીઓ દૂધને પહોંચાડવા માટેની, એના કુલકેજ રાખવા માટેની આના માટેની વાટાઘાટ ચાલુ છે. એની વ્યવસ્થા થયે તરત જ ચાલુ કરી દેવામાં આવશે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસેથી બે બાબતો જાણવા માગું છું કે કૂપોષિત બાળકોની સંખ્યામાં વધારો એ વાસ્તવિકતા છે. જેનો અહેવાલ આ વિધાનસભા ગૃહમાં રજૂ થયો છે, ત્યારે ટાર્ગેટેડ કૂપોષિત બાળકોને જે પોષણક્ષમ ખોરાક પહોંચવો જોઇએ એ નથી પહોંચતો એ ઓડિટ અહેવાલનો ભાગ છે તો મારે જાણવું છે કે મંત્રીશ્રી આ અહેવાલ પછી આ સંદર્ભમાં કોઇની જવાબદારી ફિક્સ કરીને શા માટે ટાર્ગેટેડ બાળકોને સુપ્રીમ કોર્ટે કહ્યું તે પ્રમાણે જે ચીવટ લેવાવી જોઇએ તે નથી લેવાઇ. એકાદ–બે ટકામાં નહીં. હજારો બાળકો તેનાથી વંચિત રહ્યા છે. આંકડાઓ આ વિધાનસભા ગૃહમાં રજૂ થયેલ અહેવાલના છે. આમાં મંત્રીશ્રી શું કાર્યવાહી કરવા માગે છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, અતિ કૂપોષિત બાળકો માટે આપણે જે આહાર આપવામાં આવતો હતો. એ ન્યુટ્રીશન રીચ આપવામાં આવતો હતો. એમાં સોયાબીન જેવા ખાદ્યપદાર્થ હોવાના કારણે એમાં થોડી કડવાટ આવતી હતી. જેથી બાળકો નહોતા ખાતા. જેમાં આપણે સુધારો કર્યો છે. અક્ષયપાત્ર જેવી સંસ્થાઓને વિનંતી કરીને મધ્યાહન ભોજનમાં જે ફૂડ આપે છે તે તમામ રાજયમાં એની જેમ આહાર મળે તેના માટે રાજય સરકાર ચિંતિંત છે. બીજું સમગ્ર ગુજરાત જાણે છે. ચિંતા કરી છે, એટલા માટે કહું છું. સમગ્ર ગુજરાતમાં આપણે એક વસ્તુની અમલવારી કરી છે. જયાં પણ મંત્રીશ્રીઓ, મુખ્યમંત્રીશ્રી ખાસ જાય ત્યારે એમનું સ્વાગત ફૂલથી ન કરવું પરંતુ ફળોથી અને અનાજ કઠોળથી કરવું. દાહોદમાં ૨૦,૦૦૦ કિલો જેટલું અનાજ, ડ્રાયફ્રૂટથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આવા જનભાગીદારીના કાર્યક્રમો કરીને આપણે બાળકોના પોષણ નીવારવા માટે આગળ વધી રહ્યા છીએ. હું ગુજરાતના સમગ્ર લોકોને આના માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ બાળકો અમારા બાળકો છે એમ સમજીને એમણે મદદ કરવા માટે હાથ લાંબો કર્યો છે.

સભાગૃહનો સમય લંબાવવા અંગે

શ્રી પંકજકુમાર વિ. દેસાઇ ( મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માગણી ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી હાઉસનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : માગણીઓ ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી હાઉસનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા : માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત ક્ષેત્રમાં રાજય સરકારે લીધેલા ઇનિસીએટીવ માટે રાજય સરકારને અભિનંદન આપવા ઘટે. નેશનલ ગેઇમ્સમાં આ વખતનું પર્ફોર્મન્સ કાબિલેતારીફ રહ્યું છે તે માટે રાજય સરકાર અને ખેલાડીઓને ખૂબ ખૂબ અભિનંદન. રાજય સરકારે ઇન્ટરનેશનલ કોચિસની વ્યવસ્થા કરી છે. જીમ્નેશિયમ અને મેદાનની વ્યવસ્થા કરી છે, ત્યારે શૈક્ષણિક ક્ષેત્રમાંથી આવતા વિદ્યાર્થીઓ રમત ગમત સાથે જોડાય ત્યારે એમને ચોક્કસ સમય દરમ્યાન શૈક્ષણિક ક્ષેત્રથી દૂર રહેવું પડતું હોય છે. દશમાં ધોરણ વખતે, સાતમાં ધોરણ વખતે, ૧૨ માં ધોરણ વખતે, કોલેજ વખતે પરિસ્થિતિ એવી ડેવલપ થાય છે કે એકબાજુ પરીક્ષા આવે છે અને બીજી બાજુ નેશનલ ગેઇમ્સ રમાતી હોય છે. વિદ્યાર્થીઓ ઓછું ભણે તો નપાસ થવાની શક્યતાઓ હોય તો આવા મિત્રોને શૈક્ષણિક રીતે મદદરૂપ થઇએ. ઘણા બધા કેસીસ છે કે ધોરણ–૧૦, ૧૨ માં આવે તો વાલીઓ બાળકોને ઉઠાવી લે છે, તો રાજય સરકાર કઇક વિચારે એવી લાગણી છે. અને રમત ગમત કોમ્પિટિશનમાં ખેલાડીઓ જાય છે ત્યારે એમને પુરતા પ્રમાણમાં ભાડા ભથ્થાં અને રહેવાની વ્યવસ્થા આપવામાં આવે તેવી મારી લાગણી છે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીની ચિંતા વાજબી છે. પરીક્ષાનો સમયગાળો અને ચેમ્પિયનશીપનો સમયગાળો એક થઇ જતો હોય ત્યારે મુશ્કેલીઓ ઉભી થાય છે, પરંતુ અમારો વિભાગ આ માટે પૂરો પ્રયત્ન કરે છે, પરંતુ નેશનલ ગેઇમ્સની ડેઇટ નેશનલ લેવલે નક્કી થતી હોય છે. આપણો કન્ટ્રોલ

હોતો નથી. સ્ટેટ લેવલની અને જિલ્લા લેવલની હરિફાઇઓમાં બાળકો યુવાનો ભાગ લેવા જાય ત્યારે તેમનો પ્રવાસ, એમનું ભોજન, એમનો આવાસ આ બધો જ ખર્ચ સરકાર ભોગવે છે. ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, હમણા જ મેં સાંભળ્યું છે કે ચાર દિવસ પહેલા આપણા દેશના વડા પ્રધાનના ગામ વડનગરમાં એક શરમજનક કિસ્સો બન્યો એવું તો કેટલી બધી આંગણવાડીઓમાં બને છે ખાવાના ખોરાકમાં, કારણ કે નાના નાના ભૂલકાઓનો આ પ્રશ્ન છે એટલે કહેવું છે કે અનાજમાં ઇયળ, સીમેન્ટ, રેતી એવું બધું આવે ત્યારે કૂપોષણ દૂર કરવાની બાબત તો બાજુમાં રહી પરંતુ બીજા રોગો પણ પેટમાં ન થાય એના માટે આપ સખતમાં સખત કાર્યવાહી કરવા માગો છો કે કેમ? અને ક્લાઇમેટ ચેન્જ વિભાગમાં એટલું પૂછવા માગુ છું કે, ઓક્સીજન, કાર્બન ડાયોક્સાઇડ અને કાર્બન મોનોક્સાઇડનું કેટલું પ્રમાણ સામાન્ય રીતે હોવું જોઇએ કે શ્વાચ્છોશ્વાસમાં તકલિફ ન પડે અને અમદાવાદનું એ બરાબર છે કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, એમણે કહ્યું તે બાબતની જયારે જયારે અમારા ધ્યાનમાં વાતો આવી છે ત્યારે એના માટે કડકમાં કડક કાર્યવાહી કરી છે, એના ઉપર પગલાં પણ લીધા છે અને એમને નોકરીમાંથી મુક્ત પણ કરવામાં આવ્યા છે. માનનીય તેજશ્રીબેને જ્યારે પૂછ્યું છે ત્યારે એક વાત હું એ પણ કરું છું કે, મારી આંગણવાડીની બહેનો એની ત્રણ મહિનાની મેટરનિટી લિવથી વંચિત હતી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ આની પણ જાહેરાત કરીને એમને પણ ત્રણ મહિનાની મેટરનિટી લિવ મળે એ માટેની જાહેરાત કરી છે.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બહેને જે પ્રશ્ન પૂછ્યો છે કે ક્યા પ્રકારનું હવામાન જોઇએ? હવાની અંદર જે પ્રકારે વાયુ, ગેસવાયુ છોડવામાં આવે છે એના કારણે જે કાર્બન ડાયોક્સાઇડનું પ્રમાણ વધ્યું છે એને ઘટાડવા માટે ચોક્કસ પ્રકારે સરકાર ચિંતિત છે અને એ દિશામાં કામ કરી રહી છે. અમદાવાદમાં સૌ પ્રથમ સી.એન.જી. રીક્ષા, સી.એન.જી.બસો દોડાવીને છેલ્લા દસ વરસમાં ખૂબ જ પ્રદૂષણ ઘટાડવાનો આ સરકારે પ્રયાસ કર્યો છે તેના કારણે અમદાવાદ આજે સારું સીટી બન્યું છે. એજ પ્રકારે ગાંધીનગર ગ્રીન સીટી છે એને સારું ગ્રીન સીટી બનાવવા માટે સરકારી ઓફિસો, કોલેજો વગેરે ઉપર સોલાર લાઇટો મૂકીને સોલાર પાવર ઉત્પન્ન કરીને અહીંયા પણ કાર્બન ડાયોક્સાઇડ વધુ ન થાય એના માટે રાજય સરકાર ચિંતિત છે. ઓક્સીજનનું પ્રમાણ ૨૧ ટકા અને કાર્બન ડાયોક્સાઇડનું નીલ એ પ્રકારેનું પ્રમાણ હોવું જોઇએ અને જીવવા માટે સારો ઓક્સીજન મળે એ જરૂરી છે.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૪, ૬, ૧૦, ૧૨, ૧૪ થી ૧૬, ૧૮ થી ૨૦, ૨૨ થી ૩૩ અને ૩૫ થી ૩૯ એક સાથે મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૮૯, ૯૮, ૧૦૫ અને ૧૦૭ મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૨૦ વાગ્યે પુરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૨૫મી માર્ચ, ૨૦૧૫ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું**

ગુજરાત વિધાનસભા
બુધવાર, તા. ૨૫ મી માર્ચ, ૨૦૧૫
ચૈત્ર ૪, ૧૯૩૭ શાકે
સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગે મળ્યું.
અધ્યક્ષશ્રી, ગણપતભાઇ વસાવા અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

નડીયાદ તાલુકાના કમળા ગામે જી.આઈ.ડી.સી. માટે સંપાદિત જમીન

* ૧૮૦૮૫ શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ નડીયાદ તાલુકાના કમળા ગામે જી.આઈ.ડી.સી. દ્વારા જમીન ખરીદાયેલ છે તેમાં ક્યારે જી.આઈ.ડી.સી. કાર્યરત થશે, અને<br>(૨) જો કાર્યરત ન થવાની હોય તો સરકાર જમીન પરત આપવા માંગે છે કે કેમ ? | (૧) અને (૨) : તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ નડીયાદ તાલુકાના કમળા ગામે જીઆઈડીસી કાર્યરત છે. પરંતુ, વસાહતના ૧૯–૩૫–૩૬ હેકટર વિસ્તાર પૈકી આંતર માળખાકીય સુવિધા માટે અને અન્ય ફાળવણીદારોને કુલ ૯–૬૦–૭૧ હેકટર વિસ્તાર ફાળવી વપરાશમાં લીધેલ છે. ૯–૪૩–૮૭ હેકટર વિસ્તારનું વિતરણ કરી શકાયેલ નથી. |

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, નડીયાદ તાલુકાના કમળા ગામે કેટલી જી.આઇ.ડી.સી.. કાર્યરત છે અને કેટલી બંધ છે. વસાહત માટેની જમીન ઉદ્યોગ માટે ફાળવી દીધી છે એ વાત સાચી છે? જી.આઇડી.સી. ઝોન કંપની કે ઉદ્યોગ શા ભાવે વેચાણ કરવામાં આવી છે અને ખેડૂત પાસેથી જમીન સંપાદન કરવામાં આવી હતી કે કેમ? જો હા, તો કયારે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કમળા, નડીયાદ જી.આઇ.ડી.સી. એ ૧૯૭૮ની અંદર જીઆઇડી.સી. દ્વારા સ્થાપના કરવાનો નિર્ણય કર્યો હતો અને ૯.૩ હેકટર જગ્યા સંપાદન કરવાનું નકકી કર્યું એની અંદર પછી સેકશન–૪ જાહેર કર્યું એ તા. ૨૩–૧૧–૭૮, સેકશન–૬ જાહેર કર્યું એ તા. ૨૦–૧૧–૮૧ અને રેગ્યુલર એવોર્ડ આપ્યો તા. ૨૨–૯–૧૯૮૬ એ. એની અંદર સરકાર દ્વારા, જી.આઇ.ડી.સી. દ્વારા જમીન સંપાદન કરી શકયા નહોતા એટલે હાલમાં અત્યારે અડધી જી.આઇ.ડી.સી. ચાલી રહી છે અને અડધી જી.આઇ.ડી.સી. ઉપર હજી આપણે કબજો લઇ શકયા નથી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં ૧૯ હેકટરનો વિસ્તાર સંપાદન કર્યો એ રીતનો જવાબ છે અને ૫૦ ટકા વિસ્તારમાં જ આજે જી.આઇ.ડી.સી. કાર્યરત છે એટલે ૫૦ ટકા વિસ્તાર પણ કાર્યરત નહીં રહેવાના કારણો શા છે? અને આ જમીન પ્રાઇવેટ ખેડૂતો પાસેથી સંપાદન કરવામાં આવી હતી કે સરકારી જમીન હતી અને જો પ્રાઇવેટમાં સંપાદન થયેલી હોય અને ઉપયોગમાં ન હોય તો પાછી આપવા માગીએ છીએ કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જમીનમાં કબજો કરવા માટે, પઝેશન લેવા માટે જી.આઇ.ડી.સી.એ અનેક પ્રયત્નો કર્યા છે પરંતુ કમનસીબે હજુ આપણને એ લોકો અંદર પઝેશન આપવા માટે રોકી રહ્યા છે. મોટાભાગની જમીન આપણે સંપાદન કરેલી છે. સરકારી જમીન ખૂબ ઓછી છે એની અંદર ખાલી ૯–૧૯–૩૫ હેકટરની અંદર ૧૯.૨૨ હેકટર ખાનગી છે અને બાકીની સરકારી જગ્યા છે અને વર્ષો જુનો પ્રશ્ન છે. ઘણી વખત પ્રયાસ કરવા છતાં આપણે સંપાદન નથી કરી શકયા એટલે હાલમાં અત્યારે ખેડૂતો પાસે કબજો છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જી.આઇ.ડી.સી. ના નોર્મ્સ છે એ બહુ જુના છે. એના કારણે આજે આપણે જમીન સંપાદનમાં સુપ્રિમ કોર્ટના ચૂકાદાને કારણે પણ જમીન સંપાદન કરી શકતા નથી તો આપણે આ નોર્મ્સમાં સુધારો કરીને કેટલા હેકટર જમીન રાખવી તેના નોર્મ્સમાં કંઇ સુધારો કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે તો જી.આઇ.ડી.સી.એ જે નવી એસ્ટેટો કરી છે એમાં કોઇ પ્રશ્નો આવતા નથી એનું કારણ છે કે કન્સર્ન ઉપર આપણે મોટાભાગે જઇએ છીએ અને એની જે પ્રાઇઝ ડીટર્મીંગ થાય છે એ થર્ડ પાર્ટી કરે છે અને થર્ડ પાર્ટી કરે છે એ ડીટર્મીન કર્યા પછી આપણે એ લોકોની જમીન લઇએ છીએ. આ જુનો વિષય છે ખૂબ જુનો વિષય છે એટલે આવતા દિવસોની અંદર સરકારમાં જે નિયમો છે એ નિયમો દ્વારા નકકી કરીએ કે આ જગ્યાનું શું કરવું છે? ૯ હેકટર જગ્યા છે એની અંદર એ લોકોને ભાગીદાર બનાવીને કરવા માગીએ છીએ, જમીન બાયફોર્સ કરવા માગીએ છીએ કે નવા ભાવ નકકી કરીને કંઇક કરવા માગીએ છીએ? એ સરકારના લીગલ ડિપાર્ટમેન્ટ જોડે ધ્યાનમાં રાખી અને નિયમ અનુસાર આગળની કાર્યવાહી કરીશું.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નડીયાદ અને આણંદ જિલ્લામાં નવી જી.આઇડીસીનું કોઇ આયોજન કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે અત્યારે એની બીજી માહિતી નથી. નોટીસ જુદી આપવી પડશે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે આ જમીનનો કબજો હજી ખેડૂતો પાસે છે ઘણા લાંબા વર્ષોથી આ ચાલે છે તો માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે ખેડૂતો પાસે આ જમીનનો કબજો છે એમની પાસે જ રહેવા દેવામાં આવે અને આ ગામે અન્ય જમીન જે કાંઇ હોય એ આ જી.આઇ.ડી.સી. પાસે આપણે લેવા માગીએ છીએ કે કેમ?

શ્રી સૌરભ પટેલ : મેં એજ કહ્યું આ જૂનો પ્રશ્ન છે. અનેક વખત કોશિશ કરવા છતાં પઝેશન મળ્યું નથી. અને આવતા દિવસોની અંદર ખેડૂતો જોડે એક વાર વાર્તાલાપ કરી લઇશું. લીગલ ડિપાર્ટમેન્ટમાં શું જોગવાઇ છે, સરકારના નિયમો શું છે? કારણ કે ઓફિશિયલ પેપર ઉપર પઝેશન મળી ગયું છે. બીજું કે નાણાનો ઓર્ડર થઇ ગયેલ છે, પરંતુ રેવન્યુ એકાઉન્ટમાં ડિપોઝિટ છે. ઘણી બધી ટેકનિકલ વસ્તુ છે. આ ટેકનિકલ બાબતનો લીગલ ડિપાર્ટમેન્ટ જોડે કન્સર્ન રાખી નિર્ણય કરીશું. આપણે પાછી આપવી છે કે જમીનનો ભાવ વધારવો છે. શું નિર્ણય લેવો ભાગીદારીમાં એસ્ટેટ બનાવવી છે જે કઇ નિર્ણય લેવાનો હશે તે લીગલ ડિપાર્ટમેન્ટ જોડે ધ્યાનમાં રાખીને નિર્ણય લઇશું.

## દાહોદ જિલ્લામાં તળાવો ઊંડા કરવા બાબત

* ૧૭૮૧૪ શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલા તળાવો ઊંડા કર્યા, | (૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉંડા કરવામાં આવેલ તળાવોની વિગત નીચે મુજબ છે. |

| અ.નં. | તાલુકા | વર્ષ | |
|---|---|---|---|
| | | ૨૦૧૩ | ૨૦૧૪ |
| ૧ | ગરબાડા | ૧૭ | ૨ |
| ૨ | દાહોદ | ૧૨ | ૧ |
| ૩ | દેવગઢ બારીયા | ૬ | ૧ |
| ૪ | ધાનપુર | ૧૭ | ૨ |
| ૫ | ફતેપુરા | ૧૭ | ૦ |
| ૬ | લીમખેડા | ૧૭ | ૦ |
| ૭ | ઝાલોદ | ૨૯ | ૦ |
| ૮ | સંજેલી | ૧ | ૦ |
| | કુલ | ૧૧૬ | ૬ |

| | |
|---|---|
| (૨) ઉકત તળાવો ઊંડા કરવા માટે ઉકત | (૨) ઉકત તળાવો ઊંડા કરવા માટે તાલુકાવાર |

જિલ્લામાં તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ, અને

થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકા | કુલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ગરબાડા | ૪૭.૯૨ |
| ૨ | દાહોદ | ૩૩.૪૩ |
| ૩ | દેવગઢ બારીયા | ૨૮.૭૯ |
| ૪ | ધાનપુર | ૬૦.૫૭ |
| ૫ | ફતેપુરા | ૪૪.૭૨ |
| ૬ | લીમખેડા | ૫૮.૧૮ |
| ૭ | ઝાલોદ | ૬૮.૯૯ |
| ૮ | સંજેલી | ૧.૯૫ |
| | કુલ | ૩૪૪.૫૫ |

(૩) તળાવો ઊંડા થવાના કારણે જિલ્લાવાર વધુ કેટલી જમીનમાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થઈ ?

(૩) પરોક્ષ સિંચાઈનો લાભ ૪૮૦ હેકટર.

ડો. મિતેષભાઇ ક. ગરાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ દાહોદ જિલ્લામાં તળાવો ઉંડા કરવાની કામગીરીનો પ્રશ્ન છે. તો એમાં મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ દાહોદ જિલ્લામાં તળાવો આવેલા છે, એમાં મહદઅંશે માર્ચના અંતમાં કે એપ્રિલના અંતમાં તળાવો સૂકાઇ જતા હોય છે, છતા તળાવો ઉંડા કરવાની કામગીરી છેક વરસાદ આવવાની તૈયારી હોય, અઠવાડિયું બાકી હોય કે દસ દિવસ બાકી હોય, આકાશમાં વાદળા આવી ગયા હોય ત્યારે શરૂ કરવામાં આવે છે અને જેવો વરસાદ પડે કે તળાવમાં થોડું ઘણું પાણી આવી જાય, પછી કામગીરી અટકી જાય છે. જે તે વિભાગના અધિકારીઓ અને એજન્સીને કામગીરી આપવામાં આવે છે એ અધિકારીઓ આ કામ પૂર્ણ થઇ ગયું છે તેવું પૂર્ણ થયાનું સર્ટિફિકેટ આપી દે છે. અને આ તળાવો ઉંડા કરવાની બજેટ ફાળવણી થઇ હોય છે, તે પછી પૂરેપૂરા ઉપડી જાય છે, તો સરકાર તળાવો ઉંડા કરવાની કામગીરી સમયસર વરસાદ આવે એની પહેલા એપ્રિલમાં અથવા મે મહિનામાં પૂરું કરવાનું આયોજન કરવા માગે છે કે કેમ? અને બીજો પ્રશ્ન છે કે આ દાહોદ જિલ્લાના તળાવો ઉંડા કરવાની કામગીરી ઘણાં વર્ષોથી આ અધિકારીઓ અને જે તે કામ કરતી એજન્સીની સાંઠગાંઠથી ઘણો ભ્રષ્ટાચાર થયાની ઘણી બધી ફરિયાદો આવે છે તો આ ફરિયાદ સરકારના ધ્યાને આવી છે કે નહિ તેની સ્પષ્ટતા કરે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ ખૂબ અગત્યનો પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. અને સરકાર પણ ખૂબ ગંભીર રીતે આ બાબતને લઇ રહી છે, ત્યારે આપના મારફતે મારે સભ્યશ્રીને જણાવવું છે કે સરકારે કટ ઓફ ડેટ નક્કી કરી છે કે જે આપેલાં કામ હોય એ કયારે પૂરાં કરવાં. મારે સભ્યશ્રીને જણાવવું છે કે ૧૫ મી મે સુધીમાં બધાં જ કામ પૂરાં કરવાની કટ ઓફ ડેટ આપેલી છે, એટલે ત્યારપછીનું કોઇપણ કામ કયારે ય મંજૂરી આપવામાં આવતી નથી. અને હવે જે ભ્રષ્ટાચારની વાત કરી સરકાર પાસે પહેલા આવી રજૂઆતો આવતી હતી. પરંતુ છેલ્લાં બે વર્ષમાં એવી પદ્ધતિ અપનાવી છે કે જ્યારે કામ શરૂ થાય ત્યારે એના ફોટાગ્રાફ થાય પછી જ્યારે એનું સુપરવિઝન થાય ત્યારે ફોટોગ્રાફ થાય અને ૧૫ મી મે એ જે કામ આપેલ હોય એ બધાનાં ફોટાગ્રાફ અને માપણી થાય છે. ત્યારપછીનાં અધૂરાં કામ હોય તળાવોમાં પાણી ભરાઇ જાય એટલે કામ પૂરાં થઇ ગયા છે તેમ ગણીને બિલિંગ થાય અને સંપૂર્ણ ચૂકવણું થાય આવું હવે થતું નથી. સભ્યશ્રીને આશ્વસ્ત કરું છું અને સમગ્ર ગૃહને આશ્વસ્ત કરું છું કે આ બાબતમાં ભ્રષ્ટાચાર સંપૂર્ણપણે બંધ થઇ ગયો છે, તેમ છતા સભ્યશ્રીના ધ્યાનમાં આવી કોઇ બાબત હોય તો અમારા ધ્યાનમાં મૂકે તો સરકાર એને ગંભીરપણે લઇ તપાસ કરશે અને જે કોઇ એના માટે જવાબદાર હશે એના વિરુદ્ધ પગલાં લેવામાં આવશે.

શ્રી વીંછીયાભાઇ જો. ભૂરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪ના વર્ષમાં કેટલા તળાવો બનાવવામાં આવ્યા, મારો બીજો પ્રશ્ન છે કે ૨૦૧૪ના વર્ષમાં આ કામ માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો તે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪માં દાહોદ જિલ્લામાં ૬ તળાવો મંજૂર કરવામાં આવ્યા અને આ કામ માટે ૪૦ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ટેન્ડરો મે મહિનાના એન્ડમાં બહાર પાડવામાં આવે છે અને તેનો વર્ક ઓર્ડર જુન મહિનામાં થાય છે. એક જ અઠવાડિયામાં વરસાદ આવી જાય એટલે ખૂબ મોટો ભ્રષ્ટાચાર આ તળાવોમાં થાય છે. દાહોદ જિલ્લાના ૨૦૧૩માં ૧૧૬ અને ૨૦૧૪માં ૬ તળાવો ઉંડા કરવાના ટેન્ડરો કયારે બહાર પાડવામાં આવ્યા, કઇ એજન્સીને કામ આપ્યું અને આ ટેન્ડર એબાઉ હતું કે બીલો?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : મેં મારા પહેલા જવાબમાં કહ્યું કે ૧૫મી મે સુધીમાં તો બધા કામો પૂરા કરવાની મહેતલ હોય છે. આ સમયગાળામાં ટેન્ડરો આપ્યા હોય તેવું શકય નથી બનતું અને માનનીય સભ્યશ્રીએ બીજી માહિતી માગી કે જે કામો થયા છે તેના ટેન્ડરો કઇ તારીખે થયા, તે બીલો હતા કે એબાઉ તે માહિતી મારી પાસે અત્યારે નથી. સભ્યશ્રી જો માગશે તો દરેક તળાવ વાઇઝ અને દરેક એજન્સીવાઇઝ નામ સાથે હું તેમને પૂરી પાડીશ.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને માહિતી આપી દેજો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : હાજી સર.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષ સાહેબ આપની અનુમતિથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દાહોદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા અને તળાવોના જળ સંગ્રહમાં કેટલો વધારો થયો અને લાભિત સિંચાઇ વિસ્તારમાં કેટલો વધારો થયો તથા તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે સવાલ પૂછયો છે તેમાં મૂળ જવાબ જે છે તેમાં તળાવોની સંખ્યા અને ખર્ચ તે મૂળ સવાલના જવાબના ખંડ–૧ અને ૨ માં ઉપલબ્ધ છે. પરંતુ તેમણે જે વધારાનો જે સવાલ પૂછયો કે તાલુકાવાઇઝ કેટલો જળસંગ્રહ થશે અને લાભિત વિસ્તાર કેટલો થશે. આમાં ગરબાડા તાલુકાની અંદર ૧૯ તળાવોમાં ૪.૧૦ લાખ ઘનફૂટ પાણીનો સંગ્રહ થશે. ૯૩ હેકટરને લાભ મળશે અને તેમાં ૪૭.૯૨ લાખનો ખર્ચ થયેલ છે. દાહોદ તાલુકામાં ૧૩ તળાવોમાં ૩.૧૨ મીલીયન ઘનફૂટ પાણીનો સંગ્રહ થશે અને તેમાં ૬૪ હેકટરને લાભ મળશે તથા તેમાં ૩૦.૪૩ લાખનો ખર્ચ થયેલ છે. . દેવગઢબારીયામાં ૭ તળાવોમાં ૨.૪૨ મીલીયન ઘનફૂટ પાણીનો સંગ્રહ થશે અને તેમાં ૨૧ હેકટરને લાભ મળશે તથા તેમાં ૨૮.૧૯ લાખનો ખર્ચ થયેલ છે. તેજ રીતે ધાનપુર લુકામાં ૧૯ તળાવોમાં ૪.૫૬ મીલીયન ઘનફૂટ પાણીનો સંગ્રહ થશે અને તેમાં ૯૫ હેકટરને લાભ મળશે તથા તેમાં ૬૦.૫૭ લાખનો ખર્ચ થયેલ છે. ફતેપુરા તાલુકામાં ૧૭ તળાવોમાં ૪.૦૮ મીલીયન ઘનફૂટ પાણીનો સંગ્રહ થશે અને તેમાં ૪૬ હેકટરને લાભ મળશે તથા તેમાં ૪૪.૭૨ લાખનો ખર્ચ થયેલ છે. લીમખેડા તાલુકામાં ૧૭ તળાવોમાં ૪.૮ મીલીયન ઘનફૂટ પાણીનો સંગ્રહ થશે અને તેમાં ૭૫ હેકટરને લાભ મળશે તથા તેમાં ૫૮.૧૮ લાખનો ખર્ચ થયેલ છે. ઝાલોદ તાલુકામાં ૨૯ તળાવોમાં ૬.૯૬ મીલીયન ઘનફૂટ પાણીનો સંગ્રહ થશે અને તેમાં ૮૪ હેકટરને લાભ મળશે તથા તેમાં ૬૮.૯૯ લાખનો ખર્ચ થયેલ છે. સંજેલી તાલુકામાં ૧ તળાવમાં ૨.૨૦ મીલીયન ઘનફૂટ પાણીનો સંગ્રહ થશે અને તેમાં ૦૨ હેકટરને લાભ મળશે તથા તેમાં ૦૧.૮૫ લાખનો ખર્ચ થયેલ છે. તેમ કુલ આખા જિલ્લામાં ૧૨૨ તળાવોમાં ૩૦ મીલીયન ઘનફૂટ જળ સંગ્રહનો વધારો થયેલ છે અને ૪૮૦ હેકટર લાભિત વિસ્તાર અને ૩૪૪.૫૫ લાખનો ખર્ચ થયેલ છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે મારા મત વિસ્તાર ગરબાડા અને ધાનપુર તાલુકામાં ૨૦૧૨ અને ૨૦૧૩માં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, તે તળાવો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને જયારે ખર્ચ કરવામાં આવ્યો ત્યારે તે તળાવોના કામ કયારે પૂર્ણ થયા અને કયારે ફાઇનલ બિલ આપવામાં આવ્યું?

અધ્યક્ષશ્રી : આમ તો તાલુકા પ્રમાણે મંત્રીશ્રીએ માહિતી આપી જ છે છતાં કોઇ વિશેષ માહિતી હોય તો આપો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વિશેષ માહિતી તો મારી પાસે છે. ગામવાઇસ મારી પાસે લિસ્ટ છે.

અધ્યક્ષશ્રી : માત્ર એમના તાલુકા પૂરતો કાંઇ જવાબ હોય તો આપો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગરબાડાનો મેં જવાબ આપ્યો છે કે, ૧૯ તળાવ, ૪.૫૬ મિલિયન ઘનફૂટ એમાં પાણીનો સંગ્રહ થશે, ૯૩ હેકટર લાભિત વિસ્તાર થશે અને ૪૭.૯૨ લાખનો ખર્ચ થશે.

વલસાડ જિલ્લામાં હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી

* ૧૮૧૫૬ શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૫૫૮૩ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૨) ઉક્ત પૈકી તા. ૧૮-૦૩-૨૦૧૫ની સ્થિતિએ ૫૪૦૧ નોંધોનો નિકાલ થઈ ગયેલ છે. બાકી રહેતી ૧૮૨ નોંધોનો બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે. |

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ વલસાડમાં ૫૫૮૩ હક્કપત્રક નોંધો બાકી હતી તેનો સમયગાળો શું છે? અને ૧૮-૩-૨૦૧૫ સુધીમાં ૫૪૦૧ નોંધોનો નિકાલ થયેલો છે તો એ નોંધોની તાલુકાવાર સ્થિતિ શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જ્યારે પ્રશ્ન કર્યો કે ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતએ ૫૫૮૩ નોંધ પાડવાની પ્રક્રિયા ચાલુ હતી એ પછી ૧૮-૩-૨૦૧૫ સુધીમાં ૫૪૦૧ નોંધ પડી ચૂકી છે. બીજો જે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે કે, જે પડી ચૂકી છે એ ક્યાં ક્યાંની છે? તો વલસાડ તાલુકામાં ૧૫૦૬ નોંધ પડી, ધરમપુરમાં ૧૧૩૦, પારડીમાં ૮૦૦, કપરાડામાં ૯૮૭, ઉંમરગામમાં ૫૧૮ અને વાપીમાં ૪૬૦ આમ ૫૪૦૧ નોંધનો નિકાલ કરવામાં આવ્યો છે. બીજો પ્રશ્ન એમનો એ હતો કે ક્યા કયા સમયગાળાની હતી? તો ૩ માસ સુધીની ૩૭૫૯ હતી, ૩ માસથી ૬ માસ સુધીની ૧૮૦૪ હતી, ૬ માસથી ૧૨ માસની અંદરની ૧૪ હતી અને ૧૨ માસથી ઉપરની ૬ નોંધો પડવાની પ્રક્રિયા ચાલે છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સામાન્ય રીતે નોંધો કેટલા પ્રકારની હોય છે, અને ૧૮-૩-૨૦૧૫ની સ્થિતિએ ૧૮૨ નોંધોનો ત્વરિત નિકાલ કરવામાં આવશે એમ કહ્યું છે. પણ આ નોંધોનો નિકાલ બાકી છે એના કારણો શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતનો માનનીય મુખ્યમંત્રીશ્રીનો અમારી સરકારનો જે કાર્યક્રમ છે એના પ્રથમ તબક્કામાં આવી નોંધો પાડવા માટેની ઝૂંબેશ સમગ્ર રાજયમાં આપણે ઉપાડેલી અને એને કારણે જ રાજયના તમામ જિલ્લાઓમાં મોટા પ્રમાણમાં નોંધો પડી છે. જે નોંધો બાકી રહે છે એમાં કોઇ તકરારી હોય, ભાગીદારો વચ્ચે, ભાઇઓ વચ્ચે, કુટુંબીજનો વચ્ચે કોઇ પ્રશ્ન હોય, કોઇને નોટિસ બજવી હોય ને નોટિસમાં સામેથી જવાબ ન આવ્યો હોય, કોઇમાં ખાતેદારની ખરાઇ કરવાની છે અને કેટલાકમાં વકિલોએ મુદત માગવાના કારણે આમ વિવિધ કારણોસર આ પ્રક્રિયા ચાલતી હોય છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, વલસાડ જિલ્લાના પારડી તાલુકો અને સમગ્ર ૬ તાલુકામાં ૧૩૫-ડીની જે નોટિસ છે એ દસ્તાવેજ થયા પછી સમયસર બજાવવામાં આવતી નથી અને એમ કહેવામાં આવે છે, મને જાતે અનુભવ છે કે એમ કહેવામાં આવે છે કે, ટીકીટ નથી એટલે ૧૩૫-ડીની નોટિસ બજાવી શકાતી નથી પણ જેની લાગવગ છે જેની પહોંચ છે એને તો તાત્કાલિક મળી જાય છે, સામાન્ય માણસ હોય એની ૧૩૫-ડીની નોટિસ સમયસર બજાવવામાં આવતી નથી. બીજી એક એ ભૂલ કરે છે કે, ઇન્ડેક્ષમાં બરાબર નામ હોય છે. માની લો કે જીતુભાઇ છે, તો મારું નામ બરાબર હોય છે પણ

ઇ–ધારાવાળા જ્યારે એન્ટ્રી કરે છે ત્યારે એકાદ અક્ષરની ભૂલ કરે અને એક અક્ષરની ભૂલ કરે પછી નં.૬ની કાચી એન્ટ્રી એને મળી જાય એટલે સામાન્ય રીતે શિક્ષિત હોય એ વાંચી લે અને તુરત એની રજૂઆત કરે પણ અભણ માણસ હોય એને ખ્યાલ ન હોય એટલે જ્યારે એની એન્ટ્રી પ્રમાણિત થઇને આવે ત્યારે એમાં નાનકડી ભૂલ હોય જીતુભાઇને બદલે જીતાભાઇ એવું લખેલું હોય તો એ ભૂલ સુધારવા માટે એણે ફરીવાર પાછી અરજી આપવી પડે છે એમાં કોઇ નાગરિકની તો ભૂલ હોતી નથી કારણ કે ઇ–ધારાની ભૂલ હોય છે તો એ સરળ રીતે થાય એવું કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય જીતુભાઇએ જે બે પ્રશ્નો કર્યા એમાં ૧૩૫–ડી ની નોટિસ બજવવાની કાયદાકીય પ્રક્રિયા ફરજિયાત છે, જેમના નામ જમીન સાથે જોડાયેલા હોય એમને એ હક્કમાંથી બાકાત કરવાના હોય તો જેમને સાંભળવાની જરૂરિયાત છે એ તમામને આપણે નોટિસો બજવીએ છીએ અને નોટિસ બજાવવાની પ્રક્રિયા નિશ્ચિત છે, સમયગાળો પણ નિશ્ચિત છે અને નોટિસ મળ્યા પછી જેમને જે લાગુ પડતું હોય એ પ્રમાણે ત્યાં સ્પષ્ટતા કરે છે, મોટાભાગના લોકોની સંમતિ હોય પણ ક્યાંક વિવાદ હોય તો ત્યાં વિવાદ ઉભો થાય છે અને એની કાયદાકીય પ્રક્રિયા ચાલે છે. બીજું માનનીય સભ્યશ્રીએ કહ્યું કે ક્યાંક ટાઇપ મિસ્ટેક થઇ જાય, સ્વાભાવિક છે કે ડેટા એન્ટ્રી ઓપરેટરથી કોઇ સ્પેલીંગ મિસ્ટેક, એટલે ગુજરાતીમાં જોડણીમાં કે નામ ટાઇપ કરવામાં કોઇ ભૂલ થાય તો આ પ્રશ્ન ઉપસ્થિત થઇ શકે છે, જેનું નામ ખોટી રીતે દાખલ થઇ ચૂક્યું હોય અથવા નામ દાખલ થવામાં ભૂલ થઇ હોય તો એ સુધારવાની પણ યોગ્ય પ્રક્રિયા છે અને એ પ્રક્રિયા પૂર્ણ થયેથી નામ સુધારણા કરવામાં આવે છે.

શ્રી રમણલાલ ના. પાટકર : જમીન લેનાર સબ રજીસ્ટ્રાર પાસે એન્ટ્રી કરાવે અને એની નોંધ પાડે ત્યારપછી સરકારની વ્યવસ્થા છે કે ત્રીસ દિવસ સુધી ૧૩૫–ડી ની નોટિસ મળ્યા પછી એ એન્ટ્રી સર્ટીફાઇડ કરવાની હોય છે, કાચી નોંધમાંથી પાકી નોંધ કરવાની હોય છે, તો મારો સીધો પ્રશ્ન એ છે કે જો વિવાદ ના હોય અને ૩૦ દિવસની અંદર કોઇપણ જાતની અરજી ના આવી હોય તો એ એન્ટ્રી પડ્યા પછી ખેડૂતને કેટલા દિવસની અંદર જાણ કરવાની હોય છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મેં અગાઉ કહ્યું એ પ્રમાણે ૧૩૫–ડી ની નોટિસ બજવ્યા પછીનો સમયગાળો સામેની વ્યક્તિને આપવાનો હોય છે, કારણકે કોઇ શહેરની કે તાલુકા, જિલ્લાની બહાર રહેતા હોય, કોઇ બીજા રાજ્યમાં રહેતા હોય, જે નક્કી કરેલું સરનામું હોય તલાટી દ્વારા એની પંચાયતમાં પણ જાણ કરવાની હોય છે, એની પણ નોટિસ જાહેર રીતે મૂકવાની હોય છે, એટલે જે જમીનના સંબંધકર્તા લોકો છે એમને બધાને પૂરેપૂરી જાણ થાય એ માટેની કાયદામાં ઠરેલી યોગ્ય પ્રક્રિયાના ભાગ રૂપે આપણે આ નોટિસની બજવણી કરીએ છીએ એની જાહેરાત પણ કરીએ છીએ. આ બધી જ પ્રક્રિયા આપણે કરીએ છીએ અને નોટિસનો સમયગાળો વાંધો લેવાનો પૂરો થાય એ પછી પોતાની રીતે સક્ષમ અધિકારી યોગ્ય નિર્ણય કરી શકે છે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ચિંતા વ્યક્ત કરી છે એમાં હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે જ બાબત જાણવા માગું છું, એક જે ઇ–ધારામાં એન્ટ્રી થાય, સુધારવાની પ્રોવીઝન છે, પણ માનનીય જીતુભાઇ કહેતા હતા એ આદિવાસી વિસ્તારમાં ગરીબ, અભણ વ્યકિત એને તો ખબર પણ નથી પડતી એટલા માટે જે ડેટા ઓપરેટર ભૂલ કરે એના માટે આપ જો કોઇ શિક્ષાત્મક પગલાં વિચારો તો એની ગંભીરતાનો એને ખ્યાલ આવશે, કારણ કે એક જ જિલ્લામાં નહિ આપની પાસે પણ રજૂઆત આવતી હશે કે ઇ–ધારામાં પૂષ્કળ ભુલો થાય છે, એટલે ડેટા ઓપરેટર ભૂલ કરે તો એની સામે શિક્ષાત્મક પગલાં લઇ દંડનીય કાર્યવાહી કરશો તો એને ચિંતા રહેશે કે આવી ભૂલો ના થાય અને બીજું કોઇ સ્ટીપ્યુલેટેડ ટાઇમ નક્કી કરીએ કે હક્ક પત્રકમાં નોંધ માટે માણસ જાય એનો કોઇ સ્ટીપ્યુલેટેડ ટાઇમમાં આખરી નિર્ણય થઇ જાય આવી કોઇ કાર્યવાહી સરકાર કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહજીએ જે બીજો પ્રશ્ન પૂછ્યો એનો પહેલો જવાબ આપું છું કે કાયદાથી ઠરેલ સમય મર્યાદામાં કોઇ વાંધા ન આવે, મોટાભાગની નોંધો તો બિન તકરારી હોય છે એટલે એની સમય મર્યાદામાં કોઇની વારસાઇની નોંધ, વેચાણની નોંધ, કોઇ અન્ય તબદીલીની

નોંધ હોય અને એમાં વારસદારો કે સંબંધકર્તા બધા સંમત હોય તો એમાં કોઇ સમય લાગતો નથી એ પ્રક્રિયા પૂરી થઇ જાય છે, જેમાં કોઇ વિવાદ ઉભો થાય કે આ જમીન વેચી છે એમાં અમારો ભાગ છે, અમને ભાગ મળ્યો નથી, હિસ્સો મળ્યો નથી, એમ કરીને જો વિવાદ ચાલુ થાય તો એની પ્રક્રિયા છે એ પણ આપ જાણો છો. બીજું આપે જે પ્રશ્ન કર્યો એ પણ વાત સાચી છે કે સમગ્ર રાજ્યમાંથી સરપંચો તરફથી, આગેવાનો તરફથી, માનનીય ધારાસભ્યશ્રીઓ તરફથી સરકારમાં અવારનવાર રજૂઆતો આવે છે કે આ ડેટા ઓપરેટર એન્ટ્રી પાડવામાં ભૂલ કરે તો એનો ભોગ સામાન્ય નાગરિક કે ખેડૂત કે જમીન માલિકને બનવું પડતું હોય છે, કલેકટરશ્રીઓને અમે સૂચના આપેલી જ છે કે વારંવાર આવી કોઇ ભૂલ કરતા હોય તો એવા ડેટા ઓપરેટરને સર્વિસમાં કે કામગીરીમાં રાખવા નહિ અને એમની ભૂલ સુધારણા માટે પણ વહેલીતકે પ્રક્રિયા કરવી. હમણાં અમે લોકસંવાદ સેતુનો રાજય સરકાર તરફથી જે કાર્યક્રમ કર્યો અને અમારા બધા માનનીય મંત્રીશ્રીઓ તાલુકે તાલુકે ગયા એમા પણ આ રજૂઆત આવી તે પણ માનનીય મુખ્યમંત્રીના ધ્યાન ઉપર મૂકાઇ અને તેની સરળતા થાય અને ઝડપ આવે એ માટે મહેસૂલ વિભાગે કલેકટરશ્રીને સૂચના આપી છે.

### મરોલી ગામે બંદરની કાર્યવાહી

* ૧૮૦૫૯ શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના મરોલી ગામે થનાર બંદરની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | (૧) *મરોલી બંદરની જગ્યાએ નારગોલ બંદર વિકસાવવા વિકાસકારને ઈરાદાપત્ર પાઠવવામાં આવેલ છે. *હાલમાં ડીટેઈલ્ડ પ્રોજેકટ રીપોર્ટ બનાવવા માટેનો અભ્યાસ અને તપાસ હાથ ધરવામાં આવી રહેલ છે. અને પર્યાવરણની મંજૂરી મેળવવાની પ્રક્રિયા પણ ચાલી રહી છે. |
| (૨) આ બંદર કેટલા સમયમાં શરૂ કરવાનું આયોજન છે? | (૨) પર્યાવરણની મંજૂરી મળ્યા બાદ આ બંદરના બાંધકામની મંજૂરી આપવામાં આવશે અને વિકાસકારને મંજૂરી મળ્યાના ત્રણ વર્ષની અંદર બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે. |

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સૌથી પહેલાં મરોલી ખાતે બંદર બનાવવાનું હતુ. પણ કોઇ કારણસર તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે નારગોલ, તો નારગોલ બંદર ફિશીંગ માટે છે કે કોમર્શીયલ હેતુ માટે છે ? અને આ કેટલા સમયમાં બનાવવા માગો છો ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, શરૂઆતમાં મરોલી ખાતે નક્કી થયુ હતું આ લગુન પ્રકારનું બંદર હતુ કે જયાં દરિયા કિનારાની જમીનને ડ્રેજીંગ કરીને તે બંદર બનાવવા માટેની યોજના હતી. ખેડૂતોમાં એક પ્રકારની લાગણી થઇ કે આ ડ્રેજીંગ કરશે કિનારાની જમીન છે તે અમારી જમીન જશે એટલે ત્યાં વિરોધ થયો. આ વિરોધને આપણે ધ્યાનમાં રાખીને પછી ઓફશોર એટલે અંદરની બાજુ ડ્રેજીંગ કરીને બંદર વિકસાવવાનું નારગોલ ખાતે ત્યાંથી ૧૮ કિલોમીટરના અંતરે આ બંદર વિકસાવવાનું નક્કી કર્યુ છે.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, નારગોલ બંદર એ મારા મત વિસ્તારમાં આવે છે. હું એટલુ જાણવા માગુ છું કે, દરિયા કિનારાથી અંદર ડિપમાં એટલે દરિયાની અંદર જે બંદર બનવાનું છે તેમાં અત્યારે જે પ્રોજેકટ રિપોર્ટ મૂકયો છે તેમાં ૭ થી ૮ કિલોમીટર અંદર છે. આ સાતથી આઠ કિલોમીટર જો અંદર બનવાનું હોય તો મારી દ્રષ્ટિએ ત્યાંના સ્થાનિક લોકોને કોઇ પણ જાતની નુકસાની થવાની નથી તો ડીપમાં મને રિપોર્ટ આપે. બીજુ, આ બંદરના આધાર ઉપર કયા કયા બીજા નવા ઉદ્યોગો ત્યાં સ્થપાશે અને તેનાથી રાજયને આર્થિક કેટલો ફાયદો રહેશે ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ એ વાત સાચી કરી છે કે, હવે કોઇ નુકસાન થવાનું નથી અને નારગોલ ગ્રામ પંચાયતે પણ આખા તાલુકાના બધા સરપંચોને બોલાવીને

એક સમજ આપી છે કે મરોલીમાં જે કંઇ હતુ એ હવે નારગોલમાં નથી અને અહીંયા કોઇ વિરોધ કરવાનું કારણ નથી. આ બંદર થશે એટલે ઉપરથી આયાત નિકાસની પ્રક્રિયા ઝડપી બનશે અને આપણને તેનો લાભ મળશે. અહીંયા ઉદ્યોગોની તેમણે વાત કરી છે તો આજુબાજુ વલસાડ, દમણ, સેલવાસ વિસ્તારમાં ફાર્માસ્યુટીકલ, કેમિકલ, પેપર, પ્લાસ્ટીક અને પેટ્રોકેમિકલના ઉદ્યોગો માટે જાણીતી આ જગ્યા છે, વિસ્તાર છે. આ બંદર શરૂ થાય એટલે છેક ધોલેરા ઔદ્યોગિક વિસ્તાર છે ત્યાં સુધી, અમદાવાદ સુધીના ઉદ્યોગોને પણ આ બંદર થવાથી લાભ મળશે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી જાણવા માગુ છું કે, જયારે વલસાડ જિલ્લો ઔદ્યોગિક વિસ્તાર છે ત્યારે આ બંદર આવવાથી ઇમ્પોર્ટ અને એક્સપોર્ટમાં કેટલુ મૂડી–રોકાણ થશે ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, દક્ષિણ ગુજરાતમાં બંદરની જરૂરિયાત છે એટલે આપણે આ જરૂરિયાતને પહોંચી વળવાના છીએ. સીધી રોજગારી એક હજાર લોકોને મળશે અને ત્રીસ હજારથી વધારે પરોક્ષ રોજગારી મળવાનો અંદાજ છે. ગુજરાતના બંદરો ઉપર આશરે ૨૦ મીલીયન ટન કાર્ગોની હેરફેર થશે, ૨૫ મીલીયન ટન કાર્ગો વહન કરવાની બંદરીય ક્ષમતા વધશે. બંદર આધારિત ઉદ્યોગો સ્થપાશે પ્રથમ તબક્કામાં ૩૮૦૯ કરોડનું રોકાણ થશે અને ૪૯૩ કરોડનું રેલ્વે અને રોડ કનેકટીવીટીમાં રોકાણ થશે અને ખર્ચ થશે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એક વાત સ્વીકારી છે કે આ બંદરને વિકસાવવા માટે લેટર ઓફ ઇન્ડેન્ટ, ઇરાદાપત્ર આપવામાં આવેલ છે. મારે એ જાણવું છે કે આ ઇરાદાપત્ર કઇ તારીખે આપ્યો ? અને ઇરાદાપત્ર આપતી વખતે બંદર કાર્યાન્વિત કરવા માટેની કોઇ સમય–મર્યાદા છે કે કેમ? અને બીજુ જે પર્યાવરણની મંજૂરી મેળવવાની બાકી છે એ હાલ કયા તબક્કે છે? રાજય કક્ષાએ કે કેન્દ્ર કક્ષાએ? અને લેટર ઓફ ઇન્ડેન્ટની ડેઇટ અને લેટર ઓફ ઇન્ડેન્ટ વખતે તેની સમય–મર્યાદા.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : લેટર ઓફ ઇન્ડેન્ટની તારીખ ૨૯–૬–૨૦૧૨ છે. અત્યારે પર્યાવરણની મંજૂરી માટે કેન્દ્ર સરકાર પાસે પડ્યું છે. બાકીની બધી પરવાનગી માટે એટલે કે છ કિલયરન્સ મેળવવાના હોય છે એમાંનું એક કિલયરન્સ મેળવવા માટે ટર્મ્સ ઓફ રેફરન્સ મંજૂર કર્યા છે અને કેન્દ્ર સરકાર પાસે આખરી તબક્કામાં આ કામ પડ્યું છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બંદરના વિકાસ માટે કયા કયા કલીયરન્સ મેળવવાની જરૂર પડે છે. કેટલા મળ્યા છે અને કેટલા મેળવવાના બાકી છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : મેં હમણાં જ કહ્યું કે છ પ્રકારના કિલયરન્સ છે. કોસ્ટલ રેગ્યુલેશન ઝોનની મંજૂરી, પર્યાવરણની મંજૂરી, રેલ્વે કનેકટિવિટીની મંજૂરી, જંગલ ખાતાની મંજૂરી, ડી.પી.આર. મેરી ટાઇમ બોર્ડની મંજૂરી, બાંધકામ ચાલુ કરવા માટેની બોર્ડની મંજૂરી. આ બધી મંજૂરીઓ માટે અત્યારે પાઇપ લાઇનમાં છે પ્રોસેસમાં છે. ૨૦૧૫ જુલાઇ સુધીમાં આ કામગીરી પૂરી થઇ જશે તેવો અંદાજ છે. અને એપ્રિલ, ૨૦૧૬માં કામ ચાલુ કરવાનો અંદાજ છે.

ભરૂચ જિલ્લામાં ફળપાક માટે સહાય

* ૧૮૨૫૯ શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં ફળપાકના નવા વાવેતર માટે સહાયની યોજના છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) સરકાર દ્વારા આ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સ્થિતિએ આ યોજના હેઠળ કેટલા ખેડૂતોને સહાય ચૂકવેલ છે ? | (૨) ૩૪ ખેડૂતો. |

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી પૂછવા માગું છું કે, ભરૂચ જિલ્લામાં સન ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અને તારીખ ૧૫–૩–૨૦૧૫ની સ્થિતિએ ફળપાક વાવેતર માટે કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર થઇ અને કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૪–૧૫ના વર્ષમાં તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં ફળપાક માટે કુલ ૧૪૩૭ અરજીઓ આવી એમાંથી ૧૨૨ નામંજૂર થઇ અને ૩૪ ખેડૂતોને ૭,૭૮,૮૮૦ની સહાય ચૂકવવામાં આવી છે. જયારે ૧૨૮૧ અરજીઓ કાર્યવાહી હેઠળ છે. તા. ૧૫–૩–૧૫ની સ્થિતિએ વાત કરી ત્યારે ૧૪૩૭ પૈકી ૨૯૫ નામંજૂર થઇ છે. ૧૧૪૨ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને ૧૫મી તારીખ સુધીમાં ૩,૫૯,૮૩,૮૮૧ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે અને તમામ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ ફળપાક વાવેતર સહાય મેળવવા માટે ઉચ્ચ ગુણવત્તાવાળા રોપા કયાંથી ખરીદવામાં આવે છે, ભરૂચ જિલ્લામાં ફળપાક વાવેતર વિસ્તારમાં સન ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ નાના અને સીમાંત ખેડૂતો, મહિલા ખેડૂતો અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતોને કેટલી સહાય આપવામાં આવી છે?

શ્રી જસાભાઇ ભા. બારડ : નેશનલ પોલ્ટ્રી કલ્ચર બોર્ડ દ્વારા પાસ કરેલ અને સર્ટિફાઇડ થયેલ રોપા સરકારી, અર્ધ સરકારી તથા ખાનગી નર્સરીઓ ઉપરથી ખેડૂતો પોતાની રીતે સારી જાતની ગુણવત્તાવાળા ખરીદીને પોતાના ખેતરમાં વાવે છે ત્યારબાદ જીવંત રોપા ઉપર સહાય ચૂકવવામાં આવે છે. બીજા પ્રશ્નમાં કુલ ૩૪ ખેડૂતોને સહાય ચૂકવવામાં આવી છે. આમાં નાના અને સીમાંત ખેડૂતો ૧૬ છે, જેમને ૩,૬૯,૨૧૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. જયારે અન્ય મોટા ખેડૂતો ૧૮ છે જેમને ૪,૦૯,૬૭૦ ની સહાય ચૂકવી છે. કુલ ૭,૭૮,૮૮૦ ની સહાય ચૂકવી છે. અનુસૂચિત જનજાતિના ૩ ખેડૂતોને ૬૨૭૮૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. જયારે મહિલા ખેડૂત એક છે જેને ૧૩,૫૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ફળપાક યોજનાનો ધ્યેય શું છે, ભરૂચ જિલ્લામાં કઇ કઇ યોજના હેઠળ ફળપાક સહાય આપવામાં આવી છે અને એના ધોરણો શું છે?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, ફળપાકની સહાયના મુખ્ય ધ્યેય રાજયમાં બાગાયતી પાકનું મહત્વ દિનપ્રતિદિન વધતું જાય છે તેમજ ખેડૂત પણ એ તરફ જતો જણાય છે અને મૂલ્યવર્ધિત ઉત્પાદન વધે અને વધારેમાં વધારે ઉત્પાદન થાય એ તરફ ખેડૂત ઢળ્યો છે ત્યારે નફાકારકતા હોય, રાજયમાં ફળપાકના કાર્યક્રમમાં સહાય આપવા કેન્દ્ર તથા રાજય સરકાર મિશન અને નોન મિશન દ્વારા જે સહાય આપે છે તેનાથી વધારે ખેડૂતો ફળપાકમાં સહાયને ધ્યાને રાખીને ઉત્પાદન વધારવા માટે આંબા, ચીકુ, કેળ, પપૈયા, લીંબુ, જામફળ, દાડમ, બોર, ખારેક, આમળા, સીતાફળ આમ અન્ય જે ફળપાક છે તેમાં ખેડૂત વધારેમાં વધારે ઉત્પાદન કરે છે અને તે સહાયનું જે ધોરણ છે, જે આ વિસ્તારમાં ભરૂચ જિલ્લામાં કેળ, પપૈયા, લીંબુ આ ત્રણ પાકમાં નેશનલ હોર્ટીકલ્ચર મિશન છે તેના દ્વારા સહાય મળે છે. બાકી રાજય સરકાર નોન મિશનમાં બાકીના તમામ ફળપાકો છે તેને પૂરેપૂરી સહાય ચૂકવે છે. ત્યારે નેશનલ હોર્ટીકલ્ચર મિશનનું સહાયનું ધોરણ છે એ ઘનિષ્ઠ પાક હોય, નજીક–નજીક તેમના છોડવા થાય ત્યાં ૪૦ ટકા છે અને સામાન્ય વાવેતર થાય છે ત્યાં ૫૦ ટકાની સહાય છે. આ સહાય ઉપરાંત પૂરક સહાય મળે છે એ ૧૫ ટકા સામાન્ય ખેડૂતને, અનુસૂચિત જાતિ અને જનજાતિને ૨૫ ટકા એ રીતે રાજય સરકાર સહાય આપે છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ૨૦૧૪–૧૫ના વર્ષમાં ૩૪ ખેડૂતોને સહાય આપવાની હતી. તેમાં ૨૦૧૪ના વર્ષમાં ૭,૭૧,૦૦૦ રૂપિયા ૧૪ ખેડૂતોને ચૂકવ્યા તો બાકીના ખેડૂતોને ચૂકવવામાં વિલંબ થવાના કારણો શું છે?

શ્રી જસાભાઇ ભા. બારડ : મેં પહેલાં જ જવાબ આપ્યો કે કુલ અરજી ૧૪૩૭ આવી. તેમાં ૨૯૫ અરજી નામંજૂર કરી અને ૧૫–૩ એટલે કે આ હમણાં ગઇ તે ૧૫મી તારીખે ૧૧૪૨ અરજી મંજૂર કરી અને ૩,૫૯,૮૩,૮૮૧ ની સહાય ચૂકતે કરી છે. અત્યારે એક પણ ખેડૂત બાકી નથી.

ઉકાઈ ડાબા કાંઠા હાઈ લેવલની કામગીરી

* ૧૮૨૧૯ શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત–પૂર્વ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ઉકાઈ ડાબા કાંઠા હાઈ લેવલની કામગીરી ક્યા તબક્કે છે, | (૧) કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૨) ઉકત સ્થિતિએ આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) કુલ રૂ.૧૨૯.૮૨ કરોડ. |
| (૩) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) શક્ય એટલી વહેલી. |

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા : માનનીય અધ્યક્ષશ્રી, ઉકાઇ ડાબા કાંઠા હાઇ લેવલ કેનાલમાં સૌ પ્રથમ પાણી કયારે છોડવામાં આવ્યું હતું? બીજો મારો પ્રશ્ન એવો છે કે આ કેનાલમાંથી કઇ કઇ નદીઓમાં પાણી છોડવામાં આવે છે અને ત્રીજો પ્રશ્ન છે કે આ કેનાલના માધ્યમથી કેટલા ચેકડેમોને ભરવામાં આવ્યા છે? આ પ્રશ્નોના જવાબની હું માનનીય મંત્રીશ્રી પાસેથી અપેક્ષા રાખું છું.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા ડેમને છોડીને ગુજરાતનો સૌથી મોટો ડેમ એ ઉકાઇ ડેમ છે જેના કારણે દક્ષિણ ગુજરાતની સમૃદ્ધિમાં ખૂબ વધારો થયો છે અને ખેડૂતોએ તેનો ખૂબ લાભ લીધો છે. બનતું એવું કે ઉકાઇ ડેમ જે વિસ્તારમાં આવેલો છે તેના નજીકના વિસ્તારો સોનગઢ તાલુકો અને વ્યારા તાલુકો. સોનગઢ તાલુકો સંપૂર્ણ અને વ્યારા તાલુકો અમુક અંશે તેના લાભથી વંચિત હતો. તે સમયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને ખેડૂતોએ, આગેવાનોએ રજૂઆત કરી કે હાઇ લેવલ કેનાલ જો કરો તો આ વિસ્તારના ખેડૂતોને પણ લાભ મળે. આ રાજય સરકારે આદિવાસી વિસ્તારના ખેડૂતોને વધારે લાભ મળે તે માટે હાઇ લેવલ કેનાલનું આયોજન કર્યું અને માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે કે આ હાઇ લેવલ કેનાલમાં પાણી કયારે છોડવામાં આવ્યું? તો ઉકાઇ ડાબા કાંઠા હાઇ લેવલ કેનાલમાં સૌ પ્રથમ ઓકટોબર અને નવેમ્બર–૨૦૧૪માં ટેસ્ટીંગ માટે પાણી છોડવામાં આવેલ છે. અને આ કેનાલ મારફતે મીંઢોળા, ઝાંખરી અને પૂર્ણા નદીમાં પાણી નાંખવામાં આવેલ છે અને નહેર મારફતે કુલ ૨૪ ચેકડેમો ભરવામાં આવેલ છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે અને ગતિશીલ ગુજરાતની વાત કરી છે. એમાં આ ડેમો અને ચેકડેમોમાં પાણી નાંખવામાં આવે છે. હું એ વ્યારા મત વિસ્તારમાંથી આવું છું. એ નદીઓમાં પાણી સૂકાઇ ગયા છે તો પાણી નાંખવા માગે છે કે કેમ? એમાં પાણી નાંખવામાં આવ્યું છે પણ ટેસ્ટીંગ જ કર્યું છે અને ખેડૂતોને પાણી આપવામાં આવ્યું નથી. તો સત્વરે સમય મર્યાદામાં પાણી આપવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની વાત છે એમાં ટેસ્ટીંગ માટે પાણી છોડવામાં આવ્યું છે. એના દ્વારા ચેકડેમો ભરવામાં આવ્યા છે. ચેકડોમોમાં પાણી ભરાયેલ છે એમાંથી ખેડૂતો પાણીનો લાભ લે છે. માનનીય સભ્યશ્રીને ખ્યાલ છે કે, કેનાલની અંદર પાણી ભરાયેલ છે. એમાં ખેડૂતો પંપ અને મોટરો મૂકી ખૂબ મોટા પાયા ઉપર ખેતી કરે છે. હવે આ હેડથી પાણી જળવાઇ રહેશે ત્યાં સુધી તેનો લાભ લેશે. સામાન્ય રીપેરીંગની કામગીરી બાકી છે. એ પૂર્ણ થતાં પાણી ભરવામાં આવશે. પાણી છોડ્યું અને ભર્યું એ માનનીય સભ્યશ્રીને ખ્યાલ છે એ પછી બંધ કર્યું છે.

શ્રી ઇશ્વરભાઇ ૨. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ઉકાઇ અને પૂર્ણા હાઇલેવલ મુખ્ય નદીથી પૂર્ણા નદી સુધીની કુલ લંબાઇ કેટલી છે અને એની વહન શકિત કેટલી છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ઉકાઇ, પૂર્ણા હાઇલેવલ કેનાલ કે જે તાપીથી ઉકાઇ સુધીની એટલે કે પૂર્ણા સુધીની લંબાઇ ૫૧.૧૧૦ કિ.મી. છે અને આ કેનાલની વહન શકિત ૪૮૦ ક્યુસેકની છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, ઓક્ટોબરમાં ટેસ્ટીંગ માટે પાણી છોડેલું પણ હું દર અઠવાડિયે ત્યાંથી જાઉં છું. કેનાલ એટલી બધી ઉંડી છે. સોનગઢ અને વ્યારા વિસ્તારની વાત કરી. વ્યારાને પાણી આપવા માટે લિફ્ટ કરવું પડે છે. એના માટે મંજૂરી ક્યારે મળી? એ નિયત

સમય મર્યાદા પ્રમાણે ચાલે છે કે કેમ? અને કામ ધીમું ચાલતું હોય તો એના કારણો શા હતા? એ કામ ક્યારે પૂર્ણ થશે અને એનો પિયત વિસ્તાર કેટલો છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ટેસ્ટીંગ માટે પાણી છોડવામાં આવ્યું એટલે કે, હાઇડ્રો ટેસ્ટીંગ પૂર્ણ થઇ ગયું છે. ૯૯.૯૯ ટકા પાણીનું કામ પૂર્ણ થઇ ગયું છે. એટલે એમ સમજી શકાય કે, ૧૦૦ ટકા કામ પૂર્ણ થઇ ગયું છે એમ એટલા માટે નથી કહેતો કારણ કે, હાઇડ્રો ટેસ્ટીંગનો રિપોર્ટ આવેલ નથી અને ફાઇનલ રિપોર્ટ આવેલ નથી. બધા જ વિસ્તારની અંદર ફ્લોથી પાણી મળવાનું નથી. જ્યારે આ કેનાલની ડિઝાઇન થઇ. આ વિસ્તાર ઉંચો, નીચો અને ખાડા ટેકરાવાળો છે, થોડોક પહાડી વિસ્તાર છે. એટલે દરેક વિસ્તારની અંદર ગ્રેવિટિથી પાણી આપવાનું શક્ય ન હોય. તાપીથી પૂર્ણા સુધીનો વિસ્તાર છે એમાં ડિઝાઇન પ્રમાણે ૨૬૫૦ હેક્ટરમાં ઉદ્વહનથી સિંચાઇ માટે પાણી મળશે અને ૮૯૫૦ હેક્ટરમાં ફ્લોથી પાણી મળશે. આ જ પ્રમાણેની ડિઝાઇન છે અને એ પ્રમાણે પાણી મળશે.

શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઉકાઇ–પૂર્ણા હાઇલેવલ કેનાલથી સોનગઢ તાલુકાના કેટલા વિસ્તારોને લાભ આપવાનો છે? ઉકાઇ–પૂર્ણા હાઇ લેવલ કેનાલથી વ્યારા વિસ્તારના કેટલા વિસ્તારોને પાણી આપવાનું આયોજન છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં જણાવ્યું તેમ ઉકાઇના લાભથી વંચિત વ્યારા અને સોનગઢના વિસ્તારોને લાભ આપવા માટે આ ઉકાઇ હાઇલેવલ કેનાલ બનાવી છે. તો એમાં સોનગઢ તાલુકાના કુલ ૩૭૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે, અને વ્યારા તાલુકામાં કુલ ૭૯૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળવાનો છે.

## જામનગર જિલ્લામાં બાગાયતી કિટ્સનું વિતરણ

* ૧૮૨૪૬ શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન કેટલા ખેડૂતોને વિના મૂલ્યે બાગાયતી કિટસનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૪૪૬૦ ખેડૂતો. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૧૮.૪૮ લાખ. |

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ગામ દીઠ યોજનાવાર કેટલી કીટ્સ આપવામાં આવેલી છે અને જામનગર જિલ્લામાં કૃષિ મહોત્સવ ૨૦૧૪માં તાલુકાવાર કુલ કેટલા બાગાયત કીટ્સ આપવામાં આવેલ છે અને તે માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછયું કે ગામદીઠ યોજનાવાર કેટલી કીટ્સ બાગાયતની આપવામાં આવે છે તો એમાં સામાન્ય ખેડૂતને ગામદીઠ ૫ કીટ અને એસ.ટી. કે એસ.સી. ખેડૂતને ૫ કીટ અને એસ.સી.માં ૨ થી ૫ કીટ, આમ ૧૨ થી ૧૫ કીટ ગામદીઠ આપવામાં આવે છે અને બીજો પ્રશ્ન એ કે જામનગર જિલ્લામાં ૨૦૧૪માં તાલુકાવાર કુલ કેટલા બાગાયતી કીટ્સ આપવામાં આવ્યા છે એમાં જામનગર તાલુકામાં ૬૯૦, ૩.૦૧ લાખ, જોડીયામાં ૩૬૪ ૧.૪૬ લાખ, ધ્રોળમાં ૨૬૫, ૧.૧૬ લાખ, કાલાવાડમાં ૬૪૫, ૨.૭૮ લાખ, લાલપુરમાં ૪૫૦, ૧.૯૦ લાખ, જામજોધપુરમાં ૪૫૦, ૧.૬૦ લાખ, ભાણવડમાં ૩૭૫, ૧.૨૧ લાખ, ખંભાળીયામાં ૬૪૦, ૨.૫૩ લાખ, કલ્યાણપુરમાં ૩૮૯, ૧.૮૨ લાખ અને દ્વારકામાં ૨૩૭ કીટ, ૧ લાખ અને ૧ હજાર, આમ કુલ ૪૪૬૦ કીટ ૧૮ લાખ અને ૪૮ હજાર ચૂકવવામાં આવ્યા છે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જામનગર જિલ્લામાં યોજનાવાર બાગાયત કીટમાં કેટલો ખર્ચ થયો છે અને કયા કયા પાક માટે બાગાયત કીટ વર્ષ ૨૦૧૪માં આપવામાં આવેલ છે?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લામાં યોજનાવાર બાગાયતી કીટ જે આપ્યા છે તે સામાન્ય ખેડૂતને ૧૪ લાખ અને ૬૬ હજાર અને એસ.સી. ખેડૂતને ૩.૮૨ લાખ આમ કુલ ૧૮.૪૮ લાખ ખેડૂતોને ચૂકવવામાં આવ્યા છે અને પાકના જે કીટ બનાવ્યા છે એ દૂધીનું જે બિયારણ છે ૦૨૫૦ ગ્રામનું ૧ પેકેટ અને પ્રવાહી જૈવિક ખાતર ૧ લીટરનું એવા ૪૯૪ ખેડૂતોને કીટ્સ આપ્યા છે અને ગુવારનું ૦.૫૦૦ ગ્રામ બિયારણ અને પ્રવાહી જૈવિક એક લીટર એવા ૧૬૭૪ ખેડૂતને કીટ્સ આપ્યા છે. ચોળી ૨ કિલોગ્રામના વજન સાથે અને ૧ કિલો જૈવિક ખાતર એમ ૧૬૯૭ ખેડૂતોને કીટ્સ આપ્યા છે. મરચાનું ૬૦ ગ્રામ મરચાની જે બિયારણની કીટ છે અને પ્રવાહી જૈવિક ખાતર ૧ લીટરના ૫૯૫ કીટ આપ્યા છે આમ ૪૪૬૦ કીટ ખેડૂતોને આપવામાં આવ્યા છે.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે એક કીટ પાછળ સરકારને કેટલો ખર્ચો થયો છે અને જામનગર જિલ્લામાં આ કીટ પાછળ કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આ બાગાયતી કીટ છે એમાં ૧ હજાર રૂપિયાની મર્યાદામાં કીટ બનાવવામાં આવે છે, મેં પહેલા જ કહ્યું કે એક ગામમાં બાગાયતી જે કીટ છે એ ૫ સામાન્ય ખેડૂત, ૫ એસ.ટી. એસ.સી. અને જે હરીજન અનામત છે એમાં ૨ થી ૫ આમ કુલ ૧૨ થી ૧૫ કીટ આપવામાં આવે છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે આ કીટ આપવા માટેના માપદંડો શું છે અને કયા ખેડૂતને આ કીટ આપવી એ નકકી કરનાર ઓથોરીટી કોણ છે?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય રાઘવજીભાઇને કહેવું છે કે, ગ્રામસભા બોલાવવામાં આવે છે. ગ્રામ સભામાં દરેક ખેડૂતો આવે છે અને આ દરેક ખેડૂત પછી નક્કી કરે છે કે બી.પી.એલ. કાર્ડ ધારક કોણ છે એની પ્રથમ પસંદગી કરવામાં આવે છે. બી.પી.એલ. ખેડૂત ન હોય તો નાના અને સિમાંત ખેડૂતની પસંદગી કરવામાં આવે છે અને કોઇ વાદ–વિવાદ વગર આ બાગાયતી કીટ્સ આપવામાં આવે છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ગામ દીઠ ૧૫ કીટ્સ આપવામાં આવે છે. એક ગામમાં ૧૦૦ ખેડૂત હોય અને કોઇ એક ગામમાં ૫ હજાર ખેડૂત હોય તો ગામ દીઠ કીટ્સ નક્કી કરો છો કે ખેડૂત દીઠ? આ કીટ્સ આપવાની પદ્ધત્તિ શું છે?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય સભ્યશ્રીને મારે કહેવું છે કે નાનું ગામ છે તો નાના ગામમાં ખેડૂતોની સંખ્યા અને બી.પી.એલ. કાર્ડ ધારકની સંખ્યા જોઇને ૧૫ ની મર્યાદામાં વધારેમાં વધારે ૧૫ કીટ્સ આપવામાં આવે છે. ૫ હજાર હોય તો જે ક્રાઇટ–એરિયા છે કે સામાન્ય ખેડૂતોને ૫ કીટ્સ, અનુસૂચિત જનજાતિના ખેડૂતને ૫ કીટ્રસ અને અનુસૂચિત જાતિ હોય તો ૨ થી ૫ કીટ્સ આપવામાં આવે છે.

### મહેસાણા જિલ્લા નગરપાલિકાઓમાં ઘન કચરા નિકાલનાં મંજૂર સાધનો

* ૧૮૨૪૩ શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત મહેસાણા જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા સાધનો મંજૂર કરેલ છે, | (૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત મહેસાણા જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ.૪૪૫.૧૧ લાખના ખર્ચે કુલ ૨૪૦૦ સાધનો મંજૂર કરેલ છે. |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ નગરપાલિકા દીઠ કુલ કેટલા સાધનો ફાળવેલ છે, | (૨) |

| ક્રમ | નગરપાલિકાનું નામ | ફાળવેલ સાધનો |
|---|---|---|
| ૧ | કડી | ૩૨ |
| ૨ | ખેરાલુ | ૨૫૧ |

| | | |
|---|---|---|
| ૩ | મહેસાણા | ૧૨૧૮ |
| ૪ | ઉંઝા | ૩૬ |
| ૫ | વડનગર | ૧૯૩ |
| ૬ | વિજાપુર | ૨૪૯ |
| ૭ | વિસનગર | ૪૨૧ |
| | કુલ | ૨૪૦૦ |

(૩) કેટલા સાધનો ફાળવવાના બાકી છે, અને

(૩) મંજૂર કરેલ બધા જ સાધનોની ફાળવણી થઈ ગયેલ હોઈ, હવે કોઈ સાધનો ફાળવવાના બાકી રહેતા નથી.

(૪) બાકી રહેતા સાધનો ક્યાં સુધીમાં ફાળવવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી નારાયણભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૭૦ થી ૧૯૯૦ સુધી હું નગરપાલિકાનો સભ્ય હતો. એક પણ સાધન આપતા ન હતા અને જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારે ન ગણાય એટલા સાધનો આપ્યા છે. મારો પ્રશ્ન એ છે કે મહેસાણા જિલ્લામાં દરેક નગરપાલિકામાં કયા કયા પ્રકારના સાધનો આપવામાં આવ્યા અને ઘેર ઘેરથી કચરો ઉઘરાવવાની કઇ કઇ નગરપાલિકાએ અમલવારી કરી છે અને આ કચરાનો નિકાલ કેવી રીતે કરવામાં આવે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નારાયણકાકા તો આપણા ગૃહના બહુ સિનિયર સભ્ય છે. નગરપાલિકામાં પણ એમણે કાર્ય કર્યું છે અને સહકારી આગેવાન છે. તેમની વાત સત્ય છે કે ભૂતકાળમાં નગરપાલિકાઓને કોઇ જાતની સહાય ભૂતકાળની સરકારો તરફથી મળતી ન હતી. છ–છ મહિના સુધી નગરપાલિકાના કર્મચારીઓના પગાર થતા ન હતા. મોટાભાગની નગરપાલિકાઓના લાઇટ કનેકશન કપાઇ જતા હતા અને પ્રજાને શહેરોમાં ખૂબ તકલીફ પડતી હતી. ગુજરાતનું સદનસીબ છે કે ભારતીય જનતા પક્ષની સરકાર આવી, માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી બન્યા, માનનીય આનંદીબેન શહેરી વિકાસ મંત્રી ગઇ ટર્મમાં અને અત્યારે બન્યા એ પછી જે ગ્રાન્ટ આપવામાં આવી ૧૫ હજાર કરોડ રૂપિયાની, શહેરી વિકાસની યોજના, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી યોજના આ બધાના ભાગરૂપે આપણે બધી નગરપાલિકાઓને, નાની 'ડ' વર્ગની ૨૫ હજારની વસતિ ધરાવતી હોય કે ૬૦ લાખની વસતિ ધરાવતું અમદાવાદ મહાનગર હોય આ બધાને રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગ તરફથી અબજો રૂપિયાની ગ્રાન્ટ વિવિધ રીતે ફાળવીએ છીએ. એમાં પણ સ્વચ્છતા માટે, પીવાના પાણી માટે અને ભૂગર્ભ ગટર વ્યવસ્થા કરવા માટે ખાસ કરીને આપણે જે સાધનો આપીએ છીએ, જે સહાય આપીએ છીએ એ મોટી રકમો છે. ૫૦–૫૦ કરોડ રૂપિયા ભૂગર્ભ ગટર યોજનાઓ માટે, પીવાના પાણીની વ્યવસ્થા કરવા માટે કરોડો રૂપિયા આપીએ છીએ. સાથોસાથે નાની નાની વ્યવસ્થાઓ માટે પણ આપણે કાળજી રાખીએ છીએ. એટલે આપણે મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન ભારત સરકારે, માનનીય વડાપ્રધાનશ્રીએ જે અમલમાં મૂકેલ છે એને વધારે વેગ મળે એ પ્રકારે આપણી ગુજરાત સરકાર દ્વારા રાજ્યની બધી જ નગરપાલિકાઓને જુદા જુદા પ્રકારના સ્વચ્છતાના સાધનો આપણે આપીએ છીએ. ઘેર ઘેરથી કચરો ઉઘરાવવાની કીટ્સ, ટ્રેકટર, ટ્રોલીઓ આપીએ છીએ. પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવા માટે ટેન્કરો આપીએ છીએ અને ગયા વર્ષે તો ૧૭ થી ૨૦ લાખની કિંમતના આવે એવા જે.સી.બી. મશીનો ૧૦૦ ટકા રાજ્ય સરકારના ખર્ચે ગુજરાત સરકારે રાજ્યની તમામ નગરપાલિકાઓને ફાળવી આપ્યા છે. આનો લાભ મહેસાણા જિલ્લાની ૭ નગરપાલિકાઓ છે એને પણ આપણે આપ્યો છે. (અંતરાય) મારા સાથી મંત્રીશ્રીએ હમણાં કહ્યું કે આ બધી નગરપાલિકાઓ અત્યારે ટનાટન ચાલે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, હમણાં જ માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, નગરપાલિકાઓ ટનાટન ચાલે છે. ગુજરાતની મોટા ભાગની નગરપાલિકાઓની પગાર ચૂકવવા માટેની પરિસ્થિતિ કેવી છે તે આપ બહુ સારી રીતે જાણો છો.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને માનનીય મંત્રીશ્રીને મારે પૂછવું છે કે, જે સાધનો આપવામાં આવે છે, સાચી વાત કહું છું, હું પણ નગરપાલિકાનો પ્રમુખ રહેલો છું. આજે જેટલા સાધનો આપણે આપીએ છીએ એટલા સાધનોનો ઉપયોગ આપણે કરી શકતા નથી. માટે આપને મારી વિનંતી છે કે, આપણે ટ્રેકટરો આપીશું, બીજું આપીશું પણ આજે કર્મચારીઓની અછતના કારણે આપણે એ સાધનોનો સદુપયોગ નથી કરી શકતા માટે આપ કર્મચારીઓ અને એના પગાર સાથે સાધનો આપવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બલવંતસિંહભાઇની વાત તો એવી છે કે, કોઇ ભોજન આપે તો કહે કે, હવે ભોજન મોંમા મૂકનાર પણ આપો, પછી મોંમા મૂકનારા આપીએ તો પછી કહે કે, ભેગેભેગુ ચાવનારા પણ આપો, એટલી બધી સેવા પ્રજા માગી રહી છે પણ અમે કરીએ છીએ.

નગરપાલિકાઓને આપે જે કહ્યું એ પ્રમાણે ગ્રાન્ટ આપીએ છીએ એમાં મહેકમની કર્મચારીઓની ગ્રાન્ટ પણ ભારતીય જનતા પક્ષની સરકાર આવ્યા પછી ખૂબ મોટા પ્રમાણમાં આપણે એમને આપીએ છીએ. એ સિવાય નગરપાલિકાને ટેક્સ વસૂલાત કરવાની પ્રેરણા મળે એ માટે જેટલી ટેક્સ વસૂલાત કરે એ પ્રમાણે એટલો જ સફાઇ વેરો નગરપાલિકાને રાજ્ય સરકાર બીજી વધારાની રકમ ઉમેરીને આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ પણ હું આપને યાદ કરાવવા માગુ છું કે, અમારી સરકારે જે વ્યવસાય વેરો છે, એ વ્યવસાય વેરો અગાઉ રાજ્ય સરકારની આવકમાં ગણાતો હતો, રાજ્ય સરકારની તિજોરીમાં આવતો હતો પણ માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી જે મુખ્યમંત્રી અગાઉ હતા ત્યારે એમણે નગરપાલિકાઓને આર્થિક રીતે મદદરૂપ થવા માટે યોજના બનાવી કે વ્યવસાય વેરો જે આવે છે એ સરકારની તિજોરીમાં નહીં પણ હવે આપણે નગરપાલિકાઓને એની સત્તા આપીએ અને એ આવક પણ નગરપાલિકાઓ લે. એટલે કરોડો રૂપિયાનો વ્યવસાય વેરો પણ આજે નગરપાલિકાઓ પાસે આવે છે અને બધી જ રીતે આપણે નગરપાલિકાઓને મદદરૂપ થઇએ છીએ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મંત્રીશ્રી પાસે હું જાણવા માગુ છું કે, મહેસાણા જિલ્લાની નગરપાલિકાને આપેલા સાધનોથી મહેસાણા જિલ્લાની કુલ કેટલી વસતિને લાભ થશે અને એ સાધનો જે ફાળવીએ છીએ એના ધોરણો શું છે ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકાઓને જે સાધનો આપીએ છીએ એ આપણે બે રીતે આપીએ છીએ. એક તો નગરપાલિકાની વસતિના આધારે અને એની જરૂરિયાતના આધારે એ ડિમાન્ડ કરે કે મારે બે ટ્રેકટર જોઇએ છે, ટ્રોલી જોઇએ છે, પીવાના પાણીનું ટેન્કર જોઇએ છે તો જો એ આપણે અગાઉ ન આપ્યું હોય તો આપણે ફાળવી આપીએ છીએ.

બીજું, નગરપાલિકાઓને ડોર ટુ ડોર કલેકશન માટે કચરાના એકત્રિકરણ માટે ઘરે ઘરેથી, દુકાને દુકાનેથી સાધનો, કિટ્સ વગેરે આપણે આપીએ છીએ. એ પણ આપણે નગરપાલિકાઓની માગણી પ્રમાણે આપીએ છીએ. જેમ કે, માનનીય શ્રી ઋષિકેશભાઇએ પ્રશ્ન પૂછ્યો વિસનગરના માનનીય ધારાસભ્યશ્રીએ, તો વિસનગર નગરપાલિકામાં આપણે જે બિન્સ આપ્યા છે એ ત્રણસો માગ્યા હતા, ત્રણસો એ ત્રણસો આપણે ફાળવી આપ્યા છે. પછી એમણે હાથલારી પચાસ માગી હતી, આપણે હાથલારી એમને ફાળવી આપી. ટ્રેકટરની ટ્રોલી એમણે ચાર માગી હતી, આપણે એમને ચારે ચાર ફાળવી આપી પછી એમણે પચાસ લિટરના મોટા બિન્સ્ માગયા હતા, પચાસે પચાસ ફાળવી આપ્યા, જે.સી.બી. મશીન એક માગ્યું હતું, એક જે.સી.બી. ફાળવી આપ્યું, ટ્રેકટર એમણે બે માગ્યા હતા, બે ફાળવી આપ્યા. એમ ૯૨ લાખ રૂપિયાની રકમ વિસનગર નગરપાલિકાને આ સાધનો ખરીદવા ગુજરાત સરકારે ફાળવી અને મહેસાણા જિલ્લામાં કુલ ૪ કરોડ, ૪૫ લાખ રૂપિયાના સાધનો રાજ્ય સરકારે નગરપાલિકાને ફાળવ્યા છે.

### રાજકોટ જિલ્લામાં હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી

* ૧૮૧૬૦ શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૬૬૪૪ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૨) ઉક્ત પૈકી તા. ૧૩–૦૩–૨૦૧૫ની સ્થિતિએ ૬૪૫૬ નોંધોનો નિકાલ થઈ ગયેલ છે. બાકી રહેતી ૧૮૮ નોંધોનો બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે. |

શ્રી પ્રવિણભાઈ મો. માકડીયા : માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

### અતારાંકિત પ્રશ્નો
### તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### પંચમહાલ જિલ્લા નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

* ૧૮૧૭૪ શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ભૂગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરેલ છે, | (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં (૧) કાલોલ અને (૨) શહેરા એમ બે નગરપાલિકાઓની ભૂગર્ભ ગટર યોજનાઓને ૩.૪૬૦૯ લાખના ખર્ચે મંજૂર કરેલ છે. |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી યોજના પૂર્ણ થયેલ છે, | (૨) અને (૩) : બંને યોજનાઓની કામગીરી પ્રગતિમાં છે. |
| (૩) કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે, અને | |
| (૪) બાકી રહેતી યોજનાઓ ક્યારે મંજૂર થશે ? | (૪) બાકી રહેતી હાલોલ શહેરની યોજના આયોજન હેઠળ છે. |

---------

### તાપી જિલ્લા નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

* ૧૮૨૩૯ શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત તાપી જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં | (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત તાપી જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં |

| | |
|---|---|
| કેટલી ભૂગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરેલ છે, | વ્યારા નગરપાલિકાની રૂ.૪૦૯૦ લાખની ભૂગર્ભ ગટર યોજનાને મંજૂર કરેલ છે. |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી યોજના પૂર્ણ થયેલ છે, | (૨) અને (૩) : આ યોજના પ્રગતિ હેઠળ છે. |
| (૩) કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે, અને | |
| (૪) બાકી રહેતી યોજનાઓ ક્યારે મંજૂર થશે ? | (૪) કોઈ યોજના મંજૂર કરવાની બાકી નથી. |

---------

અમરેલી જિલ્લામાં રવિકૃષિ મહોત્સવ

* ૧૮૧૭૦ શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(લાઠી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૪માં રવિકૃષિ મહોત્સવ કેટલા સ્થળે યોજવામાં આવ્યો, અને | (૧) ૮. |
| (૨) તેમાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવ્યો ? | (૨) ૫૧૪. |

---------

જુનાગઢ જિલ્લામાં ફળપાક માટે સહાય

* ૧૮૨૫૮ શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં ફળપાકના નવા વાવેતર માટે સહાયની યોજના છે કે કેમ,અને | (૧) હા, જી. |
| (૨) સરકાર દ્વારા આ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ આ યોજના હેઠળ કેટલા ખેડૂતોને સહાય ચુકવેલ છે? | (૨) ૧૦૫ ખેડૂતો. |

---------

જામજોધપુર તાલુકાના પરવડા ગામની વીડીની જમીનને પ્રમોલગેશન વખતે નવી શરતની નોંધ બાબત

* ૧૯૪૧૫ શ્રી ઈન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ(રાજકોટ પૂર્વ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧૫–૦૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસમાં જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના મોજે પરડવા ગામની વીડીની જમીનને પ્રમોલગેશન વખતે મામલતદારએ નવી શરતની જમીન હોવાની નોંધ દાખલ કરેલ તેવા કિસ્સામાં પ્રાંત અધિકારી, લાલપુરે કેટલા એકર જમીનની વિવાદ અરજીમાં નવી શરતનો સત્તાપ્રકાર બદલીને જુની શરતમાં કરવામાં આવી, અને | (૧) હે. ૧૫૪–૬૨–૦૮ ચો.મી. જમીનમાં ૨૦૦૮માં થયેલ પ્રમોલગેશન વખતે સત્તા પ્રકારમાં નવી શરત લખાયેલ, જેની સામે દાખલ થયેલ અપીલ અન્વયે અર્ધન્યાયિક પ્રક્રિયાના ભાગ રુપે સને ૧૯૭૩ થી ૨૦૦૮ વચ્ચેના થયેલ પ્રમોલગેશન વખતે કોઇ શરતનો ઉલ્લેખ કરવામાં આવેલ ન હોવાથી પ્રાંત અધિકારી, લાલપુરના તા. ૧૫–૧–૨૦૧૫ના હુકમથી સત્તાપ્રકારમાં દાખલ કરેલ નવી શરત શબ્દ દુર કરવા હુકમ કરવામાં આવેલ છે. |
| (૨) સુપ્રિમ કોર્ટના હુકમોના આધારે વીડીની જમીનોના રેવન્યુ રેકર્ડમાં જમીનનો સત્તાપ્રકારમાં | (૨) નામદાર સુપ્રિમ કોર્ટ દિલ્હીના તા. ૦૯–૦૯–૧૦ના ચૂકાદામાં સત્તાપ્રકાર અંગે કોઈ સ્પષ્ટતા થયેલ |

| | |
|---|---|
| નવી શરત કે જુની શરત કઈ શરત દાખલ કરવાની રહે છે ? | નથી. |

---------

અમદાવાદ જિલ્લામાં રાસાયણિક ખાતરના નમૂના

* ૧૮૧૭૧ શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર–ખાડિયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાસાયણિક ખાતરના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા, | (૧) ૩૦૬૨ નમૂનાઓ. |
| (૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને | (૨) તે પૈકી ૩૦૪૭ નમૂના પ્રમાણિત અને ૧૫ નમૂના બિનપ્રમાણિત થયા. |
| (૩) બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શા પગલાં લેવામાં આવ્યા ? | (૩) બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા. |

| અ.નં. | બિનપ્રમાણિત નમૂનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૧ | કોર્ટકેસ કરેલ છે |
| ૨ | ૯ | વહીવટી પગલાં |
| ૩ | ૫ | કાર્યવાહીમાં |

---------

વડોદરા શહેરમાં મંજૂર ટી.પી. સ્કીમ

* ૧૮૧૭૯ શ્રી યોગેશ પટેલ(માંજલપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા શહેરમાં તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી ટી.પી. સ્કીમો બનાવવામાં આવી, અને | (૧) ૧૫. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી ટી. પી. સ્કીમો મંજૂર કરવામાં આવી? | (૨) ૬. |

---------

રાજ્યની એફ. એસ. એલ. દ્વારા દિલ્હી પોલીસને મદદ

* ૧૮૨૩૭ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની એફ.એસ.એલ. દ્વારા દિલ્હી પોલીસને તપાસમાં મદદ પૂરી પાડે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન દિલ્હી પોલીસના કેટલા કેસોના કેટલા નમુનાઓના પરીક્ષણો હાથ | (૨) કુલ– ૬૧૦ કેસના ૨૨૩૧ નમુનાઓના પરીક્ષણો હાથ ધરવામાં આવ્યા. |

ધરવામાં આવ્યા ?

---------

ગીર સોમનાથ જિલ્લા નગરપાલિકાઓમાં ઘન કચરા નિકાલના મંજુર સાધનો

* ૧૮૨૨૨ શ્રી નલીનભાઈ ના. કોટડીયા(ધારી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત ગીર સોમનાથ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા સાધનો મંજૂર કરેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ નગરપાલિકા દીઠ કુલ કેટલા સાધનો ફાળવેલ છે,

(૩) કેટલા સાધનો ફાળવવાના બાકી છે, અને

(૪) બાકી રહેતા સાધનો ક્યાં સુધીમાં ફાળવવામાં આવશે ?

જવાબ

(૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત ગીર સોમનાથ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ.૩૭૨.૮૦ લાખનાં ખર્ચે કુલ ૧૮૧૬ સાધનો મંજૂર કરેલ છે.

(૨)

| ક્રમ | નગરપાલિકાનું નામ | ફાળવેલ સાધનો |
|---|---|---|
| ૧ | સુત્રાપાડા | ૩૫૯ |
| ૨ | તલાલા | ૨૫૦ |
| ૩ | કોડીનાર | ૭૭૮ |
| ૪ | ઉના | ૨૧૦ |
| ૫ | વેરાવળ | ૨૧૯ |
| | કુલ | ૧૮૧૬ |

(૩) મંજૂર કરેલ બધા જ સાધનોની ફાળવણી થઇ ગયેલ હોઇ, હવે કોઇ સાધનો ફાળવવાના બાકી રહેતા નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

કચ્છ જિલ્લામાં ખારેક વાવેતરના લાભાર્થી

* ૧૮૨૫૧ શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ખારેકના વાવેતર માટે કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ?

જવાબ

કુલ ૩૯૬ અરજીઓ મળેલ હતી જે ચકાસણી હેઠળ હોઈ, તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધી કોઈ સહાય ચૂકવાયેલ નથી.

---------

આણંદ જિલ્લામાં ફળપાક માટે સહાય

* ૧૮૨૪૫ શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) આણંદ જિલ્લામાં ફળપાક નવા વાવેતર માટે સહાયની યોજના છે કે કેમ,અને

જવાબ

(૧) હા, જી.

(૨) સરકાર દ્વારા આ જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ આ યોજના હેઠળ કેટલા ખેડૂતોને સહાય ચુકવેલ છે?

(૨) કુલ ૨૭૬ અરજીઓ મળેલ હતી જે ચકાસણી હેઠળ હોઈ, તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધી કોઈ સહાય ચુકવાયેલ નથી.

---------

સુરત શહેરમાં ભાઠા-ભાટપોર ખાતે પૂર સંરક્ષણની કામગીરી

* ૧૮૨૦૨ શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ સુરત શહેરમાં ભાઠા-ભાટપોર ખાતે પૂર સંરક્ષણના કામ કયા તબક્કે છે.

(૨) ઉક્ત કામગીરી પાછળ કેટલો ખર્ચ થવાની સંભાવના છે,

(૩) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ કેટલી કામગીરી પૂર્ણ થયેલ છે,અને

(૪) ઉકત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થવા પામેલ છે?

જવાબ

(૧) (૨), (૩) અને (૪) કામગીરી પૂર્ણ થયેલ છે. અને તે પાછળ રૂ. ૧૭૯૮.૮૯ લાખ ખર્ચ થયેલ છે.

---------

ભાવનગર જિલ્લામાં ટ્રેલીઝ મંડપના લાભાર્થી

* ૧૮૨૫૨ શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્યમાં વેલા વાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી સહાય આપવામાં આવે છે, અને

જવાબ

(૧)

| |
|---|
| (૧) કાચા મંડપઃ- યુનિટ કોસ્ટ રૂ.૫૨,૦૦૦/- હે.<br>સહાયનું ધોરણ- ૨ હેકટરની મર્યાદામાં |
| સામાન્ય ખેડૂતોને ખર્ચના ૫૦%<br>હેકટર દીઠ રૂ. ૨૬૦૦૦/- ની મર્યાદામાં |
| અનુ. જાતિ/અનુ.જનજાતિના ખેડૂતોને ખર્ચના ૭૫%<br>હેકટર દીઠ રૂ. ૩૯૦૦૦/- ની મર્યાદામાં |
| દેવી પુજક લાભાર્થીને ખર્ચના ૯૦%<br>હેકટર દીઠ રૂ. ૪૬,૮૦૦/- ની મર્યાદામાં |
| (૨) અર્ધ પાકા મંડપઃ- યુનિટ કોસ્ટ રૂ.૮૦,૦૦૦/- હે.<br>સહાયનું ધોરણ- ૨ હેકટરની મર્યાદામાં |
| સામાન્ય ખેડૂતોને ખર્ચના ૫૦%<br>હેકટર દીઠ રૂ. ૪૦,૦૦૦/- ની મર્યાદામાં |
| અનુ. જાતિ/અનુ.જનજાતિના ખેડૂતોને ખર્ચના ૭૫%<br>હેકટર દીઠ રૂ. ૬૦,૦૦૦/- ની મર્યાદામાં |
| દેવી પુજક લાભાર્થીને ખર્ચના ૯૦%<br>હેકટર દીઠ રૂ. ૭૨,૦૦૦/- ની મર્યાદામાં |

| | |
|---|---|
| | (૩) પાકા મંડપઃ– યુનિટ કોસ્ટ રૂ.૧,૬૦,૦૦૦/– હે.<br>સહાયનું ધોરણ– ૨ હેકટરની મર્યાદામાં |
| | સામાન્ય ખેડૂતોને ખર્ચના ૫૦%<br>હેકટર દીઠ રૂ. ૮૦,૦૦૦/– ની મર્યાદામાં |
| | અનુ. જાતિ/અનુ.જનજાતિના ખેડૂતોને ખર્ચના ૭૫%<br>હેકટર દીઠ રૂ. ૧,૨૦,૦૦૦/– ની મર્યાદામાં |
| | દેવી પુજક લાભાર્થીને ખર્ચના ૯૦%<br>હેકટર દીઠ રૂ. ૧,૪૪,૦૦૦/– ની મર્યાદામાં |

(૨) આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કેટલા લાભાર્થીને કેટલી સહાય ચુકવવામાં આવેલ છે?

(૨) કૂલ ૬૫ અરજીઓ મળેલ હતી જે ચકાસણી હેઠળ હોઈ, તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધી કોઈ સહાય ચુકવાયેલ નથી.

---------

જામજોધપુર તાલુકાના પરવડા ગામની વીડીની જમીનને પ્રમોલગેશન વખતે નવી શરતની નોંધ બાબત

* ૧૯૪૧૦ શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૧૫–૦૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસમાં જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના મોજે પરડવા ગામની વીડીની જમીનને પ્રમોલગેશન વખતે મામલતદારએ નવી શરતની જમીન હોવાની નોંધ દાખલ કરેલ તેવા કિસ્સામાં પ્રાંત અધિકારી, લાલપુર કેટલા એકર જમીનની વિવાદ અરજીમાં નવી શરતનો સત્તાપ્રકાર બદલીને જુની શરતમાં કરવામાં આવી, અને

(૨) સુપ્રિમ કોર્ટના હુકમોના આધારે વીડીની જમીનોના રેવન્યુ રેકર્ડમાં જમીનનો સત્તાપ્રકારમાં નવી શરત કે જુની શરત કઈ શરત દાખલ કરવાની રહે છે?

જવાબ

(૧) હે. ૧૫૪–૬૨–૦૮ ચો.મી. જમીનમાં ૨૦૦૮માં થયેલ પ્રમોલગેશન વખતે સત્તા પ્રકારમાં નવી શરત લખાયેલ, જેની સામે દાખલ થયેલ અપીલ અન્વયે અર્ધન્યાયિક પ્રક્રિયાના ભાગ રુપે સને ૧૯૭૩ થી ૨૦૦૮ વચ્ચેના થયેલ પ્રમોલગેશન વખતે કોઇ શરતનો ઉલ્લેખ કરવામાં આવેલ ન હોવાથી પ્રાંત અધિકારી, લાલપુરના તા. ૧૫–૧–૨૦૧૫ના હુકમથી સત્તાપ્રકારમાં દાખલ કરેલ નવી શરત શબ્દ દુર કરવા હુકમ કરવામાં આવેલ છે.

(૨) નામદાર સુપ્રિમકોર્ટ દિલ્હી ના તા.૦૯–૦૯–૧૦ ના ચૂકાદામાં સત્તાપ્રકાર અંગે કોઈ સ્પષ્ટતા થયેલ નથી.

---------

ખેડા અને મહીસાગર જિલ્લામાં ખેત ઉત્પન્ન બજાર સમિતિઓનું ઓડિટ

* ૧૯૨૬૪ શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને મહીસાગર જિલ્લામાં કેટલી ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ કાર્યરત છે, અને

(૨) આ ખેત ઉત્પન્ન બજાર સમિતિઓના ઓડિટ કેટલા સમયથી બાકી છે?

જવાબ

(૧) ખેડા જિલ્લામાં ૮ અને મહીસાગર જિલ્લામાં ૫ બજાર સમિતિઓ કાર્યરત છે.

(૨) ખેડા અને મહીસાગર જિલ્લામાં તમામ બજાર સમિતિઓમાં સને ૨૦૧૩–૧૪ ના વર્ષ સુધીના ઓડિટ પૂર્ણ થયેલ છે જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો

નથી.

---------

દાહોદ જિલ્લામાં ફળપાક માટે સહાય

* ૧૮૨૬૦ શ્રી વીછીયાભાઇ જો. ભુરીયા (લીમખેડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં ફળપાકના નવા વાવેતર માટે સહાયની યોજના છે કે કેમ, અને | (૧) હા,જી |
| (૨) સરકાર દ્વારા આ જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ સ્થિતિએ આ યોજના હેઠળ કેટલા ખેડૂતોને સહાય ચૂકવેલ છે ? | (૨) કૂલ ૫૧ અરજીઓ મળેલ હતી જે ચકાસણી હેઠળ હોઈ, તા.૩૧-૧૨-૨૦૧૪ સુધી કોઈ સહાય ચુકવાયેલ નથી. |

---------

વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં સુરક્ષા સેતુ હેઠળ ગ્રાન્ટ

* ૧૯૦૦૧ શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં સુરક્ષા સેતુ હેઠળ કેટલી ગ્રાન્ટ વર્ષવાર અને જિલ્લાવાર ફાળવવામાં આવી, અને

જવાબ

(૧) જિલ્લાવાર અને વર્ષવાર ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં)

| | વડોદરા ગ્રામ્ય | છોટાઉદેપુર |
|---|---|---|
| તા.૧-૨-૨૦૧૩ થી તા.૩૧-૧-૨૦૧૪ | ૯૫.૦૦ | ૦૦.૦૦ |
| તા.૧-૨-૨૦૧૪ થી તા.૩૧-૧-૨૦૧૫ | ૧૨૩ | ૭૬.૦૦ |
| કુલ | ૨૧૮.૦૦ | ૭૬.૦૦ |

પ્રશ્ન

(૨) ફાળવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમ વાપરવામાં આવી?

જવાબ

(૨) જિલ્લાવાર અને વર્ષવાર વાપરવામાં આવેલ રકમ
(રૂ.લાખમાં)

| | વડોદરા ગ્રામ્ય | છોટાઉદેપુર |
|---|---|---|
| તા.૧-૨-૨૦૧૩ થી તા.૩૧-૧-૨૦૧૪ | ૦૯.૮૪ | ૦૦.૦૦ |
| તા.૧-૨-૨૦૧૪ થી તા.૩૧-૧-૨૦૧૫ | ૨૩.૭૬ | ૨૭.૩૭ |
| કુલ | ૩૩.૬૦ | ૨૭.૩૭ |

---------

મુન્દ્રા બંદરે અદાણી પોર્ટ પાસે કોલસો અને ક્રુડ તેલને સંભાળવા બદલ વધારાની રોયલ્ટી વસુલવા બાબત

* ૧૮૪૩૦ શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી(બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકાર દ્રારા મુન્દ્રા બંદરે અદાણી પોર્ટ પાસે કોલસો અને ક્રુડ તેલને સંભાળવા બદલ થતી વધારાની રોયલ્ટી કેટલી વસુલ કરવામાં આવી, અને | (૧) સરકારશ્રીના નિયમોનુસાર વોટર ફ્રન્ટ રોયલ્ટી વસુલ કરવામાં આવે છે. વધારાની વોટર ફ્રન્ટ રોયલ્ટી વસુલ કરવામાં આવતી નથી. |

(૨) વોટર ફ્રન્ટ રોયલ્ટી ની આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો છે, જો નુકશાન ગયુ હોય તો તેના કારણો શાં છે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## સાબરકાંઠા જિલ્લામાં ફળપાક માટે સહાય

* ૧૮૧૫૧ શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં ફળપાકના નવા વાવેતર માટે સહાયની યોજના છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) સરકાર ધ્વારા આ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ આ યોજના હેઠળ કેટલા ખેડૂતોને સહાય ચૂકવેલ છે ? | (૨) ૩૮૩ ખેડૂતો |

---------

## પાકિસ્તાન સત્તા દ્ધારા પકડાયેલ માછીમાર કુટુંબોને જીવનનિર્વાહ માટે સહાય

* ૧૮૦૭૦ શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય મત્સ્યોધોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ પાકિસ્તાન સત્તા દ્ધારા પકડાયેલા માછીમારોના કુટુંબ જીવન નિર્વાહ માટે રાજ્ય સરકારે માસિક કેટલી સહાય આપે છે, | (૧) દૈનિક રૂ. ૧૫૦/–ની આર્થિક સહાય આપે છે. |
| (૨) ઉકત સ્થિતિએ રાજ્યના કેટલા માછીમારો પાકિસ્તાની જેલમાં છે, અને | (૨) ૪૭૦ |
| (૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પકડાયેલ માછીમારોના કુટુંબીજનોને કેટલી રકમ ચૂકવાઈ ? | (૩) રૂ. ૨,૩૭,૨૩,૫૫૦/– |

---------

## ભાવનગર જિલ્લામાં તળાવો ઉંડા કરવા માંગણી

* ૧૮૧૦૮ શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો ઊંડા કરવાની માંગણીઓ આવી,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા તળાવો ઉંડા કરવાની માંગણી મંજુર કરવામાં આવી , અને

(૩) કેટલી માંગણીઓ પડતર છે ?

જવાબ

(૧), (૨) અને (૩)

| ક્રમ | તાલુકાનું નામ | ઉંડા ઉતારવાની માંગણી | તળાવ ઉંડા ઉતારવાની મંજુરી | પડતર રહેલ માંગણી |
|---|---|---|---|---|
| ૧ | મહુવા | ૫૬ | ૧૭ | ૩૯ |
| ૨ | તળાજા | ૫૩ | ૧૪ | ૩૯ |
| ૩ | પાલીતાણા | ૩૧ | ૧૦ | ૨૧ |
| ૪ | ભાવનગર | ૬૬ | ૧૪ | ૫૨ |
| ૫ | ઉમરાળા | ૪૧ | ૧૪ | ૨૭ |
| ૬ | ઘોઘા | ૩૮ | ૧૨ | ૨૬ |
| ૭ | શિહોર | ૬૭ | ૯ | ૫૮ |
| ૮ | વલ્લભીપુર | ૨૫ | ૫ | ૨૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | ગારીયાધાર | ૩૧ | ૯ | ૨૨ |
| ૧૦ | ગઢડા | ૩૨ | ૩૨ | ૦ |
| ૧૧ | બોટાદ | ૮ | ૮ | ૦ |
| ૧૨ | જેસર | ૧૧ | ૨ | ૯ |
| | કુલ | ૪૫૯ | ૧૪૬ | ૩૧૩ |

---------

બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય

* ૧૮૧૬૬ શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને

(૨) તે પેટે વર્ષવાર તેમાં કેટલી રકમનો ખર્ચ થયો ?

જવાબ

(૧) ૧૨૯૦૨ ખેડૂતો.

(૨) વર્ષવાર ખર્ચ નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ખર્ચ રૂ.લાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૧૩ | ૯૫.૭૧ |
| ૨ | ૨૦૧૪ | ૨૬.૧૦ |

---------

કાકરાપાર સિંચાઈ યોજનાની સિંચાઈ ક્ષમતા વધારવા બાબત

* ૧૮૨૦૪ શ્રી જનકભાઇ કાછડીયા(કરંજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કાકરાપાર સિંચાઈ યોજનાની સિંચાઈ ક્ષમતા વધારવા માટે સરકારની કોઈ યોજના છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજનાની વિગતો શી છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) કાકરાપાર જમણા કાંઠા મુખ્ય નહેરની અગાઉની વહન ક્ષમતા ઓછી પડતી હોવાથી કાકરાપાર જમણા કાંઠા નહેર તથા તેમાંથી નીકળતી ઉકાઈ જમણા કાંઠા નહેરના કમાન્ડના છેવાડાના વિસ્તારમાં સિંચાઈ માટે પુરતું પાણી વહેવડાવી શકાતું નહોતું. તેથી આ પ્રશ્નના નિરાકરણ અર્થે ૭૮ દિવસ માટે નહેર બંધ રાખીને રૂ.૨૨૮.૫૧ કરોડના ખર્ચે આધુનિકરણના કામો હાથ ધરવામાં આવેલ હતા. જેનાથી નહેરની ક્ષમતા ૨૪૮૦ ક્યુસેકથી વધીને ૩૦૦૦ ક્યુસેક થયેલ છે. કમાન્ડ વિસ્તાર પૈકીના વિસ્તારમાં ૩૦૦૦ હેકટર સિંચાઈના વિસ્તારમાં વધારો થશે.

---------

અમદાવાદ જિલ્લામાં પોલીસ ખાતાનાં બિનરહેણાંક મકાનો

* ૧૮૨૩૨ શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના મકાનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) ૨ (બે) |
| (૨) આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) રૂ.૧૪૨.૬૭ લાખ. |

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઉપલબ્ધ ગૌચરની જમીન

* ૧૮૦૮૧ શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલી જમીન પશુઓ માટે ગૌચર જમીન ઉપલબ્ધ છે, અને

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બંને જિલ્લામાં પશુઓ માટે ઉપલબ્ધ ગૌચર જમીન નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | પશુઓ માટે ઉપલબ્ધ ગૌચર ચો.મી. |
|---|---|---|
| ૧ | જામનગર | ૪૧૫૪૮૬૦૯૫.૦૦ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૧૯૦૨૧૨૨૯૮.૦૦ |

પ્રશ્ન

(૨) ઉક્ત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગૌચરની જમીનમાં કેટલો વધારો કે ઘટાડો થયો અને જો ઘટાડો થયો હોય તો તેનાં શા કારણો છે ?

જવાબ

(૨) બંને જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગૌચરની જમીનમાં થયેલ વધારો કે ઘટાડો નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | વધારો ચો.મી. | ઘટાડો ચો.મી. |
|---|---|---|---|
| ૧ | જામનગર | ૬૨૯૨૯ | ૯૭૨૩૨ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ |

આ ઘટાડો જેટકોના સબ સ્ટેશન, પાણી પુરવઠા માટેના સમ્પ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જેવા જાહેર/લોકોપયોગી હેતુ માટે થયેલ છે. અને તેના પ્રમાણમાં આ ઘટ શક્ય તેટલી પુરવા જરૂરી જમીન ગૌચર તરીકે ‘નીમ’ કરવામાં આવી છે.

---------

મહીસાગર જિલ્લાના તાલુકાઓમાં જેલની સુવિધા

* ૧૯૨૪૫ પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ | (૧) હા, જી. |

| | |
|---|---|
| મહીસાગર જિલ્લામાં કેટલાક તાલુકાઓમાં જેલની સુવિધાઓ નથી તે હકીકત સાચી છે, | |
| (૨) જો હા, તો ક્યા ક્યા તાલુકાઓમાં આ સુવિધા નથી, અને | (૨) ૧. વિરપુર<br>૨. ખાનપુર<br>૩. કડાણા<br>૪. બાલાશિનોર |
| (૩) સરકાર બાકી તાલુકાઓમાં જેલની સુવિધા ક્યાં સુધીમાં પૂરી કરવા માગે છે ? | (૩) આ તાલુકાઓના આરોપીઓની સંખ્યા ખૂબ જ ઓછી હોઈ, જેલ બનાવવાનું કોઈ આયોજન નથી. |

---------

માણસા તાલુકામાં "લેન્ડ કમિટી" ની બેઠક

* ૧૯૨૧૭ શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં લેન્ડ–કમિટીની બેઠક કેટલીવાર મળી અને તેમાં કુલ કેટલી અરજીઓ આવી, અને | (૧) લેન્ડ–કમિટીની બેઠક મળેલ નથી. અને એકપણ અરજી મળેલ નથી. |
| (૨) ઉકત સ્થિતિએ આ કમિટી દ્વારા આવેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો અને બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ થશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

દાંતા તાલુકા મામલતદારને માહિતી અધિકાર કાયદા હેઠળ મળેલ અરજીઓ

* ૧૯૪૨૭ શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના મામલતદારશ્રીને માહિતી અધિકાર કાયદા હેઠળ માહિતી માંગતી કેટલી અરજીઓ મળી, | (૧) ૫૩ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓના અરજદારોને નિયત સમયમર્યાદામાં માહિતીઓ આપવામાં આવી, | (૨) ૪૬ |
| (૩) સમયમર્યાદામાં માહિતીઓ ન આપી હોય અને અગર અરજીઓના પ્રત્યુત્તર અરજદારોને ન આપ્યા હોય તેવી કેટલી અરજીઓ છે, અને | (૩) ૭ કેસોમાં સમયમર્યાદા બાદ માહિતી/જવાબ આપેલ છે. |
| (૪) અરજદારોને સમયમર્યાદામાં માહિતીઓ ન આપવા બદલ અને અગર અરજીઓના પ્રત્યુત્તર ન પાઠવવા બદલ જવાબદાર અધિકારી સામે સરકારે શાં પગલાં લીધા ? | (૪) વિલંબ બદલ જવાબદારને નોટીસ આપી નિયમોનુસાર પગલાં ભરવા કલેકટરશ્રી, બનાસકાંઠાને જણાવેલ છે. |

---------

જામજોધપુર તાલુકાનાં પરવડા ગામની વીડીની જમીનને પ્રમોલગેશન વખતે નવી શરતની નોંધ બાબત

* ૧૯૪૧૩ શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૧૫–૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસમાં જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના મોજે પરડવા ગામની વીડીની જમીનને પ્રમોલગેશન વખતે મામલતદારએ નવી શરતની જમીન હોવાની નોંધ દાખલ કરેલ તેવા કિસ્સામાં પ્રાંત અધિકારી, લાલપુરે કેટલા એકર જમીનની વિવાદ અરજીમાં નવી શરતનો સત્તાપ્રકાર બદલીને જુની શરતમાં કરવામાં આવી, અને | (૧) હે. ૧૫૪–૬૨–૦૮ ચો.મી. જમીનમાં ૨૦૦૮માં થયેલ પ્રમોલગેશન વખતે સત્તા પ્રકારમાં નવી શરત લખાયેલ, જેની સામે દાખલ થયેલ અપીલ અન્વયે અર્ધન્યાયિક પ્રક્રિયાના ભાગ રુપે સને ૧૯૭૩ થી ૨૦૦૮ વચ્ચેના થયેલ પ્રમોલગેશન વખતે કોઇ શરતનો ઉલ્લેખ કરવામાં આવેલ ન હોવાથી પ્રાંત અધિકારી, લાલપુરના તા. ૧૫–૧–૨૦૧૫ના હુકમથી સત્તાપ્રકારમાં દાખલ કરેલ નવી શરત શબ્દ દુર કરવા હુકમ કરવામાં આવેલ છે. |
| (૨) સુપ્રિમ કોર્ટના હુકમોના આધારે વીડીની જમીનોના રેવન્યુ રેકર્ડમાં જમીનના સત્તાપ્રકારમાં નવી શરત કે જુની શરત કઈ શરત દાખલ કરવાની રહે છે ? | (૨) નામદાર સુપ્રિમકોર્ટ દિલ્હીના તા.૯–૯–૧૦ ના ચૂકાદામાં સત્તાપ્રકાર અંગે કોઈ સ્પષ્ટતા થયેલ નથી. |

---------

પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં જમીન માપણીની રીસર્વેની કામગીરી

* ૧૮૬૫૧ શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં જમીનની માપણી અંગે રી–સર્વેની કામગીરી ક્યારે શરૂ કરવામાં આવી, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં જમીનની માપણી ની રી–સર્વેની કામગીરી તા.૧૬–૯–૨૦૧૩ થી શરૂ કરવામાં આવી છે. |
| (૨) રી–સર્વેની કામગીરી શરૂ કરી હોય તો કેટલાં ગામોમાં રી–સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી, અને | (૨) પંચમહાલ જિલ્લામાં કુલ ૧૩૧ ગામની અને મહીસાગર જિલ્લામાં કુલ ૮૭ ગામની ફક્ત વિગતવાર માપણી પૂર્ણ કરવામાં આવી છે. ફાઈનલ રેકર્ડની કામગીરી પ્રગતિમાં છે. |
| (૩) રી–સર્વે પૂર્ણ થયેલ હોય તેવા કોઈ ગામમાં જમીનમાં કુલ રકબામાં વધ–ઘટના કિસ્સા માલુમ પડેલ હોય તે અંગે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) આ ગામોની ફક્ત વિગતવાર માપણી પૂર્ણ થયેલ છે. ફાઈનલ રેકર્ડની કામગીરી પ્રગતિમાં હોઈ, હાલમાં જમીનમાં કુલ રકબામાં વધ–ઘટના કિસ્સા માલુમ પડી શકે તેમ નથી. |

---------

સુરત જિલ્લા નગરપાલિકાઓમાં ઘન કચરા નિકાલનાં મંજૂર સાધનો

* ૧૮૧૭૮ શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત સુરત જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા | (૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત સુરત જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં |

સાધનો મંજૂર કરેલ છે,

૩.૨૩૭.૦૬ લાખના ખર્ચે કુલ ૨૩૧૧ સાધનો મંજૂર કરેલ છે.

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ નગરપાલિકાદીઠ કુલ કેટલા સાધનો ફાળવેલ છે,

(૨)

| ક્રમ | નગરપાલિકાનું નામ | ફાળવેલ સાધનો |
|---|---|---|
| ૧ | માંડવી | ૫૫૩ |
| ૨ | કનકપુર કનસાડ | ૫૦૩ |
| ૩ | તરસાડી | ૬૫૦ |
| ૪ | બારડોલી | ૬૦૫ |
| | કુલ | ૨૩૧૧ |

(૩) કેટલા સાધનો ફાળવવાના બાકી છે, અને

(૩) મંજૂર કરેલ બધા જ સાધનોની ફાળવણી થઈ ગયેલ હોઈ, હવે કોઈ સાધનો ફાળવવાના બાકી રહેતા નથી.

(૪) બાકી રહેતા સાધનો ક્યાં સુધીમાં ફાળવવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## પંચમહાલ જિલ્લા નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજના

* ૧૮૧૭૫ શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરેલ છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી યોજના પૂર્ણ થયેલ છે,

(૩) કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે, અને

(૪) બાકી રહેતી યોજનાઓ ક્યારે મંજૂર થશે ?

જવાબ

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાણી પુરવઠાની કોઈ પણ યોજના મંજૂર થયેલ નથી. પરંતુ, અગાઉ આ યોજના હેઠળ તેમજ અન્ય યોજના હેઠળ પંચમહાલ જિલ્લાની તમામ નગરપાલિકાઓની (ગોધરા શહેર ભાગ–૨ સિવાય) પાણી પુરવઠાની યોજનાના કામો મંજૂર થયેલ છે.

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) બાકી રહેતી ગોધરા શહેરની ભાગ–૨ ની યોજના આયોજન હેઠળ છે.

---------

## એસ.આર.પી. જૂથ–૮, ગોંડલમાં પોલીસ કોમ્યુનીટી હોલ

* ૧૮૧૯૩ શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના

જવાબ

(૧) હા, જી.

સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ એસ.આર.પી. જૂથ-૮, ગોંડલની કચેરી હસ્તક કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે ?

(૨) એસ.આર.પી. જૂથ-૮, ગોંડલની કચેરી હસ્તક એક કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે.

---------

આણંદ જિલ્લામાં દારૂ પકડાયાના કેસ

* ૧૯૩૮૪ શ્રી જયંતભાઇ ર. પટેલ(ઉમરેઠ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં દારૂ પકડાયાના કેટલા કેસ થયા ?

જવાબ

૧૨૯૨૭

---------

સાબરકાંઠા જિલ્લામાં જંતુનાશક દવાના નમૂના

* ૧૮૧૭૨ શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંતુનાશક દવાઓના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યાં,

(૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અન કેટલા નમૂના બિન પ્રમાણિત થયા, અને

(૩) બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયત્રંણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ?

જવાબ

(૧) ૬૫૪ નમૂના.

(૨) ૬૨૩ પ્રમાણિત, ૩૧ બિનપ્રમાણિત.

(૩) બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવતા નિયત્રંણ અંતર્ગત જવાબદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

| અ.નં. | નમુનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૧૭ | કોર્ટ કેસ કરેલ છે. |
| ૨ | ૦૭ | વહીવટી પગલાં લીધેલ છે. |
| ૩ | ૦૧ | નમૂનો રી-એનાલીસીસ દરમ્યાન સેન્ટ્રલ ઈન્સેકટીસાઈડ લેબૉરેટરી,ફરીદાબાદ ખાતે પ્રમાણિત થયેલ હોઈ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. |
| ૪ | ૦૬ | કાર્યવાહી ચાલુ છે. |

---------

ગાંધીનગર શહેરમાં મંજૂર ટી.પી. સ્કીમ

* ૧૮૭૪૦ શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા બે

જવાબ

(૧) ૬ (છ)

વર્ષમાં ગાંધીનગર શહેરની કેટલી ટાઉન પ્લાનીંગ સ્કીમો મંજૂર કરવામાં આવી,

(૨) તે અન્વયે ટાઉન પ્લાનીંગ–૫ મંજૂર કરવામાં આવી છે કે નહીં,

(૨) હા, મંજૂર કરવામાં આવેલ છે.

(૩) ઉકત ટાઉન પ્લાનીંગ સ્કીમમાં ગટર લાઈનની સુવિધા માટે છેલ્લા બે વર્ષમાં કેટલી રજૂઆત મળી, અને

(૩) ૧ (એક)

(૪) ઉકત ટાઉન પ્લાનીંગ સ્કીમમાં ગટર લાઈન, રસ્તા, સ્ટ્રીટ લાઈટ અને સફાઈની સુવિધા ક્યા સુધીમાં આપવામાં આવશે ?

(૪) મુસદારૂપ નગર રચના યોજના નં.૫ (કુડાસણ–ધોળાકુવા–ઈન્દ્રોડા–રાંદેસણ) આખરી થયેલ ન હોય જમીન કબ્જેદારશ્રીઓ સાથે વાટા–ઘાટો દ્વારા સમજુતી મેળવી ભૂગર્ભ ગટર વ્યવસ્થા માટે ૧૬૦ મી.મેઈન ટ્રંક લાઈન તેમજ ૩૭૧૬ મી. શાખા લાઈનનું કામ પૂર્ણ થયેલ છે. ટી.પી. સ્કીમ હેઠળ તબક્કાવાર રસ્તા અન્ય પ્લોટ અંગે પઝેશન મળ્યેથી ગટર લાઈન, રસ્તાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વધુમાં ગુડા વિસ્તારની ટી.પી. સ્કીમ નં.૫ માં નિયત ફી ભર્યેથી ડોર ટુ ડોર વેસ્ટ કલેકશનની સુવિધા ઉપલબ્ધ કરાવાયેલ છે.

---------

## દાંતા અને અમીરગઢ તાલુકામાં જમીન ફાળવવા બાબત

* ૧૮૬૫૫ શ્રી કાન્તીભાઈ કા. ખરાડી (દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) બનાસકાંઠા જિલ્લામાં દાંતા અને અમીરગઢ તાલુકામાં તાલુકાવાર તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કોને કેટલી જમીન શા હેતુ માટે ફાળવવામાં આવી, અને | (૧) અને (૨) : સામેલ *પત્રક પ્રમાણે. |
| (૨) જે જમીનો ફાળવવામાં આવી તે ગામોમાં ગ્રામ પંચાયતની મંજૂરી/ઠરાવ મેળવવામાં આવેલ હતી કે કેમ ? | |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## ગાંધીનગર જિલ્લામાં ફળપાક માટે સહાય

* ૧૮૧૫૨ શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ગાંધીનગર જિલ્લામાં ફળપાકના નવા વાવેતર માટે સહાયની યોજના છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) સરકાર દ્વારા આ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ આ યોજના હેઠળ કેટલા ખેડૂતોને સહાય ચૂકવેલ છે ? | (૨) ૧૫ ખેડૂતો. |

---------

## ભાવનગર જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજના લાભાર્થી

* ૧૮૨૫૫ શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કોલ્ડ સ્ટૉરેજ બનાવવા માટે ભાવનગર જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | ૨ લાભાર્થી, રૂ.૮૪.૫૬ લાખ. |

---------

## વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫ માં પાર્ટનર દેશ

* ૧૮૨૦૫ શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ વર્ષ ૨૦૧૫ માં પાર્ટનર દેશ તરીકે ક્યા દેશો જોડાયા હતાં, | (૧) નેધરલેન્ડ, કેનેડા, યુ.કે, ઓસ્ટ્રેલિયા, સિંગાપુર, દક્ષિણ આફ્રિકા, જાપાન, અને યુ.એસ.એ. પાર્ટનર દેશ તરીકે જોડાયા હતાં. |
| (૨) કુલ કેટલા ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેનસન્સ મંજૂર થયા, અને | (૨) ૨૧૩૦૪ |
| (૩) તે પૈકી એમ.એસ.એમ.ઈ. સેકટરમાં કેટલા થયા ? | (૩) ૧૭૦૮૧ |

---------

## આણંદ જિલ્લામાં ટ્રેલીઝ મંડપના લાભાર્થી

* ૧૮૨૫૪ શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વેલા વાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી સહાય આપવામાં આવે છે, અને | (૧) |

| |
|---|
| (૧) કાચા મંડપઃ– યુનિટ કોસ્ટ રૂ.૫૨,૦૦૦/– હે.<br>સહાયનું ધોરણ– ૨ હેકટરની મર્યાદામાં |
| સામાન્ય ખેડૂતોને ખર્ચના ૫૦%<br>હેકટર દીઠ રૂ. ૨૬૦૦૦/– ની મર્યાદામાં |
| અનુ. જાતિ/અનુ.જનજાતિના ખેડૂતોને ખર્ચના ૭૫%<br>હેકટર દીઠ રૂ. ૩૯૦૦૦/– ની મર્યાદામાં |
| દેવી પુજક લાભાર્થીને ખર્ચના ૯૦%<br>હેકટર દીઠ રૂ. ૪૬,૮૦૦/– ની મર્યાદામાં |
| (૨) અર્ધ પાકા મંડપઃ– યુનિટ કોસ્ટ રૂ.૮૦,૦૦૦/– હે.<br>સહાયનું ધોરણ– ૨ હેકટરની મર્યાદામાં |
| સામાન્ય ખેડૂતોને ખર્ચના ૫૦%<br>હેકટર દીઠ રૂ. ૪૦,૦૦૦/– ની મર્યાદામાં |
| અનુ. જાતિ/અનુ.જનજાતિના ખેડૂતોને ખર્ચના ૭૫% |

| | |
|---|---|
| | હેકટર દીઠ રૂ. ૬૦,૦૦૦/– ની મર્યાદામાં |
| | દેવી પુજક લાભાર્થીને ખર્ચના ૯૦%<br>હેકટર દીઠ રૂ. ૭૨,૦૦૦/– ની મર્યાદામાં |
| | (૩) પાકા મંડપઃ– યુનિટ કોસ્ટ રૂ.૧,૬૦,૦૦૦/– હે.<br>સહાયનું ધોરણ– ૨ હેકટરની મર્યાદામાં |
| | સામાન્ય ખેડૂતોને ખર્ચના ૫૦%<br>હેકટર દીઠ રૂ. ૮૦,૦૦૦/– ની મર્યાદામાં |
| | અનુ. જાતિ–અનુ.જનજાતિના ખેડૂતોને ખર્ચના ૭૫ %<br>હેકટર દીઠ રૂ. ૧,૨૦,૦૦૦/– ની મર્યાદામાં |
| | દેવી પુજક લાભાર્થીને ખર્ચના ૯૦%<br>હેકટર દીઠ રૂ. ૧,૪૪,૦૦૦/– ની મર્યાદામાં |
| (૨) આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કેટલા લાભાર્થીને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) ૯૧ લાભાર્થી, રૂ.૧૬,૧૭,૫૪૭/– |

---------

રાજ્યની એફ.એસ.એલ. દ્વારા સી.બી.આઈ.ને મદદ

* ૧૮૨૩૬ શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની એફ.એસ.એલ. દ્વારા કેન્દ્ર સરકારની સંસ્થા સી.બી.આઈ. ને ગુન્હાની તપાસમાં મદદ પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા , તો તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન સી.બી.આઈ.ના કેટલા કેસોના કેટલા નમુનાઓના પરીક્ષણો હાથ ધરવામાં આવ્યા? | (૨) કુલ–૧૪૭ કેસોના ૧૮૯૯૭ નમુનાઓના પરીક્ષણો હાથ ધરવામાં આવ્યા. |

---------

અમરેલી જિલ્લામાં નવા પોલીસ સ્ટેશન/આઉટ પોસ્ટ પોલીસ ચોકી ખોલવા બાબત

* ૧૮૪૬૯ શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી નવી આઉટ પોસ્ટ પોલીસ ચોકી ખોલવા દરખાસ્તો કરવામાં આવી, અને | (૧) નવી આઉટ પોસ્ટ/પોલીસ ચોકી ખોલવા માટે કોઈ દરખાસ્ત મળેલ નથી. |
| (૨) ઉક્ત સમયગાળામાં કેટલા નવા પોલીસ સ્ટેશન ખોલવા દરખાસ્ત કરવામાં આવી? | (૨) એક. |

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં પોલીસ ખાતાનાં બિન રહેણાંક મકાનો

* ૧૮૨૩૩ શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના મકાનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) ૩(ત્રણ) |
| (૨) આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) રૂ. ૧૫૬.૩૩ લાખ. |

---------

## પ્રાંતિજ અને તલોદ તાલુકાનાં ગામના તળાવો પાણીથી ભરવા બાબત

* ૧૯૪૬૧ શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અને તલોદ તાલુકાઓમાંથી પસાર થતી નર્મદા આધારીત સુજલામ સુફલામ પાઈપલાઈનથી પ્રાંતિજ અને તલોદ તાલુકાઓના કયા ગામના તળાવો ભરવા અંગેની છેલ્લા બે વર્ષમાં કેટલી માંગણી કે રજુઆતો રાજ્ય સરકારને મળેલ છે, અને

જવાબ

(૧) છેલ્લા બે વર્ષમાં મળેલ રજુઆતો.

| તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|
| પ્રાંતિજ | ઘડી |
| | છાદરડા |
| | સોનાસણ |
| | વજાપુર |
| કુલઃ | ૪ |
| તલોદ | છત્રીસા (ગોરા આંજણા) |
| | લવારી |
| | પોયડા |
| | ગોરા-ટીંમ્બા |
| | દાદરડા |
| | ટીમ્બા |
| | માધવગઢ |
| | બોરીયા-બેચરાજી |
| | જવાનપુરા |
| | મહેકાલ |
| | કમીંપુરા |
| | જોરાજીના મુવાડા |
| | નારાજીના મુવાડા |
| કુલઃ | ૧૩ |

(૨) તે પૈકી કયા ગામના તળાવો ભરવાની સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી?

(૨) પ્રાંતિજ તાલુકાના ઘડી તળાવને જોડવાની મંજૂરી આપેલ છે.

---------

### મોરબી જિલ્લામાં હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી

* ૧૮૧૬૨ શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોરબી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૮૬૦ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ કયારે કરવામાં આવશે? | (૨) બનતી ત્વરાએ. |

---------

### જામનગર જિલ્લામાં હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી

* ૧૮૧૫૯ શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૨૦૫૩ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ કયારે કરવામાં આવશે? | (૨) બનતી ત્વરાએ. |

---------

### પાટણ જિલ્લા નગરપાલિકાઓમાં ઘન કચરા નિકાલનાં મંજૂર સાધનો

* ૧૮૨૨૪ શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
- તા. ૩-૧-૨૦૧૪, તા. ૧૯-૨-૨૦૧૪, તા. ૧૨-૩-૨૦૧૪, તા. ૪-૪-૨૦૧૪, તા. ૧૪-૪-૨૦૧૪, તા. ૨૪-

ચૈત્ર ૪, ૧૯૩૭ શાકે
અતારાંકિત પ્રશ્નો

૬–૨૦૧૪ તા. ૯–૭–૨૦૧૪, તા. ૬–૮–૨૦૧૪, તા. ૫–૯–૨૦૧૪. તા. ૧૬–૧૦–૨૦૧૪, તા. ૧–૧૧–૨૦૧૪, તા. ૮–૧૨–૨૦૧૪ના પત્રોથી નિગમ કક્ષાએથી મુખ્ય ઈજનેરશ્રી (સિંચાઈ વિભાગ), રાજસ્થાન, મુખ્ય ઈજનેરશ્રી (સિંચાઈ વિભાગ) મહારાષ્ટ્ર, સભ્યશ્રી (તાંત્રિક), નર્મદા વેલી ડેવલપમેન્ટ ઓથોરીટી ભોપાલને વિનંતી કરેલ છે.

---------

વલસાડ જિલ્લામાં પશુ દવાખાના

* ૧૮૦૬૦ શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧–૧૫ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુ દવાખાનાઓ છે,

(૧) તાલુકાવાર પશુદવાખાનાઓ.

| અ.નં. | તાલુકાનું નામ | પશુદવાખાનાની સંખ્યા |
|---|---|---|
| ૧. | વલસાડ | ૨ |
| ૨. | ધરમપુર | ૨ |
| ૩. | કપરાડા | ૨ |
| ૪ | પારડી | ૧ |
| ૫. | વાપી | ૧ |
| ૬. | ઉંમરગામ | ૨ |
| | કુલ | ૧૦ |

(૨) તે અન્વયે સંવર્ગવાર મંજૂર મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| સંવર્ગવાર જગ્યાનું નામ | મંજુર જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| પશુચિકિત્સા અધિકારી, વર્ગ–૨ | ૫ | ૧ |
| ડ્રેસર, વર્ગ–૪ | ૪ | ૦ |
| પટાવાળા/એટેન્ડન્ટ/એટેન્ડન્ટ કમ ડ્રેસર, વર્ગ–૪ | ૮ | ૩ |

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૩) પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ ની જગ્યાઓ ભરવા માટે સરકારશ્રીએ ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર તૈયાર કરેલ છે. આગામી વર્ષમાં પશુચિકિત્સા અધિકારીની કુલ ૬૦ જગ્યાઓ આ ભરતી કેલેન્ડર મુજબ વહીવટી પ્રક્રિયા પુર્ણ થયેથી તેમજ ગુજરાત જાહેર સેવા આયોગ મારફત ઉમેદવારો ઉપલબ્ધ થયેથી આ ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે.

ડ્રેસર અને પટાવાળા/એટેન્ડન્ટ/એટેન્ડન્ટ કમ ડ્રેસર વર્ગ–૪ની સેવાઓ જિલ્લા પંચાયત મારફતે આઉટસોર્સથી લેવામાં આવે છે.

---------

એસ.આર.પી. જૂથ–૧૩, ઘંટેશ્વર, રાજકોટમાં પોલીસ કોમ્યુનીટી હોલ

* ૧૮૧૯૨ શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ એસ.આર.પી. જૂથ–૧૩, ઘંટેશ્વર રાજકોટની કચેરી હસ્તક કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે? | (૨) એસ.આર.પી. જૂથ–૧૩, ઘંટેશ્વર, રાજકોટની કચેરી હસ્તક એક કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે. |

---------

મહીસાગર અને ખેડા જિલ્લામાં ગૌસંવર્ધન યોજના

* ૧૯૨૬૫ શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને ખેડા જિલ્લામાં તાલુકાવાર ગૌસંવર્ધન યોજના અમલમાં છે તે હકીકત સાચી છે, | (૧) રાજ્યમાં કાર્યરત ગૌસંવર્ધન યોજનાઓની માહિતી *પત્રક–૧ મુજબ સામેલ છે. |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી, અને | (૨) આ યોજના અંતર્ગત વર્ષવાર ફાળવવામાં આવેલ ગ્રાન્ટની માહિતી *પત્રક–૨ મુજબ સામેલ છે. |
| (૩) આ યોજનાનો લાભ મેળવવા ઉક્ત સ્થિતિએ કેટલા લાભાર્થીઓ દ્વારા અરજી કરવામાં આવી, અને કેટલી અરજી મંજૂર કરવામાં આવી? | (૩) આ યોજના હેઠળ મળેલ લાભાર્થીઓની અરજીઓ અને મંજુર કરેલ અરજીઓની માહિતી *પત્રક–૩ મુજબ સામેલ છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

અરવલ્લી જિલ્લામાં જમીનની માપણી

* ૧૮૪૩૪ શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલી જમીનોની માપણી કરવામાં આવી, અને | (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં કરવામાં આવેલ તાલુકાવાર જમીનોની માપણીની માહિતી નીચે મુજબ છે. |

| ક્રમ | તાલુકાનું નામ | જમીન માપણીની સંખ્યા |
|---|---|---|
| ૧ | મોડાસા | ૩૬ |
| ૨ | માલપુર | ૯ |
| ૩ | બાયડ | ૧૦ |
| ૪ | ભિલોડા | ૧૯ |
| ૫ | ધનસુરા | ૫ |
| ૬ | મેઘરજ | ૭ |
| | કુલ | ૮૬ |

| | |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનોની માપણી | (૨) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ |

કામ બાકી છે? જમીનોની માપણીના ૪ (ચાર) કામ બાકી છે.

---------

આણંદ જિલ્લામાં ઉદવહન સિંચાઈ યોજના

* ૧૮૦૭૧ શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કેટલી અને કઈ કઈ ઉદવહન સિંચાઈ યોજનાઓ કાર્યરત છે? | એક, રાજપુર (ચોરખાડી) ઉદવહન સિંચાઈ યોજના. |

---------

ભાવનગર જિલ્લામાં ખેતીની જમીનની માપણી

* ૧૮૧૦૯ શ્રી પ્રવીણભાઈ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેતીની જમીનની માપણી કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કુલ કેટલા ગામોમાં કરવામાં આવી, અને તેમાં કોઈ વિવાદ ચાલે છે કે કેમ? | (૨) કુલ ૭૬૨ ગામોમાં માપણી કરવામાં આવી છે અને જમીન માપણી અંગે કોઈ વિવાદ ચાલતો નથી. |

---------

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં બિનનિવાસી ગુજરાતીઓની મુલાકાત

* ૧૯૩૫૭ શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫–૦૨–૨૦૧૫ની સ્થિતિએ જાન્યુઆરી–૨૦૧૫માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં કેટલા બિનનિવાસી ગુજરાતીઓએ મુલાકાત લીધેલ છે, અને | (૧) અને (૨) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫માં મુલાકાત લીધેલ મહાનુભાવોમાં બિનનિવાસી ગુજરાતીઓ માટે અલગથી રજિસ્ટ્રેશન કરવામાં આવેલ નથી. |
| (૨) તે પૈકી કેટલા બિન નિવાસી ગુજરાતીઓ કયા રાજ્યો અને કયા અન્ય દેશમાંથી આવેલ હતા ? | |

---------

લુણાવાડા તાલુકામાં બાળકો/મહિલાઓનાં અપરહણ

* ૧૯૨૪૮ પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫–૦૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે માસ દરમિયાન મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં બાળકો અને મહિલાઓના અપહરણના કેટલા કિસ્સા નોંધાયા છે, અને | (૧) |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા બાળકો અને મહિલાઓ મળી આવેલ છે? | (૨) અપહરણ થયેલ ઉકત એક બાળક મળી આવેલ છે. |

| તા.૧૪–૧૨–૨૦૧૪ થી તા.૧૫–૦૨–૨૦૧૫ | |
|---|---|
| બાળકો | ૦૧ |
| મહિલાઓ | ૦૦ |

---------

તા. ૨૫ મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

## માણસા તાલુકામાં નાના/મોટા/મધ્યમ તળાવો

* ૧૯૪૨૪ શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં કુલ કેટલા નાના/મોટાં અને મધ્યમ કક્ષાના તળાવો આવેલાં છે,

(૨) તે પૈકી આ તળાવો કેનાલ અથવા પાઈપલાઈન દ્વારા ભરવા માંગો છો કે કેમ, અને

(૩) જો હા, તો કેટલા તળાવો ભરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) કુલ ૪૩૧ તળાવો આવેલાં છે.
બે હેકટરથી ઓછો વિસ્તાર ધરાવતા તળાવોને નાના અને બે હેકટરથી વધુ વિસ્તાર ધરાવતા તળાવોને મોટા તળાવ તરીકે ગણવામાં આવે છે. જ્યારે મધ્યમ પ્રકારના તળાવો હોતા નથી.

(૨) હા, જી.

(૩) નર્મદા મુખ્ય નહેર આધારીત ઉદ્વવહન પાઈપ લાઈનોથી તળાવો ભરવાની સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ અનુસાર સ્કાવર વાલ્વથી ૨ કિ. મી. સુધીના અંતરે આવેલ તળાવો તાંત્રિક દ્રષ્ટિએ પાઈપલાઈન સાથે જોડી ભરી શકાય તેમ હોય તો પાણીની ઉપલબ્ધિ ધ્યાને લઈ જોડવામાં આવે છે.

હાલમાં પિયજ ધરોઈ પાઈપલાઈનથી માણસા તાલુકાના ૭ ગામના ૧૦ તળાવો જોડી ભરવામાં આવે છે.

---------

## બનાસકાંઠા જિલ્લામાં સિંચાઈના પાણીના દરોમાં વધારો કરવા બાબત

* ૧૯૪૨૮ શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેતી સિંચાઈ વિષયક ડેમના પાણીના દરોમાં કેટલી રકમનો વધારો કરવામાં આવ્યો ?

**જવાબ**

તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ખેતી માટે અપાતા પાણીના દરમાં, સમગ્ર રાજ્યમાં એકસમાન ધોરણે નીચે મુજબ વધારો કરવામાં આવ્યો છે.

| વર્ષ | વર્ષ વાર વધારો પ્રતિ પાણ પ્રતિ હેકટર (રૂપિયા માં ) | |
|---|---|---|
| | ખરીફ, રવિ,ઉનાળુ તથા બેમોસમી પાકો | બારમાસી પાકો |
| ૨૦૧૨-૧૩ | ૧૭.૨૩ | ૩૨.૩૦ |
| ૨૦૧૩-૧૪ | ૧૮.૫૨ | ૩૪.૭૨ |
| ૨૦૧૪-૧૫ | ૧૯.૯૧ | ૩૭.૩૩ |

---------

## મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં પોલીસ મહેકમ

* ૧૮૬૫૨ શ્રી ગેંદાલભાઈ મો. ડામોર (સંતરામપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર પી.આઈ.,પી.એસ.આઈ., હેડ કોન્સ્ટેબલ અને પોલીસ કોન્સ્ટેબલનું કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) અને (૨) આ અંગેની મહીસાગર જિલ્લાની વિગતો સામેલ *પત્રક–૧ મુજબ અને પંચમહાલ જિલ્લાની વિગતો સામેલ *પત્રક–૨ મુજબ છે. |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | |
| (૩) આ ખાલી જગ્યાઓ કયાં સુધી માં ભરવામાં આવશે ? | (૩) ભરતી કેલેન્ડર મુજબ કોન્સ્ટેબ્યુલરીમાં સીધી ભરતીની પ્રક્રીયા હાલ ચાલુ છે. વહીવટી જરૂરીયાત મુજબ અને અનુકુળતા અનુસાર વહીવટી પ્રક્રીયા અનુસરીને સમયાંતરે ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

રાજ્યમાં ભૂકંપની આગોતરી જાણ માટે સંશોધન

* ૧૮૨૧૫ શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભૂકંપની આગોતરી જાણકારી મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં કોઈ સંશોધન હાથ ધરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) રાજ્યના ૭૦ અત્યાધુનિક ડીજીટલ સ્ટેશનો દ્વારા સિસ્મોગ્રાફ અને એસીલરોગ્રાફ દ્વારા ભૂકંપનું મોનીટરીંગ તેમજ રીપોર્ટીંગ કરવામાં આવે છે. |

---------

રાજકોટ જિલ્લામાં ફૂલપાક માટે સહાય

* ૧૮૨૫૭ શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજકોટ જિલ્લામાં ફૂલપાક વાવેતર માટે સહાયની યોજના છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) સરકાર ધ્વારા આ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા ખેડૂતોને અને કેટલી રકમની સહાય આપવામાં આવેલ છે ? | (૨) ૧ ખેડૂત<br>રૂ. ૪૮૫૦/– |

---------

જૂનાગઢ જિલ્લામાં શૈક્ષણિક હેતુ માટે જમીન ફાળવવા બાબત

* ૧૯૨૮૦ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસુલ)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લામાં બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં શૈક્ષણિક હેતુ માટે કેટલી જમીન ફાળવવામાં આવી, અને | (૧) કોઈ જમીન ફાળવવામાં આવી નથી. |
| (૨) ઉકત સ્થિતિએ જમીન કયા ભાવે આપવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

બનાસકાંઠા જિલ્લામાં જમીનની માપણીની રીસર્વેની કામગીરી

* ૧૮૬૫૬ શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસુલ)જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં જમીનની માપણી અંગે રી–સર્વેની કામગીરી કયારે શરૂ કરવામાં આવી,

(૨) કયા તાલુકાના કેટલાં ગામોમાં રી–સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી, અને

(૩) કેટલા તાલુકાઓમાં રી–સર્વેની કામગીરી બાકી છે અને તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં જમીનની માપણીની રી–સર્વેની કામગીરી તા.૧૬–૦૯–૨૦૧૩થી શરૂ કરવામાં આવી છે.

(૨) રી–સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ હોય તેવા તાલુકાની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | ગામોની સંખ્યા | રી–સર્વે પૂર્ણ થયેલ ગામોની સંખ્યા |
|---|---|---|
| પાલનપુર | ૧૧૮ | ૧૧૮ |
| અમીરગઢ | ૬૯ | ૬૯ |
| થરાદ | ૧૨૪ | ૧૦૨ |

(૩) અગીયાર તાલુકાઓમાં રી–સર્વેની કામગીરી બાકી છે અને તે માર્ચ–૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

ગાંધીનગર જિલ્લામાં પોલીસ ખાતાનાં બિન રહેણાંક મકાનો

* ૧૮૧૯૪ શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ પોલીસ ખાતાના કેટલા બિન રહેણાંકના મકાનોની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, અને | (૧) ૮ (આઠ). |
| (૨) આ કામગીરી માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવનાર છે ? | (૨) રૂ. ૧૩૪૫.૩૭ લાખ. |

---------

સુરત જિલ્લામાં મધ્યમ સિંચાઈ યોજના

* ૧૮૨૧૮ શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં મધ્યમ સિંચાઈ યોજનાઓ કેટલી છે, અને | (૧) સુરત જિલ્લામાં ૨ (બે) મધ્યમ સિંચાઈ યોજનાઓ આવેલ છે. (૧) વેર–૨ સિંચાઈ યોજના (૨) લાખીગામ સિંચાઈ યોજના. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજનાઓથી કેટલા હેકટર વિસ્તારમાં સિંચાઇનો લાભ મળેલ છે ? | (૨) છેલ્લા બે વર્ષમાં લાભિત સિંચાઈનો કુલ વિસ્તાર નીચે મુજબ છે.<br>(૧) વેર–૨ સિંચાઈ યોજના –૨૮૮૨ હેકટર<br>(૨) લાખીગામ સિંચાઈ યોજના–૮૨૦ હેકટર. |

---------

અમરેલી તાલુકાની સાંથલી સિંચાઈ યોજનાની કામગીરી

* ૧૮૪૭૦ શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અમરેલી તાલુકાની સાંથલી સિંચાઈ યોજનાને સૈધ્ધાંતિક, તાંત્રિક અને વહીવટી મંજુરી ક્યારે અને કેટલી રકમના ખર્ચ માટે આપવામાં આવેલ હતી, | (૧) તા. ૦૮–૦૮–૨૦૧૨ના પત્રથી રૂ. ૩૧૯.૭૬ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૨) ઉપરોક્ત યોજનામાં ઉક્ત સ્થિતિએ મુખ્ય બંધ, નહેરોના બાંધકામ, જમીન સંપાદન અને પુનઃવસવાટના કામો કયા તબક્કે છે, | (૨) યોજનાના મુખ્ય બંધ અને નહેરો તાંત્રિક તબક્કે અને જમીન સંપાદન અને પુનઃવસવાટ ખાતેદારોની સંમતિ મેળવવાના તબક્કે છે. |
| (૩) ઉપરોક્ત કામોમાં વિલંબ થવાના શાં કારણો છે, અને | (૩) જમીન સંપાદન |
| (૪) ઉપરોક્ત કામો કેટલી સમય મર્યાદામાં પૂર્ણ કરાવવાનું આયોજન છે ? | (૪) જમીન સંપાદન થયે, અને નાણાંકીય ઉપલબ્ધી અનુસાર કામ હાથ ધરવાનું આયોજન છે. |

---------

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સહકારી મંડળીઓનું રજિસ્ટ્રેશન

* ૧૯૪૬૨ શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર કેટલી સહકારી મંડળીના રજીસ્ટ્રેશન માટે અરજીઓ મળેલ છે, અને | (૧) સાબરકાંઠા જિલ્લામાં ૬૨ અને અરવલ્લી જિલ્લામાં ૬૮. |
| (૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર તે પૈકી કેટલી મંડળીઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું અને કેટલી બાકી છે ? | (૨) |

| જિલ્લાનું નામ | રજિસ્ટ્રેશન થયેલ મંડળીઓની સંખ્યા | બાકી અરજીઓ | પૂર્તતા માટે પરત કરેલ અરજીઓ |
|---|---|---|---|
| સાબરકાંઠા | ૫૧ | ૦૮ | ૦૩ |

| અરવલ્લી | ૫૯ | ૦૬ | ૦૩ |
|---|---|---|---|

---------

જામનગર જિલ્લામાં પોલીસ ખાતાનાં રહેણાંક મકાનો

* ૧૮૨૩૦ શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, અને | (૧) ૫૬ (છપ્પન). |
| (૨) આ કામગીરી માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવનાર છે ? | (૨) રૂ.૪૧૮.૯૩ લાખ. |

---------

અમદાવાદ શહેરમાં જમીન ટોચ મર્યાદા અન્વયે હસ્તગત કરેલ જમીન

* ૧૯૪૮૪ શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શહેરી જમીન ટોચ મર્યાદા કાયદા હેઠળ અમદાવાદ શહેરમાં તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારે કેટલી જમીનો હસ્તગત કરી, અને | (૧) શૂન્ય |
| (૨) ઉક્ત સ્થિતિએ સરકાર હસ્તક કેટલી જમીનો લેવાની પડતર છે ? | (૨) શૂન્ય |

---------

આણંદ જિલ્લામાં સુરક્ષા સેતુ કાર્યક્રમ માટે ફાળવેલ રકમ

* ૧૯૪૪૩ શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સુરક્ષા સેતુ કાર્યક્રમ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૧) વર્ષવાર ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં)<br>તા.૧–૨–૨૦૧૩ થી તા.૩૧–૧–૨૦૧૪ – ૯૫.૦૦<br>તા.૧–૨–૨૦૧૪ થી તા.૩૧–૧–૨૦૧૫ – ૧૨૨.૦૦<br>------<br>કુલઃ ૨૧૭.૦૦ |
| (૨) ઉક્ત સ્થિતિએ કયા હેતુસર કેટલી રકમ ખર્ચ કરવામાં આવી? | (૨) વિવિધ કાર્યક્રમો/યોજનાઓના અમલીકરણ માટે વર્ષવાર થયેલ ખર્ચ (રૂ. લાખમાં)<br>તા.૧–૨–૨૦૧૩ થી તા.૩૧–૧–૨૦૧૪ – ૨૫.૩૮ |

તા.૧-૨-૨૦૧૪ થી તા.૩૧-૧-૨૦૧૫ - ૬૫.૬૩

-----

-

કુલ ૯૧.૦૧

---------

## સ્ટેટ પોલીસ કમ્પલેઈન્ટ ઓથોરીટીની રચના બાબત

* ૧૯૪૭૮ શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં પોલીસ ખાતાના અધિકારીઓ/કર્મચારીઓ વિરૂધ્ધની ફરિયાદો સાંભળવા માટેની સ્ટેટ પોલીસ કમ્પલેઈન્ટ ઓથોરીટીની રચના ૩૧મી ડીસેમ્બર-૨૦૧૪ની સ્થિતિએ ક્યારે કરવામાં આવી છે, | (૧) સ્ટેટ પોલીસ કમ્પલેઈન્ટ ઓથોરીટીની રચના તા. ૩૧-૭-૨૦૧૩થી કરવામાં આવેલી છે. |
| (૨) આ ઓથોરીટીની રચના થયા પછી જાહેર જનતામાં તેના વિશે કોઈ માહિતી/પ્રચાર/જાહેરાત કરવામાં આવી નથી તથા વેબસાઇટ પણ બનાવવામાં આવી નથી જેથી જાહેર જનતાને આ ઓથોરીટી વિશે કોઈ માહિતી ઉપલબ્ધ થતી નથી તે ફરિયાદથી સરકાર વાકેફ છે, અને<br>(૩) જો હા, તો આ ઓથોરીટીને સારી રીતે કાર્યરત કરવા અને જાહેર જનતાને તેની પૂરી જાણકારી આપવા સરકાર તરફથી શા આદેશો થયા છે ? | (૨) અને (૩)<br>આવી કોઈ ફરિયાદ મળી નથી. જાહેર જનતાની જાણકારી માટે સરકારી ગેઝેટમાં જાહેરનામું બહાર પડાયેલ છે, વર્તમાન પત્રોમાં પ્રેસ નોટ પ્રસિધ્ધ કરવામાં આવી છે તથા સ્ટેટ પોલીસ કમ્પલેઈન્ટ ઓથોરીટીની માહિતી ગૃહ વિભાગની વેબસાઇટના હોમ પેઈજ પર મુકેલ છે. |

---------

## રાજ્યમાં કાચા કામના કેદીઓનાં કેસ ઝડપી ચલાવવા કોર કમીટીની રચના

* ૧૮૧૧૨ શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નામદાર સુપ્રિમ કોર્ટના ચૂકાદા અન્વયે કાચા કામના કેદીઓના કેસોના ઝડપી અને ન્યાયિક રીતે ચલાવવા અને મોનીટરીંગ કરવા આપેલ ચૂકાદા અન્વયે રાજ્ય સરકારે તા. ૩-૧-૨૦૦૦ના રોજ એક કોર કમિટીની રચના કરી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કોર કમીટીમાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કોણ સભ્યો છે અને તેની કામગીરી શી છે, | (૨) રાજ્યની દરેક જેલો ખાતે કોર કમીટીમાં નીચે મુજબના સ્થાયી સભ્યો છે.<br>(૧) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી જજશ્રી-ચેરમેન<br>(૨) સેશન્સ જજશ્રી, એડીશનલ અને આસીસ્ટન્ટ સેશન્શ જજશ્રી સહીત<br>(૩) પોલીસ કમિશ્નરશ્રી/જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી |

(૪) જેલ અધિક્ષક
આ કમીટીની કામગીરી નીચે મુજબ છે.
(૧) કાચા કામના કેદીઓના પડતર કેસોના મોનીટરીંગની કામગીરી
(૨) સરકારની મંજૂરીની આવશ્યકતા હોય ત્યાં તેવી મંજુરી મેળવ્યા બાદ પેટી ઓફેન્સ (Petty Offence) ને લઈને જેલમાં હોય તેવા કાચા કામના યોગ્ય કેદીઓ સામેના કેસો પરત ખેંચવાનો નિર્ણય લેવાની કામગીરી.

(૩) આ કોર કમીટીની કેટલી મીટીંગો છેલ્લા બે વર્ષમાં મળી અને નામદાર સુપ્રિમ કોર્ટના આદેશનું પાલન કરવા શી કામગીરી હાથ ધરી, અને

(૩) આ કોર કમિટીની મીટીંગો સામેલ *પત્રકમાં જણાવ્યા મુજબ મળેલ છે.
સંબંધિત સેશન્સ જજશ્રી/મેજી.ફ.ક. જજશ્રીએ જેલોની મુલાકાત લઈ, મહત્તમ થવા પાત્ર સજાના ૧/૨ સમય કરતાં વધુ સમય જેલમાં રહેલ હોય તેવા કાચા કામના કેદીઓના કેસોની સમીક્ષા કરેલ છે.

(૪) કોર કમીટીના નિર્ણયોની જવાબદારી કોને સોંપાઈ છે ?

(૪) સંબંધિત જેલ અધિક્ષકશ્રી દ્વારા કોર કમિટી તરફથી થયેલ સૂચનો મુજબની કાર્યવાહી કરવામાં આવે છે.

પત્રક

| અ.નં. | જેલનું નામ | વર્ષ ૨૦૧૩માં મળેલ મીટીંગની તારીખ | વર્ષ ૨૦૧૪માં મળેલ મીટીંગની તારીખ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ મધ્યસ્થ જેલ | ૨૬-૦૮-૨૦૧૩ | ૩૧-૧૨-૨૦૧૪ |
| ૨ | વડોદરા મધ્યસ્થ જેલ | ૦૪-૦૯-૨૦૧૩ | ૨૯-૦૧-૨૦૧૪<br>૨૫-૧૧-૨૦૧૪ |
| ૩ | લાજપોર (સુરત) મધ્યસ્થ જેલ | ૨૦-૦૫-૨૦૧૩ | ૨૬-૦૯-૨૦૧૪ |
| ૪ | રાજકોટ મધ્યસ્થ જેલ | -- | ૨૨-૦૭-૨૦૧૪ |
| ૫ | પાલારા (ભુજ) ખાસ જેલ | ૩૦-૦૯-૨૦૧૩<br>૨૩-૧૨-૨૦૧૩ | -- |
| ૬ | પોરબંદર ખાસ જેલ | ૦૫-૦૨-૨૦૧૩<br>૧૩-૦૬-૨૦૧૩<br>૨૧-૦૯-૨૦૧૩<br>૨૧-૧૨-૨૦૧૩ | ૧૫-૦૩-૨૦૧૪<br>૧૯-૦૬-૨૦૧૪ |
| ૭ | જુનાગઢ જિલ્લા જેલ | ૨૮-૦૨-૨૦૧૩ | -- |
| ૮ | નડિયાદ જિલ્લા જેલ | ૨૧-૦૧-૨૦૧૩<br>૧૬-૦૩-૨૦૧૩<br>૧૩-૧૧-૨૦૧૩ | ૨૧-૦૬-૨૦૧૪<br>૨૦-૦૯-૨૦૧૪ |
| ૯ | ભાવનગર જિલ્લા જેલ | ૦૧-૦૩-૨૦૧૩<br>૨૯-૦૬-૨૦૧૩<br>૨૯-૧૦-૨૦૧૩ | -- |
| ૧૦ | અમરેલી જિલ્લા જેલ | -- | -- |

| અ.નં. | જેલનું નામ | વર્ષ ૨૦૧૩માં મળેલ મીટીંગની તારીખ | વર્ષ ૨૦૧૪માં મળેલ મીટીંગની તારીખ |
|---|---|---|---|
| ૧૧ | જામનગર જિલ્લા જેલ | ૩૦-૦૧-૨૦૧૩ | -- |
| ૧૨ | પાલનપુર જિલ્લા જેલ | ૨૬-૦૨-૨૦૧૩<br>૨૪-૧૦-૨૦૧૩ | ૦૨-૦૧-૨૦૧૪ |
| ૧૩ | મહેસાણા જિલ્લા જેલ | -- | ૦૪-૦૧-૨૦૧૪ |
| ૧૪ | રાજપીપળા જિલ્લા જેલ | ૦૩-૦૪-૨૦૧૩ | -- |
| ૧૫ | હિંમતનગર સબ જેલ | ૨૭-૦૫-૨૦૧૩ | ૦૭-૦૭-૨૦૧૪ |
| ૧૬ | ગોધરા સબ જેલ | ૧૫-૦૪-૨૦૧૩<br>૦૧-૦૮-૨૦૧૩<br>૨૯-૧૦-૨૦૧૩ | ૧૪-૦૨-૨૦૧૪<br>૨૩-૦૬-૨૦૧૪<br>૦૭-૧૦-૨૦૧૪ |
| ૧૭ | છોટાઉદેપુર સબ જેલ | -- | -- |
| ૧૮ | નવસારી સબ જેલ | ૨૪-૦૬-૨૦૧૩<br>૦૩-૦૯-૨૦૧૩<br>૦૨-૧૦-૨૦૧૩<br>૨૭-૧૨-૨૦૧૩ | ૦૪-૧૨-૨૦૧૪ |
| ૧૯ | ભરૂચ સબ જેલ | ૧૧-૦૭-૨૦૧૩ | ૨૭-૦૧-૨૦૧૪ |
| ૨૦ | સુરેન્દ્રનગર સબ જેલ | ૦૭-૦૨-૨૦૧૩<br>૨૧-૦૯-૨૦૧૩ | ૨૨-૦૯-૨૦૧૪ |
| ૨૧ | મોરબી સબ જેલ | -- | -- |
| ૨૨ | મોડાસા સબ જેલ | ૨૫-૧૧-૨૦૧૩ | ૦૭-૧૦-૨૦૧૪ |
| ૨૩ | ગોંડલ સબ જેલ | -- | -- |
| ૨૪ | અમરેલી ઓપન જેલ | -- | -- |
| ૨૫ | પાટણ સબ જેલ | -- | ૨૭-૦૮-૨૦૧૪ |

---------

ઉદ્યોગ વિભાગ હેઠળના બોર્ડ/નિગમોએ કરેલ ખોટ બાબત

* ૧૮૧૦૪ શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ ઉદ્યોગ વિભાગના તાબામાં કેટલા બોર્ડ/નિગમો કાર્યરત છે,

(૨) તે પૈકી કયા બોર્ડ/નિગમોએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં વર્ષવાર કેટલી ખોટ કરી, અને

જવાબ

(૧) અગિયાર

(૨) તે પૈકી વર્ષવાર નીચે મુજબ ખોટ થયેલ છે.

| બોર્ડ/નિગમ | વર્ષ ૨૦૧૨-૧૩ | વર્ષ ૨૦૧૩-૧૪ |
|---|---|---|
| ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા નિગમ | ૧૩૨.૦૦ (લાખમાં) | ૨૪૬.૦૦ (લાખમાં) |
| ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ | ૧૧૩૧૬.૩૨ (લાખમાં) | ૧૧૨૭૮.૭૯ (લાખમાં) |
| ગુજરાત | ૧૮.૧૬ | -- |

| | | |
|---|---|---|
| ઈન્ડ્રસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લી. | (લાખમાં) | |

(૩) કયા બોર્ડ/નિગમે કેટલો નફો છેલ્લા બે વર્ષમાં કર્યો ?

(૩) તે પૈકી વર્ષવાર નફો નીચે મુજબ થયેલ છે.

| બોર્ડ/નિગમ | વર્ષ ૨૦૧૨-૧૩ | વર્ષ ૨૦૧૩-૧૪ |
|---|---|---|
| ગુજરાત રાજ્ય ગ્રામોદ્યોગ બજાર નિગમ | ૩૭૦.૪૬ (લાખમાં) | ૪૪૪.૯૫ (લાખમાં) |
| ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ | ૨૦૩૮૭.૮૯ (લાખમાં) | ૨૦૫૮૫.૦૪ (લાખમાં) |
| ગુજરાત ખનીજ વિકાસ નિગમ | ૬૦૦૯૪.૦૦ (લાખમાં) | ૪૩૯૦૦.૦૦ (લાખમાં) |
| ગુજરાત રાજ્ય ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ | ૫૩૪.૦૦ (લાખમાં) | ૨૦૬૬.૦૦ (લાખમાં) |
| ગુજરાત ઈન્ડ્રસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લી. | -- | ૬.૬૯ (લાખમાં) |
| ગુજરાત પ્રવાસન નિગમ | ૩૫૭૬.૦૦ (લાખમાં) | ૩૨૫૮.૦૦ (લાખમાં) |

---------

## પાટણ જિલ્લામાં બાગાયતી કિટ્સનું વિતરણ

* ૧૮૨૪૮ શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં કૃષિ મહોત્સવ-૨૦૧૪ દરમ્યાન કેટલા ખેડૂતોને વિનામૂલ્યે બાગાયતી કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૩૨૭૯ ખેડૂતો. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૧૨.૭૦ લાખ. |

---------

## સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમાની અરજીઓ

* ૧૮૬૬૪ શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૩૫૭ -અરજીઓ મળી. |
| (૨) તે પૈકી કુલ કેટલી અરજીઓ મંજૂર તથા કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, | (૨) ૧૭૭ - અરજીઓ મંજૂર કરવામાં આવી.<br>૧૮ - અરજીઓ નામંજૂર થઈ. |
| (૩) તે અન્વયે કુલ કેટલી સહાય ચૂકવવામાં | (૩) રૂ.૧૭૫.૦૦ લાખ. |

આવી, અને

(૪) અરજીઓ નામંજૂર થવાના મુખ્ય શાં કારણો છે ?

(૪) અરજીઓ નામંજૂર થવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

૧. ખાતેદાર ખેડૂત ન હોવાથી.
૨. મૃતક ખાતેદાર ખેડૂતના પ્રથમ વારસદાર (પુત્ર/પુત્રી) ન હોવાથી.
૩. કુદરતી ચૂંટણી.
૪. હાર્ટ એટેક.
૫. મૃતક ખાતેદાર ખેડૂતની ઉંમર ૭૦ વર્ષ કરતાં વધુ હોવાથી.
૬. અરજી સમય મર્યાદા બહાર કરેલ હોવાથી.
૭. લાભાર્થી ખાતેદાર ખેડૂતની અપંગતા ૫૦ ટકા કરતાં ઓછી હોવાથી.
૮. કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટેની શહીદવીર કિનારીવાલા યોજનામાં લાભ લીધેલ હોવાથી.

---------

## માંગરોળ તાલુકામાં ફાયરબોટ બનાવવા જીઆઈડીસીની સ્થાપના

* ૧૮૦૯૫ શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં ફાયરબોટ બનાવવા માટેની જીઆઈડીસી સ્થાપવા માટે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ માંગણી કે રજૂઆત મળેલ છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો કોના તરફથી ક્યારે માંગણી કે રજૂઆત મળી, અને | (૨) પૂર્વ મંત્રી ડૉ. ચન્દ્રિકાબેન ચુડાસમા તરફથી તા.૧૪-૧૧-૧૪ અને તા.૧૮-૧૧-૧૪ થી રજૂઆત મળેલ છે. |
| (૩) મળેલ માંગણી કે રજૂઆત અન્વયે સરકારે શી કાર્યવાહી કરી ? | (૩) આ હેતુ માટે વસાહત ઉભી કરવા પોષણક્ષમ વિસ્તારની ચકાસણી કરવામાં આવી રહેલ છે. |

---------

## મહેસાણા જિલ્લામાં જંતુનાશક દવાના નમૂના

* ૧૮૧૬૪ શ્રી ષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંતુનાશક દવાઓના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યાં, | (૧) ૩૭૯ નમૂના લેવામાં આવ્યાં. |
| (૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિન પ્રમાણિત થયા, અને | (૨) ૩૬૭ પ્રમાણિત, ૧૨ બિનપ્રમાણિત. |

(૩) બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ?

(૩) બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત જવાબદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યાં.

| અ.નં. | નમૂનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૦૭ | કોર્ટ કેસ કરેલ છે. |
| ૨ | ૦૪ | વહીવટી પગલાં લીધેલ છે. |
| ૩ | ૦૧ | કાર્યવાહી ચાલુ છે. |

---------

ગુજરાત કો–ઓપરેટીવ બેંકમાં હાઈકોર્ટમાં ચૂકાદા અન્વયે જરૂરી કાર્યવાહી

* ૧૮૦૮૩ શ્રી આંનદભાઇ ચૌધરી (માંડવી) : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ ગુજરાત કો–ઓપરેટીવ બેંકમાં નામદાર હાઈકોર્ટના ચૂકાદા એપ્લીકેશન નં.૧૦૧૫૫/૧૩ ના અમલીકરણ અંગેની કાર્યવાહી ક્યા તબક્કે છે ?

જવાબ

કાર્યવાહી પૂર્ણ થયેલ છે.

---------

આમરણથી મોરબી વચ્ચે માલવાહક વાહનોમાં મુસાફરોનું વહન

* ૧૯૪૮૦ શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મોરબી જિલ્લામાં તા.૧–૦૯–૨૦૧૩ થી તા.૧૫–૦૨–૨૦૧૫ સુધીમાં આમરણથી મોરબી અને મોરબીથી આમરણ વચ્ચે સટલીયા તરીકે માલવાહક વાહનોમાં મુસાફરોનું વહન કરવાની કેટલી ફરીયાદો મળી અને સઘન ચેકીંગમાં કેટલા કિસ્સાઓ પકડાયા, અને

(૨) તે પૈકી કેટલા કિસ્સામાં પોલીસ દ્વારા કેટલો દંડ વસૂલ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) ૦૧ ફરીયાદ મળી અને સઘન ચેકીંગમાં ૧૪ કિસ્સાઓ પકડાયા.

(૨) કુલ ૧૧ કિસ્સામાં રૂ.૮૮૦૦/– દંડ વસૂલ કરવામાં આવ્યો.

---------

મહેસાણા જિલ્લામાં પકડાયેલ દારૂ

* ૧૮૦૭૫ શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં દારૂની હેરાફેરીમાં સંડોવાયેલા કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા અને કેટલી રકમનો દારૂ પકડવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ થઈ અને સૌથી વધુ દારૂ કયાં પોલીસ સ્ટેશનની હદમાં પકડાયો ?

જવાબ

(૧)

| જપ્ત કરવામાં આવેલ વાહનની સંખ્યા | પકડવામાં આવેલ દારૂની કિંમત |
|---|---|
| ૨૨૬ | રૂ.૧૯૨૮૨૧૪૫ |

(૨)

| ધરપકડ કરેલ આરોપીઓની | જે પોલીસ સ્ટેશનની હદમાંથી સૌથી વધુ દારૂ પકડાયેલ તેનું |
|---|---|

| સંખ્યા | નામ |
|---|---|
| ૩૨૪ | લાંઘણજ |

---------

બુર્જગ–ગાંગરડા સિંચાઈ યોજનાની બંધ પડેલ નહેર

* ૧૮૧૧૭ શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લાની ગરબાડા તાલુકામાં આવેલ બુર્જગ–ગાંગરડા સિંચાઈ તળાવની નહેર બંધ પડેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) બુર્જગ–ગાંગરડા સિંચાઈ તળાવની નહીં, પરંતુ ઝરી–ગાંગરડા સિંચાઈ તળાવની નહેર વપરાશમાં નથી. |
| (૨) જો હા, તો તે ક્યારથી બંધ પડેલ છે, અને આ બંધ પડેલ સિંચાઈ તળાવની નહેરને સત્વરે કાર્યરત કરવા સરકારે શાં પગલાં લીધા ? | (૨) ૧૯૯૫ થી નહેર વપરાશમાં નથી. જિલ્લા પંચાયત હસ્તકના આ તળાવના ઉપરવાસ અને નીચવાસના આંતરીક વિવાદના કારણે સિંચાઈ બંધ થયેલ છે. આ વિવાદ દૂર કરવા માટે ગામ લોકોને સમજાવવાના પ્રયત્નો કરવામાં આવેલા છે. |

---------

ભિલોડા અને મેઘરજ તાલુકાના ખાલી જળાશયોમાંથી કાંપ કાઢવા બાબત

* ૧૯૪૪૮ ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં ખાલી જળાશયોમાંથી કાંપ કાઢવાનું આયોજન કરેલ છે કે કેમ, | (૧) છેલ્લા બે વર્ષ દરમ્યાન જળાશયોમાં પાણી ભરાયેલ હોવાથી કાંપ કાઢવાનું આયોજન કરવામાં આવેલ નથી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા જળાશયોમાંથી કાંપ કાઢવામાં આવ્યો, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) એની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

બોટાદ જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૧૮૧૯૬ ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બોટાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી, અને

જવાબ

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| બોટાદ | ૧૦૦૮ |
| ગઢડા | ૧૪૬૦ |
| રાણપુર | ૫૮૭ |
| બરવાળા | ૩૧૨ |
| કુલ | ૩૩૬૭ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી તથા કેટલી નોંધો

(૨)

નામંજૂર કરવામાં આવી?

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરવામાં આવેલ નોંધો | નામંજૂર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| બોટાદ | ૧૦૦૮ | ૯૧૪ | ૪૯ |
| ગઢડા | ૧૪૬૦ | ૧૩૨૪ | ૨૩ |
| રાણપુર | ૫૮૭ | ૪૪૬ | ૨૧ |
| બરવાળા | ૩૧૨ | ૨૬૫ | ૧૬ |
| કુલ | ૩૩૬૭ | ૨૯૪૯ | ૧૦૯ |

---------

નર્મદા યોજનાની કેનાલ નેટવર્કનાં કામ

* ૧૮૯૦૦ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા યોજનાની કેનાલ નેટવર્કનું કામ કેટલા કી.મી.ની નેટવર્ક કેનાલોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે, અને કેટલા કી.મી.નું કરવાનું બાકી છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ નર્મદા યોજનાની કેનાલ નેટવર્કનું શાખા (બ્રાન્ચ), વિશાખા (ડિસ્ટ્રીબ્યુટરી), પ્રશાખા (માઈનોર) નું ૨૨.૭૪ કી.મી. લંબાઈમાં અને વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન ડિસેમ્બર–૨૦૧૪ સુધીમાં કેનાલ નેટવર્કનું શાખા (બ્રાન્ચ), વિશાખા (ડિસ્ટ્રીબ્યુટરી), પ્રશાખા (માઈનોર) નું ૧૧૮૯.૫૩ કી.મી. તેમજ પ્રપ્રશાખા (સબમાઈનોર) નું ૩૩.૯૭ કી.મી. લંબાઈમાં પૂર્ણ થયેલ છે.<br><br>તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ નર્મદા યોજનાની મુખ્ય નહેરનું સંપૂર્ણ ૪૫૮.૩૨ કી.મી. લંબાઈમાં કામ પૂર્ણ થયેલ છે અને કોઈ લંબાઈ બાકી નથી. શાખા નહેરની કુલ ૨૫૮૫ કી.મી. લંબાઈ પૈકી ૨૩૬૨.૪૯ કી.મી. લંબાઈમાં કામ પૂર્ણ થયેલ છે અને ૨૨૨.૫૧ કી.મી. લંબાઈમાં બાકી છે. વિશાખા નહેરોમાં કુલ ૫૧૧૨ કી.મી. પૈકી ૩૪૧૨.૨૦ કી.મી. લંબાઈ પૂર્ણ થયેલ છે. અને ૧૬૯૯.૮૦ કી.મી. લંબાઈમાં બાકી છે. પ્રશાખા નહેરોમાં કુલ ૧૮૪૧૩ કી.મી. પૈકી ૯૫૬૦.૭૪ કી.મી. લંબાઈ પૂર્ણ થયેલ છે અને ૮૮૫૨.૨૬ કી.મી. લંબાઈમાં બાકી છે.<br><br>પ્રપ્રશાખા નહેરોની કુલ ૪૮૦૫૮ કી.મી. લંબાઈ પૈકી ૧૦૨૫૦.૮૯ કી.મી. લંબાઈ પૂર્ણ થયેલ છે અને ૩૭૮૦૭.૧૧ કી.મી. લંબાઈમાં કામ બાકી છે. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ કેનાલો | (૨) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે |

| | |
|---|---|
| પાછળ અંદાજ કરતાં કેટલો ભાવ વધારો કરવામાં આવ્યો છે ? | વર્ષમાં કેનાલોના બાંધકામના કામોના ટેન્ડરની સ્થિતિ નીચે મુજબ છે.<br>કુલ અંદાજીત રકમ રૂ.૩૭૩૭૬૧.૬૨ લાખ.<br>કુલ ટેન્ડર મંજૂરીની રકમ રૂ.૩૪૨૭૩૯.૬૭ લાખ. |

---------

ગીરસોમનાથ અને પોરબંદર શહેર/જિલ્લાઓમાં ગેરકાયદેસર બહુમાળી બિલ્ડીંગો બનાવનાર/વેચનાર ઈસમો સામે પગલાં

* ૧૮૧૪૩ શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બેઝમેન્ટ/રોલર/ટેરેસ વેચાણ કરતા બિલ્ડર/ પ્રમોટર્સ વિરુધ્ધ છેતરપીંડી અને બોગસ દસ્તાવેજના ગુના દાખલ કરવા બાબતના પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગરના તા.૧૧–૦૫–૨૦૧૧ની યાદી અન્વયે ગીર સોમનાથ અને પોરબંદર શહેર અને જિલ્લામાં રહેણાંક અને વ્યાપારીક હેતુ માટેના ગેરકાયદેસર બહુમાળી બિલ્ડીંગો બનાવનાર અને વેચનાર કેટલા ઈસમો સામે પગલાં લેવા માટે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફરિયાદો મળી, અને | (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગરની આ અંગેની યાદી તા.૧૧–૦૫–૨૦૧૧ની નહી, પરંતુ તા. ૨૧–૫–૨૦૧૧ની છે. જે અન્વયે આવી કોઈ ફરીયાદ મળેલ નથી. |
| (૨) મળેલ ફરિયાદો અન્વયે ગેરકાયદેસર બહુમાળી બિલ્ડીંગો બનાવનાર અને વેચનાર કયા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

નવસારી જિલ્લામાં ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત ભરાયેલના કેસ

* ૧૮૧૮૯ શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત ભરાયેલ હોય તેવા કેસોની સંખ્યા કેટલી છે, અને | (૧) ૨૭૦૫ કેસો. |
| (૨) ઉકત સ્થિતિએ બાકી કેસોની સંખ્યા કેટલી છે? | (૨) ૧૯૪૫ કેસો. |

---------

ગાંધીનગર જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૧૮૧૯૭ શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી, અને

જવાબ

(૧)

| તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|
| ગાંધીનગર | ૩૨૩૭ |
| દહેગામ | ૩૨૭૬ |
| કલોલ | ૨૦૪૭ |
| માણસા | ૨૮૪૦ |
| કુલ | ૧૧૪૦૦ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામા આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી તથા કેટલી નોંધો ના મંજૂર કરવામાં આવી?

(૨)

| તાલુકાનું નામ | પાડેલ નોંધો | મંજૂર નોંધો | નામંજૂર નોંધો |
|---|---|---|---|
| ગાંધીનગર | ૩૨૩૭ | ૨૭૨૧ | ૩૦૪ |
| દહેગામ | ૩૨૭૬ | ૨૮૧૭ | ૨૭૭ |
| કલોલ | ૨૦૪૭ | ૧૭૦૯ | ૨૨૮ |
| માણસા | ૨૮૪૦ | ૨૭૨૭ | ૦ |
| કુલ | ૧૧૪૦૦ | ૯૯૭૪ | ૮૦૯ |

---------

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૫માં ખર્ચ

* ૧૯૩૪૯ શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૨૦-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ-૨૦૧૫માં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

જવાબ

(૧) ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| | |
|---|---|
| નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ | રૂ. ૫૬,૯૯,૫૮૫.૦૦ |
| એપ્રિલ-૨૦૧૪થી તા.૨૦-૦૧-૨૦૧૫ સુધી | રૂ. ૪૧,૯૯,૮૨,૭૭૯.૦૦ |
| કુલ(પાછલા બે વર્ષ જેટલા સમયગાળા દરમિયાન) | રૂ. ૪૨,૫૬,૮૨,૩૬૪.૦૦ |

(૨) કરવામાં આવેલ ખર્ચ પૈકી મહાત્મા મંદિર ખાતે ડેકોરેશન, મંડપ લાઈટીંગ, ચા નાસ્તો, જમવા તેમજ અન્ય શા શા કામ માટે કેટ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) કરવામાં આવેલ ખર્ચની વિગતોનું પત્રક-અ સામેલ છે.

(૩) ઉકત કરવામાં આવેલ ખર્ચ પૈકી વિદેશી મહેમાનોને રહેવા તેમજ વાહન પેટે કેટલો ખર્ચ થયો ?

(૩) આ અંગે થયેલ ખર્ચના બિલો તા. ૨૦-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ આખરી થયેલ નથી.

પત્રક-અ

| ક્રમ | વિગત | રકમ રૂ. માં |
|---|---|---|
| ૧ | મહાત્મા મંદિર ખાતે ડેકોરેશન, જરૂરી હંગામી સ્ટ્રકચર્સની તૈયારી, | ૦૭,૧૩,૫૨,૩૫૭.૦૦ |

| | | |
|---|---|---|
| | ભોજન તથા ચા પાણી માટેના હેંગર્સ, રોડ સાઈનન્સ, હંગામી રાચ રચીલું વિગેરે માટે | |
| ૨ | વાહન વ્યવહાર અને સરભરા પેટે | ૧,૬૦,૬૦,૪૨૪.૦૦ |
| ૩ | સમિટના આયોજન અને સેમિનાર માટે માહિતીસભર તૈયારીઓ પેટે માનવબળ | ૨,૧૪,૬૮,૬૬૫.૦૦ |
| ૪ | માહિતીની સર્જનાત્મકસ્વરૂપી તૈયારી પેટે | ૭,૬૪,૯૩,૮૪૨.૦૦ |
| ૫ | સમિટના પ્રચાર અંતર્ગત રોડ–શો માટે સાહિત્ય, સાધનો અને સામગ્રી પેટે | ૧૦,૬૮,૭૫,૮૪૯.૦૦ |
| ૬ | સમિટના પ્રચાર અને પ્રસાર માટે જરૂરી જાહેરખબર | ૯,૪૫,૧૩,૭૩૦.૦૦ |
| ૭ | સ્મૃતિચિન્હ, ઉપહાર વિગેરે માટે | ૧૦,૫૫,૪૫૪.૦૦ |
| ૮ | વેબસાઈટ ક્રીએશન તેમજ મહાત્મા મંદિર ખાતે વાઈફાઈ ક્રિએશન વિગેરે માટે | ૫૨,૪૨,૬૪૦.૦૦ |
| ૯ | થીમ પેવેલિયન અને સંબંધિત ખર્ચ | ૧,૦૫,૦૦,૧૨૦.૦૦ |
| ૧૦ | વહીવટી ખર્ચ અને નાણાંકીય ઓડિટર ફી | ૪૬,૦૬,૨૮૨.૦૦ |
| ૧૧ | સેમિનાર, પેનલ ડીસ્કશન, ડીસ્કશન ફોરમ પેટે | ૧,૧૩,૩૫,૩૬૫.૦૦ |
| ૧૨ | અન્ય પરચૂરણ ખર્ચ | ૧,૪૨,૫૩૦.૦૦ |
| ૧૩ | કુલ ખર્ચ રૂ. (તા.૨૦–૦૧–૨૦૧૫ ના અંતિત) | ૪૨,૫૬,૮૨,૩૬૪.૦૦ |

---------

રાજ્યમાં સ્કેચ બનાવવા આર્ટીસ્ટને ચૂકવવાની રકમની બજેટમાં જોગવાઈ

* ૧૮૦૯૨ ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં ગુમ થયેલ બાળકોને શોધવા માટે રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પોલીસ તંત્ર માટે સ્કેચ બનાવવા માટે આર્ટીસ્ટને ચૂકવવા રકમ પેટે બજેટમાં કેટલી રકમ ફાળવી, અને | (૧) ગુમ થયેલ બાળકોને શોધવા માટે સ્કેચ બનાવવા અંગે સરકારશ્રી તરફથી કોઈ અલગ બજેટ ફાળવવામાં આવતું નથી. પરંતુ ગુન્હાની તપાસ અંગેનો ખર્ચ મુખ્ય સદર ૨૦૫૫–૧૦૯–૦૧ પોલીસ ખુદ, કચેરી ખર્ચ હેઠળ કરાયેલ જોગવાઈમાંથી કચેરી ખર્ચ તરીકે નિયત પ્રક્રિયા અનુસરી ઉધારવામાં આવે છે. |
| (૨) પોલીસ તંત્ર પાસે પૂરતુ ફંડ ન હોવાના કારણે ગુમ થયેલ બાળકોને શોધવા તથા તેના સ્કેચ બનાવવામાં મુશ્કેલીઓ પડી રહી છે તે નિવારવા સરકારે શાં પગલાં લીધા ? | (૨) બજેટમાં ગુન્હાની તપાસ પ્રક્રિયા અંગેના ખર્ચ માટે પૂરતી જોગવાઈ કરવામાં આવે છે. |

---------

માલપુર અને બાયડ તાલુકાને વાત્રક જળાશય યોજના અન્વયે પાણીનો લાભ

* ૧૯૪૬૮ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાનાં માલપુર અને બાયડ તાલુકાનાં કેટલા ગામોને વાત્રક જળાશય યોજના અન્વયે પાણીનો લાભ મળે છે, | (૧) ૬૧ ગામોને. |

| | |
|---|---|
| (૨) વાત્રક જળાશય યોજનાની મુખ્ય કેનાલ તથા સબ માઈનોર કેનાલ, પાઈપલાઈન, કુંડીઓ તથા ખેતરના ઢાળીયા, ઉકત સ્થિતિએ ખૂબજ મોટા પ્રમાણમાં જર્જરીત છે, તે હકીકત સાચી છે, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો આ જર્જરીત કેનાલ રીપેરીંગ કયારે કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

આણંદ જિલ્લા નગરપાલિકાઓમાં પાણી પુરવઠા/ભૂગર્ભ ગટર યોજના માટે ફાળવેલ રકમ

* ૧૮૯૫૬ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લાની કઈ નગરપાલિકાઓને પાણી પુરવઠા અને ભૂગર્ભ ગટર યોજના માટે કેટલી રકમ ફાળવી, | (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લાની (૧) આંકલાવ નગરપાલિકાને પાણી પુરવઠા યોજના માટે રૂ.૧૭૮ લાખ અને (૨) કરમસદ નગરપાલિકાને ભૂગર્ભ ગટર યોજના (ભાગ–૨) માટે રૂ. ૫૭.૦૦ લાખ ફાળવેલ છે. |
| (૨) તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા પ્રગતિમાં છે અને કેટલા કામો શરૂ થયા નથી, અને | (૨) બન્ને યોજનાના કામો પ્રગતિ હેઠળ છે. |
| (૩) ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ? | (૩) આંકલાવ પાણી પુરવઠા યોજના હેઠળ રૂ.૯૨.૦૦ લાખનો ખર્ચ થયો, જ્યારે કરમસદ ભૂગર્ભ ગટર યોજનાની બાકીની કામગીરી (ભાગ–૨) હેઠળ રૂ. ૫૭.૦૦ લાખ ખર્ચ થયો. |

---------

ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં નગરપાલિકાઓને વિકાસ કામો માટે ફાળવેલ રકમ

* ૧૯૩૭૫ શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મોડેલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ કેટલી રકમ કામવાર ફાળવવામાં આવી, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મોડેલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ ગાંધીનગર જિલ્લાની નગરપાલિકાઓને રૂ. ૩૧૦.૧૨ લાખની રકમ મુખ્ય રસ્તા, સ્લમ વિસ્તારના કામો, વરસાદની પાણીની લાઈન તથા સ્ટ્રીટ લાઈટના કામો માટે ફાળવવામાં આવી. જ્યારે મહેસાણા જિલ્લાની નગરપાલિકાઓને રૂ.૪૯૪.૦૯ લાખની રકમ મુખ્ય રસ્તા, ગૌરવ પથ, વરસાદી પાણી નિકાલના તથા અન્ય કામો જેવા કે ટાઉનહોલ, સીવીક સેન્ટર, ફાયર સ્ટેશન, બાગ/કમ્પાઉન્ડ વોલ |

માટે ફાળવવામાં આવી.

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કામો કયા તબક્કે છે, અને

(૨) કામો કયા તબક્કે છે. તેની વિગતો નીચે મુજબ છે.

ગાંધીનગર જિલ્લો

| કામોના નામ | કામોનો તબક્કો | | |
|---|---|---|---|
| | મંજૂર | પૂર્ણ | પ્રગતિ |
| મુખ્ય રસ્તા | ૨૫ | ૧૯ | ૫ |
| સ્લમ વિસ્તારના કામો | ૦૧ | ૦૧ | -- |
| વરસાદી પાણી લાઈન | ૦૫ | ૦૩ | ૦૨ |
| સ્ટ્રીટ લાઈટ | ૦૧ | ૦૧ | -- |
| કુલ | ૩૨ | ૨૪ | ૦૭ |

મહેસાણા જિલ્લો

| કામોના નામ | કામોનો તબક્કો | | |
|---|---|---|---|
| | મંજૂર | પૂર્ણ | પ્રગતિ |
| ગૌરવ પથ | ૧૨ | ૧૧ | ૦૧ |
| મુખ્ય રસ્તા | ૧૫ | ૧૪ | ૦૧ |
| વરસાદી પાણી લાઈન | ૦૨ | ૦૨ | -- |
| અન્ય કામો | ૦૭ | ૦૧ | ૦૫ |
| કુલ | ૩૬ | ૨૮ | ૦૭ |

(૩) બાકી રહેતા કામો કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

(૩) બાકી રહેલ કામો વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

મીટરથી પાણી આપવા અમદાવાદ મ્યુ. કોર્પોરેશનને ફાળવેલ રકમ

* ૧૮૧૦૦ શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરને ૨૪ કલાક પાણી મીટરથી આપવાની યોજના અંતર્ગત શહેરી વિકાસ વિભાગ દ્વારા કેટલી રકમ કયા હેડે અમદાવાદ મ્યુ. કોર્પોરેશનને ફાળવી ?

જવાબ

તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરને ૨૪ કલાક પાણી મીટરથી આપવાની યોજના અંતર્ગત શહેરી વિકાસ વિભાગ દ્વારા કોઈ રકમ અમદાવાદ મ્યુ. કોર્પોરેશનને ફાળવવામાં આવેલ નથી.

---------

છોટાઉદેપુર જિલ્લાની સિંચાઈ યોજનાની કેનાલોનું રીપેરીંગ અને માટી સીલ્ટીંગ

* ૧૯૪૫૦ શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

| | |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં આવેલ સુખી સિંચાઈ યોજના જેતપુર પાવી તાલુકો, રામી સિંચાઈ યોજના ક્વાંટ તાલુકો અને નોલેજ સિંચાઇ યોજના ઝેર સિંચાઈ યોજનાની કેનાલોના રીપેરીંગ અને માટી સીલ્ટીંગ માટે યોજનાવાર છેલ્લા બે વર્ષમાં બજેટમાં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ હતી, | (૧) સુખી સિંચાઈ યોજનામાં રૂ.૧૫૦૮.૦૪ લાખ, નાલેજ સિંચાઈ યોજનામાં રૂ.૭.૬૩ લાખ અને ઝેર સિંચાઈ યોજનામાં ૧.૪૫ લાખની જોગવાઈ કરવામાં આવેલ હતી. રામી યોજના માટે કોઈ જોગવાઈ ન હતી. |
| (૨) તે પૈકી યોજનાવાર કેટલી કેનાલોનું રીપેરીંગ થયું અને તેની પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૨) તે પૈકી સુખી સિંચાઈ યોજનાની કેનાલો ઉપર રૂ.૧૩૯૮.૩૧ લાખ નાલેજ સિંચાઈ યોજનામાં નાળાના રીપેરીંગ માટે રૂ.૧.૩૭ લાખ અને ઝેર સિંચાઈ યોજનાની નહેરમાં રૂ.૧.૪૭ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૩) તે પૈકી યોજનાવાર કેટલી કેનાલોમાં માટી સીલ્ટીંગ થયું અને તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) નાલેજ સિંચાઈ યોજનાની નહેરમાં ડીસીલ્ટીંગ માટે રૂ.૦.૨૪ લાખ અને ઝેર સિંચાઈ યોજનાની નહેરમાં ડીસીલ્ટીંગ માટે રૂ.૦.૨૫ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે સુખી સિંચાઈ યોજનાની કેનાલોના રીપેરીંગ કામમાં ડીસીલ્ટીંગનો સમાવેશ થઈ ગયેલ છે. |

---------

## અમદાવાદ જિલ્લા એન.એ.ની કાર્યવાહીમાં કલેકટરની સત્તામાં કાપ

* ૧૮૧૧૫ શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ મહેસૂલ વિભાગના તા. ૪–૧–૨૦૧૪ના પરિપત્રથી અમદાવાદ જિલ્લામાં એન.એ.ની કાર્યવાહીમાં કલેકટરની સત્તામાં કાપ મૂકવામાં આવ્યો છે, તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) રાજ્યના અન્ય જિલ્લાઓમાં કલેકટરો પાસે આ સત્તા રાખવામાં આવી છે કે કેમ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## વલસાડ જિલ્લામાં સોઈલ હેલ્થ કાર્ડ

* ૧૮૦૬૧ શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર સોઈલ હેલ્થ કાર્ડ કેટલા ખેડૂતોને આપવામાં આવ્યા છે, અને | (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કુલ ૧,૨૨,૮૩૯ ખેડુત ખાતેદાર પૈકી તાલુકાવાર કુલ ૬૫,૯૪૭ ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે. |

| અ.નં. | તાલુકાનું નામ | આપવામાં આવેલ સોઈલ |
|---|---|---|

| | | હેલ્થ કાર્ડ |
|---|---|---|
| ૧ | વલસાડ | ૧૭,૫૧૩ |
| ૨ | પારડી | ૧૩,૫૭૧ |
| ૩ | ઉંમરગામ | ૧૪,૭૨૬ |
| ૪ | ધરમપુર | ૯,૫૯૦ |
| ૫ | કપરાડા | ૧૦,૫૪૭ |
| | કુલ | ૬૫,૯૪૭ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂતોને આ કાર્ડ આપવાના બાકી છે અને કેટલા સમયમાં બાકી કાર્ડ આપવામાં આવશે ?

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કુલ ૫૬,૮૯૨ ખેડૂતોને આ કાર્ડ આપવાના બાકી છે, અને તબક્કાવાર કાર્ડ આપવાની કામગીરી પ્રગતિમાં છે.

---------

રાજકોટ શહેરમાં પોલીસ ખાતાનાં બિન રહેણાંક મકાનો

* ૧૮૧૯૯ શ્રી પ્રવીણભાઈ માંકડીયા(ધોરાજી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજકોટ શહેરમાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ પોલીસ ખાતાના કેટલા બિન રહેણાંક મકાનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૨) આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

જવાબ

(૧) ૨ (બે).

(૨) રૂ.૨૨૬.૧૫ લાખ.

---------

અરવલ્લી જિલ્લામાં કુદરતી આપત્તિ સામે વળતરની અરજીઓ

* ૧૮૪૩૫ શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુદરતી આપત્તિ અન્વયે તાલુકાવાર કેટલા ઈસમોને વળતર મેળવવા અન્વયે અરજીઓ આવી,

જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુદરતી આપત્તિ અન્વયે ઈસમોને વળતર મેળવવા અન્વયે તાલુકાવાર નીચે મુજબની અરજીઓ મળી.

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | મોડાસા | ૫ |
| ૨ | બાયડ | ૯ |
| ૩ | ભિલોડા | ૧૧ |
| ૪ | મેઘરજ | ૮૪ |
| ૫ | માલપુર | ૦ |
| ૬ | ધનસુરા | ૧૩ |
| | કુલ | ૧૨૨ |

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરી

(૨) તે અન્વયે નીચે મુજબની અરજીઓ મંજૂર કરી

અને કેટલી રકમનું વળતર ચૂકવવામાં આવ્યું, અને

વળતર ચુકવવામાં આવ્યું.

| ક્રમ | તાલુકો | મંજુર થયેલ અરજીઓની સંખ્યા | ચૂકવેલ વળતરની રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | મોડાસા | ૫ | ૧૦,૦૦,૦૦૦ |
| ૨ | બાયડ | ૯ | ૪,૯૫,૮૫૦ |
| ૩ | ભિલોડા | ૧૧ | ૫,૧૭,૪૦૦ |
| ૪ | મેઘરજ | ૭૯ | ૮૬,૩૯૦ |
| ૫ | માલપુર | ૦ | ૦ |
| ૬ | ધનસુરા | ૦ | ૦ |
| | કુલ | ૧૦૪ | ૨૦,૯૯,૬૪૦ |

(૩) બાકી રહેતી અરજીઓને કેટલા સમયમાં વળતર ચૂકવવામાં આવશે ?

(૩) ધનસુરા તાલુકામાં બાકી રહેતી અરજીઓ માટે વળતરની ચુકવણી વેળાસર કરવામાં આવશે.

---------

## પાનમ સિંચાઈ યોજના અંતર્ગત ફતેપુરા ટેલ વિસ્તારમાં સિંચાઈ બાબત

* ૧૯૨૪૯ પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં આવેલ પાનમ સિંચાઈ યોજના હેઠળ ફતેપુરા ટેલ વિસ્તારના ખેડૂતોને સિંચાઈના લાભ આપવા માટે ૮ એલ માઈનોરની પાઈપ લાઈન મંજુર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ક્યારે મંજૂર કરવામાં આવી છે અને તેનો કુલ ખર્ચ કેટલો મંજૂર થયેલ છે ?

(૨) તા. ૨૧–૩–૨૦૧૩થી અંદાજીત ખર્ચ રૂ. ૩૭.૧૮ લાખનો મંજુર કરવામાં આવેલ છે.

---------

## બનાસકાંઠા જિલ્લામાં તળાવો ઊંડા કરવા બાબત

* ૧૯૪૪૧ શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

(૧) કુલ ૨૩૨
તાલુકાવાર નીચે મુજબ

| ક્રમ | તાલુકાનું નામ | ઉંડા કરેલ તળાવોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ડીસા | ૩૬ |
| ૨ | વાવ | ૧૧ |
| ૩ | દિયોદર | ૨૩ |
| ૪ | થરાદ | ૨૭ |
| ૫ | ધાનેરા | ૪૦ |
| ૬ | કાંકરેજ | ૨૮ |
| ૭ | ભાભર | ૬ |

| | | |
|---|---|---|
| ૮ | અમીરગઢ | ૧૧ |
| ૯ | દાંતા | ૧૯ |
| ૧૦ | દાંતીવાડા | ૭ |
| ૧૧ | વડગામ | ૮ |
| ૧૨ | પાલનપુર | ૧૬ |
| ઉંડા કરેલ કુલ તળાવો | | ૨૩૨ |

(૨) તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો ? (૨) રૂ.૧૬૫૭.૫૭ લાખ .

---------

પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં મત્સ્યોદ્યોગ સહકારી મંડળીઓ

* ૧૮૬૫૩ શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલી મત્સ્યોદ્યોગ સહકારી મંડળીઓ નોંધાયેલ છે, અને

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર નીચેની વિગતે મત્સ્યોદ્યોગ સહકારી મંડળીઓ નોંધાયેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકો | નોંધાયેલ મત્સ્યોદ્યોગ સહકારી મંડળીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | પંચમહાલ | ગોધરા | ૨ |
| | | હાલોલ | ૪ |
| | | ઘોઘંબા | ૪ |
| | | મોરવા હડફ | ૨ |
| | | જાંબુઘોડા | ૧ |
| | | કુલઃ(અ) | ૧૩ |
| ૨ | મહીસાગર | સંતરામપુર | ૩ |
| | | કડાણા | ૧ |
| | | બાલાસિનોર | ૧ |
| | | કુલઃ (બ) | ૫ |
| (અ) + (બ) કુલ સરવાળોઃ | | | ૧૮ |

(૨) તે પૈકી કેટલી કાર્યરત મંડળીઓને મત્સ્યોદ્યોગની કામગીરી છેલ્લા બે વર્ષમાં સોંપવામાં આવેલ છે ?

(૨) પંચમહાલ જિલ્લામાં ૯ અને મહીસાગર જિલ્લામાં ૨ કાર્યરત મંડળીઓ મળી કુલ ૧૧ મંડળીઓને મત્સ્યોદ્યોગની કામગીરી સોંપવામાં આવેલ છે.

---------

પ્રાંતિજ તાલુકામાં ઉદ્યોગ સ્થાપવા કેન્દ્ર સરકાર દ્વારા જમીન માંગણી

* ૧૯૪૬૩ શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

| | |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાની રેવન્યુ હદમાં ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો કે અન્ય કોઈ હેતુસર ઉદ્યોગ સ્થાપવા અંગે કેન્દ્ર સરકાર દ્વારા કોઈ જમીન માંગણી કરવામાં આવેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ માંગણી ક્યારે કરવામાં આવી, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) રાજ્ય સરકાર દ્વારા જમીન આપવા અંગે શી કાર્યવાહી કરવામાં આવી ? | |

---------

## રાજકોટ અને મોરબી જિલ્લામાં ૩૨–ક હેઠળના પડતર દસ્તાવેજ

* ૧૮૧૦૫ શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં તાલુકાવાર ૩૨–ક હેઠળના નોંધાયેલા કેટલા દસ્તાવેજો પડતર છે, અને | (૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં ૩૨–ક હેઠળ નોંધાયેલ કુલ ૪૧,૦૦૪ દસ્તાવેજો પડતર છે જે તાલુકાવાર નીચે મુજબ છે. |

| જિલ્લોઃ રાજકોટ | |
|---|---|
| તાલુકો | પડતર દસ્તાવેજો |
| કોટડા સાંગાણી | ૯૮૭ |
| લોધીકા | ૨૨૯ |
| પડધરી | ૩૯૪ |
| ગોંડલ | ૨,૨૭૭ |
| જેતપુર | ૧,૫૪૪ |
| ધોરાજી | ૨,૧૩૧ |
| ઉપલેટા | ૩,૧૬૮ |
| જસદણ | ૨,૧૬૦ |
| રાજકોટ તાલુકો | ૫,૩૧૫ |
| રાજકોટ શહેર | ૨,૦૯૫ |
| કુલ પડતર દસ્તાવેજ | ૨૦,૩૦૦ |

| જિલ્લોઃ મોરબી | |
|---|---|
| તાલુકો | પડતર દસ્તાવેજો |
| માળીયામીયાણા | ૧,૬૪૭ |
| ટંકારા | ૨,૫૪૪ |
| હળવદ | ૫,૨૧૫ |
| મોરબી | ૧૦,૭૭૫ |
| વાંકાનેર | ૫૨૩ |
| કુલ પડતર દસ્તાવેજ | ૨૦,૭૦૪ |

| | |
|---|---|
| (૨) તાલુકાવાર પડતર રહેલા દસ્તાવેજો ક્યાં | (૨) ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ની |

| | |
|---|---|
| સુધીમાં નિકાલ કરવાનું સરકારનું આયોજન છે ? | કલમ-૩૨(ક) હેઠળના કેસોના નિકાલ અંગેની પ્રક્રિયા અર્ધન્યાયિક પ્રકારની હોવાથી સંલગ્ન પક્ષકારોને નિયમાનુસાર રજુઆતની વાજબી તકો આપીને કેસોનો નિકાલ શક્ય તેટલો ઝડપથી થાય તે પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે. |

---------

બનાસકાંઠા જિલ્લા નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજના

* ૧૯૧૯૬ શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરીવિકાસ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરેલ છે. | (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધાનેરા નગરપાલિકાની પાણી પુરવઠા યોજનાને રૂ.૪૬૬ લાખના ખર્ચે મંજૂર કરવામાં આવી છે. |
| (૨) તે પૈકી કેટલી યોજનાઓ પૂર્ણ થયેલ છે, અને | (૨) આ યોજના પૂર્ણ થયેલ છે. |
| (૩) કેટલી યોજનાઓ બાકી છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

જૂનાગઢ જિલ્લામાં પોલીસ મથકોમાં સીસીટીવી કેમેરા

* ૧૮૦૯૭ શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તમામ પોલીસ મથકોમાં તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં સીસીટીવી કેમેરા લગાવવા સરકારને હાઈકોર્ટે કોઈ સૂચના આપવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) નામ. હાઈકોર્ટે રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાડવા માટે સૂચના આપેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ આ સૂચનાનું પાલન કરેલ છે કે કેમ, અને | (૨) ઉકત સૂચનાનું પાલન કરવામાં આવેલ છે અને કામગીરી ટેન્ડરની પ્રક્રિયા હેઠળ છે. |
| (૩) જો ના, તો તેનાં શાં કારણો છે, અને ક્યારે પાલન કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

મહેસાણા જિલ્લામાં આંગણવાડીઓને જમીન

* ૧૮૧૯૧ શ્રી ષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આંગણવાડી માટે સરકારી પડતર જમીન અંગે કેટલી માંગણીઓ મળેલ છે, અને | (૧) કોઈ માંગણી મળેલ નથી. |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર તથા કેટલી અરજીઓ નામંજૂર થયેલ છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

જામજોધપુર તાલુકાના પરવડા ગામની વીડીની જમીનને પ્રમોલગેશન વખતે નવી શરતની નોંધ બાબત

* ૧૯૪૧૪ શ્રી આંનદભાઇ ચૌધરી (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫–૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસમાં જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના મોજે પરવડા ગામની વીડીની જમીનને પ્રમોલગેશન વખતે મામલતદારએ નવી શરતની જમીન હોવાની નોંધ દાખલ કરેલ તેવા કિસ્સામાં પ્રાંત અધિકારી, લાલપુરે કેટલા એકર જમીનની વિવાદ અરજીમાં નવી શરતનો સત્તાપ્રકાર બદલીને જૂની શરતમાં કરવામાં આવી, અને | (૧) હે. ૧૫૪–૬૨–૦૮ ચો.મી. જમીનમાં ૨૦૦૮માં થયેલ પ્રમોલગેશન વખતે સત્તા પ્રકારમાં નવી શરત લખાયેલ, જેની સામે દાખલ થયેલ અપીલ અન્વયે અર્ધન્યાયિક પ્રક્રિયાના ભાગ રુપે સને ૧૯૭૩ થી ૨૦૦૮ વચ્ચેના થયેલ પ્રમોલગેશન વખતે કોઇ શરતનો ઉલ્લેખ કરવામાં આવેલ ન હોવાથી પ્રાંત અધિકારી, લાલપુરના તા. ૧૫–૧–૨૦૧૫ના હુકમથી સત્તાપ્રકારમાં દાખલ કરેલ નવી શરત શબ્દ દુર કરવા હુકમ કરવામાં આવેલ છે. |
| (૨) સુપ્રિમ કોર્ટના હુકમોના આધારે વીડીની જમીનોના રેવન્યુ રેકર્ડમાં જમીનનો સત્તાપ્રકારમાં નવી શરત કે જૂની શરત કઈ શરત દાખલ કરવાની રહે છે ? | (૨) નામદાર સુપ્રિમ કોર્ટ દિલ્હીના તા.૯–૯–૧૦ ના ચૂકાદામાં સત્તાપ્રકાર અંગે કોઈ સ્પષ્ટતા થયેલ નથી. |

---------

જામનગર જિલ્લામાં વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૧ માં ઉદ્યોગ સાહસિકોને જમીન

* ૧૯૪૮૧ શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૧ના વર્ષમાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં જામનગર જિલ્લામાં એમ.ઓ.યુ. કરનારા ક્યા ઉદ્યોગ સાહસિકોને તા.૩૧ ડિસેમ્બર–૨૦૧૪ ની સ્થિતિએ જમીન પૂરી પાડવામાં આવી, | (૧) કોઈ પણ નહીં. |
| (૨) ક્યા ઉદ્યોગ સાહસિકોએ જમીનનો કબજો લઈ લીધા પછી ઉદ્યોગો સ્થાપ્યા નથી અને જમીનનો ગેરકાનૂની કબજો પોતાની પાસે રાખ્યો છે, | (૨), (૩) અને (૪) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા ઉદ્યોગ સાહસિકોએ રાજય સરકારે આપેલ જમીન ત્રાહિત પાર્ટીને ઉંચી કિંમતે વેચી દીધી છે, અને | |
| (૪) જમીનનો કબજો લઈને ઉદ્યોગ ન સ્થાપનારા તથા જમીનને વેચી ઉદ્યોગ સાહસિકો સામે પગલાં લેવાયા છે અને જમીનના કબજા પરત લેવા શી કાર્યવાહી થઈ છે ? | |

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જમીન માપણીનાં પડતર કેસ

* ૧૯૪૪૯ ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર જમીન માપણીના કેટલા કેસો પડતર છે,

જવાબ

| ક્રમ | તાલુકાનું નામ | ગામોનું નામ |
| ૧ | જાંબુઘોડા | એલ.આર.-૧, ઉચેટ, ઉઢવણ, કરા-૧, ગરમોલા, હવેલી-૨, ખાંડીવાવ-૨, નારૂકોટ, ડુકા, ગોઘરા |
| ૨ | હાલોલ | એલ.આર. ૧, એલ. આર. ૨, એલ. આર.-૩, ભમરીયા-૨, પાલનપુર-૧, વાઘબોડ-૨, મોટીરણભેટ-૨, ચાંપાનેર-૧, સીંગપુર-૨, કોપરેજ-૨, ટીંબી ૧, ઢીંકવા-૨, વડાતલાવ-૨, ગંભીરપુરા-૨, ધનકુવા-૨, રવાલીયા-૨, મદાર-૧, ગજાપુરા-૧, વીટાંજ-૧, ટીંબી ૧, સોનીપુર-૧, તરખંડા-૧ |
| ૩ | કાલોલ | એલ. આર. ૧, એલ. આર.-૨, એલ. આર.-૩, અલાલી-૨, ખંડેવાળ-૨, ખરસાલીયા-૧, પીંપળી-૧, સણસોલી-૨, ભુખી-૨, સાલીયાવ-૨, બાગરોલર, મેદાપુર-૧,અલવા-૨, મલાવ-૨, મઘવાસ-૧, સાતમણા-૧, કંડાચ-૨, મેદાપુર-૨, એરાલ-૧, જંત્રાલ-૨, રાબોડ-૨, વ્યાસડા-૨, ખંડોળી-૧, નારણપુરા-૨, ભાદરોલીબુઝર્ગ-૨, પલાસા |
| ૪ | ગોધરા | એલ.આર. ૧, એલ. આર. ૨, રતનપુર, કાંટડી-૨, કબીરપુરા-૨, હરકુંડી-૨, અંબાલી-૨, કબીરપુર-૧, વેગનપુર-૨, કલ્યાણા-૨, છારીયા-૨, જુનીધરી-૨, નંદીરસ-૨, ગોલી-૧, ટુવા, ગોઠવા-૨, લીલેસરા, સામલી-૧, પઢીયાર-૨, મીરપ-૧, ગોલીર, અસારડી-૨, જીતપુરા-૨, ટીંબાગામ-૨, કલ્યાણા-૧, મોટીકાંટડી-૧, મોટીકાંટડી-૨, ધાણીત્રા-૨, ચંચેલાવ-૨, ગોલ્લાવ, વડેલાવ-૨, બોડીદ્રા બુઝર્ગ-૧ |
| ૫ | શહેરા | એલ.આર.-૧, મોર-૨, લીંબોદ્રા-૨, બોરીયા-૨, દલવાડા-૨, પાદરડી-૨, સુરેલી-૨, ધારાપુરા-૨, બોરડી, મોરવા-૧, વાડી-૨, ભુરખલ-૨, ધામણોદ-૨ |
| ૬ | મોરવા(હ) | એલ.આર. ૧, સાલીયા-૨, કેલોદ-૧, રતનપુર (મે)-૨, મેત્રાલ-૧, ભુવર-૨, નાટાપુર-૧ |
| ૭ | ઘોઘંબા | એલ.આર. ૧, ભીલોડ-૨, ભાણપુરા, પરોલી-૨, ઝીંઝરી-૨, જીતપુરા, સીમલીયા-૧ |

| મહીસાગર જિલ્લાના તાલુકાવાર ગામોની યાદી | | |
|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | ગામોનું નામ |

| | | |
|---|---|---|
| ૧ | લુણાવાડા | લી.રી. ૧, લી.રી. ૨, જેસોલા-૨, થાણસાવલી-૨, ભલાડા-૧, કૌચીયા-૨, વીરણીયા-૨, લાલસર-૨, સીમલીયા-૨, થાણાસાવલી-૧, કીડીયા-૨, મોતીઘોડા-૨, ચાટકાબેલી-૧, ખારોલ-૨, કીડીયા-૧, શે. દ. ગોરાડા-૧, નવા મુવાડા-૨, લીંબોદ્રા-૨, વરઘરી-૧, હરઘાસપુર-૨, રાબડીયા-૨, ઉદરા-૨, ચારણગામ (ન) ૧, કાકચીયા-૨, સાઘકપુર-૨, મેડજીનામુવાડા-૧, ચારણગામ સાલા, પાદેડી (રા), આગરવાડા-૨, આંકલાવ-૨, રાજગઢા-૨, રામ પટેલના મુવાડા, વાડીના ગોરાડા, મોટાચરેલ, આગરવાડા-૧, દલુખડીયા-૨ |
| ૨ | ખાનપુર | લી.રી. ૧, ગાંગટા, લીમડીયા, મોરખાખરા, ઘુળેટા-૨, ઢોલખાખરા-૨, મુડાવડેખ-૨, કાનેસર-૧, બોરવાળ-૧, ઘોઘાવાડા-૧, વડાગામ-૧, નરોડા-૨, ઢોલખાખરા ૧, ભાદરોડ-૨, |
| ૩ | સંતરામપુર | લી.રી. ૧, લી.રી.-૨, લી.રી.-૩, પાંચમુવા-૧, બારેલા, કાળબેલ, કણઝરા, ગોડીબ-૧ |
| ૪ | કડાણા | લી.રી.-૧, વડાઝાંપા-૧, શિયાલ, બચકરીયા (ઉ) ૨, અમથાણી, લાડપુર, સંઘરી, સરસ્વા (ઉ)-૧ |
| ૫ | બાલાશી નોર | જેઠોલી, સલયાવડી, રાજપુર, ઓથવાડ, પાંડવા, બાડોલી કંબોપા, પિલોદરા |
| ૬ | વિરપુર | કોયડેમ, કેભારી, જોઘપુર, સરાડીયા, બારોડા, પાંસરોડા |
| વયનિવૃત્તિ તેમજ રાજીનામા મૂકવાના કારણોસર તલાટી કમ મંત્રીની જગ્યાઓ ખાલી રહેતા આ ગામોનો વધારાનો ચાર્જ અન્ય તલાટી કમ મંત્રીને સોંપવામાં આવેલ છે. | | |

---------

પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તલાટી-કમ-મંત્રીઓનું મંજૂર મહેકમ

અતારાંકિતઃ ૪૧૨૭(૧૩-૦૧-૨૦૧૫) ગેંદાલભાઈ મો. ડામોર (સંતરામપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર તલાટીકમમંત્રીઓનું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (૨૫-૦૨-૧૫) :

(૧) પત્રક-અ મુજબ

(૨) પત્રક-બ મુજબ

(૩) ભરતી કેલેન્ડર મુજબ ભરતી દ્વારા બનતી ત્વરાએ

પત્રક – અ

| ક્રમ | પંચમહાલ | | મહીસાગર | |
|---|---|---|---|---|
| | તાલુકાનું નામ | મંજૂર મહેકમ | તાલુકાનું નામ | મંજૂર મહેકમ |
| ૧ | જાંબુઘોડા | ૧૭ | લુણાવાડા | ૮૮ |
| ૨ | હાલોલ | ૬૫ | ખાનપુર | ૨૯ |
| ૩ | કાલોલ | ૭૩ | સંતરામપુર | ૪૨ |
| ૪ | ગોઘરા | ૭૪ | કડાણા | ૨૬ |
| ૫ | મોરવા (હ) | ૩૩ | બાલાશિનો | ૨૪ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ર | |
| ૬ | શહેરા | ૫૦ | વિરપુર | ૧૯ |
| ૭ | ઘોઘંબા | ૩૪ | - | - |
| | કુલ | ૩૪૬ | કુલ | ૨૨૮ |

પત્રક – બ

| ક્રમ | પંચમહાલ | | | મહીસાગર | | |
|---|---|---|---|---|---|---|
| | તાલુકાનું નામ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | તાલુકાનું નામ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | જાંબુઘોડા | ૭ | ૧૦ | લુણાવાડા | ૫૨ | ૩૬ |
| ૨ | હાલોલ | ૪૩ | ૨૨ | ખાનપુર | ૧૫ | ૧૪ |
| ૩ | કાલોલ | ૪૭ | ૨૬ | સંતરામપુર | ૩૪ | ૮ |
| ૪ | ગોધરા | ૪૩ | ૩૧ | કડાણા | ૧૮ | ૮ |
| ૫ | મોરવા (હ) | ૨૬ | ૭ | બાલાશિનોર | ૧૬ | ૮ |
| ૬ | શહેરા | ૩૭ | ૧૩ | વિરપુર | ૧૩ | ૬ |
| ૭ | ઘોઘંબા | ૨૭ | ૭ | - | - | |
| | કુલ | ૨૩૦ | ૧૧૬ | કુલ | ૧૪૮ | ૮૦ |

---------

રાજકોટ કલેકટર કચેરીના બિન-ખેતીના કેસો

અતારાંકિતઃ ૩૨૨૯ (૨૦-૦૬-૨૦૧૪) ભોળાભાઇ ભી. ગોહેલ (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજકોટ કલેકટર કચેરીમાં તા. ૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કયા કયા સર્વેનંબરની કેટલા એકર જમીનના બીનખેતીના કેટલા કેસો કયા હેતુ માટે કયારે રજુ થયા.

(૨) તે પૈકી કેટલા કેસોને કયારે મંજૂરી આપવામાં આવી અને કેટલા કેસો ના મંજુર કરવામાં આવ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા કેસો પડતર છે અને તેના કારણો શું છે અને કયાં સુધીમાં નિકાલ કરવાનું આયોજન છે.

(૪) નામંજુર થયેલા કેસો પૈકી કેટલાએ સરકારમાં કયારે અપીલ કરી અને ઉકત સ્થિતીએ કયા તબક્કે છે, અને

(૫) આવા કેસોનો કયાં સુધીમાં નિકાલ કરવાનું સરકારનું આયોજન છે.

મુખ્ય મંત્રીશ્રી (મહેસુલ) (૨૪-૦૨-૧૫) :

(૧) સામેલ *પત્રક-૧-૨-૩ મુજબ

(૨) સામેલ *પત્રક-૪ મુજબ.

(૩) તા. ૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિ ૮૧ કેસો પડતર હતા. પરંતુ તે તમામનો નિકાલ થઇ ગયેલ છે.

(૪) ૨૬ નામંજૂર કેસો પૈકી ૧ કેસ હાલ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં પડતર છે.

(૫) સરકાર કક્ષાએ કોઇ પડતર નથી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

તા. ૨૫ મી માર્ચ, ૨૦૧૫
બારમી અતારાંકિત યાદી

---------

મહેસાણા જિલ્લામાં ગામના નમૂના-૬માં ફેરફાર નોંધોથી થયેલ આવક

અતારાંકિતઃ ૩૭૮૬(૧૭-૧૦-૨૦૧૪) પ્રહલાદભાઇ ઇ. પટેલ (વિજાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૮-૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા પાંચ વર્ષમાં મહેસુલી કચેરીઓમાં ગામના નમુના-૬ માં ફેરફાર નોંધ પાડવા કેટલી આવક થઇ, અને

(૨) કેટલી અરજીઓ આવી અને ઉક્ત સ્થિતિએ આ નોંધ પાડવાની બાકી હોય તેવી કેટલી અરજીઓ પડતર છે ?

મુખ્ય મંત્રીશ્રી (મહેસુલ) (૨૪-૦૨-૨૦૧૫) :

(૧) સામેલ પત્રકના કોલમ નં. ૩ માં દર્શાવ્યા મુજબ.

(૨) સામેલ પત્રકના કોલમ નં. ૪ અને ૫ માં દર્શાવ્યા મુજબ.

પત્રક

| અ.નં. | તાલુકો | ગામ નમુના-૬ માં ફેરફાર નોંધ પાડવા થયેલ આવક રૂપિયા | ગામ નમુના-૬ માં નોંધ પાડવા આવેલ અરજીઓની સંખ્યા | ગામ નમુના-૬ માં નોંધ પાડવાની બાકી હોય તેવી પડતર અરજીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | મહેસાણા | - | ૭૦૦૯૭ | - |
| ૨ | વિસનગર | - | ૬૦૯૮૩ | - |
| ૩ | કડી | - | ૭૫૦૪૨ | - |
| ૪ | બેચરાજી | - | ૩૦૫૯૩ | - |
| અ.નં. | તાલુકો | ગામ નમુના-૬ માં ફેરફાર નોંધ પાડવા થયેલ આવક રૂપિયા | ગામ નમુના-૬ માં નોંધ પાડવા આવેલ અરજીઓની સંખ્યા | ગામ નમુના-૬ માં નોંધ પાડવાની બાકી હોય તેવી પડતર અરજીઓની સંખ્યા |
| ૫ | વિજાપુર | - | ૫૦૯૩૧ | - |
| ૬ | જોટાણા | - | ૧૭૪૨ | - |
| ૭ | ઉંઝા | - | ૩૪૫૨૬ | - |
| ૮ | ખેરાલુ | - | ૨૨૩૦૨ | - |
| ૯ | વડનગર | - | ૨૪૬૭૮ | - |
| ૧૦ | સતલાસણા | - | ૧૩૭૬૮ | - |
| | કુલ | - | ૩૮૪૬૬૨ | - |

અમદાવાદના ઘોડાસર વિસ્તારમાં બોરવેલમાં બાળકી પડી જવા બાબત

અતારાંકિતઃ ૪૦૩૫(૧૩-૧-૨૦૧૫) રાઘવજીભાઇ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ડીઝાસ્ટર મેનેજમેન્ટ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદના ઘોડાસર વિસ્તારમાં કન્સ્ટ્રકશન સાઇટમાં તદ્દન અસુરક્ષિત રાખવામાં આવેલ ૪૭ ફુટ ઉંડા બોરવેલમાં ૩ વર્ષની બાળકી તા. ૨૨-૧૧-૨૦૧૪ ના રોજ પડી ગઇ હતી તે હકીકત સાચી છે.

(૨) સુપ્રિમ કોર્ટ ઓફ ઇન્ડિયાના બોરવેલને સુરક્ષિત રાખવા સંબંધી રીટ પીટીશન (સીવીલ)નં. ૩૬-૨૦૦૯ માં સ્પષ્ટ આદેશ તથા તેના અનુસંધાને રાજ્ય સરકારના તા. ૧૭-૦૨-૨૦૧૧ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ આદેશનો ભંગ કરવા માટે ઉક્ત બનાવ અન્વયે કોણ જવાબદાર છે.

(૩) આ ખુલ્લી ભયજનક તથા ઉંડી જગ્યાને અસુરક્ષિત ચલાવી લેનાર અને પગલા ભરવામાં નિષ્ફળ ગયેલા જવાબદાર સરકારી અધિકારી સામે શા પગલા લેવાયા છે, અને

(૪) ખુલ્લા બોરવેલનો ભોગ બનેલ બાળકીના માતાપિતાને શી આર્થિક સહાય પુરી પાડવામાં આવી છે ?

મુખ્ય મંત્રીશ્રી (ડીઝાસ્ટર મેનેજમેન્ટ) (૦૭-૦૩-૨૦૧૫) :

(૧) અમદાવાદના ઘોડાસર વિસ્તારમાં કન્સ્ટ્રકશન સાઇટમાં ૩ વર્ષની બાળકી તા. ૨૨-૧૧-૨૦૧૪ના રોજ પાણી માટેના બોરવેલમાં નહિ પરંતુ પીલ્લર બનાવવા માટે ખોદેલા ખાડામાં પડી હતી.

(૨) બોરવેલ ન હોઇ આદેશના ભંગનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) સહાયનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## પ્રાંતિજમાં કરોલ ગામની હક્ક પત્રકમાં નોંધ બાબત

અતારાંકિતઃ ૪૦૭૫(૧૩-૦૧-૨૦૧૫) મહેન્દ્રસિંહ ક. બારૈયા (પ્રાંતિજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કરોલ ગામની હક્ક પત્રકમાં જરૂરી નોંધ થઇ હોય અને એકત્રીકરણ વખતે શરતચૂકથી ૭/૧૨ અને ૮-અ માંથી નિકળી ગયેલ હોય તેવી કેટલી અરજીઓ સરકારમાં કેટલા સમયથી પડતરમાં છે, અને

(૨) આ અરજીઓ સત્વરે નિકાલ કરી નામ દાખલ કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

મુખ્ય મંત્રીશ્રી (મહેસુલ) (૨૪-૦૨-૨૦૧૫) :

(૧) ૧ (એક)
તા. ૧૭-૧૦-૨૦૧૪ થી પડતર છે.

(૨) તા. ૧૩-૦૨-૨૦૧૫ ની અધિસુચના તથા ઠરાવથી સરકારે મંજુરી આપેલ છે.

## બનાસકાંઠા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના અન્વયે સહાય

અતારાંકિતઃ ૪૩૮૯ (૨૩-૦૧-૨૦૧૫) કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) બનાસકાંઠા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા. ૩૧-૭-૨૦૧૪ ની સ્થિતિેએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી છે, અને

(૩) તે પૈકી કેટલી રકમ ચુકવવામાં આવી છે ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી (૨૬-૦૨-૨૦૧૫) :

(૧) ૧,૬૪૧ અરજીઓ

(૨) તે પૈકી કુલ ૧,૬૨૨ અરજીઓ મંજુર કરી છે.

(૩) તે પૈકી રૂ. ૨૧,૧૧,૦૦૦/- (અંકે રૂપિયા એકવીસ લાખ અગીયાર હજાર પુરા)ની રકમ ચુકવવામાં આવી.

## બનાસકાંઠા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે સહાય

અતારાંકિતઃ ૪૦૦૬ (૦૯-૦૧-૨૦૧૫) કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) બનાસકાંઠા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા. ૩૧-૭-૨૦૧૪ ની સ્થિતિેએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને કેટલી સહાય ચુકવવામાં આવી છે ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી (૨૬-૦૨-૨૦૧૫) :

(૧) ૩૧૦

(૨) મંજુર ૨૧૮ અરજીઓ માટે કુલ રૂ. ૫,૨૩,૨૦૦/- ની ચુકવણી કરવામાં આવી છે.

## રાજ્યમાં જિલ્લા બાળ સુરક્ષા સમિતિની રચના

અતારાંકિત ૪૪૬૩ (૨૧-૦૧-૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં સંકલિત બાળ સુરક્ષા યોજનાના અમલ માટે જિલ્લા બાળ સુરક્ષા સમિતિની ફરજીયાત રચના કરવાની જોગવાઇ અન્વયે કોઇ જિલ્લામાં સમિતિની રચના કરવાની તા. ૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ બાકી છે કે કેમ,

(૨) જો હા, તો કયા જિલ્લામાં બાકી છે તથા તેના કારણો શા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બાકી જિલ્લામાં કયાં સુધીમાં સિમતિની રચના કરવામાં આવશે ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી (૨૬-૦૨-૨૦૧૫) :

(૧) હા, જી

(૨) અરવલ્લી, મહીસાગર, છોટા ઉદેપુર, બોટાદ, ગીર સોમનાથ, દેવભુમિ દ્વારકા, મોરબી, આ સમિતિના અધ્યક્ષ જિલ્લા પંચાયતના પ્રમુખ હોય છે. અને તા. ૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ ઉપરોક્ત જિલ્લાઓમાં જિલ્લા પંચાયત પ્રમુખની નિમણુંક થયેલ ન હતી.

(૩) સત્વરે.

મહીસાગર અને પંચમહાલ, જિલ્લામાં તાલીમ શાળાઓમાં મંજૂર થયેલ મહેકમ બાબત

અતારાંકિતઃ ૪૧૪૪(૦૯-૦૧-૨૦૧૫) ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં સાંસ્કૃતિક/સંગીત/નાટકની સ્કુલો કે તાલીમ શાળાઓ કેટલી છે, અને

(૨) ઉક્ત શાળાઓવાર, સંવર્ગવાર મંજૂર થયેલ કુલ મહેકમ કેટલું છે અને શાળાઓવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે.

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી શાળાઓવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ પુરા પગારથી ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ કેટલા ફીકસ પગારથી ભરાયેલ છે તથા ફીકસ પગાર કેટલા સમય માટે નક્કી કરવામાં આવેલ છે, અને

(૪) જો આ શાળાઓ ન હોય તો રાજ્ય સરકાર કયાં સુધીમાં શરૂ કરવા માંગે છે ?

રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (૨૫-૦૨-૧૫) :

(૧) સ્કૂલ/તાલીમ શાળાઓની મંજૂરીની કામગીરી શિક્ષણ વિભાગ હસ્તક હોવાથી અત્રેના આ કામગીરી કાર્યક્ષેત્રમાં આવતી નથી. આથી માહિતી શૂન્ય છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

રાજ્યમાં જિલ્લાવાર કૃષિ ક્ષેત્રે વીજળીની ફાળવણી

અતારાંકિતઃ ૩૯૪૫ (૦૯-૦૧-૨૦૧૫) બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર છેલ્લા ત્રણ વર્ષમાં કૃષિ ક્ષેત્રે કેટલી વીજળીની ફાળવણી કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પાટણ જિલ્લામાં કેટલી ફાળવણી કરવામાં આવી અને,

(૩) તે અન્વયે કૃષિ ક્ષેત્રની વીજ માંગ કુલ કેટલી હતી, અને કેટલી માંગ પૂરી કરવામાં આવી, અને

(૪) માંગ કરતાં ઓછી વીજળી આપવામાં આવી હોય તો તેના કારણો કયા કયા છે ?

ઉર્જા મંત્રીશ્રી (૨૭-૦૨-૧૫) :

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં કૃષિ ક્ષેત્રે વીજ માંગ જેટલા જ વીજ પૂરવઠાની

(૨) ફાળવણી કરવામાં આવેલ છે. જેની પાટણ જિલ્લા સહિત તમામ જિલ્લાની જિલ્લાવાર માહિતી સામેલ પત્રક-અ

અને મુજબ છે.

(૩)

(૪) તમામ કૃષિ વીજ ગ્રાહકોને દરરોજ ઓછામાં ઓછા આઠ કલાક માટે ગુણવત્તા યુક્ત સાતત્યપૂર્ણ વીજ પૂરવઠો પૂરો પાડવામાં આવે છે. આ ઉપરાંત આકસ્મિક સંજોગોમાં પાકની જરૂરિયાતને ધ્યાને લઇ જરૂરિયાત મુજબ વધારે સમય માટે વીજપૂરવઠો પૂરો પાડવાનું પણ આયોજન કરવામાં આવે છે.

પત્રક-અ

રાજ્યમાં કૃષિક્ષેત્રની વીજમાંગ અને ફાળવવામાં આવેલ વીજપૂરવઠાની જિલ્લાવાર માહિતી

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૩૦-૦૬-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં (તા. ૦૧-૦૭-૨૦૧૧ થી તા. ૩૦-૦૬-૨૦૧૪ દરમિયાન) કૃષિ ક્ષેત્રની વીજમાંગ/ફાળવવામાં આવેલ વીજ પુરવઠો (મેગાવોટ). |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અમદાવાદ | ૬૯૩ |
| ૨ | અમરેલી | ૬૬૯ |
| ૩ | અરવલ્લી | ૧૩૯ |
| ૪ | આણંદ | ૨૭૯ |
| ૫ | કચ્છ | ૧૯૪૪ |
| ૬ | ખેડા | ૨૯૧ |
| ૭ | ગાંધીનગર | ૬૬૩ |
| ૮ | ગીર સોમનાથ | ૧૫૭ |
| ૯ | ગોધરા | ૯૬ |
| ૧૦ | છોટાઉદેપુર | ૦ |
| ૧૧ | જામનગર | ૬૯૪ |
| ૧૨ | જુનાગઢ | ૧૧૩૬ |
| ૧૩ | ડાંગ | ૩ |
| ૧૪ | તાપી | ૪૯ |
| ૧૫ | દાહોદ | ૧૧ |
| ૧૬ | દેવભૂમિ દ્વારકા | ૮૬ |
| ૧૭ | નર્મદા | ૬૮ |
| ૧૮ | નવસારી | ૧૫૩ |

| | | |
|---|---|---|
| ૧૯ | પાટણ | ૫૦૩ |
| ૨૦ | પોરબંદર | ૧૯૧ |
| ૨૧ | બનાસકાંઠા | ૪૧૬૩ |
| ૨૨ | બોટાદ | ૭૪ |
| ૨૩ | ભરૂચ | ૧૫૫ |
| ૨૪ | ભાવનગર | ૫૯૯ |
| ૨૫ | મહીસાગર | ૦ |
| ૨૬ | મહેસાણા | ૧૪૭૫ |
| ૨૭ | મોરબી | ૨૭૫ |
| ૨૮ | રાજકોટ | ૯૯૭ |
| ૧ | ૨ | ૩ |
| ૨૯ | વડોદરા | ૩૯૦ |
| ૩૦ | વલસાડ | ૬૧ |
| ૩૧ | સાબરકાંઠા | ૮૮૬ |
| ૩૨ | સુરત | ૧૫૮ |
| ૩૩ | સુરેન્દ્રનગર | ૧૬૪૯ |

નોંધઃ- છોટાઉદેપુર અને મહીસાગર જિલ્લા જાન્યુઆરી-૨૦૧૪ થી અસ્તિત્વમાં આવેલ અને વહિવટી વિભાજન તા. ૦૧-૦૭-૨૦૧૪ થી થયેલ હોઇ આ બંને જિલ્લાની માહિતી તે, જે જિલ્લાઓનાં વિભાજનથી અસ્તિત્વમાં આવ્યા છે તે જિલ્લાઓમાં સમાવિષ્ટ છે.

રાજ્યમાં ખેડૂતોને વધારે કલાક વીજળી આપવા બાબત

અતારાંકિતઃ ૩૯૯૬ (૦૯-૦૧-૨૦૧૫) ગ્યાસુદીન હ. શેખ (દરિયાપુર) :
માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં તા. ૩૦-૦૬-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ખેડૂતોને સરેરાશ દરરોજ કેટલા કલાક વીજળી આપવામાં આવી, અને

(૨) તે પૈકી દિવસે કેટલા કલાક અને રાત્રિના કેટલા કલાક વીજળી આપવામાં આવી ?

ઊર્જા મંત્રીશ્રી (૨૭-૦૨-૧૫) :

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં કૃષિ ક્ષેત્રે દરરોજ સરેરાશ ૮:૩૨ કલાક ગુણવત્તાસભર અને સાતત્યપૂર્ણ વીજ પૂરવઠો પૂરા પાડવામાં આવ્યો.

(૨) રાજ્યમાં ખેતીવાડી ફીટરોનું ગૃપમાં વિભાજન કરી ૨૪ કલાક દરમિયાન રોટેશન મુજબ અઠવાડિક વારાફરતી દિવસ અને રાત્રિના સમયગાળા મુજબ ઓછામાં ઓછો આઠ (૮) કલાક સાતત્યપૂર્ણ અને ગુણવત્તાસભર કૃષિ વિજ પૂરવઠો પુરો પાડવામાં આવે છે. દરેક ગૃપનું સમયપત્રક નિયમિત રીતે બદલાતું રહેતું હોઇ દરેક ગૃપને દિવસે અને રાત્રે વારાફરતી વિજ પૂરવઠો મળતો રહે છે.

ધી કેરેજ બાયરોડ એક્ટ-૨૦૦૭નું અમલીકરણ

અતારાંકિતઃ ૪૬૯૭ (૦૨-૦૨-૨૦૧૫) રાઘવજીભાઇ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ભારત સરકારના ધી કેરેજ બાય રોડ એકટ-૨૦૦૭નો ગુજરાત રાજ્યમાં તા. ૩૧ ડીસેમ્બર, ૨૦૧૪ની સ્થિતિએ અમલ થતો નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,
(૨) જો હા, તો તેના શા કારણો છે, અને
(૩) આ કાયદાના અમલની જવાબદારી કોના પર છે અને તેનો અમલ ક્યારે કરવામાં આવશે ?

વાહન વ્યવહાર મંત્રીશ્રી (૨૬-૦૨-૧૫) :

(૧) ભારત સરકારના ધી કેરેજ બાય રોડ એકટ-૨૦૦૭નો ગુજરાત રાજ્યમાં અમલ ચાલુ છે.
(૨) અમલ ચાલુ છે તેથી કારણોનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) આ કાયદાના અમલની જવાબદારી મોટર વાહન ખાતાની છે. આ કાયદાનો અમલ ચાલુ છે.

-----------

## રાજ્યમાં વાહનોમાં એરહોર્ન પર પ્રતિબંધ

અતારાંકિતઃ ૪૬૯૯ (૦૨-૦૨-૨૦૧૫) રાઘવજીભાઇ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં વાહનોમાં એરહોર્ન મુકવા પર પ્રતિબંધ છે તે હકીકત સાચી છે, અને
(૨) જો હા, તો વાહનોમાં મુકેલ તમામ એરહોર્ન દૂર કરવાની જવાબદારી કોને સોંપાઇ છે ?

વાહન વ્યવહાર મંત્રીશ્રી (૨૫-૦૨-૧૫) :

(૧) હા,
(૨) રાજ્યની તમામ આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરી તેમજ ચેકપોસ્ટના અધિકારીઓને જવાબદારી સોંપેલ છે.

## પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં વિધવા પેન્શન યોજના અન્વયે સહાય

અતારાંકિતઃ ૪૧૦૩(૦૯-૦૧-૨૦૧૫) ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર વિધવા પેન્શન યોજનાનો લાભ કેટલી મહિલાઓને મળ્યો, અને
(૨) વિધવા પેન્શન યોજના હેઠળ ઉકત સ્થિતિએ લાભાર્થી મહિલાઓને કેટલી રકમ આપવામાં આવે છે, તેમાં છેલ્લા પાંચ વર્ષમાં ક્યારે કયારે કેટલો વધારો કરવામાં આવ્યો ?

મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (૨૭-૦૨-૧૫) :

(૧)

| (૧) | પચંમહાલ જિલ્લામાં તાલુકાવાર વિધવા પેન્શન યોજનાનો લાભ મેળવેલ મહિલાઓની સંખ્યા | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| અનુ. | તાલુકાનું નામ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ગોધરા | ૧૦૯ | ૧૧૪ | ૧૨૧ | ૯૧ | ૧૯૩ | ૬૨૮ |
| ૨ | કાલોલ | ૬૧ | ૭૦ | ૮૬ | ૧૮૬ | ૧૩૩ | ૫૩૬ |
| ૩ | મોરવા | ૪૭ | ૬ | ૪૪ | ૭૧ | ૫૭ | ૨૨૫ |
| ૪ | શહેરા | ૭૨ | ૭૨ | ૮૮ | ૧૫૬ | ૨૪૧ | ૬૨૯ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | હાલોલ | ૬૨ | ૪૦ | ૯૨ | ૨૪ | ૬૧ | ૨૭૯ |
| ૬ | ઘોઘંબા | ૪૮ | ૯ | ૮૪ | ૧૨૯ | ૧૦૨ | ૩૭૨ |
| ૭ | જાબુંઘોડા | ૦૮ | ૦ | ૧૪ | ૨૦ | ૧૭ | ૫૯ |
| | કુલ ... | ૪૦૭ | ૩૧૧ | ૫૨૯ | ૬૭૭ | ૮૦૪ | ૨૭૨૮ |

| (૨) | મહીસાગર જિલ્લામાં તાલુકાવાર વિધવા પેન્શન યોજનાનો લાભ મેળવેલ મહિલાઓની સંખ્યા | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| અનુ. | તાલુકાનું નામ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | લુણાવાડા | ૫૮ | ૧૨૫ | ૯૬ | ૧૨૩ | ૧૨૨ | ૫૨૪ |
| ૨ | ખાનપુર | ૨૩ | ૪૪ | ૧૭ | ૩૪ | ૧૯ | ૧૩૭ |
| ૩ | સંતરામપુર | ૩૬ | ૪૯ | ૪૪ | ૪૩ | ૩૦ | ૨૦૨ |
| ૪ | કડાણા | ૨૫ | ૨૬ | ૩૩ | ૩૧ | ૨૦ | ૧૩૫ |
| ૫ | બાલાસીનોર | ૧૫ | ૨૫ | ૧૭ | ૩૪ | ૩૭ | ૧૨૮ |
| ૬ | વિરપુર | ૧૫ | ૧૯ | ૨૧ | ૩૬ | ૨૦ | ૧૧૧ |
| | કુલ ... | ૧૭૨ | ૨૮૮ | ૨૨૮ | ૩૦૧ | ૨૪૮ | ૧૨૩૭ |

(૨)

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ વિધવા મહિલા લાભાર્થી દીઠ રૂ. ૭૫૦/- અને બે બાળકોની મર્યાદામાં બાળક દીઠ રૂ. ૧૦૦/- ની સહાય દર માસે ચુકવવામાં આવે છે.

(૨) તા. ૩૧-૦૩-૨૦૧૨ સુધી વિધવા મહિલા લાભાર્થી દીઠ રૂ. ૫૦૦/- અને બે બાળકોની મર્યાદામાં બાળક દીઠ રૂ. ૮૦/- ની સહાય દર માસે ચુકવવામાં આવી હતી.

(૩) તા. ૦૧-૦૪-૨૦૧૨ થી વિધવા મહિલા લાભાર્થી દીઠ રૂ. ૨૫૦/- અને બે બાળકોની મર્યાદામાં બાળક દીઠ રૂ. ૨૦/- ની સહાયનો વધારો કરવામાં આવ્યો.

## પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ

અતારાંકિતઃ ૪૧૩૫(૦૯-૦૧-૨૦૧૫) ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલી વિધવા સહાય રાજ્ય / રાષ્ટ્રીય પેન્શન યોજના હેઠળ અરજીઓ મળી,

(૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી મંજુર થઇ અને કેટલી સહાય ચુકવવામાં આવી, અને

(૩) બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં ઉકેલ લાવવામાં આવશે ?

મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (૨૭-૦૨-૧૫) :

(૧)

| | પંચમહાલ જિલ્લો (વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૪) | | મહીસાગર જિલ્લો (વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૪) | |
|---|---|---|---|---|
| અનુ | તાલુકાનું | મળેલ અરજીઓ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |

| . | નામ | | | |
|---|---|---|---|---|
| ૧ | ગોધરા | ૮૬૭ | લુણાવાડા | ૭૩૨ |
| ૨ | કાલોલ | ૫૭૭ | ખાનપુર | ૧૫૭ |
| ૩ | મોરવા | ૩૪૨ | સંતરામપુર | ૨૦૨ |
| | પંચમહાલ જિલ્લો (વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૪) | | મહીસાગર જિલ્લો (વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૪) | |
| અનુ. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
| ૪ | શહેરા | ૬૩૭ | કડાણા | ૨૨૧ |
| ૫ | હાલોલ | ૩૭૬ | બાલાસીનોર | ૨૭૪ |
| ૬ | ઘોઘંબા | ૩૮૪ | વિરપુર | ૧૪૧ |
| ૭ | જાબુંઘોડા | ૬૧ | | |

(૨)

| અનુ. | વર્ષ | પંચમહાલ જિલ્લો | | મહીસાગર જિલ્લો | |
|---|---|---|---|---|---|
| | | મંજુર અરજીઓ | ચુકવેલ | મંજુર અરજીઓ | ચુકવેલ |
| ૧ | ૨૦૧૦ | ૪૦૭ | ૨૮૩૨૭૨૦ | ૧૭૨ | ૧૧૯૭૧૨૦ |
| ૨ | ૨૦૧૧ | ૩૧૧ | ૨૧૬૪૫૬૦ | ૨૮૮ | ૨૦૦૪૪૮૦ |
| ૩ | ૨૦૧૨ | ૫૨૯ | ૪૯૬૭૩૧૦ | ૨૨૮ | ૨૧૪૦૯૨૦ |
| ૪ | ૨૦૧૩ | ૬૭૭ | ૬૯૦૫૪૦૦ | ૩૦૦ | ૩૦૬૦૦૦૦ |
| ૫ | ૨૦૧૪ | ૮૦૪ | ૭૫૧૭૪૦૦ | ૨૪૮ | ૨૩૧૮૮૦૦ |

(૩) બનતી ત્વરાએ.

----------

પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં અનુસૂચિત જનજાતિના બાળકોને શિષ્યવૃત્તિ

અતારાંકિતઃ ૪૧૦૦ (૧૩-૦૧-૨૦૧૫) ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર પ્રાથમિક અને માધ્યમિકમાં અભ્યાસ કરતાં અનુસૂચિત જનજાતિના બાળકોને કેટલી શિષ્યવૃત્તિ આપવામાં આવે છે, અને

(૨) ઉકત સ્થિતિએ આપવામાં આવતી શિષ્યવૃત્તિની સરકારે છેલ્લા બે વર્ષમાં કયારે કેટલો વધારો કર્યો ?

આદિજાતિ વિકાસ મંત્રીશ્રી (૧૩-૦૨-૧૫) :

(૧) ધો. ૧ થી ૮ માટે રૂ. ૨૫૦ (વાર્ષિક)
ધો. ૯ થી ૧૦ માટે રૂ. ૪૦૦ (વાર્ષિક)
ધો. ૬ થી ૧૦ કન્યા માટે રૂ. ૭૫૦ (વાર્ષિક)
ધો. ૯ થી ૧૦ હોસ્ટેલર માટે રૂ. ૪૫૦૦ (વાર્ષિક)
ધો. ૯ થી ૧૦ ડેસ્કોલર માટે રૂ. ૨૨૫૦ (વાર્ષિક)
( રૂ. ૨,૦૦,૦૦૦/- સુધીની આવક ધરાવતા વિદ્યાર્થીઓ)

(૨) આદિજાતિ વિકાસ વિભાગના તા. ૩૦-૦૭-૨૦૧૪ના ઠરાવથી
ધો. ૬ થી ૮ ની કન્યાઓ માટે રૂ. ૭૫૦/-
ધો. ૯ થી ૧૦ ની કન્યાઓ માટે રૂ. ૭૫૦/-
શિષ્યવૃત્તિ ચુકવવાનું ઠરાવેલ છે.
( રૂ. ૨,૦૦,૦૦૦/- થી વધુ આવક ધરાવતા વાલીની કન્યાઓને)

----------

અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૪૬૬૮ | ૧ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૩૮૪૦, ૩૮૪૧, ૩૮૪૨, ૩૮૪૩, ૩૮૪૪, ૩૮૪૫, ૩૮૪૬, ૩૮૪૮, ૪૧૪૯, ૪૧૬૪, ૪૧૭૫, ૪૧૭૬, ૪૨૭૨, ૪૪૧૫ | ૧૪ |
| ૩ | નાણા વિભાગ | ૪૪૨૪, ૪૪૭૪ | ૨ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૩૭૪૬ | ૧ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૪૨૨૯, ૪૩૧૦, ૪૬૧૭ | ૩ |
| ૬ | ગૃહ વિભાગ | ૪૧૧૦, ૪૨૯૦, ૪૨૯૧ | ૩ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૪૩૮૫, ૪૬૧૩ | ૨ |
| ૮ | માહિતી અને પ્રસારણ વિભાગ | ૪૧૩૧, ૪૫૬૦ | ૨ |
| ૯ | શ્રમ અને રોજગાર વિભાગ | ૪૬૧૪ | ૧ |
| ૧૦ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૪૧૧૮, ૪૧૧૯,૪૫૭૦, ૪૭૪૨ | ૪ |
| ૧૧ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૪૧૨૩, ૪૧૨૭ | ૨ |
| ૧૨ | મહેસૂલ વિભાગ | ૩૨૨૯, ૩૭૮૬, ૪૦૩૫, ૪૦૭૫ | ૪ |
| ૧૩ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૪૩૮૯, ૪૦૦૬, ૪૪૬૩ | ૩ |
| ૧૪ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૪૧૪૪ | ૧ |
| ૧૫ | ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૩૯૪૫, ૩૯૯૬ | ૨ |
| ૧૬ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૪૬૯૭, ૪૬૯૯ | ૨ |
| ૧૭ | મહીલા અને બાળ વિકાસ વિભાગ | ૪૧૦૩, ૪૧૩૫ | ૨ |
| ૧૮ | આદિજાતિ વિકાસ વિભાગ | ૪૧૦૦ | ૧ |
| | | કુલ ... | ૫૦ |

તેરમી અતારાંકિત યાદી

અમદાવાદમાં પોલ્ટ્રીફાર્મ દ્વારા મરઘીના બચ્ચાઓને છોડી મુકવા બાબત

અતારાંકિતઃ ૪૦૧૮ ૦૯-૦૧-૨૦૧૫) : શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદમાં કોબા સર્કલથી સાબરમતી જવાના રસ્તા પર તા. ૦૩-૯-૨૦૧૪ ના રોજ પોલ્ટ્રીફાર્મ દ્વારા ૪૦૦૦ જેટલી સંખ્યામાં મરઘીના બચ્ચાઓને છોડી મુકાયા હતા જેમાં ૨૦૦૦ જેટલા બચ્ચા ચૂંટણી પામ્યા હતા તે હકિકત સાચી છે.

(૨) જો હા, તો આ ગેરકાનૂની કૃત્ય કરનાર પોલ્ટ્રીફાર્મની પશુપાલન ખાતાની કઇ કચેરીમાં રજીસ્ટર્ડ થયું હતું, અને

(૩) અમદાવાદ સહિત રાજ્યના પશુપાલન ખાતાના વડાએ આ પોલ્ટ્રીફાર્મની મુલાકાત ક્યારે લીધી અને સંચાલકો સામે શી કાર્યવાહી કરી

પશુપાલન મંત્રીશ્રી (૦૪-૦૩-૨૦૧૫) :

(૧) હા જી, જીવદયા ટ્રસ્ટ મારફતે આ બાબતની હેલ્પ માટે જાણ કરતા આ બાબત ધ્યાને આવેલ છે.

(૨) ખંડ-૨ ની કામગીરી અંગે વિગતો ઉપલબ્ધ થયેલ નથી.

(૩) ખંડ-૩ ની કામગીરી અંગે વિગતો ઉપલબ્ધ થયેલ નથી.

ધી કોમોડીડી એન્ડ કંટ્રોલ એકટ ૨૦૦૫ અન્વયે રેગ્યુલેટેડ કતલખાનામાં ભેંસોની કતલ માટે અઠવાડિક કવોટા બાબત

અતારાંકિતઃ ૪૦૧૯ (૦૯-૦૧-૨૦૧૫): શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્ય સરકાર દ્વારા ધી કોમોડીટી એન્ડ કંટ્રોલ એકટ ૨૦૦૫ અન્વયે રેગ્યુલેટેડ કતલખાનામાં ભેંસોની કતલ માટે અઠવાડિક મહત્તમ કવોટા પ્રસિદ્ધ કરેલો છે તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો આ જોગવાઇ અને કવોટા હેઠળ અમદાવાદ શહેરના રેગ્યુલેટેડ કતલખાનામાં તા. ૩૦મી જુન, ૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કયા અઠવાડિયામાં નિયત કવોટા કરતા વધુ ભેંસોની કતલ કરવામાં આવી, અને

(૩) કવોટા કરતા વધુ ભેંસો માટે પ્રમાણપત્રો ઇસ્યુ કરનાર અને મંજૂરી આપનારા કયા વેટરનરી ડોકટરો સામે શી ખાતાકીય કાર્યવાહી કરવામાં આવી તથા ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ની કલમ-૫ હેઠળ ભેંસોની ગેરકાયદે કતલ માટે જવાબદાર ઠરાવી શી કાનુની કાર્યવાહી કરવામાં આવી ?

પશુપાલન મંત્રીશ્રી (૦૩-૦૩-૨૦૧૫) :

(૧) હા

(૨) અમદાવાદ શહેરના રેગ્યુલેટેડ કતલખાનામાં તા. ૩૦મી જુન, ૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં નિયત કવોટા કરતા વધુ ભેંસોની કતલ કરવામાં આવી નથી.

(૩) મુંબઇ પ્રાંતિય મહાનગરપાલિકા અધિનિયમ, ૧૯૪૯ ની પ્રકરણ-૧૯ ની જોગવાઇઓ તથા પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ના પૃ. ૧૦૭/૫. ની કોલમ-૬ અનુસાર કતલખાના નિયમન અને નિયંત્રણ અંગેની સત્તા/કાર્યવાહી સ્થાનિક સત્તા મંડળો એટલે કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ હસ્તકની બાબત બને છે. જેથી કતલખાના માટે નિયત કરાયેલ કવોટા મુજબની ભેંસોની કતલનું નિયંત્રણ કરવાની જવાબદારી જે તે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની બને છે, જ્યારે કે, પશુપાલન ખાતાના પશુ ચિકિત્સા અધિકારી દ્વારા ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ ની કલમ-૫ હેઠળ પશુની ઉપયોગિતાને ધ્યાને લઇને કતલ પુર્વે જરુરી પ્રમાણપત્ર આપવાની

સત્તાની રૂએ કામગીરી કરવાની થાય છે. ભેંસોની કતલના કવોટાનું નિયંત્રણ કરવાની જવાબદારી પશુ ચિકિત્સા અધિકારીની બનતી નથી.

ગૌ વર્ગના પ્રાણીઓનું વ્યંઘત્વ નિવારણ કરવા બાબત

અતારાંકિતઃ ૪૦૨૦(૦૯-૦૧-૨૦૧૫) : શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

રાજ્યમાં જિલ્લાવાર સને ૨૦૧૧, ૨૦૧૨ અને ૨૦૧૩માં કેટલા ગૌ વર્ગના પ્રાણીને વ્યંઘત્વ નિવારણ ઓપરેશન/ટ્રીટમેન્ટ કરીને વ્યંઘત્વ મુક્ત કરવામાં આવ્યા ?

પશુપાલન મંત્રીશ્રી (૦૨-૦૩-૨૦૧૫) :

રાજ્યમાં જિલ્લાવાર સને ૨૦૧૧, ૨૦૧૨ અને ૨૦૧૩ માં કેટલા ગૌ વર્ગના પ્રાણીને વ્યંઘત્ત્વ નિવારણ ઓપરેશન/ટ્રીટમેન્ટ કરીને વ્યંઘત્વ મુક્ત કરવામાં આવ્યા તેની માહિતી આ સાથેના પત્રક-૧ મુજબ છે.

પત્રક-૧

| અ.નં. | જિલ્લાનું નામ | વ્યંઘત્વ નિવારણ ઓપરેશન/ટ્રીટમેન્ટ કરીને વ્યંઘત્વ મુક્ત કરવામાં આવેલ ગૌ વર્ગના પ્રાણીઓ | | |
|---|---|---|---|---|
| | | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ |
| ૧ | જુનાગઢ | ૫૩૭૬ | ૬૬૬૫ | ૫૮૦૦ |
| ૨ | વલસાડ | ૭૨૮૧ | ૪૮૪૦ | ૮૩૮૮ |
| ૩ | કચ્છ | ૧૮૭૮ | ૩૨૫૪ | ૩૧૧૦ |
| ૪ | વડોદરા | ૧૯૫૪૫ | ૧૬૪૧૧ | ૧૧૮૭૪ |
| ૫ | નર્મદા | ૮૦૦૫ | ૧૦૪૯૪ | ૭૩૩૬ |
| ૬ | ભરૂચ | ૭૨૪૩ | ૧૧૬૩૧ | ૪૪૨૫ |
| ૭ | સાબરકાંઠા | ૧૭૨૪૨ | ૧૬૪૬૮ | ૧૯૫૩૨ |
| ૮ | ખેડા (નડીયાદ) | ૩૬૩૭ | ૪૧૩૧ | ૫૯૨૨ |
| ૯ | નવસારી | ૪૯૪૪ | ૩૮૬૪ | ૩૦૩૩ |
| ૧૦ | પંચમહાલ | ૭૦૫૧ | ૭૭૯૨ | ૧૦૪૪૩ |
| ૧૧ | જામનગર | ૨૭૪ | ૨૪૯ | ૧૩૯ |
| ૧૨ | બનાસકાંઠા | ૮૭૩૬ | ૧૧૦૩૮ | ૧૦૪૩૯ |
| ૧૩ | મહેસાણા | ૭૪૦૫ | ૪૩૪૬ | ૬૪૧૮ |
| ૧૪ | અમરેલી | ૪૩૩૯ | ૯૨૪૯ | ૭૯૩૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫ | પાટણ | ૫૭૫૨ | ૬૬૭૫ | ૭૪૨૩ |
| ૧૬ | રાજકોટ | ૫૪૧૬ | ૬૫૬૪ | ૭૯૧૬ |
| ૧૭ | સુરેન્દ્રનગર | ૨૫૬૧ | ૪૫૭૩ | ૪૨૦૮ |
| ૧૮ | અમદાવાદ | ૬૪૪૯ | ૩૭૫૮ | ૬૭૬૮ |
| ૧૯ | ગાંધીનગર | ૯૯૬૨ | ૫૯૦૧ | ૯૫૭૨ |
| ૨૦ | ભાવનગર | ૫૭૯૫ | ૬૨૭૨ | ૬૫૯૩ |
| ૨૧ | આણંદ | ૧૧૯૭ | ૫૨૮૮ | ૬૫૮૦ |
| ૨૨ | સુરત | ૨૧૭૯૧ | ૧૯૨૪૬ | ૧૪૨૫૩ |
| ૨૩ | તાપી | ૨૧૯૬ | ૭૦૮૦ | ૪૮૫૨ |
| ૨૪ | દાહોદ | ૮૯૧૫ | ૯૨૨૫ | ૧૦૨૫૬ |
| ૨૫ | ડાંગ | ૮૧૭ | ૧૦૫૭ | ૨૨૦૮ |
| ૨૬ | પોરબંદર | ૯૨૩ | ૭૦૯ | ૬૫૩ |

## પાટણ જિલ્લામાં પશુ ડૉકટરો

અતારાંકિતઃ ૪૩૦૦ (૧૩-૦૧-૨૦૧૫): શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) :

માનનીય પશુ પાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૧૫-૧૨-૨૦૧૪ ની સ્થિતીએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુઓના ડોકટર છે,

(૨) ઉક્ત સ્થિતીએ પશુ ડોકટરોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

પશુપાલન મંત્રીશ્રી (૦૨-૦૩-૨૦૧૫) :

(૧) તા. ૧૫-૧૨-૨૦૧૪ ની સ્થિતીએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુઓના ડોકટર છે તેની વિગત પત્રક-૧ પ્રમાણે છે.

(૨) તા. ૧૫-૧૨-૨૦૧૪ ની સ્થિતીએ પશુ ડોકટરોની કેટલી જગ્યાઓ ખાલી છે તેની વિગત પત્રક-૨ પ્રમાણે છે.

(૩) પશુ ચિકિત્સા અધિકારીઓની ખાલી જગ્યાઓ નિયમિત પણે ભરવા માટે સરકારશ્રીએ દસ વર્ષીય ભરતી કેલેન્ડર તૈયાર કરેલ છે. આ ભરતી કેલેન્ડર મુજબ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી તેમજ ગુજરાત જાહેરસેવા આયોગ મારફત ઉમેદવારો ઉપલબ્ધ થયેથી પશુ ચિકીત્સા અધિકારીની ખાલી જગ્યાઓ ઉપર નિમણૂક આપી શકશે.

પત્રક-૧

તા. ૧૫-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર નીચે પ્રમાણે પશુઓના ડોકટર છે.

| ક્રમ | તાલુકો | પશુ ડોકટરની સંખ્યા | |
|---|---|---|---|
| | | મંજુર થેયલ | ભરેલ જગ્યા |
| ૧ | પાટણ | ૫ | ૪ |
| ૨ | સરસ્વતી | ૫ | ૪ |

| | | | |
|---|---|---|---|
| ૩ | સિધ્ધપુર | ૪ | ૨ |
| ૪ | ચાણસ્મા | ૫ | ૩ |
| ૫ | હારીજ | ૩ | ૨ |
| ૬ | સમી | ૨ | ૧ |
| ૭ | શંખેશ્વર | ૨ | ૧ |
| ૮ | રાધનપુર | ૪ | ૨ |
| ૯ | સાંતલપુર | ૪ | ૨ |
| | કુલ | ૩૪ | ૨૧ |

પત્રક-૨

| તા. ૧૫-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ નીચે જણાવેલ વિગતે તાલુકાવાર કુલ ૧૩ પશુડોકટરોની જગ્યાઓ ખાલી છે. | | |
|---|---|---|
| ક્રમ | તાલુકો | પશુ ડોકટરની સંખ્યા |
| ૧ | પાટણ | ૧ |
| ૨ | સરસ્વતી | ૧ |
| ૩ | સિધ્ધપુર | ૨ |
| ૪ | ચાણસ્મા | ૨ |
| ૫ | હારીજ | ૧ |
| ૬ | સમી | ૧ |
| ૭ | શંખેશ્વર | ૧ |
| ૮ | રાધનપુર | ૨ |
| ૯ | સાંતલપુર | ૨ |
| | કુલ | ૧૩ |

અમદાવાદમાં મરઘાના બચ્ચા રઝળતાં મૂકી દેવા બાબત

અતારાંકિતઃ ૪૪૯૫ (૨૧-૦૧-૨૦૧૫): ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ એસ. પી. રીંગ રોડ ઉપર અંદાજે ચાર-પાંચ હજાર જેટલા મરઘાના બચ્ચાઓ રઝળતાં મૂકી દેવાયેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે પૈકી કેટલા બચ્ચાઓ ચૂંટણી પામેલ અને કેટલા બચ્ચા જીવિત મળી આવેલ, અને

(૩) આ બચ્ચાઓ મુકી ગયેલ ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવેલ ?

પશુપાલન મંત્રીશ્રી (૦૪-૦૩-૨૦૧૫) :

(૧) હા જી, જીવદયા ટ્રસ્ટ મારફતે આ બાબતની હેલ્પ માટે જાણ કરતા આ બાબત ધ્યાને આવેલ છે.

(૨) ખંડ-૨ ની કામગીરી અંગે વિગતો ઉપલબ્ધ થયેલ નથી.

(૩) ખંડ-૩ ની કામગીરી અંગે વિગતો ઉપલબ્ધ થયેલ નથી.

રાજ્યમાં નદીઓ/જળાશયોમાં માછલીઓની પ્રજાતિઓની ગણતરી બાબત

અતારાંકિતઃ ૪૬૫૯ (૩૦-૦૧-૨૦૧૫): શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં નદીઓ તથા જળાશયોમાં માછલીઓની પ્રજાતિઓની ગણતરી સપ્ટેમ્બર, ૨૦૧૪ માં થઇ હતી તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો આ ગણતરીમાં માછલીઓની કઇ કઇ પ્રજાતિઓ નોંધાઇ હતી, અને
(૩) તે પૈકી રક્ષિત કેટેગરીમાં કઇ પ્રજાતિ છે અને તેનો પૂરતું રક્ષણ આપવા શી વ્યવસ્થા થઇ છે ?

મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી (૦૩-૦૩-૨૦૧૫) :
(૧) ના, જી
(૨) લાગુ પડતું નથી.
(૩) લાગુ પડતું નથી.

## રાજ્યમાં બંધ કરાયેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

અતારાંકિત : ૩૪૨૪ (૨૦-૧૦-૨૦૧૪) : ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-
(૧) તા. ૩૧-૦૭-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ બંધ કરવામાં આવી કે બંધ કરવાની મંજૂરી આપવામાં આવી અને કેટલી શાળાઓને નોન ગ્રાન્ડેડ કે ખાનગી શાળામાં તબદીલ કરવામાં આવી,
(૨) આ શાળાઓને બંધ કરવાના કે નોન ગ્રાન્ડેડ કે ખાનગીમાં તબદીલ કરવાના કારણો શાં હતા ?

શિક્ષણ મંત્રીશ્રી (૨-૦૩-૨૦૧૫) :
(૧) તા. ૩૧-૦૭-૨૦૧૪ની સ્થિતિએ બંધ કરેલ માધ્યમિક શાળાઓની વર્ષવાર સંખ્યાનું પત્રક-૧ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વર્ષવાર સંખ્યાનું પત્રક-૨ સામેલ છે. તા. ૩૧-૦૭-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં એકપણ શાળાને નોન ગ્રાન્ડેડ કે ખાનગી શાળામાં તબદીલ કરવામાં આવેલ નથી.
(૨) આ શાળાઓને બંધ કરવાના કારણો નીચે મુજબ છે.
- શાળાઓમાં ૨૦ કે તેનાથી ઓછા વિદ્યાર્થીઓનું નામાંકન હોવાથી.
- ધોરણ ૧૦ અને ૧૨ ના પરિણામો નબળા હોવાથી.
- ભારત સરકારની આર.એમ.એસ.એ. યોજનાની ગાઇડ લાઇન મુજબ નોર્મ્સ સંતોષાતા ન હોવાથી.
- શાળા મંડળનો શાળા બંધ કરવાનો ઠરાવ.

પત્રક – ૧

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૩ | ૦૪ | ૦૪ | ૦૩ | ૦૦ |
| ૨ | અમદાવાદ ગ્રામ્ય | ૦૨ | ૧૫ | ૦૪ | ૦૨ | ૦૦ |
| ૩ | અમરેલી | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૨ |
| ૪ | કચ્છ-ભુજ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૫ | ખેડા-નડિયાદ | ૦૧ | ૧૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૬ | ગાંધીનગર | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૭ | જામનગર | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૪ | ૦૦ |
| ૮ | જુનાગઢ | ૦૩ | ૦૩ | ૦૧ | ૦૩ | ૦૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૯ | ડાંગ-આહવા | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૦ | પંચમહાલ-ગોધરા | ૦૫ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૧ | બનાસકાંઠા-પાલનપુર | ૦૧ | ૦૪ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૧૨ | ભરૂચ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૩ | ભાવનગર | ૦૧ | ૧૫ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૧૪ | મહેસાણા | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૨ |
| ૧૫ | રાજકોટ | ૦૩ | ૧૭ | ૦૩ | ૦૪ | ૦૧ |
| ૧૬ | વડોદરા | ૦૩ | ૦૪ | ૦૨ | ૦૧ | ૦૧ |
| ૧૭ | વલસાડ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૮ | સાબરકાંઠા-હિંમતનગર | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૧૯ | સુરત | ૦૩ | ૦૬ | ૦૧ | ૦૧ | ૦૨ |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૦૩ | ૧૫ | ૦૦ | ૦૨ | ૦૦ |
| ૨૧ | નર્મદા-રાજપીપળા | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૨૨ | આણંદ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨૩ | પોરબંદર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૪ | દાહોદ | ૦૨ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ |
| ૨૫ | પાટણ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૨ |
| ૨૬ | નવસારી | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ |
| ૨૭ | તાપી | ૦૦ | ૦૫ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૨૮ | બોટાદ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૯ | મોરબી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૩૦ | દેવભૂમિ દ્વારકા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૫ | ૦૦ |
| ૩૧ | ગીર-સોમનાથ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૫ | ૦૦ |
| ૩૨ | મહીસાગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૩ | અરવલ્લી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૪ | છોટા ઉદેપુર | ૦૦ | ૦૭ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | કુલ ... | ૪૨ | ૧૨૭ | ૨૭ | ૪૧ | ૧૪ |

પત્રક – ૨

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૨ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૨ | અમદાવાદ ગ્રામ્ય | ૦૧ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૦ |
| ૩ | અમરેલી | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૪ | કચ્છ-ભુજ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૫ | ખેડા-નડિયાદ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૬ | ગાંધીનગર | ૦૦ | ૦૧ | ૦૪ | ૦૦ | ૦૧ |
| ૭ | જામનગર | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૮ | જુનાગઢ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૯ | ડાંગ-આહવા | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૧૦ | પંચમહાલ-ગોધરા | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૧૧ | બનાસકાંઠા-પાલનપુર | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૨ | ભરૂચ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧૩ | ભાવનગર | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૪ | મહેસાણા | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૧૫ | રાજકોટ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૧ |
| ૧૬ | વડોદરા | ૦૧ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૦ |
| ૧૭ | વલસાડ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૧૮ | સાબરકાંઠા-હિંમતનગર | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૯ | સુરત | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૨૧ | નર્મદા-રાજપીપળા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૨ | આણંદ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૨૩ | પોરબંદર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૪ | દાહોદ | ૦૧ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ |
| ૨૫ | પાટણ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૨૬ | નવસારી | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૨૭ | તાપી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૮ | બોટાદ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૯ | મોરબી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૦ | દેવભૂમિ દ્વારકા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૧ | ગીર-સોમનાથ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૨ | મહીસાગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૩ | અરવલ્લી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૪ | છોટા ઉદેપુર | ૦૦ | ૦૭ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | કુલ ... | ૧૯ | ૧૫ | ૧૯ | ૧૩ | ૧૧ |

## રાજ્યમાં ટ્રેનની અડફેટે સિંહોના મોત

અતારાંકિત : ૩૨૯૭ (૨૧-૧૦-૨૦૧૪): શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગુજરાતમાં સન ૨૦૧૧, ૨૦૧૨ અને ૨૦૧૩ અને એપ્રિલ-૨૦૧૪ની સ્થિતિએ કેટલા સિંહોના ટ્રેન નીચે અકસ્માતમાં મોત થયા,

(૨) ભારત સરકારે પ્રસિધ્ધ કરેલ એડવાઈઝરીના પાલન ન કરવા બદલ જવાબદારો સામે રાજયના વન વિભાગે શી કાનૂની કાર્યવાહી હાથ ધરી, અને

(૩) રેલવે ટ્રેનથી થતા સિંહોના મોત રોકવા વન વિભાગે શી કાર્યવાહી હાથ ધરી ?

વન મંત્રીશ્રી (૦૩-૦૩-૨૦૧૫) :

(૧)

| ક્રમ | વર્ષ | સિંહના ચૂંટણીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૧ | ૦૦ |
| ૨ | ૨૦૧૨ | ૦૧ (નર) |
| ૩ | ૨૦૧૩ | ૦૦ |
| ૪ | ૨૦૧૪ | ૦૨ (માદા) |
| | કુલ | ૦૩ |

(૨) વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની કલમ-૨ (૧૬), ૯ અને ૫૧ મુજબ ગુન્હો નોંધવામાં આવેલ છે.

(૩) આવા અકસ્માતો ભવિષ્યમાં ના સર્જાય તે માટે વધુ ટ્રેક્સની ફાળવણી કરવામાં આવેલ છે. આવા બનાવો અટકાવવા માટે ગ્રામ લોકો દ્વારા તાત્કાલિક નજીકની વન વિભાગની કચેરીને જાણ થતાં જ બચાવ કામગીરી હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત રેલ્વે મેનેજર, વેસ્ટર્ન રેલ્વે, ભાવનગર સાથે બેઠક કરી સિંહોની સલામતીના પગલાં લેવા વિવિધ પગલાં લેવા અંગેના નિર્ણય લેવામાં આવેલ છે.

## પ્રાણીઓ દ્વારા ખેતીના પાકને નુકશાન

અતારાંકિત : ૪૬૬૫ (૦૨-૦૨-૨૦૧૫): શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં પ્રાણીઓ દ્વારા ખેતીના પાકને થતા નુકસાન બદલ ખેડૂતોને આર્થિક વળતર આપવા કોઇ યોજના તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો તેની શી વિગતો છે ?

વન મંત્રીશ્રી (૦૩-૦૩-૨૦૧૫) :

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજ્યમાં ગ્રીન કવરમાં ઘટાડો બાબત

અતારાંકિત : ૪૬૮૬ (૨૭-૦૧-૨૦૧૫): શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજ્યમાં ડીસેમ્બર-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ગ્રીન કવરમાં કેટલો ઘટાડો નોંધાયો છે,

(૨) જો હા, તો તેના શાં કારણો, અને

(૩) ઘટેલા ગ્રીન કવરને પુનઃસ્થાપિત કરવા શાં પગલા લેવાયા છે અને તેની જવાબદારી કોને સોંપાઈ છે?

વન મંત્રીશ્રી (૦૨-૦૩-૨૦૧૫) :

(૧) રાજ્યના ફોરેસ્ટ કવર તેમજ વન વિસ્તાર બહારના વૃક્ષાચ્છાદિત વિસ્તારમાં કોઈ ઘટાડો નોંધાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

રાજ્યમાં વન વિસ્તારના ક્ષેત્રફળ બાબત

અતારાંકિત : ૪૭૩૧(૨૭-૦૧-૨૦૧૫): ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ ક્ષેત્રફળ પૈકી કેટલા વિસ્તારમાં વન વિસ્તાર આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા વિસ્તારમાં વન હોવું જોઈએ, અને

(૩) ઉક્ત સ્થિતિએ વન વિસ્તાર વધારવા રાજ્ય સરકારે શાં પગલાં લીધા ?

વન મંત્રીશ્રી (૦૨-૦૩-૨૦૧૫) :

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ ક્ષેત્રફળ ૧,૯૬,૦૨૨ ચોરસ કિલોમીટર પૈકી ૨૧,૬૪૭ ચોરસ કિલોમીટર વિસ્તારમાં વન વિસ્તાર આવેલ છે.

(૨) કુલ ભૌગોલિક વિસ્તાર પૈકી એક તૃતિયાંશ ભાગ વૃક્ષ આચ્છાદિત હોવો જોઈએ.

(૩) વન વિસ્તાર તેમજ વન વિસ્તાર બહારનાં વિસ્તારમાં વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવે છે.

માળીયા હાટીના તાલુકામાં પેરાપેટ વિનાના ખુલ્લા કુવા

અતારાંકિત : ૪૭૪૫(૦૨-૦૨-૨૦૧૫) ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) માળીયા હાટીના તાલુકાના અમરાપુર ગામની વાડીના ખુલ્લા કુવામાં એક સિંહ તા. ૦૩-૧૧-૨૦૧૪ના રોજ પડી ગયો હતો તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો પેરાપેટ વિનાનો ખુલ્લો કુવા રાખનાર ઈસમ સામે કયા કાયદા નીચે શાં પગલાં લેવાયા છે, અને

(૩) આ વિસ્તારમાં કેટલા ખુલ્લા કુવા છે તથા આવા ખુલ્લા કુવાઓને પેરાપેટ દિવાલોથી સુરક્ષીત કરવા શાં પગલાં લેવાયા છે?

વન મંત્રીશ્રી (૦૩-૦૩-૨૦૧૫) :

(૧) હા, જી.

(૨) ખુલ્લા કુવા રાખનાર સામે પગલા લેવા માટે કોઈ કાયદાકીય જોગવાઈ ન હોવાથી પગલાં લેવામાં આવેલ નથી.

(૩) માળીયા હાટીના તાલુકાના બૃહદગીર વિસ્તારમાં જાન્યુઆરી-૨૦૧૫ની સ્થિતિએ ૨૫૦૧ ખુલ્લા કુવા છે. જેને પેરાપેટ વોલથી સુરક્ષીત કરવા માટે નાણાકીય જોગવાઈ પ્રમાણે કામગીરી કરવામાં આવી રહેલ છે.

ધારી તાલુકામાં ખુલ્લા કુવા રાખનાર ઈસમો સામે લીધેલા પગલાં

અતારાંકિત : ૪૭૮૮(૦૪-૦૨-૨૦૧૫) ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) ધારી તાલુકાના ગોવિંદપુરા ગામની સીમમાં આવેલી વાડીમાં ખુલ્લા કુવામાં પડી જવાથી તા. ૦૯-૦૧-૨૦૧૫ના રોજ એક સિંહણનું મોત થયું હતું તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ખુલ્લો કુવો રાખનાર સામે શાં પગલાં લેવાયા છે, અને

(૩) સિંહોના મોત માટે જવાબદાર તમામ ખુલ્લા કુવાને દિવાલથી સુરક્ષીત બનાવવા રાજ્ય સરકારે શી નક્કર કાર્ય યોજના બનાવી છે?

વન મંત્રીશ્રી (૦૩-૦૩-૨૦૧૫) :

(૧) હા, જી.

(૨) ખુલ્લો કુવો રાખનાર સામે પગલા લેવા માટે કોઈ કાયદાકીય જોગવાઈ ન હોવાથી પગલાં લેવામાં આવેલ નથી. પરંતુ કુવાના કાંઠા બાંધવા માટે સહાયની (પેરાપેટ વોલ) સરકારશ્રીની યોજના અમલમાં છે તે યોજનાનો લાભ લેવા અંગે ઈસમને સમજ આપવામાં આવેલ છે.

(૩) સરકારશ્રી દ્વારા નિયત ધારાધોરણ મુજબ ઉપલબ્ધ ગ્રાન્ટની મર્યાદામાં વહેલામાં વહેલી તકે ખુલ્લા કુવાઓને પેરાપેટ દિવાલો બનાવવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

દહેગામ તાલુકામાં મોરનું ચૂંટણી

અતારાંકિત : ૪૭૮૯(૦૨-૦૨-૨૦૧૫) ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) :માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) દહેગામ તાલુકાના બારીયાના છાપરા પાસે જાહેર રસ્તા પર વાહન ચાલકે નવેમ્બર-૨૦૧૪માં એક રાષ્ટ્રીય પક્ષી મોરને ટક્કર મારી હતી અને મોર ચૂંટણી પામ્યો હતો તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો રાષ્ટ્રીય પક્ષીનું મોત નીપજાવનાર ગુનાહીત ઈસમ કોણ હતા,

(૩) આ ઈસમ સામે શી કાનુની કાર્યવાહી થઈ છે, અને

(૪) રાષ્ટ્રીય પક્ષીના પ્રોટોકોલ મુજબ કઈ જગ્યાએ અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા ?

વન મંત્રીશ્રી (૦૩-૦૩-૨૦૧૫) :

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## સુંદરનગર ગામમાં સિંહનું ચૂંટણી

અતારાંકિત : ૪૭૯૪(૦૨-૦૨-૨૦૧૫) ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) :માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના સુંદરનગર ગામ નજીક એક વાડીમાં ઓક્ટોબર-૨૦૧૪માં એક સિંહ ચૂંટણી પામેલી હાલતમાં મળી આવ્યો હતો તે હકીકત સાચી છે,

(૨) પોસ્ટ મોર્ટમ રીપોર્ટ મુજબ સિંહનું મોત કયા કારણોસર થયું હતું. અને

(૩) સિંહના મોત માટે જવાબદાર આરોપી સામે શી કાનુની પગલાં લેવાયાં છે?

વન મંત્રીશ્રી (૦૩-૦૩-૨૦૧૫) :

(૧) હા, જી.

(૨) પોસ્ટમોર્ટમ રીપોર્ટ મુજબ સિંહનું મોત ઈલેકટ્રીક શોક લાગવાથી થયેલું હતું.

(૩) સિંહના મોત માટે જવાબદાર આરોપી સામે વન્ય પ્રાણી સંરક્ષણ ધારા, ૧૯૭૨ (સુધારા-૨૦૦૨) અન્વયે ગુન્હો નોંધી આરોપીને નામ. કોર્ટમાં રજુ કરતા, નામ. કોર્ટ દ્વારા તેના જામીન મંજુર કરવામાં આવેલ છે. તેમ છતાં આરોપીના જામીન નામંજુર કરવા નામ. સેસન્સ કોર્ટ, મહુવામાં આપીલ અરજી દાખલ કરવામાં આવેલ છે, જેની કાર્યવાહી ચાલુ છે.

## અમરેલી, ભાવનગરમાં ફાર્માસિસ્ટોની ગેરહાજરીમાં ચાલતા મેડીકલ સ્ટોર્સ સામે લીધેલ પગલાં

અતારાંકિત : ૪૨૨૨ (૨૧-૦૧-૨૦૧૫) પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ અમરેલી અને ભાવનગરમાં ફાર્માસિસ્ટોની ગેરહાજરીમાં મેડીકલ સ્ટોર્સ ચાલી રહ્યા છે તે હકીકત ખરી છે,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ફાર્માસિસ્ટોની ગેરહાજરીમાં મેડીકલ સ્ટોર્સ ચાલી રહ્યાનાં કેટલાં કિસ્સાઓ ધ્યાને આવ્યા,

(૩) આવા ધ્યાને આવેલ કિસ્સાઓમાં શું કાર્યવાહીઓ કરવામાં આવી, અને

(૪) આ અંગે નિયમનું કડકપણે પાલન થાય તે અંગે સરકાર દ્વારા કેવા પગલાં લેવામાં આવ્યા છે ?

આરોગ્ય મંત્રીશ્રી (૦૨-૦૩-૨૦૧૫) :

(૧) તપાસ દરમ્યાન કેટલાક કિસ્સાઓ ધ્યાને આવેલ છે.

(૨) તપાસ સમયે ફાર્માસિસ્ટોની ગેરહાજરીના ધ્યાને આવેલ કિસ્સાઓની માહિતી

| ભાવનગર જિલ્લો | | અમરેલી જિલ્લો | |
|---|---|---|---|
| તાલુકો | સંખ્યા | તાલુકો | સંખ્યા |
| ભાવનગર સીટી | ૭૭ | અમરેલી | ૨૪ |
| તળાજા | ૧ | બાબરા | ૪ |
| ઉમરાળા | ૭ | બગસરા | ૨ |
| પાલીતાણા | ૫ | ધારી | ૧ |
| શીહોર | ૧૩ | જાફરાબાદ | ૦ |

| | | | |
|---|---|---|---|
| જેસર | ૨ | ખાંભા | ૭ |
| મહુવા | ૮ | કુંકાવાવ વડીયા | ૧ |
| વલ્લભીપુર | ૨ | લાઠી દામનગર | ૬ |
| ગારીયાધર | ૭ | મોટા લીલીયા | ૦ |
| ઘોઘા | ૧ | રાજુલા | ૧૨ |
| | | સાવરકુંડલા | ૧૧ |
| કુલઃ | ૧૨૩ | કુલઃ | ૬૮ |

(૩) ધ્યાને આવેલ કિસ્સાઓમાં ૧ થી ૩૦ દિવસ સુધીના સમય માટે પરવાના સ્થગિત કરવા કે રદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારો, ૧૯૪૦ અને તે અન્વયેના નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે માટે પેઢીઓની સમયાંતરે તપાસ કરવામાં આવે છે.

જકોટ, ગીર સોમનાથ અને જુનાગઢમાં ફાર્માસિસ્ટોની ગેરહાજરીમાં ચાલતા મેડીકલ સ્ટોર્સ સામે લીધેલ પગલાં

અતારાંકિત : ૪૨૨૩ (૨૧-૦૧-૨૦૧૫) પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ, ગીર સોમનાથ અને જુનાગઢમાં ફાર્માસિસ્ટોની ગેરહાજરીમાં મેડીકલ સ્ટોર્સ ચાલી રહ્યા છે તે હકીકત ખરી છે,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ફાર્માસિસ્ટોની ગેરહાજરીમાં મેડીકલ સ્ટોર્સ ચાલી રહ્યાનાં કેટલાં કિસ્સાઓ ધ્યાને આવ્યા,

(૩) આવા ધ્યાને આવેલ કિસ્સાઓમાં શું કાર્યવાહીઓ કરવામાં આવી, અને

(૪) આ અંગે નિયમનું કડકપણે પાલન થાય તે અંગે સરકાર દ્વારા કેવા પગલાં લેવામાં આવ્યા છે ?

આરોગ્ય મંત્રીશ્રી (૦૨-૦૩-૨૦૧૫) :

(૧) તપાસ દરમ્યાન કેટલાક કિસ્સાઓ ધ્યાને આવેલ છે.

(૨) તપાસ સમયે ફાર્માસિસ્ટોની ગેરહાજરીના ધ્યાને આવેલ કિસ્સાઓની માહિતી

| રાજકોટ જિલ્લો | | ગીર સોમનાથ જિલ્લો | | જુનાગઢ જિલ્લો | |
|---|---|---|---|---|---|
| તાલુકો | સંખ્યા | તાલુકો | સંખ્યા | તાલુકો | સંખ્યા |
| રાજકોટ શહેર | ૧૯૭ | વેરાવળ | ૧૨ | જુનાગઢ સીટી | ૪૭ |
| રાજકોટ ગ્રામ્ય | ૧૭ | કોડીનાર | ૧૦ | માણાવદર | ૦૨ |
| ગોંડલ | ૩૨ | સુત્રાપાડા | ૦૧ | વંથલી | ૦૧ |
| જેતપુર | ૧૨ | તલાલા | ૦૫ | ભેંસાણ | ૦૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| જસદણ | ૨૫ | ઉના | ૧૯ | વિસાવદર | ૦૬ |
| ધોરાજી | ૪ | ગીર ગઢડા | ૦૦ | કેશોદ | ૧૦ |
| ઉપલેટા | ૪ | | | મેંદરડા | ૦૨ |
| જામ કંડોરણા | ૯ | | | માંગરોળ | ૦૯ |
| કોટડા સાંગાણી | ૭ | | | માળીયા હાટીના | ૦૫ |
| પડધરી | ૬ | | | | |
| લોધીકા | ૧ | | | | |
| કુલઃ | ૩૧૪ | કુલ | ૪૭ | કુલ | ૮૩ |

(૩) ૧ થી ૪૦ દિવસ માટે પરવાનાઓ સ્થગિત કરવા કે રદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારો ૧૯૪૦ અને તે અન્વયેના નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે માટે પેઢીઓની સમયાંતરે તપાસ કરવામાં આવે છે.

પોરબંદર, દેવભૂમિ દ્વારકા અને જામનગરમાં ફાર્માસિસ્ટોની ગેરહાજરીમાં
ચાલતા મેડીકલ સ્ટોર્સ સામે લીધેલ પગલાં

અતારાંકિત : ૪૨૨૫ (૨૧-૦૧-૨૦૧૫) પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ પોરબંદર, દેવભૂમિ દ્વારકા અને જામનગરમાં ફાર્માસિસ્ટોની ગેરહાજરીમાં મેડીકલ સ્ટોર્સ ચાલી રહ્યા છે તે હકીકત ખરી છે,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ફાર્માસિસ્ટોની ગેરહાજરીમાં મેડીકલ સ્ટોર્સ ચાલી રહ્યાનાં કેટલાં કિસ્સાઓ ધ્યાને આવ્યા,

(૩) આવા ધ્યાને આવેલ કિસ્સાઓમાં શું કાર્યવાહીઓ કરવામાં આવી, અને

(૪) આ અંગે નિયમનું કડકપણે પાલન થાય તે અંગે સરકાર દ્વારા કેવા પગલાં લેવામાં આવ્યા છે ?

આરોગ્ય મંત્રીશ્રી (૦૨-૦૩-૨૦૧૫) :

(૧) તપાસ દરમ્યાન કેટલાક કિસ્સાઓ ધ્યાને આવેલ છે.

(૨) તપાસ સમયે ફાર્માસિસ્ટોની ગેરહાજરીના ધ્યાને આવેલ કિસ્સાઓની માહિતી

| પોરબંદર જિલ્લો | | દેવભૂમિ દ્વારકા જિલ્લો | | જામનગર જિલ્લો | |
|---|---|---|---|---|---|
| તાલુકો | સંખ્યા | તાલુકો | સંખ્યા | તાલુકો | સંખ્યા |
| પોરબંદર | ૨૩ | દ્વારકા | ૦૫ | જામનગર | ૧૨૩ |
| રાણાવાવ | ૦૪ | જામખંભાળીયા | ૧૧ | ધ્રોલ | ૦૩ |
| કુતીયાણા | ૦૩ | જામકલ્યાણપુર | ૧૧ | જોડીયા | ૦૫ |
| | | ભાણવડ | ૦૬ | કાલાવાડ | ૧૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | જામજોધપુર | ૦૪ |
| કુલઃ | ૩૦ | કુલ | ૩૩ | કુલ | ૧૪૮ |

(૩) ૧ થી ૧૫ દિવસ માટે પરવાના સ્થગિત કરવા કે રદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારો, ૧૯૪૦ અને તે અન્વયેના નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે માટે પેઢીઓની સમયાંતરે તપાસ કરવામાં આવે છે.

બનાસકાંઠા, સાબરકાંઠા અને સુરેન્દ્રનગરમાં ફાર્માસિસ્ટોની ગેરહાજરીમાં ચાલતા
મેડીકલ સ્ટોર્સ સામે લીધેલ પગલાં

અતારાંકિત : ૪૨૨૬ (૨૧-૦૧-૨૦૧૫) પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા, સાબરકાંઠા અને સુરેન્દ્રનગરમાં ફાર્માસિસ્ટોની ગેરહાજરીમાં મેડીકલ સ્ટોર્સ ચાલી રહ્યા છે તે હકીકત ખરી છે,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ફાર્માસિસ્ટોની ગેરહાજરીમાં મેડીકલ સ્ટોર્સ ચાલી રહ્યાનાં કેટલાં કિસ્સાઓ ધ્યાને આવ્યા,

(૩) આવા ધ્યાને આવેલ કિસ્સાઓમાં શું કાર્યવાહીઓ કરવામાં આવી, અને

(૪) આ અંગે નિયમનું કડકપણે પાલન થાય તે અંગે સરકાર દ્વારા કેવા પગલાં લેવામાં આવ્યા છે ?

આરોગ્ય મંત્રીશ્રી (૦૨-૦૩-૨૦૧૫) :

(૧) તપાસ દરમ્યાન કેટલાક કિસ્સાઓ ધ્યાને આવેલ છે.

(૨) તપાસ સમયે ફાર્માસિસ્ટોની ગેરહાજરીના ધ્યાને આવેલ કિસ્સાઓની માહિતી

| બનાસકાંઠા જીલ્લો | | સાબરકાંઠા જીલ્લો | | સુરેન્દ્રનગર જીલ્લો | |
|---|---|---|---|---|---|
| તાલુકો | સંખ્યા | તાલુકો | સંખ્યા | તાલુકો | સંખ્યા |
| પાલનપુર | ૧૫ | હિંમતનગર | ૩૬ | સુરેન્દ્રનગર | ૩૬ |
| ડીસા | ૨૪ | ખેડબ્રહ્મા | ૦૯ | લીંબડી | ૦૪ |
| દિયોદર | ૧૪ | વિજયનગર | ૧૨ | ચોટીલા | ૦૬ |
| ધાનેરા | ૦૨ | ઈડર | ૨૮ | ધ્રાંગધ્રા | ૦૯ |
| દાંતીવાડ | ૦૭ | પ્રાંતિજ | ૧૨ | લખતર | ૦૩ |
| વાવ | ૦૧ | વડાલી | ૦૭ | દસાડા | ૦૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| થરાદ | ૦૧ | તલોદ | ૧૧ | મુળી | ૦૩ |
| વડગામ | ૦૫ | પોશીના | ૦૦ | સાયલા | ૦૧ |
| કુલઃ | ૬૯ | કુલ | ૧૧૫ | કુલ | ૬૬ |

(૩) ધ્યાને આવેલ કિસ્સાઓમાં મેડીકલ સ્ટોર્સના પરવાનાઓ ૧ થી ૨૦ દિવસ સુધીના સમય માટે સ્થગિત કરવા કે પરવાના રદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારો, ૧૯૪૦ અને તે અન્વયેના નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે માટે પેઢીઓની સમયાંતરે તપાસ કરવામાં આવે છે.

રાજ્યમાં ફાર્માસિસ્ટોની ગેરહાજરીમાં ચાલતા મેડીકલ સ્ટોર્સ સામે કાયદાકીય પગલાં ભરવા બાબત

અતારાંકિત : ૪૫૧૮ (૨૩-૦૧-૨૦૧૫): શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં ફાર્માસિસ્ટોની ગેરહાજરીમાં ચાલતા મેડીકલ સ્ટોર્સ તેમજ ડયુઅલ જોબ કરતા ફાર્માસિસ્ટ પકડાય તો તેની સામે કેવા કાયદાકીય પગલા ભરવાની સરકારની જોગવાઈ છે,

(૨) ઉક્ત સ્થિતિએ આવા ફાર્માસિસ્ટ પકડાય તો તેવા વિસ્તારોમાં જવાબદાર ઈન્સ્પેકટર કે અન્ય અધિકારી કર્મીઓ સામે કોઈ પગલાં ભરવાની સરકારની વિચારણા ચાલી રહી છે તે હકીકત ખરી છે,

(૩) જો હા, તો તેની વિગતો શી છે, અને

(૪) આવા જવાબદાર ઈન્સ્પેકટર કે અન્ય અધિકારી કર્મીઓ સામે કોઈ પગલાં ન ભરવાના શા કારણો છે ?

આરોગ્ય મંત્રીશ્રી (૦૪-૦૩-૨૦૧૫) :

(૧) રાજ્યમાં ફાર્માસિસ્ટ વિના ચાલતા મેડીકલ સ્ટોર્સ સામે સને ૧૯૪૦ના ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારાની જોગવાઈ મુજબ પગલાં લેવામાં આવે છે. ફાર્માસિસ્ટ સામે પગલાં લેવાની સત્તા ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલને હોઈ કાઉન્સિલને તે વ્યકિત સામે જરૂરી પગલાં લેવા જણાવવામાં આવે છે.

(૨) ખંડ ૧ મુજબ, ઈન્સ્પેકટરની જવાબદારી પ્રસ્થાપિત થતી ન હોય ત્યાં પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ખંડ ૨ મુજબ. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ખંડ ૨ મુજબ. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ચીખલી ગામ પાસે ગૌવંશનાં ચૂંટણી બાબત

અતારાંકિત : ૩૯૧૧ (૧૩-૦૧-૨૦૧૫): શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) વ્યારા તાલુકાના ચીખલી ગામ પાસે ૧૨ અને ૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ ગેરકાયદે કતલ માટે પાંચ જેટલા ગૌવંશ વાછરડા લઈ જવાતા હતા ત્યારે વાહન પલટી ખાઈ જતાં તેમાં રહેલા તમામ ગૌવંશ વાછરડા દબાઈ ગયા હતા અને તેના કરૂણ ચૂંટણી થયા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ગુનાહીત કામના મુળ આરોપીઓ કોણ છે અને તેની સામે પાસા સહીત શા કાનુની પગલાં લેવાયા છે, અને

(૩) ગૌવંશ વાછરડાને કયા શહેરના કયા કતલખાનામાં લઈ જવાતા હતા અને તેના સંચાલકો સામે પાસા સહીત શી કાનુની કાર્યવાહી કરવામાં આવી છે?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) (૦૫-૦૩-૨૦૧૫) :

(૧) ના, જી. વાછરડાઓનું ચૂંટણી થયેલ નથી, તે જીવિત મળી આવેલ હતા.

(૨) આ કામના આરોપી નંબર (૧) ઝાકીર કરીમ મુલતાની, (૨) અયુબ મોહમદ મુલતાની, (૩) અબઝલ અયુબ ત્રણે રહે. ઝંખવાવ, તા. માંગરોળ, જિ. સુરતનાઓ છે. આરોપીઓ વિરૂદ્ધ વ્યારા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજિસ્ટર નંબર ૨૩૯/૨૦૧૪ અન્વયે ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ની કલમ-૫, ૬ (ક) ૮, ૯, ૧૦ તથા ધી પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ની કલમ-૧૧ (૧) (ક), (ઘ), (ચ), (ઝ) અને (ડ) તથા એમ.વી. એક્ટ કલમ ૨૭૯, ૧૨૩, ૧૭૭,૧૮૪, ૧૩૪ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે. પાસા કરાયેલ નથી.

(૩) સદર પાંચ વાછરડાઓને મહારાષ્ટ્ર રાજ્યના ધુલીયા ખાતે માર્કેટમાં વેચાણ માટે લઈ જવાતા હતા.

રાજ્યમાં એટ્રોસીટી એક્ટ હેઠળનાં પડતર કેસો

અતારાંકિત : ૪૫૦૬ (૨૧-૦૧-૨૦૧૫): ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :

માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં એટ્રોસીટી એક્ટ હેઠળના કુલ કેટલા કેસો પડતર છે?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) (૦૪-૦૩-૨૦૧૫) :

તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં એટ્રોસીટી એક્ટ હેઠળના કુલ ૫૩૩૨ કેસો કોર્ટે પડતર છે.

રાજ્યમાં મોબાઈલ ફોરેન્સિક ગૌમાંસ પરીક્ષણ વાન દ્વારા ગૌમાંસની ચકાસણી

અતારાંકિત : ૪૬૩૦ (૨૮-૦૧-૨૦૧૫): શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :

માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજ્યમાં મોબાઈલ ફોરેન્સિક ગૌમાંસ પરીક્ષણ વાન દ્વારા સન ૨૦૧૦ થી ૨૦૧૪ સુધીમાં વર્ષવાર કેટલા કિસ્સામાં ગૌમાંસ (બીફ)ની વૈજ્ઞાનિક રીતે ચકાસણી કરવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલા કિસ્સામાં ગૌમાંસ પુરવાર થયુ / જણાયું ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) (૦૪-૦૩-૨૦૧૫) :

(૧)

| વર્ષ | - | કેસ |
|---|---|---|
| ૨૦૧૦ | - | ૫૯ |
| ૨૦૧૧ | - | ૮૮ |

| | | | |
|---|---|---|---|
| | ૨૦૧૨ | - | ૧૨૧ |
| | ૨૦૧૩ | - | ૧૨૮ |
| | ૨૦૧૪ | - | ૨૨૦ |
| (૨) | કુલ | - | ૫૫૭ |

શામળાજી આર.ટી.ઓ. ચેક પોસ્ટ પાસેથી ગૌવંશ બચાવવા બાબત

અતારાંકિત : ૪૬૩૨(૩૦-૦૧-૨૦૧૫) : શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) શામળાજી આર.ટી.ઓ. ચેકપોસ્ટ પાસેથી નવેમ્બર-૨૦૧૪માં રાજસ્થાન થી ગુજરાતમાં ગેરકાનુની રીતે કતલખાનામાં ટ્રક મારફતે લઈ જવાતા એકવીસ ગાય વાછરડા બચાવી લીધા હતા તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો આ કિસ્સામાં ગુજરાત પ્રાણી સંરક્ષણ (સુધારા) અધિનિયમ-૨૦૧૧ અન્વયે ગુન્હો નોંધી પોલીસે વાહનને છ માસ માટે જપ્ત કર્યું છે કે કેમ,

(૩) આરોપીઓ સામે "પાસા" સહિત શી કાનુની કાર્યવાહી હાથ ધરાઈ છે, અને

(૪) ઉક્ત ગાય-વાછરડા કયા શહેરમાં લઈ જવાતા હતા અને તેનાં સંચાલકો સામે શી કાનુની કાર્યવાહી થઈ છે?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) (૦૫-૦૩-૨૦૧૫) :

(૧) હા, જી.

(૨) હા, જી.

(૩) આરોપીઓ વિરૂદ્ધ શામળાજી પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજિસ્ટર નંબર-૩૨૨૩/૧૪ પશુ સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૧ની કલમ-૫, ૬, ૬ (ક) (૧) (૨) (૩), ૮ પશુ ઘાતકીપણાની કલમ-૧૧ ઈ, એલ તથા એમ.વી. એક્ટ કલમ-૧૭૭, ૧૮૪, ૧૯૨, તથા જી.પી. એક્ટ કલમ-૧૧૯ મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ છે. તેમજ પાસાની દરખાસ્ત જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીની વિચારણા હેઠળ છે.

(૪) તપાસ દરમ્યાન આરોપીઓએ ચોક્કસ હકીકત જણાવેલ નથી. હાલ સદર ગુન્હાની તપાસ ચાલુમાં છે.

કોટડા સાંગાણી તાલુકામાં બકરાની બલી ચડાવવા બાબત

અતારાંકિત : ૪૭૩૬(૦૨-૦૨-૨૦૧૫) ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) :: માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી તાલુકાના પિપલાણા-રાજપરા ગામની સીમમાં મેલડી માતાના મંદિરમાં ઓક્ટોબર-૨૦૧૪માં બે બકરાની ગેરકાયદે બલી ચડાવી મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા તે હકિકત સાચી છે.

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ આરોપીઓ સામે કેવા કાયદા હેઠળ ગુન્હો નોંધી શી કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, અને

(૩) આ મંદિરમાં અપાતી ગેરકાનુની બલી પ્રથાને સદંતર બંધ કરવા શી વ્યવસ્થા થઈ છે?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) (૦૫-૦૩-૨૦૧૫) :

(૧) હા, જી.

(૨) આરોપીઓ સામે કોટડા સાંગાણી પોલીસ સ્ટેશન ગુન્હા રજિસ્ટર નંબર ૫૮/૧૪, ઈ.પી.કો. કલમ, ૪૨૯, ૧૧૪ તથા પશુ પ્રત્યે ઘાતકીપણા કલમ-૧૧ એલ મુજબ કાર્યવાહી કરી ચાર્જશીટ કમીટ કરવામાં આવેલ છે.

(૩) પેટ્રોલીંગ દ્વારા આવી પ્રવૃત્તિઓ ઉપર વોચ રાખવામાં આવે છે, તેમજ જ્યારે પણ બાતમીદારો તરફથી આવી કોઈ બાતમી મળે તો ત્વરિત આવી પ્રવૃત્તિ કરતાં ઈસમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી અટકાયતી પગલાંઓ લેવામાં આવે છે.

અમરેલી અને ભાવનગર જિલ્લામાં મોટા ઉદ્યોગોને લોન

અતારાંકિત : ૪૫૨૨ (૨૧-૦૧-૨૦૧૫) પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કયા મોટા ઉદ્યોગોને રાજ્ય સરકારે કેટલી લોન આપી,

(૨) આ લોન કે તેનાં વ્યાજમાં કેવા પ્રકારની રાહતો આપી,

(૩) આ રાહતો આપવાનાં શાં કારણો હતા, અને

(૪) આ લોનમાં વ્યાજનો દર શો હતો ?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) (૦૩-૦૩-૨૦૧૫) :

(૧), (૨),

(૩) છેલ્લા પાંચ વર્ષમાં મોટા ઉદ્યોગોને આ જિલ્લાઓમાં રાજ્ય સરકારે કોઈ લોન આપેલ નથી.

અને તેથી, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)

પોરબંદર, ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં મોટા ઉદ્યોગોને લોન

અતારાંકિત : ૪૫૨૩ (૨૧-૦૧-૨૦૧૫) પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ પોરબંદર, ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કયા મોટા ઉદ્યોગોને રાજ્ય સરકારે કેટલી લોન આપી,

(૨) આ લોન કે તેનાં વ્યાજમાં કેવા પ્રકારની કેટલી રાહતો આપી,

(૩) આ રાહતો આપવાનાં શાં કારણો હતા, અને

(૪) આ લોનમાં વ્યાજનો દર શો હતો ?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) (૦૩-૦૩-૨૦૧૫) :

(૧), (૨),

(૩) છેલ્લા પાંચ વર્ષમાં મોટા ઉદ્યોગોને આ જિલ્લાઓમાં રાજ્ય સરકારે કોઈ લોન આપેલ નથી.

અને તેથી, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)

કચ્છ, મોરબી અને બોટાદ જિલ્લામાં મોટા ઉદ્યોગોને લોન

અતારાંકિત : ૪૫૨૪(૨૧-૦૧-૨૦૧૫) પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કચ્છ, મોરબી અને બોટાદ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કયા મોટા ઉદ્યોગોને રાજ્ય સરકારે કેટલી લોન આપી,

(૨) આ લોન કે તેનાં વ્યાજમાં કેવા પ્રકારની કેટલી રાહતો આપી,

(૩) આ રાહતો આપવાનાં શાં કારણો હતા, અને

(૪) આ લોનમાં વ્યાજનો દર શો હતો ?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) (૦૩-૦૩-૨૦૧૫) :

(૧), (૨),

(૩) છેલ્લા પાંચ વર્ષમાં મોટા ઉદ્યોગોને આ જિલ્લાઓમાં રાજ્ય સરકારે કોઈ લોન આપેલ નથી.

અને તેથી, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)

રાજકોટ, દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં મોટા ઉદ્યોગોને લોન

અતારાંકિત : ૪૫૨૫(૨૧-૦૧-૨૦૧૫) પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ, દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કયા મોટા ઉદ્યોગોને રાજ્ય સરકારે કેટલી લોન આપી,

(૨) આ લોન કે તેનાં વ્યાજમાં કેવા પ્રકારની કેટલી રાહતો આપી,

(૩) આ રાહતો આપવાનાં શાં કારણો હતાં, અને

(૪) આ લોનમાં વ્યાજનો દર શો હતો ?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) (૦૩-૦૩-૨૦૧૫) :

(૧) , (૨)

(૩)
અને     છેલ્લાં પાંચ વર્ષમાં મોટા ઉદ્યોગોને આ જિલ્લાઓમાં રાજ્ય સરકારે કોઇ લોન આપેલ નથી, તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪)

બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણ જિલ્લામાં મોટા ઉદ્યોગોને લોન

અતારાંકિત : ૪૫૨૬ (૨૧-૦૧-૨૦૧૫) પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કયા મોટા ઉદ્યોગોને રાજ્ય સરકારે કેટલી લોન આપી,

(૨) આ લોન કે તેનાં વ્યાજમાં કેવા પ્રકારની કેટલી રાહતો આપી,

(૩) આ રાહતો આપવાનાં શાં કારણો હતાં, અને

(૪) આ લોનમાં વ્યાજનો દર શો હતો ?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) (૦૩-૦૩-૨૦૧૫) :

(૧) , (૨)
(૩)
અને     છેલ્લાં પાંચ વર્ષમાં મોટા ઉદ્યોગોને આ જિલ્લાઓમાં રાજ્ય સરકારે કોઇ લોન આપેલ નથી, તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪)

ગાંધીનગર, અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં મોટા ઉદ્યોગોને લોન

અતારાંકિત : ૪૫૨૭ (૨૧-૦૧-૨૦૧૫) પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર, અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કયા મોટા ઉદ્યોગોને રાજ્ય સરકારે કેટલી લોન આપી,

(૨) આ લોન કે તેનાં વ્યાજમાં કેવા પ્રકારની કેટલી રાહતો આપી,

(૩) આ રાહતો આપવાનાં શાં કારણો હતાં, અને

(૪) આ લોનમાં વ્યાજનો દર શો હતો ?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) (૦૫-૦૩-૨૦૧૫) :

(૧) (૧) છેલ્લાં પાંચ વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સાણંદ તાલુકામાં મોટા ઉદ્યોગ તરીકે મે. ટાટા મોટર્સ લી. નેનો કાર પ્રોજેકટને વર્ષવાર એકમે ચુકવેલ ગ્રોસ વેલ્યુ એડેડ ટેક્ષની સામે નીચે મુજબ લોન આપવામાં આવી છે.

| વર્ષ | ચુકવેલ રકમ (રકમ રૂ. કરોડમાં) (લોન પેટે) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | રૂ. ૧૬૭.૨૦ |
| ૨૦૧૩-૧૪ | રૂ. ૨૫૨.૩૪ |
| ૨૦૧૪-૧૫ | રૂ. ૨૮.૦૬ |

| | |
|---|---|
| (તા. ૩૧-૧૨-૨૦૧૪ અંતિત) | |

(૨) જ્યારે ગાંધીનગર અને સુરેન્દ્રનગર જિલ્લામાં કોઇ લોન આપેલ નથી.

(૨)
અને થયેલ કરાર મુજબ લોન આપવામાં આવેલ છે. અગલથી કોઇ સહાય આપવામાં આવેલ નથી.
(૩)

(૪) ૦.૧ ટકાનો દર.

મહેસાણા, અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં મોટા ઉદ્યોગોને લોન

અતારાંકિત : ૪૫૨૮ (૨૧-૦૧-૨૦૧૫) પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા, અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કયા મોટા ઉદ્યોગોને રાજ્ય સરકારે કેટલી લોન આપી,

(૨) આ લોન કે તેનાં વ્યાજમાં કેવા પ્રકારની કેટલી રાહતો આપી,

(૩) આ રાહતો આપવાનાં શાં કારણો હતાં, અને

(૪) આ લોનમાં વ્યાજનો દર શો હતો ?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) (૦૫-૦૩-૨૦૧૫) :

(૧), (૨)
(૩)
અને છેલ્લાં પાંચ વર્ષમાં મોટા ઉદ્યોગોને આ જિલ્લાઓમાં રાજ્ય સરકારે કોઇ લોન આપેલ નથી, તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪)

વડોદરા, આણંદ અને ખેડા જિલ્લામાં મોટા ઉદ્યોગોને લોન

અતારાંકિત : ૪૫૨૯ (૨૧-૦૧-૨૦૧૫) પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ વડોદરા, આણંદ અને ખેડા જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કયા મોટા ઉદ્યોગોને રાજ્ય સરકારે કેટલી લોન આપી,

(૨) આ લોન કે તેનાં વ્યાજમાં કેવા પ્રકારની કેટલી રાહતો આપી,

(૩) આ રાહતો આપવાનાં શાં કારણો હતાં, અને

(૪) આ લોનમાં વ્યાજનો દર શો હતો ?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) (૦૫-૦૩-૨૦૧૫) :

(૧) , (૨)
(૩)
અને છેલ્લાં પાંચ વર્ષમાં મોટા ઉદ્યોગોને આ જિલ્લાઓમાં રાજ્ય સરકારે કોઇ લોન આપેલ નથી, તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪)

દાહોદ, પંચમહાલ અને છોટાઉદેપુર જિલ્લામાં મોટા ઉદ્યોગોને લોન

અતારાંકિત : ૪૫૩૦ (૨૧-૦૧-૨૦૧૫) પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ દાહોદ, પંચમહાલ અને છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કયા મોટા ઉદ્યોગોને રાજ્ય સરકારે કેટલી લોન આપી,

(૨) આ લોન કે તેનાં વ્યાજમાં કેવા પ્રકારની કેટલી રાહતો આપી,

(૩) આ રાહતો આપવાનાં શાં કારણો હતાં, અને

(૪) આ લોનમાં વ્યાજનો દર શો હતો ?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) (૦૫-૦૩-૨૦૧૫) :

(૧), (૨)
(૩)
અને
(૪)
છેલ્લાં પાંચ વર્ષમાં મોટા ઉદ્યોગોને આ જિલ્લાઓમાં રાજ્ય સરકારે કોઇ લોન આપેલ નથી, તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સુરત, ભરૂચ, નર્મદા અને તાપી જિલ્લામાં મોટા ઉદ્યોગોને લોન

અતારાંકિત : ૪૫૩૧ (૨૧-૦૧-૨૦૧૫) પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ સુરત, ભરૂચ, નર્મદા અને તાપી જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કયા મોટા ઉદ્યોગોને રાજ્ય સરકારે કેટલી લોન આપી,

(૨) આ લોન કે તેનાં વ્યાજમાં કેવા પ્રકારની કેટલી રાહતો આપી,

(૩) આ રાહતો આપવાનાં શાં કારણો હતાં, અને

(૪) આ લોનમાં વ્યાજનો દર શો હતો ?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) (૦૫-૦૩-૨૦૧૫) :

(૧), (૨)
(૩)
અને
(૪)
છેલ્લાં પાંચ વર્ષમાં મોટા ઉદ્યોગોને આ જિલ્લાઓમાં રાજ્ય સરકારે કોઇ લોન આપેલ નથી, તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લામાં મોટા ઉદ્યોગોને લોન

અતારાંકિત : ૪૫૩૨ (૨૧-૦૧-૨૦૧૫) પરેશ ધાનાણી (અમરેલી) : મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કયા મોટા ઉદ્યોગોને રાજ્ય સરકારે કેટલી લોન આપી,
(૨) આ લોન કે તેનાં વ્યાજમાં કેવા પ્રકારની કેટલી રાહતો આપી,
(૩) આ રાહતો આપવાનાં શાં કારણો હતાં, અને
(૪) આ લોનમાં વ્યાજનો દર શો હતો ?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) (૦૫-૦૩-૨૦૧૫) :

(૧), (૨)
(૩)
અને છેલ્લાં પાંચ વર્ષમાં મોટા ઉદ્યોગોને આ જિલ્લાઓમાં રાજ્ય સરકારે કોઇ લોન આપેલ નથી, તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪)

### વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમીટ-૨૦૦૫માં એમ.ઓ.યુ.

અતારાંકિત : ૪૫૭૧(૨૧-૦૧-૨૦૧૫) : ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) સને ૨૦૦૫માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમીટમાં કુલ કેટલી રકમના એમ.ઓ.યુ. થયા હતા,
(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલી રકમના કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા અને કેટલાના કામો પ્રગતિમાં છે, અને
(૩) થયેલ એમ.ઓ.યુ. પૈકી કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાંથી ખસી ગયા ?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) (૦૫-૦૩-૨૦૧૫) :

(૧) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૫માં કુલ રૂ. ૧૦૬૧૬૦.૪૧ કરોડના સુચિત મુડીરોકાણ સાથે ૨૨૭ પ્રોજેકટ માટે ૨૨૬ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા.
(૨) મુડી રોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. ઉત્પાદનમાં ગયા પછી પણ પ્રોજેકટમાં મુડીરોકાણ થવાનું ચાલતું રહે છે. થયેલ એમ.ઓ.યુ. પૈકી ૧૧૫ પ્રોજેકટ ઉત્પાદનમાં ગયેલ છે. ૧૯ પ્રોજેકટ અમલીકરણ હેઠળ છે, તથા ૧ પ્રોજેકટ પ્રાથમિક તબક્કામાં છે.
(૩) કુલ ૯૨ પ્રોજેકટ.

### વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમીટ-૨૦૦૭માં એમ.ઓ.યુ.

અતારાંકિત : ૪૫૭૨(૨૧-૦૧-૨૦૧૫): ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) સને ૨૦૦૭માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમીટમાં કુલ કેટલી રકમના કેટલા એમ.ઓ.યુ. થયા હતા,
(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલી રકમના કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા અને કેટલાના કામો પ્રગતિમાં છે, અને
(૩) થયેલ એમ.ઓ.યુ. પૈકી કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાંથી ખસી ગયા ?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) (૦૫-૦૩-૨૦૧૫) :

(૧) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૭માં કુલ રૂ. ૪૬૫૩૦૯.૮ કરોડના સુચિત મુડીરોકાણ સાથે ૪૫૪ પ્રોજેકટ માટે ૩૬૩ એમ.ઓ.યુ. કરવામાં આવેલ.

(૨) મુડી રોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. ઉત્પાદનમાં ગયા પછી પણ પ્રોજેક્ટમાં મુડીરોકાણ થવાનું ચાલતું રહે છે. થયેલ એમ.ઓ.યુ. પૈકી ૨૩૨ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ તેમજ ૪૦ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે, તથા ૧૩ પ્રોજેક્ટ પ્રાથમિક તબક્કામાં છે.

(૩) કુલ ૧૬૯ પ્રોજેક્ટ.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ-૨૦૦૯માં એમ.ઓ.યુ.

અતારાંકિતઃ ૪૫૭૩(૨૧-૦૧-૨૦૧૫): ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) સને ૨૦૦૯માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટમાં કુલ કેટલી રકમના કેટલા એમ.ઓ.યુ. થયા હતા,

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ કેટલી રકમના કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા અને કેટલાના કામો પ્રગતિમાં છે, અને

(૩) થયેલ એમ.ઓ.યુ. પૈકી કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાંથી ખસી ગયા ?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) : (૦૫-૦૩-૨૦૧૫) :

(૧) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૯માં કુલ રૂ. ૧૨૩૪૮૯૮.૪૮ કરોડના સુચિત મુડીરોકાણ સાથે ૩૫૭૪ પ્રોજેક્ટ માટે ૩૩૪૬ એમ.ઓ.યુ. કરવામાં આવેલ.

(૨) મુડીરોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. ઉત્પાદનમાં ગયા પછી પણ પ્રોજેક્ટમાં મુડીરોકાણ થવાનું ચાલતું રહે છે. થયેલ એમ.ઓ.યુ. પૈકી ૨૦૭૭ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ છે. ૩૪૪ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે, તથા ૨૦૨ પ્રોજેક્ટ પ્રાથમિક તબક્કામાં છે.

(૩) કુલ ૯૫૧ પ્રોજેક્ટ.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ-૨૦૧૧માં એમ.ઓ.યુ.

અતારાંકિતઃ ૪૫૭૪(૨૧-૦૧-૨૦૧૫): ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) સને ૨૦૧૧માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટમાં કુલ કેટલી રકમના કેટલા એમ.ઓ.યુ. થયા હતા,

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ કેટલી રકમના કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા અને કેટલાના કામો પ્રગતિમાં છે, અને

(૩) થયેલ એમ.ઓ.યુ. પૈકી કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાંથી ખસી ગયા ?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) (૦૫-૦૩-૨૦૧૫) :

(૧) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૧માં કુલ રૂ. ૨૦૮૩૧૮૨.૭૨ કરોડના સુચિત મુડીરોકાણ સાથે ૮૩૮૦ પ્રોજેક્ટ માટે ૮૩૮૦ એમ.ઓ.યુ. કરવામાં આવેલ.

(૨) મુડીરોકાણ તે સતત ચાલતી પ્રક્રિયા છે. ઉત્પાદનમાં ગયા પછી પણ પ્રોજેક્ટમાં મુડીરોકાણ થવાનું ચાલતું રહે છે. થયેલ એમ.ઓ.યુ. પૈકી ૩૬૭૮ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ છે. ૭૮૫ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. તથા ૮૫૯ પ્રોજેક્ટ પ્રાથમિક તબક્કામાં છે.

(૩) કુલ ૩૦૫૮ પ્રોજેક્ટ.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ-૨૦૧૩માં એમ.ઓ.યુ.

અતારાંકિતઃ ૪૫૭૫(૨૧-૦૧-૨૦૧૫): ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) સને ૨૦૧૩માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમીટમાં કુલ કેટલી રકમના કેટલા એમ.ઓ.યુ. થયા હતા,

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ કેટલી રકમના કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા અને કેટલાના કામો પ્રગતિમાં છે, અને

(૩) થયેલ એમ.ઓ.યુ. પૈકી કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાંથી ખસી ગયા ?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) (૦૫-૦૩-૨૦૧૫) :

(૧) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૩ માં કુલ ૧૭૭૧૯ ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શન મંજૂર કરવામાં આવેલ. જેમાં સુચિત મુડીરોકાણની વિગતો ધ્યાને લેવામાં આવેલ નથી.

(૨) મુડીરોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. ઉત્પાદનમાં ગયા પછી પણ પ્રોજેકટમાં મુડીરોકાણ થવાનું ચાલતું રહે છે. મંજૂર થયેલ ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શન પૈકી ૯૧૪૬ પ્રોજેકટ ઉત્પાદનમાં ગયેલ છે. ૨૧૬૧ પ્રોજેકટ અમલીકરણ હેઠળ છે. તથા ૨૪૪૩ પ્રોજેકટ પ્રાથમિક તબક્કામાં છે.

(૩) કુલ ૩૯૬૯ પ્રોજેકટ.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમીટ-૨૦૦૩માં એમ.ઓ.યુ.

અતારાંકિતઃ ૪૫૭૬(૨૧-૦૧-૨૦૧૫): ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) સને ૨૦૦૩ માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમીટમાં કુલ કેટલી રકમના કેટલા એમ.ઓ.યુ. થયા હતા,

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ કેટલી રકમના કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા અને કેટલાના કામો પ્રગતિમાં છે, અને

(૩) થયેલ એમ.ઓ.યુ. પૈકી કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાંથી ખસી ગયા ?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) (૦૫-૦૩-૨૦૧૫) :

(૧) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૩ માં કુલ રૂ. ૬૬૦૬૮.૫૦ કરોડના સુચિત મુડીરોકાણ સાથે ૮૦ પ્રોજેકટ માટે ૭૬ એમ.ઓ.યુ. કરવામાં આવેલ.

(૨) મુડીરોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. ઉત્પાદનમાં ગયા પછી પણ પ્રોજેકટમાં મુડીરોકાણ થવાનું ચાલતું રહે છે. થયેલ એમ.ઓ.યુ. પૈકી ૪૨ પ્રોજેકટ ઉત્પાદનમાં ગયેલ છે. તેમજ ૫ (પાંચ) પ્રોજેકટ અમલીકરણ હેઠળ છે.

(૩) કુલ ૩૩ પ્રોજેકટ.

રાજ્યમાં આવેલી નદીઓ તથા અન્ય નદીઓમાંથી નાખવામાં આવેલ પાણી

અતારાંકિતઃ ૪૨૯૬(૦૯-૦૧-૨૦૧૫) શૈલેષ મ.પરમાર (દાણીલીમડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશો કે.-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી નદીઓ આવેલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઇ નદીઓનું પાણી બીજી નદીમાં નાંખવામાં આવ્યું છે ?

જળસંપત્તિ મંત્રીશ્રી (૦૨-૦૩-૨૦૧૫) :

(૧) રાજ્યમાં કુલ ૧૮૫ નદી પરિસર આવેલા છે.

(૨) રાજ્યમાં ત્રણ વર્ષમાં નીચેની પરિયોજનાઓ દ્વારા નદીઓનું પાણી બીજી નદીમાં નાંખવામાં આવ્યું.

- હરણાવ નદીનું ચોમાસાનું પાણી લિંક (જોડાણ) કેનાલ દ્વારા ગુહાઇ નદીમાં નાંખવામાં આવ્યું.
- તાપી નદીનું પાણી ઉકાઇ ડાબા કાંઠા નહેર મારફત મીંઢોળા, ઝાંખરી, પૂર્ણા અને ઔરંગા નદીમાં નાખવામાં આવ્યું.

- સાબરમતી નદી પરના ધરોઇ જળાશયમાંથી નીકળતી ધરોઇ જમણા કાંઠા નહેર મારફતે સરસ્વતી નદીમાં નાંખવામાં આવ્યું.
- નર્મદા મુખ્ય નહેરના માર્ગમાં આવતી હેરણ, કરાડ, મહિ વાત્રક, મેશ્વો, ખારી, પુષ્પાવતી, રૂપેણ, બનાસ, સરસ્વતી, રેલ (બનાસ), સાબરમતી, ખારી-૧, ખારી-૨, મોહર, શેઢી અને સેડક નદીઓમાં નર્મદા નદીનું પાણી નાંખવામાં આવ્યું.
- મહિસાગર નદીનું ચોમાસાનું વધારાનું પાણી તથા નર્મદા મુખ્ય નહેર આધારીત પાઇપલાઇનો દ્ધારા નર્મદાનું પાણી સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ મારફત સાબરમતી, ખારી, ચીકારીયો, રૂપેણ, પુષ્પાવતી, સરસ્વતી, લાવરી, મહોર, ધામણી, વારાંશી, વાત્રક, માઝમ, મેશ્વો, ભાદર (પંચમહાલ), શેઢી, ખારી (મહેસાણા), ખારી (વાત્રક), જુની રૂપેણ, ખારી (ઝીલીયા), ખારી-૨, બનાસ તેમજ બોખ નદીઓમાં નાંખવામાં આવ્યું.

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં નદીઓ બાબત

અતારાંકિતઃ ૪૪૨૩(૨૧-૦૧-૨૦૧૫) ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કેટલી નદીઓ આવેલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ પાંચ વર્ષમાં કઇ કઇ નદીઓનું પાણી બીજી નદીમાં નાંખવામાં આવ્યું ?

જળસંપત્તિ મંત્રીશ્રી (૦૪-૦૩-૨૦૧૫) :

(૧) મહીસાગર -૧૨,

પંચમહાલ -૧૪

(૨) તે પૈકી મહી નદીનું પાણી બીજી નદીઓમાં નાખવામાં આવ્યું.

રાજકોટ જિલ્લાનાં આજી ડેમમાં ગેરકાયદે માછીમારી પર પ્રતિબંધ

અતારાંકિતઃ ૪૭૪૧(૦૪-૦૨-૨૦૧૫) ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજકોટ જિલ્લામાં આજી ડેમમાં માછીમારી પ્રતિબંધીત જાહેર થયેલ હોવા છતાં સને ૨૦૧૪માં ગેરકાયદે માછીમારીની કેટલી ઘટના ક્યારે બનવા પામી,

(૨) કેટલા જથ્થામાં માછલા પકડાયા તથા જાળીઓ પકડાઇ,

(૩) આરોપીઓ સામે તા. ૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ શી કાનુની કાર્યવાહી કરવામાં આવી.

(૪) આ જળાશયમાં માછીમારીના પ્રતિબંધને ચૂસ્તતાપૂર્વક જાળવી રાખવા અને તેનો અમલ કરવા શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

જળસંપત્તિ મંત્રીશ્રી (૦૨-૦૩-૨૦૧૫) :

(૧) ગેરકાયદે માછીમારીની કોઇ ઘટના બનવા પામેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ડેમના કર્મચારીઓ દ્ધારા દેખરેખ રાખવામાં આવે છે.

ભાવનગરથી મહુવા રોડ ઉપરના ગેરકાયદેસર બમ્પ હટાવવા બાબત

અતારાંકિતઃ ૪૩૮૪ (૨૩-૦૧-૨૦૧૫) પરેશ ધાનાણી (અમરેલી) : તા. ૨૫-૦૨-૨૦૧૪ના રોજ ગૃહમાં રજૂ થયેલ ત્રીજી અતારાંકિત યાદીના અતારાંકિત પ્રશ્નઃ ૨૪૦૩ ના અનુસંધાને માનનીય માર્ગ-મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ ની સ્થિતિએ ભાવનગરથી મહુવા રોડ ઉપર આવેલ અસંખ્ય પ્રમાણમાં ગેરકાયદેસર અને જોખમી બમ્પ છેલ્લા એક વર્ષમાં ક્યારે હટાવવામાં આવ્યા,

(૨) જો ના, તો ઉક્ત સ્થિતિએ આવા બમ્પ ન હટાવવાનાં શાં કારણો છે.

(૩) આવા બમ્પ ક્યારે હટાવવામાં આવનાર છે, અને

(૪) આવા બમ્પ હટાવવાની જવાબદારી કોની છે ?

માર્ગ-મકાન મંત્રીશ્રી (૦૨-૦૩-૨૦૧૫) :

(૧) કોઇ બમ્પ હટાવવામાં આવેલ નથી.

(૨) સમયાંતરે દૂર કરવામાં આવે છે.

(૩)

અને પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)

## પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં સરકીટ હાઉસોના રીનોવેશનનો ખર્ચ

અતારાંકિત : ૪૪૨૨(૨૧-૦૧-૨૦૧૫) ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય માર્ગ-મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કયા સ્થળે સરકાર હસ્તકના સરકીટ હાઉસ આવેલા છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કયા સરકીટ હાઉસના રીનોવેશન કરવામાં આવ્યા, અને

(૩) સરકીટ હાઉસવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

માર્ગ અને મકાન મંત્રીશ્રી (૦૨-૦૩-૨૦૧૫) :

(૧)

(૨) મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ગોધરા ખાતે સરકીટ હાઉસ આવેલ છે. જેના રિનોવેશન માટે છેલ્લા પાંચ વર્ષ અને દરમ્યાન રૂ. ૨૪.૧૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩)

## રાજ્યની નારી સંરક્ષણ ગૃહોમાંથી ભાગી ગયેલ યુવતીઓ/સ્ત્રીઓની સંખ્યા

અતારાંકિત : ૪૫૧૧(૨૧-૦૧-૨૦૧૫): ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષવાર રાજ્યમાં જીલ્લાવાર કેટલી યુવતીઓ / સ્ત્રીઓ નારી સંરક્ષણ ગૃહમાંથી ભાગી ગયેલ છે,

(૨) નારી સંરક્ષણ ગૃહમાંથી યુવતીઓ / સ્ત્રીઓના ભાગવાના શા કારણો હતા, અને

(૩) આ પ્રકારના બનાવો ન બને તે માટે સરકારે શા પગલાં લીધા ?

મહીલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) (૦૫-૦૩-૨૦૧૫) :

(૧)

| જિલ્લાનું નામ | વર્ષ | | | | |
|---|---|---|---|---|---|
| | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ તા. ૩૧/૧૨/૧૪ની સ્થિતિએ |
| નારી સંરક્ષણ ગૃહ, ઓઢવ જિ. અમદાવાદ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૨ | ૧૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| નારી સંરક્ષણ ગૃહ, વડોદરા | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૧ | ૦૧ |
| નારી સંરક્ષણ ગૃહ, સુરત | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| નારી સંરક્ષણ ગૃહ, સુરેન્દ્રનગર | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| નારી સંરક્ષણ કેન્દ્ર, ખૂધ, જિ. નવસારી | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૪ |
| નારી સંરક્ષણ કેન્દ્ર, ગોધરા, પંચમહાલ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ |
| નારી સંરક્ષણ કેન્દ્ર, બનાસકાંઠા | ૦૨ | ૦૨ | ૦૧ | ૦૫ | ૦૦ |
| નારી સંરક્ષણ કેન્દ્ર, પાલીતાણા, જિ. ભાવનગર | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૧ |
| નારી સંરક્ષણ કેન્દ્ર, હિંમતનગર, જિ. સાબરકાંઠા | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| નારી સંરક્ષણ કેન્દ્ર, ભરૂચ | ૦૨ | ૦૩ | ૦૦ | ૦૨ | ૦૦ |

(૨) (૧) સ્વતંત્ર રીતે પોતાની મરજી મુજબ જીવન જીવવા માંગતા હોઈ,

(૨) પોતાના પસંદગીવાળા પાત્ર સાથે રહેવા માંગતા હોઈ,

(૩) મા-બાપ સાથે રહેવાનું પસંદ કરતા નથી. અથવા તો સમાજના ડરના કારણે માતા-પિતા લેવા આવતા ન હોઈ.

(૪) સંસ્થાની બહાર મનસ્વીપણે પોતાની રીતે રહેવા માંગતા હોઈ.

(૩) (૧) સરકાર દ્વારા નારી સંરક્ષણ ગૃહમાં દાખલ થયેલ બહેનોના વ્યક્તિગત પ્રશ્નો અને તેના નિરાકરણ માટે સતત અને સઘન મોનિટરીંગ કરવામાં આવેલ છે.

(૨) આવા બનાવ ન બને તે માટે લેડી હોમ ગાર્ડની ડ્યુટી ફાળવેલ છે.

(૩) રાઉન્ડ ધ ક્લોક હોમ ગાર્ડની વ્યવસ્થા ગોઠવેલ છે.

(૪) બહેનોના પુનઃસ્થાપન તથા તાલીમની કામગીરીને વેગ આપવા જણાવેલ છે.

(૫) કાઉન્સીલીંગ દ્વારા બહેનોને મુંઝવતા પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવા અધિક્ષકોને જણાવેલ છે.

મહિલા અને બાળ વિકાસ વિભાગના બજેટમાં ખર્ચની કરેલ જોગવાઈ

અતારાંકિત : ૪૫૯૩ (૨૧-૦૧-૨૦૧૫) : ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) સને ૨૦૧૩-૧૪ના મહિલા અને બાળ વિકાસ વિભાગના બજેટમાં ફાળવેલ રકમ સામે રકમના ૮૫ ટકા ખર્ચ ગૌણ સદર ૮૦૦ અને પરચૂરણ તરીકે દર્શાવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ પરચૂરણ ખર્ચની વિગતો કઈ છે ?

મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) (૦૫-૦૩-૨૦૧૫) :

(૧) ના

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ઓઢવ નારી સંરક્ષણ ગૃહોમાંથી ભાગી છૂટેલ યુવતિઓ

અતારાંકિત : ૪૬૮૯ (૦૨-૦૨-૨૦૧૫): શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) અમદાવાદ ઓઢવ ખાતેના નારી સંરક્ષણ ગૃહમાંથી ઓક્ટોબર-૨૦૧૪માં એક સાથે દસ જેટલી યુવતીઓ ભાગી છુટી હતી, તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, કયા કારણોસર નારી સંરક્ષણ ગૃહની યુવતીઓ ભાગી છુટી હતી, અને

(૩) તા ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ઉક્ત બાબત સંદર્ભે નારી સંરક્ષણ ગૃહના સંચાલકો સામે શા કાનૂની પગલાં લેવામાં આવ્યા છે ?

મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) (૦૫-૦૩-૨૦૧૫) :

તા. ૨૫ મી માર્ચ, ૨૦૧૫

તેરમી અતારાંકિત યાદી

(૧) હા

(૨) (૧) સ્વતંત્ર રીતે પોતાની મરજી મુજબ જીવન જીવવા માંગતા હોઈ,

(૨) પોતાના પસંદગીવાળા પાત્ર સાથે રહેવા માંગતા હોઈ,

(૩) મા-બાપ સાથે રહેવાનું પસંદ કરતા નથી. અથવા તો સમાજના ડરના કારણે માતા-પિતા લેવા આવતા ન હોઈ.

(૪) સંસ્થાની બહાર મનસ્વીપણે પોતાની રીતે રહેવા માંગતા હોઈ.

(૩) કાનૂની પગલા લેવામાં આવેલ નથી.

(૧) ૧૦ બહેનો પૈકી ૭ બહેનો બે દિવસમાં પરત આવેલ છે.

(૨) અધીક્ષક પાસેથી આ બાબતે ખુલાસો માંગવામાં આવેલ છે.

(૩) પ્રોબેશન ઓફિસરને રજા પરથી પરત બોલાવવામાં આવેલ.

(૪) રાઉન્ડ ધ ક્લોક ફીમેલ હોમગાર્ડની તાત્કાલિક નિમણૂંક કરેલ છે.

અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૪૦૧૮, ૪૦૧૯, ૪૦૨૦, ૪૩૦૦, ૪૪૯૫, ૪૬૫૯ | ૦૬ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૩૪૨૪ | ૦૧ |
| ૩ | વન અને પર્યાવરણ વિભાગ | ૩૨૯૭, ૪૬૬૫, ૪૬૮૬,૪૭૩૧, ૪૭૪૫, ૪૭૮૮, ૪૭૮૯, ૪૭૯૪ | ૦૮ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૪૨૨૨, ૪૨૨૩, ૪૨૨૫, ૪૨૨૬, ૪૫૧૮ | ૦૫ |
| ૫ | ગૃહ વિભાગ | ૩૯૧૧, ૪૫૦૬, ૪૬૩૦, ૪૬૩૨, ૪૭૩૬ | ૦૫ |
| ૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૪૫૨૨, ૪૫૨૩, ૪૫૨૪, ૪૫૨૫, ૪૫૨૬, ૪૫૨૭, ૪૫૨૮, ૪૫૨૯, ૪૫૩૦, ૪૫૩૧, ૪૫૩૨, ૪૫૭૧, ૪૫૭૨, ૪૫૭૩, ૪૫૭૪, ૪૫૭૫, ૪૫૭૬ | ૧૭ |
| ૭ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૪૨૯૬, ૪૪૨૩, ૪૭૪૧ | ૦૩ |
| ૮ | માર્ગ અને મકાન વિભાગ | ૪૩૮૪, ૪૪૨૨ | ૦૨ |
| ૯ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૪૫૧૧, ૪૫૯૩, ૪૬૮૯ | ૦૩ |
| | | કુલ | ૫૦ |

અગિયારમી, બારમી અને તેરમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

ઉર્જા મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૩મા નાણાકીય પંચની ભલામણો અનુસાર કેન્દ્ર સરકારના મીનીસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જી(એમએનઆરઇ) દ્વારા તા. ૧-૧-૧૦ થી તા. ૩૧-૩-૧૪ સુધીના સાહેબ, આમાં પાંચ વર્ષ લખ્યું છે સુધારો ચાર વર્ષનો છે. ચાર વર્ષના સમયગાળા દરમિયાન રાજય સરકારોએ રીન્યુએબલ એનર્જીની સ્થાપિત ક્ષમતામાં કરેલા વધારાના આધારે ઇન્સેન્ટીવ આપવાનું નકકી કરેલ હતું. તદઅનુસાર ગુજરાત સરકારે આ સમયગાળા દરમિયાન ૨૫૫૩.૪૭ મેગાવોટનો ઉમેરો કરેલ હતો તે હકીકત ધ્યાને લઇ ૧૩ મા નાણાકીય પંચે નિયત કરેલ ફોર્મ્યુલા મુજબ ગુજરાત સરકારને રૂ. ૭૩૫.૩૭કરોડની ઇન્સેન્ટીવની રકમ મંજૂર કરેલ છે અને તદઅનુસાર સદર રકમ ભારત સરકારના નાણા મંત્રાલય દ્વારા રાજય સરકારને તા. ૧૬-૩-૧૫ના રોજ ફાળવી રાજય સરકારના ખાતામાં જમા કરેલ છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૮૫ થી ૨૦૦૨, નિર્ણય ક્રમાંક-૬૩, પાના નં. ૬૮ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે નિયમ-૪૪ નીચે નિવેદન કર્યું એને બરાબર રીલેવન્ટ આ નિર્ણય છે. તેરમા નાણાપંચનો અહેવાલ પ્રસિદ્ધ થઇ ગયો. આ બધી જ હકીકતો અગાઉ જાહેર થઇ ગયેલી હતી. અહેવાલના અંદરની વાતો, કેટલો ફાયદો મળશે, શું થશે બધું જ પ્રસિદ્ધ થઇ ચૂકયું હતું, અખબારોમાં પણ પ્રસિદ્ધ થઇ ચૂકયું હતું. માનનીય અધ્યક્ષશ્રી, હું વાંચું છું બહુ જ ટૂંકું જજમેન્ટ છે અને વાંચીશું તો જ આપણને સૌને આનો હાર્દ સમજાશે. જાહેર અગત્યની બાબત નિયમ-૪૪ અન્વયે મંત્રીશ્રીએ કરવાનું નિવેદન સામાન્યતઃ નીતિ વિષયક બાબત પૂરતું હોવું જોઇએ. વર્તમાન પત્રોમાં અગાઉ પ્રસિદ્ધ થયેલી વિગતોના પુનરાવર્તનરૂપે હોવું ન જોઇએ. તા. ૧૦ માર્ચ, ૧૯૮૭ના રોજ બી.એડ કોલેજમાં અનામતના પ્રશ્ન અંગે માનનીય શિક્ષણ મંત્રી હસમુખભાઇ પટેલે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ -૪૪ અન્વયે સભાગૃહમાં નિવેદન કર્યું તેના અનુસંધાને સભ્યશ્રી સુરેશચંદ્ર મહેતા, સભ્યશ્રી અશોક ભટ્ટ તથા વિરોધ પક્ષના નેતાશ્રી ચીમનભાઇ પટેલે એવો મુદ્દો ઉપસ્થિત કર્યો કે નિવેદનમાં કંઇ નવું નથી. આ તો અખબારમાં જે નિવેદનો પ્રસિદ્ધ થયેલા હતા તે જ નિવેદનનું પુનરાવર્તન છે. નટવરલાલ શાહે આ અંગે નિર્ણય આપ્યો કે જયારે બજેટની ચર્ચા ચાલતી હોય, I will pause here for a moment. Similar situation is here today. બજેટની ચર્ચાઓ ચાલે છે. ખાસ કરીને ખાતાના બજેટની ચર્ચાઓ ચાલતી હોય, today also, we are discussing budget demand. ત્યારે સરકારે નિવેદન કરવા માટે ત્યારે જ સંમતિ માગવી જોઇએ જયારે કોઇ નીતિ વિષયક નિવેદન કરવાનું હોય એવું સરકાર પાસે અપેક્ષીત હોય. વિધાનસભા ચાલતી હોય ત્યારે કોઇપણ પ્રકારનું નીતિ વિષયક નિવેદન સભાગૃહને વિશ્વાસમાં લીધા વગર કરી શકાય નહીં. મંત્રીશ્રી નિવેદન વાંચતા હતા તેમાં કોઇ નીતિ વિષયક બાબત હોય તેવું દેખાતું નહોતું." I will again paused here for a moment. તેરમા નાણાપંચની ભલામણ, આપણી ક્ષમતા, તેરમા નાણાપંચની ભલામણો જગજાહેર, એ પછીની વાતો જગજાહેર કોઇ નવી નીતિ કે નીતિ વિષયક બાબત નિવેદન-૪૪માં બિલકૂલ નહોતી, I will go on further, "જુની નીતિઓની તો એમણે વાત કરી છે અને તે વાતો તો એમણે બરાબર અખબારોમાં કરી લાગે છે. લાગણીઓ સાચી રીતે વ્યકત થઇ છે. હવે નિવેદન વંચાઇ ગયું છે અને સભાગૃહ સમક્ષ રજૂ થઇ ગયું છે એટલે આ બાબતમાં આગળ કરવાનું રહેતું નથી. મારા બે મુદ્દા છે. એક, ભૂતકાળમાં નટવરલાલ શાહ સાહેબનો જે નિર્ણય છે એ નિર્ણય મુજબ આ નિવેદન અત્યારે નિયમ-૪૪ નીચે આવી શકતું ન હતું. બીજું આપનું રક્ષણ એ માગું છું કે, મેં ગઇકાલે માનનીય મંત્રીશ્રીને આ ગૃહમાં વિનંતી કરી હતી કે આપનું કાલે નિયમ-૪૪ નીચેનું, I am on my legs, have some patience. મારે એટલું જ કહેવાનું છે. ગઇકાલે મેં પુછયું હતું કે માનનીય મંત્રીશ્રી, આ બાબતમાં નિયમ-૪૪ નીચે આપ નિવેદન કરવાના છો, શું કાંઇ નીતિ વિષયક બહુ મહત્વનું છે, આપને અભિનંદન આપવા પડે એવું? માનનીય મંત્રીશ્રીએ પણ જવાબ નહિ આપ્યો. અમારી મુશ્કેલી થોડીક જયાં સુધી નિયમ ૪૪ નીચેનું નિવેદન વંચાઇ ન જાય ત્યાં સુધી અમને ખબર જ ન પડે કે બાબત નીતિ વિષયક

હતી કે નહિ? તે માટે આપના તરફથી એવો સ્પીકર ઓર્ડર થાય કે એટલીસ્ટ નિયમ ૪૪ નીચેનું નિવેદન ૧૦ મિનિટ પહેલા મળે તો so that we can raise our Point of Order prior to Minister's statement. આ બાબતમાં આપના આદેશો અને રક્ષણની અપેક્ષા અને માનનીય અધ્યક્ષશ્રીના ભૂતકાળના નિર્ણયને અનુરૂપ આપનું અવલોકન અપેક્ષિત માનીને વિરમું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શક્તિસિંહભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે તે પોઇન્ટ ઓફ ઓર્ડરમાં વિધાનસભાના નિયમોના નિયમમાં નિયમ- ૪૪ બહુ સ્પષ્ટ છે અને નિયમ ૪૪ માં લખેલ છે કે અધ્યક્ષશ્રીની પરવાનગી લઇને કોઇ મંત્રી જાહેર અગત્યની બાબત ઉપર નિવેદન કરી શકશે. આ નીતિ નથી આ જાહેર અગત્યની બાબત છે. માનનીય શક્તિસિંહભાઇએ જ્યારે માનનીય મંત્રીશ્રી નિયમ-૪૪ હેઠળ ઉર્જા મંત્રીનું નિવેદન એમણે જો સંપૂર્ણરીતે વાંચ્યું હોત તો એ નિવેદનના છેલ્લા ફકરામાં ગુજરાત સરકારે આ સમયગાળામાં ૨૫૫૩.૪૭ મેગાવોટનો ઉમેરો કરેલો, તે હકીકતને ધ્યાને લઇને હું આખું નથી વાંચતો, પરંતુ તદનુસાર સદર રકમ ભારત સરકારના નાણા મંત્રાલય દ્વારા રાજય સરકારને ૧૬-૩-૨૦૧૫ ના રોજ ફાળવી રાજય સરકારના ખાતામાં જમા કરાવેલ છે. આ ગુજરાતની પ્રજા માટે રાજ્યના ઉર્જા વિભાગ માટે અત્યંત એક જાહેર અગત્યની બાબત છે અને જેમાં આપની પરવાનગી દ્વારા નિયમ-૪૪ હેઠળ જે દાખલ થઇ ગયું હોય એ નિયમમાં બીજો મુદ્દો છે કે એમણે જો કદાચ કરવું હોય એના સંદર્ભની અંદર એ એના પૂરક બાકીના પ્રશ્નો એના સ્વરૂપમાં પૂછી શકે છે, એટલે આપે એલાઉ કરેલ છે જે યોગ્ય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા બે પ્રશ્નો છે. એક તો કલમ-૪૪ નું નિવેદન મંત્રીશ્રી રજૂ કરે ત્યારે આપના દ્વારા એપ્રૂવ થતું હોય છે. માનનીય શક્તિસિંહભાઇએ નટવરલાલ શાહ સ્પીકરશ્રીનો અગાઉનો દાખલો આપ્યો તે વખતે પણ જે રેકર્ડ ઉપર રહ્યું હોય સ્પીકરશ્રીને હસમુખભાઇ પટેલે એ વખતના શિક્ષણમંત્રીશ્રીએ અગાઉ ૪૪ નું નિવેદન આપેલું હશે એ માનનીય અધ્યક્ષશ્રીએ એલાઉ કરેલ હશે. •(xxx) એ તો સમય સંજોગો પ્રમાણે કદાચ શકય છે *(xxx) એ મને ખ્યાલ નથી. કારણ કે એ વખતે હું સભ્ય ન હતો. આજે માનનીય સૌરભભાઇ પટેલે..

અધ્યક્ષશ્રી : આપણે કોઇ *(xxx) કરીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ટીકા નહિ, સાહેબ હું તો સંજોગોની ટીકા કરું છું. સંજોગો પ્રત્યેનું અવલોકન કરું છું. આપના દ્વારા જે એપ્રુવ થયું હોય એ જ અહીંયા અમે રજૂ કરીએ છીએ. ત્યારપછી એના પરનો કોઇ પ્રશ્નાર્થ મારી દ્રષ્ટિએ રહેવો જોઇએ નહિ. કારણ કે આપે ચકાસીને જ મંજૂરી આપી હોય. બીજું શક્તિસિંહજીએ કહ્યું કે અમને ૧૦ મિનિટ પહેલા મળ્યું હોય તો તેના ઉપર અમે ઓબ્ઝર્વેશન કરી શકીએ. આપણી ગૃહની વર્ષોથી પ્રણાલી છે કે મંત્રીશ્રી તરફથી કલમ-૪૪ નું નિવેદન હોય કે અન્ય કોઇ નિવેદનો હોય અથવા માનનીય સભ્યશ્રી તરફથી જાહેર તાકીદની બાબત કે જે કઇપણ રજૂ થયું હોય તે મંત્રીશ્રી ગૃહમાં રજૂ કરે છાપ્યા પ્રમાણે વાંચ્યા પ્રમાણે કે વહેંચ્યા પ્રમાણે ત્યારે જ સભ્યશ્રીના હાથમાં આવે છે. આ તો વર્ષોની પ્રણાલિ છે. અગાઉથી એમને આપવાનો મારી દ્રષ્ટિએ કોઇ પ્રશ્ન રહેતો નથી.

શ્રી સૌરભ પટેલ : માનનીય સભ્યશ્રી શક્તિસિંહભાઇ ઉભા થયા તો પહેલા તો મને ખુશખુશાલી થઇ કે અભિનંદન આપશે. રાજ્ય સરકાર ૭૫૦ કરોડ રૂપિયા લઇ આવી અને ૫૦૦૦ કરોડ મળ્યા એમાંથી ગુજરાતના ૭૩૫ કરોડ મળ્યા. મને સંપૂર્ણપણે વિશ્વાસ છે કે બધા જ સભ્યો આ બાબતમાં ખુશ થયા હશે અને ચોકકસપણે નાણા પંચની ફોર્મ્યુલાના આધાર પર ગુજરાત સરકારે કરેલી કામગીરીના આધાર પર આ પૈસા મળ્યા છે. તે ૫૦૦૦ હજાર કરોડ આખા દેશમાં ગયા તેમાંથી ૭૩૫ કરોડ રૂપિયા ગુજરાત સરકારને મળ્યા છે. એટલે મને તો આ અગત્યની બાબત લાગી. કેન્દ્રમાંથી રૂપિયા મળે તો બધાએ રાજી થવું જોઇએ. આપે મંજૂરી આપી તે પછી જ મેં નિયમ-૪૪નું નિવેદન વાંચ્યું હતું.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારની માનસિકતા છેલ્લા ઘણા વખતથી હું જોઇ રહ્યો છું તે ટોટલ પોલિટીકલ, એન.ડી.એ. સરકાર હતી તે સારી અને યુ.પી.એ. સરકાર હતી તો નકામી. આમાં ૧૪મા નાણા પંચે નહીં પણ ૧૩મા નાણા પંચે ભલામણ કરી છે. ભારત સરકારે નહીં.

શ્રી સૌરભભાઇ પટેલ : કામગીરી બોલે છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, કામગીરી આટલી જ બોલે છે કે બીજી પણ બોલે છે. તમે તે બધી કરો ને. કોણ ના પાડે છે. ખાલી ભારત સરકારે અમને આટલા રૂપિયા આપ્યા તો આટલા જ બાકી છે કે બીજા પણ બાકી છે તે લઇ આવો ને જઇને. એટલે પોલિટીકલી આ નિયમ-૪૪નો દૂરુપયોગ થઇ રહ્યો છે. અમને ખબર પડે કે આમાં કઇ જાહેર અગત્યની બાબત છે. ૭૦૦ કરોડ રૂપિયા આટલા મોટા બજેટમાં અને ઘણા રાજયોને નાણા પંચ ફાળવે છે. એકલા ગુજરાતને નહીં. આમાં કંઇ જાહેર અગત્યની બાબત છે. ૭૦૦ કરોડ રૂપિયા તો આટલા મોટા બજેટમાં નાની વસ્તુ કહેવાય. ખાલી વાહ વાહ પૂરતી માનસિકતા હોય તો ગૃહને ગેરમાર્ગે નહીં દોરવું જોઇએ. આવી રીતે સસ્તી લોકપ્રિયતા માટે નિયમ-૪૪નો ઉપયોગ નહીં કરવો જોઇએ એવી આપને મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : બસ હવે ઘણી બધી ચર્ચાઓ થઇ ગઇ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ •(xxx) કરી છે તે પણ રેકર્ડ ઉપર છે.

અધ્યક્ષશ્રી : તે રેકર્ડ જોઇને નીકળી જશે, તે કાઢી નાંખીશું. માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલશ્રી મારી મંજૂરી લઇને નિયમ-૪૪નું નિવેદન આ ગૃહ સમક્ષ કરવા ઉભા થયા તે સમયે માનનીય ગૃહના સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કરીને માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૮૫ થી ૨૦૦૨ સુધીના અધ્યક્ષશ્રીના નિર્ણયો ટાંકીને નિયમ-૪૪નું નિવેદન બની શકતું નથી આ પ્રકારની જે દલીલ કરી તેના ઉપર મંત્રીશ્રીઓ અને વિપક્ષના નેતાશ્રીએ પણ ચર્ચામાં ભાગ લીધો છે.

આ ગૃહને મારે જણાવવાનું કે શક્તિસિંહજીએ જે ૧૯૮૫ થી ૨૦૦૨ના અધ્યક્ષશ્રીના નિર્ણયોનો દાખલો ટાંકયો છે, ત્યાર પછી પણ ૨૦૦૮ થી ૨૦૧૨ નાં માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો છે તેના પાના નં.૫૧ છે તેમાં ગુરૂવાર તારીખ ૨૬મી ફેબ્રુઆરી, શોકદર્શક ઉલ્લેખો પૂરા થયા પછી ઉર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ રાજયની વીજ કંપનીઓને મળેલ એવોર્ડ બાબતે ઉર્જામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ નિમય-૪૪ અન્વયે નિવેદન કરવા ઉભા થયા ત્યારે સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને જણાવ્યું હતું કે નિવેદનની બાબત આજની પ્રશ્નોત્તરીના પૂછાયેલા પ્રશ્નના જવાબમાં આવી જાય છે. ઉપરાંત નિવેદનની બાબત અંગે જાહેરાત આભાર પ્રસ્તાવ પરની ચર્ચા દરમ્યાન પણ કરી શક્યા હોત. પ્રસ્તુત બાબત આ કિસ્સામાં નવી નથી કે ગૃહને તાત્કાલિક જાણ કરવી પડે. આ પ્રકારે અલગ રીતે નિવેદન કરવાથી ગૃહનો સમય વ્યતિત થાય છે. પ્રશ્નના જવાબમાં નિવેદનની વિગતો આવી જતી હોવાથી નિવેદનની બાબત જાહેર અગત્યની રહેતી નથી તેમ જણાવી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું હતું. પ્રસ્તુત બાબતે સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઇ શાહે મંતવ્ય વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે એવોર્ડ અંગેના નિવેદનની વિગતો તા. ૨૪-૨-૨૦૦૯ ની છે. ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતાં જણાવ્યું હતું કે નિયમ-૪૪ હેઠળ નિવેદન કરવાની મંજૂરી આપવાની જવાબદારી તેઓની છે. સુપ્રસ્થાપિત સંસદીય પરંપરા અનુસાર સત્ર દરમ્યાન જાહેર અગત્યની બાબતોની સૌ પ્રથમ જાહેરાત ગૃહમાં કરવાની રહે છે. આ પરંપરાના ભાગરૂપે મંત્રીશ્રીને ગૃહમાં નિવેદન કરવાની પરવાનગી મેં આપી હોય ત્યારે તેની સામે કોઇપણ જાતનો વાંધો લઇ શકાય નહીં. આ ગૃહનું સન્માન જાળવવાની પરંપરાના ભાગરૂપે મંત્રીશ્રી આ ગૃહમાં નિવેદન કરવાની પરવાનગી માગે છે, આ ઉપરાંત નિયમ-૪૪ની જોગવાઇ મુજબ કોઇ પણ મંત્રી જાહેર અગત્યની કોઇ પણ બાબત પર નિવેદન કરી શકે છે. એટલે અધ્યક્ષને મળેલા અધિકારની રૂએ જ્યારે મંત્રીશ્રીને નિવેદન કરવાની મંજૂરી મેં આપી હોય ત્યારે આ બાબતે કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર થઇ શકતો નથી અને રાજય સરકારને આટલી મોટી ૭૦૦ કરોડ રૂપિયા જેવી મોટી રકમ

---

•આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

મળતી હોય એનો આપણને ખરેખર આનંદ પણ હોય છે. તો એમના પોઇન્ટ ઓફ ઓર્ડરનો હું અસ્વીકાર કરું છું અને માનનીય મંત્રીશ્રીને એમનું નિવેદન કરવા માટે હું મંજૂરી આપું છું.

માનનીય શક્તિસિંહજીનો બીજો પણ એક પ્રશ્ન હતો કે અમને અગાઉથી મળ્યું હોત તો સારું હતું. તો એમના નિવેદન પછી આપણે રાઇટ ઓફ ક્વેશ્ચન આપતા જ હોઇએ છીએ એટલે એમાં જે કાંઇ પ્રશ્ન પૂછવો હોય તો તેઓ પૂછી શકે છે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન પર આવતા પહેલા એક નવા મુદા પર મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. પોઇન્ટ ઓફ ઓર્ડર પતી ગયો એના સંદર્ભમાં નથી. નવો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો મારો એ છે કે, માનનીય અધ્યક્ષશ્રી,(અંતરાય)

અધ્યક્ષશ્રી : નિવેદન સિવાયની બાબત છે?

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : હા,જી. નિવેદન સિવાય. નિવેદનનું જજમેન્ટ આપે આપી દીધું એના ઉપર આઇ કેન નોટ કોમેન્ટ. મારો નવો મુદ્દો એ છે કે, ગઇ કાલે પણ આપે જોયું હશે કે, મારા પક્ષના નેતાએ અમારી લાગણી હોવા છતાં, કારણ કે જે સમિતિ છે એના અધ્યક્ષ આપ હોવ અને અધ્યક્ષ કોઇ પાર્ટીના હોતા નથી એ ખુરશીનું માન બંને પક્ષે જળવાય અને એટલા માટે અમારી વાત અમે જતી કરીને નવી પરંપરા કે એક વખત આપના કાર્યકાળ દરમ્યાન મતદાન ઉપર ગઇ કામકાજ સલાહકાર સમિતિ, એ ન થાય એટલા માટે મારા પક્ષના નેતાશ્રીએ અમારી વાત જતી કરી. માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો એટલા પૂરતો છે, આપણે આવીએ જતા રહીએ આ ખુરશી પર બેસીને કરેલા નિર્ણયો ચિરંજીવી છે અને એનું માન સન્માન જળવાય એ જરૂરી છે. કોઇ જુનિયર સભ્ય બોલી જાય, હું આ મુદ્દો ન ઉપસ્થિત કરત પણ એક સિનિયર મંત્રીશ્રી "આપ શબ્દો કાઢી નાંખો" એ વાત અલગ વસ્તુ છે પરંતુ ઈરાદાપૂર્વક શબ્દો બોલાય, જાહેર થઇ જાય પછી કઢાવી નાંખવા, આવી જ્યારે સિનિયર વ્યક્તિની ચેષ્ટા થાય ત્યારે હું આપના પાસેથી એવી અપેક્ષા રાખું છું કે ટ્રેઝરી બેચને કમસેકમ એટલી સૂચના આપવી જોઇએ કે આવું ન થાય. માનનીય નટવરલાલ શાહ સાહેબ એક ઉત્તમ સ્પીકરો પૈકીના રહ્યાં.(અંતરાય)

અધ્યક્ષશ્રી : નહીં, નહીં. આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે? કોઇ ઇસ્યુ આજે ઉભો થયો હોય તો એના વિશે કહો.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : જી, હા. આજના મુદા પર આવું છું. મારો મુદ્દો એટલો જ છે કે, મેં જે નિર્ણય કોટ કર્યા પછી માનનીય મંત્રીશ્રી નીતિનભાઇએ જે કહ્યું કે, •(xxx) માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) આ પ્રકારની ટિપ્પણી એક સિનિયર મંત્રી તરફથી થાય એ બરાબર નથી ત્યારે એમણે માફી માગવી જોઇએ ગૃહની અને પોતાના શબ્દો જાતે જ પાછા ખેંચવા જોઇએ.

અધ્યક્ષશ્રી : હું એટલા માટે આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર સ્વીકારી શકતો નથી એ જ વખતે મેં કહ્યું હતું કે કોઇ *(xxx) આપણે ટીકા ન કરીએ અને બલવંતસિંહે પણ આ જ વિષય લીધો ત્યારે મેં એમ કહ્યું કે રેકોર્ડ ઉપરથી દૂર થશે એટલે અત્યારે કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો થતો નથી. એ વિષય પૂરો થયો એટલે આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર હું સ્વીકારતો નથી. નેકસ્ટ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. મારો નવો વિષય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વખતના સત્રમાં એક નવી પ્રણાલી વિપક્ષ તરફથી ખાસ મારા ધ્યાન ઉપર અને માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર આવી છે કે, અસંસદીય શબ્દો આપ જ્યારે કાઢી નાંખવાના છો એ સભ્યશ્રીને ખબર છે એવા શબ્દો અથવા એવા વાક્યો અગાઉથી સભ્યશ્રી બોલે છે કે, " માનનીય અધ્યક્ષશ્રી, મને ખબર છે કે આપ કાઢી નાંખવાના છો" એમ કરીને એ શબ્દો બોલાય છે. સાહેબ, ઇન્ટેન્સલી બોલાય છે, હું કોઇનું નામ નહીં દઉં. બહુ સિનિયર સભ્યો બોલે છે રેકોર્ડ ઉપર જોઇ લો, એટલે આ પ્રથા દૂર થવી જોઇએ. કોઇ સભ્યશ્રીથી ભૂલથી બોલાય જાય, કોઇ કહેવત ભૂલથી બોલાય જાય તો બરાબર છે. મારે દાખલો નથી આપવો પણ કાલે માનનીય બાપુ જ બોલ્યા હતા કે, "મને ખબર છે કે આપ કાઢી નાંખવાના છો." એમ કરીને એમણે

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

એક વાક્ય કહેલું એવું નહીં કહેવું જોઇએ. શંકરસિંહજી બાપુ પ્રત્યે મારો ખૂબ આદર છે અને એમણે પ્રેમથી વાત કરેલી એટલે મારે એમના વિશે વ્યક્તિગત કોઇ ફરિયાદ નથી પણ અન્ય સભ્યશ્રીઓ પણ આવું કરે છે. (અંતરાય) આપના પ્રત્યે ખૂબ માન છે.

અધ્યક્ષશ્રી : હવે ચર્ચા ટૂંકાવો કેમ કે આપણી પાસે ઘણું બધું કામ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે કહું છું કે, સભ્યશ્રી આવું બોલીને પછી કઢાવી નાખે અથવા રદ કરાવે એને ગંભીરતાથી લેવું જોઇએ આવું બોલવાની પ્રેરણા જ ન મળે એ પ્રમાણે સાહેબ આપે આદેશ કરવો જોઇએ.

અધ્યક્ષશ્રી : સભાગૃહનું સન્માન જળવાય એ આપણા બધા જ સભ્યશ્રીઓની જવાબદારી છે, એટલે તમામ સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, ગૃહનું માન સન્માન જળવાય એ પ્રકારે આપણું વર્તન હોવું જોઇએ, કોઇ બદનક્ષીકારક, અશિષ્ટ, અસંસદીય, અણછાજતા શબ્દોનો આપણે પ્રયોગ કરવાના બદલે એનાથી દૂર રહીએ. નેકસ્ટ,

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૧૦-૧૧ના વર્ષનો સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકનો નગરપાલિકાઓનો અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૦-૧૧ના વર્ષનો નગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો દસમો અહેવાલ

શ્રી ભરતભાઇ કી. પટેલ (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો દસમો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

શ્રી ભરતભાઇ કી. પટેલ (સમિતિના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સન્માનનીય સભાગૃહ બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના દસમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યો.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

શિક્ષણ વિભાગ

માગણી ક્રમાંક-૯

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું, શિક્ષણ સેવાને લગતી, શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૯૧,૩૪,૩૧,૦૯,૦૦૦-૦૦ ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧૦,૯૧,૬૭,૪૯,૦૦૦-૦૦ ની માગણી ક્રમાંક-૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંકઃ૧૦

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગને લગતુ અન્ય ખર્ચ સેવાને લગતી, શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૮૯,૪૬,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૪૧,૦૨,૧૦,૦૦૦ની માગણી ક્રમાંક ૧૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પટેલ : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરવામાં આવી.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

માગણી ક્રમાંકઃ ૨૨

શ્રી છત્રસિંહ પું મોરી (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના.) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠા સેવાને લગતી, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩,૬૩,૨૪,૭૩,૦૦૦ની માગણી ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.

ડૉ. મિતેષભાઇ ક. ગરાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરવામાં આવી.

ડૉ. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૮ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંકઃ ૨૩

શ્રી છત્રસિંહ પું મોરી (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના.) : માનનીય અધ્યક્ષશ્રી, હું અન્ન સેવાને લગતી અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૯૦,૩૪,૭૯,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧,૪૨,૯૧,૬૦,૦૦૦ની માગણી ક્રમાંકઃ૨૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૩ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંકઃ ૬૦

કાયદા વિભાગ

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ન્યાયતંત્રનો વહીવટ સેવાને લગતી, કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૮,૬૭,૮૮,૩૮,૦૦૦ની માગણી ક્રમાંક ૬૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૬૦ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૫ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૬ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરવામાં આવી.

**બુધવાર, તા.૨૫-૩-૨૦૧૫ (દસમો દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| **અનુ.** | **મુખ્ય સદર અને સંદર્ભ** | કાપ દરખાસ્ત રૂ. | **વિષય** | **પ્રભારી સભ્યશ્રી** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| | | **શિક્ષણ વિભાગ<br>માગણી નં. ૯** | | |
| **૧** | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૦૧- પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧- નિર્દેશ અને વહિવટ<br>રૂ. ૧૩,૮૧,૪૬,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં.૧૬ થી ૧૮ | ૧૦૦ | વિદ્યાસહાયકોની નિમણૂકની તારીખથી જ સેવા સળંગ ગણવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રમેશભાઇ ચાવડા |
| **૨** | ---‘‘--- | ૧૦૦ | વિદ્યાસહાયકોની ભરતીમાં એક જ વિષયના વિદ્યાસહાયકોની ભરતી ન કરતાં વિવિધ વિષયના વિદ્યાસહાયકોની ભરતી કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| **૩** | ---‘‘--- | ૧૦૦ | સરકારી પ્રાથમિક શાળાઓમાં પટાવાળાઓની ખાલી જગ્યાઓના કારણે વિદ્યાર્થીઓને શૈક્ષણિક કાર્ય સિવાયની કરવી પડતી કામગીરીઓ નિવારવામાં તંત્રની | શ્રી પરેશ ધાનાણી (ગોવાભાઇ રબારી) |

| | | | | |
|---|---|---|---|---|
| | | | નિષ્ફળતા | |
| ૪ | ---‘‘--- | ૧૦૦ | શાળાઓમાં વિદ્યાર્થીઓને શારીરિક અને માનસિક ત્રાસ આપનાર શિક્ષકો સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. તેજશ્રીબેન પટેલ |
| ૫ | ---‘‘--- | ૧૦૦ | ગુણોત્સવના કાર્યક્રમો દર વર્ષે કરવા છતાં બાળકોના શિક્ષણનું સ્તર નીચું જતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા |
| ૬ | ---‘‘--- | ૧૦૦ | ખાનગી પ્રાથમિક શાળાઓમાં લેવાતી વધુ પડતી ફી અટકાવીને ફીના ચોક્કસ ધોરણો નક્કી કરી વાલીઓ અને ટ્રસ્ટીઓ વચ્ચેના ઘર્ષણને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર (નટવરસિંહ ઠાકોર) |
| ૭ | ---‘‘--- | ૧૦૦ | શિક્ષકો અને શિક્ષણના પાયાના પ્રશ્નો હલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૮ | ---‘‘--- | ૧૦૦ | બદલીના કેમ્પોમાં શિક્ષકોની સ્થળ પસંદગી કર્યા બાદની કાર્યવાહી સત્વરે કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૯ | ---‘‘--- | ૧૦૦ | શિક્ષકોની સર્વિસ બુકોમાં સમયસર એન્ટ્રીઓ લેવડાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈશ્વરભાઇ પટેલ |
| ૧૦ | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૦૧- પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧- નિર્દેશ અને વહિવટ<br>રૂ. ૧૩,૮૧,૪૬,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં.૧૬ થી ૧૮ | ૧૦૦ | જિલ્લા શિક્ષણાધિકારીઓની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઇ ભીલ |
| ૧૧ | ---‘‘--- | ૧૦૦ | વિદ્યાસહાયકોનો પાંચ | શ્રી મેરામણ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | વર્ષ પછી કુલ પગાર થાય ત્યારે તેમના પી.પી.એફ. ખાતા સત્વરે ખોલાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | આહીર |
| **૧૨** | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૧– પ્રારંભિક શિક્ષણ<br>૧૦૬– શિક્ષકો... સેવાઓ<br>રૂ. ૯૯,૧૮,૩૮,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં.૨૦ થી ૨૪ | ૧૦૦ | શાળાઓમાં પૂરતા શિક્ષકો અને જરૂરી ઓરડાઓ પૂરા પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ |
| **૧૩** | ---''--- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની વિષયવાર ઘટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા |
| **૧૪** | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૧– પ્રારંભિક શિક્ષણ<br>૧૦૮– પાઠ્યપુસ્તકો<br>રૂ. ૬૫,૪૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં. ૨૭ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકોની સાથે નોટબુકો પણ મફત આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભોળાભાઇ ગોહેલ |
| **૧૫** | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૨– માધ્યમિક શિક્ષણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૧,૭૩,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં. ૩૨ થી ૩૬ | ૧૦૦ | સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારી ઊંચા પરિણામો લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઇ વાજા |
| **૧૬** | ---''--- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં માધ્યમિક શિક્ષણ નજીકના સ્થળે મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધારશીભાઇ ખાનપુરા |
| **૧૭** | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૨– માધ્યમિક શિક્ષણ | ૧૦૦ | સરકારી માધ્યમિક શાળાઓમાં વિષયવાર શિક્ષકોની ઘટના કારણે | શ્રી માનસિંહ ચૌહાણ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૯– સરકારી.....શાળાઓ ૦૧–E D N –19– સરકારી... શાળાઓ રૂ. ૮૮,૫૦,૨૬,૦૦૦ અં.પ્ર.નં.૪ પા.નં. ૪૦–૪૧ | | અભ્યાસ પર પડતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| **૧૮** | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ ૦૩– યુનિવર્સિટી... શિક્ષણ ૦૦૧– નિર્દેશ અને વહિવટ રૂ. ૭૫,૭૮,૦૦૦ અં.પ્ર.નં. ૪ પા.નં. ૫૫–૫૬ | ૧૦૦ | યુનિવર્સિટીઓમાં ચાલતી ગેરરીતિઓ અટકાવી શિક્ષણનું સ્તર સુધરે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચાવડા |
| **૧૯** | ---‘‘--- | ૧૦૦ | યુનિવર્સિટીઓમાં ચાલતી રાજકીય પ્રવૃતિઓને કારણે વિદ્યાર્થીઓના શિક્ષણ પર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| **૨૦** | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ ૮૦– સામાન્ય ૦૦૧– નિર્દેશ અને વહીવટ ૦૧–E D N –27– ઉચ્ચતર... કચેરી રૂ. ૧૪,૪૫,૬૫,૦૦૦ અં.પ્ર.નં. ૪ પા.નં. ૭૩–૭૪ | ૧૦૦ | ઉચ્ચતર શિક્ષણમાં પ્રોફેસરોની ખાલી જગ્યાઓ ભરી શિક્ષણ પર પડતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ (છનાભાઇ ચૌધરી) |
| **૨૧** | ---‘‘--- | ૧૦૦ | ઉચ્ચતર શિક્ષણમાં આચાર્યોની ખાલી જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જોઇતાભાઇ પટેલ (હર્ષદભાઇ રીબડીયા) |
| **૨૨** | ---‘‘--- | ૧૦૦ | કચેરીની વહીવટી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| **૨૩** | ૨૨૩૬– પોષણ | ૧૦૦ | મધ્યાહન ભોજન | શ્રી મણીલાલ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૨- પોષણ... વિતરણ ૧૦૨- મધ્યાહન ભોજન રૂ. ૬,૪૭,૬૭,૦૪,૦૦૦ અં.પ્ર.નં. ૪ પાના નં. ૧૨૫ થી ૧૨૭ | | યોજનાના મેનુમાં દર્શાવ્યા મુજબનું યોગ્ય માત્રામાં ભોજન મળે તેવી વ્યવસ્થા કરાવવામાં તંત્રની નિષ્ફળતા | વાઘેલા |
| **૨૪** | ---''--- | ૧૦૦ | મધ્યાહન ભોજન યોજના અન્વયે શાળાઓમાં સમયાંતરે નિરીક્ષણ કરી વિદ્યાર્થીઓને આરોગ્યપ્રદ ભોજન આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| **૨૫** | ---''--- | ૧૦૦ | સરકારી ગોડાઉનોમાંથી મધ્યાહન ભોજન યોજના માટે પૂરા પાડવામાં આવતા અનાજની ગુણવત્તાની સમયાંતરે ચકાસણી કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી |
| **૨૬** | -- -- | ૧૦૦ | એન.જી.ઓ. દ્વારા ચાલતી મધ્યાહન ભોજન યોજનામાં ગેરરીતિ થતી અટકાવી જવાબદાર સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ |
| **માગણી નં. ૧૦** | | | | |
| **૨૭** | ૨૨૦૫- કલા અને સંસ્કૃતિ ૧૦૧- લલિત કલા શિક્ષણ રૂ. ૬૨,૧૫,૦૦૦ અં.પ્ર.નં. ૪ પાના નં. ૧૧૯ | ૧૦૦ | લલિતકલાના કલાકારોને યોગ્ય પ્રોત્સાહન પૂરું પાડવામાં તંત્રની ઉદાસીનતા | |
| **૨૮** | ---''--- | ૧૦૦ | સંગીત નાટ્ય ભારતીને પૂરતી ગ્રાન્ટ ફાળવી તેનો વ્યાપ વધે તેવુ આયોજન કરવામાં તંત્રની | શ્રી નિરંજન પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | નિષ્ફળતા | |
| **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ<br>માગણી નં ૨૨** | | | | |
| ૨૯ | ૩૪૫૬– નાગરિક પુરવઠા<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧– PDS– 6– નાગરિક... કચેરી<br>રૂ. ૫,૨૨,૬૧,૦૦૦<br>અં. પ્ર. નં. ૭<br>પાના નં. ૨૧–૨૨ | ૧૦૦ | જુદી–જુદી કચેરીઓની કેન્ટીનોમાં સબસીડીવાળા રાંધણગેસના બાટલાઓનો વપરાશ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. મિતેષ ગરાસિયા |
| ૩૦ | ---‘‘--- | ૧૦૦ | બારકોડેડ રેશનકાર્ડ સત્વરે લોકોને આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર |
| ૩૧ | ૩૪૫૬– નાગરિક પુરવઠા<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧– PDS– 6– નાગરિક... કચેરી<br>રૂ. ૫,૨૨,૬૧,૦૦૦<br>અં. પ્ર. નં. ૭<br>પાના નં. ૨૧–૨૨ | ૧૦૦ | ઇલેક્ટ્રીક તોલમાપમાં ગેરરીતિ કરનાર સામે સત્વરે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજી પટેલ |
| ૩૨ | ---‘‘--- | ૧૦૦ | ખાદ્ય વસ્તુઓના સંગ્રહખોરો ઉપર દરોડાઓ પાડી તેમની સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચૌધરી |
| ૩૩ | ---‘‘--- | ૧૦૦ | જિલ્લા નાગરિક પુરવઠા અધિકારીઓ દ્વારા નિયમિત ચેકીંગના અભાવે થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઇ પટેલ |
| ૩૪ | ---‘‘--- | ૧૦૦ | જિલ્લા કચેરીઓની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત |
| ૩૫ | ૩૪૫૬– નાગરિક પુરવઠો<br>૦૦૧– નિર્દેશ અને | ૧૦૦ | ગ્રાહકો પાસેથી MRP કરતાં વધુ રકમ વસૂલાતી અટકાવવામાં તંત્રની | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |

| | | | | |
|---|---|---|---|---|
| | વહીવટ<br>૦૨- ભાવનિયંત્રણ... અમલ<br>રૂ. ૧૯,૧૬,૨૭,૦૦૦<br>અં. પ્ર. નં. ૭<br>પાના નં. ૨૨-૨૩ | | નિષ્ફળતા | (પ્રહલાદભાઇ પટેલ) |
| ૩૬ | ---‘‘--- | ૧૦૦ | ભાવ નિયંત્રણનો કડક અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી. કે. રાઉલજી (પ્રવિણભાઇ રાઠોડ) |
| ૩૭ | ---‘‘--- | ૧૦૦ | કૃત્રિમ અછત ઉભી કરી વધુ ભાવો લેતા વેપારીઓ ઉપર દરોડા પાડી ભાવ નિયંત્રિત કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનીલ જોષીયારા |
| ૩૮ | ૩૪૫૬- નાગરિક પુરવઠો<br>૧૯૦- જાહેર ક્ષેત્ર... સહાય<br>૦૮- ફુડ હેલ્પ લાઇન<br>રૂ. ૪૬,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૭<br>પાના નં. ૨૯-૩૦ | ૧૦૦ | છેલ્લા એક વર્ષમાં ફુડ હેલ્પલાઇન દ્વારા તેના લાભાર્થીઓની અને તેના વહીવટી ખર્ચની માહિતી જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગૌતમભાઇ ચૌહાણ |
| | | **માગણી નં ૨૩** | | |
| ૩૯ | ૨૪૦૮- ખાદ્ય... વ્યવસ્થા<br>૦૧- ખોરાક<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧- વ્યાજબી... કચેરી<br>રૂ. ૧,૦૩,૨૨,૦૦૦<br>અં. પ્ર. નં. ૭<br>પાના નં. ૯-૧૦ | ૧૦૦ | સસ્તા અનાજના દુકાનદારો દ્વારા કાર્ડ ધારકો પાસેથી વિવિધ કામગીરી માટે થતી નાણાકીય માંગણીઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગેંદાલભાઇ ડામોર |
| ૪૦ | ---‘‘--- | ૧૦૦ | સર્વરોની ખામીઓ નિવારી કાર્ડધારકોને સમયસર અનાજ મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કરમશીભાઇ પટેલ |
| ૪૧ | ---‘‘--- | ૧૦૦ | સસ્તા અનાજની દુકાનોમાં બાયોમેટ્રીક પધ્ધતિને કારણે સર્જાતી અવ્યવસ્થા નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહંમદજાવીદ પીરઝાદા |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૨ | ---''--- | ૧૦૦ | સસ્તા અનાજની દુકાનો પરથી ગ્રાહકોને પુરવઠો અપાયા પછી તેના બિલો ન બનાવી પાછળથી ખોટા બિલો બનાવી અનાજનો જથ્થો બહાર વેચાતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી |
| ૪૩ | ૨૪૦૮- ખાદ્ય... વ્યવસ્થા<br>૦૧- ખોરાક<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧- વ્યાજબી... કચેરી<br>રૂ. ૧,૦૩,૨૨,૦૦૦<br>અં. પ્ર. નં. ૭<br>પાના નં. ૯-૧૦ | ૧૦૦ | અમદાવાદમાં વાજબી ભાવોની દુકાનો સામે ઓછો માલ આપવાની લેખિત ફરિયાદો પર સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| **કાયદા વિભાગ**<br>**માગણી નં ૬૦** | | | | |
| ૪૪ | ૨૦૧૪- ન્યાયતંત્રનો વહીવટ<br>૧૦૫- સિવિલ... કોર્ટ<br>રૂ. ૭,૧૮,૭૫,૭૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૬<br>પા.નં. ૧૨ થી ૨૨ | ૧૦૦ | કોર્ટ સંકુલોમાં સ્વચ્છતા જાળવવામાં તથા વકિલો અને લોકો માટે પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાંતિભાઇ ખરાડી |
| ૪૫ | ---''--- | ૧૦૦ | કોર્ટોમાં વારંવાર મુદ્દત પડતા કેસોનો ઝડપી નિકાલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા |
| ૪૬ | ૨૦૧૪- ન્યાયતંત્રનો વહીવટ<br>૧૧૪- કાનૂની... ધારાશાસ્ત્રીઓ<br>રૂ. ૭૫,૯૫,૯૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૬<br>પાના નં ૨૮ થી ૩૦ | ૧૦૦ | રાજ્ય સરકાર દ્વારા ઘણા કેસોમાં હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટમાં રીવ્યુપીટીશનો કરી ધારશાસ્ત્રીઓને ઊંચી ફી ચૂકવવા છતાં મળતી હારને કારણે પ્રજાના નાણાનો વ્યય થાય છે તે સ્થિતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૪૭ | ---''--- | ૧૦૦ | સરકારી વકિલો દ્વારા લડાતા કેસોમાં સરકાર જીતે તેવા પ્રયત્નો કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનમભાઇ પરમાર |

(ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)

શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આજે સન્માનીય ગૃહ સમક્ષ શિક્ષણ વિભાગ તથા અન્ન નાગરિક પુરવઠો અને કાયદા વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય સંસ્કૃતિમાં ગુરુકુળ પરંપરા એ શિક્ષણનું મંદિર ગણવામાં આવતુ હતુ પરંતુ આજે શિક્ષણ વિભાગ જે રીતે કામ કરી રહ્યો છે તેમાં મને લાગે છે કે, ભારતીય સંસ્કૃતિની ગુરુકુળ પરંપરા હવે વેપારના ધામ બનવા તરફ આગળ વધી રહ્યાં છીએ. નેશનલ યુનિવર્સિટી ઓફ એજ્યુકેશન પ્લાનીંગ એન્ડ એડમિનિસ્ટ્રેશનના તાજેતરના સર્વેમાં ગુજરાત સમગ્ર દ્રષ્ટિકોણથી પ્રાથમિક શિક્ષણમાં સમગ્ર દેશમાં સોળમાં ક્રમે ધકેલાયું અને માધ્યમિક શિક્ષણમાં ૨૩ મા નંબરે ગુજરાત ધકેલાયું છે. આપણાં ગુજરાતના પનોતા પુત્ર સરદાર સાહેબે કહ્યું હતુ, એક જમાનો હતો કે સખત પરિશ્રમનો કોઇ વિકલ્પ નથી. સરદાર સાહેબે કહ્યું હતું કે કઠોર પરિશ્રમનો કોઇ વિકલ્પ નથી. હું એની ટીકા નથી કરવા માગતો પરંતુ એમાં ઉમેરવા માગું છું કે આજની આ ૨૧મી સદીમાં ફકત શ્રમ ચાલે તેમ નથી એમાં જ્ઞાનનો ઉમેરો કરવો પડે તો જ આજના યુગમાં સફળતા મેળવી શકાય. પરંતુ રાજયમાં આજકાલ શાસનમાં બેઠેલા જ્ઞાની માણસો કલમના એક જ ઝાટકે શિક્ષણ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં કાપ મૂકતા જાય છે અને નવી પેઢીને મજૂર થવા માટે મજબૂર થવું પડે છે એવી પરિસ્થિતનું નિર્માણ થયું છે.

૩૧મી ઓગષ્ટ, ૨૦૧૪ની સ્થિતિએ રાજયમાં ૭૬,૫૮,૫૪૦ જેટલા લોકો આજે પણ નિરીક્ષર છે તેવું પ્રશ્નોત્તરીમાં રાજય સરકારે સ્વીકાર્યું હતું. હું ગુજરાત સરકારનો ૧૪ મો સામાજિક આર્થિક સમીક્ષા રિપોર્ટ વાંચતો હતો એના પત્રકમાં સરકારે સ્વીકાર્યું છે કે ૧,૧૫,૭૦,૦૦૦ જેટલા લોકો અક્ષર જ્ઞાનથી વંચિત છે તેઓ નિરીક્ષર છે. હું આપનુ ધ્યાન દોરવા માગું છું કે રાજય સરકારની પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવાની સંપૂર્ણ જવાબદારી છે. યુ.પી.એ. ની સરકારે આપણા બંધારણે કરેલ જોગવાઇ મુજબ ૧૪ વર્ષના બાળકને વિના મૂલ્યે શિક્ષણ મેળવવાનો અધિકાર આપ્યો છે. હું આ તબક્કે ધ્યાન દોરવા માગું છું કે રાજયના શિક્ષણ વિભાગના તા. ૯-૫-૨૦૧૧ના ઠરાવથી ૧૩ જેટલી શાળાઓ બંધ કરવાનો સૈદ્ધાંતિક નિર્ણય ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો હતો અને દેશમાં પરિણામ સ્વરૂપે માર્ચ, ૨૦૧૪ના સમીક્ષા રિપોર્ટ મુજબ ૧૦૫૩૭ જેટલી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ હતી એ પૈકી ૩૧-૮-૨૦૧૪ની સ્થિતિએ માત્ર ૭૬૨ જેટલી સરકારી અને ૬૫૬૭ જેટલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ બચી ત્યારે મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૧૦૫૩૭ માંથી વધેલી ૩૨૦૮ શાળાઓનો કયાંય ઉલ્લેખ મળ્યો નથી એટલે શું આ સરકારે આ શાળાઓ બંધ કરી છે? સરકારે સ્વીકાર્યું કે તારીખ ૩૧-૮-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૨૧૫ જેટલી સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તથા ૭૫ જેટલી પ્રાથમિક શાળાઓ બંધ કરી છે.

નામદાર હાઇકોર્ટે આદેશ આપવા છતાં રાજયની અંદર શિક્ષણના વ્યાપક હિતમાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ કાર્ય કરાવતાં વિદ્યાસહાયકોને પૂરા પગાર સાથે સમાવવા જોઇએ. તેમ છતાં આજ સુધી આ વિદ્યાસહાયકોને પૂરા પગાર સાથે કાયમ કરવામાં આવ્યા નથી. અને ઉલટું સરકારે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરીને આજે પણ વિદ્યાસહાયકોને એના અધિકારથી વંચિત રાખવા પ્રયત્નશીલ છે.

હું આપનું ધ્યાન દોરવા માગું છું કે કેગનો રિપોર્ટ છે એમાં એ વસ્તુનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે રાજયમાં લાંબા સમયથી શિક્ષકોની ભરતી બંધ કરવાના કારણે નીતિઓમાં વિલંબને કારણે માર્ચ, ૨૦૧૪ની સ્થિતિએ પ્રાથમિક શિક્ષણમાં ૧૮૦૩૬ જગ્યાઓ તેમજ માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક તેમજ ઉચ્ચ તાંત્રિક શિક્ષણમાં હું માનું છું ત્યાં સુધી ૫૦ ટકાથી વધુ શિક્ષકો અને પ્રાધ્યાપકોની જગ્યાઓ ખાલી છે.

ઓગષ્ટ, ૨૦૧૪ની સ્થિતિએ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજૂર થયેલ કાયમી આચાર્યની કુલ ૪૬૦ જગ્યામાંથી ૪૫૦ જેટલી જગ્યાઓ તો ૨૦૦૩ થી શરૂ કરીને આજ સુધી ખાલી પડી છે. મને લાગે છે કે હેડ માસ્તર વગર આખું ગુજરાત ચાલે છે અને માસ્તર વિના બધું જ શિક્ષણ ચાલે છે. શાળામાં શિક્ષકોની અછતના કારણે શિક્ષણની ગુણવત્તા નબળી પડી અને કુલ ૫૭ જેટલી પ્રાથમિક શાળાઓ શિક્ષક વગર ચાલતી હોય તેવી કેગની અંદર નોંધ કરવામાં આવી છે. ૩૧-૭-૧૪ની સ્થિતિએ

રાજયમાં કુલ ૧૨૩૭૩ જેટલી પ્રાથમિક શાળાઓમાં એક કરતાં વધારે ધોરણના વિદ્યાર્થીઓને એકજ ઓરડામાં બેસાડીને શિક્ષણ આપવામાં આવે છે. પ્રાથમિક શાળાઓમાં આજે પણ ૮૩૮૮ જેટલા ઓરડાઓની ઘટ છે. ૮૭ શાળાઓમાં લાઇટ ઉપલબ્ધ નથી અને ૭૬ શાળાઓ શૌચાલય વગર ચાલે છે. કેગમાં પણ એ વાતની ટીકા કરવામાં આવી કે સરકારે પ્રાથમિક શાળાઓમાં પાણી અને શૌચાલયની બાબતોમાં ખોટી માહિતી કેન્દ્ર સરકાર સમક્ષ રજૂ કરી.

માનનીય અધ્યક્ષશ્રી, ૮ થી ૧૩ વયની વચ્ચે બાળકો શિક્ષણ છોડીને જતા રહેવાનું પ્રમાણ વધવા પાછળ અપૂરતી માળખાગત સુવિધાઓ અને મૂળભૂત સુવિધાઓના અભાવે તથા શિક્ષકોની ઘટના કારણે આપણાં શિક્ષણનું સ્તર કથળ્યું છે. આપણો નંબર પાછળ ધકેલાયો છે એવું કેગમાં નોંધવામાં આવ્યું, તેના કારણે આજે રાજયમાં બાળકોમાં સરકારી શાળાઓ છોડીને ખાનગી શાળાઓ તરફનું આકર્ષણ વધતું હોય તેવું લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગણિત અને વિજ્ઞાનના શિક્ષકોના અભાવે રાજયની અંદર આપણાં વિદ્યાર્થીઓ ગુજકેટ અને જેઇઇ જેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં યોગ્ય ગુણ ન મેળવતા ઉચ્ચ અભ્યાસથી વંચિત રહેવું પડે એવી પરિસ્થિતિ નિર્માણ થઇ. શિક્ષણના અધિકારના કાયદાનો અમલ આપણે ૨૦૦૯માં કરવાનો હતો. તેના નિયમ ૨૦૧૨માં બનાવ્યા અને તેમાં પણ ઘણી બધી વિસંગતતાઓ છે. રાજય સરકારની ઇચ્છાશક્તિના અભાવે ગરીબ પરિવારના બાળકોને શિક્ષણથી વંચિત રહેવું પડે એવી પરિસ્થિતિ નિર્માણ થઇ. શિક્ષણના અધિકાર કાયદામાં સરકાર સામે વારંવાર રજૂઆતો કરવા છતાં ધ્યાને લઇને ન છૂટકે વિવિધ સંગઠનોએ નામદાર હાઇકોર્ટના દ્વાર ખખડાવવા પડે એવી પરિસ્થિતિ નિર્માણ થઇ. પરિણામ સ્વરૂપે ખાનગી શાળાઓમાં ગરીબ વિદ્યાર્થીઓને ૨૫ ટકા વિના મૂલ્યે પ્રવેશ મળવો જોઇએ એ મળતો નથી અને ખાનગી શાળાઓ આડેધડ ડોનેશન ઉઘરાવતી થઇ. એવી જ રીતે મેં પ્રશ્ન પૂછ્યો હતો ગુણોત્સવ. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ ગુણોત્સવ કાર્યક્રમ રાજયમાં ૧,૪૧,૯૩૧ શાળાઓમાં તેનું આયોજન કર્યું. તેની પાછળ ૭૬,૬૧,૦૫૦ રૂપિયાનો ખર્ચ કર્યો અને તો પણ છેલ્લા પાંચ વર્ષમાં શિક્ષકો, માળખાગત અને મૂળભૂત સુવિધાઓના અભાવે શાળાની ગુણવત્તા વધવી જોઇએ તેના બદલે તેના મૂલ્યાંકનનું ગ્રેડેશન સરકારે પણ સ્વીકાર્યું કે રાજયમાં માત્ર ૧૩૨ શાળાઓ એ પ્લસ ગ્રેડમાં છે. ૭૪૭૮ એ ગ્રેડમાં છે. ૨૫,૯૧૨ શાળાઓ બી ગ્રેડમાં છે. ૨૧,૨૭૨ શાળાઓ સી ગ્રેડમાં છે. ૨૩,૫૫૭ શાળાઓ ડી ગ્રેડમાં છે, ૩૯૭૯ શાળાઓ ઇ ગ્રેડમાં અને ૭૬૫ શાળાઓ તો એફ ગ્રેડમાં નોંધાયેલી છે. છેલ્લા પાંચ વર્ષમાં ૧૬૭ જેટલી સરકારી શાળાઓ અને ૨૫૪૮ જેટલી ખાનગી પ્રાથમિક શાળાઓ ખોલવામાં આવી. રાજય સરકાર શિક્ષણનું ખાનગીકરણ કરી રહી હોય એવું સ્પષ્ટ દેખાય છે. પંચાયતી રાજ સંસ્થાઓ દ્વારા ચાલતી પ્રાથમિક શાળાઓમાં ૮ થી ૧૩ વચ્ચે ૨૧૧૨ કરોડ રૂપિયાનો ખર્ચ નહીં કરવાના કારણે શિક્ષકોની તાલીમ, શાળાના મકાન, શૌચાલયો, કમ્પાઉન્ડ વોલ, પીવાનું પાણી વગેરે જે સુવિધાઓ ઉપલબ્ધ કરવી જોઇએ તેની ગુણવત્તા કથળી. માધ્યમિક શાળાઓમાં ૩૬૪ જેટલી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર આપ્યા, પણ કોમ્પ્યુટર વિષયના શિક્ષકનું મહેકમ જ મંજૂર ન કર્યું હોય મને નવાઇ લાગે છે કે આ શિક્ષકોના અભાવે શાળામાં જે કોમ્પ્યુટરો આપ્યા છે એ પણ ધૂળ ખાય છે અને જયારે કોમ્પ્યુટરના માર્ગદર્શન માટે શિક્ષકો જ ન હોય તો આપણે ૨૧મી સદીનું આધુનિક યુગનું સ્વપ્ન કઇ રીતે સાકાર કરીશું? તા. ૩૧-૮-૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ૨૧૫ સરકારી શાળાઓ બંધ કરવામાં આવી. હાયર એજયુકેશનમાં ૨૦૧૪-૧૫નો સમીક્ષા રિપોર્ટ જોતો હતો. એમ.બી.એ., એમ.સી.એ. અને બી.ફાર્મ.ના વિદ્યાર્થીઓમાં ઘટાડો નોંધાયો છે. એવી જ રીતે તાંત્રિક શિક્ષણમાં આપણે સ્વનિર્ભર સંસ્થાઓને વધુમાં વધુ પ્રાયોરીટી આપી રહ્યા છીએ. પણ એમાં શિક્ષકોની એ સંસ્થાઓમાં ઘટ અને ખાસ કરીને ૧૬ સરકારી એન્જિનિયરીંગ કોલેજોમાં ૨૦૧૩ની સ્થિતિએ ૩૭ ડિગ્રી અભ્યાસક્રમ અને ૩૦ પોલિટેકનીક કોલેજોમાં ૨૬ ડિપ્લોમા કોલેજોમાં શિક્ષણ પૂરું પાડવાની જોગવાઇ છે. પણ એમાં નોંધ્યું છે કે, મશીનો અને સાધન સામગ્રીની ખરીદીમાં આપણે ફાળવેલા અનુદાનોનો ઉપયોગ ન થયો. તકનીકી ચકાસણીની ક્ષતિના કારણે જરૂરિયાતના સાધનોથી વિપરીત સાધનોની ખરીદી કરવામાં આવી અને જરૂરિયાત ન હોવા છતાં પણ જે સોફ્ટવેર ખરીદ્યા એ પડી રહ્યા અને તાલીમબદ્ધ

કર્મચારીઓના અભાવે એ સાધનોનો ઉપયોગ ન થયો અને વણવપરાયેલ રહ્યા છે. ખાસ કરીને મારે સરકારનું ધ્યાન દોરવું છે કે,

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. મારે મુલતવી રાખેલ એક રૂલિંગ આપવાનું છે.

અધ્યક્ષશ્રીનો નિર્ણય

શ્રી પ્રદિપસિંહ જાડેજાના તા. ૨૦–૩–૨૦૧૫ ના પોઇન્ ટ ઓફ ઓર્ડરનો નિર્ણય

ઉપાધ્યક્ષશ્રી : તા. ૨૦–૩–૧૫ ના રોજ સભ્યશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાના અગ્રતા ક્રમાંક–૯ સંબંધમાં માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે ઉપસ્થિત કરેલા પોઇન્ટ ઓફ ઓર્ડરના અનુસંધાને તા.૨૩–૩–૨૦૧૫ના રોજ પ્રશ્નોત્તરી પછી માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને જણાવ્યું હતું કે, માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે સન્માનનીય સભાગૃહમાં ઉપસ્થિત કરેલ પોઇન્ટ ઓફ ઓર્ડર સંબંધમાં માનનીય અધ્યક્ષશ્રીને પત્ર લખીને એક નવી સંસદીય પ્રણાલી ઉભી કરી છે. એટલું જ નહિ પરંતુ તે પત્રની વિગતો તા. ૨૧–૩–૨૦૧૫ ના રોજના દિવ્ય ભાસ્કરમાં પ્રસિદ્ધ કરેલ છે. માનનીય મંત્રીશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડર અંતર્ગત પોતાના મંતવ્યના સમર્થનમાં માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો (૨૦૦૮ થી ૨૦૧૨) પુસ્તકના પાન નં. ૩૧ થી ૩૩ ઉપરના પૂર્વ અધ્યક્ષશ્રીનું રૂલિંગ ટાંકીને જણાવ્યું હતું કે, માનનીય સભ્યશ્રી શક્તિસિંહજી ગોહિલે સભાગૃહની અંદર પોઇન્ટ ઓફ ઓર્ડરની પર્યાપ્ત ચર્ચા થયા બાદ એ સંબંધમાં માનનીય અધ્યક્ષશ્રીને પત્ર લખવો અને એ પત્ર અખબારો સુધી પહોંચાડવો અને એ રીતે માનનીય અધ્યક્ષશ્રી ઉપર નિર્ણય લેવા માટે દબાણ કરવું એ સન્માનનીય સભાગૃહની ઉચ્ચત્તમ પરંપરાઓથી વિરુદ્ધ છે. તેમજ એક પ્રકારની નવી પરંપરા છે. આ સમગ્ર સંદર્ભમાં હું આપનું માર્ગદર્શન માગું છું.

માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહજી જાડેજાના પોઇન્ટ ઓફ ઓર્ડરની વિરુદ્ધમાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ પણ પોતાનું મંતવ્ય રજૂ કર્યું હતું. માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહજી જાડેજાના પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપરના બન્ને પક્ષના મંતવ્યો સાંભળીને પ્રસ્તુત પોઇન્ટ ઓફ ઓર્ડર અંગે અભ્યાસ કરીને પછીથી નિર્ણય આપીશ તેમ મેં જણાવ્યું હતું.

તા. ૨૦–૩–૨૦૧૫ના રોજ માનનીય સભ્યશ્રી ધર્મેન્દ્રસિંહજી જાડેજાના અગ્રતા ક્રમ–૯ના સંબંધમાં પ્રશ્નોત્તરી પછી માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને પોઇન્ટ ઓફ ઓર્ડરના સમર્થનમાં સભાગૃહમાં તત્સમયે ખૂબ જ વિસ્તૃત અને પર્યાપ્ત રજૂઆતો કરી હતી. આમ છતાં માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે પોતાના પોઇન્ટ ઓફ ઓર્ડરના સમર્થનમાં માનનીય અધ્યક્ષશ્રીને ઉદ્દેશીને તા. ૨૦–૩–૨૦૧૫ના રોજ પત્ર પાઠવીને અને તે પત્રોની વિગતો વર્તમાન પત્રોમાં પ્રસિદ્ધ કરાવીને સભ્ય અને અધ્યક્ષ વચ્ચે પત્ર વ્યવહાર અંગે જાળવવાના ઔચિત્યનો ભંગ કર્યો છે. સભ્યશ્રીએ સભાગૃહમાં પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને પછી તે જ વિષયના અનુસંધાનમાં સભ્યશ્રી ગોહિલે માનનીય અધ્યક્ષશ્રી સાથે પત્ર વ્યવહાર કરવો એ પણ આ સભાગૃહની ઉચ્ચ સંસદીય પ્રણાલિકાની વિરુદ્ધ છે તેમ પૂર્વ અધ્યક્ષના નિર્ણય પરથી સ્પષ્ટપણે જણાઇ આવે છે.

માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો સન ૨૦૦૮ થી ૨૦૧૨ના પાના નં. ૩૧ થી ૩૩ ઉપરના તત્કાલિન પૂર્વ અધ્યક્ષશ્રી અશોકભાઇ ભટ્ટના નિર્ણય અનુસાર તા. ૧૬મી જુલાઇ–૨૦૦૯ના રોજની કામકાજ સલાહકાર સમિતિની બેઠક સંદર્ભમાં તા.૧૭–૭–૨૦૦૯ના રોજ તત્કાલિન સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઇ શાહે અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી મુદ્દો ઉપસ્થિત કર્યો તે પંસંગે તત્કાલિન માનનીય વિરોધપક્ષના નેતા તરીકે શક્તિસિંહજી ગોહિલે માનનીય અધ્યક્ષશ્રીને પત્ર લખ્યો હતો અને પત્ર અધ્યક્ષને મળે તે પહેલાં પ્રેસમાં વહેંચ્યો હતો. સામાનય શિરસ્તા મુજબ અધ્યક્ષ અને સભ્ય વચ્ચે જે પત્ર વ્યવહાર થાય તે પ્રેસને અપાતો નથી. તે સંબંધમાં માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે પત્ર દ્વારા જે વિવાદ ઉભો કરવામાં આવ્યો છે તે ઔચિત્ય ધરાવતો નથી. આવી કાર્યવાહી ગુપ્ત રાખવામાં આવે છે અને પ્રેસને જણાવવામાં આવતી નથી. આમ, પૂર્વ અધ્યક્ષશ્રીના અગાઉના નિર્ણયને પણ હું જોઇ ગયો છું. પ્રસ્તુત કિસ્સામાં માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને અને તેના ઉપરનું રૂલિંગ અધ્યક્ષશ્રીની વિચારણા હેઠળ હોઇ ત્યારે તેઓએ જે રીતે માનનીય અધ્યક્ષશ્રીને પાઠવેલ પત્ર પ્રેસને વહેંચેલ છે તે બાબત અતિ ગંભીર અને

અધ્યક્ષ તથા સભ્ય વચ્ચે પત્રવ્યવહાર સંબંધે જાળવવાના ઔચિત્યના ભંગ સમાન છે અને તેના કારણે હું માનનીય મંત્રીશ્રીના પોઇન્ટ ઓફ ઓર્ડરનો સ્વીકાર કરૂં છું અને ભવિષ્યમાં આવી હરકત ના થાય એ બાબતે ગંભીરપણે કાળજી રાખવા હું માનનીય સભ્યશ્રી શકિતસિંહ ગોહિલને જણાવું છું. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ પ્રેસને પહોંચાડેલ પત્ર બાબત અધ્યક્ષશ્રીના કાર્યાલયમાંથી જ લીકેજ થયા અંગેનો પોતાના વકતવ્યમાં ઉલ્લેખ કર્યો છે તે બાબત પણ સત્યથી વેગળી છે અને આ પ્રકારની ટીકાથી માનનીય વિરોધપક્ષના નેતાશ્રી દૂર રહ્યા હોત તો તે વધુ ઉચિત અને યોગ્ય થાત.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ કલેરીફીકેશન..

ઉપાધ્યક્ષશ્રી : નો પોઇન્ટ ઓફ કલેરીફીકેશન.(અંતરાય) નો પોઇન્ટ ઓફ કલેરીફીકેશન પ્લીઝ યુ સીટ ડાઉન.

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા(કામરેજ) : માનનીય અધ્યક્ષ મહોદય, શિક્ષણ ક્ષેત્રે માગણી લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તો એમાં મારા વિચારો વ્યકત કરું છું. રાજય સરકાર દ્વારા ગુજરાતની અંદર અંત્યોદય સુધી શિક્ષણ પ્રાપ્ત થાય એ હેતુથી સો ટકા નામાંકન અને સો ટકા સ્થાયીકરણના ધ્યેય સાથે આ બજેટ આંકવામાં આવ્યું છે. ગુજરાતના છેવાડામાંથી છેવાડામાં રહેતા એક વિદ્યાર્થી શિક્ષણથી વંચિત ના રહે તેની આ રાજય સરકારે તમામ પ્રકારે ચિંતા વ્યકત કરી અને તમામ મુદ્દાઓ આવરી લીધા છે. ગરીબ અને પછાત વર્ગના બાળકોને પૂર્ણ સવલત મળી રહે એ માટે આરટીઇ ૨૦૦૯ના અધિનિયમની જોગવાઇ પ્રમાણે ૧૩૦૮૩ પછાત વર્ગના બાળકોને દસ હજાર વત્તા ત્રણ હજાર ઉપર એમની સ્કૂલ બેગ, બુટ વગેરે માટે વધારો કરી અને ૫૬ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. આગામી વર્ષમાં સો મુખ્ય શિક્ષકો સહિત કુલ ૪૩૦૦ શિક્ષકોની નિમણૂક કરવા માટેનું પણ આ રાજય સરકારે પ્લાનીંગ કરેલ છે. દુનિયા સાથે કદમ મિલાવવા માટે આઇ.ટી. ક્ષેત્રે અને કોમ્પ્યુટર ક્ષેત્રે એજયુકેશન મળી રહે તે હેતુસર રાજય સરકારે કોમ્પ્યુટર લેબ માટે ૪૬ કરોડની રકમ બજેટમાં ફાળવેલ છે તથા છ થી આઠ ધોરણના સ્ટુડન્ટો માટે અને ફર્નીચર, બેન્ચ માટે ૨૮.૪૮ કરોડનું આયોજન કરવામાં આવેલ છે. માનનીય પ્રધાનમંત્રી જયારે મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન પૂરા રાષ્ટ્રની અંદર એક જનઆંદોલન ચાલી રહ્યું છે ત્યારે ૩૨૮૪૨ શાળાઓમાં ૪૮૦૦ રૂપિયાની રકમ જે સ્વચ્છતા માટે હતી તે વધારીને સંકુલ દીઠ ૨૧૬૦૦ની કરવામાં આવી છે. કુલ ૭૦.૯૪ કરોડની જોગવાઇ કરેલ છે અને ડસ્ટબીન વગેરે સાધનો ઉપલબ્ધ કરવા માટે ૧૩.૨૯ કરોડની બજેટમાં જોગવાઇ કરેલ છે. ગુજરાતના દરેક બાળકને અને વિકાસથી વંચિત છે એવા લોકો માટે ૮૮.૨૦ કરોડની જોગવાઇ પુસ્તકો ખરીદવા માટે કરવામાં આવેલ છે. ૧૦૦ ટકા નામાંકન પદ્ધત્તિ જ્યારે કરવામાં આવેલ છે ત્યારે શિક્ષકોની નિયમિત હાજરી માટે બાયોમેટ્રિક હાજરીની વ્યવસ્થા કરવા માટે ૩૨ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. ૬ થી ૮ ધોરણના વિદ્યાર્થીઓ દુનિયા સાથે કદમ મિલાવી શકે એ માટે કોમ્પ્યુટર શિક્ષણ માટે ૯૧ કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવેલ છે. સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત આર.ટી.ઇ. ૨૦૦૯ની જોગવાઇ મુજબ એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે એ માટે વેબસાઇટ શરૂ કરવામાં આવી છે અને હેલ્પલાઇન પણ શરૂ કરવામાં આવી છે. ગુજરાત એક એવું રાજ્ય છે કે જ્યાં પ્રવેશ ઉત્સવો ઉજવીને દરેક મંત્રીશ્રી, દરેક ધારાસભ્યશ્રી, દરેક આઇ.એ.એસ., આઇ.પી.એસ., કલેકટર, કમિશનર એકેએક શાળાએ જઇ અને આ શાળાઓમાં પ્રવેશોત્સવ કરાવી ૧૦૦ ટકા નામાંકન થાય એવો ભગીરથ પ્રયાસ આ રાજ્ય સરકારે કર્યો છે. પ્રાથમિક શાળાઓમાં માળખાકીય સુવિધાઓ માટે ૩૩૭ કરોડની જોગવાઇ કરેલ છે. ૧૫ જેટલી સ્માર્ટ સ્કૂલો માટેના પ્રોજેકટ માટે ૬ કરોડની જોગવાઇ કરેલ છે. માત્ર દેખાડવા પૂરતી નહીં પણ સંવેદના સાથે આ બજેટમાં ઇન્વોલ્વમેન્ટ સાથે માનનીય મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ જે આયોજન કરેલ છે એ આયોજન શ્રેષ્ઠ છે. અંત્યોદય સુધી શિક્ષણ પ્રાપ્ત થઇ રહે અને આવનારા દિવસોમાં દરેક નાગરિક શિક્ષણ પ્રાપ્ત કરી પોતાનું શ્રેષ્ઠ કર્તવ્ય કરી શકે એવા હેતુથી આ બજેટની દરેક માગણીઓને હું આવકારું છું અને અભિનંદન પાઠવું છું.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં. ૨૨ અને ૨૩ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત આખા દેશમાં નંબર વન છે અને હું તો એવું કહું છું કે ૧ થી ૧૦ માં આવતું

હોય તો માત્ર ગુજરાત આવી શકે એવી તાકાત ગુજરાતે દેખાડી છે. ગુજરાત જે કાંઇ કાર્ય કરે છે એ દશકો આગળ હોય છે. બીજા રાજ્યો ૧૦ વર્ષ સુધી પહોંચી ન શકે એવી કામગીરી ગુજરાતની છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે હું અન્ન અને નાગરિક પુરવઠાની વાત કરું છું ત્યારે બારકોડેડ રેશન કાર્ડની વાત કરું તો દેશમાં કોમ્પ્યુટરાઇઝડ રેશન કાર્ડ કે જેના કારણે આખા રાજયમાં ડુપ્લીકેટ રેશન કાર્ડ બંધ થયા અને ભૂતિયા રેશન કાર્ડ પણ દૂર થયા. ૧૬ લાખ જેટલા ભૂતિયા રેશન કાર્ડ આ સરકારે આ બારકોડેડ રેશન કાર્ડના કારણે દૂર કર્યા છે. આ ભૂતિયા કાર્ડ દૂર થયા, ભૂતિયા શિક્ષણના વર્ગો દૂર થયા અને ભૂતિયા જે પ્રતિનિધિઓ હતા, લોકો હતા એને પ્રજાએ દૂર કરી દીધા. બારકોડેડ રેશન કાર્ડની સાથે સાથે બાયોમેટ્રિક પદ્ધતિથી ફૂડ કૂપન આપવાની જે વાત છે એ આખા દેશમાં માત્રને માત્ર ગુજરાતની અંદર છે. કોઇપણ વ્યક્તિ પોતાના રેશન કાર્ડની સાથે રેશનની શોપ ઉપર જઇને પોતાની થમ્બ ઇમ્પ્રેશન આપે એટલે એને મળતો જથ્થો, અગાઉના સમયમાં એવું થતું હતું કે ડુપ્લીકેટ રેશન કાર્ડ હોય એટલે જથ્થો બીજે જતો રહે અને આવી રીતે બારકોડેડ રેશન કૂપન નહીં નીકળવાના કારણે જથ્થો સગેવગે થઇ જતો હતો. ભ્રષ્ટાચાર થતો હતો અને ગરીબો સુધી આ જથ્થો મળતો ન હતો. આ સરકારે જ્યારે કૂપનો કાઢવાની શરૂઆત કરી છે ત્યારે આ કૂપનો કાઢવાના કારણે ગરીબો અને વંચિતો સુધી એનો જથ્થો પહોંચે છે. આ કૂપન માટેનો અંગૂઠો આપે એટલે એને ખબર પડી જાય કે મને કેટલો જથ્થો મળવાપાત્ર છે અને મારે કેટલી રકમ આપવાની થાય છે. આ બધું જ બને છે એના કારણે આ સરકારે પારદર્શકતાથી પ્રમાણિક જથ્થો લોકો સુધી પહોંચાડવાની કામગીરી કરી છે એના કારણે યોગ્ય વ્યક્તિ સુધી પૂરતો જથ્થો મળે એ પ્રકારની કામગીરી કરી છે એ પણ દેશમાં માત્રને માત્ર ગુજરાતમાં થઇ રહી છે. મારે એવું કહેવું છે કે ૨૦૧૩-૧૪ના વર્ષમાં મારે મિત્રોને યાદ ન કરાવવું પડે કે ત્યારે યુ.પી.એ.ની કેન્દ્રની અંદર કોંગ્રેસની સરકાર હતી, ત્યારે આ કાર્યની અંદર કેન્દ્રની સરકારે યુ. પી. એ. સરકારે આ કામગીરી બદલ એવોર્ડ આપ્યો છે ગુજરાત સરકારને એક્સલન્સ ઇન ગર્વનમેન્ટ ઇન રિએન્જીનિયરીંગ એવોર્ડ ગુજરાત સરકારને કેન્દ્રની સરકાર દ્વારા આપવામાં આવેલો.

માનનીય અધ્યક્ષશ્રી, એલ.પી.જી. ગેસની જો વાત કરું, રાંધણ ગેસની, તો રાંધણ ગેસનો ઉપયોગ કરતી મોટાભાગની મહિલાઓ આ ઉપયોગ કરતી હોય છે. એને રાહત આપવા માટે આપણા મહિલા મુખ્યમંત્રીશ્રીએ એક સુંદર આયોજન કર્યું અને આ ગેસના જે સિલિન્ડર છે એના ઉપરનો વેટ, એ વેટનું ભારણ ઘટાડવા માટે વેટની જેટલી રકમ છે એ સબસિડી આપવાનું નક્કી કર્યું. તા.૧૬-૯-૨૦૦૪ના દિવસે આ જાહેરાત કરી અને મને કહેતા આનંદ છે કે, ઓક્ટોબરથી ડિસેમ્બરની વચ્ચે ૨૭.૩૭ કરોડ રૂપિયા ઓઇલ કંપનીઓને પહોંચાડી દીધા છે અને આ વર્ષના બજેટની અંદર ૨૦૧૫-૧૬ના બજેટની અંદર આ કામગીરી માટે ૧૧૫ કરોડ રૂપિયાની જોગવાઇ પણ કરી દેવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ફરીવાર કહેવું છે કે, આ ગુજરાત રાજ્ય દસકો આગળ છે, દસ વર્ષ આગળ છે. આજે બીજા રાજ્યોની અંદર આ જ્યારે પાણીની પાઇપ લાઇનોના આયોજનો થાય છે ત્યારે ગુજરાત સરકારે ઘરે ઘરે ગેસ પહોંચાડવા માટેની એવી પાઇપ લાઇનો નાખી અને ગુજરાતને એક નવા દસકાએ પહોંચાડી દીધું છે. બીજા રાજ્યોની અંદર જે હશે એ પણ ગુજરાતે આજે મોટા શહેરો અને સાથે સાથે ગામડાંની અંદર પણ આ પાઇપ લાઇન દ્વારા ગેસ પહોંચાડ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે દુ:ખ સાથે કહેવું પડે છે, ભાવનગરની મહિલાઓ આ બાબતે પાંચ વર્ષ સુધી વંચિત રહી. કારણ કે, આજથી પાંચ વર્ષ પહેલાં આ જો પાઇપ લાઇન નાખી દેવામાં આવી હોત તો ભાવનગરની મહિલાઓને આ જથ્થો પહોંચી શક્યો હોત પણ એ વખતની યુ.પી.એ.ની સરકાર અને અહીંના આગેવાનોએ એની અંદર આડખીલી ઉભી કરી અને આ જથ્થો ન પહોંચ્યો. આજે મને ગર્વ છે શ્રી નરેન્દ્રભાઇ શાસનમાં આવ્યા પછી તાત્કાલિક આજે ભાવનગરની અંદર લાઇન નખાવવાની શરૂઆત થઇ છે અને ભાવનગરની મહિલાઓને આ ગેસ પહોંચાડવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સી.એન.જી. સ્ટેશનોની વાત કરું, મારે યાદ કરાવવું છે ૨૦૦૧. ૨૦૦૧ની અંદર અમદાવાદ જે શહેર છે એ હાઇએસ્ટ પોલ્યુટેડ સિટીમાં ચોથા નંબરે હતું અને આપણા તત્કાલિન મુખ્યમંત્રી અને આજના દેશના વડાપ્રધાને આ એક કલંક છે એ દૂર કરવા માટે થઇને એમણે તાત્કાલિક સીએનજી સ્ટેશનો અને

સી.એન.જી. ગેસ પૂરો પાડ્યો અને નેવું હજારથી વધારે રિક્ષાઓ અને દોઢ લાખથી વધારે ખાનગી વાહનોને સી.એન.જી. કૃત કરવામાં આવ્યા અને એના કારણે ૨૦૦૧માં જે અમદાવાદ શહેર ચોથા ક્રમે હતું એ ૨૦૦૩માં તેરમા ક્રમે અને ૨૦૧૧માં ચોરાસીમા ક્રમે પહોંચાડ્યું અને આ રીતે પોલ્યુશનનો ઘટાડો કરવાનું એક ભગીરથ કાર્ય કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે અન્નની વાત છે, ત્યારે અન્નપૂર્ણા માતાને યાદ કર્યા વગર ન ચાલે. આપણા દેશની સંસ્કૃતિ છે કે, સ્ત્રીને–મહિલાઓને, વિદેશમાં કોઇ જગ્યાએ, કોઇ ભગવાન મહિલા નથી. આપણી ભારતીય સંસ્કૃતિ છે કે, એની અંદર મહિલા ભગવાનો છે, સ્ત્રી ભગવાનો છે અને સ્ત્રીને પણ પૂજવાની આ એક દેશની પરંપરા છે. આ દેશની અંદર સ્ત્રીને સન્માનિત કરવાની પરંપરા છે. પણ મારે દુ:ખ સાથે કહેવું પડે છે, આ દેશની સંસદ હોય તો એમાં *(xxx ) જેવી વ્યક્તિ અને એ વ્યક્તિ એવું કહે કે, મહિલાઓના સૌંદર્યની વાત કરે, બ્યુટીની વાત કરે, બોડી લેન્ગવેજની વાત કરે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપણે અહીંયાની વાત કરો ને વિભાવરીબેન.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : હું આ ગૃહની વાત કરું તો *(xxx) (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : મેં જ, શક્તિસિંહજી મેં એમને (અંતરાય) ના, ના, મેં જ કહ્યું છે. આપના આ શબ્દો રેકર્ડ પરથી હું દૂર કરું છું. આપ બેસી જાવ શક્તિસિંહજી.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : સાહેબ *(xxx) અને આ રેકર્ડ પરના શબ્દો એમના જ છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો દૂર કરું છું. (અંતરાય) એ જે શબ્દો છે એ હું રેકર્ડ પરથી દૂર કરું છું. વિભાવરીબેન આપની પાસે સમય ઓછો છે, એમાં આપનું રેકર્ડ પર રહે એવું બોલો.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : સાહેબ આ *(xxx) અત્યારે આ પરિસ્થિતિમાં છે હજી વધારે જશે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : વિભાવરીબેન આપના શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું.(અંતરાય) આપ બેસી જાવ.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, હું ઓન લાઇન પરમિટની વાત કરું તો.

ઉપાધ્યક્ષશ્રી : વિભાવરીબેન આપ માગણીઓ ઉપર રહો, જો આમ તેમ બોલશો તો આવું થશે અને તમારો સમય બગડશે ?

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : મારી પાસે કેટલી મિનિટ છે સાહેબ?

ઉપાધ્યક્ષશ્રી : તમારી પાસે ખાલી આ રિશેષ છે ત્યાં સુધી એક મિનિટ વધારાની મળશે તમને.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : ઓન લાઇન પરમિટની વાત કરું તો રેશન શોપ ધારકો પોતે થમ્બ ઇમ્પ્રેશન આપી અને પરમિટ મેળવી શકે માત્ર એક કે બે દિવસની અંદર આ પરમિટ મેળવી શકે છે. અગાઉના સમયમાં દસ થી બાર દિવસ સુધી એને હેરાન થવું પડતું હતું અને ડોર સ્ટેપ ડિલિવરી એટલે કે ડોર સ્ટેપની અંદર પણ એમને પોતાનો પૂરેપૂરો જથ્થો ડોર સ્ટેપ ઉપર મળી શકે, પોતાને એનો વાહનનો ખર્ચો ન કરવો પડે એના માટે થઇ અને વ્યવસ્થા કરવામાં આવી છે.

ઉપાધ્યક્ષશ્રી : બેન આપને છ મિનિટ જ આપી છે. આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી હીરાભાઇ.

શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી શિક્ષણની જે માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. કોઇપણ રાજય અથવા દેશમાં શિક્ષણ એ વિકાસ માટેનું એક મહત્વનું અંગ છે અને એના વિના રાજયનો કે દેશનો વિકાસ શકય નથી હોતો. ગુજરાતની અંદર દિન પ્રતિદિન વાયુ વેગે વધી રહેલા સ્વાયત્ત શિક્ષણ અને સરકાર દ્બારા ગ્રાન્ટેડ શિક્ષણ વચ્ચે ધોરણોની એકતા જાળવવા કોઇ વસ્તુલક્ષી ધોરણો ઘડાયા છે કે કેમ એ સમજણ પડતી નથી. એક ગુજરાતમાં બે અલગ પ્રકારની શિક્ષણ સંસ્કૃતિઓને રાજય જન્માવી રહ્યું હોય એમ લાગે છે એમાં એક સરકારી

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાં કાઢી નાખવામાં આવ્યા છે.

રાહે શિક્ષણ લેનારા બાળકો આગામી દશ વર્ષોમાં નિરક્ષર સાક્ષરો બનશે એવું આજે દેખાય છે કારણકે સરકાર ગ્રાન્ટ ઇન એઇડ શિક્ષણને જલદીથી જલદી સમાપ્ત કરવા ચાહે છે અથવા ચાહતી હોય તેવું લાગે છે. નિમણૂકો નહીં કરવી, સાધનો ઓછા આપવા, કર્મચારીઓ આપવા નહીં, એમને શકય તેટલો અન્યાય થાય એવું વર્તન કરવું, આખી વ્યવસ્થા રફેદફે કરી દેવી અને આખું તંત્ર પુરા જોશથી આમાં કામે લાગેલું હોય એવું માલુમ પડે છે. જેમાં વિવેક કે સામાન્ય સૂઝબૂઝ સમજપૂર્વકનો કોઇ ડાયલોગ નહીં અને સર્વોચ્ચ સ્તરે આ વ્યવસ્થા જોવાઇ રહી છે. વિષયના નિષ્ણાતો, તજજ્ઞોનું કોઇ માર્ગદર્શન લેવામાં આવે છે કે કેમ એ પણ ખબર પડતી નથી. રાજયની ગરીબ પ્રજાને પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ સુધી પણ એને ફ્રી આપવામાં આવે તો તેમાં કાંઇ ખોટું નથી કારણકે રાજય જે સાધનો ખર્ચે છે એ પ્રજામાંથી આવતા હોય છે. રાજય કોઇ બહારથી લાવીને ખર્ચ કરીને આ કામ કરતું નથી અને પ્રજાના પૈસે બાળકોને શિક્ષણ આપવું, પ્રજાને શિક્ષણ આપવું પ્રાથમિક અને માધ્યમિક એમાં કોઇ મોટો ઉપકાર નથી અને આ કામમાં રાજય સરકાર ઉણી ઉતરતી હોય એવું મને દેખાઇ રહ્યું છે અને મારી માન્યતા એવી છે કે આવનારા દિવસોમાં આનાથી વર્ગ વર્ગ વચ્ચે એક અસમાનતા ઉભી થશે કારણ કે ગ્રામ્ય વિસ્તારોમાં પણ પ્રાઇમરીથી માંડીને માધ્યમિક સુધીની સ્વાયત્ત સ્કૂલો આપવામાં આવે છે અને પરિણામે ગરીબ બાળકો આ સ્વાયત્ત સ્કૂલોમાં જઇ શકતા નથી અને સરકારી સ્કૂલોમાં જાય છે પરિણામે બેની વચ્ચે એક વર્ગ ભેદ ઉભો થતો જોવા મળી રહ્યો છે. આવા નાના નાના ગ્રામિણ વિસ્તારોની અંદર આવી સ્વાયત્ત સ્કૂલો પ્રાયમરીથી માંડીને માધ્યમિક સુધી આપવાની શું જરૂરિયાત છે? આનાથી શિક્ષણમાં કઇ તુલનાત્મક હરીફાઇ ઉભી થવાની છે? અને આનાથી કંઇ ગુણાત્મક શિક્ષણ મળશે એવું પણ મને સમજાતું નથી. બીજું, હમણા સરકારે એવો નિર્ણય કર્યો કે આવી સ્વાયત્ત સ્કૂલના બાળકોની ફી આપવી અને એ ફી દ્વારા એ સ્કૂલો ચાલે અને ગ્રાન્ટેડ નહીં કરવી એમ કરવાથી ફી તો સંચાલકોને મળશે. વધુ બાળકો દાખલ થાય એના માટેના જાતજાતના એ કાર્યક્રમો કરશે. એ માટેના પ્રયત્નો કરશે કારણકે એને વધુ ફી લેવામાં રસ છે. બાળકોની સંખ્યા પણ વધારે કરશે. આ બધું કરવાના. શિક્ષકોને જે પગાર આપવાનો થાય એમાં કોઇ પૂરો પગાર આપતા નથી. ઇવન આવી સ્વાયત્ત સ્કૂલો, સ્વાયત્ત કોલેજો, સ્વાયત્ત મેડિકલ કોલેજો તમામમાં કોઇ પૂરો પગાર આપવામાં આવતો નથી. શિક્ષકોનું શોષણ કરવામાં આવે છે. વધારે કામ સોંપવામાં આવે છે અને કેટલીક વખત તો એમાં શિક્ષણનું જે સ્તર છે એ જળવાતું નથી, એનો અભ્યાસ પણ જળવાતો નથી. એકબાજુ રાજય સરકાર ટાટ, સ્લેટ, નેટ આવી પરીક્ષાઓ લઇને ભરતી કરવાનો આગ્રહ રાખે છે અને એને જ અનુસરે છે. બીજીબાજુ આ નિયમોનું પાલન સ્વાયત્ત સ્કૂલોમાં નથી કરવામાં આવતું તો શા માટે સ્વાયત્ત સ્કૂલોમાં નથી કરવામાં આવતું? એમની ફી નકકી કરવા માટે દર વખતે એક કાયમી જેવું જજીસનું પંચ નિમેલું છે અને એ પંચ જે તે કોલેજમાં જાય છે, એની સુવિધાઓ કેવી છે એ બધી તપાસ કરે છે. બધું તપાસ કરી અને પચાસ હજારથી એક લાખ રૂપિયા સુધીની ફી એ આ જે એન્જીનીયરીંગ કોલેજો છે એ કોલેજોની અંદર આટલી ફી હોય છે. અને મેડિકલ કોલેજમાં તો કોઇ ફીનું ધારાધોરણ જેવું છે જ નહીં. ૩ લાખથી થી માડીને ૫ લાખ, પી. જી. માં ૭ લાખથી માંડીને ૧૩ લાખ સુધીની ફી લેવામાં આવે છે. એ સિવાય એડમિશનની પ્રક્રિયામાં જે થાય છે એ નવાઇ પમાડે તેવું હોય છે, તે કહેવાનો મતલબ નથી. બધા જાણતા જ હોય છે. એ પ્રમાણે કોલેજની અંદર પણ એન્જિનિયરિંગ કોલેજમાં ડોનેશન બહુ મોટા પ્રમાણમાં લેવામાં આવે છે. જ્યારે મને કહેવાનું મન થાય છે કે રાજય દ્વારા પૂર્વ સ્થાપિત કોલેજ અને યુનિવર્સિટી અબજોનો ખર્ચ કરીને બનાવેલ છે, તેની મહેકમ પ્રમાણે ભરતી ન કરવી, નાણાકીય કે અન્ય સહાયથી વંચિત કરી, કનડગત કરી, ખોખલી કરી, થકવી નાખવાનું અને કરોડરજ્જુ હિન બનાવી દેવાનું, અને હાથવગા લોકોને યુનિવર્સિટીના હાકેમ તરીકે નીમી તેમને કોમન એક્ટમાં નાખી દેવા અને પોતાનો જય જય કાર કરવો એવી ઇચ્છાથી કામ કરી રહેલ સરકાર છે. સ્વાયત્ત શિક્ષણ અને રાજ્ય આશ્રિત શિક્ષણ આ બંને વચ્ચે અભ્યાસ ક્રમોની એકરૂપતા હશે કે કેમ તે પણ સમજણ પડે તેમ નથી. ઉચ્ચ શિક્ષણ, સંશાધન, સૂત જ્ઞાન, ન્યાય ,સ્વતંત્રતા, ઉચ્ચ નાગરિક ગુણો વિકસાવે, ખાનગીકરણમાં અભ્યાસક્રમમાં લાયકાત ન ધરાવતા લોકો ભણાવે તો ઇતિહાસ, રાજનીતિ, સમાજ શાસ્ત્ર, અર્થશાસ્ત્ર, નૃવંશ શાસ્ત્ર એટલે કે માનવવંશ શાસ્ત્ર જેવા અનેક વિષયોમાં જે રીતે વર્તમાન સરકાર સક્રીય છે, તે જગ્યએ સૌથી મોટું અજ્ઞાન ફેલાવી રહેલ છે અને ફેલાવશે તે માટે ગુજરાત જગતના ઇતિહાસમાં જ્ઞાન વિશ્વમાં હાંસીપાત્ર બનશે તેવું મારું અંગત માનવું છે. શિક્ષણ મંત્રીશ્રી

એક આદર્શ શિક્ષક, રાજ્ય કક્ષાના મંત્રી એ પ્રોફેસર હોય અને રાજ્યના મુખ્યમંત્રી એ પણ એક આચાર્યથી રિટાયર્ડ થઇને મુખ્યમંત્રી બન્યા હોય ત્યારે મારી એક વિનંતી છે કે આ રાજયમાં ખંડ સમયના અધ્યાપકો છેલ્લાં ૧૫–૨૦ વર્ષથી કામ કરે છે. આ લોકો લાયકાત પ્રમાણે નીમાયેલા છે. જે તે સમયે સરકારના પ્રતિનિધિ, યુનિવર્સિટીના પ્રતિનિધિ, મેનેજમેન્ટના પ્રતિનિધિ બધાની હાજરીમાં આ લોકોને નિયુક્તિ આપી છે અને દસ તાસ કાર્યભાર એમનો, દસ તાસ, અને પૂર્ણ સમયના વ્યાખ્યાતાઓનો તાસ ૧૮. બંને વચ્ચે અડધો અડધ તફાવત. પણ આજે ૧૧૫૦૦ રૂપિયા  આ અધ્યાપકોને આજની ૧૫ મી તારીખે મળે છે. પેલી બાજુ ૪૮,૦૦૦ રૂપિયા જેટલો પગાર અને જૂની સર્વિસવાળા ૧૦–૧૫ વર્ષ પહેલાની સર્વિસવાળાને ૮૦,૦૦૦ રૂપિયા કરતા વધારે પગાર મળે છે.   અને આ લોકોએ વિનંતી કરી છે તમામને અમને પૂર્ણ સમયના અધ્યાપકો બનાવવામાં આવે. ૨૦૦૯ માં સરકારી કોલેજના એડહોક અધ્યાપકોને તેમની જૂની લાયકાતોના આધારે પસંદગીની પ્રક્રિયામાંથી બાકાત રાખીને માનવતાના ધોરણે ગુજરાત સરકારે ગ્રાંન્ટેડ કોલેજોમાં આ લોકોને નિયુક્તિ આપેલી, ત્યારે મારી પણ એક વિનંતી છે કે આ લાયકાત તો છે જ આમની, માત્ર સવાલ એટલો છે કે એમને કોઇ જગ્યાએ ગોઠવવા. પોતાની કોલેજોમાં પણ જગ્યાઓ ખાલી હોય તો પણ તેમને નિમણૂક આપવામાં આવતી નથી. ૨૭૦ જેટલા આવા અધ્યાપકો છે. એમાંથી ૧૩૦ જેટલા સ્લેટ, નેટ અને પી.એચ.ડી. છે. ૩૦–૪૦ જેટલા અધ્યાપકો એમ.ફીલ. પાસ છે અને બાકીનાની લાયકાત એમણે સુધારેલ નથી, પણ ભૂતકાળમાં કોંગ્રેસની સરકારો હતી ત્યારે લાયકાત સુધારવાની શરતે જ્યારે પણ અધ્યાપકોની ઘટ પડતી ત્યારે નિમણૂક આપવામાં આવતી હતી. તો મારી મંત્રીશ્રીને વિનંતી છે કે લાયકાત જેની બાકી છે, તેને સુધારવાની શરતે પણ આ નિમણૂકો આપવામાં આવે અને બીજુ પ્રો–રેટા પ્રમાણે જે અત્યારે છઠ્ઠુ વેતન પંચના કારણે જે લોકો કાયમી છે એમનો  પગાર છે એ પ્રો–રેટા પ્રમાણે આ લોકોનું વેતન પણ સુધારવામાં આવે તેવી મારી એક વિનંતી છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી  અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર –ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી ૨૦૧૫–૧૬ના વર્ષ માટે જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બાયોમેટ્રિક કૂપન દ્વારા આજે ગુજરાતમાં જે અન્ન પૂરું પાડવામાં આવે છે તેમાં ખાસ તો જરૂરિયાતમંદો કે જેને ખરેખર અન્નની જરૂર છે તેના હાથમાં સીધેસીધું અન્ન પહોંચે તેના માટે આ સરકાર ખૂબ ઉંડાણપૂર્વક વિચાર્યા બાદ આ કૂપન સિસ્ટમ લાવી છે. પહેલાં કૂપન લેવા માટે અલગ જગ્યાએ જવું પડતું હતું અને પછી રેશનીંગની દુકાને જવું પડતું હતું. તેમાં પણ સુધારો કરી આજની તારીખમાં રેશનીંગની દુકાનમાં સીધો ગ્રાહક જાય અને તેના અંગૂઠાની છાપ આપે એટલે તેને કૂપન મળી જાય. અગત્યની વાત એ છે કે તે કૂપન દ્વારા આખા મહિનામાં ગમે ત્યારે અનાજ લઇ શકે. નાના માણસ પાસે પૈસા ન હોય તો ઘણી વખત તેનું અનાજ આખા મહિનાનું જતું રહેતું. ઘણી વખત દુકાનદાર કૂપન બનાવીને વેચી મારતો. એટલે તે કાળાબજાર રોકવા માટે આખા મહિનામાં જયારે તેની પાસે પૈસા આવે ત્યારે તે પોતાનું અનાજ મેળવી શકે છે. તે તેનો અધિકાર છે. દુકાનદારને પોષાય તે માટે દરેક ગ્રાહકદીઠ આ સરકારે પાંચ રૂપિયા વધારાના આપવાનું નકકી કર્યુ. જેના કારણે દુકાનદાર અને સંચાલકની સદ્ધરતા વધે. તેના લીધે ગ્રાહક અને દુકાનદાર બંનેને ફાયદો થયો. આ જે પગલું ભર્યુ તેને હું આવકારું છું. સરકારના હકારાત્મક અભિગમના કારણે ફેબ્રુઆરી ૨૦૧૫માં રાજયમાં ૨૬૭૪ જેટલી વાજબી ભાવની દુકાન હતી. જે માર્ચ મહિનાના લેટેસ્ટ આંકડા પ્રમાણે ૨૯૦૦ થી વધારે દુકાનો આજે કાર્યરત છે. ભૂતકાળમાં  ભૂતીયા કાર્ડને કારણે મોટા પ્રમાણમાં અનાજનો જથ્થો ડાયવર્ટ થઇ જતો. તે ડાયવર્ટ થયેલો જથ્થો અને તેમાં ઘઉં તો ફલોર મીલોમાં પહોંચી જતા. તેના લીધે રેડ કરવી પડતી. અધિકારીઓ અને પોલીસનો સમય બગડતો.  આ બધું જ દૂર કરવા માટે આ ગતિશીલ સરકારે સીધો જથ્થો દુકાનદારની દુકાન સુધી પહોંચે તેવી વ્યવસ્થા કરી છે. તેનો ખર્ચ સરકાર ભોગવવા જઇ રહી છે. આ બધું જોઇએ તો તેના માટે સરકારે આ વર્ષે ડોર સ્ટેપ ડિલેવરીની યોજના માટે ૬૦.૫૮ કરોડની માગણી મૂકી છે. આ ટેમ્પાનો ખર્ચ લગભગ ૧૦૦૦, ૧૫૦૦ થી ૨૫૦૦ રૂપિયા જેટલો આવતો હોય છે. તે બધો જ ખર્ચ સરકાર ભોગવે છે. રેશનકાર્ડની વાત કરુ તો ભૂતકાળમાં રેશનકાર્ડ કઢાવવું હોય તો રેશનકાર્ડના દુકાન હોલ્ડર હોય તેને ત્યાં આપણે આંટા મારવા પડતા હતા અને કહેવું પડે કે ભાઇ મારું રેશનકાર્ડ બનાવી દો ને. આપણા માતૃશ્રી હોય તો તે જાય, બહેન દીકરી હોય તો તે ત્યાં જઇ

રેશનીંગની દુકાનની આજુબાજુ આંટા મારે. તેમાં સુધારો કરીને આજે જોઇએ તો તાલુકામાં જનસેવા કેન્દ્ર ઉપર તેને અરજી કરવાની હોય છે. તે અરજીમાં સુંદર રીતે તે ફોર્મમાં લખેલ હોય છે કે આમાં તમારે શું કરવાનું? કેટલા દિવસે તમને કાર્ડ મળી જશે. આમાં સ્પષ્ટ માહિતી આપવામાં આવી છે કે આ ફોર્મ ભર્યા પછી તરત જ ફીંગર પ્રિન્ટ આપવાની હોય છે. તે આપ્યા બાદ પંદરેક દિવસમાં તેમનું રેશનકાર્ડ મળી જતું હોય છે. સરકારની આ નીતિના કારણે રાજયમાં જાન્યુઆરી ૨૦૧૫માં ૭૧.૫૦ લાખ કાર્ડ ગ્રાહકોએ કૂપન મેળવેલ છે. ફેબ્રુઆરી ૨૦૧૫માં ૭૨.૪૪ લાખ કાર્ડ ગ્રાહકોએ કૂપન મેળવેલ છે. ડિસેમ્બર ૨૦૧૪માં ૮૧.૧૫ ટકા કુપનો નીકળી. જાન્યુઆરી ૨૦૧૫માં ૮૨ ટકા કરતાં વધારે કુપનો નીકળી છે. આ સરકાર કાળાબજારીયાઓને નાથવામાં ખૂબ ઉંડાણપૂર્વક ચિંતા કરી રહી છે ત્યારે અન્ન નાગરિક પુરવઠાના મંત્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. તેમની જે માગણીઓ છે તેના માટે બધા જ સભ્યોને કહું છું કે નાના માણસો માટેની માગણીઓ છે તો આપણે બધા સાથે મળીને મંજૂર કરીએ. અસ્તુ, ધન્યવાદ.

શ્રી ગ્યાસુદીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એની ઉપર મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઇ.ની જોગવાઇઓ આપણા માટે ૨૦૧૦માં કરવાની વાત હતી પરંતુ એની અંદર આપણે ઘણો વિલંબ કર્યો અને જ્યારે કેટલીક સંસ્થાઓએ હાઇકોર્ટના દ્વારા ખખડાવ્યા એ પછી આપણે આ બાબતને થોડી ગંભીરતાથી લીધી છે. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા માગુ છું કે આર.ટી.ઇ. હેઠળ જો આની અંદર આપણે કડકાઇથી અમલ કરીએ અને ખરેખર જો આપણે ગરીબો માટે, વંચિતો માટે ચિંતિત હોઇએ તો આનાથી ગરીબોની, વંચિતોની બહુ મોટી ભલાઇ થાય એવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૫ ટકા જે બેઠકો છે એ ગરીબોની છે અને એમની આર્થિક સ્થિતિ પર મહત્વ આપવાનું છે અને ૬૮૦૦૦ ની ઇન્કમ હોય તો આ લોકોનો એની અંદર સમાવેશ થાય. ઘણી જગ્યાએ એવું છે કે, એ લોકો કહે છે કે ગરીબ અમારી સાથે ભણે કેમ? એવું ન હોવું જોઇએ. જો આપણે સમાજમાંથી અસ્પૃશ્યતા દૂર કરવા માગતા હોઇએ, આપણે સમાનતા પેદા કરવા માગતા હોઇએ, ગરીબ–અમિરનું અંતર ઓછું કરવા માગતા હોઇએ તો આપણે આર.ટી.ઇ. નો કડકાઇથી અમલ કરવો જોઇએ. કેમ કે અસ્પૃશ્યતા, વાદ–વિવાદ જે કાંઇ ઉભા થાય છે લોકોની અંદર એનાથી પરિસ્થિતિ એવી ઉત્પન્ન થાય છે કે, લોકોને જ્યારે એમ લાગે કે આ અમારી સાથે અન્યાય થાય છે ત્યારે મજબૂરીથી એ લોકો હતાશ થઇને ધર્માન્તરણ કરતા હોય છે. ધર્માન્તરણની પાછળનું મુખ્ય કારણ હોય તો એ એક જ છે કે એમને સમાનતા નથી મળતી, ન્યાય મળતો નથી અને એમને અસ્પૃશ્ય ગણવામાં આવે છે ત્યારે લોકો ધર્માન્તરણ કરતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, એ પછી એ લોકો ધર્માન્તરણ કરે એટલે એના ઘેરા પ્રત્યાઘાત પડે છે. મારા ગુજરાતીઓ જે વિદેશમાં રહે છે જેમના પૈસાથી અને ફંડથી આપણે ચૂંટણી લડીએ છીએ, જે આપણને મત આપવા અહીંયા આવે છે એ આજે મારો ગુજરાતી વિદેશમાં સલામત નથી. એક ગુજરાતીની હત્યા થાય, એક હિન્દુસ્તાનીની હત્યા થાય અને બે બે મંદિરો તોડવામાં આવે એની પાછળનું કોઇ કારણ હોય તો એક જ કારણ છે કે, આપણે જે સમાનતા ઉભી કરવા માગતા હતા એ સમાનતા ઉભી નથી થઇ. વાંક આપણો જ છે આપણે સમરસતાની વાત કરતા હોઇએ, આપણે એકાત્મવાદની વાત કરતા હોઇએ ત્યારે હું એટલું કહેવા માગુ છું, આ માધ્યમથી કહેવા માગુ છું અને મંત્રીશ્રીને પણ કહેવા માગુ છું કે, આપણે આપણા પ્રધાનમંત્રીશ્રીને પણ કહીએ કેમ કે મીસ્ટર બરાક ઓબામા સાથે એમની બહુ સારી દોસ્તી છે અને એમને મીસ્ટર મોદી કહે છે અને તેઓ એમને મીસ્ટર બરાક કહે છે ત્યારે તેઓ મીસ્ટર બરાકને એમના દોસ્ત છે તેને વિનંતી કરે અને ગુજરાતીઓના મનની વાત મૂકે કે મારા ગુજરાતીઓને અને હિન્દુસ્તાનીઓને સલામતી આપે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ માગણીઓ પર આવો.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : હું માગણીઓ ઉપર જ કહું છું સાહેબ, એના પ્રત્યાઘાત બહુ ઘેરા પડે છે. આમાં મારી માગણીમાં તો સાહેબ, બધાને ન્યાય મળશે. હું તો ઇચ્છું કે જે માનનીય મંત્રી રમણભાઇ છે એ ખાલી સામાજિક અને ન્યાય અધિકારીતા મંત્રી ના રહે એમને પણ કોઇક વાર ઉદ્યોગ વિભાગ મળે, અમારા વન મંત્રી મંગુભાઇ છે એમને પણ કોઇક વાર મહેસૂલ મળે એમ બધાને ન્યાય મળે. હું નથી માનતો કે કોઇને હેડ માસ્તર બનાવીને બેસાડી દેવામાં આવે, બધાને ન્યાય મળવો જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, મારી એટલી જ વિનંતી છે

કે, આર.ટી.ઇ.નો સખ્તાઇથી અમલ કરીએ, સમાજમાં સમરસતા થાય, તમામને ન્યાય મળે અને જે લોકો વંચિતો છે એને પૂરતો ન્યાય મળે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સાથે મારે નાગરિક અને પુરવાઠા વિભાગની પણ વાત કરવી છે. માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી છે તેઓ બહુ સમજું છે અને સંવેદનશીલ છે ત્યારે હું એમને વિનંતી કરવા માગું છું કે, જે કોઇ પરિસ્થિતિ આજે છે એ તમે જુઓ અમદાવાદમાં કેરોસીનમાં ખૂબ જ કાળા બજાર થાય છે. સવારે ચાર વાગ્યાથી મહિલાઓને લાઇનમાં ઉભા રહેવું પડે છે અને છ વાગે એમને કેરોસીન આપવામાં આવે છે. પૂરતા માપીયા નથી હોતા એમની પાસે અને જયારે આપણે ફોન કરીએ તો કોઇ ફોન ઉપાડતું નથી. મેં જાતે બે વખત જનતા રેડ કરી છે તો એવું કહેવામાં આવે છે કે આ તો તોલમાપવાળાનું કામ છે અમારું કામ નથી તો માનનીય અધ્યક્ષશ્રી, આ જે કેરોસીનનું વિતરણ કરતા હોય એ વખતે તોલમાપના અધિકારીઓ હાજર રહે જેથી ગરીબોને પૂરતો જથ્થો મળે. કેમ કે અમુક સ્થાપિત ટોળકીઓ છે એ ટોળકીઓએ આની ઉપર કબજો જમાવી લીધો છે. આ તો બહુ સેવાનું કામ છે. કેરોસીન કોણ લે? જે બિલકૂલ ગરીબ છે, જે ઝૂંપડાંમાં રહે છે એ કેરોસીન લે. બીજું કે લોકોને કેરોસીન પૂરતા પ્રમાણમાં મળે, અનાજ મળે અને હું એક બીજી વિનંતી કરું કે, ફૂડ સિક્યોરિટી બિલ એ એટલું સારું બિલ છે કે જેમાં ગરીબ અને મધ્યમ વર્ગના ૬૫ ટકા લોકોને આવરી લેવામાં આવશે. મંત્રીશ્રીએ બે વખત જાહેરાત કરી કે અમલ કરવાના છો, તો ક્યારથી અમલ કરવાના છો? આ ગંભીર બાબત છે, ફૂડ સિક્યોરિટી બિલનો ઝડપથી અમલ કરો અને ગરીબોને ૩૫ કિલો અને મધ્યમ વર્ગના લોકોને ૩૫ કિલો અનાજ મળશે એમાં ૨૦ કિલો ઘઉં હશે અને ૧૫ કિલો ચોખા છે અને એ પણ ખૂબ સામાન્ય ભાવે મળશે એટલે એમને જીવન નિર્વાહ ચલાવવામાં ખૂબ સહેલાઇ થશે. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે, આ બાબતે ઝડપ કરે અને જેટલું બને તેટલું જે સારી બાબત હોય એને આપણે ઝડપી કરવી જોઇએ એનાથી જે વંચિત લોકો છે એમને ન્યાય મળે કેમ કે સરવાળે એ લોકો છે જે આપણને સાહેબ બનાવે છે, જે આપણને શક્તિ બક્ષે છે, જેમના માધ્યમથી આપણે અહીંયા ચૂંટાઇને આવીએ છીએ એમની ચિંતા કરવાની જરૂર છે. આપણા માનનીય પ્રધાનમંત્રશ્રી એક સમયે ચા વેચતા હતા તો મારી મનની વાત એમને જઇને કહેજો કે ચા વાળો ગરીબ હોય તો આ ગરીબો માટે પણ કંઇક કરે.

શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી ૨૦૧૫–૧૬ના વર્ષ માટેની જે માગણી નંબર–૨૩ લઇને આવ્યા છે તેમાં ૩૬૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે એને સમર્થન આપવા સાથે મારા વિચારો વ્યક્ત કરું છું. કબીર સાહેબે ગરીબોને લક્ષમાં લઇને એક પંક્તિ કહી છે. ''કબીર કહે કમાલ કો દો બાતે લીખ લે, કર ખુદા કી બંદગી ઔર ભુખે કો અન્ન દે'' માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર માનવજાત પેટ માટે વેઠ કરે છે, આજે આપણે રાજકીય ક્ષેત્રમાં હોઇએ, કોઇ ધંધાકીય ક્ષેત્રમાં હોઇએ, કોઇ મજૂરી કરતા હોઇએ એ બધા પેટ માટે વેઠ કરે છે. હવે હું ગાંધીનગરનો મટીને જ્યારે સુરેન્દ્રનગરનો કહેવાઉં છું ત્યારે સુરેન્દ્રનગરની અમારી એક કહેવત છે. ''કાયા વચાડે ગુમડું, ઓહડ છે એનું અન્ન, ભીમદાસ કહે ભર્યા પછી મોજું માણે મન''

માનનીય અધ્યક્ષશ્રી, પાણી પાવાથી પાંચ ફળ મળે છે, છાસ પાવાથી છ ફળ મળે છે અને અન્ન પાવાથી અનેક ફળ મળે છે, જો મનથી અપાય તો. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે મનથી ગરીબોની સેવા કરી છે, ૨૬ લાખ ઉપરાંત બી.પી.એલ. કુટુંબો અને પોણા આઠ લાખ અંત્યોદય કુટુંબોને સસ્તા અનાજની દુકાનો મારફતે રાહત દરે ૩૫ કિલોગ્રામ અનાજ મળે છે અને એના માટે ચાલુ વરસે ૨૧૬ કરોડ ઉપરાંતની જોગવાઇ કરી છે. અનાજ સંગ્રહ માટે ૭૫ હજાર મેટ્રીક ટન વધારાના સાથે ગોડાઉનના બાંધકામ માટે ૧૦૪ કરોડની જોગવાઇ કરી છે, કેન્દ્રમાં જ્યારે યુ.પી.એ.ની સરકાર હતી, ગોડાઉનોની બાબતમાં સમાચાર પત્રોમાં પણ ઘણી વખત આવતું હતું, પત્રકાર મિત્રો પણ અહીંયા બેઠાં છે, એ વખતે ગોડાઉનોની હાલત એવી હતી, અનાજ સડી જતું હતું, માણસના કામમાં નહોતું આવતું, ગરીબોના પેટમાં જતું નહોતું, એવી સ્થિતિ હતી કે એ સમયે એફ.સી.આઇ.ના ગોડાઉનો એટલા બિસ્માર હાલતમાં હતા કે જેના કારણે અનાજ ફેંકી દેવામાં આવતું, યુ.પી.એ. ની સરકાર વખતે કોઇ સુખી હોય આ દેશની અંદર તો એ ઉંદરો હતા. આ ઉંદરો ગોડાઉનની અંદર એટલી મજા માણતા કે આ

દેશની અંદર એ સમયે યુ.પી.એ. ની સરકારમાં જો ઉંદરોની હરિફાઇ રાખવામાં આવેલ હોત તો એફ.સી.આઇ.ના ગોડાઉનના ઉંદરોનો પહેલો નંબર આવે. એ પ્રકારના કોંગ્રેસના શાસનમાં એ વખતે ઉંદરો આનંદ કરતા હતા. આજે ગરીબોના જઠરાગ્નિના કારણે, ગરીબોના શ્રાપથી સમગ્ર દેશમાં કોંગ્રેસનો સફાયો થઇ ગયો છે, રાજ્ય સરકારમાં ૧૭૨૬૦ દિનદયાલ ગ્રાહક ભંડાર જેને કહેવાય કે સસ્તા અનાજની દુકાનો હાલમાં કાર્યરત છે, માસિક ૧,૭૮,૯૮૦ મેટ્રીક ટન અનાજ આ ગુજરાતની અંદર ગરીબોને આપવામાં આવે છે. ૫૬૧૨૦ કિલોલિટર કેરોસીન પ્રતિ માસ ગરીબોને આપવામાં આવે છે. કેરોસીનની વાત કરું તો મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, ૨૦૧૧ની અંદર, એ વખતની કેન્દ્રની યુ.પી.એ. સરકાર હતી ત્યારે ગુજરાતનો કાયદેસરનો અધિકાર હતો એ છીનવી લીધેલો અને ગુજરાત સરકાર પ્રત્યે કિન્નાખોરી રાખીને, કડવાશ રાખીને, વેરભાવ રાખીને આપણા જથ્થામાંથી ૨૭ ટકા જથ્થો કાપી નાંખ્યો હતો અને એ વખતે આપણને ભારોભાર અન્યાય કર્યો હતો, કાળાબજારિયા અને સંગ્રહાખોરો સામે કડક હાથે કામ લેવા ૮૯ ઇસમો સામે ગુજરાતની સરકારે પોલીસ કેસ કર્યા છે. ૫૭૨ ઇસમોની કાળાબજાર નિયંત્રણ ધારા હેઠળ અટકાયત કરેલી છે, આપણા લાડીલા મહિલા મુખ્યમંત્રીશ્રીનો એક મંત્ર છે ગરીબી દૂર કરવા ગરીબોનું સશસ્ત્રીકરણ કરવાનું અને આ આયોજન અટકવાનું નથી કારણકે આ સરકાર ગરીબોની છે, માનનીય મુખ્યમંત્રીશ્રીનું હૈયું એક માતૃત્વ હૃદય છે, માતા જેમ પોતાના બાળકોની સેવા કરે એમ માનનીય આનંદીબહેન જ્યારે સમગ્ર ગુજરાતના ગરીબોની સેવા કરી રહ્યા છે ત્યારે આ બજેટને હું આવકારું છું.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી અને સર્વે સાહેબો, માનનીય મંત્રીશ્રી માનનીય કાયદા મંત્રીશ્રી ૮૬૭ કરોડ, ૮૮ લાખ ૩૮ હજારની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારી વાત રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧માં ન્યાયતંત્ર અને વ્યવસ્થાનું બજેટ ૧૦૮ કરોડ હતું અને આજે એ બજેટ ૮૬૭ કરોડ રૂપિયા છે. એવું કહેવાય છે કે justice delayed is justice denied. કોર્ટની અંદર ઘણા બધા કેસો છે. પડતર કેસો જૂના ઘણા બધા કેસો છે તેના માટે ભારતીય જનતા પાર્ટીની આ સરકાર છે તેણે ત્રણ ચાર નીતિઓ નક્કી કરી. એક તો વ્યકિતને વહેલો ન્યાય મળે, સહેલો ન્યાય મળે અને તેના વિસ્તારમાં જ ન્યાય મળે. એટલે આપણે દરેક તાલુકા કક્ષાએ કોર્ટો, જિલ્લા કક્ષાએ કોર્ટો અને એ રીતે આખા ૨૦૧૧થી રાજયમાં લગભગ ૯૪૯ કોર્ટોની સ્થાપના કરી અને તેમાં બધામાં જજોની ભરતી કરી. એ રીતે લોકોને જલ્દી ન્યાય મળે નવા જે જિલ્લાઓ બન્યા છે તેમાં ડિસ્ટ્રીકટ અદાલતો હાલમાં જિલ્લાઓમાં ૨૩ વધારાનાં જિલ્લા ન્યાયાધિશો, ૩૪ સિનિયર સિવિલ જજો, ૪૩ સિવિલ જજોની નવી નિમણૂકો કરીને કેસોનો ભરાવો ના થાય તેના માટે દર શનિવારે લોક અદાલતો કોર્ટોમાં થાય, આપણે ગાંધીજીની વાત કરીએ છીએ પણ કોર્ટોમાં ૨જી ઓકટોબરના દિવસે મેગા અદાલતો થાય છે. ડો.બાબાસાહેબ આંબેડકરની જયંતીના દિવસે મેગા અદાલતો કોર્ટોમાં થાય છે. આપણે એક નવી સીસ્ટમ પણ લાવ્યા છીએ pre-litigation લોક અદાલતો. જે સામાન્ય કેસો હોય કે ૧૩૮ના કેસો હોય એ કેસોમાં પહેલાં જ પક્ષકારો વચ્ચે સમાધાન થાય તો હું માનુ છું કે તેનો નિકાલ થઇ શકે. આપણે આ વર્ષની અંદર જે બજેટ છે એમાં ખાસ અકસ્માતના જે કેસો છે તે ચલાવવા માટે દસ ખાસ અદાલતો બનાવી રહ્યાં છીએ. જે પરિવારની તકરારો છે બહેનો અને પતિ–પત્નીની તકરારો છે તેના માટે ૧૫ ફેમિલિ કોર્ટો બનાવી રહ્યાં છીએ. આજે ચેકો પાછા જવાના ઘણા બધા કેસો થાય છે તેના માટે સો ખાસ અદાલતો બનાવી રહ્યાં છીએ. અહીંયા દારૂબંધી માટે પણ ઘણી બધી વાતો થઇ તો દારૂબંધીના કેસોનો પણ ઝડપી નિકાલ થાય તેના માટે ૧૧ નવી કોર્ટોની રચના કરવા આપણે જઇ રહ્યાં છીએ. સાહેબ, હું ૧૯૭૯થી અમદાવાદ શહેરમાં વકીલાત કરું છું. અમારી ઘી કાંટા કોર્ટમાં જયારે વરસાદ પડે એટલે પાણી ટપકે જયારે અહીંયાના ભૂતપૂર્વ અધ્યક્ષ અને એ ટાઇમના કાયદા મંત્રીશ્રી અશોકભાઇ ભટ્ટે નવી મેટ્રોપોલિટીન કોર્ટ બનાવી. તેને હું ધન્યવાદ આપુ છું હાલના કાયદા મંત્રીને, સેશન્સ કોર્ટની દશા કેવી હતી? સાહેબ આપ પણ ત્યાં વકીલાત કરવા માટે ભૂતકાળમાં આવ્યા હશો એ કેવી દશા હતી ? આજે જયારે નવી બિલ્ડીંગ બની રહી છે અને એ નવી બિલ્ડીંગ આઠ માળની બનશે તો હું માનુ છું કે, ખૂબ સારું થશે. ગતિશીલ ગુજરાત માટે એવું કહેવામાં આવે છે કે,

ગતિશીલ ગુજરાતનું સૂત્ર છે પણ આપણાં તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી એવુ કહેતા હતા કે આ દશ વર્ષમાં તો અમે ભૂતકાળના ખાડા જ પૂર્યા છે હવે આ ગતિ આવી છે. એટલે આ ગતિશીલ ગુજરાત આપણા મોટા બહેન મુખ્યમંત્રી આનંદીબેન પટેલ જે લઇને આવ્યા છે અને તેમાં ન્યાયતંત્રમાં જો જલ્દી કેસો પૂરાં થશે તો લોકોને વહેલો ન્યાય મળશે. આના માટેની જે માગણી છે અને તેમાં વિરોધ પક્ષોએ જે કાપ દરખાસ્ત મૂકી છે તે પાછી ખેંચી લે અને ન્યાય બધાને ઝડપી મળે એના માટે આ માગણીનો સ્વીકાર કરે જયહિંદ.

ઉપાધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે સભાગૃહ વિરામ સમય બાદ બપોરના ૩-૧૫ કલાકે ફરી મળશે.

( વિરામ બપોરના ૨-૨૯ થી ૩-૧૫ )

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર(સંતરામપુર) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્રની આજની માગણી ઉપર હું મારા થોડાક વિચારો રજૂ કરું છું.

શિક્ષણ વિભાગમાં કેટલાક વર્ષોથી પ્રવેશોત્સવ ઉજવવામાં આવે છે, કન્યા કેળવણી ઉત્સવ કરવામાં આવે છે. આપણે પ્રવેશ માટે ધ્યાન આપીએ છીએ પરંતુ એટલું જ ધ્યાન આ બાળકો ધોરણ ૧૨ સુધી પૂરેપૂરા ભણે છે કે કેમ, એમાં ગુણાવત્તાસભર અભ્યાસ છે કે કેમ એ બાબતનો કોઇ વિચાર કરવામાં આવ્યો ન હોય તેવું લાગે છે.

સરકારશ્રીના જ થોડાક આંકડા મારી પાસે છે એની વાત કરું તો. અંતરીયાળ વિસ્તાર અને શહેરી વિસ્તાર એમ બે ભાગમાં શિક્ષણ વહેંચાઇ ગયું છે. શહેરી વિસ્તારમાં જે મા-બાપ પોતાના બાળકોને પૈસા ખર્ચીને સારી શાળાઓમાં ભણાવી શકે તેને વાંધો આવતો નથી, પરંતુ જે અંતરીયાળ વિસ્તાર છે જયાં સરકારની શિક્ષણની શાળાઓમાં પ્રાપ્ત સુવિધા નથી અથવા માધ્યમિક શાળાઓ પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ નથી. ત્યાં શિક્ષણનો ડ્રોપ આઉટ રેશીયો ઘણો ઉંચો છે. આદિવાસી વિસ્તારની વાત કરીએ તો ગુજરાતમાં સન ૨૦૦૪-૦૫માં ધોરણ ૧ થી ૮ માં ૬૭ ટકા ડ્રોપ આઉટ રેશીયો હતો. જયારે ધોરણ ૧ થી ૧૨ માં ૭૪ ટકા હતો. એ જ રીતે સન ૨૦૦૭-૦૮ની વાત કરીએ તો ધોરણ ૧ થી ૮ માં ૬૩ ટકા, ધોરણ ૧ થી ૧૨ માં ૭૩ ટકા ડ્રોપ આઉટ રેશીયો હતો. એ જ રીતે સન ૨૦૧૦-૧૧માં ધોરણ ૧ થી ૮ માં ૭૦ ટકા અને ધોરણ ૧ થી ૧૨ માં ૭૭ ટકા ડ્રોપ આઉટ રેશીયો હતો. એટલે આ ખૂબ જ ચિંતાજનક વિષય છે. ધોરણ ૧ થી ૧૨માં જો ૭૦ ટકા બાળકો અભ્યાસ છોડી દેતા હોય તો એ સમાજનું શિક્ષણનું સ્તર કેટલું નીચું જાય છે એ આ આંકડાઓ ઉપરથી જોઇ શકાય છે. જો આવી જ રીતે ચાલ્યા કરવાનું હોય તો બે સમાજ વચ્ચે રેશિયો છે જે ગ્રાફ છે એ વધતો જ જશે. જે સમાજ શિક્ષણ સારી રીતે આપી શકે છે એ સમાજના બાળકો આગળ વધી શકે છે અને જે સમાજ પોતાના બાળકોને પૈસા ખર્ચીને શિક્ષણ આપી શકતા નથી એના બાળકો દિવસે દિવસે ઓછું શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે અથવા તો ગુણાવત્તાસભર શિક્ષણ પ્રાપ્ત કરી શકતા નથી.

મારે આ બાબતમાં એકજ મુદ્દાની વાત કરવી છે કે પ્રાથમિક શિક્ષણ છે એ સરકારનું પોતાનું શિક્ષણ છે. સરકાર મોટે ભાગે જાતે શિક્ષણ આપી રહી છે. કેટલાક વિસ્તારો એવા છે કે એમાં શિક્ષકોને ૨૦-૨૫ કે ૪૦-૪૦ કિલોમીટર સુધી દૂર જઇને બાળકોને ભણાવવા માટે જવું પડે છે. તેથી મારું સૂચન છે કે આવા વિસ્તારોમાં ૧૫ થી ૨૦ કિલોમીટરના કલસ્ટર બનાવવામાં આવે અને ત્યાં રહેણાંકની સુવિધા ઉભી કરવામાં આવે તો આ શિક્ષકો ત્યાં શાંતિથી રહી શકે અને જે તે શાળામાં સારી રીતે ફરજ બજાવી શકે. કેટલાક ટ્રાયબલ વિસ્તારો એવા છે કે ત્યાં શિક્ષકોને રહેવાની સુવિધા નથી. અમારે ત્યાં બીજી બધી યોજનાઓમાં રકમ ન મળે તો ચાલશે પણ શિક્ષકોને રહેવાની સુવિધા એ ખૂબજ જરૂરી છે, તેથી સરકાર આ બાબતમાં ખૂબ ગંભીરતાથી વિચારે તેવી વિનંતી કરું છું.

અમારે ત્યાં આયોજન પ્રભાગની વિકાસશીલ તાલુકામાં બે કરોડ રૂપિયાનું દર વર્ષે બજેટ આપવામાં આવે છે. આ બજેટ મોટા ભાગે એન.જી.ઓ. ને આપવામાં આવે છે. જે બિન ઉપજાવ ખર્ચો છે, તેથી આ

બજેટમાંથી થોડીક રકમ રહેણાંકના મકાનો માટે વાપરવામાં આવે તો શિક્ષકોને રહેવાની સુવિધા મળી શકે અને સાથે સાથે એ સારી રીતે ભણાવી શકે.

સરકારના પ્રકાશનની અંદર લખેલ છે એની વાત કરું તો ગુજરાતમાં આદિજાતિ કુટુંબો ભારતના અન્ય વિસ્તારોની માફક હાંસીયમાં મૂકાયેલ હોય તેવી સ્થિતિ છે. જેના કારણોમાં શિક્ષણનું નીચું સ્તર એ ઉપરાંત પોષણ અને પાયાની સુવિધાઓના અભાવનો સમાવેશ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ એક સૂચક બાબત છે અને સરકારે પોતે સ્વીકાર્યું પણ છે કે આ એક નક્કર બાબત છે કે આ સમાજમાં શિક્ષણનું સ્તર નીચું છે અને એ સ્તર ઉંચું લાવવાની ખાસ જરૂરિયાત છે. શિક્ષણની બાબતમાં એમ.બી.બી.એસ.નો દાખલો આપું તો એમ.બી.બી.એસ.માં પ્રવેશ વખતે છેલ્લા વર્ષે તો લગભગ ૭૦૦ વિદ્યાર્થીઓ જે આદિવાસી કેટેગરીના હતા એ યોગ્ય ગુણવત્તાવાળા વિદ્યાર્થીઓ ન મળવાને કારણે તેમની બેઠકો સામાન્ય પ્રવાહમાં તબદિલ કરવામાં આવી. તેનું મુખ્ય કારણ એ છે કે આપણે આ વિદ્યાર્થીઓને પૂરતું શિક્ષણ આપી શકતાં નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કોર્ટોની બાબતમાં એક જ વાત કરવી છે કે આપણે ત્યાં હાઇકોર્ટ, ડિસ્ટ્રીકટ કોર્ટ અને તાલુકા કોર્ટ એમ ત્રણ પ્રકારની કોર્ટો છે. હાઇકોર્ટમાં તો જેની પાસે સગવડ હોય એટલા જ માણસો જઇ શકશે અથવા તો જેને તાતી જરૂરિયાત હોય તો ગમે તે રીતે જશે. પણ તાલુકા અને જિલ્લા કોર્ટોની જે સ્થિતિ છે. અમારે ત્યાં તાલુકા કોર્ટમાં સવારથી સાંજ સુધી મેળા જેવું દ્રશ્ય જોવા મળે. આ વસ્તુ એક જ સૂચવે છે કે પૂરતી સંખ્યામાં કોર્ટો ઉપલબ્ધ નથી, જેના કારણે કેસોનો ભરાવો થાય છે, કેસોનો ભરાવો થવાને કારણે આપણી પબ્લિકનો ખર્ચ વધે છે અને એકંદરે વિકાસ રૂંધાય છે તેમાં જરાય શંકા નથી. ન્યાય તંત્રમાં છેલ્લા કેટલાક સમયથી કેટલીય જગ્યાઓ ખાલી રહી છે અને ખાસ કરીને આદિજાતિ કેટેગરીની જે જગ્યાઓ ખાલી રહે છે તેમાં મુખ્ય તો એવું તારણ નીકળે છે કે નોટ ફાઉન્ડ સ્યુટેબલ કેન્ડીડેટ્સ અને એ વાત વાજબી પણ છે કે સ્યુટેબલ કેન્ડીડેટ્સ ન હોય એ સ્વાભાવિક છે, પણ આ વિદ્યાર્થીઓને યોગ્ય તાલીમ આપવામાં આવે, તેમને આ તંત્ર વિશે જાણકારી આપવામાં આવે તો આવા વકિલો ઉપલબ્ધ થઇ શકે અને સરકારી કોર્ટોમાં અથવા તો સરકારી વકીલ હોય તેમાં આ જગ્યાઓ ભરી શકાય. એટલે મારે આ બાબતમાં માનનીય મંત્રીશ્રીને ખાસ વિનંતી કરવાની કે આવી કક્ષાના રીઝર્વ કેટેગરીના ઉમેદવારો ઉપલબ્ધ ન હોય તો તેમને તાલીમ આપીને પણ ઉપલબ્ધ કરાય એવી સ્થિતિ ઉભી કરે એવી હું વિનંતી કરું છું.

શ્રી પ્રવિણભાઇ મો. માકડીયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજય કક્ષાના મંત્રીશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની વર્ષ ૨૦૧૫-૧૬માં જે માગણી લઇને આવ્યા છે તેમાં આયોજન હેઠળ રૂ.૩૬૨.૨ કરોડ અને આયોજન બહાર ૩૦૩.૧૯ કરોડના સમર્થનમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતમાં ચાલે છે ત્યારથી સામાજીક રીતે તો બધી સુરક્ષા વધી છે પણ ગ્રાહક પણ સુરક્ષિત બન્યો છે એ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં. અગાઉ તો એવું બનતું હતું કે જયાં માલ લેવા જાય ત્યાં છેતરપિંડી થતી હોય, વજનમાં, પછી એ કોઇ પણ સસ્તા અનાજની દુકાન હોય કે પેટ્રોલપંપ હોય. કોઇ પણ જગ્યાએ જાય તો ગ્રાહક છેતરાતો હતો. પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ગ્રાહક દેવો ભવ. ગ્રાહકને દેવ જેવું માન આપી અને ગ્રાહક છેતરાય નહીં અને તેની સલામતી થાય એ માટે જે પગલાં લીધા છે તે પગલાંની ગૃહ સમક્ષ વાત કરું છું. રાજયની આમ જનતાને ગ્રાહક તરીકે ચીજ વસ્તુના પૂરતા પૈસા સામે જથ્થો પૂરતો મળી રહે અને છેતરપિંડી ન થાય, ગ્રાહક છેતરાય નહીં તે માટે રાજયના તોલમાપ તંત્ર દ્વારા અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે. ગ્રાહકોના હિતોની સુરક્ષા માટેની કામગીરીમાં વજન માપના કાયદાઓની અમલવારી, સખતમાં સખત રીતે તેની અમલવારી થાય અને વેપારીઓના વજન-માપના સાધનોની ચકાસણી તથા તોલમાપના સાધનોની વાર્ષિક ખરાઇ કરી અને વેપારીઓ દ્વારા વજન-માપની ગેરરીતિઓ સામે તપાસ તેમજ જાહેર જનતા તરફથી મળતી ફરિયાદોનો સમયમર્યાદામાં વખતો વખત નિકાલ કરવામાં આવે અને રાજય સરકારનું કાનૂની માપ વિજ્ઞાન તંત્ર છે જે મોર્ડન સિસ્ટમથી ઉભું કર્યું છે. એ ગ્રાહકોના હિત માટે કાર્યરત છે. આ તંત્ર મુખ્યત્વે બે પ્રકારની કામગીરી કરે છે. એક નાના વેપારીઓથી માંડીને મોટી ઈન્ડસ્ટ્રીઓ. તેમાં વપરાતા વજનકાંટામાં ખરાઇ કરવાનું. જયાં ખોટું તોલમાપ

ન થાય એ પ્રકારનું કાર્ય કર્યું છે. સામાન્ય પ્રકારના શાકભાજીના વેપારીઓ છે ત્યાંથી માંડીને આજે સોનું લેવા જઇએ, મોટા વેપારીઓ, પેટ્રોલ પંપ, વે બ્રીજ દ્વારા ગ્રાહકોને અપાતી ચીજવસ્તુઓની તપાસણી બરાબર યોગ્ય રીતે થાય તે માટે તોલમાપ તંત્ર દ્વારા ૨૦૧૪ની કરાયેલ કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવે તો ચકાસણી, મુદ્દા, પ્રોસીક્યુશન ટેસ્ટ દ્વારા ગુન્હા માંડવાળ પેટે રૂ.૧૮/– કરોડની માતબર રકમની આવક થયેલ છે. એ જ બતાવે છે કે તંત્ર કેટલું ગતિશીલ છે, જેના ઉપરથી તંત્રની કાર્યક્ષમતાનું માપ નીકળે છે અને આ ભારતીય જનતા પાર્ટીની સરકાર તંત્ર પાસેથી નિયંત્રીત કામગીરી લઇ રહી છે. આ સભાગૃહને કહેતાં આનંદ થાય છે કે, તોલમાપના સાધનોની ચકાસણી, ઇ–ગવર્નન્સના ભાગરૂપે વેપારીઓની ઓન લાઇન ખરાઇ કરીને પ્રમાણપત્ર ઇસ્યૂ કરવાની કામગીરી અમલમાં છે. આ સમગ્ર ભારતમાં નોંધપાત્ર બાબત છે. કમ્પ્યુટરરાઇઝેશનની બાબતમાં ગુજરાત રાજ્ય પ્રથમ રાજ્ય છે. જેની કેન્દ્ર સરકારે નોંધ લઇ અને ગ્રાહકોની બાબતોના મંત્રાલય દ્વારા આ બાબતની સરાહના કરવામાં આવેલી છે. જેની નોંધ સામેની પાટલી પર બેઠેલા સભ્યોએ લેવી જોઇએ અને આ સારી કામગીરી થાય છે એના માટે પાટલીઓ થપથપાવીને વખાણ કરવા જોઇએ. ગુજરાત સરકાર દ્વારા તેમના તોલમાપ તંત્ર દ્વારા વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન આ પ્રકારની પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે જેની નોંધ લઇ સભાગૃહ સમક્ષ હર્ષની લાગણી અનુભવું છું.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ(ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રી આદરણીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ જે શિક્ષણ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેમના સમર્થનમાં આ ગૃહ સમક્ષ મારી વાત રજૂ કરી રહી છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગ માટે પ્લાન અને નોન પ્લાન સહિત કુલ રૂ.૨૨૭૮૭.૭૯ કરોડની માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે. હું ગૃહમાં ચર્ચા સાંભળતી હતી ત્યારે એવું કહેવામાં આવ્યું કે, શિક્ષણ મંત્રી હોય એ આદર્શ હોવા જોઇએ. તો મને કહેતાં ગર્વ થાય છે કે, અમારા પૂર્વ શિક્ષણ મંત્રી અને હાલના ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી એવા બહેનશ્રી આનંદીબેન પટેલ જેમને રાષ્ટ્રપતિનો શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ મળેલ છે એટલે શિક્ષણ મંત્રીનો આદર્શ પૂરાવો અમારા બહેનમાં જોવા મળે છે. એકવીસમી સદી એ જ્ઞાન અને વિજ્ઞાનની સદી છે ત્યારે એ સંદર્ભમાં ગુજરાતના બાળકો ક્યાંક પાછળ ન રહી જાય તે માટે તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ ચાલુ કર્યો અને તે વખતે બહેનશ્રી આનંદીબેન પટેલ ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી હતા. કોઇપણ સમાજનો વિકાસ કરવો હોય, રાષ્ટ્રનો વિકાસ કરવો હોય તો વિકાસના મૂળમાં જ્ઞાન અને શિક્ષણ રહેલું છે. આપણા બંધારણમાં શિક્ષણને મૂળભૂત જરૂરિયાત ગણવામાં આવી છે. આજના બાળકો આવતી કાલના નાગરિકો છે. તેઓ શ્રેષ્ઠ નાગરિકો બને તેના મૂળમાં શિક્ષણ છે. ત્યારે બાળકોમાં પાયારૂપ ઘડતર કરવાનું કામ આ ગુજરાત રાજ્યમાં કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્યમાં શિક્ષણનો દર ઉંચો આવે અને સોએ સો ટકા સાક્ષરતા પ્રાપ્ત થાય અને એકપણ બાળક પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહે તે માટે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. સાથોસાથ અમુક સમાજમાં દિકરો હોય કે દીકરી હોય એનો ભેદભાવ રાખવામાં આવતો હતો. દીકરાને વધુ શિક્ષણ આપે અને દીકરીને ઓછું. ગુજરાત રાજ્યમાં દીકરા–દીકરીનો ભેદભાવ મિટાવવા માટે કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. ગઇકાલે આ સભાગૃહમાં મેં જોયું છે કે, શિક્ષણની વાત થતી હોય ત્યારે અમુક સભ્યશ્રીઓ એવું કહેતા હોય છે કે, તમે આ મુખ્યમંત્રી બન્યા, એમ.એલ.એ. બન્યા, આઇ.એ.એસ. બન્યા, તો તમે કોના રાજમાં ભણીને આ પ્રગતિ કરી? પરંતુ મને કહેતા ગર્વ થાય છે કે આ સભાગૃહમાં અત્યારે ૧૮૨ સભ્યો છીએ તો ૧૮૨ સભ્યમાંથી એક પણ સભ્ય એવો નહીં હોય કે કોઇ રાજયના મુખ્યમંત્રી એમની આંગળી પકડી અને શાળામાં પ્રવેશ કરાવવા ગયા હોય, જયારે ભવિષ્યમાં કોઇપણ બાળક આપણી જેમ આ સભાગૃહમાં આવશે ત્યારે ગર્વથી કહેશે કે મને આ રાજયના મુખ્યમંત્રી હતા અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ આંગળી પકડી અને શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. શાળાઓમાં શિક્ષણ મળે, સાથેસાથે જયાં શાળાઓમાં ઓરડા ખૂટતા હોય ત્યાં પૂરતા પ્રમાણમાં ઓરડા અને ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા મહત્વના વિષયોમાં બાળક પાછળ ન રહી જાય તે માટે ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના શિક્ષકોની ભરતી કરવામાં આવી. સાથેસાથે સ્માર્ટ શાળા, પ્રજ્ઞાવર્ગ અને ગ્રીન શાળાઓનો કન્સેપ્ટ

પણ ગુજરાત રાજયમાં ચાલુ કરવામાં આવ્યો. સ્માર્ટ શાળા એટલે ભાર વગરનું ભણતર. બેગલેસ અને સાથેસાથે ગ્રીન શાળા, ગ્રીન શાળાની વાત કરું, તો સાહેબ મને કહેતા ગર્વ થાય છે કે થોડા સમય પહેલા જ મારા મતવિસ્તાર કોટડા સાંગાણી તાલુકાના વેરાવળ ગામમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ ગ્રીન શાળાનું ઉદ્ઘાટન આપણા માનનીય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે કરવામાં આવ્યું અને આ ગ્રીન શાળા એટલે એવી શાળા કે જયાં પર્યાવરણને અનુલક્ષીને બાળકોને કુદરતી વાતાવરણ મળી રહે અને સાથેસાથે જે બિલ્ડીંગ હોય એ બિલ્ડીંગ આધુનિક હોય, હવા ઉજાસવાળું હોય આમ અનેક રીતે ગુજરાત રાજયમાં શિક્ષણ માટે પ્રયાસો કરવામાં આવ્યા છે. મને કહેતા ગર્વ થાય છે કે ગુજરાત રાજયમાં પ્રથમ વખત બાળકો માટે થઇને ચિલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી. આપણી ભારતીય સંસ્કૃતિ છે એ વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ ભારતીય સંસ્કૃતિ છે એ વારસો આવનારી પેઢીમાં રહે, બાળકોમાં રહે તે માટે ચિલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે.

શ્રી નિરંજન પટેલ(પેટલાદ) :માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ ઉપરની માગણીઓ ઉપર મારા વિચારો રજૂ કરવાની તક લઉ છું. મારા સૂચનોથી કોઇપણ વ્યકિતનું શિક્ષણની અંદર કલ્યાણ થશે, સરકાર એની અંદર બદલાવ લાવશે તો મારી જાતને હું ધન્ય ગણીશ. ગઇ કાલે કહેવામાં આવ્યું કે રમતગમત ક્ષેત્રની અંદર સ્પોર્ટમેન સ્પીરીટ હોવો જોઇએ, રાજકારણ એમાં લાવવું જોઇએ નહીં એ વાત સાથે અમે સંપૂર્ણ સંમંત છીએ, પણ એથી આગળ વધીને હું કહેવા માગું છું કે શિક્ષણ એ શિસ્તબદ્ધ સમાજના ઘડતર માટે પાયાની વસ્તુ છે એમાં તો રાજકારણ આવવું જ ના જોઇએ, ડોકટર જાકીર હુસેને કહ્યું છે કે શિક્ષણમાં રાજકારણ પ્રવેશે તેને બદલે રાજકારણમાં શિક્ષણ પ્રવેશે ત્યારે આપણે સાચી લોકશાહી બાજુનું પગલું ભર્યુ ગણાશે. પણ આપણે બધા એ શિક્ષણને રાજકારણથી એટલું બધું ઘૂંટી ઘૂંટીને રંગ લગાવી દીધો છે કે એનાથી આપણે મુકત થઇએ એની શકયતા ખરી? તો આપણે પ્રજાની સેવા કરી ગણાશે. ઈતિહાસને પાછો લાવવો શકય નથી એ અવિરત ચાલ્યા કરે છે પણ એમાંથી આપણે બોધપાઠ લેવાય. એ વખતનું શિક્ષણ અને શિક્ષકો જેણે આપણને મહા કવિ વાલ્મીકી, કવિ કાલીદાસ જેવા મહાન માણસો ભેટ આપ્યા છે, તેઓએ મહાકાવ્ય અને નાટકોની ભેટ આપી જેમ કે રામાયણ, મેઘદૂત શાકુંતલ, ભૃગુવંશ, કુમારવંશ, હિતોપદેશ, વગૈરેની એમણે આ સમાજને ભેટ આપી છે. જેનું ભારત ગૌરવ લઇ શકે એવું છે ત્યાર પછીના શિક્ષણે આપણને કૌટિલ્યનું અર્થશાસ્ત્ર આપ્યું, વીર કવિ નર્મદ આપ્યા, નરસિંહ મહેતા આપ્યા, મીરા આપી આવી હજારો વિભૂતીઓની આ શિક્ષણે સમાજને ભેટ આપી અને ત્યાર પછી આઝાદી પૂર્વના શિક્ષણે આપણને મહાત્મા ગાંધી આપ્યા, વિનોબા ભાવે આપ્યા, રજવાડાઓને ભેગા કરનાર સરદાર પટેલ આપ્યા, બાબાસાહેબ આંબેડકર આપ્યા, આદર્શ શિક્ષક સર્વોપલ્લી ડો. રાધાકૃષ્ણ આપ્યા, ગોપાલકૃષ્ણ આપ્યા, હોમીભાભા આપ્યા, સામ પિત્રોડા આપ્યા, અબ્દુલ કલામ આઝાદ આપ્યા પણ અત્યારનું શિક્ષણ શું આપે છે? એ શિક્ષણની તોલે જે મહાનુભાવોની ભેટ આપણને આપી છે એ શિક્ષકોએ એમનું કેવું ઘડતર કર્યુ હશે, આજે આપણે સમાજને એના ચરણોમાં એ મહાનુભાવો જેવી વ્યકિતઓની ભેટ આપી શકીએ છીએ ખરા? એ ચિંતાનો વિષય છે. જે સંસ્થાઓ તે સમયના શિક્ષકો, તે વખતનો સિલેબસ, તે વખતની સંસ્થાઓ, શિક્ષકો અને જે ઉંચાઇઓ સર કરી હતી એ ઉંચાઇઓ આપણે આજે સર કરી શકીએ તેમ છીએ? એ વખતે નહિવત સાધનો, બજેટ બહુ ઓછું, બહુ નાનું પણ એ લોકોએ શાણપણ અને ચિંતાની ખેતી કરી હતી. અત્યારે અદ્યતન સાધનો, બજેટ એટલું કે આપણે વાપરી શકતા નથી. આંકડાઓથી કામો થઇ જાય છે. આમ છતાં તે શિક્ષણ અને આ શિક્ષણમાં તફાવતનો વિચાર માગી લે છે ખરો? આપણી જાતને રોજીંદા વહેવારમાં ચાર પ્રશ્નો પૂછીએ. એને પૂછીશું તો આપણા મનની ખોજનો ખ્યાલ આવશે. માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા સારી રીતે કહેવા માગું છું કે, ગુજરાતમાં ૯૦ ટકા પ્રજા પાસે મોબાઇલ છે. મોબાઇલમાં ઘડિયાળો છે. અસંખ્ય ઘડિયાળો લોકો જુએ છે. પણ હું એ કહવા માગું છું કે આ શિક્ષણ સમયપાલનની ચિવટ વધે તેવું શિક્ષણ આપી શક્યું છે ખરું? ઘડિયાળો છે પણ એ સમય બચે છે એના માટેનું શું? અદ્યતન સગવડો આપણી વચ્ચે છે પણ આજનું શિક્ષણ સુખ અને શાંતિ વધે એવું શિક્ષણ આપણે આપી શકીએ છીએ ખરા? ઝડપ આપણે ખૂબ વધારી, હાઇસ્પીડ ગાડીઓ, સુપરફાસ્ટ ટ્રેનો, પ્લેનો, હેલિકોપ્ટરો અને હવે તો બૂલેટ ટ્રેનો તરફ આપણે જઇ રહ્યા છીએ. એ બધાની વચ્ચે જ્યારે આપણે એનો વપરાશ કરીએ છીએ ત્યારે એના કારણે ઘણો સમય બચે છે. એ બચેલા સમયનો સદુપયોગ કરવાનું આજના શિક્ષણે શિખવ્યું છે ખરું? પહેલાના ધારાસભ્યો

બસ સ્ટેન્ડ ઉપર આવે, બસમાં બેસીને આવે, બસ સ્ટેન્ડે ઉતરીને ચાલતા અહીંયા આવે. ૧૨ દિવસ રોકાય, ૫૦-૬૦ દિવસ વિધાનસભામાં ચર્ચા કરે, પાછા જાય, સમય એમની પાસે વધારે હતો, આપણી પાસે સમય બધો બચ્યો તો પણ મિનિટો ઉપર આપણે કામ કરીએ છીએ. એ જે ૫૦ દિવસના ૨૫ દિવસ થયા અને ૨૫ દિવસ બચ્યા એ ૨૫ દિવસના સમયનો સદુપયોગ કરવાનું કોઇએ આપણને શિખવાડ્યું? એ શિક્ષણ આપણને મળ્યું છે? યુનિવર્સિટીઓ ઉડાઉ ખર્ચ કરે છે. કથળેલો વહીવટ, ઉચ્ચ જગ્યાઓ ખાલી, છાસવારે ન્યૂઝપેપરમાં આવતાં સમાચારો એ માનનીય ઉમાશંકર જોષીના આત્માને દુઃખ નહીં થતું હોય? આપણે તો નિવૃત્ત રાજકારણીઓ, કહ્યાગરા શિક્ષકો, કોઠાસૂઝ ઉપરથી દેખાતી હોય તેવા કુલપતિઓની નિમણૂંકનો નિર્ણય કરીએ. શું આ શિક્ષણ છે? આ લોકો શિક્ષણની ઉંચાઇ ઉપર આપણને બિરાજમાન કરી શકશે? શું આ પ્રગતિના પંથે આપણે જઇ શકીશું કે અધોગતિની ખીણમાં આપણે ગબડી રહ્યા છીએ એનો અભ્યાસ કરવાની જરૂર છે. આજના શિક્ષણ દ્વારા કેળવણી મેળવવી, આપણે કેળવણી મેળવીએ છીએ પણ એ કેળવણીમાં કેમનું થૂંકવું, ક્યાં થૂંકવું, ક્યાં કચરો નાખવો, વાહન વ્યવહારનું પાલન કેમ કરવું, કેમ કરતા નથી? સરકારે ઘડેલા કાયદાને કેમ એ લોકો માનતા નથી? એનું સંશોધન આપણે કર્યું? આ શિક્ષણમાં વણી લેવું પડશે. આપણે ધારાસભ્યો અને સાંસદોને પ્રજાએ કાયદો ઘડવા મોકલ્યા છે, એનું અમલીકરણ કરવા મોકલ્યા છે. નહીં કે ઝાડું પકડવા. આપણે ઝાડું પકડાવવાનું હોય, એના માટે કાયદા ઘડવાના હોય અને કાયદાનું અમલીકરણ કરાવવાનું હોય.

ઉપાધ્યક્ષશ્રી : નિરંજનભાઇ, આપની પાસે બે મિનિટ છે.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બધું આવું જ ચાલે છે. શું દુનિયાના કોઇ પેપરની અંદર, ન્યૂઝપેપરની અંદર કોઇ વડાપ્રધાને ઝાડું લઇને, કોઇ પ્રધાન કે ધારાસભ્ય ઝાડું લઇને એનો ફોટો દુનિયાના કોઇ પેપરમાં જોયો છે ખરો? નથી જોયો, શાથી? એ લોકોએ કાયદા કડક બનાવ્યા, પ્રજા પાસે અમલીકરણ કરાવ્યું અને એમને સામાજિક સિસ્ટમમાં વણી લેવડાવ્યું. શું આપણે એ ન કરી શકીએ? પણ ખેવના જોઇએ, કરવાની હિંમત જોઇએ. આ હિંમત આ શિક્ષણે આપવાની હોય, એ શિક્ષણ વામણું નીકળ્યું છે. મારા મત વિસ્તારમાંથી આવું છું. પાંચ બોર્ડ મેં વાંચ્યા. માનનીય અધ્યક્ષશ્રી, અમેરિકા, ઇંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડની યુનિવર્સિટીઓમાં વધુ અભ્યાસ માટે વિઝા માટે અમને મળો. એ દિવસો ભૂલી ગયા આપણે કે, આપણે એ સમય પાછો ના લાવી શકીએ કે, જે દુનિયાના વિદ્યાર્થીઓ તક્ષશીલા અને નાલંદામાં ભણવા આવતા હતા તો વિદેશના વિદ્યાર્થીઓ ભારતના બોર્ડોમાં આવવા લાગે એ દિવસ કેમ આપણે ના લાવી શકીએ ?

માનનીય અધ્યક્ષશ્રી, આપણું હાલનું શિક્ષણ કેવું છે ? આપણા વિદ્યાર્થીઓને પરદેશ જવું પડે છે. એમાં પૈસા આપવા પડે છે બે લાખ, ત્રણ લાખ રૂપિયા અને જાહેરાત મારીએ છીએ. આ પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે મનોમંથન કરવું જોઇએ. આપણે સેલ્ફ ફાયનાન્સ કોલેજો બનાવી એની ફી ઉંચી. શું એમાંએ એ ફીના ધોરણોના કારણે ગરીબ વિદ્યાર્થીઓ એડમિશન લઇ શકવાના છે? આપણે પ્રાથમિક શિક્ષણ તો પૂરું આપતા નથી.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પૂરું થાય છે. શ્રી રાજેન્દ્રસિંહ.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગની માગણી નંબર ૧૦ના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના ભલે આવી કોંગ્રેસના સમયમાં પણ વધારે તાકાતવાન અને વધારે સુદ્રઢ કામ અમારી સરકારે આ વિષયમાં કર્યું. (અંતરાય) વર્ષોથી ભા.જ.પ. માં છીએ, ૨૦ વર્ષ થઇ ગયા. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનના નેતૃત્વમાં અને શિક્ષણમંત્રીશ્રીની કુનેહથી ભારતીય જનતા પાર્ટીની આ સરકારે જે લક્ષ્ય, જે ધ્યેય, જે ગોલ નક્કી કર્યો છે કે, ગુજરાતના બાળકોને સારામાં સારું શિક્ષણ પ્રાપ્ત થાય, બાળકોને પોષણક્ષમ આહાર મળે અને જે ભાઇ વાત કરતા હતા વચમાં ગેંદાલભાઇ કે, ડ્રોપ આઉટ રેશિયો, એ ડ્રોપ આઉટ રેશિયો ના ઘટે એના માટેની ચિંતા, એના માટેની સંવેદના આ સરકારે બતાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાથી ગામડાંમાં જે રોજગારીની તકો મોટાપાયે આ સરકારે ઉભી કરી છે. લગભગ ૯૧,૦૦૦ લોકોને આ યોજના મારફતે રોજગારી પ્રાપ્ત આ સરકારે કરાવડાવી છે. આ યોજનાથી ઉત્તર

ગુજરાતના ૪૨ લાખથી વધુ બાળકોએ આ યોજનાનો લાભ લીધેલો છે. ધોરણ ૧ થી ૮ના ૩૩,૭૯૦ જેટલા કેન્દ્રો તથા રસોડા દ્વારા બાળકોને રોજ ગરમા ગરમ પૌષ્ટિક આહર મળે એ આયોજન આ સરકારે કર્યું છે. આ બધા ખર્ચને પહોંચી વળવા માટે ૨૦૧૫-૧૬ના વર્ષે ૯૬૬.૧૦ કરોડની જોગવાઇ આ વિભાગ દ્વારા કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, સરકાર મધ્યાહ્ન યોજનામાં સહેજપણ *(xxx) ચલાવી લેવા માગતી નથી.

(અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને )

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : હંમેશા બાળકો માટે જે કાંઇ કરવું પડે (અંતરાય) મેં તો એટલા માટે કીધું કે, બિહારમાં કીડા મકોડા નિકળ્યા એ યોજનાની અંદર (અંતરય) ના, ના બિહારમાં એટલા માટે અને માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે સંપૂર્ણ આહાર, સ્વચ્છ આહાર અને ગરમ નાસ્તો બાળકોને આપવામાં આવે એવો અભિગમ રાખવામાં આવેલ છે. આનું સુનિયોજીત આયોજન સરકાર કક્ષાએથી શહેરોમાં મ્યુનિસિપલ કમિશનર દ્વાર અને જિલ્લા લેવલે કલેકટરશ્રીના મોનીટરીંગ દ્વારા આ થાય છે. આ યોજના ગુજરાતમાં જે રીતે ચાલી રહી છે એને જોવા બીજા રાજયોના પ્રતિનિધિઓ પણ અહીં આવે છે કે, આ યોજના અહીંયા કેવી રીતે ચાલે છે. ગુજરાત સમગ્ર ભારતમાં એક નવતર પ્રયોગો કરતું રહ્યું છે અને એ પ્રયોગોની પહેલ રૂપે આ ગુજરાતે જે પ્રયોગ કર્યો કે, ધોરણ ૧ થી ૮ ના આદિજાતિ બાળાઓની ૭૦ ટકા હાજરી હોય તો  તેમના વાલીને ૩૦ કિલો ઘઉં એક સત્રદીઠ આપે છે. લગભગ પાંચ લાખ દીકરીઓએ આનો લાભ લીધો છે. અઠવાડિયામાં એક દિવસ સુખડી આપવાની યોજના અમલમાં મુકી છે અને બાળકોના સ્વાસ્થ્યમાં સુધારો લાવવા માટે પ્રયાસ કર્યો છે. દિવસ, રાત જોયા વગર માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ તથા તેમની સરકારના તમામ સભ્યો આ યોજનાને વધારે ગતિશીલ બનાવવા માટે લોહી રેડી રહ્યા છે એ અભિનંદનને પાત્ર છે. આ સરકાર દ્વારા મધ્યાહન ભોજન બાબતમાં જે નવી બાબત મુકવામાં આવી છે એમાં આ વખતે ધોરણ-૭ થી ધોરણ-૧૦ના બાળકોને પૌષ્ટિક નાસ્તો અને મધ્યાહન ભોજન માટે રૂ. ૩૨૫.૮૭ લાખની જોગવાઇ સુચવેલ છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી આ ગૃહમાં જે માગણી લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. શિક્ષણ એ સૌનો અધિકાર છે. શિક્ષણ વિનાનો માણસ પાંગળો કહેવાય છે. આ સમાજ અને દેશની પ્રગતિમાં શિક્ષણનું સૌથી વધારે મહત્વ છે ત્યારે અગાઉની કેન્દ્રની યુ.પી.એ. સરકારે સર્વ શિક્ષા અભિયાન હેઠળ રાઇટ ટુ એજયકેશન એકટ બનાવી સૌને મફત શિક્ષણ આપવાનો કાયદો બનાવ્યો પરંતુ આપણા ગુજરાતમાં એ કાયદાનો સરખો અમલ થતો નથી જેથી સૌને મફત શિક્ષણ મળતું નથી જેથી ગુજરાતમાં સરકાર દ્વારા ભણે ગુજરાત, વાંચે ગુજરાતના અભિયાનો ચલાવી લાખો રૂપિયા ખર્ચ કરવામાં આવે છે છતાં આ ગુજરાતમાં નિરક્ષરતા ઓછી થતી નથી અને લાખો નિરક્ષરો ગુજરાતમાં છે ત્યારે ગુજરાતમાં આજે પ્રાથમિક શિક્ષણની કફોડી હાલત થઇ છે એક સમયે ગામડાંઓમાં ગરીબ ઘરના બાળકો શાળામાં જતા ન હતા ત્યારે ગરીબ ઘરના બાળકો શાળામાં આવે અને મફત શિક્ષણ મેળવે એના માટે એ સમયના માનનીય મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકી સાહેબે બાળકોની ચિંતા કરીને દરેક પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનાની શરૂઆત કરી. ગરીબ બાળકોને ભણાવવાની પહેલ કરી. ગામડાંની ગોવાળીયા પ્રથા બંધ કરાવી ત્યારે આજે વલસાડ જિલ્લામાં મધ્યાહન ભોજન યોજના ફારસરૂપ બની ગઇ છે. વલસાડ જિલ્લામાં મધ્યાહન ભોજન યોજના ખાનગી એન.જી.ઓ.ને ચલાવવા આપી દેવામાં આવી છે. આ યોજના ખાનગી એન.જી.ઓ. ને આપતા સ્થાનિક કર્મચારીઓ રોજી વગરના બન્યા છે. એન.જી.ઓ. દ્વારા રાત્રે ભોજન બનાવવામાં આવે છે અને દિવસે ઘણીબધી શાળાઓમાં બે વાગ્યા સુધી પણ આ ભોજન પહોંચતું નથી ત્યારે બે વાગ્યા સુધીમાં ભોજન વાસી બની જાય છે આના લીધે વાસી ભોજન બાળકો જમતા નથી અને એ ભોજન ફેંકી દેવામાં આવે છે ત્યારે સરકારને વિનંતી કરવા માગું છું કે વલસાડ જિલ્લામાં એન.જી.ઓ. દ્વારા આપવામાં આવતું વાસી ભોજન બંધ કરાવવા માગો છો કે કેમ? સ્થાનિક લેવલે સ્થાનિક શાળાઓમાં

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

કર્મચારીઓને રોકીને તાજુ ભોજન બાળકોને આપવા માગે છે કે કેમ? આજે વલસાડ જિલ્લામાં ધરમપુર અને કપરાડા તાલુકામાં પુરતા શિક્ષકો નથી તેમાં પણ ઘણીબધી શાળાઓમાં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા વિષયના શિક્ષકોની ખૂબ ઘટ છે ત્યારે ત્યાંના બાળકોનું ભવિષ્ય અંધકારમય બન્યું છે. આજે ગુજરાતમાં પ્રવેશોત્સવ ઉજવાય છે, ગુણોત્સવ ઉજવાય છે એની પાછળ કરોડો રૂપિયા ખર્ચાય છે પરંતુ કરોડો રૂપિયા ખર્ચ્યા પછી પણ શાળાઓમાં ડ્રોપ આઉટ રેશીયો ઘટતો નથી. ગુજરાતમાં આજે પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને બેસાડવાના પૂરતા ઓરડા નથી, ત્યારે આ નંબર-૧ ગુજરાતમાં એક ઓરડામાં બેથી ત્રણ વર્ગના બાળકોને બેસાડવામાં આવે છે, ત્યારે આવા બાળકો કેવું શિક્ષણ લેતા હશે? આ ગતિશીલ ગુજરાતના નારાઓ લગાવવામાં આવે છે, ત્યારે આવા બાળકો કેવી ગતિ કરશે તેઓ એકવીસમી સદી કે અઢારમી સદી તરફ જશે? આજે પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ મોંઘુ બન્યું છે. આજે ખાનગી શાળાની બોલબાલા છે. સરકારી શાળાનું ખાનગીકરણ થઈ રહ્યું છે. સરકારી શાળામાં રોજેરોજ વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી રહી છે. આજે સરકારી શાળાના શિક્ષકો પોતાના બાળકોને ખાનગી સ્કૂલોમાં ભણાવે છે, ત્યારે સરકારી શાળાની વિશ્વસનિયતા કેટલી છે કે તેઓ પોતાના બાળકોને પોતે ભણ્યા છે એ શાળમાં ભણાવતા નથી. અને ધીરે ધીરે સરકારી શાળા બંધ થઈ રહી છે, ત્યારે આપણા ગામડાના ગરીબ માણસો કયાં જઈને ભણશે? આજે ગુજરાતમાં શિક્ષિત બેકારોનો રાફડો ફાટ્યો છે, તેમ કહું તો ચાલે. સરકારે શિક્ષિત બેકારોને પેદા કરવાની ફેક્ટરી ખોલી છે તેમ કહું તો ચાલે. ૧૫૦૦ તલાટીઓની ભરતીમાં ૧૫ લાખ બેકારો નોકરી માટે અરજી કરે. ગુજરાતમાં ગરીબ વાલીઓ એમના દીકરા કે દીકરીઓને પેટે પાટા બાંધીને પી.ટી.સી., બી.એડ, એમ.એડ, એ.ટી.ડી. બનાવ્યા કે અમારા દીકરા દીકરીઓને નોકરીઓ મળશે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી(રાવપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, કાયદા મંત્રીશ્રી માગણી નંબર-૬૦ ન્યાયતંત્રની વહીવટના અનુસંધાનમાં રૂપિયા ૮,૬૭,૮૮,૩૮,૦૦૦ ની માગણી લઈને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરું છું.

ગુજરાત રાજ્ય શાંતિપ્રિય રાજ્ય છે. એ શાંતિપ્રિય રાજ્ય કેમ છે? મારું વ્હાલું ગુજરાત શાંતિપ્રિય કેમ છે? કારણ કે બંધારણની અંદર જ્યારે ત્રણ મજબૂત પાયા મૂક્યા એમાં એક પાયો છે ન્યાય તંત્ર. આ ન્યાય તંત્ર મજબૂત રહે તે માટે સરકારે શું વ્યવસ્થા કરવાની રહે તે તમામ વ્યવસ્થા આ ગુજરાત સરકારે જેટલી પૂરી પાડી છે એટલી આખા દેશમાં કોઈએ પૂરી પાડી નથી. આ ખુમારી વાળું ગુજરાત છે. મને વાત યાદ આવી છે કે છેલ્લાં ઘણાં વર્ષોથી જે લોકો ગુજરાતમાં બહારથી વેપાર-ધંધા અર્થે, નોકરી અર્થે આવે છે, તે લોકો ગુજરાતના કાયમી વતની થઈ જાય છે. એનું કારણ શું હશે? એનું કારણ છે કે આ ગુજરાતમાં ખૂબ શાંતિ પ્રવર્તે છે. શાંતિ પ્રવર્તવાના કારણે ન્યાય તંત્ર છે. કારણ કે કોઈપણ બે વચ્ચેનો મતભેદ, મનભેદ હોય, કોઈને ઝઘડો હોય રાજ્ય સરકાર સાથેનો હોય કે વ્યક્તિગત હોય કે સામૂહિક હોય એના નિરાકરણ માટે ન્યાય તંત્ર છે. માટે ન્યાય તંત્ર માટે ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડવાની ફરજ સરકારની છે અને છેલ્લાં ૧૦-૧૨ વર્ષોથી આ ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડવામાં ભાજપની સરકાર અગ્રેસર રહી છે. હું બિહારની વાત કરું, તમારા ઉત્તર પ્રદેશની વાત કરું જ્યાં કોંગ્રેસની સરકાર વર્ષો વર્ષ રહી છે, ત્યાં આગળ કેસનું નિવારણ જલ્દી નહોતું આવતું આજે પણ નથી આવતું. એનું મહત્વનું કારણ નિકળ્યુ કે ત્યાં લાઈટ નથી આવતી. લાઈટ ક્યારે આવશે એની ખબર હોતી નથી અને આવે છે તો કયારે જતી રહે છે, તેની ખબર હોતી નથી. ગુજરાતની અંદર બધાને વિશ્વાસ છે કે આપણે ત્યાં લાઈટ નહિ જાય અને જતી નથી. આ ભાજપની સરકારને કારણે ગુજરાતની અંદર સારામાં સારા કેસોના નિકાલ આપણે આ ન્યાય અદાલત દ્વારા કરી શકીએ છીએ. મને યાદ છે કે આજથી ૨૫ વર્ષ પહેલાં મેજીસ્ટ્રેટશ્રી હોય, જજશ્રી હોય તે અદાલતમાંથી બહાર નીકળે અને ચાલતા ચાલતા બસ સ્ટેન્ડ પર જાય, પોલીસવાળો તેમની સાથે હોય. બસની રાહ જોઈને ઉભા હોય અને તે ધકકા ધકકીમાં ચઢવાનું થાય ત્યારે ભાજપની સરકારે ઈન્ફ્રાસ્ટ્રકચરમાં કાર આપી. કોર્ટોની અંદર સીસીટીવી કેમેરાની વ્યવસ્થા કરી. ઝેરોક્ષ મશીન, વોટર કુલર આપ્યા. દરેક તાલુકામાં કોર્ટો આપી. હમણાં છેલ્લે જ કહું તો અહીં ચેકોના એટલે કે નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના કેસો વધી ગયા છે તેના માટે ૧૦૦ અદાલતો આપણે આપી રહ્યા છીએ. તેના માટે ૧૦૦ સિવિલ જજ, ૧૦૦ સ્ટેનોગ્રાફર, ૧૦૦

સિનિયર કલાર્ક, ૧૦૦ જુનિયર કલાર્ક, ૧૦૦ બેલીફ, ૧૦૦ પટાવાળા તથા ૧૦૦ સહાયક જજશ્રીઓ એમ મળીને આપણે ૭૦૦ માણસોનું મહેકમ આ બજેટમાં મંજૂર કરી રહ્યા છીએ. સુરત, વડોદરા અને આણંદમાં આપણે નશાબંધીની ખાસ આઠ અદાલતો આપીએ છીએ. માટે આજે કાપ દરખાસ્ત મૂકી છે એટલે મને કાપ દરખાસ્ત પાછી ખેંચી લેવા માટે કહેવાનું મન થાય છે કે, હું કયાં કહું છું આપને કે હા હોવી જોઇએ પણ ના કહો છો તેમાં પણ વ્યથા હોવી જોઇએ. ધન્યવાદ.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો હું આ રાજયના મુખ્યમંત્રી, નાણામંત્રીશ્રી અને શિક્ષણ મંત્રીશ્રીને અભિનંદન આપવા માગું છું. કારણકે રાજયની અંદર જે નવી કોલેજો આપવાની મંજૂરી આપવામાં આવી તેમાં મારા વિસ્તાર લીલીયાની અંદર કોલેજ આપવા બદલ ખૂબ ખૂબ અભિનંદન આપું છું. સાથે સાથે અહીં શિક્ષણની ખૂબ વાતો થાય છે. ખૂબ ભણીગણીને હોંશિયાર બનીને, અનુભવી બનીને વાતો કરે છે. મિત્રો ગામડાનો ઈતિહાસ તપાસો. એક રૂમ ન્હોતો આપણી પાસે. શાળા પ્રવેશોત્સવ, અત્યારે તો કોર્પોરેટ બિલ્ડીંગ છે. ભાઇ રાજકોટ બહાર નીકળો તો ખબર પડે. ગામડાંમાં જાઓ. અત્યારે ગામડાની નિશાળો જોવા જાઓ તો તમને ખ્યાલ આવે. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી ૧૪ વર્ષથી આ સરકારે શરૂ કરીને માનનીય મુખ્યમંત્રી કન્યા કેળવણી ભંડોળ રૂપિયા પાંચ હજારથી શરૂ કરીને પાંચ લાખ સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ કન્યા કેળવણી ફંડ અંતર્ગત રૂપિયા ૯૦ કરોડ એકત્ર કરવામાં આવ્યા છે. ૨૫ કરોડ રૂપિયા ૫૫ હજાર ૧૮૧ વિદ્યાર્થીનીઓને બોન્ડના વહેંચવામાં આવ્યા છે, હાથમાં આપ્યા છે. ભાઇ સહન કરો. ધોરણ-૧માં પ્રવેશ પામતી કન્યાઓને રૂપિયા બે હજારના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે. કાણી પાઇ આપણે ન્હોતા આપતા. પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યુ હોય તેવી ૧૫ લાખ ૧૧ હજાર ૨૬૦ કન્યાઓને રૂપિયા ૧૭૨.૩૪ કરોડના વિદ્યાલક્ષ્મી બોન્ડનો લાભ મળેલ છે. આંકડા સાથે કહું છું. ભૂલમાં કોઇ દિવસ કંઇ દીધેલું ખરું? છોકરાને ન્હોતા આપતા. સામે બાજુથી વારંવાર કહેવામાં આવે છે કે આ બધી સિદ્ધિઓ....(અંતરાય)

અધ્યક્ષશ્રી : વઘાસીયાજી આપની પાસે ત્રણ મિનિટનો સમય છે.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, અહીંથી કહેવામાં આવે છે કે અહીં બધા સભ્યો વાહ વાહ કરવાવાળા છે. વાહ વાહ તો તમે કરો છો. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે, કાર્યકર્તાની પાર્ટી છે. અહીં તો નાનામાં નાના કાર્યકરને વડાપ્રધાન બનાવવામાં આવ્યા છે. તેનું બીજું ઉદાહરણ અમિતભાઇ શાહ છે. આ ગૃહના સભ્ય છે તે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ છે. આપણે ત્યાં તો હજી પ્રમુખનો વારસાગત જન્મ થાય છે. યાદ કરો પછી બીજાની સાથે વાતો કરો. નરેન્દ્રભાઇ આ જ ગૃહના સભ્ય વડાપ્રધાન બની શકે. તે ભારતીય જનતા પાર્ટીમાં બની શકે. અમિતભાઇ શાહ, આજ ગૃહના સભ્ય રાષ્ટ્રીય અધ્યક્ષ ભારતીય જનતા પાર્ટીના બની શકે તો એ ભારતીય જનતા પાર્ટીમાં જ બની શકે. આજે ૬૮ વર્ષની લોકશાહી પછી આપ પરંપરાગત, વારસાગત પક્ષ ચલાવી રહ્યાં છો પરેશભાઇ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય વઘાસીયાજી, આપ માગણી ઉપર જ ચર્ચા કરો.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયાઃ માનનીય અધ્યક્ષશ્રી, માધ્યમિક અને પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોના ચૂંટણીના કિસ્સાઓમાં ૫૦ હજારના વીમાનું કવચ પૂરું પાડવામાં આવ્યું છે. ૩૧૨૯ કિસ્સાઓમાં રુ.૧૧.૩૮ કરોડનું વળતર આપવામાં આવ્યું છે. આ યોજના પેટે લીધેલ વીમાનું પ્રિમિયમ સોએ સો ટકા ગુજરાત સરકાર ભરે છે. સર્વ શિક્ષા અભિયાન, એસ.એસ.એ. હેઠળ જોગવાઇ રુ.૧૫.૩૪ કરોડ જેની અંદર વર્ગખંડો, શુધ્ધ પીવાનું પાણી, ટોયલેટ બ્લોક વગેરે બનાવવામાં આવશે. પહેલા તો નિશાળ જ ન હતી ત્યાં ટોયલેટ ક્યાંથી હોય? દિવાલો ન હતી, અડધા નળિયા ઉડી ગયેલ હોય એવી છત નીચે ભણતા હતા અમે, અને અત્યારે શિક્ષણની વાતો કરે છે ત્યારે એમને વાત કરવાનો અધિકાર જ નથી. આગામી વર્ષમાં અંદાજે ૪૩૦૦ વિદ્યાસહાયકોની ભરતી કરવાનું આ સરકારે આયોજન કર્યું છે. અગાઉ પણ મોડેલ સ્કૂલ જે ૬ થી ૧૦ ધોરણના લગભગ ૧૪૦૦૦ બાળકોને પૌષ્ટીક નાસ્તો અને મધ્યાહન ભોજન આપવા માટેની કુલ જોગવાઇ રુ.૫૮૬ કરોડની કરેલ છે.

અધ્યક્ષશ્રી : વલ્લભભાઇ, આપનો સમય પૂરો થાય છે. માનનીય મહેન્દ્રસિંહ.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારના ત્રણ સિંહ મંત્રીઓ એમના વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ન્યાયતંત્ર એ દેશની લોકશાહીનું અગત્યનું અંગ છે. પ્રજાને સાચો ન્યાય મળે, ઝડપી ન્યાય મળે એ જોવાની જવાબદારી સરકારની હોય છે. માનનીય રાજેન્દ્રભાઇ એડવોકેટ તરીકે પણ વડોદરામાં સરસ પ્રેક્ટિસ કરે છે તેઓ હમણા વાત કરતા હતા કે, "આ શાંતિપ્રિય ગુજરાત છે." ત્યારે મારે રાજેન્દ્રભાઇને યાદ કરાવવું છે કે, ૨૦૧૩ની સ્થિતિએ આ ગુજરાતમાં ૨૩.૨૨ લાખ કેસો પડતર હતા અને છેલ્લા બે વર્ષમાં વધી રહેલા ક્રાઇમ, આર્થિક ગુનાઓ એના કારણે દિન–પ્રતિદિન ગુનાઓમાં વધારો થઇ રહ્યો છે ત્યારે આજે લાખો કેસો નામદાર કોર્ટોમાં પડતર હોય ત્યારે રાજેન્દ્રભાઇ શાંતિપ્રિય ગુજરાતની વાત કરતા હોય તો એ અસ્થાને છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે અરજદારો પોતાનો ન્યાય મેળવવા માટે જ્યારે કોર્ટમાં જાય છે અને જ્યારે જ્યારે મુદત હોય ત્યારે એ કોર્ટમાં હાજર રહે છે પણ જજસાહેબ હાજર હોય તો તેમનો સ્ટેનોગ્રાફર ન હોય, સ્ટેનોગ્રાફર હોય તો તેમનો ટેબલ ક્લાર્ક ન હોય અને જો ટેબલ ક્લાર્ક હોય તો છેલ્લે સરકારી વકીલ ન જ હોય એટલે એને મુદત સિવાય બીજું કાંઇ મળે નહીં એટલે આ રાજય સરકારે ક્યારેય પણ જજોની ભરતી ચોક્કસ સમયે કરી નથી, ક્યારેય એની મહેકમની જગ્યાઓની ચોક્કસ ભરતી કરી નથી એના કારણે વારંવાર અરજદારોને, ન્યાય લેવા આવતા ગરીબ માણસોના પગના ચપ્પલ પણ ઘસાઇ જવા છતાં પણ ન્યાય મળતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, આજે રાજયની અનેક કોર્ટોમાં સરકારી વકીલની જગ્યાઓ ખાલી પડી છે. ગુજરાતના કાયદા વિભાગ દ્વારા અને જી.પી.એસ.સી. બોર્ડ દ્વારા એક વર્ષ અગાઉ સરકારી વકીલની ભરતી કરવા માટેની જાહેરાત બહાર પાડવામાં આવી અને ઇન્ટર્વ્યુ લેવાઇ ગયા છે એને એક વર્ષ થયું હોવા છતાં એનું પરિણામ પણ ડીકલેર કરવામાં નથી આવ્યું એ આ ગોકળ ગાયની ગતિથી ચાલતા વિકાસશીલ ગુજરાતની સાચી હકીકત છે. માનનીય અધ્યક્ષશ્રી, હું છેલ્લા બે વર્ષથી આ ગૃહમાં જ્યારથી આવ્યો છું ત્યારથી સતત જોયા કરું છું કે, પ્રશ્નોતરી હોય તો એમાં વાત હોય કે અમે ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે આ બિલ્ડીંગ બનાવ્યું, આ રહેણાંકના મકાનો બનાવ્યા. તો એ તો દરેક સરકારની જવાબદારી હોય છે બનાવવું જ જોઇએ અને બિલ્ડીંગ પણ બનવા જોઇએ અને સુવિધાઓ પણ પૂરી પાડવી જોઇએ. આપ સૌને યાદ કરાવું કે અમારા ચીમનભાઇ પટેલ સાહેબની સરકાર અને માનનીય શંકરસિંહ બાપુ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે આખા દેશની પ્રથમ નંબરની ગુજરાત હાઇકોર્ટનું બિલ્ડીંગ બનાવ્યું હતું. આજે ગુજરાત હાઇકોર્ટનું બિલ્ડીંગ છે એ આખા દેશમાં નંબર વન બિલ્ડીંગ છે. એ રીતે એમાં નંબર વન નથી આપણે? આજે અનેક ટ્રિબ્યુનલો છે, ચેરિટી કમિશનર હોય તમામ જગ્યાઓ ખાલી હોય છે, એક એક ચેરિટી કમિશનર ત્રણ ત્રણ જગ્યાએ ચાર્જમાં હોય એટલે આ સરકાર કેવી રીતે વહીવટ કરે છે તે જોઇ શકાય છે. ન્યાયતંત્રમાં અને કાયદા વિભાગ દ્વારા કેવી રીતે વહીવટ થાય છે તે જાણવા જેવું છે. મારા એક પ્રશ્નોત્તરીના પ્રશ્નમાં મને જવાબ મળેલો. અત્યારે નવરાત્રીનો તહેવાર ચાલે છે, ગુજરાતમાં અંબાજી, બેચરાજી હોય, શામળાજી હોય, દ્વારકા હોય, સોમનાથ હોય, ડાકોર હોય, પાવાગઢ સહિતના ઘણા બધા આપણા ધાર્મિક સ્થળો છે, એમાં પણ મારે ૫૧ શક્તિપીઠ માં અંબાના ધામની વાત કરવી છે, આ ટ્રસ્ટ અધિનિયમ હેઠળ નોંધાયેલ ટ્રસ્ટ છે. તેમાં ૨૪ ટ્રસ્ટીઓની નિમણૂંક થયેલી હતી, અગાઉના ટ્રસ્ટ મુજબ. આજે એ ટ્રસ્ટમાં નવ જ ટ્રસ્ટીઓ હયાત છે. એના કારણે અને નવ જ ટ્રસ્ટીઓની જ્યારે જગ્યાઓ ભરાયેલી છે તેના કારણે દૂધના પાવડરમાં ભેળસેળ થાય છે અને ડૂપ્લીકેટ પ્રસાદ મળે છે.

આજે સમગ્ર ગુજરાતમાં ૭૪૦૦૦ થી પણ વધારે વકિલો ન્યાયિક પ્રક્રિયામાં ભાગ લઇ અને ન્યાયની ઝડપી પ્રક્રિયા થાય એ માટે જ્યારે કામ કરતા હોય ત્યારે હમણાં જ રાજેન્દ્રભાઇ ઉત્તર પ્રદેશની વાત કરતા હતા, ઉત્તર પ્રદેશમાં ક્રાઇમ વધુ થાય છે. પણ ઉત્તર પ્રદેશની સરકારે વકિલોના વેલ્ફેર માટે ૨૫ કરોડ રૂપિયાની બજેટમાં જોગવાઇ કરી છે, ગુજરાત રાજયના બાર કાઉન્સિલ દ્વારા પણ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય કાયદા મંત્રીશ્રીને વારંવાર રજૂઆત કરવામાં આવી છે એટલે મારું માનનીય મંત્રીશ્રીને સૂચન છે કે આ બજેટમાં વકિલોના વેલ્ફેર માટે પણ જો કંઇક ફાળવ્યું હોત તો સારું હતું. રાજયની અલગ અલગ કોર્ટોમાં પ્રેકટીસ કરતા વકિલો ઉપર આપણે દિન પ્રતિદિન પ્રેસના માધ્યમથી જોઇએ છીએ કે હુમલાઓ થાય છે, વકીલ તરીકે જે કોઇ પક્ષકાર હોય એને ન્યાય અપાવવાની વકીલની ફરજ હોય છે. પણ આવા સમયે વકિલો ઉપર હુમલા થતા હોય

ત્યારે સરકારે આ પ્રેકટીસ કરતા વકિલો માટે લિગલ પ્રોટેક્શન એકટ લાવી અને વકિલોની સુરક્ષા વધારવી જોઇએ એવું મારું માનવું છે. વકીલાતના વ્યવસાય કરતા વકિલો માટે અલગથી ફંડ ઉભું કરીને લોન, ઓફિસ વિગેરેની સુવિધા પણ આપવી જોઇએ એવું પણ મારું માનવું છે.

અન્ન અને નાગરિક પુરવઠાની વાત કરું તો લોકસભાની ચૂંટણી વખતે કેન્દ્રની યુ.પી.એ. સરકારને બહુ મોટા અવાજે ગાળો બોલવામાં આવતી હતી, અમને અન્યાય કર્યો છે અન્યાય કર્યો છે, પણ હમણાં બે દિવસ પહેલાં જ જોયું કે ગુજરાતના ૭૮ લાખ એ.પી.એલ. કાર્ડ ધારકોને દસ કિલોના બદલે માત્ર ત્રણ કિલો ઘઉં આપવાનું નક્કી થયું. ૬૦ ટકાનો કાપ મૂકવામાં આવ્યો. એટલે ગુજરાતની ગરીબ પ્રજાના અચ્છે દિન આ ગયે.

રાજયમાં શિક્ષણનું સ્તર પણ દિનપ્રતિદિન કથળતું જાય છે શિક્ષણની નીતિને પોલિસી પેરાલિસિસ થઇ ગયો છે. આજે ગુજરાત રાજયમાં ઘણી માધ્યમિક શાળાઓ પંચાયત હસ્તકની હોય છે પરંતુ આ પંચાયત હસ્તકની જે માધ્યમિક શાળાઓ હોય એને ૧૧-૧૨ના સળંગ વર્ગો આપવામાં આવતા નથી કારણકે એ લોકો ટેબલ મેનેજમેન્ટ કરી શકતા નથી. એટલે પંચાયત હસ્તકની સ્કૂલો હોય એના માટે માનનીય ભુપેન્દ્રસિંહજીને વિનંતી છે કે, રાજ્યમાં જે કોઇ પંચાયત હસ્તકની ૧૧-૧૨ ચલાવતી સંસ્થા હોય એને તમે ગ્રાન્ટેડ બનાવો એ તમારા અધિકારીઓ પાસે આવી શકશે નહિ એટલે આ બાબતે સમગ્ર રાજ્યમાં તપાસણી કરીને ગ્રાન્ટેડ સ્કૂલો આપવી જોઇએ. ધોરણ ૯ થી ૧૨ના જે સળંગ એકમો આપવાની વાત થઇ હું મારા ગામનો જ દાખલો અને ઉદાહરણ આપું. ૨૦૧૩ માં અમને ધોરણ ૧૧-૧૨ની મંજૂરી મળી ગ્રાન્ટેડ મળી પણ હજીસુધી મહેકમ ભરવા માટે કોઇ પરવાનગી મળી નથી અને બે વર્ષ પૂરા થયાં પણ આજે વિદ્યાર્થીઓ વગર શિક્ષકે પરીક્ષા આપી રહ્યા છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી આદરણીય આનંદીબહેનના નેતૃત્વમાં અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતોના વિભાગના માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી અને છત્રસિંહજી જે માગણીઓ લઇને આવ્યા છે એ ગુજરાતની પ્રજાના હિતમાં છે અને એને હું દિલથી સમર્થન આપું છું. મહાત્મા ગાંધીએ ગ્રાહકને ભગવાનનો દરજ્જો આપેલ છે. ગાંધીજીએ એમના મનની વાત કહી. અને ગ્રાહકને ભગવાનનો દરજ્જો આપ્યા પછી આઝાદી પછી ઘણાં વર્ષો સુધી ગ્રાહકને પ્રથમ દરજ્જો આપવાના બદલે વેપારી એટલે કે પૈસાદાર લોકોને પ્રથમ દરજ્જે રાખવામાં આવ્યા અને ગ્રાહકને ઉતરતો દરજ્જો આપવામાં આવ્યો. (અંતરાય) વચેટિયાની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જયારે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી ગ્રાહકને પ્રથમ દરજ્જો આપી અને ખરીદી કરતી વખતે ગ્રાહક છેતરાય નહીં, તેને ચૂકવેલા પૈસાનું પૂરું વળતર મળે અને તેમાં જાગૃતિ આવે તેના માટે આ સરકાર તન, મન અને ધનથી પૂરાં પ્રયત્ન કરી રહી છે. સરકાર દ્વારા ગ્રાહકોને શિક્ષણ, સંશોધન તથા પ્રચાર પ્રસારના માધ્યમથી જાગૃત કરી શિબિર સેમિનારો જેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. ગ્રાહકોમાં જાગૃતિ લાવવા માટે પૂરતાં નાણાંની ફાળવણી કરવામાં આવે છે. કન્ઝયુમર પ્રોટેકશન એજન્સીની રચના કરવામાં આવેલ છે અને ૪૮ ગ્રાહક સુરક્ષા મંડળોની માન્યતા આપેલ છે જે ગ્રાહકોને માર્ગદર્શન આપે છે અને ગ્રાહક વતી ફોરમમાં તેના કેસો લડવા અને પ્રદર્શન અને સેમિનાર યોજવા માટે તેમને મદદ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં સરકાર આ ઉમદા કામગીરી માટે ૭૫ હજારની સહાય આપે છે. જિલ્લાના મંડળોને એક લાખ અને કોર્પોરેશનના મંડળોને સવા લાખ રૂપિયા જેટલી માતબર રકમ અનુદાન રૂપે આપવામાં આવે છે. તમામ જિલ્લામાં જિલ્લા તકરાર નિવારણ ફોરમની રચના કરી વસ્તુ અથવા સેવાના મૂલ્યને ધ્યાનમાં લઇ વળતર માટે ફોરમ અથવા કમિશનમાં ફરિયાદ પણ નોંધાવી શકાય છે. ૨૦ લાખ સુધીના વળતર માટે જિલ્લા ફોરમમાં ૨૦ લાખથી એક કરોડ સુધી રાજય કમિશનમાં અને એક કરોડથી વધુ હોય તો તેના માટે રાષ્ટ્રીય કમિશનમાં આના માટે અરજી કરી શકાય છે, તેમાં જઇ શકાય છે અને તેના નિર્ણયમાં પણ આપણને તકલીફ હોય તો જિલ્લા ફોરમના વિરોધમાં આપણે રાજય કમિશન ખાતે રાજય કમિશનના નિર્ણયના વિરોધમાં અપીલ કરવી હોય તો રાષ્ટ્રીય કમિશન માટે અને રાષ્ટ્રીય કમિશનના નિર્ણયમાં તકલીફ હોય તો આપણે ઉચ્ચતમ ન્યાયાલયમાં જઇ શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રાહકો માટે આટલી બધી સગવડો આ સરકારે કરી છે અને ગ્રાહકોની જાગૃતિ માટે આપણી જે રેલવે છે તેના કોચમાં ગ્રામ્ય પ્રજા માટે તેની ટીકીટ પાછળ, વિદ્યાર્થીઓના બસના પાસ પાછળ આ જાહેરાત આપવામાં આવે છે. ગ્રાહકોના હક્ક માટે જિલ્લા કક્ષાએ ગ્રાહક સુરક્ષા પરિષદોની સ્થાપના કરવામાં આવેલી છે અને કન્ઝુયમર કલબમાં દરેક કલબને ચાર હજાર રૂપિયા અને એજન્સીને એક હજાર રૂપિયાનું સરકાર તરફથી અનુદાન આપવામાં આવે છે. આમ ગ્રાહકને આટલી બધી સગવડ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ગ્રાહક સુરક્ષા અભિયાન દ્વારા ગ્રાહક શિક્ષણની જાગૃતિ દ્વારા હું છેતરાઇશ નહીં અને છેતરીશ નહીં.

અધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટનો સમય છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જયારે આ દુનિયામાં છેતરનારા ત્યારે જ સફળ થાય છે કે જયારે છેતરાનારા અજાગૃત હોય છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે લોકોને જાગૃત કરી અને કોઇ છેતરાય નહીં તેના માટે કથન છે કે, Prevention is better than cure પણ આ ગતિશીલ ગુજરાતની સરકાર તેને prevention is the cure માં માને છે. કારણ કે કોઇ છેતરાય નહીં આ ગતિશીલ ગુજરાતની સરકાર છે, આદરણીય આનંદીબેનની આ સરકારની અંદર ગ્રાહકો માટે કોઇ છેતરાય નહીં અને તેના માટે આપણાં જે આદરણીય મહેન્દ્રસિંહે કહ્યું કે ત્રણ સિંહોનો આજે વારો છે તો અમારા જે બે સિંહો આજે લઇને આવ્યા છે તો ગુજરાતની પ્રજાના કોઇ પણ ગ્રાહક છેતરાશે નહીં આ સરકારની નેમ છે અને ભારતીય જનતા પાર્ટીની સરકાર કટિબદ્ધ છે.

શ્રી છત્રસિંહ પું મોરી (અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં મારા આજના વિભાગમાં લગભગ સાત જેટલા સભ્યશ્રીઓએ ભાગ લીધો છે અને ૨૯ થી ૪૩ ક્રમ સુધીની કાપ દરખાસ્તો એટલે કે ૧૫ જેટલી કાપ દરખાસ્તો આ સભાગૃહમાં રજૂ થઇ છે.

આમાં મોટા ભાગના સભ્યશ્રીઓએ આ વિભાગ દ્વારા સારી કામગીરી થાય છે. આ સરકાર વિવિધ ક્ષેત્રમાં ઉત્તમ કામ કેવી રીતે કરે છે એ બધી વાતો અહીંયા મૂકવામાં આવી છે. વિરોધપક્ષના બે સભ્યશ્રીઓએ અમારા આ વિભાગને સૂચનો પણ કર્યા છે, તેથી એમને હું ધન્યવાદ પણ આપું છું. એમણે જે સૂચનો કર્યા છે એનો જવાબ હું પાછળથી આપીશ.

આ વિભાગની વાત કરું તો ભારતની સંસ્કૃતિ એ )ષિકાળથી વેદકાળ થી અન્નને મહાદાન તરીકે સ્વીકારતું આવે છે. અન્નનું મહત્વ માનવજાત માટે ખૂબ મહત્વનું છે. એટલા માટે તો ઠેરઠેર સદાવ્રતો, પાણીની પરબો, આ જઠરાગ્નિને શાંત કરવા, આ બધું સંસ્કારોને કારણે જોવા મળે છે. આ પ્રવૃતિને મહાન સેવાધર્મ પણ ગણવામાં આવે છે. શાસ્ત્રોમાં અન્ન દાનને શ્રેષ્ઠ દાન કહેવામાં આવે છે. અન્નને દેવતાનું બિરૂદ પણ આપવામાં આવ્યું છે, આવો જયારે આ વિભાગ હોય અને આ વિભાગના લીડર પહેલા મુખ્યમંત્રીશ્રી બહેન શ્રી આનંદીબહેન હોય ત્યારે આ વિભાગની વાત કરું તો આ રાજયની છ કરોડની જનતામાંથી લગભગ દરેક કુટુંબને અનાજ મળે એના માટેની વ્યવસ્થા કરેલ છે. આશરે ૧ કરોડ ૭૪ લાખ કુટુંબોને ઘરે અનાજ પહોંચાડવાનું કામ, ઘરે ઘરે ગેસ પહોંચાડવાનું કામ, દરેક વાહનને પેટ્રોલ પહોંચાડવાનું કામ તથા ગ્રાહકોને અન્યાય થાય તો તેના માટે કોર્ટોના માધ્યમથી ન્યાય અપાવવાનું કામ અને દરેક ગ્રાહક છેતરાય નહિ એના માટે તોલમાપ દ્વારા સુંદર કામગીરી કરવામાં આવે છે. રાજયની ૭૦ ટકા કરતાં વધારે જનતાને આ વિભાગ આવરી લેતું હોય ત્યારે આ વિભાગ રાજકારણથી પર છે. એમાં ટીકા ટિપ્પણી છે જ નહિ. ગરીબ માણસના ઘેર ચૂલો સળગે એના માટેની ચિંતા કરતો આ અમારો વિભાગ છે. મને કહેતા આનંદ થશે કે આ જે વિભાગ છે એના માટે પંડિત દિન દયાળજીના સ્વપ્નો પૂરા કરવા માટે સતત બાર વર્ષ સુધી જેમણે દિવસ રાત મહેનત કરીને ભગીરથ પાયો નાખ્યો છે તેવા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ ગુજરાત મોડેલ થકી દેશ અને દુનિયાને એક નવો વિકાસનો રાહ ચીંધ્યો છે ત્યારે એમને આજે હું અભિનંદન આપું છું. બહેન શ્રીમતી આનંદી બહેનના નેતૃત્વમાં ચાલતી આ સરકાર અને આ વિભાગ એ કોઇ આયોજન પૂરતું નથી એટલે જ કહેવામાં આવે છે કે સરકારની સફળ કામગીરી કયારે કહેવાય કે સરકારની સફળતામાં જો એની નીતિ બરાબર હોય તો જ એને સફળતા મળે છે આ સરકારની નિયતી સાફ

છે. બહેન શ્રીમતી આનંદીબહેન પટેલ ગરીબ માણસોની સતત ચિંતા કરે છે, ગરીબ માણસોને સહેજ પણ તકલીફ ન પડે એનો ઘરનો ચૂલો સળગે એની સતત ચિંતા કરવા માટે આપણા મુખ્યમંત્રીશ્રીએ આ વિભાગ માટે સહેજે પણ કચાશ રાખ્યા વગર પૂરા નાણાંનું આયોજન કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીં ગ્રામ્ય વિસ્તાર અને શહેરના અનેક ગરીબ પ્રજાજનો માટેનો આ વિભાગ છે, ત્યારે આ સરકાર આ બજેટમાં શું નવું કરવા માગે છે, કેવું આયોજન કર્યું છે તે હું આ સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું. મારા વિભાગની સન ૨૦૧૫-૧૬ના વર્ષની અંદાજપત્રની માગણી ક્રમાંક-૨૨, ૨૩માં ૬૬૫.૨૨ કરોડની માગણીની મંજૂરી માટે સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું ત્યારે મારા વિભાગે કરેલ ઉમદા કામગીરી, આગામી બજેટમાં કરેલ જોગવાઇઓની ટૂંકી અને મુદ્દાસર વાત મૂકવા માગું છું.

ભારતીય જનતા પાર્ટીની સરકારે સત્તાના સુત્રો સંભાળ્યા પછી આ પ્રજાકીય વિશિષ્ટ કામગીરી કરી છે અને પ્રગતિના નવા સોપાનો સર કર્યા છે. તેમાં મારા વિભાગમાં આમૂલ પરિવર્તનો થયા છે અને તે હું આ સભાગૃહ સમક્ષ મૂકતાં ગૌરવની લાગણી અનુભવું છું. આ સરકાર ગરીબોની બેલી છે. એટલા માટે અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ દ્વારા ગુજરાત રાજયની પ્રજાને, ખાસ કરીને દરિદ્રનારાયણને ધ્યાનમાં રાખીને બજેટની જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા બેન આનંદીબેન પટેલ બધી જ આફતોને આશીર્વાદમાં કેવી રીતે પલટી શકાય, તેમના અનુભવના આધારે આ વિભાગમાં પણ પૂરતી કાળજી લેવામાં આવી છે. એટલા જ માટે મારે માનનીય સભ્યશ્રીઓને કહેવું છે કે આ વિભાગમાં પહેલાં જૂઓ તો ૧૯૮૯ થી ૨૦૦૧ સુધી આ પુરવઠા વિભાગમાં ૯૪૭.૩૪ કરોડનું બજેટ વપરાતું હતું, ૧૩ વર્ષમાં અને અત્યારે વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૫ સુધી ૩,૯૯૯ કરોડ રૂપિયાનું બજેટ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ગરીબો માટે તેના કામ માટે વાપરે છે. ભાજપની સરકારે લગભગ ૪૨૨ ટકા જેટલી વધારે નાણાકીય ફાળવણી કરી છે. મારે એ પણ કહેવું છે કે અગાઉની સરકાર ૧૦ વર્ષમાં જે નાણાં ફાળવતી હતી તેના કરતા ૭૦ ટકા નાણાં માત્ર એક જ વર્ષમાં ૨૦૧૫-૧૬માં ૬૬૫ કરોડ રૂપિયા જેટલી માગણી લઇને અમે આવ્યા છીએ ત્યારે બેન આનંદીબેન એક કવિ હ્રદય છે અને એટલા માટે તેમનું એક સ્વપ્ન પણ છે- ''ન ધરા સુધી, ન ગગન સુધી, મારે જવું છે તો છેવાડાના માનવી સુધી.'' એટલા માટે આ રાજયના મુખ્યમંત્રી બેન શ્રી આનંદીબેન આ રાજયનો સર્વાંગી વિકાસ થાય, ગરીબોનો વિકાસ થાય, ગરીબ પ્રજાને પ્રેમ કરતી આ સરકાર છે અને એટલા માટે રાજયમાં વિવિધ યોજનાઓ આ રાજય સરકાર લાવી છે. તેની ટૂંકી અને મુદ્દાસર માહિતી આપની સમક્ષ મૂકવા માગું છું. પી.ડી.એસ.ની બાબતમાં હું વાત કરું તો પહેલાં બોગસ રેશનકાર્ડ, ખોટા રેશનકાર્ડ, એક દુકાનદાર પાસે થપ્પો રેશનકાર્ડ પડી રહેતા હતા. ગરીબના રેશનકાર્ડ ગીરવે લઇ લેતા હતા. આ બધાને નિર્મૂળ કરવા માટે આ રાજય સરકાર પૂરો પ્રયત્ન કરીને, ટેકનોલોજીનો ઉપયોગ કરીને જે તે વ્યકિતને જ અનાજ મળે તેના માટેના બાયોમેટ્રિક રેશનકાર્ડ આપવાનું શરૂ કર્યું છે. હું અહીં વાત કરું તો ૧ કરોડ ૧૪ લાખ રેશનકાર્ડ ધારકો આ રાજયમાં છે. અમે આ શરૂ કર્યું ત્યારે ૧ કરોડ ૨૯ લાખ રેશનકાર્ડ હતા. પણ આ ટેકનોલોજીના આધારે ૧ કરોડ ૧૪ લાખ થઇ ગયા છે. એટલે ૨૦ લાખ જેટલા રેશનકાર્ડ અમે નિર્મૂળ કરી શકયા છીએ. આ જાહેર વ્યવસ્થાને સુદ્રઢ બનાવવા માટે હું ટેકનોલોજીની વાત કરતો હતો. આખા દેશમાં બધા રાજયોમાં ટેકનોલોજીનો ઉપયોગ થાય છે. પણ ગુજરાત રાજયમાં ટેકનોલોજીનો ઉપયોગ બધા ક્ષેત્રોમાં થાય છે. ખાસ કરીને અન્ન, નાગરિક પુરવઠામાં જે રીતે ટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે એ આખા દેશના કોઇ રાજયમાં કરવામાં આવ્યો નથી અને અમારા બહેન કહેતા હતા. અને કમ્પ્યુટર સોસાયટી ઓફ ઇન્ડિયા દ્વારા ડિસેમ્બર ૨૦૧૨માં ઇ-ગવર્નન્સનો એવોર્ડ આપવામાં આવ્યો છે. મારે ઇ-કૂપનની પણ વાત કરવી છે. મારા સાથી મિત્રો ઇ-કૂપન બાબતે ચિંતા કરતા હતા. આજે ૮૫ ટકા રેશન કાર્ડમાંથી ઇ-કૂપન નીકળે છે. બે સર્વરમાંથી છ સર્વર કરવામાં આવનાર છે. વીસમી તારીખ પછી કૂપન નહોતી નીકળતી તો સભ્યો ચિંતા કરતા હતા. એના માટે રાજ્ય સરકારે નક્કી કર્યું છે કે, દસ તારીખ પછી ઇ-કૂપન ન નીકળે છતાં પણ એ કાઢી શકાય એના માટે પણ યોજના કરવામાં આવી છે. આ ઇ-કૂપન માટે બીજી પણ વ્યવસ્થા કરવામાં આવી છે. પહેલાં ગ્રામ પંચાયતમાંથી જ ઇ-કૂપન લેવાનું થતું હતું. હવેથી અધિકૃત કોઇપણ વ્યકિત હોય તો એ રજિસ્ટ્રેશન કરાવે તો તેના દ્વારા પણ કૂપન નીકળી શકશે. વાજબી ભાવની દુકાનોના, એફ.પી.એસ.ના સંચાલક માગે અને ફિંગર પ્રિન્ટ ડિવાઇસ લાવે તો તે દ્વારા પણ

કૂપન નીકળશે. વિતરણ વ્યવસ્થાની બાબત આપની સમક્ષ મૂકવા માગું છું. ઘઉં, ચોખા, ખાંડ, આયોડિનયુક્ત મીઠું, પામોલીન તેલ અને કેરોસીનના વિતરણ માટે આ રાજ્ય સરકારે પૂરતી વ્યવસ્થા કરી છે. આયોજનબદ્ધ રીતે અમે ખરીદી પણ કરીએ છીએ અને એના માટે સબસિડી પણ આપીએ છીએ. ચાલુ વર્ષે ઘઉંના વિતરણમાં રૂ.૧૯.૩૯ કરોડની સબસિડી આપવામાં આવી છે, ખાંડમાં રૂ.૨૩.૬૯ કરોડની સબસિડી આપી છે, રિફાઇન્ડ આયોડિનયુક્ત મીઠામાં રૂ.૫.૩૯ કરોડની સબસિડી આપી છે અને અંત્યોદય યોજનાની અંદર ઘઉંમાં એક કિલોએ રૂ.૧.૨૨, ચોખામાં રૂ.૧.૩૦ની સબસિડી આપવામાં આવે છે. બીપીએલ રેશન કાર્ડ ધારકો માટે ઘઉંમાં રૂ.૩.૫૪, ચોખામાં રૂ.૪.૧૭ની સબસિડી રાજ્ય સરકાર ભોગવે છે. કેન્દ્ર સરકાર માત્ર ઘઉં, ચોખા અને કેરોસીન જ આપે છે. પણ આ બધી બાબતો મેં જે ગણાવી એ માટે રાજ્ય સરકાર પોતાના બજેટમાં આયોજન કરી રહી છે. ૧૭૦૦૦ જેટલી રેશન કાર્ડની દુકાનો છે એ દુકાનોને સારું કમિશન આપવાની રાજ્ય સરકારે યોજના કરી છે. જેના કારણે ચોરી ઓછી થાય અને પોષણક્ષમ સંચાલક બની શકે. ઘઉં, ચોખા અને ખાંડ માટે પ્રતિ ક્વિન્ટલે રૂ.૬૦/–, મધ્યાહન ભોજન યોજના માટે પ્રતિ ક્વિન્ટલે રૂ.૬૦/–, ખાદ્ય તેલ ઉપર એક કિલોએ રૂ.૩/–, રિફાઇન્ડ આયોડીનયુક્ત મીઠા માટે પ્રતિ કિલોએ રૂ.૦.૫૦, કેરોસીન માટે કિલોએ રૂ.૦.૫૬ કમિશન આપવામાં આવે છે. એ સિવાય જે કૂપન કાઢવામાં આવે છે એના ઉપર રૂ.૫/– આપવાનું રાજ્ય સરકારે નક્કી કર્યું છે. તપાસણીની બાબતમાં પણ રાજ્ય સરકારે કડકમાં કડક કાર્યવાહી કરીને ૧૦૪૬૬ દરોડાઓ પાડ્યા છે, રૂ.૫.૨૧ કરોડની ચીજવસ્તુઓ જપ્ત કરી છે, રૂ.૧.૩૯ કરોડનો જથ્થો રાજ્યસાત કર્યો છે, ૨૫ જેટલા પરવાના અનામત કર્યા છે. રૂ.૨૬/–લાખનો દંડ કર્યો છે અને વાજબી ભાવની દૂકાનો છે એને મોકુફ કરી છે. માનનીય સભ્યશ્રીઓ જે કાપ દરખાસ્ત લઇને આવ્યા છે એ બધાને હું વિનંતી કરું છું કે, આ વિભાગ ગરીબો માટે કામ કરતો વિભાગ છે. તેના માટે આપ સૌ આપની કાપ દરખાસ્ત પાછી ખેંચીને બજેટને સર્વાનુમતે મંજૂર કરવા વિનંતી કરું છું. જે સભ્યશ્રીઓએ ભાગ લીધો છે એ તમામનો આભાર માની મારી વાત પૂરી કરું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, કાયદા વિભાગની માગણી લઇને આજે હું સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. મારી માગણીઓ સંદર્ભમાં વિદ્ધાન એડવોકેટશ્રી માનનીય રાજેન્દ્રભાઇ અને શ્રી જગરુપસિંહજીએ આ બજેટની આનુષાંગિક વિશેષતાઓ હતી એના સંદર્ભમાં પોતાના વિચારો વ્યક્ત કર્યા. એ જ રીતે સાથી પક્ષમાંથી માનનીય ગેંદાલભાઇ અને શ્રી મહેન્દ્રભાઇએ પોતાના વિચારો વ્યક્ત કર્યા. પરંતુ શ્રી મહેન્દ્રસિંહે એક બાબત તરફ ખાસ ધ્યાન દોર્યું કે, કોર્ટની આંતરિક વહીવટી પ્રક્રિયા સંદર્ભમાં ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૩૫ હેઠળ ન્યાય તંત્ર ઉપર નિયંત્રણ અને વહીવટી અંકૂશ એ સંપૂર્ણ રીતે નામદાર હાઇકોર્ટ દ્વારા નિહિત થયેલ છે. જયારે નામદાર હાઇકોર્ટ આ સમગ્ર પ્રક્રિયાનું સંચાલન કરવાની હોય ત્યારે એવા સંજોગોમાં આવી બધી આંતરિક વહીવટી પ્રક્રિયાઓમાં આપણે કોઇ સૂચનાઓ આપતા નથી. એમણે બીજી વાત કરી કે વકિલો ઓછા છે તો મને એમાં જણાવતાં આનંદ થાય છે કે ૫૫૦ જેટલા વકિલો એ.પી.પી. જે જીપીએસસીની અંદર પસંદગીની આખરી પ્રક્રિયામાં છે, જી.પી.એસ.સી. સાથેનું અમારું ફોલોઅપ ચાલુ છે અને આગામી દિવસોમાં આ ૫૫૦ વકિલો આપણને ઉપલબ્ધ થશે, એટલે ગુજરાતની તાલુકા કક્ષાની કોર્ટો સુધી આપણે એ ઉપલબ્ધ કરાવી શકીશું. માનનીય સભ્યશ્રી ગેંદાલભાઇએ વાત કરી કે કોર્ટોનું પ્રમાણ ઓછું છે, હું મહિસાગર જિલ્લાનો પ્રભારી છું અને એમની લાગણી સાથે એટલા પૂરતો સંમત છું કે મહિસાગરને આ રાજય સરકારે વિકેન્દ્રિત જિલ્લા આયોજન પ્રમાણે અલગ વહીવટી જિલ્લો બનાવ્યો અને વહીવટી જિલ્લો અલગ બનાવવાના કારણે રાજય સરકારે એને અલગ ન્યાયિક જિલ્લો બનાવવા માટેની પણ આ બજેટની અંદર ફાળવણી કરી છે સાથેસાથે એ મહિસાગર જિલ્લાના જેટલા તાલુકા આવે છે એમાં કડાણા તાલુકો એવો છે કે જયાં નવી કોર્ટ નથી એ આગામી દિવસોમાં આપણે કડાણામાં પણ નવી કોર્ટ શરૂ કરવાના છીએ, એ પ્રમાણે વીરપુર છે એમાં તાલુકો નવો હતો પરંતુ કોર્ટ નવી નહોતી તો આગામી દિવસોમાં વીરપુરમાં પણ નવી કોર્ટ થશે એ ઉપરાંત બાકીના બધા તાલુકાઓની અંદર કોર્ટ છે એટલે જિલ્લા કક્ષાની કોર્ટ મળશે અને બધા જ તાલુકાઓની અંદર કોર્ટ મળશે એટલે ન્યાયના સંદર્ભમાં એમના મનની અંદર જે વ્યથા હતી એ વ્યથાને આપણે સાચા અર્થમાં વહીવટી વ્યવસ્થા દ્વારા એનું પરિણામ લાવી શકીશું. સૌનો સાથ સૌનો વિકાસ અને એની અંદર આ સરકારે એક વધારાનો પોતાનો અભિગમ કેળવ્યો છે, એ અભિગમ એ છે કે સૌનો

સાથ, સૌનો વિકાસ અને સૌને ન્યાયના આધાર ઉપર ચાલનારી આ ગુજરાત સરકાર છે. આ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે, પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે શ્રીમતી આનંદીબેન પટેલ, જયારે એમણે નેતૃત્વ સંભાળ્યું, મુખ્યમંત્રીનો પદભાર સ્વીકાર્યો, વર્ષો સુધી તેઓ મંત્રી રહ્યા હતા અને મંત્રી રહેવાના કારણે સમાજ જીવનના નાના નાના અનેક પ્રસંગો એમણે પોતાના મંત્રીપદના કાર્યકાળ દરમિયાન જોયા તો એમાં થયું કે આ બધા પ્રશ્નોનું કેવી રીતે નિરાકરણ આવશે, એ પૈકીના કેટલાક તો એવા પ્રશ્નો હતા કે જે કોર્ટની અંદર ચાલતા હતા. એના માટે લોકસંવાદની રજૂઆત કરી અને લોકસંવાદ એ પ્રીલીટીગેશનની જેમ કોર્ટમાં જતા અનેક કેસોને આપણે લોકસંવાદના માધ્યમથી એનો ઉકેલ લાવવામાં સફળ રહ્યા. ગુજરાતને ગતિશીલ ગુજરાત બનાવવું હોય તો આ સરકાર માને છે કે ન્યાયતંત્ર એ એટલું જ અગત્યનું પરિબળ છે અને રાજ્ય સરકાર એને એ રીતે જોવે છે. આ ગતીશીલ ગુજરાતમાં હું કહુ છું કે ન્યાયતંત્રને અમે મહત્વ આપીએ છીએ એનું કારણ એ છે કે ૨૦૦૩-૦૪માં આખા ન્યાયતંત્રનો જે વિભાગ છે એનું બજેટ ૧૪૦ કરોડ હતું, આ ૨૦૧૫-૧૬માં એ બજેટની અંદર આ વખતે સોળસો કરોડનું બજેટ છે. આ બજેટમાં ૧૧૭૮ ટકાનો વધારો છે અને બંધારણમાં પણ જરૂરિયાતમંદોને મફત કાનૂની ન્યાય મળે, સસ્તો ન્યાય મળે, ઝડપી ન્યાય મળે, ઘરઆંગણે ન્યાય મળે એની બંધારણની અંદર પણ આપણને ગેરંટી આપવામાં આવી છે. ગુજરાત આજે સમગ્ર દેશની અંદર પ્રથમ નંબરનું રાજય બન્યું છે અને વાઇબ્રન્ટ ગ્લોબલ સમીટના કારણે દેશ અને દુનિયાના ઉદ્યોગકારો પોતાના ઉદ્યોગો ગુજરાતની અંદર સ્થાપવા માટે લાઇન લગાવીને બેઠા છે ત્યારે નવા ઉદ્યોગો આવશે, નવા કાયદાઓ આવશે, એના કારણે નવી કોર્ટોની જરૂર પડશે. નવી કોર્ટો હશે એટલે આપણે નવા ઇન્ફ્રાસ્ટ્રકચરની પણ જરૂરિયાત પડશે. આ હવે વાઇફાઇનો યુગ છે અને વાઇફાઇના યુગની અંદર હાઇફાઇ ગુનેગારો અને સમાજ જીવનની અંદર વસતા આ પ્રમાણેના વ્યકિતઓ અનેક નવા પ્રકારના ગુનાઓ અને નવા પ્રમાણના ગુનાઓની અંદર પરીભાષા ઉપયોગ કરતા હોય છે એવા સંજોગોમાં માત્ર પોલીસતંત્રને જ નહીં પણ ન્યાય તંત્રને પણ સંપૂર્ણ રીતે સજ્જ કરવા માટે ગુજરાતના ન્યાયતંત્રમાં અનેકવિધ આપણે નવા પગલાં લીધાં છે. ગુજરાત એ વેપાર-ધંધા-રોજગારવાળું રાજ્ય છે. એના માટે નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળની ૧૦૦ જેટલી નવી કોર્ટો ચાલુ બજેટમાં લીધી છે. સમાજ જીવનની સૌથી વધુ વ્યથા આપવાવાળો વર્ગ હોય તો જ્યારે કોઇ ફેમિલી ડિસ્પ્યુટ થાય, પતિ-પત્ની વચ્ચે ડિસ્પ્યુટ થાય, છૂટાછેડાનો પ્રશ્ન હોય, ભરણ-પોષણનો પ્રશ્ન હોય તો એ અત્યંત ચિંતાકારક અને પીડાકારક હોય છે. માનનીય મુખ્યમંત્રી પદે આનંદીબેન બિરાજ્યા પછી એમણે સમાજ જીવનની આવી અનેક બહેનોની વ્યથા અને એ વ્યથાનું નિવારણ કેવી રીતે આવે એના માટે ફેમિલી કોર્ટો મહત્તમ ઉપલબ્ધ કરાવી અને આવી જરૂરિયાતમંદ બહેનોને મદદરૂપ થવા માટેનો રાજ્ય સરકારનો અભિગમ અને ઇચ્છા વ્યક્ત કરી. આ વખતના બજેટમાં માત્ર ચિંતા નહીં, માત્ર વ્યથા નહીં, એ અંગેની વ્યવસ્થાઓ કરીને આગામી દિવસોમાં ૩૩ વત્તા ૨૦ કોર્ટો હતી એમાં બીજી ૧૫ કોર્ટો કરીને ગુજરાતમાં ૬૮ જેટલી ફેમિલી કોર્ટો સાથે ગુજરાતના તમામ જિલ્લે જિલ્લે ફેમિલી કોર્ટોનું આયોજન કર્યું છે. આપણે સૌ જાણીએ છીએ કે રસ્તામાં અકસ્માત થાય, અકસ્માતમાં કોઇ મૃત્યુ પામે, કોઇ હાથ ગુમાવે, કોઇ પગ ગુમાવે, કોઇ કુટુંબનો મોભી મૃત્યુ પામ્યો હોય અને એનો કેસ ચાલે અને વર્ષો સુધી એ કેસ મોટર એક્સિડેન્ટલ કલેઇમ ટ્રિબ્યુનલ હેઠળ ચાલતો હોય પરંતુ કોર્ટોમાં જજોની સંખ્યા કે કોર્ટોની સંખ્યા પૂરતી ન હોવાના કારણે કેસનું સમયસર નિરાકરણ ન આવે. રાજ્ય સરકારે આ વ્યથાને જાણીને આ વખતે ૧૦ જેટલી મોટર વ્હીકલ એક્ટ હેઠળની નવી કોર્ટો મંજૂર કરી છે. આપણા સૌની ચિંતા છે કે ગુજરાત એ નશાબંધી નીતિને વરેલું રાજ્ય છે. આ નશાબંધીની નીતિમાં રાજ્ય સરકાર કોઇપણ પ્રકારની બાંધછોડ કરવા માગતી નથી. આવા સંજોગોમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ જે આરોપીઓ પકડાયા હોય એ આરોપીઓને જો સમયસર સજા આપવામાં સફળ ન રહીએ તો કાયદાની તીવ્રતામાં ઘટાડો થાય છે. એના માટે પ્રોહિબિશન એક્ટ હેઠળના જે કેસો રજિસ્ટર્ડ થયા હોય એને સમયસર એના ગુના હેઠળ સજા મળે એના માટે રાજ્ય સરકારે નવી ૧૧ જેટલી કોર્ટો આ વખતના બજેટમાં રાખી છે. ગુજરાતને જ્યારે સ્વર્ણિમ વર્ષ થયું એ વખતે માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ નક્કી કર્યું કે મારે જે વર્ષની અંદર કોર્ટમાં કેસ થાય એ જ વર્ષમાં કોર્ટની અંદરથી કેસનો ચૂકાદો આવવો જોઇએ. એના માટે ૭૦૦ જેટલી સ્વર્ણિમ કોર્ટો રાજ્ય સરકારે તે વખતે નક્કી કરી હતી. આ ૭૦૦ સ્વર્ણિમ કોર્ટોને ૫ વર્ષ જેટલો સમયગાળો પૂરો થયો અને ૫ વર્ષનો સમયગાળો પૂરો થયા પછી આ ૭૦૦

કોર્ટો, એક કોર્ટમાં ૭નું મહેકમ એટલે ૪૯૦૦ ના મહેકમ સાથે ફરી એકવાર આ ૭૦૦ જેટલી સ્વર્ણિમ કોર્ટોને ગુજરાત સરકારે કેસના ઝડપી નિરાકરણ માટે મંજૂરી આપી છે. ગુજરાત હાઇકોર્ટમાં હાલ ૪ર જેટલા જજીસની સ્ટ્રેન્થ છે એ પૈકી ૩૦ જેટલા વર્કીંગ જજીસ છે. આ રાજ્ય સરકારે એમાં ૨૫ ટકાનો વધારો કરી હવે હાઇકોર્ટના જજીસની સ્ટ્રેન્ટ જે ૪ર છે એમાં ૨૫ ટકાના વધારા સાથે આગામી દિવસોમાં એ સ્ટ્રેન્થ બાવન જેટલી કરવાનો નિર્ધાર કર્યો છે. માત્ર ઇન્ફ્રાસ્ટ્રકચર, માત્ર ભરતી કે માત્ર એના આધાર ઉપર સમગ્ર કાનૂન વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન નહીં આવી શકે. એમાં આમૂલ પરિવર્તન લાવવું હોય તો સ્કીલ ડેવલપમેન્ટ એક અગત્યનો મુદ્દો છે. એ માટે જયુડિશિયલ એકેડમીનું હાઇકોર્ટમાં ભવ્ય ભવન અને રાજ્યભરની કોર્ટોના મકાન અને જયુડિશિયલ ઓફિસર અને એના સ્ટાફ માટેના મકાનો એમ કરીને ૫૮૨ કરોડની માતબર રકમની જોગવાઇ ચાલુ વર્ષના બજેટમાં કરવામાં આવી છે. સમય બદલાયો છે અને બદલાયેલા સમયની સાથે સમગ્ર કોર્ટની જે વ્યવસ્થા છે એ વ્યવસ્થાની અંદર એમ.બી.એ. થયેલા સ્કીલ્ડ, જેની પાસે વહીવટી નોલેજની ક્ષમતા છે એ પ્રમાણેના ૨૭ જેટલી નવી કોર્ટ મેનેજરની જગ્યાઓ ઉભી કરી અને કોર્ટ મેનેજરની જગ્યાના માધ્યમથી કોર્ટનું કામ ઝડપથી થાય અને સરળીકરણ થાય એના માટેનો પ્રયાસ કર્યો છે. આપણે સૌ જ્યાં જઇએ છીએ એ ગુજરાતની હાઇકોર્ટમાં નાના મોટા કામથી જ્યારે જવાનું થાય ત્યારે ગુજરાત સરકાર પોતાના કામોનું જ્યાંથી સંચાલન કરે છે એ ગુજરાત રાજ્યનું કાયદાભવન પણ હાઇકોર્ટ કેમ્પસમાં આવેલ છે. આ હાઇકોર્ટ કેમ્પસમાં આવેલું કાયદા ભવન વધુ સુસજ્જ રીતે અને નવું બને એના માટે નામદાર હાઇ-કોર્ટે આપણને જે સુચવેલી જગ્યા છે એ જગ્યાની અંદર આગામી દિવસોમાં રાજ્ય સરકાર દ્વારા ૨૯ કરોડના ખર્ચે ગુજરાતનું કાયદા ભવન બનાવવાનો નિર્ધાર કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ એકવીસમી સદીનો યુગ, આઇ.ટી.નો યુગ છે. અને આઇ.ટીના ઉપયોગથી એનો મહત્તમ ઉપયોગ કરીને જયુડિશ્યિરી સિસ્ટમની અંદર આપણે કેવી રીતે એને ઝડપથી ઇફ્કેટિવ કરી શકીએ એના માટે અનેકવિધ પગલાઓ આપણે હાથ ઉપર લીધા છે. મેં જેમ કહ્યું ફેમિલિ કોર્ટ, એટલે માત્ર ફેમિલિ કોર્ટ જિલ્લા સ્થાનો ઉપર બને એટલું નહીં. પરંતુ જે મહિલા પોતાના પતિના છૂટાછેડાના કેસ માટે, ભરણપોષણના કેસ માટે કોર્ટના ચક્કર ખાતી હોય, એ મહિલા પોતાના કુટુંબના, પરિવારના ભરણપોષણ માટે નાની મોટી નોકરી કરતી હોય છે. એને ૧૧ થી ૬ ના કોર્ટના સમયની અંદર એ પોતે કોર્ટની અંદર ઉપસ્થિત ન પણ રહી શકે. એના માટે મોર્નિંગ-ઈવનિંગ ફેમિલિ કોર્ટનો આ મહિલાઓ માટે વિચાર કરી અને એને ન્યાયની સુગમતા થાય એના માટેનો રાજ્ય સરકારે પ્રયાસ કર્યો છે. કોમ્પ્યુટરાઇઝેશન, સ્ટાફની વ્યવસ્થા એવા જુદા મુદાઓની ૩૦ કરોડની જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇએ આપણને જે વિઝન આપ્યું છે, "ઇ-ગવર્નન્સ વિઝન" અને એ "ઇ-ગવર્નન્સ વિઝન"ના આધાર ઉપર સમગ્ર સિસ્ટમની અંદર મેં કહ્યું એમ આઇ.ટી. રિલેટેડ નવા મુદાઓ એમાં સાંકળી લીધા છે. એ તમામ બાબતોનો ડેટા બેઝ તૈયાર કરી અને દરેક કોર્ટોની અંદર એક ઇન્ફર્મેશન સેન્ટર ઉભા કરીશું. એ ઇન્ફર્મેશન સેન્ટરના માધ્યમથી કયો કેસ ક્યારે છે એના સંદર્ભની વિગતો અરજદારને મળે. આ તમામ કોર્ટોની અંદર જી-સ્વાનની કનેક્ટિવિટી આપણે પૂરી પાડી છે, કોમ્પ્યુટરાઇઝેશ કર્યું છે. દરેક કોર્ટોની અંદર કિઓસ્ક મશીન અને માત્ર કિઓસ્ક મશીન નહીં એને પ્રિન્ટર સાથે જોડી અને એને જરૂર પડે તો એની પ્રિન્ટિંગ પણ એ લઇ શકે. આજે કોર્ટમાં કેસ ક્યારે આવવાનો હોય ? એ સવારથી કોર્ટમાં બેસી જાય અને એને સતત ધ્યાન રાખવું પડે છે. એની જગ્યાએ હવે દરેક કોર્ટોની અંદર આપણે ડિસ્પ્લે મૂકવાનો પણ નિર્ણય કર્યો છે. આ કોર્ટના એટલા બધા ડોક્યુમેન્ટો હોય કે એ ડોક્યુમેન્ટને સાચવવા માટે નવા બિલ્ડિંગો બનાવવા પડે એટલે રેકર્ડના ડિજીટાઇઝેશનના માધ્યમથી એની અંદર આપણે આ વખતે ફાળવણી કરી છે. અને રાજ્ય સરકાર દ્વારા સૌથી અગત્યનું ક્રાંતિકારી જો કોઇ કદમ લાવવાનું હોય તો આવતી કાલના સરકારી વિધેયકની અંદર, અત્યારે જે મેન્યુઅલી સ્ટેમ્પસ દ્વારા ફીસ લેવાય છે એની જગ્યાએ ઇ-પેમેન્ટ સિસ્ટમ આપણે ગુજરાતની અંદર દાખલ કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મેં જેમ કહ્યું કે, આ નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટસ એકટ હોય કે પછી મોટર વ્હિકલ એકસીડન્ટના કેસ હોય (સમયસૂચક ઘંટડી) એમ ગુજરાતનો યુવાન એ એન.ડી.પી.એસ. એકટ હેઠળ અથવા

આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકો એના ઉપર આ કાયદાની તિવ્રતાથી પગલા લઈ શકાય એના માટે પણ પાંચ જેટલી નવી કોર્ટો બનાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષને આપણે સ્વચ્છતા મિશન તરીકે ઉજવીએ છીએ. મહાત્મા ગાંધી ભારતમાં આવ્યા એને જે ઉજાવવાનો સ્વચ્છતા મિશન સાથે ઉજવીને સાંકળવાનો નિર્ણય કર્યો છે. લોકોની અંદર અવેરનેસ ઉભી કરીશું પણ અવેરનેસની સાથે સાથે કાયદાનું પણ એક શસ્ત્ર વહીવટી તંત્ર પાસે જોઇએ. એના માટે જે મહાનગરો છે, વડોદરા, રાજકોટ, જુનાગઢ ભાવનગર, જામનગર અને ગાંધીનગર એમાં નવી છ મહાનગરોમાં મોબાઇલ સેનિટેશન કોર્ટ ચાલુ વર્ષના બજેટના આ આયોજનના માધ્યમથી આપણે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કોર્ટની અંદર જ્યારે કોઇનો કેસ હોય, કોઇના પરિવારમાંથી કોઇનું ખૂન થયું હોય અથવા કોઇના પરિવારમાંથી કોઇ ખોટી રીતે આરોપીની અંદર પકડાયો હોય અને વર્ષો સુધી જો એ કેસનું નિરાકરણ ના આવે તો એ પરિવારની વ્યથા એ ખરેખર પિડાદાયક અને દર્દદાયક હોય છે. એવા સંજોગોમાં આ જુદી જુદી કોર્ટોના માધ્યમથી આપણે એને મદદરૂપ થવાનો પ્રયાસ કર્યો છે. ગુજરાતની અંદર આગામી દિવસોમાં ૨૪૭ તાલુકાઓ છે. મેં હમણાં જેમ મહિસાગરની જાણ કરી એમ આ વખતના બજેટમાં જે પ્રમાણેનું આયોજન કર્યું છે એ પ્રમાણે ગુજરાતનો એક પણ તાલુકો હવે કોર્ટ વિના નહીં રહે એવું ચાલુ બજેટની અંદર આપણે આયોજન કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, સાત જિલ્લા રેવન્યુ જિલ્લા આપણે જાહેર કર્યા છે. આ સાતેય જિલ્લામાં આગામી દિવસોમાં અરવલ્લી મોડાસા ખાતે, ગીરસોમનાથ વેરાવળ ખાતે, બોટાદની બોટાદ ખાતે, છોટાઉદેપુરની છોટાઉદેપુર ખાતે, મોરબી ખાતે અને દેવ ભૂમિ દ્વારકાની ખંભાળીયા ખાતે જિલ્લા કક્ષાની ન્યાય કોર્ટો આ વખતના બજેટમાં નકકી કરી છે. લોકોને સસ્તો ન્યાય મળે, ઝડપી ન્યાય મળે, ઘરઆંગણે ન્યાય મળે અને સમયસર ન્યાય ન મળે એ અન્યાય બરાબર છે. આના માટે આપણે આ પ્રયાસ કર્યો છે. કેટલીક કોર્ટો એવી હતી કે જે કેમ્પ કોર્ટ હતી. એ કેમ્પ કોર્ટોને પૂર્ણ સમયની કોર્ટ તરીકે પરિવર્તિત કરી છે. વડોદરા ખાતે ૨૧૮ કરોડના ખર્ચે, અમદાવાદ ખાતે ૧૨૮ કરોડના ખર્ચે, સુરત ખાતે ૪૮ કરોડના ખર્ચે, મહેસાણા ખાતે ૬૨ કરોડના ખર્ચે એમ સમગ્ર રાજયમાં છુટા હાથે નામદાર હાઇકોર્ટના પરામર્શમાં જયાં જેટલી આવશ્યકતા હતી એ પ્રમાણેની સુવિધાઓ ઉભી કરી છે. આમ આ ન્યાયતંત્ર એ સંવેદનાવાળું તંત્ર છે અને આવા અરજદારોને ઝડપી ન્યાય મળે. સમગ્ર આનો અધિકાર નામદાર હાઇકોર્ટનો છે. હું સભાગૃહના સૌ માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું આવા ઉત્તમ કાર્યની અંદર સૌનો સાથ સૌનો વિકાસ અને સૌને ઝડપથી ન્યાય મળે એના માટેના રાજય સરકારના સંકલ્પ સાથે આપ પણ જોડાઇ અને કાપ દરખાસતો પાછી ખેંચશો એવી આપ સૌને પ્રાર્થના કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગની મારા ઘણા સાથી મિત્રોએ અલગ અલગ રીતે ચિંતા વ્યકત કરી છે. કોઇએ ટીકા કરી છે, કોઇએ સમર્થન કર્યું છે સૌનો આભાર માનું છું. જેમણે ટીકા કરી છે એ ટીકાને હું ગંભીરતાથી લઉં છું. પરેશભાઇએ કહ્યું કે સાહેબ, ૩૨૦૮ શાળા બંધ થઇ છે. એક પણ શાળા બંધ થઇ નથી. હિસાબ આપું છું. રાજય સરકારની ૭૯૪, ગ્રાન્ટેડ ૫૦૧૨, ખાનગી શાળાઓ ૪૨૪૮ અન્ય શાળાઓ ૪૪૩ જેમાં કેન્દ્ર સરકાર અને સમાજકલ્યાણ ખાતાની સ્વનિર્ભર શાળાઓ છે. એક પણ બંધ થઇ નથી. વધઘટ હશે તો અમે સરભર કરવાનો પ્રયાસ કર્યો હશે. શાળા બંધ નહીં, હું ફલોર ઉપર જવાબદારીપૂર્વક કહું છું કે એક પણ શાળા અમે બંધ કરી નથી. બીજા કોઇ મારા સાથી મિત્રએ કહ્યું કે નિરક્ષરોની સંખ્યા વધતી જાય છે અથવા તો આંકડો આપ્યો. મારે સભાગૃહના ધ્યાન ઉપર લાવવું છે કે બધા જ ૩૫ વર્ષથી મોટી ઉંમરના હશે એટલા માટે કારણકે જે વખતે તમારા હાથમાં શાસન હતું ત્યારે તમે ધ્યાન ન આપ્યું એના પરિણામે. આજે હું તમને કહું છું કે જે વ્યકિતની ઉંમર ગુજરાતમાં ૨૦-૨૧ વર્ષની હશે અને આજે કરવામાં આવે તો એક પણ વ્યકિત નિરક્ષર નથી કારણકે અમે એની ચિંતા કરી છે. એ બધા જ ૩૫ વર્ષથી મોટી ઉંમરના જયારે તમે એમની ચિંતા નહોતી કરી એના કારણે. હીરાભાઇએ બે વાત કરી. ડોનેશનની વાત કરી. ઓનલાઇન અને વેબસાઇટ ઉપર જયારે પ્રવેશ પ્રક્રિયા ચાલતી હોય ત્યારે આ પ્રકારે ડોનેશન લેવા મૂકવાની કોઇ વાત અમલમાં આવી શકતી નથી. એ ઉપરાંત અભ્યાસક્રમોમાં જેની માંગ છે એના કરતા અમારી પાસે ઉપલબ્ધી વધારે છે એટલા માટે પણ એમણે ફીની ફરિયાદ કરી. ફી રેગ્યુલરી કમિટી ભૂતકાળમાં આવી ફરિયાદો આવતી હતી એના

આધારે હાઇકોર્ટના નિવૃત્ત જજની અધ્યક્ષતામાં કે જેના ઉપર આપણે કયારેય ડાઉટ કર્યો નથી અને ડાઉટ કરવો પણ ન જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને

એ ઇન્ફ્રાસ્ટ્રકચર જુએ છે અને બાકી બધી વ્યવસ્થા જોઇને નકકી કરે છે એટલે એમાં પણ કોઇ ભ્રષ્ટાચાર કે ગેરરીતિ થવાનો કોઇ સવાલ નથી. વારંવાર એક વાત કે તમે આટલા નંબરે છો. પરેશભાઇએ જૂનો રેકર્ડ રજૂ કર્યો. મારે ૨૦૧૩-૧૪ નો રેકોર્ડ રજૂ કરવો છે. છેલ્લે પ્રસિદ્ધ થયેલ વર્ષ ૨૦૧૩-૧૪ ના આધારે ગુજરાતનો ઓવરઓલ ક્રમ કંપોઝિટ ૮ છે. પહેલા ૧૮ હતો. હવે ૮ થયો છે. અને આપણી આગળ ચાર નાના નાના રાજ્યો છે. જેને બાદ કરીએ તો આપણો સીધો ક્રમ ચોથો આવી શકે તેવી સ્થિતિમાં છે. આ ઓવરઓલ છે. પ્રાયમરીમાં આપણે છઠ્ઠા નંબરે અને અપર પ્રાઇમરીમાં આપણો આઠમાં નંબરે છીએ. ખાલી જગ્યાની પણ ખૂબ વાતો થાય છે. ૧૯૯૮ પહેલા કેટલી ખાલી જગ્યાઓ હતી? ભરતી જ નહોતી કરી. જે તે વખતે કેશુભાઇ વખતે અને પછી ભણેલા ગણેલા શિક્ષકો એને તક મળે અને ખાલી ઓરડાઓમાં કોઇ શિક્ષક મળે આવા હેતુથી આપણે વિદ્યાસહાયકની શરૂઆત કરી, ત્યારથી માંડીને મારી પાસે હિસાબ છે. ૧૯૯૮ માં શરૂ કર્યુ, ત્યારે પહેલી જ વખતે ૧ થી ૭ ધોરણ માટે ૧૫,૪૦૪ શિક્ષકોની ભરતી કરી ત્યારથી ૨૦૦૯-૧૦ સુધી ૧,૧૧,૩૫૮ શિક્ષકોની ભરતી કરી. ૨૦૧૦-૧૧ થી માંડીને ૨૦૧૪-૧૫ સુધી ૩૬,૪૧૮ કુલ ટોટલ હેડ ટીચર સાથે ૧,૫૦,૭૮૪ વિદ્યાસહાયક અને હેડ ટીચર ૪,૩૩૫ શિક્ષકોની ભરતી કરી છે. ચીની ધર્મગુરુએ એક વાત કરી, જો તમે એક વર્ષનું વિચારતા હોય તો બીજ વાવો અને ૧૦ વર્ષનું વિચારતા હોય તો વૃક્ષ વાવો અને ૧૦૦ વર્ષનું વિચારતા હોય તો શિક્ષણ આપો. આઝાદી પછી ૬૮ મું વર્ષ ચાલે છે. મારે તમને પૂછવું છે કે તમે રાજકીય ભાષામાં વાત કરી એટલા માટે અધરવાઇઝ હું એમાં નથી પડવા માગતો. ૧૦૦ વર્ષના આ વાક્યને આખા વિશ્વના, દુનિયાના લોકોએ સ્વીકાર્યુ છે કે વાત સાચી છે. તમારું વર્ષનું આયોજન છે કે ૧૦ વર્ષનું આયોજન છે કે ૧૦૦ વર્ષનું આયોજન છે? આઝાદી વખતે નહિ વિચાર્યુ એના પરિણામે ૧૦૦ વર્ષે પરિણામ આવે આ તો ૬૮ વર્ષે પરિણામ આવતા પહેલા એવું પરિણામ આવે એ પહેલા નરેન્દ્રભાઇએ એનો વિચાર કર્યો. ગુણવત્તા યુકત શિક્ષણ મળે, એકાંગી શિક્ષણ ન મળે, સર્વાંગી શિક્ષણ મળે અને એ શિક્ષણ દ્વારા વ્યકિત વિશેષ ચરિત્ર, ચારિત્ર્ય, વ્યકિતનું નિર્માણ થાય જેના દ્વારા આ દેશનું નિર્માણ થાય, આ દેશનું ઘડતર થાય. આ નિરંતર ચાલતી પ્રક્રિયાની અંદર જે પ્રાયમરીથી માંડીને પૂર્વ પ્રાથમિકથી માંડીને હાયર સુધી અને યુનિવર્સિટી સુધી અને નાલંદા, તક્ષશીલા અને વલ્લભીની કલ્પના છે કે જ્યારે પ્રવેશ મહોત્સવની શરૂઆત કરી તે વખતથી નરેન્દ્રભાઇના મગજમાં કલ્પના હતી અત્યાર સુધી જે બગડ્યું છે, તેને કેવી રીતે સુધારવું? કોઇપણ શિક્ષણની પ્રક્રિયા એટલે લાંબી પ્રક્રિયા અને ધીરજવાળી પ્રક્રિયા છે. એની શરૂઆત કરી ત્યારે સ્થિતિ શું હતી? રેકોર્ડ છે. ૭૫ ટકા બાળકોનું નામાંકન થતું હતું. જ્યારે પ્રવેશોત્સવ શરૂ કર્યો, ત્યારે ૭૫ ટકા બાળકોનું નામાંકન થતું હતું, જે નામાંકન થતું હતું એમાં ૧ થી ૭ ધોરણ પૂરું કરે તે પહેલા ૩૭ ટકા બાળકોનો ડ્રોપ આઉટ હતું. ૧ થી ૫ ધોરણ પૂરું કરે તે પહેલા ૨૦ ટકા ડ્રોપ આઉટ હતું. ૧૨-૧૨ વર્ષ સુધી ૪૫ ડિગ્રી તાપની અંદર આ ચિંતા વ્યક્ત કરીને આપણે ૧૦૦ વર્ષ પછીનું આયોજન કરવાનું છે, એટલા માટે શિક્ષણ આપવાનું છે, પરિણામ ૧૨ વર્ષ પછી શું આવ્યું? રેકોર્ડ ઉપર છે. ૭૫ ટકાનું નામાંકન હતું તે આજે ૯૯ ટકાનું નામાંકન એ કોમ્પોઝિટ વાતનો અમલ અમે કર્યો એનું પરિણામ છે. આ ચાલુ જ રહેશે એટલે આવતા દિવસોમાં તમારે કહેવાનો મોકો નહીં મળે કે આટલા નિરક્ષર છે, આટલા નિરક્ષર છે. નરેન્દ્રભાઇએ અને અહીં મારા કોઇ સાથીએ એક સરસ વાત કરી કે મુખ્યમંત્રી કોઇ એક ઝૂંપડામાં અભણ કુટુંબના અભણ બાળકની ચિંતા કરે. તમે તેને કદાચ રાજકીય રીતે લીધું હશે. નરેન્દ્રભાઇએ ભાવનાત્મક રીતે લાગણીથી આ વાત કરી અને આ ગુજરાતના લોકોને એક વિનંતી કરી. જે તે વખતે પહેલીવાર વિનંતી કરી ત્યારે અમે સભામાં હાજર હતા. તેમણે કહ્યું કે હું ભિક્ષુક છું તમે મને ભીખ આપો. તે વખતે તેમના મનમાં કોઇ કપટ ન્હોતું પણ પ્રમાણિકતા હતી. આજે હું મુખ્યમંત્રી તરીકે મારી પ્રજાને કહું અને મને હા પાડે ત્યારે આખી સભાએ હા પાડી. ત્યારે લોકોના મનમાં એક અચરજ હતું કે શું માગશે? તેમણે કહ્યું કે તમારી દીકરીનું શિક્ષણ મને તમે ભિક્ષામાં આપો. તમારી નજરમાં તે રાજકીય હતું આ રાજયના ગરીબમાં ગરીબ માણસના દિલમાં તે વાત ઉતરી ગઇ. ભૂતકાળમાં તો કોઇએ મને આ વાત કરી જ નથી. આ રાજયનો મુખ્યમંત્રી જયારે આ વાત કરતો હોય તે

વખતે, અનિલભાઇ તમે બોલતા હતા ત્યારે હું ન્હોતો બોલતો. તેનું પરિણામ શું આવ્યું? કન્યા કેળવણીમાં આંકડો વધતો ગયો. છેલ્લા પાંચ વર્ષમાં આ કન્યા કેળવણીને કારણે દસમા અને બારમા ધોરણની બોર્ડની પરીક્ષામાં આપણી બહેનો અને આ સમાજની દીકરીઓ ટોપર્સ આવે છે. આના મૂળમાં આ વાત છે. શિક્ષણમાં સુધારા અને ગુણવત્તા તેની વાતો નહીં પણ અમલ છે. માણસની માનસિકતા છે કે મને વહેલું મળે તો સારું અને વહેલું પણ સહેલું મળે તો સારું. એટલા માટે ભૂતકાળ બધાને ખબર છે. શિક્ષકની પસંદગીમાં શું ચાલતું હતું, બદલીમાં શું ચાલતું હતું, નિમણૂકમાં શું ચાલતું હતું? આપણને ખબર છે. તેના ભાવ બોલાતા હતા. તે પસંદગી, નિમણૂક અને બદલીની પ્રક્રિયા આ ત્રણ માત્ર મેરીટ ઉપર આવે છે. ગામડામાં કોઇપણ કાર્યક્રમમાં જઇએ અને કોઇ ગરીબ માણસ ઉભો થાય અને કહે કે સાહેબ મારે તમને હાર પહેરાવવો છે. શેનો હાર ભાઈ? હું તો તને ઓળખતો પણ નથી. કોઇપણ પ્રકારની લાગવગ સિવાય અને મને કાંતિલાલ કહેતા હતા કે કોઇપણ પ્રકારની લાગવગ અને ઓળખાણ વિના મારા દીકરા અને દીકરીને નોકરી મળી તેનો તમને હાર પહેરાવું છું. આ નાની વાત નથી. મારા મિત્રએ કહ્યું કે ટેબલ મેનેજમેન્ટ. મને લાગે હીરાભાઇએ કહ્યુ કે મહેન્દ્રસિંહે કહ્યું. હા, મહેન્દ્રસિંહે કહ્યું. ઇન ધીસ ગવર્નમેન્ટ નો ટેબલ મેનેજમેન્ટ ઇન એની સેકટર. કોઇપણ સેકટર, કોઇપણ કામ તે પસંદગીનું હોય, નિમણૂકનું હોય કે બદલીનું હોય તે જગજાહેર છે. પસંદગીમાં પણ મેરીટની વિદ્યાર્થીઓને ખબર હોય કે મારું આટલું મેરીટ છે. આટલા લોકોને લેવાના છે, હું આવીશ કે નહીં આવું તેમાં કોઇપણ પ્રકારની લાગવગ નહીં. પસંદ પામેલા જે જિલ્લા કે તાલુકામાં જવું હોય તેને ૫૦-૧૦૦ વિદ્યાર્થીઓની વચ્ચે તેનું કયાં મેરીટ આવે છે તેના આધારે બધાની વચ્ચે એમ કહે કે હું ટોપર્સ છું મારે જુનાગઢ જિલ્લામાં જવું છે તો તેને ત્યાં જુનાગઢ મૂકવામાં આવે. બીજા નંબરનો એમ કહે કે મારે સાબરકાંઠા જવું છે તો તેને ત્યાં મૂકવામાં આવે. મને તે વાત કહેતાં ખૂબ ગૌરવ છે કે આ પસંદગી, નિમણૂક અને ભરતીની પ્રક્રિયા તે આનંદીબેનના સાશનમાં શરૂ થઇ. જે તે વખતે ઘણા લોકોને ગમ્યું ના ગમ્યું. પરંતુ આ સિસ્ટમ આજે સેટ થઇ ગઇ છે. સમાજે પણ આ સિસ્ટમને સ્વીકારી લીધી છે. સૌથી વધારે સિદ્ધિ આ છે. તે કહે છે કે આજે બદલીમાં તો કંઇ ન ચાલે એ તો માત્ર સિનિયોરીટી ઉપર થાય. નિમણૂકમાં, પસંદગીમાં આ ચાલે છે. તેથી વધારે મને આનંદ છે કે મારા સાથી રમણલાલે પણ આ પ્રક્રિયાને સુદ્દઢ બનાવી. મારા ભાગમાં વધારે સુદ્દઢ બનાવવાની આવી છે ત્યારે મારા વિભાગની બાકીની કેટલીક વિગતો રજૂ કરવી છે. ૨૦૧૫-૧૬માં ૩૩૦૦ વિદ્યાસહાયક અને ૧૦૦૦ મુખ્ય શિક્ષકની નિમણૂક કરવામાં આવનાર છે. બદલીમાં ક્યાંક ક્યાંક માની લો પણ અમે પ્રમાણિકતાથી સાફ પ્રમાણિકતાથી કે હજુ પણ ક્યાંય થતું હશે ફૂલપ્રુફ વ્યવસ્થા હોવા છતાં પણ ક્યાંક ક્યાંક એવી ફરિયાદ મળે તો એને પણ કેવી રીતે પૂર્તિ કરી શકીએ એટલા માટે અમે પ્રયોગ કર્યો ૪ જિલ્લામાં અમદાવાદ, સાબરકાંઠા, પોરબંદર અને ગાંધીનગર જિલ્લામાં બદલીમાં કોઇ કેમ્પ નહીં, શિક્ષકને આવીને આખો દિવસ બેસી રહેવું પડે અને પછી રાહ જોવી પડે એનો દિવસ આવે અને નંબર ન લાગે પાછા જવું પડે અને વિદ્યાર્થીઓનું શિક્ષણ બગડે એવું કંઇ નહીં, એના બદલે ઓનલાઇન સિનિયોરીટી પ્રમાણે, મેરિટ પ્રમાણે અને ચારે ચાર જિલ્લામાં અમે ઓનલાઇન બદલી કરી એમાં સો ટકા સફળ થયા. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી અને બદલી કરી એક પણ ફરિયાદ નહીં અને આવતા દિવસોમાં અમે આખા રાજયમાં આવી રીતે કોઇ કેમ્પ કર્યા સિવાય ઓનલાઇન બદલી કરવાના છીએ કારણ કે, આ ચાર જિલ્લામાં અમે સફળ થયા છીએ. માનનીય ગ્યાસુદીનભાઇએ સરસ વાત કરી હતી, આર.ટી.ઇ.માં ગરીબ વિદ્યાર્થીને સમકક્ષ ભાવના રહેવી જોઇએ, કોઇ લઘુતાગ્રંથી ન લાગે એટલા માટે આખા દેશમાં (અંતરાય) તમને નોટિસ ન મળે એવી રીતે કહું, તમારે સાંભળવાનું જ છે મારા વખાણ નહીં કરવાના, તમે અમારા વખાણ કરો તો નોટિસ મળેને? તમને ગમે એવી વાત છે, તમને જે રીતે આરોગ્યમાં વાત ગમી હતી તમને એવી જ ગમે એવી વાત મારે કરવી છે અને બધાને ગમે એવી વાત છે. છેવટે મિત્રો ભાજપ કે કોંગ્રેસ આપણે બધા ગુજરાતના જ છીએને? તમે બહાર જશો તો કહી શકશો કે અમારે ત્યાં આર.ટી.ઇ.નો અમલ અમે કડકમાં કડક કરવા માગીએ છીએ, કરીએ છીએ. વિદ્યાર્થી દીઠ ૧૦ હજાર રુપિયા રાજય સરકાર આપે છે ગરીબ વિદ્યાર્થીને આટલેથી અટકતા નથી, કદાચ બીજા રાજયોમાં આપતા હશે હું માની લઉં છું. પણ હું જે કહું છું એ તો નહીં જ આપતા હોય એ વિદ્યાર્થીને એ લેવલના કપડા, બૂટ અને પોતાને સરખી રીતે રહેવા માટે વિદ્યાર્થી દીઠ વાર્ષિક ૩ હજાર રૂપિયા અમે આપીએ છીએ એટલે કુલ ૧૩ હજાર રૂપિયા આપણે આપીએ છીએ. પ્રાથમિક શાળામાં ગામડામાં આપણે

ચિંતા જે કરવી જોઇએને કે ચોમાસામાં પ્રવેશ દ્વારથી શાળાના ઓરડા સુધી, અમારે ચંદ્રિકાબેન અને ગરાશિયા બાકી બધા સાક્ષી છે અને હું એ જિલ્લાનો પ્રભારી મંત્રી છું એટલે ક્યાંક ક્યાંક મેં આ વ્યવસ્થા કરાવડાવી છે અને આખા રાજયમાં હવે અમે કરવા માગીએ છીએ. પ્રવેશ દ્વારથી શાળાના ઓરડા કે મધ્યાહન ભોજનનો ઓરડો હોય ત્યાં સુધી ચોમાસામાં પાણી ભરાય રહે, વિદ્યાર્થીઓ જઇ શકે નહીં અને જાય તો કીચડવાળા પગ થાય અને પછી એ કીચડવાળા પગ સાથે આખો દિવસ સ્કૂલમાં બેસે અને કંઇક એમાંથી રોગ થાય એમાંથી મુક્તિ મેળવવા માટે અમે બ્લોક મૂકાવવાની વ્યવસ્થા કરી છે અને એ બ્લોક કેવા કે એ જોઇને પણ શીખી શકે અને પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન મળી શકે એવા બ્લોક મૂકાવ્યા છે એ.બી.સી.ડી., ક.ખ.ગ.ઘ. આવી રીતે બ્લોક મૂકાવીને સર્વ શિક્ષા અભિયાન હેઠળ ૨૦૧૪-૧૫ના વર્ષમાં ૪૨૧૭ વર્ગખંડો, ૧૯૬૭ ગર્લ્સ ટોયલેટ, ૯૮૩ બોયઝ ટોયલેટ, ૧૦૬ સ્ટાફ ક્વાર્ટર અને ૨૦૧૫-૧૬માં વધારાના ૪૪૮૬ વર્ગખંડો, ૨૫૯૦ ગર્લ્સ ટોયલેટ અને ૨૦૧૫-૧૬માં સ્વચ્છતા અભિયાન માટે જયારે માનનીય વડા પ્રધાનશ્રીએ કહ્યું છે, માનનીય નિરંજનભાઇ, આખા વિશ્વમાં કોઇ દેશના વડાપ્રધાને ઝાડૂ નહીં પકડ્યું હોય એ વાત તમે કરી પણ આપણા દેશના વડાપ્રધાનમાં કેટલી સંવેદના કે મરા દેશના ગામડામાં જે કોઇ ગંદકી છે એને માટે હું શરૂઆત કરીશ ને તો આખો દેશ ઝાડૂ પકડશે અને આજે તમે જુઓ ભલભલી સેલિબ્રિટી દરેક ક્ષેત્રની વ્યક્તિ એ ઉદ્યોગ જગતની હોય, ફિલ્મ જગતની હોય એવા ભલભલા સેલિબ્રિટી લોકો રસ્તા ઉપર આવીને કારણ કે, વડાપ્રધાને ઝાડૂ પકડ્યું એટલા માટે બીજા કોઇએ પકડ્યું હોત તો નહીં અને એની પોઝિટિવ અસર થઇ છે.

ઉપાધ્યક્ષશ્રી : મંત્રીશ્રી, પાંચ મિનિટમાં પૂરું કરજો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : મારે દસ મિનિટ વધારે જોઇશે. ૧૦ મિનિટ લંબાવવું પડશે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા વિદ્યા સહાયકની વાત કરવામાં આવી. અત્યારે તો કોર્ટમાં કેસ પડતર છે. પણ પહેલાં ૨૫૦૦ રૂપિયા હતા, પછી અમે ૫૩૦૦ રૂપિયા કર્યા અને અત્યારે ૭૮૦૦ રૂપિયા કર્યા છે, કોર્ટમાં તો હજી કેસ પડતર છે.

પ્રવેશ મહોત્સવમાં કેટલું ચાલ્યા, કેટલું ચાલ્યા પણ પાછળ શું? પોતાનું મૂલ્યાંકન થાય એટલા માટે આખા દેશમાં એવી કોઇ વ્યવસ્થા નથી. અહીંયા આપણે ગુણોત્સવની વ્યવસ્થા કરી, પરેશભાઇએ ગ્રેડેશન કર્યું પણ એને અરધો ગ્લાસ છે એવી રીતે ના કહો, અરધો ગ્લાસ ભરેલો છે એવું કહો આપણે કમ સે કમ શરૂઆત તો કરી અને આપણે ક્યાં છીએ એની આપણને ખબર તો પડી, જેથી કરીને આપણે એમાં શું કરવાનું બાકી છે, ક્યાં ખૂબીઓ છે, ક્યાં ખામીઓ છે, ક્યાં નબળાઇઓ છે એની તો આપણને ખબર પડી. આગામી દિવસોમાં ગ્રીન સ્કૂલ, સ્માર્ટ સ્કૂલ કરવાના છીએ. બીજું એક થી પાંચ ધોરણના વિદ્યાર્થીઓને જો એક કિલોમીટર કરતાં વધારે ચાલવાનું થાય અને ૬ થી ૮ ધોરણના વિદ્યાર્થીઓને ત્રણ કિલોમીટરથી વધારે ચાલવાનું થાય તો એવા દીકરા-દીકરીઓ માટે ટ્રાન્સપોર્ટેશનની આ રાજ્ય સરકારે વ્યવસ્થા કરી છે. ચાઇલ્ડ ટ્રેકીંગ સિસ્ટમ. ઘણા લોકોના મગજમાં નહિ ઉતરે. આ શું વળી? બધા બાળકોનું યુનિક કાર્ડ જેટલા પણ બાળકો છે એ બધા માટે. કોઇ બાળક આજે આ શાળામાં છે, પછી એ શાળા છોડીને ચાલ્યો ગયો, બીજા જિલ્લામાં ગયો, બીજા રાજ્યમાં ગયો, કેમ ગયો? અભ્યાસ છોડી દીધો કે ચાલુ છે એની સંપૂર્ણ માહિતી માટે ચાઇલ્ડ ટ્રેકીંગ સિસ્ટમ આ રાજ્ય સરકારે કરવાનું આયોજન કર્યું છે.

બીજી બહુ જ મહત્વની વાત. આપ બધા કહો છોને તો હું તમને ખુલ્લું નિમંત્રણ આપું છું કે કેન્દ્ર સરકાર આવતા દિવસોમાં શિક્ષણ નીતિ ઘડવા જઇ રહી છે અને એટલા માટે ભૂતકાળમાં ૧૯૮૬માં ઘડાઇ હતી, ૧૯૯૬માં થોડોક ફેરફાર થયો પણ પાયાથી માંડીને એ વખતે પણ કદાચ ચાર દિવાલો વચ્ચે ઘડાઇ હશે. પણ નરેન્દ્રભાઇએ એવું આયોજન કર્યું સ્મૃતિબહેને એવું આયોજન કર્યું કે એપ્રિલ કે મે એક દિવસ એવો નક્કી કરવામાં આવશે કે આખા દેશની એક ગ્રામસભા. એમાં તમારે શું કહેવું છે. આગામી શિક્ષણ નીતિમાં તમારે કંઇ કહેવું હોય તો કહો. જુન જુલાઇમાં તાલુકામાં, ઓગષ્ટમાં જિલ્લા, સપ્ટેમ્બરમાં રાજ્ય કક્ષાએ, ઓકટોબર નવેમ્બરમાં ઝોનલ કક્ષાએ અને નવેમ્બર ડિસેમ્બર માસમાં આખા દેશમાંથી જે સૂચનો આવ્યા હશે, જે અભિપ્રાયો આવ્યા હશે એનું મંથન કરીને ફાઇનલ કરવા માટે કરીશું. હમણાં શિક્ષણ મંત્રીઓની મિટિંગમાં હું

ગયો હતો ત્યારે આમંત્રણ આપીને આવ્યો છું કે ફાઇનલ આપણા મહાત્મા મંદિરમાં કરવામાં આવે અને આખા દેશની મિટિંગ આપણે ત્યાં અહીંયા ગુજરાતમાં કરવામાં આવશે.

મધ્યાહ્ન ભોજન યોજના વિશે પણ જે કંઇ વાત થઇ છે એમાં પણ કંઇક ક્ષતિ હશે તો ચોક્કસ અમે સુધારવા માટેનો પ્રયાસ કરીશું. આ તો હજી મારા પ્રાથમિકની વાત થઇ. માધ્યમિકમાં પણ જ્યાં જ્યાં જે કંઇ કરવા જેવું છે એ અમે કરીએ છીએ. અત્યારસુધીમાં જે કંઇ વ્યવસ્થા થઇ છે એમાં અમે આગળ વધી રહ્યા છીએ. ગ્રાન્ટેડ ગ્રાન્ટેડ આપણે કરતા હોઇએ છીએ છેલ્લાં કેટલાય વખતથી ગ્રાન્ટેડની વાત થાય છે એમાં શું થાય છે એ આપણને ખબર છે તો એના બદલે વિદ્યાર્થી દીઠ વાર્ષિક ૭,૫૦૦ રૂપિયા. રાજય સરકારે એક નવી નીતિ અમલમાં મૂકી છે. વાર્ષિક વિદ્યાર્થી દીઠ ૭,૫૦૦ રૂપિયાની ગ્રાન્ટ શાળાને આપી દેવાની. એ ગ્રાન્ટ આપી દીધા ઉપરાંત કોઇ વિદ્યાર્થી ૭૫ ટકા કરતાં વધારે ગુણ લાવે તો એને ૧૦ ટકા વધારાના આપવાના. એટલે ગુણવત્તા ઉંચી આવશે, ગુણવત્તા જળવાઇ રહેશે. આગામી દિવસોમાં મૉડેલ સ્કૂલ અને બાકીની બધી વ્યવસ્થા અમે કરવા જઇ રહ્યાં છીએ. ૨ નવી યુનિવર્સિટી અમે આપી છે, ૧૦ નવી કોલેજો આપી છે. મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના જેના માટે ૩૦૦ કરોડ રૂપિયાનું આયોજન કરેલુ હવે એક હજાર કરોડ રૂપિયાનું આયોજન કરવા અમે જઇ રહ્યાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કોલેજ એકેડેમીક એન્ડ એડમિનિસ્ટ્રેટીવ ઓડિટની વ્યવસ્થા આ રાજયમાં નવી ઉભી કરીને ગુણવત્તા કેવી રીતે આ રાજયમાં સુધરે તેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ગેરરીતિ અટકાવવા માટે એક અભિનવ પ્રયોગ આપણને બિહારનું ચિત્ર ચાર પાંચ દિવસનું પરેશભાઇ, જોયુ હશે કે ચાર માળના બિલ્ડીંગની અંદર કેવી રીતે ગેરરીતિ ચાલતી હતી. આપણે ત્યાં ના થાય તેના માટેના આપણે ઉપાયો કર્યા છે અને ગયા વખતે અમે ટેબલેટ અને સી.સી.ટી.વી.કેમેરા મારફતે આ પ્રયોગ કરેલો જેમાં અમે સફળ થયા. આ વખતે ૬૦ હજાર સેન્ટરોમાંથી ૫૬ હજાર સેન્ટરો સુધી આપણે આ વ્યવસ્થા ગોઠવી શકયા અને આ સેન્ટરોમાં શું ચાલે છે એની આખી માહિતી અહીંયા ગાંધીનગરના સેન્ટરમાં સ્ક્રીનીંગ થાય અને ત્યાં જઇને ઉભાં રહો અને તમે કહો કે તમારા અમરેલીમાં, બાબરામાં શું ચાલે છે તે કલીક કરીએ તો આપણને ખબર પડે અને ગેરરીતિ ભવિષ્યમાં ન જ થાય અને એટલા માટે ના થાય કે ૩૬૫ દિવસ કોઇ વિદ્યાર્થી મહેનત કરે એના મા-બાપ સવારના વહેલાં ઉઠીને તે વિદ્યાર્થીને મહેનત કરાવવામાં તેની સાથે જાગે અને તેને ૯૦ ટકા આવે અને ચોરી કરનારને ૯૨ ટકા આવે અને પછી એ કદાચ ડોકટર બને, વકીલ બને, ઇજનેર બને અને પછી તે કાયમ માટે આપણને નડયા કરે. શિક્ષણમાં એક ટકો પણ ગેરરીતિ ના થાય મારી આપ સૌને વિનંતી છે કે આપ.

સભાગૃહનો સમય લંબાવવા અંગે

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ પરની ચર્ચા, પ્રશ્નો અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા વિનંતી છે.

ઉપાધ્યક્ષશ્રી : માગણીઓ પરની ચર્ચા, પ્રશ્નો અને મતદાન પુરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, શિષ્યવૃત્તિની પણ અહીંયા વાત કરવામાં આવી. નામદાર હાઇકોર્ટના ૨૦-૨-૧૩ના ચૂકાદાથી (અંતરાય) ગ્યાસુદીનભાઇ તમારા માટે ખાસ છે, મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના કારણ કે લઘુમતિની વાત કરતા હોય છે એટલા માટે. મે,૨૦૧૩માં એસ.એલ.પી.દાખલ થઇ છે. મને કહેતાં ગૌરવ છે કે, આજદિન સુધીમાં ૧૩-૧૪માં ૩ લાખ ૫૫ હજાર ૭૫૬ વિદ્યાર્થીઓને ૫૦.૪૬ કરોડ, ૧૪-૧૫માં ૩ લાખ ૫૩ હજાર ૧૭૦ને ૫૩.૧૮ કરોડની શિષ્યવૃત્તિ કુલ મળીને સાત લાખ વિદ્યાર્થીઓને આપવામાં આવી છે. રૂપિયા ૧૦૩ કરોડ ૬૪ લાખ રૂપિયાની શિષ્યવૃત્તિ અને આજદિન સુધી સુપ્રીમ કોર્ટમાં કેસ પેન્ડીંગ હોવા છતાં. એટલે લઘુમતિ અને બહુમતિ અમે એક જ દ્રષ્ટિથી જોઇએ છીએ એનું આ ઉદાહરણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સૌ સાથીઓને વિનંતી કરું છું કે, નિરંજનભાઇ આપણી કલ્પના મુજબની આપણે વ્યવસ્થા ઉભી કરવી હશે તો આમાં પક્ષાપક્ષીથી ઉપર જઇને આ સારું ચાલતું કામ એને સૌ સમર્થન કરો અને આપની કાપ દરખાસ્ત પરત ખેંચો એવી વિનંતી સાથે સૌનો આભાર.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, નવા જિલ્લાઓ અને તાલુકાઓની રચના થઇ તેના લીધે અમારા અરવલ્લી જિલ્લામાં સાહેબ ભિલોડાના તમામ જે કેસો હતા એ ઇડર તાલુકામાં ચલાવવામાં આવતા હતા. એ તમામ કેસો જિલ્લા મથકે મોડાસામાં ટ્રાન્સફર કરવામાં આવે છે અને એનાથી અમને જે નજીકના સ્થળે જે ૨૭ કિલોમીટર દૂર જે ન્યાય મળતો હતો તે આજે ૫૫ કિલોમીટર દૂર જવું પડે છે. વધુમાં વધુ અમારી વસતિ ભિલોડા તાલુકાની છે આખા જિલ્લામાં અને પ્લસ સૌથી વધુ ક્રિમિનલ કેસો અમારા ભિલોડા તાલુકાના છે આખા સાબરકાંઠા અને અરવલ્લી બન્નેમાં ત્યારે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, તમે ભિલોડા તાલુકાને એડિશ્નલ ડિસ્ટ્રીકટ કોર્ટ આપવા માગો છો કે કેમ ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય સભ્યશ્રીની રજૂઆત છે એ રજૂઆત પરત્વે આપણે નામદાર હાઇકોર્ટ અને ત્યાંના યુનિક જજનું ધ્યાન દોરીને લોકોને સુવિધામાં વધારો થાય એ પ્રમાણેનું આયોજન જોઇ લઇશું. પણ આ અંગેનો કોઇપણ નિર્ણય કેસ કઇ કોર્ટમાં ટ્રાન્સફર કરવા એ રાજય સરકારના હાથમાં નથી એ નામદાર હાઇકોર્ટ દ્વારા થાય છે. તમારા બાર દ્વારા અને સરકાર વતિ હું પણ હાઇકોર્ટને લખીને આ અંગેનું ધ્યાન દોરીશ.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું. એમના જવાબમાં પણ એમણે કંઇ કહ્યું નહિ, સુપ્રીમ કોર્ટ સમક્ષ સ્ટેટ ઓફ કર્ણાટક વિરુદ્ધ સુવર્ણમાલીની અને બીજાઓના કેસની બાબતમાં નામદાર સુપ્રીમ કોર્ટે કહ્યું કે Problem of part time lecturer is a human problem which can be addressed by appropriate law. તો આવો એપ્રોપીએટ લો બનાવીને રાજય સરકાર પાર્ટ ટાઇમ શિક્ષકોને ખંડ સમયના પ્રાધ્યાપકોને ફુલ ટાઇમના બનાવવા માગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય સભ્યશ્રી ચિંતા વ્યકત કરે છે. મારે વિગતવાર કહેવું છે. જે તે વખતે મેરિટ આધારિત પસંદગી થાય છે, મેરિટમાં ન આવતા હોય એટલે પસંદગી ન થઇ હોય અને જે મેરિટમાં આવતા હતા એની પસંદગી આમાંથી જ કરી છે. અને જે પસંદગી વખતે આવે છે તો એ ખંડ સમયના છે એટલા માટે દસ ટકા એમને વેઇટેજ આપીએ છીએ.

શ્રી નિરંજન પટેલ : આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સંસ્કૃત પાઠશાળાઓ એ આપણી ભારતીય સંસ્કૃતિ અને અર્વાચીન ભાષાનું રક્ષણ કરનાર આપણી સંસ્કૃતની પાઠશાળાઓ છે. અત્યારે માત્ર ૩૯ જ ચાલુ રહી છે, એમાં ૩૬ ગ્રાન્ટેડ છે અને ૩ સરકારી પાઠશાળા છે એમાં કુલ ૧૪૦ જગ્યાઓ છે એમાં ૪૩ જગ્યાઓ ખાલી છે. આ ભાષાને મહત્વ આપવા માટે માનનીય વોરા સાહેબે તો સારી મદદ કરી હતી અને ૧૮ નોન ગ્રાન્ટેડ પાઠશાળાને ગ્રાન્ટેડ કરી હતી. પણ નોન ગ્રાન્ટેડ વખતે ભરતી થઇ હતી ગ્રાન્ટેડ થઇ તો એના રાઇટ છે એ આપવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : સૂચન છે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : હું માનનીય મંત્રીશ્રીને બે પ્રશ્નો પૂછવા માગું છું. આર.ટી.ઇ. હેઠળ તમામ જગ્યાઓ ભરાય અને ગરીબ મધ્યમવર્ગના લોકોને ૨૫ ટકા અનામત પૂરતી મળી રહે માટે સરકાર મક્કમતાથી પગલાં લેવા માગે છે કે કેમ, બીજું ખાદ્ય સુરક્ષા બિલનું અમલીકરણ કયારથી કરવા માગીએ છીએ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આર.ટી. ઇ. માં ગઇ વખતે ૧૩ હજાર બાળકો હતા. આ વખતે ૩૦ હજાર વિદ્યાર્થીઓની જોગવાઇ ધરી છે. અને દસ હજાર રૂપિયા વધતા ૩ હજાર રૂપિયા આપવાના. આ.ટી.ઇ.નો અમલ કરવામાં રાજય સરકાર કટિબદ્ધ છે અને કરીને જ રહેશે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે કોઇ શાળાઓ બંધ કરવામાં આવી નથી. મારા મત વિસ્તારની અંદર આર.એમ.એસ. યોજના અંતર્ગત ત્રણ શાળાઓ બંધ કરવામાં આવી છે. એટલે આ ગૃહનો રેકર્ડ કલીન રહે એટલા માટે જણાવું છું. આપે એવું જવાબમાં કહ્યું કે બંધ નથી કરવામાં આવી. હકીકતમાં રાજય સરકારની સૂચનાથી એલમપુર સાથે બીજી બે શાળાઓ બંધ કરવામાં આવી છે એ શાળાઓ આપ પુનઃ શરૂ કરવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય સભ્યશ્રી પરેશભાઇએ, પ્રાથમિક શાળાઓની વાત કરી હતી. આર.એમ.એસ.ની વિગત હશે તો હું ચકાસણી કરી લઇશ. પરેશભાઇએ કહ્યું હતું એ પ્રાથમિક શાળાઓ અંગે કહ્યું હતું. તમે મને વિગત આપજો હું ચકાસી લઇશ.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨ થી ૬, ૯, ૧૦, ૧૨ થી ૧૫, ૧૮, ૨૦ થી ૨૪, ૨૭ થી ૨૯, ૩૧ થી ૪૦, ૪૨, ૪૩, ૪૫ થી ૪૭ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક– ૯,૧૦, ૨૨, ૨૩ અને ૬૦ મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ સાંજના ૫–૨૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ, માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૨૬મી માર્ચ ૨૦૧૫ના રોજ સવારના ૮–૩૦ વાગ્યે ફરી મળવા મુતલવી રહ્યું.

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર, તા.૨૬મી માર્ચ, ૨૦૧૫**
**ચૈત્ર ૫, ૧૯૩૭ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું**
**ઉપાધ્યક્ષશ્રી આત્મારામ મ.પરમાર અધ્યક્ષસ્થાને**

સરકારી વિધેયકો

**સન ૨૦૧૫ નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૮**
**ગુજરાત ખાનગી યુનિવર્સિટી(દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૫**
**ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પહેલું વાંચન કરું તે પહેલા અત્રે જણાવવાની રજા લઉં છું કે ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક ૨૦૧૫ ના ક્લોઝ-૧ માં અંગ્રેજી નકલમાં ૨૦૧૫ ની જગ્યાએ ૨૦૧૪ છપાયેલ છે અને સદરહુ વિધેયકના ક્લોઝ નં. ૨ માં અંગ્રેજી નકલમાં વાઘોડિયા શબ્દની સ્પેલિંગની પ્રિન્ટિંગ ભૂલ છે, જે અંગે પ્રેસ દ્વારા જરૂરી કોરીજેન્ડમ શુદ્ધિ પત્રક બહાર પાડવામાં આવેલ છે. તેની નકલ સર્વ સભ્યશ્રીઓને પહોંચતી કરવામાં આવેલ છે. આ વિધેયકની ગુજરાતી નકલમાં આ પ્રકારની કોઇ ભૂલ નથી. માનનીય અધ્યક્ષશ્રી, *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૧૫નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૧૫નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે જ ખૂબ છણાવટ પૂર્વક વિષદ ચર્ચાઓ શિક્ષણ વિભાગની આપણે સૌએ કરી છે અને સૌએ ચિંતા કરી છે કે સૌને શિક્ષણની તક મળે, ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે, આપણો વિદ્યાર્થી વિશ્વની હરિફાઇમાં ટકી શકે. રાજ્ય સરકારે આ બધી બાબતો ખૂબ ગંભીરતા પૂર્વક ધ્યાનમાં લીધી છે, માત્ર ધ્યાનમાં લીધી છે, એટલું જ નહિ, પરંતુ એનું સુચારું આયોજન પણ કર્યુ છે. મેં ગઇકાલે કહ્યું હતું કે આજનું આયોજન એ વર્ષો પછી પરિણામ લાવે છે, એટલે આજે જે કર્યુ હશે એનાં પરિણામ ૧૦-૨૦-૫૦ વર્ષ પછી મળવાનાં છે. આજે જ્યારે વૈશ્વિકરણ તરફ જઇ રહ્યા છીએ. આ પ્રકારનું બિલ ૨૬-૨ એ લઇ આવ્યો ત્યારે આ વાત કરી હતી. હું તેને દોહરાવું છું. આપણી હરિફાઇ બે તાલુકા, જિલ્લા અને રાજ્ય વચ્ચેની નથી રહી. આપણી હરિફાઇ હવે વિશ્વ કક્ષાએ થઇ છે અને વિશ્વ કક્ષાએ હરિફાઇ થઇ હોય ત્યારે આપણે ઉદ્યોગમાં આગળ છીએ, ખેતીમાં આગળ છીધે, ઇન્ફ્રાસ્ટ્રકચર એમાં રસ્તા, રોડ,વીજળી, આરોગ્ય અને પાણીમાં આગળ છીએ. એવા સંજોગોની અંદર આપણો વિદ્યાર્થી આ બધા ઇન્ફ્રાસ્ટ્રકચરનો લાભ લઇને વૈશ્વિક હરિફાઇમાં માત્ર ટકી શકે નહિ, પરંતુ સૌથી આગળ રહી શકે તેવું ગુજરાત સરકારનું આયોજન છે અને આ સંજોગોની અંદર મૂલ્યવર્ધિત શિક્ષણ મળે, ગુણવત્તા યુક્ત શિક્ષણ મળે, હું મુખ્યમંત્રી અને નાણા મંત્રીનો આભાર માનું છું કે, આ વખતે ૧,૨૫,૦૦૦ કરોડના બજેટમાંથી ૨૨,૭૦૦ કરોડ જેટલી મોટી રકમ શિક્ષણને આપી છે. એકેએક પાઇનો ઉપયોગ થાય, ગરીબમાં ગરીબ વિદ્યાર્થીને સારામાં સારું શિક્ષણ મળે, સરકારી ઉપરાંત મેં કાલે કહ્યું હતું કે આર.ટી.ઇ. માં, તો એ આર.ટી.ઇ. થી માંડીને જેને ઉચ્ચ કક્ષાનું શિક્ષણ લેવું છે તેને બધાને કમસે કમ રાજ્ય સરકારની ફરજ છે કે સુવિધા પૂરી પાડવી. તે સુવિધા પૂરી પાડવાના આશયથી ખાનગી રોકાણ પણ જરૂરી છે. સરકારની કેટલીક મર્યાદા હોય છે. આ ૧૨૫ કરોડના બજેટની અંદર રાજયના ખેડૂતોને, ખેતમજૂરોને, અસંગઠિત કામદારોને રસ્તા, પાણી, આરોગ્ય, શિક્ષણ, વીજળી આ તમામ બાબતોની સગવડતા જયારે પૂરી પાડવાની

* વિધેયક તા. ૧૨મી માર્ચ, ૨૦૧૫ ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

હોય ત્યારે હું નાણામંત્રી કે મુખ્યમંત્રીને એવું ન કહી શકું કે ૧ લાખ ૨૫ હજાર કરોડમાંથી ૫૦ હજાર કરોડ મારા વિભાગને આપો. તેની પણ મર્યાદા હોય છે. તે મર્યાદાને ધ્યાનમાં રાખીને અને મર્યાદા કરતાં માંગ વધતી જાય છે. તે સંજોગોની અંદર રાજય સરકાર પહોંચી ન વળે અને તે માંગ વધતી જાય તેવા સંજોગોની અંદર તેનું આયોજન તો કમસેકમ રાજય સરકાર કરે. સુવિધા તો વિદ્યાર્થીઓને આપે. આટલા મોટા રાજયની અંદર રાજય સરકારે આ વખતે બે યુનિવર્સિટી નવી આપી છે. એવું નથી કે માત્ર ખાનગીને જ આપીએ છીએ. અમે નથી કરતા એવું નથી, આ વખતે બે નવી યુનિવર્સિટી એક મધ્ય ગુજરાતમાં અને એક સૌરાષ્ટ્રમાં આપી છે. જેથી કરીને વિદ્યાર્થીને નજીકમાં સગવડતા મળી રહે. સાથે સાથે જયાં સરકારી અનુદાનિત કે ખાનગી એકપણ સુવિધા નથી તેવા તાલુકાને છાંટીને સૌથી વધારે જરૂરિયાતવાળા દસ તાલુકાને અમે સરકારી કોલેજો પણ આપી છે. આજે હું સત્તરમી ખાનગી યુનિવર્સિટી બિલ લઇને આવ્યો છું. મને એ વાત કહેવાનો આનંદ અને ગૌરવ બંને છે કે રાજય સરકારે ૨૦૦૯માં આ બિલની શરૂઆત કરી તે પહેલાં છ યુનિવર્સિટીને આદરણીય નરેન્દ્રભાઇ અને તે વખતના શિક્ષણ મંત્રી આનંદીબેને આપી અને તે પાંચના અનુભવ સો ટકા સારા રહ્યા છે. તે આજે આખા દેશની અંદર નામાંકિત યુનિવર્સિટી તરીકે સુવિખ્યાત, પ્રખ્યાત છે. ૨૦૦૯ પછી જેટલી યુનિવર્સિટીઓ ખાનગી યુનિવર્સિટી તરીકે ભાઇશ્રી રમણલાલ લાવ્યા કે પછી હું આજે ત્રીજા વર્ષે પાંચમી યુનિવર્સિટી લઇને આવ્યો છું. બધી યુનિવર્સિટીઓએ રોકાણ કર્યુ છે અને વિદ્યાર્થીઓને સારામાં સારી સુવિધા આપી છે. ઉચ્ચ કક્ષાનું શિક્ષણ પણ આપ્યું છે. આ સંજોગોની અંદર વડોદરા સ્થિત એક નવી ખાનગી યુનિવર્સિટી કે જેનું નામ પારૂલ યુનિવર્સિટી છે અને આ ટ્રસ્ટ પાસે ૧૩ કોલેજો અમદાવાદમાં છે, ૨ રાજકોટમાં છે અને વડોદરામાં મળીને કુલ ૧૬ સ્વનિર્ભર કોલેજો છે. મારે સામેના સાથીઓને કહેવું છે કે ૨૬મીના બિલમાં તેમની મૂંઝવણ હતી તેની સ્પષ્ટતા અગાઉથી જ કરી લઉં કે રાજય સરકાર ઉપર કોઇપણ પ્રકારનો આર્થિક બોજ પડવાનો નથી. રાજય સરકાર ઉપર કોઇપણ પ્રકારનો આર્થિક બોજ ન પડે અને આપણા વિદ્યાર્થીઓને સારામાં સારી સુવિધા મળી રહે, બધી જગ્યાએ સારી સુવિધા મળે છે પણ વધતી જતી વસતિને પહોંચી વળવા માટે વધારાની સુવિધા જોઇએ. વડોદરામાં સારામાં સારી એમ.એસ. યુનિવર્સિટી છે જ. સાથે બીજી ખાનગી યુનિવર્સિટી બને અને આ બ્હાને મેં ગઇ વખતે કહ્યું હતું કે વૈશ્વિક રીતે એક વાત સાથે સૌ સંમત છે કે શિક્ષણમાં રોકાણ જરૂરી છે. રોકાણ વગર શિક્ષણમાં સુધારા કરવાનું આપણને પોષાય તેમ જ નથી. તેવા સંજોગોમાં જયારે હું આ પારૂલ યુનિવર્સિટીનું બિલ લઇને આવ્યો છું ત્યારે મારા સામેના સૌ સાથીઓને વિનંતી છે કે આ બિલનું સમર્થન કરે અને શિક્ષણની ચિંતા કરીને તેના ઉપાય તરીકે સર્વાનુમતે આ બિલને સૌ મંજૂર કરે તેવી વિનંતી કરું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે યુનિવર્સિટીનું બિલ લઇને આવ્યા છે અને એમને પાયાથી માંડીને સમગ્ર પરિસ્થિતિની જ્યારે વાત કરી ત્યારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને એટલું ચોક્કસ કહીશ કે શિક્ષણનું કોઇ પણ માણસ કામ કરતો હોય અને માં સરસ્વતિની રીયલમાં સેવા કરવા માગતા હોય એવા તમામ લોકોને અમારો પક્ષ આજે પણ સમર્થન કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં પણ આ દેશમાં જ્યારે શિક્ષણ પ્રત્યે ગાયકવાડ મહારાજાથી માંડીને અનેક લોકોએ ચિંતા કરી સમગ્ર સ્થિતિમાં ખાસકરીને ગુજરાતમાં એ જમાનામાં શિક્ષણ વધ્યું પણ જ્યારે કોંગ્રેસનું શાસન શરૂ થયું ત્યારે આ દેશની શિક્ષણ પ્રત્યેની જે પરિસ્થિતિ હતી એ સ્થિતિ પછી ધીમે ધીમે આજે જે સ્થિતિ થઇ છે એમાં શિક્ષણમાં અમારી પાર્ટીએ પણ ઘણી બધી ચિંતા કરીને આ દેશને આગળ લઇ જવામાં ઘણું મોટું યોગદાન આપેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે માનનીય મંત્રીશ્રી કહેતા હોય કે, શિક્ષણમાં આપણે બધા સાથે મળીને કામ કરીએ ત્યારે ભૂતકાળમાં પણ યુનિવર્સિટીનું ગયા વખતે જ્યારે બિલ લઇને આવ્યા હતા ત્યારે પણ અમે એમને સમર્થન કર્યું હતું. આજે પણ એ વાતને દોહરાવતા મારે કહેવું છે કે, શિક્ષણ એક પાયાની જરૂરિયાત છે, શિક્ષણ હશે તો જ ૨૧મી સદીમાં આપણે બીજા લોકોનો મુકાબલો કરી શકવાના છીએ. આજનો જમાનો એ સેકન્ડો ઉપર ચાલનારો જમાનો છે, કોમ્પ્યુટર, ઇન્ફોર્મેશન વગેરેનો જમાનો છે. ચાહે ખેતી હોય, ઉદ્યોગ હોય એ દરેક ક્ષેત્રે શિક્ષણ જરૂરી છે ત્યારે ચોક્કસપણે આપણે શિક્ષણની ચિંતા કરીએ. માત્ર ચિંતા કરવાથી કે આ યુનિવર્સિટીનું બિલ લાવીએ એ પૂરતું નથી. સો ટકા સારી વાત છે, પણ સરકારને મારે ખાસ કરીને કહેવું છે કે શિક્ષણની

પાયાથી જો આપણે ચિંતા નહીં કરીએ અને પાયો જ જો આપણો કાચો હશે તો આપણને ઘણી મોટી તકલીફ પડશે. આજે ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણથી માંડીને આપણે પ્રશ્નોતરીમાં જ્યારે પ્રશ્નો પૂછતા હોઇએ ત્યારે આપણને ચોક્કસપણે થાય કે એક વર્ગની અંદર પાંચ પાંચ ધોરણના બાળકો બેસતા હોય, બે વર્ગમાં ભેગા બેસતા હોય, ત્રણ વર્ગમાં ભેગા બેસતા હોય અને જ્યાં જોઇએ ત્યાં શિક્ષકોની ઘટ હોય અને ખાસકરીને જે મેઇન વિષયો છે એના માટે પણ આપણને ચિંતા થતી હોય છે ત્યારે ખરેખર જે પાયો છે એ પાયામાં જે જરૂરિયાત છે એની અંદર પણ સરકાર ચિંતા કરે તો ચોક્કસ પણે માનનીય મંત્રીશ્રી હમણા વિશેષ કહેતા હતા એમ અમને ચોક્કસ આનંદ થશે અને એમાં પણ અમારો સાથ અને સહકાર જોઇતો હશે તો ચોક્કસપણે અમે આપીશું. આજે શિક્ષણમાં એવી સ્થિતિનું નિર્માણ થઇને ઉભું છે કે, આજનો વિદ્યાર્થી ભણે કોઇ એમ.બી.એ. થાય, કોઇ એન્જિનિયર થાય પણ એ ડીગ્રી મેળવ્યા પછી અહીં બેઠેલા દરેક માણસને ખબર છે કે વાસ્તવિક સ્થિતિ શું થાય છે? એ વાસ્તવિકતા સ્વીકારવી પડશે કે એવું ભણતર ન હોવું જોઇએ કે ચાર વર્ષ સુધી એન્જિનિયર થયા પછી એને જોબ ન મળે, આ પણ એક મોટામાં મોટી તકલીફ છે. આ હું રીયાલિટી સાથે વાત કરું છું કે જ્યાં જુઓ ત્યાં આજે શિક્ષણમાં ભણ્યા પછી સ્થિતિ એવી થઇ છે કે, લાખો લોકો બેકાર હોય છે ત્યારે એવી સ્થિતિમાં માનનીય મંત્રીશ્રીને મારે વિનંતી છે કે આપણું શિક્ષણ ભલે ખાનગી યુનિવર્સિટી બનાવીને પણ કરતા હોઇએ ત્યારે ૨૦૨૦માં શું થવાનું છે, ૨૦૨૦માં શિક્ષણની શું જરૂરત પડવાની છે, ૨૦૨૫માં શું જરૂરત ઉભી થવાની છે? એના ડેટા ભેગા કરીને એમાં આપણી સરકાર જે કરતી હોય તે અને એના સિવાય પણ બીજે જ્યાં કરી શકાતું હોય તે કરીશું અને એનું ચિંતન કરીશું, અહીંયા બધા એમ કહે છે કે સરકાર ચિંતન કરશે, એવું માર્ગદર્શન આપે કે તમે ૨૦૨૦માં ભણશો તો ચોક્કસપણે તમને રોજગારી મળશે, આવો ઉદ્યોગ, આવી ખેતી સારી રીતે થઇ શકશે તો ચોક્કસપણે આનંદ થશે. અમે ખાનગી યુનિવર્સિટીના વિરોધી નથી. અમારી ભૂતકાળની સરકારોએ પણ એમ કહ્યું છે કે, જ્યાં સારું હોય ત્યાં આગળ હંમેશા ટેકો કરવો. પણ સારાની વ્યાખ્યા એ હોય છે કે એક છોકરો ભણી ગણીને જ્યારે આવી યુનિવર્સિટીમાંથી બહાર પડે ત્યારે ચોક્કસપણે એનું નામ હોવું જોઇએ, એનું નામ હોય તો એ ગયા પછી કહી શકે કે હું પારૂલ યુનિવર્સિટીમાંથી આવું છું તો લોકોને આશ્ચર્ય લાગે કે આ કોણ? એવું ના થવું જોઇએ. ''લો'' હતી અમને આનંદ થતો હતો એનું નામ કેટલાય વરસોથી અમદાવાદમાં હતું અને લોકો એનાથી પ્રભાવિત થતા હોય એના માટે આવી એક પાયાની જરૂરિયાત પણ જોવી જોઇએ. ખાસ કરીને જ્યારે શિક્ષણ યુનિવર્સિટીની ચર્ચા થતી હોય ત્યારે બે મંત્રીશ્રીઓ બેઠાં છે ત્યારે મારી વિનંતી છે કે ગુજરાતની અંદર હવે લોકો ગુજરાતને જો આપણે મોડેલ તરીકે વિકસાવવું હોય તો સાચું મોડેલ એ છે કે ક્ષણિક પણ નાનામાં નાની વસ્તુનો સમય સાથે આપણે ઉપયોગ કરી શકીએ. આજે આપણે ડીગ્રી કોલેજોમાં અને બીજા બધામાં દસ દસ હજાર, પંદર પંદર હજાર જગ્યાઓ ખાલી રહેતી હોય, એનું સ્ટ્રકચર આખુંને આખું પડી રહેતું હોય એ બાબતે પણ સરકારે ચિંતા કરવી જોઇએ કે જે પડ્યું રહે છે માત્ર એમને એમ પડી રહેવાનું છે એના માટે કાયદામાં નાના મોટા સુધારા કરીને, લોકોને એ માટે ફરીથી કેવી સુવિધા આપી શકાય એ બાબતની પણ ચિંતા કરવી જોઇએ. આજે જે યુનિવર્સિટીનું બિલ લઇને આવ્યા છે એમાં મારે સરકારને અને મંત્રીશ્રીને ખાસ બે જ વાત કરવી છે કે આપે તપાસ્યું હશે, આપે કલમ-૧૦ માં જે જોગવાઇ છે એ જોગવાઇ મુજબ આપે કલમ-૯ અને ૮ માં તપાસણી કરી હશે, અમને ચોક્કસ ખાતરી છે, હું એમને પણ સારી રીતે ઓળખું છું કે યુનિવર્સિટી સાથે એમણે ભૂતકાળમાં પણ જે રીતે કામ કર્યા છે એ રીતે પણ ઓળખું છું. મારે માત્ર મંત્રીશ્રીને એ કહેવું છે કે આવનાર સમયમાં આપણું ધોરણ એકજ હોવું જોઇએ કે માત્રને માત્ર જે લોકો શિક્ષણ સાથે હોય અને સારું લઇને ચાલતા હોય એના પર કોઇ દબાવ ના પડવો જોઇએ એને એવો દબાવ ન આવવો જોઇએ કે હું આ પાર્ટીમાં હોઇશ તો જ મને યુનિવર્સિટીની મંજૂરી મળશે, આ પાર્ટીમાં નહિ હોઉં તો આપણને નહિ મળે એવું ધોરણ ન થાય એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. શિક્ષણ એ શિક્ષણ છે ભૂતકાળમાં આ પ્રમાણે જે લોકોએ માગણીઓ કરી હોય એ લોકોની પણ ચિંતા રહેવી જોઇએ અને માનનીય મંત્રીશ્રી તપાસીને આ પ્રમાણે ખાતરી આપતા હશે તો ચોક્કસ અમે પણ આપને સહયોગ કરીશું.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) :માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક ૨૦૧૫ને સમર્થન આપવા માટે ઉભો થયો છું. માનનીય બલવંતસિંહભાઇએ વાત કરી કે

રાજકીય ધોરણો અપનાવવા ના જોઇએ પરંતુ મને કહેતા આનંદ થાય છે કે ચારૂતર આરોગ્ય સેવા મંડળની સ્થાપના ૨૫ વરસ પહેલાં ભારતરત્ન સરદાર વલ્લભભાઇ પટેલના સાથી શાંતિભાઇ અમીન તથા માનનીય ભાઇકાકાના માર્ગદર્શન નીચે  કરવામાં આવી હતી. એટલે જે સંસ્થાની સ્થાપના ગુજરાતના શિલ્પીઓ જેને અગ્રણીઓ કહી શકાય એવા લોકો દ્વારા જ્યારે કરવામાં આવી હોય ત્યારે સંસ્થા વિશે કે સરકારના ઇરાદા વિશે કોઇપણ શંકા કરવાનું કારણ જણાતું નથી. માં સરસ્વતીની વાત કરી પણ મારે એ કહેવું છે કે, ગુજરાતની અંદર એક કૃષિ યુનિવર્સિટી હતી એનું વિભાજન કરીને આ રાજ્ય સરકારે દાંતીવાડા, આણંદ, જુનાગઢ અને નવસારી એમ ચાર ચાર યુનિવર્સિટી ગુજરાતની અંદર સ્થાપેલી છે,  આ હાઉસની અંદર પશુપાલનની ચર્ચા થાય છે તો આ રાજ્ય સરકારે કામધેનુ યુનિવર્સિટીની સ્થાપના કરીને પશુપાલનના વિકાસની અંદર માઇલસ્ટોન રચ્યો છે. આપણે શિક્ષણની ચિંતા કરીએ છીએ. પણ શિક્ષકો તૈયાર કરવા માટે ટીચર્સ યુનિવર્સિટીની સ્થાપના રાજ્ય સરકારે કરેલી છે.  આ હાઉસની અંદર ગુન્હા નિવારણની વાતો કરીએ છીએ. આ રાજ્ય સરકારે ફોરેન્સિક સાયન્સ, એક અદ્યતન અને આધુનિક સાયન્સ છે એના સંશોધન અને વિકાસ માટે ફોરેન્સિક યુનિવર્સિટીની સ્થાપના કરી છે. આપણે કાયદાની વાતો કરીએ છીએ, કાયદાના શાસનની વાતો કરીએ છીએ. આ રાજયની અંદર કાયદાના નિષ્ણાતો પેદા કરવા માટે, રાજેન્દ્રભાઇ જેવા સારા વકીલો પેદા કરવા માટે લો યુનિવર્સિટી પણ પેદા કરવામાં આવી છે. આપણે આરોગ્યની ચિંતા કરીએ છીએ. (અંતરાય) ઘણા બધા વકીલો છે પણ બધાના નામો આપું તો આખો દિવસ એમાં નીકળી જાય એટલે એક જ નામ આપુ છું. આરોગ્ય યુનિવર્સિટીની સ્થાપના કરવાનું વિચાર્યુ છે અને આ વર્ષે તેના માટે જોગવાઇ કરવામાં આવી છે. આપણે બાળકોની ચિંતા કરીએ છીએ. રાજ્ય સરકારે ચિલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપના કરી. આ રાજયની અંદર, દેશની અંદર ગુજરાત પેટ્રોલિયમ હબ બન્યુ છે ત્યારે પેટ્રોલિયમ યુનિવર્સિટી, પંડિત દિન દયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આજે લીસ્ટ જોતો હતો કે ગયા વખતે આપણે ૧૬ જેટલી ખાનગી યુનિવર્સિટીઓને મંજૂરી આપી છે આ સત્તરમી પારૂલ યુનિવર્સિટી વડોદરાને મંજૂરી આપવાની વાત છે. આપણે વિશ્વકક્ષાનું શિક્ષણ ગુજરાતમાં ઉપલબ્ધ થાય તે માટે પ્રયત્નો કરી રહ્યાં છીએ. રાજ્ય સરકારે ઉચ્ચ શિક્ષણનો વ્યાપ વધે, ભાઇ કહેતા હતા કે પ્રાથમિક શિક્ષણનો પાયો મજબૂત કરો, મારે તેમને કહેવું છે કે પાયો તમે નથી મજબૂત કર્યો પાયો ભારતીય જનતા પાર્ટીની સરકારે કરેલો છે. આ શિક્ષકોની ભરતી કોણે કરી ? લાખો શિક્ષકોની ભરતી ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થઇ છે. આ શાળાના ઓરડાઓ કોણે બનાવ્યાં ? એવી પરિસ્થિતિ હતી કે બહેનોને ભણવા માટે મુતરડીની વ્યવસ્થા પણ નહોતી ત્યારે આ રાજ્ય સરકારે તમામ સ્કૂલોની અંદર વીજળીની વ્યવસ્થા કરી, પાણીની વ્યવસ્થા કરી અને શૌચાલયની વ્યવસ્થા કરી આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેવા દો કે ઉચ્ચ શિક્ષણની જે ચિંતા કરતા હતા, જયારે ૨૦૦૦માં નરેન્દ્રભાઇ મોદીનું શાસન થયુ ત્યારે રાજયની અંદર ફકત ૧૫ યુનિવર્સિટઓ હતી આજે ૬૨ જેટલી યુનિવર્સિટીઓ અને ઉચ્ચ સંસ્થાઓ કાર્યરત છે. ૨૦૦૦ની અંદર ફકત ૨૦ જ સરકારી કોલેજો હતી નિરંજનભાઇ સાંભળો, અત્યારે ૭૫ જેટલી સરકારી કોલેજો કાર્યરત છે. આ સરકાર ઉચ્ચ શિક્ષણને વેગ આપવા માટે કટિબદ્ધ છે. ઉચ્ચ શિક્ષણની જયારે વાત કરીએ છીએ ત્યારે ખૂબ જરૂરી છે કે તેના માટે ઠોસ કામ કરીએ. મને કહેવા દો કે ભારતીય જનતા પાર્ટીમાં (અંતરાય) બલવંતસિંહભાઇ, બૂમો પાડવાનો કોઇ મતલબ નથી. ભારતીય જનતા પાર્ટીએ નરેન્દ્ર મોદીના માધ્યમથી સબળ નેતૃત્વ ઉપલબ્ધ  કરાવ્યુ છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે નીતિઓ સારી ઘડી છે અને એટલા જ માટે ખાનગી યુનિવર્સિટી એકટ તમે ના કર્યો પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરેલો છે. ૨૦૦૯ની અંદર આ એકટ કરવામાં આવ્યો ૧૭ જેટલી ખાનગી યુનિવર્સિટીઓને આપણે માન્યતા આપવા જઇ રહ્યાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ઉચ્ચ શિક્ષણની વાત કરે છે ૧૮૬૩ જેટલી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ કાર્યરત છે. ૧૨.૫૭ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ૩૦૨૭૨ જેટલા શિક્ષકો તેમાં કામ કરી રહ્યા છે. (અંતરાય) હું ઉચ્ચ શિક્ષણ ઉપર વાત કરી રહ્યો છું ત્યારે તમને ઉચ્ચ શિક્ષણમાં રસ લાગતો નથી અને અવાજ

કરો છો. વાત સાંભળો તમે સાંભળશો નહીં ત્યાં સુધી સમજ નહીં પડે અને જયાં સુધી સમજ નહીં પડે ત્યાં સુધી કામ આપણ સાથે નહીં કરી શકીએ. એટલા માટે મારી વિનંતી છે કે, પારૂલ યુનિવર્સિટી જે છે તે રાજયની અંદર એક નામાંકિત સંસ્થા છે. સેવા માટે પ્રતિબદ્ધ છે એવી આ સંસ્થા છે. સો જેટલી સંસ્થાઓ સ્વનિર્ભર ચલાવીને રાજયમાં વાઘોડિયા ખાતે ૩૫૦ બેડની હોસ્પિટલ, અમદાવાદ, વડોદરા અને રાજકોટમાં ૫૦ પથારીની હોસ્પિટલો અને મને કહેવા દો કે દર વર્ષે સો જેટલી વિદ્યાર્થીનિઓને મફત શિક્ષણ આ સંસ્થા આપી રહી છે. આવું ગૌરવ જયારે હોય ત્યારે ખાનગી યુનિવર્સિટીના ઉદ્દેશો શું? એના ઉદ્દેશો એ છે કે સરકાર તો પ્રયત્ન કરે છે પરંતુ સરકારના પ્રયત્નોની સાથે સાથે ખાનગી ક્ષેત્રેની અંદર જે કંઇ મૂડી છે જે રીસોર્સીસ છે એનો ઉપયોગ ઉચ્ચ શિક્ષણ માટે કરીને અત્યાર સુધીમાં આ સભાગૃહે ૧૬ જેટલી સંસ્થાઓને માન્યતા આપી છે. આજે ૧૭મી સંસ્થા પારૂલ યુનિવર્સિટીને માન્યતા આપવા જઇ રહ્યા છીએ ત્યારે આ રાજયમાં ઉચ્ચ શિક્ષણ છે એ સારું હોય ગુણવત્તાવાળું હોય સસ્તુ હોય અને તમામ વર્ગની જરૂરિયાતોને સંતોષી શકે તે પ્રકારનું ઉપલબ્ધ કરાવવા માટે રાજયસરકાર પ્રયત્ન કરી રહી છે. ભારતના બંધારણના આર્ટિકલ ૨૪૬ નીચે આ હાઉસને એજયુકેશન ઉપર કાયદો કરવાની સત્તા છે અને આપણે ખાનગી યુનિવર્સિટી એક્ટ, ૨૦૦૯ પસાર કર્યો છે એના અંતર્ગત આજે દ્વિતીય સુધારો રજૂ કરીને પારૂલ યુનિવર્સિટીને ખાનગી યુનિવર્સિટી કરવા માટે જે પ્રપોઝલ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને ભારતીય જનતા પાર્ટી ખાનગી ક્ષેત્રેને પણ સાથે લઇને આ દેશના વિકાસની અંદર આગેકૂચ કરે તેવી અભ્યર્થના વ્યકત કરું છું.

શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૮– સન ૨૦૧૫ નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક લઇને આવ્યા છે તે અંગે હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

આ રાજયમાં યુનિવર્સિટીઓનું પ્રમાણ વધે એનો અમને કોઇ વાંધો નથી. રાજયની અંદર ગુણાત્મક અને હમણાં માનનીય મંત્રીશ્રી કહેતા હતા એ પ્રમાણે મૂલ્યવર્ધક શિક્ષણ વધે અને ગુજરાતના વિદ્યાર્થીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ એની કાર્યક્ષમતાના જોરે જે એને શિક્ષણના કાર્યથી મળ્યું છે એના દ્વારા હરિફાઇમાં ટકી શકે એની સામે પણ અમને કોઇ વિરોધ નથી. જે ઉત્તમ બાબત છે એની સામે કોઇ વિરોધ હોઇ શકે નહિ. પણ માનનીય રજનીકાંતભાઇ કહેતા હતા કે આ બધું અત્યારે જ થઇ રહ્યું છે, આ પહેલા ૧૬મી જે ખાનગી યુનિવર્સિટી બની અને લો સોસાયટીએ માગણી કરી એટલે આ ગૃહે સર્વાનુમતે પાસ કરેલ. આ લો સોસાયટીનું ટ્રસ્ટ સન ૧૯૨૭માં બનેલ ત્યારે કોઇ ગ્રાન્ટ મળતી નહોતી. (અંતરાય) માનનીય બહેનશ્રી, તમે મને રોકશો નહિ, એનો અમે વિરોધ નથી કર્યો. (અંતરાય) ઉશ્કેરાવાનો સવાલ નથી, નીતિનભાઇ, પણ કાયમ આ રીતે બેસીને બોલતા અટકાવવા તે બરાબર નથી. અમને પણ બોલવાનો અધિકાર છે અને અમે બિલ પર જ બોલીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારો સીધો સવાલ એ છે અને હું એ કહેવા માગું છું કે શિક્ષણની બાબતમાં રાજય સરકાર જેટલું આગળ વધવું હોય એટલું વધે. ખાનગી યુનિવર્સિટીઓ, ખાનગી સંસ્થાઓ, સ્વાયત્ત સ્કૂલો, સ્વાયત્ત કોલેજો બને તેનો પણ વાંધો નથી. વાંધો છે એ તમને કહું છું. વાંધો એ છે કે રાજયની પણ એક નૈતિક જવાબદારી છે. રાજય જે કોલેજો ચલાવે, રાજયની જે પોતાની કોલેજો છે, પોતાની જે સંસ્થાઓ છે. એ ટેક્નિકલ હોય, મેડિકલ હોય, આર્ટસ, કોમર્સ કે સાયન્ય હોય, એમ.એ. હોય, એમ.એસ.સી. હોય, એમ.કોમ. હોય તો તેમાં પણ ખાનગીની સાથે સ્પર્ધાત્મક શિક્ષણ ઉભું થાય, ગુણાત્મક શિક્ષણ મળે, મૂલ્યવર્ધિત શિક્ષણ મળે એ જોવાની જવાબદારી પણ રાજયની છે. રાજય તેમાં પોતાનો હાથ પાછો ખેંચી નહીં શકે. આ હું એટલા માટે કહું છું, મેં કાલે પણ આ વાત કરી હતી કે ખાનગી યુનિવર્સિટીઓમાં, સ્વાયત્ત કોલેજોમાં ગરીબ માં–બાપના બાળકો ભણી નહીં શકે. તેની ફીના ધોરણ એટલા ઉંચા છે, તેની હોસ્ટેલની ફી એટલી ઉંચી છે, હું એમ નથી કહેતો કેપિટેશન. માનો કે કોઇ સારી સંસ્થા છે કે લો સોસાયટી જેવી કે કેપિટેશન ન લે પણ ફીના ધોરણો અને હોસ્ટેલની ફી એટલી બધી ઉંચી હોય છે કે કોઇ ગરીબ માં–બાપ તેના છોકરાને ત્યાં એડમિશન મળશે તો ત્યાં તેને ભણાવી શકશે નહીં અને શિક્ષણ લેવાનો માત્રને માત્ર એક જ વિકલ્પ તેની પાસે બચે છે એ સરકારી કોલેજો, સરકારી સંસ્થાઓ, સરકારી યુનિવર્સિટીમાં. ત્યારે સરકારી કોલેજ અને સ્કૂલમાં સરકારી શિક્ષણ

સ્પર્ધાત્મક બને, ગુણાત્મક બને, કાર્યક્ષમ બને એ જોવાની જવાબદારી પણ રાજય સરકારની છે અને તેના માટે રાજય સરકારે પૂરતો સ્ટાફ આપવો જોઇએ. વર્ગ માગવામાં આવે ત્યારે વર્ગ આપવો જોઇએ. સાયન્સમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય, ગ્રાન્ટેડ કોલેજને એક વધારાનો વર્ગ માગે તો આપવામાં આવે નહીં. ગયા વર્ષે એવી વ્યવસ્થા થઇ કે સાયન્સમાં ઓનલાઇન એડમિશનની પ્રક્રિયા શરૂ થઇ. પંચમહાલનો વિદ્યાર્થી અમદાવાદ આવે અને અમદાવાદનો વિદ્યાર્થી દાહોદ જિલ્લામાં જાય. સરકારે આ વર્ષે માંડી વાળ્યું. એ સારી બાબત થઇ, પણ તેનાથી જે અવ્યવસ્થા ઉભી થઇ અને વિદ્યાર્થીઓને જે હેરાનગતિ થઇ, તેમના માં-બાપને સતત દુઃખ સહન કરવું પડ્યું. આ ન બને એ જોવાની જવાબદારી પણ સરકારની છે અને અમારી અપેક્ષા છે કે રાજય સરકારે આ બધી બાબતોનું ધ્યાન રાખવું જોઇએ પણ સરકારી કોલેજોમાં સ્ટાફ નહીં આપવો અને પરાણે વિદ્યાર્થીઓને સેલ્ફ ફાયનાન્સમાં ધકેલવા એ વાત પણ વાજબી નથી. આપને એમ થશે પણ આના દાખલા છે. અમારા દાહોદ જિલ્લામાં બે નવી કોલેજો સરકારે આપી. એક લીમખેડામાં અને એક ઝાલોદમાં આપી. સાયન્સની કોલેજ, એક એક વ્યક્તિનો સ્ટાફ છે. લેબોરેટરી નહીં, ટીચીંગ સ્ટાફ નહીં, મકાન નહીં, ભાડાના મકાનમાં બેસવાનું. કોઇ માં-બાપ પોતાના છોકરાઓને એડમિશન મળે તો ત્યાં એડમિશન ન લે. તો ત્યાં એ એડમિશન ન લે, પરિણામે એને સ્વાયત્ત કોલેજની અંદર એડમિશન લેવાની ફરજ પડે છે. કારણ કે, આપણે ચાર વખત તક આપી. ચાર વખત એનો નંબર ત્યાં જ આવ્યો. એ કરે શું? મારું કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે, આના પરિણામે લાંબા ગાળે આખો સમાજ બે ભાગમાં વહેંચાઇ જશે અને એના કારણે ઇન્ફીરીયોરીટી કોમ્પ્લેક્ષ ઉભો થવાની પૂરેપૂરી શક્યતાઓ છે અને મારી મંત્રીશ્રીને આપના થકી વિનંતી છે કે, આના ઉપર ધ્યાન રાખવામાં આવે. સ્વાયત્ત, સરકારી અને ગ્રાન્ટેડ ગ્રાન્ટેડ અને સરકારી. સરકાર સરકારી કોલેજોના પ્રશ્નોને નહીં ઉકેલે અને એને મુશ્કેલીમાં મૂકે તો એનો કોઇ મતલબ રહેતો નથી. લો સોસાયટી ખાનગી યુનિવર્સિટી બની. લો સોસાયટી જેવી સંસ્થા પાસે એક નવા પૈસાના નાણાં શિક્ષણમાં રોકવાની કેપેસીટી નથી એ સમયે આ સોસાયટીનું ટ્રસ્ટ ઉભું થયેલું અને માત્રને માત્ર મહાજનોએ શિક્ષણની વ્યવસ્થાથી શિક્ષણ લેવું છે એને મળે અને ભવિષ્યમાં લોકોને એનો લાભ મળે. રાજ્ય તો પછી બન્યું. આઝાદી મળી અને ૧૯૬૦માં બન્યું. ત્યાર પહેલાં આપણે મહારાષ્ટ્રમાં હતા. એ પહેલાં પણ આ કામ થયું. માત્રને માત્ર શિક્ષણના હેતુ માટે શરૂ થયેલ. શું કામ ખાનગી યુનિવર્સિટી બનાવી? ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન નથી. આ પારૂલ પણ જીટીયુ સાથે સંલગ્ન છે અને એને કોઇ તકલીફ નથી. સ્વાયત્ત છે પણ એની કોઇ અપેક્ષા હશે અને ૨૦૦૯નો કાયદો એવો છે કે, સાહેબ, સ્ક્રૂટીની કમિટિ નીમો, એનો રિપોર્ટ આવે, લેટર ઓફ ઇન્ટેન્ટ, જે કોઇ શબ્દો છે, એની ખબર નથી, કઇ શરતો છે? કઇ શરતોનું પાલન કર્યું? રાજયનો એના ઉપર શું અધિકાર રહેશે? રાજયનું શું નિયમન રહેશે એનો ખ્યાલ નથી. (અંતરાય) આ બિલ મારી પાસે છે. લાગણી એટલી જ છે કે, બીજાને દુઃખ થતું હશે, પ્રો. વસુબેન જેવાને પણ. તેઓ આ વાત બહુ સારી રીતે જાણે છે. હું એમને આ પ્રશ્ન માટે મળ્યો છું. પણ મારી વિનંતી એટલી જ છે કે, તમે મેડમ પ્રોફેસર છો અને આ પ્રશ્નને સારી રીતે જાણો છો. ભલે આજે ભણાવતા ન હોય, આજ સુધી તો ભણાવ્યા છેને! મારી લાગણી એટલી જ છે કે, મુખ્યમંત્રીશ્રી પણ શિક્ષણના જીવ હોય, શિક્ષણ મંત્રી પણ શિક્ષણના જીવ હોય અને રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી પણ શિક્ષણના જીવ છે ત્યારે હું અપેક્ષા રાખું એ વધુ પડતી નથી. આજની તાતી જરૂરીયાત છે. ગરીબ મા-બાપના બાળકોને પણ કોલેજમાં ગુણાત્મક અને સારું શિક્ષણ મળે. જેથી વિશ્વની હરિફાઇમાં ટકી શકે એવું સરકારી કોલેજો મારફતે, સરકારી યુનિવર્સિટીઓ મારફતે, ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓ મારફતે મેળવે એ જ કહેવાનું તાત્પર્ય છે. મારો એની સામે કોઇ વિરોધ નથી. પણ સરકાર મારી આ વાત સ્વીકારે. એટલી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરુ(રાજકોટ (પૂર્વ) :** માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સભાગૃહ સમાજનું પ્રતિબિંબ છે અને સમાજને સાચી દિશા અને સાચા સંસ્કાર આપવાનું કામ શિક્ષણનું છે. આજે થોડી વાતો આ સરકારની શિક્ષણ નીતિ અને એ શા માટે એવી નીતિ છે એના ઉપર મારી થોડી વાતો રજૂ કરવા માગું છું. શા માટે આ પ્રાઇવેટ યુનિવર્સિટીઓ? આ યુનિવર્સિટીને મંજૂરી આપે એમાં મને કોઇ વાંધો નથી. પણ આ સ્થિતિનું નિર્માણ શા માટે થયું કે આપણે પ્રાઇવેટ યુનિવર્સિટી બનાવવી પડે એના ઉપર હું ચોક્કસ આવીશ. આ પ્રાઇવેટ યુનિવર્સિટીઓ આપણે બનાવીએ છીએ પણ એને સરકાર બંધનોમાં રાખવા માગે છે. એને શા માટે એક

મર્યાદિત કાર્યક્ષેત્ર જ આપવામાં આવે છે? જો તમારે ખરેખર હરિફાઇ ઉભી કરવી હોય તો આ બધી યુનિવર્સિટીઓને છૂટથી કામ કરી શકે, એની પૂરી ક્ષમતાથી કામ કરી શકે એવી સંપૂર્ણ છૂટ સાથે નિયમોમાં ફેરફાર કરીને એને કાર્યરત કરે તો ખરા અર્થમાં પ્રાઇવેટ યુનિવર્સિટીઓના રિઝલ્ટ જોવા મળશે. ક્યાં ક્યાં અને કેવા કેવા બંધનોમાં રાખીએ છીએ એની વાત સરકારને કહેવાની જરૂર નથી. એમને ખ્યાલમાં હશે જ, કેમ કે આ પ્રશ્નો આવે જ છે. પણ એના એક પ્રિમાઇસિસમાં જ એની એ જ સંસ્થામાં સંકૂલ કાર્યરત હોય એને જ એફિલિએશન આપી શકે છે એવું શા માટે? કેમ સ્પર્ધાત્મક વ્યવસ્થાઓ ઉભી કરવા માગતા નથી? એને વિચારો વ્યક્ત કરવા દો, એને સ્પર્ધાત્મક શા માટે થવા દેવા માગતા નથી? કોઇપણ સરકારી વ્યવસ્થા હોય એમાં સ્પર્ધા આવે એટલે એમાં આપણે છટકબારીઓ શોધીએ છીએ. એસ.ટી.માં ટેક્સ ઓછો કરી દઇએ અને પ્રાઇવેટમાં ટેક્સ વધારી દઇએ. સ્પર્ધાને બદલે આપણે જુદી દિશા પકડી લઇએ એના કરતાં આ સરકાર ગતિશીલ કહેવાતી હોય, આપણે એવો દાવો કરતા હોઇએ કે આપણે બહુ સુંદર કામ કરી રહ્યા છીએ તો પછી સ્પર્ધામાં ઉભા રહેવાના બદલે આવી સંસ્થાઓ માટે બીજા રસ્તાઓ શા માટે શોધવા પડે છે? એનો મતલબ એ થાય છે કે આ સરકારમાં સારી વ્યવસ્થાઓ ઉભી કરી શકે એવી ક્ષમતા નથી અને એવી ક્ષમતાવાળા લોકો એની પાસે નથી. આપણે એવી વાત કરીએ છીએ કે,

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**વિધેયકના પરિપ્રેક્ષમાં જ ચર્ચા કરવા અંગે**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ અને એમાં પણ વિધેયકના સંદર્ભમાં નિયમ ૧૩૦ બહુ સ્પષ્ટ છે. નિયમ ૧૩૦માં બહુ સ્પષ્ટ લખ્યું છે કે વિધેયકની વિગતવાર જોગવાઇઓ ઉપર તેના સિદ્ધાંત્તો સમજવા માટે જરૂરી હોય તે કરતાં વધારે ચર્ચા થઇ શકશે નહીં. (અંતરાય) મારું સાથોસાથ એ પણ કહેવાનું છે કે કામકાજ સલાહકાર સમિતિમાં નક્કી થયા પછી આજની પ્રથમ બેઠકમાં ૫ જેટલા બિલો પૂર્ણ કરવાના છે. આમાં ૪૫ મિનિટ જેટલો સમય પૂર્ણ થયો છે અને બિલના પ્રભારી મંત્રીશ્રીએ બિલની સ્પષ્ટતાઓ સાથે અને બહુ નમ્રતાની સાથે આ સભાગૃહ સમક્ષ કહ્યું છે એવા સંજોગોમાં જે બિલનો સ્કોપ છે, એ સ્કોપ સુધી ચર્ચા થાય તો ચોક્કસ આવશ્યક છે પણ રાજ્યની શિક્ષણ નીતિ ઉપર આ જ્યારે માનનીય સભ્યશ્રી બોલી રહ્યાં છે ત્યારે આપણે સમયસર બિઝનેસ પૂરો નહિ કરી શકીએ. એટલા માટે આપનું માર્ગદર્શન હું માગુ છું. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ, પોઇન્ટ ઓફ ઓર્ડર પર બોલવું તો પડે ને. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પોઇન્ટ ઓફ ઓર્ડર લઇને આવ્યાં છે અત્યારે રાજ્યગુરુ સાહેબ જે બોલી રહ્યાં હતાં એમાં આપે જોયું હશે કે શિક્ષણ ઉપર જ તેઓ બોલે છે. શિક્ષણના વર્તુળમાં રહીને બોલે છે અને આપે એ પણ જોયું હશે કે આપ એક પણ રાજકીય શબ્દ એમણે ઉચ્ચાર્યો નથી. યુનિવર્સિટી બાબતમાં જ બોલે છે પણ પૂર્વ સભ્યશ્રી રજનીકાંતભાઇ સાહેબ જ્યારે બોલતાં હતાં ત્યારે આપ એમનો રેકોર્ડ જોઇ શકો છો. બિલકૂલ માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપર બોલ્યાં નથી. અમે માત્ર ટાઇમ ના બગડે માટે બેઠાં બેઠાં આપનું ધ્યાન દોર્યું છે તો ય એમને રોકવામાં ના આવે અને આ બિલ ઉપર બોલતાં હોય ત્યારે રોકવામાં આવે એ આપના માર્ગદર્શન માટે કહું છું. બીજું, માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકારની જે વાત કરી એની અંદર સ્પષ્ટ વાત છે કે પાંચેય બિલો પૂરા કરવા પણ જરૂર પડે તો બે કલાકનો સમય પણ વધારો એવી સ્પષ્ટ વાત છે. એટલે ટાઇમ વાપરવો પડે તો વધારવો પડે તો પણ અમે વધારવા માટે તૈયાર છીએ.

ઉપાધ્યક્ષશ્રી : તમામ સભ્યશ્રીઓને વિનંતી કે તેઓ બિલની મર્યાદામાં રહીને જ બોલે, સ્કોપમાં રહીને બોલે. શિક્ષણના આખા વિષય ઉપર ઘણાં મુદ્દામાં તમે ચર્ચા કરી શકો છો પણ આપણે જે સુધારા વિધેયક લઇને આવ્યાં છે એટલા પૂરતું તમામ સભ્યો ધ્યાનમાં રાખે. (અંતરાય) બધાને લાગુ પડે ભાઇ. આ બાજુ, તે બાજુ એમાં કશું નથી. આપને ખ્યાલ હશે તો મેં રોક્યાં છે. (અંતરાય) મેં રોક્યાં છે. ઇટ ઇઝ ઓન રેકર્ડ. (અંતરાય)

શ્રી બળદેવજી ચં. ઠાકોર (બેઠા બેઠા) : એ નહિ રોકાયા.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત ચાલુ કરું. થોડી સાંભળવાની માનસિકતા રહે તો લોકોને અને આ સરકાર ચલાવવામાં ઘણો ફાયદો રહેશે. (અંતરાય)વજુભાઇના ગામનો,

કોઈકે કીધું કે રાજકોટનું પાણી છે. (અંતરાય) આ સરકાર પ્રાઈવેટ યુનિવર્સિટીઓને કઇ પ્રકારે બંધનમાં રાખે છે તેની પણ હું વાત કરું. એના વહિવટ કર્તાઓની જે પીડા છે. જે તમે યુનિવર્સિટીઓને મંજૂરી આપો છો. એ યુનિવર્સિટીઓની આ પીડાઓ જણાવું છું. એ રાજકીય દબાણવશ થઇને કામ કરવું પડે એવી સ્થિતિનું અને એવી વ્યવસ્થાનું નિર્માણ થયું છે અને આજે આપણે સંસ્થાને મંજૂરી દઇ રહ્યાં છીએ. એના કર્તા–હર્તાઓ પણ કાંઇક આવા દબાણવશ નથીને એ પણ તપાસવાની જરૂર છે. આજે આ યુનિવર્સિટીઓને મંજૂરી આપવી પડે એવું શા માટે બન્યું છે? આપણી સરકારી યુનિવર્સિટીઓ છે છતાં પણ આ સ્થિતિનું નિર્માણ શા માટે થયું છે? આપણી યુનિવર્સિટીઓ (અંતરાય) એ શું છે એ હું કહું, (અંતરાય) તૈયારી રાખજો સાંભળવાની અને બ્રાહ્મણ છું. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : અંદરો અંદર કોઇ વચ્ચે બોલશો નહિ, પ્લીઝ.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : હું એનો જવાબ દઇશ. બ્રાહ્મણ છું ભોગવવાની તૈયારી સાથે અહીંયા સાચી વાત રજૂ કરવાનો છું અને એમાં તમારું કોઇ દબાણ નહિ ચાલે. તમારી સચ્ચાઇ જે યુનિવર્સિટીઓમાં છે એ આજે મારે રજૂ કરવી છે અને આ ગૃહમાં, આ સરકારમાં આજે *(xxx) એવી મારી વિનંતી છે.

ઉપાધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દ હું રેકર્ડ પરથી દૂર કરું છું, ઇન્દ્રનીલભાઇ.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : મને શિક્ષણ મંત્રી ઉપર માન છે.

ઉપાધ્યક્ષશ્રી : તમે આ સુધારા વિધેયક પર જ બોલો. ખોટે ખોટું લાંબું ક્યાં કરો છો.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : હું સુધારા વિધેયક પર જ બોલું છું સાહેબ, પણ થોડોક બળાપો હોય તો કાઢવો પડે. (અંતરાય) માટે સાંભળવાની વાત છે. અને મારા શબ્દો જો ખોટા હશે અને શિક્ષણ મંત્રી પાછા ખેંચવાનું કહેશે તો હું આખું નિવેદન પાછું ખેંચી લઇશ પણ આ ગૃહે સાચી વાત સાંભળવાની તૈયારી રાખવી પડે. આજે યુનિવર્સિટીઓની હાલત એ છે કે તમે જ્યાં વાઇસ ચાન્સેલરોની નિમણૂક કરો છો એ રાજકીય લોકોની અને રાજકીય પ્રભાવમાં (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : ઇન્દ્રનીલભાઇ, સુધારા વિધેયકમાં કયાં નિમણૂક આવી ગઇ? મને સમજાવો.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : સાહેબ, સાંભળો (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : ના, ના, ઇન્દ્રનીલભાઇ તમે સ્કોપમાં રહીને બોલો, પ્લીઝ. શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : સાચી વાત સાંભળવાની તૈયારી રાખવી પડે. (આ તકે વિપક્ષના સભ્યશ્રી શક્તિસિંહજી ગોહિલ બેઠા બેઠા કાંઇક બોલતાં)

ઉપાધ્યક્ષશ્રી : આમાં કોઇ વાઇસ ચાન્સેલરની નિમણૂંકનો મુદો આવતો જ નથી શક્તિસિંહજી એટલે. પ્લીઝ ગો ઓન સ્કોપ ઓન્લી. નો. (અંતરાય)

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : સાહેબ, ત્યાં રાજકીય લોકોને આવી ખૂબ અગત્યની સંસ્થાઓ ઉપર અને પછી આપણે વાત કરીએ કે, કોઇ બાળકની આંગળી મૂકીને વડાપ્રધાન એને સ્કૂલમાં, અરે એને તો લડાઇ કરવા મૂકવા જતા હોય આંગળી મૂકીને એવી આજના શિક્ષણમાં મોંઘવારી વધી ગઇ છે.

આજે સાહેબ, યુનિવર્સિટીઓની સ્થિતિ, આ હું એટલા માટે વાત કરું છું કે, આજે આપણે વિધેયક લાવ્યા છીએ તો એમાં થોડોક સુધારો કરો. આ પ્રાઇવેટ યુનિવર્સિટીઓને થોડીક વધારે છૂટ આપો અને હું એટલા માટે કહેવા માગુ છું કે, એને બીજી કોલેજોને એમાં સમાવવાનો નિયમ નથી માટે આપણી જે સરકાર માન્ય યુનિવર્સિટીઓ છે, જે સરકારના પ્રભાવમાં કામ કરે છે એ યુનિવર્સિટીઓમાં જે લોકો સ્થાપિત થઇ ગયા છે. એમાં ઝાઝા ભા.જ.પ.ના અને ક્યાંક ક્યાંક આ વ્યવસ્થાના ભાગરૂપે અમારા પણ છે એ તથ્ય પણ હું સ્વીકારીને વાત કરવા માગુ છું. વિજયભાઇ હસે છે. અમારા છે, પણ તમારા ઝાઝા છે એ વિજયભાઇ તમારાથી વધારે કોઇ સારી રીતે જાણતું નથી, હું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વાત કરી રહ્યો છું.

ઉપાધ્યક્ષશ્રી : આપણે ભાઇ ઇન્દ્રનિલભાઇ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને રાજકીય હમણાં સાઇડ ઉપર રાખો, આપણે સુધારા વિધેયક ઉપર આવો.

---

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરુ :સાહેબ, વિજયભાઇને હસવું આવે છે પણ *(xxx) એ હકીકત છે.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : સાહેબ, જે શબ્દો વાપર્યો કે, *(xxx) પાછા ખેંચે.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરુ : ના, ના, સાહેબ વાંધો નથી, હું મારા શબ્દો પાછા ખેંચું છું પણ હકીકતો નહીં ફરે. હકીકતો નહીં ફરે. અહીંયા તમારા સભ્યો બેઠા છે એ પણ જાણે છે, હકીકતો નહીં ફરે. ક્યાં જઇને, કેવી રીતના, કોની પાસે મોકલીને શું થાય છે એના પુરાવાઓ ન હોય.

આજે સાહેબ, યુનિવર્સિટીમાં ફક્ત આ નથી. આ સરકારમાં ટોપ ઉપર બેઠેલા લોકોની સ્કૂલ, કોલેજો હોય, એ આ સુવિધાઓ હોય અને એ કોલેજો ચાલે એ માટે સુવિધા પૂર્ણ કોલેજોને મંજૂરી દેવામાં આવતી નથી માટે આ પ્રાઇવેટ યુનિવર્સિટીઓને ખુલ્લું મેદાન આપો અને આપણી યુનિવર્સિટીઓને સ્પર્ધાત્મક બનાવો એ વાત હું આજે અહીંયા કહેવા આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મેં પહેલાં જ કહ્યું, મારે કોઇ ઝાઝી વાત કરવી નથી, ઝાઝો ટાઇમ લેવો નથી પણ કહેવાનું તો કહેવું પડે. આજે સ્કૂલમાં ફોરેનની યુનિવર્સિટીઓ આવે છે. આપણે સેન્ટ્રલ ગવર્નમેન્ટની યુનિવર્સિટીઓ આવે છે.(અંતરાય) પૂરું સાહેબ મેં હજુ તો દસ મિનિટ નથી લીધી, હમણાં પાંચ મિનિટમાં જ પૂરું કરી નાખું, ઝાઝું નહીં પણ અર્થવાળું તો બોલવું પડે. એટલે આપણી સ્કૂલોમાં બહારથી યુનિવર્સિટીઓનું એફિલેશન કરી અને ગુજરાતમાં સ્કૂલ થાય અને એ સૌથી સારી સ્કૂલો એટલા માટે ગણાય છે કે, આપણે અહીંયા હજી એટલી સ્પર્ધાત્મક વ્યવસ્થા ઉભી નથી શક્યા.

આજે આઇજી જેવા કોર્ષ હોય છે. એ આઇજીનો કોર્ષ અહીંયા એ ભણાવવાની પદ્ધતિની સ્વીકૃતિ આજે ગુજરાતના બાળકોને જો મળે, તો એમાં જ્યારે ખાલી આપણે માર્કસ અને ગુણાત્મક નહીં પરંતુ એની સાથે જીવન પદ્ધતિને આવરીને એ લોકો જે ભણાવે છે, જે માનસિકતા બાળકમાં હોવી જોઇએ એનો ઉમેરો કરીને ભણાવે છે. એ વ્યવસ્થા ગુજરાતમાં ઉભી કરવાના પ્રયત્નો પણ હજુ ચાલુ નથી થયા અને પછી તમે વખાણ કરો ઉભા થઇને, અમને કોઇ વાંધો નથી. આત્મશ્લાઘા કોઇ પણ ન રોકી શકે. પણ આપણે જે કરવાનું છે એ દિશામાં આગળ વધવું જોઇએ એવી હું આ સરકાર પાસે અપેક્ષા રાખું છું. જયહિન્દ, જય ભારત.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શ્રી સતિષભાઇ પટેલ. ઉપાધ્યક્ષશ્રી : બિલના સ્કોપમાં રહીને બધા સભ્યો બોલે. ટિકા–ટિપ્પણી વાદ–વિવાદ થાય તેવું બોલવાનું ટાળવું.(અંતરાય) વિષય પૂરો થઇ ગયો. આપણે એમને રોક્યા છે.

શ્રી સતિષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક ૨૦૧૫ માનનીય શિક્ષણ મંત્રી દ્વારા ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે. આ વિધેયક લાવવા પાછળના રાજય સરકારના ઉદેશ વિષે હું આ ગૃહ સમક્ષ નિવેદન કરવા માગું છું.

પારૂલ આરોગ્ય સેવા મંડળ ગામ લીમડા, તાલુકો વાઘોડિયા અને જિલ્લો વડોદરાની અંદર આ સૂચિત પારૂલ યુનિવર્સિટી વડોદરાને પ્રાઇવેટ યુનિવર્સિટીનો દરજ્જો આપવા માટે રાજ્ય સરકાર દ્વારા આ વિધેયક જ્યારે લાવવામાં આવ્યું, ત્યારે પારૂલ આરોગ્ય સેવા મંડળ જે સેવાકીય પ્રવૃત્તિ કરે છે, એને હું ગૃહ સમક્ષ મૂકવા માગું છું. ખાનગી યુનિવર્સિટીના મુખ્ય ઉદેશો વિજ્ઞાન ટેકનોલોજી, સમાજ વિજ્ઞાન, શિક્ષણ, વ્યવસ્થાપન, વાણિજ્ય, કાયદા, આરોગ્ય સંભાળ અને માનવ જાતિના ઉન્નતિ માટેના ક્ષેત્રોમાં જ્ઞાનના સર્જન, સંકલન સંવર્ધન અને પ્રસાર કરવાના હોય છે. રાજ્યમાં હાલ ૧૪ સરકારી યુનિવર્સિટીઓ છે. આમ રાજ્ય સરકાર દ્વારા સરકારી યુનિવર્સિટીઓની જરૂરિયાત જણાતા રાજ્યના સ્ત્રોતોને ધ્યાનમાં લઇને બને એટલી પુરતી મહતમતા આપવાના સંનિષ્ઠ પ્રયત્નો આ સરકારે કર્યા છે, પરંતુ રાજ્યમાં ઉચ્ચ શિક્ષણનો વ્યાપ અને વિસ્તાર હરિફાઇના ધોરણો ધ્યાનમાં લેતા તથા વિકસતા ઉદ્યોગોની માંગ તેમજ જરૂરી બુદ્ધિધનની જરૂરિયાતને સંતોષવા માટે રાજ્યમાં આ પ્રકારનું શિક્ષણ આપી શકાય તેવા ખાનગી ટ્રસ્ટો અને કંપનીઓની સહભાગીદારીતા પણ આવશ્યક છે. જનભાગીદારીથી આવા ટ્રસ્ટો અને કંપનીઓ કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલિટીની ભાવનાથી કામગીરી કરવા પ્રોત્સાહિત થાય છે. એ મહત્વની બાબત પણ નજર અંદાજ કરી શકાય તેમ નથી અને આ ખાનગી

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

યુનિવર્સિટીની રચના કરવાથી રાજ્ય સરકારમાં કોઇપણ બોજો પડવાનો નથી. પારૂલ ગ્રુપની ૧૬ જેટલી સંસ્થાઓ સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસ ક્રમોનું શિક્ષણ આપે છે. પારૂલ યુનિવર્સિટી અમારા વડોદરા જિલ્લાની અંદર જ આવેલી હોય, ત્યારે આ યુનિવર્સિટીમાં ૩૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ આપતું ગુજરાતમાં આ સૌથી મોટામાં મોટું કેમ્પસ છે. ટ્રસ્ટ સંચાલિત દરેક કોલેજોમાં ઉચ્ચ ટેકનિકલ અને કૌશલ્ય વિકાસના શિક્ષણ અને તાલીમ મળેવી ૮૫ ટકા જેટલા વિદ્યાર્થીઓ નેશનલ અને મલ્ટી નેશનલ કંપનીઓમાં આ કેમ્પસ દ્વારા રોજગારી આપવામાં આવેલ છે. પારૂલ ગૃપ ઇન્સ્ટિટ્યૂટ વિદ્યાર્થીઓ કલા અને રમત ક્ષેત્રમાં રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ વિવિધ એવોર્ડો મેળવેલા છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૪ માં એસોચેમ દ્વારા સમગ્ર ભારતના સર્વેમાં પારૂલ એન્જિનિયરીંગ સંસ્થાને પશ્ચિમ ભારતની શ્રેષ્ઠ સંસ્થાનો એવોર્ડ એનાયત થયેલ છે. ગુજરાત રાજયમાં નેટ, એન.ડી.એ. ના બંને એક્રેડિટેશન ધરાવતી પારૂલ એકમાત્ર સંસ્થા છે. પારૂલ ગ્રુપની કોલેજોએ કેન્દ્ર સરકારમાં વધારેમાં વધારે પેટર્ન રજિસ્ટ્રેશન કરાવીને સમગ્ર ભારતમાં રિસર્ચ ક્ષેત્રે સાતમાં નંબરનું સ્થાન મેળવેલ છે. આ ગૃહની અંદર આપણા બલવંતસિંહ અને મોહનસિંહ બંને શિક્ષણને લગતી સંસ્થાઓ સાથે જોડાયેલા હોય ત્યારે શિક્ષણ કેટલું મહત્વનું છે એ બંને સભ્યોને ખબર હોય, ત્યારે આ શિક્ષણ સંસ્થાને જ્યારે યુનિવર્સિટી સ્થાપવા માટે વિધેયક લાવ્યા હોય ત્યારે તમામ ગૃહના સભ્યોને વિનંતી કરું કે આ વિધેયકને સર્વાનુમતે મંજૂર કરે તેવી હું આશા રાખું છું. જયહિંદ.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક જે લઇને આવ્યા છે તેમાં મારો વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીના શબ્દો મેં બહુ જ શાંતિપૂર્વક સાંભળ્યા છે. તેમણે બહુ જ સારી વાત કરી કે શિક્ષણ ગુણવત્તાસભર અને સૌને માટે તક એવી વાત કરી હતી. આજના સમયની જરૂરિયાત પ્રમાણે શિક્ષણ મળે તેના માટેની તેમણે વાત કરી હતી. હમણાં થોડા દિવસ પહેલાં આ જ સરકારના માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે આજનું શિક્ષણ કેવું છે, તે પહેલાં એ વાત કરું કે આજના શિક્ષણમાં આપણે જોઇએ છીએ અને તેના પાયામાં દરેક સમાજને ફાયદો થાય. દરેક સમાજના વિકાસ માટે શિક્ષણ પાયાની બાબત છે. હમણાં થોડા દિવસ પહેલાં મંત્રીશ્રીનું જે સ્ટેટમેન્ટ હતું તેનાથી મને નવાઇ લાગી. તેમણે કહેલ કે આજનું શિક્ષણ ખાનગીકરણ થઇ ગયું છે, વેપારીકરણ થઇ ગયું છે અને મોંઘું થઇ ગયેલ છે. સરકારના મંત્રીનું આ સ્ટેટમેન્ટ છે. અમને ચિંતા થાય છે કે આજે દરેક સમાજને સમાન તક કેવી રીતે મળશે. ઘણી બધી ખાનગી સંસ્થાઓ છે, મને ઘણી વખતે એમ લાગે છે કે આવી ખાનગી સંસ્થાઓ વધે તેમાં વાંધો નથી. સાથે સાથે સરકારી સંસ્થાઓ ઉભી થાય તેવી સરકારની જવાબદારી છે. તેમાં તમામ વર્ગને સુવિધાઓ મળે અને તમામને તક મળે તેવી વ્યવસ્થાઓ સરકારે ઉભી કરવી જોઇએ તેવું મને લાગે છે. છેલ્લા ઘણા સમયથી આ બાબત જોવા મળતી નથી. તેના લીધે એક ખાઇ ઉભી થઇ છે. આજે આપણે આની ચિંતા કરવી જોઇએ. જે કોલેજો છે તે કોલેજોમાં ઘણી જગ્યાઓ ખાલી રહી છે તેનું પાયાનું કારણ જો કોઇ હોય તો આ પાયાના શિક્ષણમાં જે સુધારા કરવા જોઇએ તે સરકાર કરી શકતી નથી. તેમાં મુખ્ય બાબત જોઇએ તો રાઇટ ટુ એજયુકેશન એકટ આવ્યો તેમાં મુખ્ય શિક્ષકોની ભરતી અને ધોરણ આઠમું અપર પ્રાઇમરીમાં ગયું અને તેમાં પાયાના શિક્ષકો તરીકે ગણિત, વિજ્ઞાન અને ઇંગ્લીશના મૂકવાની જરૂરિયાત હતી. તેમાં આપણે ન મૂકી શકયા. હમણાં પાંચ વર્ષ પછી....

ઉપાધ્યક્ષશ્રી : ડોકટર આપણે સુધારા વિધેયક પર બોલો. આ બધુ તમે માંગણીઓમાં બોલી ચૂકયા છો. તમે વિષય પર આવો.

ડો. અનિલ જોષીયારા : જગ્યાઓ કેમ ભરાતી નથી એટલા માટે વાત કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : આ જગ્યા ભરવા માટેનું બિલ નથી.

ડો. અનિલ જોષીયારા : એકવીસમી સદીમાં ઉચ્ચ શિક્ષણ હંમેશાં ઇંગ્લીશમાં મળે છે અને આપણે ભાષા શબ્દ વાપરીએ છીએ. આજે પરિસ્થિતિ એ થાય છે કે તેમાં સંસ્કૃતવાળો શિક્ષક આવી જાય છે. તેના લીધે ઉચ્ચ શિક્ષણમાં જગ્યાઓ ખાલી રહે છે તેટલું જ કહેવાનો મારો મતલબ છે. સરકાર હવે તો તેમાં સુધારે. એટલો તો ફેરફાર કરે કે ઇંગ્લીશના શિક્ષકો જોઇએ એટલો ફેરફાર કરે તો ચોકકસ સુધારો થશે. પારૂલ સંસ્થા મંડળે આજે જ પોતાનું ઇરાદાપત્ર રજૂ કર્યુ હોય તેવું નહીં હોય. તેણે ઘણા સમયથી રજૂ કર્યુ હશે. મને લાગે છે કે સરકારે કેમ,

અને હમણાં કોઇક કહેતું હતું કે આ તો તમારા છે. તમારા કે અમારા કહેવાની જરૂર નથી. તે સંસ્થાને આ મંજૂરી મળે તે ખૂબ જરૂરી હતું. દબાણ કરી કરીને લાવવામાં આવે તેવું ન થવું જોઇએ. આવી સંસ્થાઓમાં સરકારનો હસ્તક્ષેપ ન રહે તેવું અમે ઇચ્છીએ છીએ. સાથે સાથે એક બાબત જરૂર કહીશ કે ફકતને ફકત અમૂક વર્ગના માણસો ભણે તેવું ન હોવું જોઇએ. તમામ વર્ગને પ્રાધાન્ય મળે તેના માટેની સુવિદ્યા હોવી જોઇએ. પછાત વર્ગનું જે રિઝર્વેશન છે તેની કંઇક સુવિદ્યા હોય તેવી માનનીય મંત્રીશ્રી પાસેથી અપેક્ષા રાખું છું. તેમના પ્રવચનમાં આ વાત સ્વીકારી લે. આ બરોડા છે ત્યાં એમ.એસ. યુનિવર્સિટીનું ખૂબ મોટું નામ છે. તેવું નામ આ યુનિવર્સિટીનું બને તેવું અમે ઇચ્છીએ છીએ. અમે તો સહકાર આપવા માગીએ છીએ. ત્યાંથી બહાર પડેલા છોકરાંઓ એમ કહે કે અમે તો પારૂલ યુનિવર્સિટીમાંથી બહાર નીકળેલા છીએ અને તેઓ ગૌરવ અનુભવે તેવું બને તો વધુ સારુ રહેશે. આમ તો સુવિદ્યાઓ ઘણી છે, ૧૬ સંસ્થાઓ ધરાવે છે. એક સંસ્થા ડેન્ટલ યુનિટ હતું તેના ઉદ્ઘાટનમાં મારે પણ જવાનું થયેલ હતું. આ સંસ્થામાં તમામ સુવિદ્યા ઉભી થાય તેના માટે સરકાર ચોકકસ ધ્યાન રાખે અને આ સંસ્થા ખૂબ આગળ વધે તેવી વાત સાથે મારી વાત પૂરી કરું છું. આભાર.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી. એક મિનિટ બેસો આપ. આપ બેસો હું બોલું છું. મારી વાત સાંભળો. આપ દંડકશ્રીઓ લીસ્ટ આપો છો અને પછી આ સિસ્ટમ ચાલુ કરવાની હોય તો તમે નકકી કરો. મને વાંધો નથી. હું તો એલાઉ કરીશ શકિતસિંહ . તમે બેસી જાઓ. સિસ્ટમ છે જ, ના નથી, હું સ્વીકારું છું, પછી નવી પ્રણાલી જો શરૂ કરવાની હોય, તમે પાંચ સભ્યોના નામ આપો અને બીજા પંદર સભ્યો આ રીતે ઉભા થવાના હોય તો તેનો કોઇ મિનીંગ રહેતો નથી. ઓ. કે. જોઇતાભાઇ બોલશે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની બાબતમાં પક્ષાપક્ષીથી ઉપર ઉઠી અને રાજયનો સમતોલ અને સર્વાંગી વિકાસ થાય એવી રાજય સરકારની નીતિ હોવી જોઇએ. અહીંયા માનનીય આર.એમ.પટેલ સાહેબે વાત કરી કે, કોંગ્રેસે કશું કર્યું નથી. મારે એમને પૂછવું છે કે આપણે બધા કોના રાજમાં ભણ્યા કોંગ્રેસના કે બીજેપીના? એટલી પહેલા ચોખવટ આર.એમ.પટેલ સાહેબ કરે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની પણ એમણે વાત કરી, દાંતીવાડા યુનિવર્સિટી કોંગ્રેસના વખતમાં બનાસકાંઠામાં બનાવવામાં આવી. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આ દાંતીવાડા યુનિવર્સિટીનો વિષય નથી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : અહીંયા એનો ઉલ્લેખ થયેલો છે એટલે હું એ યુનિવર્સિટીની વાત કરું છું સાહેબ. જિલ્લાના અને રાજયના સમતુલિત વિકાસની વાત કરું છું. (અંતરાય) આ એનો એક ભાગ છે.

ઉપાધ્યક્ષશ્રી : તમે આ સુધારા વિધેયક ઉપર બોલો.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરી એની સાથે સંલગ્ન જૂનાગઢ, નવસારી અને આણંદ કેમ્પસ જોઇન્ટ હતા એ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાંથી તોડીને અલગ કર્યા અને સ્વતંત્ર યુનિવર્સિટી બનાવી, ભલે બનાવી. અમારી દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની અંદર એક હોર્ટિકલ્ચરની કોલેજ ચાલતી હતી એ કોલેજ ત્યાંથી બંધ કરી અને મહેસાણામાં લઇ ગયા.

ઉપાધ્યક્ષશ્રી : તમે આ સુધારા વિધેયક ઉપર બોલો, આ દાંતીવાડા યુનિવર્સિટીનો વિષય નથી આ સુધારા વિધેયક છે. આ રીતે સમય તમને આપવાનો કોઇ અર્થ નથી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારી વિનંતી છે કે, અમારી જે હોર્ટિકલ્ચર કોલેજ દાંતીવાડાની હતી એ ચાલુ રાખવી જોઇએ દાંતીવાડાની અંદર અને (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આ દાંતીવાડા યુનિવર્સિટીનો વિષય નથી, તમે સુધારા વિધેયક ઉપર બોલો. (અંતરાય)

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે વાત કરી છે, આર.એમ.પટેલ સાહેબ બોલ્યા છે એના ઉપર હું બોલું છું. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : સાવ અલગ વિષય લઇને ચર્ચા કરવી અને પછી કમ્પેલ કરવું કે અમને વિધેયક ઉપર બોલવા દો. એનો મીનીંગ નથી દંડકશ્રી, આ વિષય ઉપર હોય તો બરાબર છે કે હું એલાઉ કરું.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સરખામણીમાં વાત કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : એ વિષય પતી ગયો એને હવે ક્યાં સુધી ખેંચ્યા કરશો? ત્યાર પછી નથી કોઇને બોલવા દીધા આપણે. (અંતરાય)

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ના,ના, ચલો હું એ નહીં બોલું. અહીંયા શિક્ષણ મંત્રીશ્રી ધીર ગંભીર રાજપુરુષ છે, એમણે અહીંયા વાત કરી કે વૈશ્વિક હરિફાઇ આપણે કરીએ છીએ, સારી વાત છે, ગુજરાત વૈશ્વિક હરિફાઇ કરે એ સારી વાત છે પણ મારે દુઃખ સાથે કહેવું છે શિક્ષણ મંત્રીશ્રીને કે, પાયાનું શિક્ષણ, પ્રાયમરી શિક્ષણ બનાસકાંઠામાં ૧૭૦૦ થી ૧૮૦૦ પ્રાથમિક શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આમાં પ્રાથમિક શિક્ષકોની વાત નથી આવતી. બલવંતસિંહજી આ રીતે સભ્યો બોલવાના હોય તો એનો કોઇ મીનીંગ નથી. ધીસ ઇસ નોટ ફેર. વિષય ઉપર હોય તો મને કોઇ વાંધો નથી. (અંતરાય)

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વાત કરીશું તો આપણે પાયો તો જોવો પડશેને? ૧૮૦૦ પ્રાથમિક શિક્ષકોની જગ્યા ખાલી છે. (અંતરાય) સાહેબ, મને બોલવા દો, હું પછાત વિસ્તારની વાત કરું છું. (અંતરાય) સાહેબ, આ જવાબદારી છે આપ શિક્ષણના સર્વાંગી વિકાસની વાત કરો છો અને અહીંયા બે દિવસ પહેલા માનનીય મંત્રીશ્રી વસુબેન પણ બોલ્યા કે બનાસકાંઠામાં કશું હતું જ નહીં. બનાસકાંઠાની અંદર કોંગ્રેસના વખતમાં જે કાંઇ થયું છે એના પછી આજ દિવસ સુધી મારે પૂછવું છે કે, અહીંયા હાઉસમાં બેઠેલા જે મિત્રો છે એને (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી :આ તમે માગણીમાં બધું બોલી ચૂક્યા છો. તમારું પૂરું. નહીં નહીં, તમે વિષય બહારની વાત કરો છો તો રોકવા પડે મારે. બધા સભ્યોને આ રીતે બોલવા નહીં દેવાય મારાથી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું ટૂંકી વાત કરું છું. હવે હું મૂળ બિલ ઉપર આવું છું. જિલ્લાની અંદર પ્રાયમરી વિભાગમાં જે શિક્ષકો ખૂટે છે એ ભરે અને દાંતીવાડા યુનિવર્સિટીની અંદર દરેક ફેકલ્ટીમાં જે જગ્યાઓ ખાલી છે (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : વળી પાછો જિલ્લો આવ્યો આમાં. દંડકશ્રી, સભ્યોને સમજાવો જે સુધારા વિધેયક હોય એના ઉપર જ બોલવાનું હોય. ચાલો તમારું પૂરું થાય છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી જે વ્યથા છે એ તો શિક્ષણની વાત કરવી પડેને? (અંતરાય)

શ્રી પંકજકુમાર વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ બધું રેકોર્ડ ઉપરથી દૂર કરવામાં આવે. (અંતરાય) સાહેબ, આ તમામ બાબત રેકોર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

શ્રી નિરંજન પટેલ(પેટલાદ) :માનનીય અધ્યક્ષશ્રી,

ઉપાધ્યક્ષશ્રી : આપ સુધારા વિધેયક ઉપર બોલો છો ને નિરંજનભાઇ?

શ્રી નિરંજન પટેલ(પેટલાદ) :પુરેપુરો એમાં જ છું હું. માનનીય અધ્યક્ષશ્રી, હું આ પાર કે પેલે પાર ભા.જ.પ. કે કોંગ્રેસ વિશેની કોઇ વાત કરવા માગતો નથી. હું ભૂતકાળ ભૂલવા માગું છું, ભૂતકાળને વાગોળવા માગતો નથી. પણ મારું એટલું કહેવું છે માનનીય અધ્યક્ષશ્રી કે મારા બાપાએ એક ઘર બનાવ્યું હતું, પછી હું થોડુંક કમાયો, ધંધો કર્યો એટલે મારા વાઇફે કહ્યું કે અગાસી બનાવો,

ઉપાધ્યક્ષશ્રી : યુનિવર્સિટીના સુધારા બિલની કોઇ બાબત આમાં આવે છે માનનીય નિરંજનભાઇ?

શ્રી નિરંજન પટેલ : અરે સાહેબ પૂર્વાપર સંબંધ તો આવે, આ તો બિલ છે

ઉપાધ્યક્ષશ્રી : બિલ છે તો બિલની મર્યાદામાં રહીને બોલવાનું નિરંજનભાઇ,

શ્રી નિરંજન પટેલ : મર્યાદામાં જ છું મર્યાદાની બહાર જઉં તો મને બહાર કાઢી મૂકજો પછી,

ઉપાધ્યક્ષશ્રી : ના પણ શાના માટે તમને બહાર મોકલવાના?

શ્રી નિરંજન પટેલ : પણ મારી વાત તો સાંભળવી પડશેને?

ઉપાધ્યક્ષશ્રી : બિલના સુધારા ઉપરની વાત હોય તો જ આપની વાત સંભળાશે.

શ્રી નિરંજન પટેલ : બિલના સુધારા પર જ બોલીશ. મારી વાત તો સાંભળો, બે શબ્દો થયા એમાં જ આપ ચમકી જાઓ છો?

ઉપાધ્યક્ષશ્રી : ના પણ એ તો તમને રોકવા પડે,

શ્રી નિરંજન પટેલ : અગાસી બનાવવાનો મેં વિચાર કર્યો, પછી મેં આર્કીટેક બોલાવ્યો તો એણે કહ્યું કે આ પાયો કાચો છે, પાયાને પિલ્લર પર લઇને પછી અગાસી બનાવો પછી મારે પિલ્લર બનાવવા પડ્યા અને પછી અગાસી બનાવી એટલે પિલ્લર પરથી જવું પડયું અને પછી અગાસી બનાવવી પડી.

હું અમેરિકા ગયો હતો ત્યાં મારા એક મિત્રએ કહ્યું કે તમે રાજકારણમાં છો એટલે આપણે વોશિંગ્ટન જઇએ એટલે ત્યાં ગયા પછી મેં રાજકારણ વિશેની ચર્ચા કરી મેં કહ્યું કે તમે વિરોધપક્ષ તરીકે કેમનું કામ કરો છો?, તમારે ત્યાં બિલ કેવી રીતે બને છે? એની ચર્ચા કેવી રીતે થાય છે.

ઉપાધ્યક્ષશ્રી : બિલના સુધારા ઉપર બોલો. આમાં ખાનગી યુનિવર્સિટીની કોઇ બાબત આવે છે? અમને કોઇને આ અમેરિકામાં ઇન્ટરેસ્ટ નથી.

શ્રી નિરંજન પટેલ : એણે મને કહ્યું કે અહીં કોઇપણ બિલ આવતા પહેલાં પ્રાથમિક રીતે બધી પબ્લિકને અને અધિકારીઓને, રાજકારણીઓને અને વિરોધપક્ષને સામેલ કરીને પૂરી ચર્ચા કરીએ છીએ અને અનેક વખત ચર્ચા થાય છે જેથી પછી તમારે એના સુધારા માટે ના આવવું પડે, અને જે જે નવા નવા આઇડીયા હોય, નાના માણસના મગજમાં પણ ઘણી વખત મોટો આઇડીયા આવતો હોય છે, એની ચર્ચા થાય, કુલ ચર્ચા થાય, તંદૂરસ્ત ચર્ચા થાય અને પછી એ બિલ આવે એનો પછી વિરોધ ના થાય અને સર્વસંમતિથી બિલો ત્યાં મંજૂર થાય છે એવી લોકશાહી ત્યાં છે સાહેબ. એટલે મારો કહેવાનો ભાવાર્થ એ છે કે જ્યારે અગાસીની ચર્ચા કરતા હોય તો પાયાની ચર્ચા થવી જોઇએ, જો પાયાની ચર્ચા નહિ કરીએ તો આવનારા દિવસોની અંદર પ્રજા આપણને માફ નહિ કરે. હું એક હોટલમાં જમવા ગયો તો મેં પુછ્યું..

ઉપાધ્યક્ષશ્રી : વળી પાછી હોટલ આવી આમાં? માનનીય નિરંજનભાઇ આપ બેસો ચાલો. માનનીય ભુપેન્દ્રસિંહજી, નિરંજનભાઇ આપ બેસો પ્લીઝ નહિ, માનનીય મંત્રીશ્રી,

શ્રી નિરંજન પટેલ :મેં હોટલની અંદર પુછ્યું તો એણે ભજીયાનું કહ્યું એટલે મેં કહ્યું કે ભજીયા હું ખાતો નથી.

ઉપાધ્યક્ષશ્રી : આ રીતે સુધારા વિધેયક ઉપર કોઇને એલાઉ નહિ કરાય. માનનીય નિરંજનભાઇ આ સુધારા વિધેયક છે. આપ બેસી જાઓ પ્લીઝ, સીટ ડાઉન. નિરંજનભાઇ બેસો પ્લીઝ, નહિ નહિ બેસો ચાલો માનનીય મંત્રીશ્રી, ના ભાઇ બિલના સુધારા ઉપર હોય તો બોલવા દેવાય બલવંતસિંહજી આમાં બિલ વિષેનો એક શબ્દ આવતો નથી, અમેરિકા આવે છે, પાયો આવે છે, બીજી જગ્યા આવે છે, ધેટ ઇઝ નોટ ફેર, નિરંજનભાઇ બેસો આપ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત સાથે ચોક્કસ સંમત છું કે પાયો મજબૂત હોવો જ જોઇએ. પણ ગઇકાલે ચાર કલાક સુધી આપણે પાયાની વાત કરી, આજે માત્ર અગાસીની જ ચર્ચા છે, એટલે વિષયને અનુરૂપ જ ચર્ચા કરવી જોઇએ અને મારે પાયાની વાત કરવી છે. સાંભળો નિરંજનભાઇ, પાયાની વાત કરવી છે, ૧૯૬૦થી ગુજરાત આઝાદ થયું, ૨૦૦૨ સુધી ૪૨ વરસ સુધી, પાયાની વાત કરું છું. આ રાજ્યમાં ૭૫ ટકા જ બાળકોનું નામાંકન થતું હતું. તમે પાયાની વાત કરી છે એટલા માટે કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી એમને આપણે રોક્યા છે. એમને રોક્યા છે આપ બેસો શક્તિસિંહજી, હું કહું છું કે મેં સ્ટોપ કર્યા છે, હું એ જ કહુ છું આપ બેસો, આપ બેસો પણ આપ બેસો હું એ જ કહુ છું કે મેં પાયાની ચર્ચા વખતે રોક્યા છે એટલે આપ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા: માનનીય અધ્યક્ષશ્રી, ઇન્દ્રનીલભાઇએ બે પ્રકારની વાત કરી, કે ખાનગી યુનિવર્સિટીને છૂટ આપવાની જરૂરિયાત કેમ થઇ? મને લાગે છે કે મેં જ્યારે બિલ મૂક્યું ત્યારે આપ નહોતા મેં વિગતે વાત કરી હતી કે રાજ્યના ૧ લાખ ૨૫ હજાર કરોડના બજેટમાં વિભાગને ૨૨૦૦૦ કરોડ રૂપિયા આપ્યા છે, રાજ્ય સરકારને રસ્તા, પાણી, આરોગ્ય, વીજળી, શિક્ષણ, ઉદ્યોગ એ બધામાં કામ કરવાનું હોય છે એના પ્રમાણમાં ૨૨૭૦૦ કરોડ રૂપિયા એ કોઇ નાની રકમ નથી. તો આ રાજ્યના વિદ્યાર્થીઓને સુવિધા અને તક આપવા માટે રાજ્ય સરકારે કંઇક આયોજન તો કરવુ પડે કે નહીં ? અને એટલા માટે અમે ખાનગી યુનિવર્સિટીને

તક આપી છે. આપે તે વાંધો પણ ઉઠાવ્યો છે અને ખાનગી યુનિવર્સિટીને છૂટ આપો એવી તરફેણ પણ કરી એટલે અમે ખાનગી યુનિવર્સિટી ઉપર કોઇ પણ પ્રકારનું રાજકીય દબાણ લાવતા નથી. અમારી યુનિવર્સિટીમાં પણ વાઇસ ચાન્સેલરોની નિમણૂક વખતે તટસ્થ રીતે નીમાયેલી સર્ચ કમિટી હોય છે અને સર્ચ કમિટીની પસંદગી પછી જ વાઇસ ચાન્સેલરોની નિમણૂક કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્પર્ધાત્મક અભિગમ રાજય સરકારનો છે જ. આજે ગુજરાતના શિક્ષણમાં ભૂતકાળમાં ખાનગી યુનિવર્સિટી જે થઇ છે તે બધી યુનિવર્સિટીનું ગુજરાતના શિક્ષણ સાથેનું આજે A One નામ છે. કોઇ પણ પ્રકારનું રાજકીય દબાણ નથી અને મારી પૂરી વિગત મેં બિલ મૂકયું ત્યારે હું કહી ગયો છું પણ થોડી સ્પષ્ટતા પણ થવી જોઇએ કે પ્રાઇવેટ ઇન્વેસ્ટમેન્ટ અને યુનિવર્સિટીની આ વાત અને કન્સેપ્ટ, એમાં બન્ને પક્ષ સંમત છે. કોંગ્રેસે પણ આ વાતને ફોરેન ઇન્વેસ્ટમેન્ટ પણ આમાં આવે તો એલાઉ કરવાની વાત કરી છે. જયારે આ તો આપણાં જ છે ભાઇ, ગુજરાતના જ છે અને અહીંયા ઇન્વેસ્ટમેન્ટ કરે છે. આખા રાજયના વિદ્યાર્થીઓને આમાં સુવિધા મળવાની છે, તક મળવાની છે અને ગુજરાત સરકારે ફરી રિપિટ કરું છું એમણે ઉલ્લેખ કર્યો છે એટલા માટે કે બે નવી યુનિવર્સિટી અને દસ કોલેજો આપી છે આ સંજોગોની અંદર ગુજરાતનું શિક્ષણ, તમારી લાગણી સાથે હું સો ટકા સંમત કે ગુણવત્તાયુકત થાય, સ્પર્ધાત્મક થાય, વૈશ્વિક સ્પર્ધામાં ટકી શકે આગળ નીકળી શકે એવું થાય એવા શુભ આશયથી આ બિલ લાવ્યો છું ત્યારે આપ સૌ આ બિલને સમર્થન આપીને વિના વિરોધે આ બિલને મંજૂર કરો એવી મારી લાગણી અને વિનંતી છે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એક બાબત જાણવા માગુ છું કે, આવી ખાનગી યુનિવર્સિટીઓ માટેની જે કોઇ દરખાસ્તો આવે, આપણે બન્ને વસ્તુ કરવી પડશે માનનીય ઇન્દ્રનીલ ભાઇની જે બે વાત હતી એનું એક કારણ એ હતું કે આપણે જો આપણી યુનિવર્સિટીઓ વધારે બળવત્તર બનાવીએ સસ્તુ સારું શિક્ષણ ત્યાં આપીએ જેથી આવવાનું ઓછું થાય. નવા આવે એનો વાંધો નથી પણ આપણે ત્યાં સુધરે તો એમાં એક તો આપણે શું કરવા માગીએ છીએ ? અને બીજુ આવી ખાનગી યુનિવર્સિટીઓની માગણી આવે ત્યારે આપણે પહેલા જેમને મંજૂર કર્યા છે ત્યારે પણ કહ્યું છે કે કોઇ ભેદભાવ વગર આપણે ઉદારતા દાખવીશું. તો મારે એ જાણવુ હતું કે આજની તારીખે આવી કોઇ બીજી પેન્ડીંગ માગણીઓ છે કે કેમ ? અને હોય તો સરકાર તેને વહેલી તકે લાવવા માગે છે કે કેમ ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની યુનિવર્સિટીઓ વિશે અને રાજય સરકારની સંસ્થાઓ વિશે મારે વિપક્ષના મિત્રોને નમ્રતાપૂર્વક આમંત્રણ આપવુ છે કે રાજય સરકારે જે કોઇ યુનિવર્સિટીઓ અને સંસ્થાઓ સ્થાપી છે તેની એકાદ વખત ઓફિશ્યલ મારી સાથે તમે મુલાકાતે આવો. અમે આઇ.આઇ.ટી.એમ. મણિનગરમાં કર્યુ છે ત્યાં જતાં અને પ્રવેશ કરતા અને જોતા શકિતસિંહભાઇ એમ લાગે કે આપણે ઇન્ટરનેશનલ લેવલે પહોંચી શકયા છીએ. આ રીતે બધીજ યુનિવર્સિટીઓમાં આ જ માનસિકતા સાથે કામ કરવાની અમારી તૈયારી છે. બાકીની યુનિવર્સિઓની પેન્ડીંગ માગણીઓ છે તે બધી માગણીઓને અમે નિયમાનુસાર, તટસ્થ રીતે, કોઇ પણ પ્રકારના ભેદભાવ સિવાય ચકાસીને તેની સમિતિ છે તે સમિતિ પણ સ્થળ મુલાકાત લે છે, તેની આર્થિક સમૃદ્ધિ ચકાસે છે અને તેની ભૂતકાળની બધી કાર્યવાહી, કામગીરી જયાં જયાં છે તે બધી સંસ્થાઓની મુલાકાત લીધા બાદ જ આ નિર્ણય કરે છે. એટલે પેન્ડીંગ અરજીઓ હશે તેમાં પણ અમે આ જ અભિગમથી વિચારણાં કરીશું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા **(**શિક્ષણ મંત્રીશ્રી**)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંકઃ ૮, સન ૨૦૧૫નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા, ઇનેકટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૧૫નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૧૫નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક–૯**

ગુજરાત મોટર વાહન વેરા (સુધારા) વિધેયક, ૨૦૧૫

**ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી વિજયકુમાર ર. રૂપાણી ( વાહન વ્યવહાર મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૧૫નું ગુજરાત મોટર વાહન વેરા (સુધારા) વિધેયક આપની પરવાનગીથી દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૧૫નું ગુજરાત મોટર વાહન વેરા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત મોટર વાહન વ્યવહાર અધિનિયમ ૧૯૫૮ની વિદ્યમાન જોગવાઇઓ હેઠળ મોટર વાહનના રજિસ્ટ્રેશન થયેલા દરેક માલિકે અને તેનો કબજો ધરાવતી અને નિયંત્રિત ધરાવતી કોઇ પણ વ્યકિતએ સદરહુ અધિનિયમ હેઠળ જોગવાઇ કર્યા પ્રમાણે વેરો ભરવાનું આવશ્યક હોય છે. વેરાની વસૂલાત માટે કડક જોગવાઇના અભાવે એવું અનુભવાયું છે કે મોટર વાહનના માલિક ઠરાવેલી સમય મર્યાદાની અંદર વેરો ભરતા નથી, અને એવા વેરાની વસૂલાતમાં ખૂબ સમય લાગે છે. જયારે અમુક કિસ્સાઓમાં તો વર્ષો સુધી વેરો વણચૂકવાયેલો રહે છે. તેથી જવાબદાર વ્યકિતને એ વેરો સમયસર ભરવાની ફરજ પડે અને જપ્ત કરેલ અથવા અટકાયતમાં લીધેલ વાહનને કરવેરા અધિકારી હરાજીથી વેચી શકે તેવી જોગવાઇ કરવા ધાર્યું. છે. સમયસર ન વેરો ભરવાનો ગુનો બનવાનું ધાર્યું છે જેના પ્રમાણમાં વધુમાં વધુ છ મહિનાની કેદની સજાની જોગવાઇ કરવામાં આવે છે.

આ એટલા માટે સુધારો લાવ્યા છીએ કે અલગ અલગ જે વેરા વસૂલાત થાય છે એમાં અલગ અલગ વિભાગને પોતાને આ વેરો વસૂલ કરવાની સત્તા આપવામાં આવી છે. દા.ત. વેટ, તો વેટનો વેરો સમયસર ન ભરે, નોટિસો આપવામાં આવી હોય છતાં ન ભરે અને પછી કાર્યવાહી કરવામાં આવે તો વેટના અધિકારી કરતા હોય છે. જી.ઇ.બી. ની વાત કરીએ તો જી.ઇ.બીના જે વેરા બાકી હોય એ ન ભરવામાં આવે તો એ વીજળીનું કનેકશન કાપી નાખે છે એની સામે કાયદેસરની કાર્યવાહી જી.ઇ.બી.ના અધિકારી કરતાં હોય છે. વાહન વ્યવહારમાં વર્ષો સુધી રેવન્યુ રાહે વસૂલત કરવામાં આવે છે. સુધારો એ લાવ્યા છીએ કે રેવન્યુ રાહે આખી પ્રક્રિયા બહુ લાંબી થાય છે. અને વર્ષો સુધી વેરો ભર્યા વગરનો પડ્યો રહે છે અને બીજાં બધામાં તો પ્રોપર્ટીની વેલ્યુ વધતી જતી હોય છે એટલે વેરો વસૂલવામાં મોડું થાય ત્યારે પણ સરકારને પૂરો વેરો મળતો હોય છે. અહીં વાહનનું ડેપ્રિશીએશન થતું હોય છે. અમુક વર્ષો પછી વાહનો સાવ નકામા થઇ જાય છે. કન્ડમ થઇ જાય છે, ભંગાર થઇ જાય છે. તો વેરો પણ જાય છે અને વેરાનું ભારણ અને તેના કારણે વાપરનાર વાહન માલિકોને આ બધું ભારણ વધી જવાને કારણે અંતે તેના વાહનો સંપૂર્ણ સ્ક્રેપ થાય છે. એવા સંજોગોમાં ટ્રક એસોસિએશન અને વાહનચાલક એસોસિએશન પણ મળવા આવે છે અને તેમનું કહેવું એમ છે કે આ સિસ્ટમને તમે બદલાવો. બીજા બધા ડિપાર્ટમેન્ટની જેમ ભવિષ્યમાં આમાં જોગવાઇ નથી, પણ રૂલ્સ અને રેગ્યુલેશનને ફાઇનલાઇઝ કરીને વનટાઇમ સેટલમેન્ટ સિસ્ટમ પણ થાય અને વ્યાજ, પેનલ્ટી અને આ દંડ આ બધામાં જો તાત્કાલિક નિર્ણય

* વિધેયક ૧૩મી માર્ચ,૨૦૧૫ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

કરવામાં આવે તો મને એમ લાગે છે કે આ વસ્તુને તમે જો લઇ અને કરશો તો બધાને લાભ થશે અને ઇકોનોમીમાં વાહન એ અતિ મહત્વનું સાધન બની ગયું છે. એવા સંજોગોમાં આ વાહનો ઉપર જો નિયંત્રણોને વ્યવસ્થિત કરવામાં આવે, ફર્સ્ટ ચાર્જ એ સરકારનો રહે. કારણ કે મોટા ભાગના વાહનો એ બેંક આધારિત હોય છે. લોન આધારિત હોય છે. તો બેંકનો પહેલો ચાર્જ આવે છે અને આપણો વેરો પાછળ રહી જાય છે. તો આમાં જોગવાઇ કરી છે. ત્રણ અલગ અલગ નિયમોમાં ફેરફાર કરીએ છીએ. ફર્સ્ટ ચાર્જ એ સરકારનો રહે અને એના આધાર ઉપર આપણો ટેક્સ આપણે વસૂલ કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ફીગર્સ પણ છે કે વર્ષો સુધી આપણે કંઇ કરી શકતા નથી અને બન્નેને નુકસાન થાય છે. એટલે આ વિધેયક આપની વચ્ચે લાવ્યો છું. મને એમ લાગે છે કે શરૂઆત સારી છે. માનનીય ભૂપેન્દ્રસિંહજીનું વિધેયક પણ સર્વાનુમતે પસાર થયું છે. તો આમાં પણ કંઇ બીજું, કોઇ રાજકીય હેતુ નથી કે કોઇને લાભ આપવાની વાત નથી. ઓવરઓલ ડિપાર્ટમેન્ટ અને રેવન્યુ ઇન્કમ છે અંતે તો રાજય સરકારની તિજોરીમાં આ પૈસા આવવાના છે. ત્યારે જો આપણે બધા સાથે મળીને વિચાર કરીને પાસ કરીશું તો આ વિધેયક નાનું વિધેયક છે. વધુ ચર્ચાની પણ આવશ્યકતા નથી. આ સન્માનનીય ગૃહ વચ્ચે આ વિધેયક મુકું છું.

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી મોટર વાહન વ્યવહારનું જે બિલ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારમાં વાહનવ્યવહાર વિભાગમાં વાહન ખરીદીની કિંમત પેટે, આજીવન ટેકસ પેટે અને ઓવરલોડ વધુ હોવાને કારણે જે દંડ થાય છે એમાંથી રાજય સરકારને આવક થાય છે. પણ મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને સૂચન કરવું છે કે આર.ટી.ઓ. દ્વારા અને ચેકપોસ્ટ દ્વારા ભૂતકાળમાં પણ નિયમોની જોગવાઇ મુજબ ૨૦૦૮ અને ૨૦૧૦ના અધિનિયમ મુજબ બહારથી આવતા વાહનો જે હોય એમાં વાહનની કિંમતના ૧૫ ટકાના દરે વેરો વસૂલ કરવામાં આવે છે. એ વખતે વાણિજય વેરા કમિશ્નરે પણ વાહન વ્યવહાર કમિશ્નરને વિનંતી કરી હતી કે જયાં સુધી નોંધણી રજિસ્ટર થાય અને વાહનનો આ વેરો ભરે નહીં તો તેને નોંધણી રજિસ્ટરના દસ્તાવેજો આપવા નહીં. ભૂતકાળમાં પણ જોગવાઇઓ છે અને ૧૨(ખ)ની જગ્યાએ ૧૨ (ગ) આપ આ સુધારો લાવ્યા છો એમાં મારું એવું કહેવું છે કે વાહનની કિંમત આજની તારીખમાં, આજના સમયમાં ઘણી બધી હોય છે અને જે બાકી નીકળતો વેરો, દંડ અને વ્યાજ તેની રકમ નહીં જેવી હોય છે. તો મારું નમ્ર સૂચન છે કે વાહનની હરાજી તો થાય અને એમાંથી જો વેરો, દંડ અને વ્યાજની વસૂલાત ન થાય તો બીજા વાહન તેની માલિકીના નિયંત્રણ હેઠળ હોય તેની પણ હરાજી કરવી એવું આપનું આ સૂચન છે તો તેમાં એ ઉપરાંત પાછો સરકારનો પ્રથમ બોજો રહેશે. આ પ્રથમ બોજો પણ ખરેખર વાહન માલિકને જયારે બોજો નાખવામાં આવે ત્યારે બોજો કમી કરવામાં આવે અને જયારે વેચવું હોય ત્યારે એ વાહન માલિકને ઘણી બધી તકલીફ પડે તો મારું એમાં સૂચન છે કે આમાં સરકારનો પ્રથમ બોજો હોવો ન જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૧૭માં અગાઉ જે આ જોગવાઇઓનું ઉલ્લંઘન કરે તો એના માટે રૂ.૧૦૦/- દંડ અને એમાં દોષિત ઠરે તો રૂ.૨૦૦/- દંડ થાય છે. આ કલમમાં નવા કાયદા પ્રમાણે રૂ.૧૦૦/-ના બદલે રૂ.૫૦૦૦/- અને રૂ.૨૦૦/-ની જગ્યાએ રૂ.૧૦,૦૦૦/- વસૂલ કરવામાં આવશે. આ રકમ વધારવાથી આર.ટી.ઓ. ઓફિસના કર્મચારીઓ મારફતે ભ્રષ્ટાચારનું પ્રમાણ વધશે. આ ભ્રષ્ટાચારનું પ્રમાણ એટલા માટે વધશે કે રૂ.૫૦૦૦/- અને રૂ.૧૦,૦૦૦/- અને એના પછી પણ કલમ-૧૯ મુજબ જો ઉલ્લંઘન કરે અને વેરો ન ભરે તો છ માસની સજા કરવામાં આવશે. કોઇપણ વાહનનો આજીવન ટેક્સ રૂ.૨૫,૦૦૦/- કે રૂ.૩૦,૦૦૦/- હોય છે. છ માસની સજાની વાત છે. એ પણ અતિશયોકિતની વાત છે. મારું પ્રથમ સૂચન એ છે કે, સરકારનો પ્રથમ બોજો ન હોવો જોઇએ. મારું બીજું સૂચન એ છે કે, રૂ.૧૦૦/-ની જગ્યાએ રૂ.૫૦૦૦/- કર્યા છે એના બદલે રૂ.૫૦૦/- હોવા જોઇએ અને રૂ.૧૦,૦૦૦/-ની જગ્યાએ રૂ.૧૦૦૦/- કરવામાં આવે તો આ બિલ સાથે હું સંમત છું.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા(સુરત (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વાહન વ્યવહાર મંત્રીશ્રી વિજયકુમાર રૂપાણી ગુજરાત મોટર વાહન વેરા સુધારા વિધેયક- ૨૦૧૫ લઇને આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું. માનનીય મંત્રીશ્રી દ્વારા આ કાયદામાં ચાર સુધારાઓની દરખાસ્ત કરવામાં આવી છે. મંત્રીશ્રીએ સાચું જ કહ્યું કે, એવું અનુભવવામાં આવ્યું છે કે, ટેક્સની વસૂલાત માટે સખત જોગવાઇઓ ન હોવાના

કારણે વાહન માલિકો ટેક્સ સમયસર ભરતા નથી, લાંબા સમય સુધી ભરતા નથી અને ટેક્સ વર્ષો સુધી બાકી રહે છે. ૨૦૧૪ અંતિત રૂ.૧૮૭.૪૮ કરોડ જેટલી રકમ મોટર વાહન વેરાની બાકી છે. ત્યારે આવા સુધારા ખૂબ અગત્યના છે. આ સમસ્યાના ઉકેલ માટે કાયદામાં સુધારાઓ લાવ્યા છે. સેકશન-૧૨ (બી) પછી સેક્શન-૧૨(સી) છે. કલમો-૧૨(બી)માં વેરો વસૂલ કરવાની ચોક્કસ સત્તાઓ આપી છે પણ જ્યાં સુધી જપ્ત કરે ત્યાં સુધી જ એની કામગીરી પૂરી થઇ જાય છે. ત્યારપછી શું કામગીરી રહે એ એમાં ન હોવાથી આ પ્રોવિઝન દાખલ કરવાથી જે વાહન જપ્ત કરેલા છે, અટકાયત કરેલા છે, ડિટેઇન કરેલા છે એ વાહનનો ટેક્સ ત્રણ માસમાં ભરપાઇ ન થાય તો વેચાણ કરવાની સત્તા આપવામાં આવે છે. વન સ્ટેપ ઓર્ડર. ડિટેઇન કરતા હતા, અટકાયત કરતા હતા. પછી બેસી રહેવું પડતું હતું. એટલે હરાજીથી વેચવા માટેની સત્તા પણ આ બિલ દ્વારા માગવામાં આવી રહી છે અને જો વાહન વેચાય અને વેરો બાકી રહી જાય તો એ માલિક પાસે અન્ય વાહન હોય કે કબજો ધરાવતો હોય કે બીજી રીતે જે વાહન ધરાવતા હોય એવા વાહનની હરાજીથી વેચવા માટે આમાં સત્તા માગવામાં આવી છે એક કલમમાં પણ હું સંમત થાઉં છું. સેક્શન-૧૨- બી પછી ૧૨-સી દાખલ કરવા માટે પણ મંજૂરી માગી છે. એના માધ્યમથી મોટર વાહનનો કબજો ધરાવતા કે નિયંત્રણ ધરાવતા વ્યક્તિ દ્વારા કોઇ વેરો, વ્યાજ કે દંડની રકમ જે તે માલિકની મિલકત ઉપર પ્રથમ બોજો રહેશે. ખૂબ મોટી રકમ વ્યાજ, દંડ થવાથી મોટર વાહનની હરાજીની શક્યતા રહેતી નથી .આ પ્રમાણે ફર્સ્ટ ચાર્જ હોવો હું માનું છું કે જરૂરી છે. માનનીય મંત્રીશ્રી જે પ્રોવિજન લઇને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું. માનનીય મંત્રીશ્રી સેકશન-૧૭ માં પણ સુધારો લાવ્યા છે. સેકશન-૧૭ પ્રમાણે કોઇપણ વ્યક્તિ આ કાયદાની કોઇપણ જોગવાઇનો ભંગ કરે, તેવા ભંગ માટે આ કાયદામાં જો કોઇ અન્ય જગ્યાએ કોઇપણ જોગવાઇ હેઠળ તેના માટે પેનલ્ટીની જોગવાઇ ન હોય તો ગુનો સાબિત થાય તો ૧૦૦ રૂપિયા સુધીનો દંડ થશે અને આ જ વ્યક્તિએ આ અગાઉ આ કાયદા માટે ભંગ કર્યો હોય તો દંડની રકમ ૨૦૦ રૂપિયા થશે. This is an original provision in section 17 જેમાં ૧૦૦ રૂપિયા અને ૨૦૦ રૂપિયાની આ પ્રમાણેની દંડની જોગવાઇ છે. માનનીય મંત્રીશ્રી એમાં સુધારો લાવ્યા છે. આ બિલમાં ૧૦૦ રૂપિયાની જગ્યાએ હવે ૫ હજાર રૂપિયા એવા શબ્દો ઉમેરવાના અને ૨૦૦ રૂપિયાની જગ્યાએ ૧૦ હજાર રૂપિયા શબ્દ મૂકવાનું એમેન્ડમેન્ટ લઇને આવ્યા છે એની સાથે હું સહમત થાઉ છું. આ કાયદો was framed in 1958, ૧૯૫૮માં આ કાયદાની જોગવાઇ હતી અને ૧૯૫૮માં આ ૧૦૦ રૂપિયા અને ૨૦૦ રૂપિયા હતી અને ૧૯૫૮માં આપણે ૧૦૦ રૂપિયાની વેલ્યુ હોય એની સામે આજે ૫ હજાર અને ૧૦ હજાર રૂપિયાની જોગવાઇ તદ્દન વાજબી છે. આમાં ઘટાડો કરવાની હું કોઇ આવશ્યકતા જોતો નથી. ૧૯૫૮માં પૈસા અને રૂપિયામાં ચલણ ચાલતું હતું એટલે એ સુધારા સાથે પણ હું સંમત થાઉ છું. છેલ્લે માનનીય મંત્રીશ્રી કાયદાની કલમ ૧૯ જે છે તે રિપ્લેસ કરે છે. નવી કલમ લાવવામાં આવે છે. આ કલમમાં કાયદા હેઠળ ગુનાઓને સેકન્ડ ક્લાસ મેજિસ્ટ્રેટની નીચેની કોર્ટમાં ચલાવવા માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. સેકન્ડ ક્લાસ મેજિસ્ટ્રેટની નીચેની કોર્ટમાં આ કાયદાના કોઇપણ ગુનાઓ ચલાવવા માટેની પરવાનગી ન હતી. હવે ફોજદારી કાર્યરીતિમાં સેકન્ડ કલાસ મેજિસ્ટ્રેટની કોર્ટ બંધ થઇ ગઇ છે. આપ વકિલ છો એટલે આપને ખ્યાલ હશે જ. આ જે સેકશન છે એનો કોઇ અર્થ રહેતો નથી. જો કોર્ટ જ નથી તો કોર્ટ નહીં તો આ સેકશન પ્રમાણે કોર્ટમાં જાય કેવી રીતે? એટલા માટે નવી કલમ લાવવામાં આવી છે અને એમાં સજા અને દંડની જોગવાઇ કરી દેવામાં આવી છે. સેકશન ૧૯ પ્રમાણે કાયદાની કલમ ૩ નો ભંગ કરનારની સામે ૬ મહિના સુધીની શિક્ષા, બાકી વેરાની રકમની બમણી રકમના દંડની જોગવાઇ અને બાકી વ્યાજની રકમ ઉમેરવા સુધીની જોગવાઇ કરવાની દરખાસ્ત છે. હું માનનીય મંત્રીશ્રી આ બિલમાં જે ચાર સુધારા લઇને આવ્યા છે એને ટેકો આપું છું, ધન્યવાદ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સુધારા વિધેયક લઇને આવ્યા છે એમાં ખાસ કરીને હમણાં જ એમણે એમના પ્રવચનમાં વિગતે વાત કરી. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છું કે આપણો બિલ લાવવાનો મુખ્ય હેતુ છે, ભૂતકાળમાં જે આપણી કલમ ૧૨ હતી એની અંદર જે જોગવાઇ હતી, વેરો, દંડ, વ્યાજ અથવા વાહન કસ્ટડીમાં રાખવા માટેનો ચાર્જ ભરી ન શકે તો વાહનની જાળવણી આપણે યોગ્ય રીતે કરવી. આપણે આટલો મોટો ફેરફાર કરતા હોઇએ ત્યારે ચોક્કસ મનમાં એમ થાય કે આ ફેરફાર કરવાનું કારણ શું ? કેટલા વાહનોની ટકાવારીમાં આજ દિવસ સુધી આપણે વેરો ના લઇ શક્યા?

જ્યારે કોઇ કાયદો બનાવતા હોઇએ ત્યારે ૧,૨ કે ૩ ટકા હોય તો બરાબર છે. પણ ૧૦૦ ટકા લોકોને ગભરાટમાં અથવા કડક કાયદો કરતા હોઇએ ત્યારે ચોક્કસપણે માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું હોત તો આનંદ થયો હોત કે આ કાયદો બનાવવા પાછળનો હેતુ એ હતો કે અત્યાર સુધીમાં ગુજરાતમાં આટલી સંખ્યા હતી એમાં છેલ્લા ૧૦ વર્ષમાં આ કાયદાની પરિસ્થિતિના કારણે આપણે વેરો વસૂલ કરી શક્યા નથી. એના કારણે સરકારને આટલું નુકસાન થયું છે માટે આ કાયદો બનાવવા જઇ રહ્યા છીએ એવી વાત કરી હોત તો ચોક્કસ આનંદ થતો. કોઇપણ કાયદો બનતો હોય ત્યારે ચોક્કસ આપણું હાર્દ એમાં હોવું જરૂરી છે. મને ખ્યાલ છે, હું જે પરિસ્થિતિ જોઇ રહ્યો છું કે માત્ર નાના માણસો, આમાં એવા લોકોને તકલીફ પડવાની છે, હમણાં જ અમારા સી. કે. રાઉલજીએ બહુ સાચી વાત કરી હતી. જેની ૨૫ લાખની કે ૨૦ લાખની ગાડી હોય એવા લોકોને જરાય તકલીફ નથી પડતી. તકલીફ માત્ર ખેડૂતો કે જે ટ્રેકટરો રાખે છે એવા લોકોને આવી તકલીફ પડતી હોય છે. એમને લઇ જઇને રેત ભરવા ગયા હોય કે બીજું કરવા ગયા હોય ગામડાંમાં જે રહે એને ખબર પડે. નીતિનભાઇ સાહેબ આપને ના પાડવાથી ખ્યાલ ના આવે. આપ મહેસાણા સિટીમાં અને શહેરમાં રહો છો. ગામડાંમાં રહો તો ખ્યાલ આવે કે ટ્રેકટરના સાધનમાં કેવા કેવા ઉપયોગ થતાં હોય છે. તમે રિયાલટીમાં ગામડે જાવ તો આજે ટ્રેકટરમાં જાન જતી હોય છે. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ (બેઠાં બેઠાં) : ટેક્સ ના ભરતા હોય એની વાત છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : હું એની જ વાત કરું છું. નીતિનભાઇ સાહેબ, પ્લીઝ હું બિલની બહાર એક પણ અક્ષર બોલું તો સાબિત કરી આપો તો એક સેકંડમાં બેસી જઇશ. માનનીય અધ્યક્ષશ્રી, પછી ગમે તે બેઠાં બેઠાં પેલું કરવું કે મારો જે કહેવાનો ભાવાર્થ છે કે એમની જે જોગવાઇ જે કલમ નં.૧૨ માં અને માનનીય મંત્રીશ્રીએ જે જોગવાઇ આખી બદલીને વેરો, દંડ, વાહન જપ્ત કરી શકાય અને માનનીય અધ્યક્ષશ્રી, •(xxx) એ મને ખ્યાલ નથી પણ ૩ મહિનાની મુદતની અંદરજો આવું ના કરવામાં આવે તો (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દ હું રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ, બેઠાં બેઠાં એ બોલ બોલ કરે છે એટલે (અંતરાય) મેં કીધું. નીતિનભાઇ સાહેબ હું કોઇ દિવસ એમને એમ બોલું નહિ અને બિલ બહાર એક પણ અક્ષર નહિ બોલું. આપ બોલ્યાં હતાં પછી હું બોલ્યો હતો. મારું જે કહેવાનું હાર્દ છે કે નાના લોકોને નુકસાન થાય. આપને હરાજી કરવાનો વારો ક્યારે આવે? કોઇ એક કરોડની ગાડી લઇને કદાચ ટેક્સ નહિ ભરે એવી પરિસ્થિતિ થવાની? આ નાના માણસોને અસર થવાની છે. આપ પોલીસ સ્ટેશનમાં જો જો ચાં બીજે જ્યાં ભરવાનું થાય ત્યાં આગળ જો જો, નાના નાના વાહનો પડ્યાં હશે. આજે ઘણી ફેર તમે કોર્ટ કચેરીઓમાં જાવ તો નાના વાહનો ત્યાં આગળ પડ્યાં છે. એટલે માનનીય મંત્રીશ્રીને મારું સૂચન છે કે, મેં આપના કાયદામાં જે કલમ છે એની અંદર છતાં આપે એવું કીધું છે કે, વાહનની હરાજી થયા પછી પણ એકવાર પૈસા વસૂલ નહિ થાય તો તેની કોઇ પણ વસ્તુ પર આપણો પ્રથમ બોજો દાખલ કરી દઇશું. સાહેબ, જમીનની અંદર કોઇ દહોડો ખેડૂત પાસે શું હોય? ખેતીની જમીન હોય, એની પાસે કદાચ ટ્રેકટરના પૈસા, ટ્રેકટરો એટલા માટે કહું છું કે, આ વાહન એ ટ્રેકટરમાં નથી આવતું? (અંતરાય)

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : હું એક સ્પષ્ટતા કરી દઉં કે, મારી પાસે ચાર વાહન છે અને એક વાહનનો મેં ટેક્સ નથી ભર્યો તો અત્યારની જોગવાઇ મુજબ એ વાહનની જપ્તીનું ચાલે પણ હવે આ બિલના સુધારાથી મારા ત્રણેય વાહનને પણ અસર થશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : ચાર ના હોય તો શું?

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : તો કાંઇ નહિ. વાહન પૂરતું જ છે. બીજી વસ્તુ પર નહિ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ, મેં બિલ વાંચ્યું છે અંદર સ્પષ્ટ છે, બિલમાં કલમ–૧૨ની અંદર આ સ્પષ્ટ લખ્યું છે. કલમ નં.૧૨ આપ વાંચશો તો આપણને ખ્યાલ આવી જશે કે કલમ નં.૧૨ની અંદર પ્રથમ

• માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુંસાર આ શબ્દો અહેવાલમાંથી રદ કરવામાં આવ્યાં.

બોજો એવું લખવામાં આવ્યું છે કે વ્યક્તિના નિયંત્રણ હેઠળ બીજું વાહન હોય તો અટકમાં લઇ હરાજી કરી શકાશે. માની લો કે બીજું વાહન નથી તો કાંઇ નહિ, પૈસા ગયા.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : વાહન પર છે બીજી કોઇ મિલકત પર નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : હા, તો બરોબર છે. તમે બીજી કોઇ મિલકત પર નથી નાખવાના તો બરોબર છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૭ નંબરની જે કલમ છે, અને અમારાં વિદ્વાન સભ્યએ હમણાં બહુ સાચી વાત કરી એની અંદર અમે નવા કાયદા પ્રમાણે જે ૧૦૦ રૂપિયાનો શબ્દ બદલીને જે ૫૦૦૦ કર્યા છે એમાં અમારો સુધારો કહીએ છીએ કે એ કલમની અંદર માત્ર ૧૦૦ રૂપિયાના બદલે ૫૦૦ કરવા જોઇએ. ૫૦૦૦ કરશો તો રિયાલિટીમાં હમણાં કહ્યું તેમ ભ્રષ્ટાચાર ઉભો થાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થશે અને જો આજે ૫૦૦૦ કરીશું તો વાહનોમાં મેં પ્રેક્ટિકલી ગામડાંમાં જોયું છે કે એક ટ્રેકટર લાવો અને પછી ખબર પડે કે ૫૦૦૦ દંડ કરવાનો છે એટલે એની અંદર પણ ભ્રષ્ટાચાર વધવાની શક્યતાઓ ઘણી બધી વધી જશે. આપણે સીધા કદાચ ૧૦૦ ના પાંચ ગણો દંડ કરીએ તો બરોબર છે. સીધા સાહેબ ૫૦૦% વધારો થઇ જાય? ૧૦૦ રૂપિયાના આપે ૫૦૦૦ કર્યા છે તો ૫૦૦ કરવા મારી આપને વિનંતી છે અને બીજી કલમમાં જે શબ્દ છે ૨૦૦ રૂપિયાના બદલામાં સીધા ૧૦,૦૦૦. આટલા બધા દંડની જોગવાઇ છે એ પણ આપ ૧૦૦૦ રૂપિયા કરો તો ચોક્કસપણે એમ લાગશે કે આપણે એમાં એક મોટો સુધારો કર્યો છે અને ત્રીજું ૧૯ નંબરની કલમમાં મેજિસ્ટ્રેટ કોર્ટ પહેલા આપણે ગુના ઇન્સર્ટ કરી શકતી નથી. આપણે ૧૯ નંબરની કલમ હતી એની અંદર સ્પષ્ટ જોગવાઇ હતી. હવે આ જોગવાઇ બદલવાથી ૬ મહિનાની કેદ. અને વણ વપરાયેલા વેરાની બમણી રકમ લ્હેણાં અને વ્યાજ જેટલી રકમ દંડની શિક્ષા થઇ શકે. આ કલમમાં માનનીય મંત્રીશ્રીને હું ખાસ વિનંતી એ કરું છું કે, આ પણ સૌથી મોટી ભારે કલમ છે. છ મહિનાની જેલ, એની અંદર વણ વપરાયેલા વેરાની રકમ બમણી અને વ્યાજ અને દંડની રકમ આપણે લઇએ તો કોઇ પણ માણસ થાકી જાય. ગુજરાતમાં આમેય બીજી બધી રીતે આપણે થાકી ગયા છીએ. ખેડૂતો થાકી ગયા છે.વેપારી થાકી ગયો છે, બીજી બધી રીતે થાકી ગયા છીએ ત્યારે મારે ખાસ મંત્રીશ્રીને કહેવું છે કે, હવે જે વાહનો વધ્યા છે ગુજરાતમાં અને જે સ્થિતિમાં છે એમાંય લોકો ના થાકી જાય એની પણ માનનીય મંત્રીશ્રી કાળજી રાખે અને ખાસ કરીને મંત્રીશ્રીને એ કહેવું છે કે, કાયદાનું પાલન કરવામાં ગુજરાતની જનતા બહુ સારી રહી છે અને આપણી પરંપરા રહી છે અને આ પ્રમાણેના કાયદા બનીને ગુજરાતના માણસો ઉપર ઘણી બધી પરિસ્થિતિમાં દેવામાં, બીજા બધામાં અસર કરે છે અને આવા કડક કાયદા બને અને એના ઉપર અસર થાય, તો આમાં મંત્રીશ્રી સુધારો કરે અને અમે જે સુધારાઓ મૂક્યા છે એનો સ્વીકાર કરે તો અમે ચોક્કસ એમાં સહયોગ કરીશું.

શ્રી ગોવાભાઇ હ. રબારી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે મોટર વાહન વેરા (સુધારા) વિધેયક લાવ્યા છે એમાં હું મારા વિચારો અને સૂચનો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વેરો વધારે, ટેક્સનો દંડ કરે એનો કશો જ વાંધો નથી. મંત્રીશ્રીએ હમણાં કહ્યું કે, બાપુના વિધેયકમાં સમર્થન કરો. તો આમેય કરીશું. કરવા જેવું હોત તો કરત. બાપુનું વિધેયક કાંઇક આપે છે અને આ લેવાના છે. સ્વાભાવિક છે •(xxx) એટલે સરકારની તિજોરીને લાભ થાય છે પણ ગુજરાતની જનતાને ભારોભાર નુકસાન થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે મોટરની વાત કરો છો, એ દરેક જગ્યાએ ટોલનાકું આવે તો એને ટેક્સ ભરવાનો, આર.ટી.ઓ. ભટકાય ત્યારે સીધો વીસ હજારનો દંડ આપે એ ભરવાનો, પોલીસ ભટકાય જાય તો એને દંડ ભરવાનો, કોઇ વી.આઇ.પી. ભટકાય તો અને આડાઅવળો બિચારો આવી ગયો તો ફસાયો તો એ પાછું વ્હિકલ જપ્ત થાય તો એ ભરવાનું, એસ.ડી.એમ. ભટકાય ગયા, કોઇ મોટો અધિકારી ભટકાય ગયો અને કદાચ સાઇડમાં આવી ગયો તો પાછા મેમો આપીને દંડ ભરવાનો. કેટલોક દંડ ભરવાનો ? જે ગરીબ માણસ છે જેની પાસે આવક નથી. જે ટ્રેક્ટર, ટ્રોલી, ટેમ્પો, જીપ ઉપર એની રોજીરોટી ચલાવે છે, એનું ગુજરાન ચલાવે છે અને એમાંય મેં કહ્યું આવા ક્યાંક રસ્તામાં ભટકાઇ ગયા અને દંડ કર્યો તો એના આખા બે મહિનાની કમાણી દંડમાં જ

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

ગઇ. હવે આ વિધેયકની અંદર બધાએ જોયું હશે કે, જો આ દંડ ન ભરે તો એનો ડબલ લેવો. છ મહિના સજા કરવી. જમીન ઉપર પ્રથમ બોજો નાખવો. એટલે બે વિઘા ઉપર બીજી લોન મળે એ પણ બંધ થઇ જાય.

માનનીય અધ્યક્ષશ્રી, જેની આવક છે એ તો ભરે જ છે, પણ જેની પાસે પરિસ્થિતિ નથી. એને ભરવાની છે કાંઇક લોન, ફાઇલ ઉપર વાહન લાવે છે. બે – ત્રણ ટકાના વ્યાજે દર મહિને ભરતા હોય છે અને પેલો લખી લે છે કે, આના મેમા અને બીજું જે આવે એ તારે ભરવાનું રહેશે. એટલે એ પાંચ–સાત મેમા થાય એટલે વ્હિકલ પેલો જ પાછું ખેંચી જાય. એટલે આ જે કર્યું છે એ ખરેખર યોગ્ય નથી. આમાં ગરીબ ખેડૂત જે આના વ્હિકલ ઉપર રોજીરોટી મેળવી જીવે છે, એ મરી જશે. માટે જે જુની પ્રથા હતી એ કદાચ સો રૂપિયાના બસ્સો રૂપિયા કરો તો બરાબર છે. સીધા પાંચ હજાર અને દસ હજાર. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યની અંદર કયા બિલ ઉપર આટલા ટકા વધારો થયો છે ? એવો તો શું ગુનો કર્યો છે ? અને જે મોટા મોટા વ્હિકલો છે એ કાંઇ નથી ભરતા એવું નથી, એ તો ભરે જ છે. પણ જે ગરીબ માણસ છે, એની મુસીબત છે તો એના માટે આ બધું ના હોવું જોઇએ. છ મહિના સજા એટલે એ કાંઇ ખોટું નથી કરતો. અજાણતાં વ્યક્તિ ક્યાંક આડાઅવળા આઉટ સાઇડે બીજે જતો રહે અને આર.ટી.ઓ. ભટકાઇ જાય તો સીધો પંદર હજારનો દંડ છે. હવે એને ખબર હોતી નથી તો આજે આ ગામમાં, કાલે બીજા શહેરમાં જતો રહે ધંધો કરવા અને એના મેમા ક્યાં આવ્યા અને કાગળ ક્યાં આવ્યો, ખબરે ય નથી. અને ચાર મહિને ઘરે આવે અને રસ્તામાં ભટકાઇ જાય તો વાહન પણ લઇ જાય, હરાજી કરે,બોજો પડે અને ન ભરે તો સજા પડે. એટલે ખરેખર આ બિલ માટે ખૂબ વિચારવા જેવું છે. અને આ ખેડૂત અને ગરીબ બંને મરી જશે. જેમ એમણે વીજળીની વાત કરી કે, પૈસા ન ભરે તો કાપી નાખે. સાચી વાત છે અત્યારે જો ખેડૂત કોઇ સામો થાય અધિકારીને તો એનો લોડ વધારો સીધો પચાસ કરી દે, પચાસ હજાર દંડ અને એની સાથે સીધો રહે તો ત્રણ હજાર દંડ. આ ચાલી જ રહ્યું છે એમાંય એટલે આમાં પણ એ પરિસ્થિત જ થશે. જે બિચારો કાંઇક પણ થોડો ગરીબ હશે, નહીં પહોંચી વળી શકે કે નહીં મળી શકે એને સીધા રોજેરોજ મેમા ભટકાયા કરશે. એટલા માટે આ સુધારો ખરેખર વિચાર માગી લે છે. આવું ન કરવું જોઇએ. ખરેખર ટ્રેક્ટર, જીપ, ટેમ્પો આ લોકોને છૂટ આપવી જોઇએ. એમને કહેવું જોઇએ આ માફ કરીએ. આજે પાલનપુરની વાત કરું તો સારા અધિકારી મળ્યા છે. મેં છાપામાં વાંચ્યું હતું કે ૪ મહિનામાં ૩૦૦ ટકા આર.ટી.ઓ. ટેક્સનો વધારો કર્યો. આનો સુધારો કરોને. આ ૩૦૦ ટકા વધારો ૪ મહિનામાં થયો. તો હજું આગળ કેટલું થયું હશે, ત્યાં સુધારો કરો. એનો કાયદો બનાવો. આ તો કેવું છે કે ગરીબ માણસને મારવાનો છે. નાના માણસ રોજી રળે એને મારવાનો છે. આ સુધારાની જગ્યાએ એનો સુધારો કરો અને બધા ટેક્સ ભરે જ છે. કોઇ ગરીબને આમાંથી મુક્તિ આપવી જોઇએ તેવી મંત્રીશ્રીને વિનંતી છે. કારણ કે *(xxx) એટલે કદાચ આ નાની વાતમાં ખ્યાલ નહિ હોય. મારી એમને રીકવેસ્ટ છે ટ્રેક્ટર, નાનું જીપડું, ટેમ્પા જેવું જે રોજ માલ લઇને જાય અને આવે આવા લોકો રોજી રળે છે તેમાં કયાંક તેઓ ભટકાઇ જાય. અને આવા લોકો ભટકાય છે. ખોટું કરે તે નથી ભટકાતા. તો આવા લોકોને..

ઉપાધ્યક્ષશ્રી : •(xxx) તેવું બોલ્યા તે શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી ગોવાભાઇ હ. રબારી : ના મેં એવું કહ્યું નથી. છૂટછાટ આપવાની. મેં કોઇ દિવસ અવ્યવહારું વાત નથી કરી. જે હકીકત છે તે જ વાત કરું છું. જે વન ટાઇમ સેટલમેન્ટ જે બધાની છે. આમાં પણ જે જૂના બાકી છે. ૨૦૧૦ પહેલાના ૩૦૦૦ કિલો, ૭૫૦૦ કિલો હોય એના ભરવાના લખ્યું છે. તો આ ખરેખર બાકી છે, એના વન ટાઇમ સેટલમેન્ટ લઇ પૂરેપૂરું ચૂકતે કરવું જોઇએ, જેથી મુક્ત થાય, નહિતર તો મરી જશે, નહિ ભરે તો ડબલ ભરવો પડશે. સજા મૂકી છે, એટલે વન ટાઇમ સેટલમેન્ટની જાહેરાત કરો. આજ સુધીનો બાકી છે. એનો ભલે દસ, વીસ ટકા ભરીને ભલે ચૂકતે કરશે, તો એમાં સરકારની મૂડી આવી જાય તે પેલો બચી જાય તેવી જાહેરાત કરો તેવી વિનંતી છે. ફરીથી આ બિલની અંદર સુધારો લઇને ગરીબો ન મરી જાય અને ખેડૂતનું ટ્રેક્ટર છે, જો આ કાયદો આવી જાય તો તેને વેચે જ છૂટકો. બધા ખેડૂતોને ટ્રેક્ટર મૂકી દેવા પડશે અને ટેમ્પા જે રોજીરોટી માટેના છે તે બંધ થઇ જશે. માટે આ સુધારા લાવે તેવી વિનંતી છે.

---

* આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીએ અહેવાલમાંથી દૂર કર્યો.

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહાર મંત્રીશ્રી ગુજરાત મોટર વાહન વેરા સુધારા વિધેયક લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું. સમર્થન એટલા માટે આપું છું કે આ સુધારા વિધેયકથી સામાન્ય માનવીને એટલે કે પ્રાઇવેટ વ્હીકલ માલિકોને કોઇ ફેરફાર થવાનો નથી. કોઇ ગેરલાભ થવાનો નથી. વધુમાં વધુ કોંગ્રેસના મિત્રો કહેતા હતા કે ખેડૂતો મરી જશે. આ સુધારા વિધેયકમાં ખેડૂતનું ટ્રેક્ટર પણ આવતું નથી એટલે આખા વિધેયકને ગેરમાર્ગે દોરતા હોય તેવું લાગે છે. આ વિધેયકથી જે કોમર્શિયલ વાહનના માલિકો છે. એમનો વાહન વેરો નિયમિત ભરતા નથી, તે નિયમિત ભરતા થાય એવી જોગવાઇઓ દાખલ કરવા માટેનું આ સુધારા વિધેયક છે.(અંતરાય) કોમર્શિયલ બોલ્યો. ટ્રેક્ટર રેતી ભરતું હોય એ, ખેતીવાળું નહિ તમે જાણે ખેડૂતોને મારી નાખવા માટેનું સુધારા વિધેયક લાવ્યા હોય તેવી રજૂઆત થયેલ છે તે ખોટું છે. વર્તમાન કાયદા મુજબ ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ ૧૯૫૮ અંતર્ગત જોગવાઇ દાખલ કરેલ છે. આ અધિનિયમમાં ભૂતકાળમાં ૨૦૦૭, ૨૦૧૦ માં સરળીકરણ અને તાર્કીકકરણ થઇ શકે તે માટે સુધારા વિધેયક લાવવામાં આવ્યું હતું. હાલમાં પણ જે કોમર્શિયલ વાહનના માલિકો સમયસર વેરો ભરતા નથી એ વેરો સરળતાથી વાહન વેરા વિભાગ લઇ શકે તે માટે જરૂરી સુધારા કરવાનું યોગ્ય લાગ્યું છે. માટે માનનીય મંત્રીશ્રી સુધારા વિધેયક લઇને આવ્યા છે. અત્યારે જે પરિસ્થિતિ છે, એમાં વાહન વેરા અધિકારી જોડે મર્યાદિત સત્તા છે. માની લો કે કોઇ કોમર્શિયલ વાહન વેરા માલિક વેરો ન ભરે તો સક્ષમ અધિકારી એનું વાહન માત્ર સીઝ કરી શકે, જપ્ત કરી શકે. જપ્ત કર્યા પછી એના માટે વાહન વેરો લેવાની કોઇ સત્તા નથી. ખાલી રીકવરી સ્લીપ, રેવન્યુ રીકવરી સર્ટિફિકેટ આપી દે અને કેસ રેવન્યુ ખાતાના રીકવરી મામલતદાર પાસે જાય. પરિસ્થિતિનું નિર્માણ એવું થાય કે વાહન વેરો તો ન મળે ઉપરથી વાહન મૂકવાની કે સાચવવાની જવાબદારી વધે. આવી પરિસ્થિતિમાં વાહન વેરો લેવાની સત્તા સક્ષમ વાહન વેરા અધિકારીને મળે તે માટે આ કાયદામાં સુધારો કરીને ત્રણ મહિનાથી વધુ સમય બાદ જો વાહન માલિક વેરો ન ભરી જાય તો તેને હરાજીથી વેચી શકે તેવી સત્તાની જોગવાઇ આ વિધેયકમાં મૂકવામાં આવી છે. એથી આગળ ઘણી વખત એવું બને કે વાહન ઉપરનો વેરો અને દંડની એટલી મોટી રકમ હોય તેની સામે વાહન જૂની હાલતનું હોય તો પૂરી રકમ વસૂલ ન થાય તો તેની સાથે તેની માલિકીનું, કબજાનું કે તેના નિયંત્રણ હેઠળનું કોઇ વાહન હોય તો તેની હરાજી કરી શકે. બલવંતસિંહભાઇ કહેતા હતા કે જમીન પણ વેચશો. એવું નથી માત્ર તેની મિલકત ઉપર પ્રથમ બોજો રહેશે. આટલી પ્રક્રિયા કર્યા બાદ વેરો ન ભરે તો તેની મિલકત ઉપર પ્રથમ બોજો નાંખવામાં આવશે જેથી વાહન માલિક વેરો ભરવા માટે પ્રેરાય. દંડની જોગવાઇની વાત કરી. ૧૯૫૮ના અધિનિયમમાં આનો કોઇ ભંગ કરે તો દંડની જોગવાઇ ન હોય તેવા કેસમાં રૂપિયા ૧૦૦ અને પુનઃ ફરીથી ભંગ કરે તો રૂપિયા ૨૦૦ના દંડની જોગવાઇ છે. ૧૯૫૮માં રૂપીયો ગાલ્લાના પૈડા જેવડો હતો. ૧૦૦ રૂપિયામાં મહિનો આખું ઘર ચાલતું હતું. એટલે ૧૦૦ રૂપિયાના બદલે ૫ હજાર અને ૨૦૦ રૂપિયાના બદલે ૧૦ હજારનો સુધારો લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તે વ્યાજબી લાગે છે. કડક સજાની જોગવાઇની વાત કરી. ભય વિના પ્રીત નહીં. વાહન વેરો ભરવા માટે માલિક ત્યારે જ પ્રેરાશે કે જો કાયદામાં કડક જોગવાઇઓ હોય. ભૂતકાળમાં કડક જોગવાઇઓ ન હોવાને લીધે ઘણા લોકો વાહન વેરો ભરતા ન હતા. એટલા માટે છ માસ સુધીની સજા અને જે વેરો બાકી હોય તેમાં દંડની રકમ અને વ્યાજ ઉમેરીને વસૂલ કરવાની જોગવાઇ કરવું આવશ્યક જણાયેલ છે. આ બધા જ પાસા જોતાં સરકારની વાહન વેરાની આવકમાં ઘટાડો ન થાય અને નિયમિત વાહન વેરો મળતો થાય તથા ૧૮૭ કરોડ જેટલું જે લ્હેણું ઉભું થયેલ છે તે ઉત્તરોત્તર વધતું ન જાય તે માટે આ વિધેયકમાં માનનીય મંત્રીશ્રી જે સુધારો લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ(રાજકોટ (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ બિલના અનુસંધાનમાં મારા થોડા સૂચનો રજુ કરું છું. સરકાર કાયદા બનાવે અને તે કાયદા સરકારની સુવિધા કરતાં લોકો માટે અનુરૂપ હોય તેવા કાયદા બનવા જોઇએ તે જ લોકશાહીની ગરિમા છે. મારી દ્દષ્ટિએ કેદની સજા કાઢી નાંખવી જોઇએ, અને ભાઇએ કહ્યું કે ભય વિના પ્રીત નહીં તેની સામે મારું કહેવાનું એમ છે કે ભય ભરેલી પ્રીતમાં મીઠાશ નહીં. આપણે જે વાહન લે છે તે વાહનનું જે ઉત્પાદન ખર્ચ છે તેના કરતાં કેટલા ટકા વધારે ટેક્સ ભરી તે માણસ વાહન લેતો હોય છે. સેન્ટ્રલ એકસાઇઝ આવે, વેટ આવે, આર.ટી.ઓ. ટેકસ આવે, રોડ ટેકસ આવે અને નાના મોટા તોડ એ જુદા.

ઉપાધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. માનનીય સભ્યશ્રી ઇન્દ્રનિલભાઇ આપનું પ્રવચન ચાલુ રહેશે.

**(વિરામ ૧૦.૩૦ થી ૧૧.૦૦ કલાક)**

**ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ (ક્રમશઃ) : માનનીય અધ્યક્ષશ્રી, કાયદાઓ લોકોને અરસ–પરસ એકબીજાને મુશ્કેલી ન ઉભા કરે અને લોકોની સુવિધા વધે એના માટે કાયદાઓની જોગવાઇ જરૂરી હોય છે. મેં કહ્યું તેમ સરકારે આમાં જે કેદની જોગવાઇ કરી છે એ મને લાગે છે કે સરકારની અનુકૂળતા માટે કરવામાં આવી છે. મેં કહ્યું તેમ સેન્ટ્રલ ટેકસ, વેટ, આર.ટી.ઓ., રોડ ટેકસ અને એવો તો કેટલો બધો ટેકસ ભરીને લગભગ એની પડતર કિંમતના ટેક્સના બે ગણા કે ત્રણ ગણા ઘણી બધી જગ્યાએ થઇ જતા હોય એટલો બધો ટેક્સ ભરીને જે વાહન વસાવ્યું હોય અને એ વાહનનો ટેકસ નાનો મોટો ન ભરી શકે એટલે એને જેલ ભેગો કરવો એ બરાબર નથી. આટલો ટેકસ ભર્યા પછી એને થોડી ઘણી જો તકલીફ પડી ગઇ અને ઘરમાં મુશ્કેલી પડી ગઇ અને ન ભરી શકે તેમ હોય એ જ ન ભરે એટલે આર્થિક મુશ્કેલી હોય એ જ ટેકસ ન ભરે કારણ કે વાહન વગર કોઇને ચાલતું નથી અને એટલા માટે જ એણે વાહન લીધેલું હોય છે તો એ સંજોગોમાં એ જે મુશ્કેલી ભોગવી રહ્યો છે એના ઉપર એને આપણે પાછો જેલમાં નાંખીએ એ બરાબર નથી. આપણે એનું વાહન લઇ લ્યો, ટેકસ લઇ લ્યો. ખાલી વાહન વેચવાથી ટેકસની રકમ આપણે ન મેળવી શકીએ વાહનની કિંમત આપણા લેણાં કરતા ઓછી હોય આ શક્યતાઓને લઇને આ કાયદાની જોગવાઇ કરવામાં આવી હશે, ત્યારે મારું સજેશન એવું છે કે આને થોડુંક ઉલટી રીતે જુઓ આ જોગવાઇ થઇ કે આપણા અધિકારીઓ ટાઇમસર એની હરાજી ન કરે તો એની કિંમત ઘટી જાય અને કિંમત ઘટી જાય તો પૂરતી કિંમત મળે નહીં એટલે આપણે પેલાને જેલમાં મોકલવો. તો એના કરતા તમે સરકાર છો તમે એવી વ્યવસ્થા કરોને કે તમારો અધિકારી એની કિંમત હોય એ ત્રણ મહિનામાં જ, ત્રણ મહિનાની જોગવાઇ, કે ટેક્સ ન ભરે તો ત્રણ મહિનામાં એ વાહનની હરાજી કરે તો આપણા ટેકસના પૈસા એમાંથી નીકળી જ જવાના છે. તો આપણા ડિપાર્ટમેન્ટ ઉપર જોર દેવાને બદલે આપણે સામાન્ય માણસને જેલ ભેગો કરો અને ૫૦૦૦ અને ૧૦૦૦૦ દંડ કરવો એ મને લાગે છે કે લોકોને માટે નહીં પણ સરકારની સુવિધા માટે આ કાયદો બની રહ્યો હોય એવું મને લાગી રહ્યું છે. હમણા બે મિત્રોએ સરસ વાત કરી કે, ૧૦૦ રૂપિયાની કિંમત ૧૯૬૦માં બહુ મોટી હતી. હા, ગાડાના પૈડાં જેવડી કિંમત હતી અને એમની વાતમાં હું સંપૂર્ણ સંમત છું. ખરેખર તે સમયે ૧૯૫૮ની વાત કરતા હતા તો ૧૯૫૮માં રૂપિયો એટલે તો બહુ મોટો કહેવાતો કેમ કે અમને યાદ છે કે પાંચીયું હાથમાં હોય તોય અમને ભાગ મળી જતો ખાવા પીવાનો, ૧૯૫૮માં તો અમારો જન્મ પણ ન હતો ત્યારે રૂપિયાની બહુ મોટી કિંમત હતી ત્યારે મારે આ મિત્રોને અને આ સરકારને કહેવું છે કે, તમે આંકડા મેળવતા હોવ છો કે ત્યારે આટલી જ ફાળવણી થઇ હતી અને અમે આટલી ફાળવણી કરી. તો ત્યારે રૂપિયાની કિંમત વધારે હોય તો ઓછી થાય અને અત્યારે રૂપિયાની કિંમત ઓછી થઇ છે તો વધારે ફાળવણી થાય. તમે જૂની અને નવી વાતને કાયમ સરખાવ્યા કરો છો તો પગમાં પહેરવા સ્લીપર ન હતું અને આજે આપણે જે વાહનનો ટેકસ લઇએ છીએ ને એ વાહન ઉપર ફરતા આ કોંગ્રેસ પાર્ટીએ કર્યા છે, કોંગ્રેસના વિચારે કર્યા છે એના ઉપર તમે ટેકસ લઇ અને આજે ફાળવણીના મોટા આંકડા આપી રહ્યાં છો. માનનીય અધ્યક્ષશ્રી, મારી બીજી વાત એ હતી કે, આપણે ખૂબ વધારે ટેકસ લઇએ છીએ, રોડ ટેકસથી લઇ અને બીજા બધા, તો એમાં મારું એક સજેશન એ હતું કે જે વિસ્તારનો ટેકસ હોય જે આર.ટી.ઓ.ઓફિસનો અધિકાર ક્ષેત્ર હોય એ અધિકાર ક્ષેત્રમાં જેટલો રોડ ટેકસ ભેગો થાય એ ટેક્સ છે એ એ જ અધિકારમાં ફાળવી દો, કારણકે ત્યાં વાહનની સંખ્યા વધી છે, તો ત્યાં તમારે રોડ, રસ્તાની સુવિધા પણ વધારવી પડે. થોડોક સમય લાગે પણ સમય જતા મને લાગે છે કે એ સુવિધા સંપૂર્ણપણે સારી પુરવાર થશે અને જ્યાં જનરલ હાઇવે હોય છે ત્યાં તો આપણે ટેક્સ લઇને રોડ બનાવીએ જ છીએ. એમાં પણ રાજકોટનો છું અને આવતા જતાં તકલીફ પડે છે આપણે બે જકાતનાકા ગુજરાત સરકારના છેને એમાં રોડ હમણાં કંઇક સરખો કર્યો છે આટલા બધા પૈસા લઇએ છીએ તો એ રોડ તો સરખાં કરો અને પાછો ગુજરાત સરકારના જ. પેલી ચોકડીથી લઇને અમદાવાદ સુધીનો. જ્યાં બન્ને જકાતનાકા ગુજરાત સરકારના તાબાના આવે છે સેન્ટ્રલ સરકારના તાબાનું ચાલુ થાય ત્યાંથી રોડ સારો થઇ જાય. હવે એ રોડ ના બગડે અને

થોડોક બાકી છે એ પૂરો થઇ જાય એવી અમારી અપેક્ષા છે અને વિજયભાઇ છે એટલે હવે અમારી અપેક્ષા અસ્થાને નથી. બધા જેવી એમને પણ આ મુશ્કેલી પડતી જ હશે ત્યાં.

ખાસ અગત્યનું મારે ધ્યાન એ દોરવું છે કે, પોલીસને ટારગેટ આપવામાં આવે છે કે તમારે આટલા પૈસા ભેગા કરી આપવાના. આટલી પહોંચ ફાડી આવવાની. આ હું બહુ ઉચ્ચ અધિકારી સાથેના મારા સંવાદના ભાગરૂપે કહુ છું કે આટલો પગાર તમારો આમાંથી થઇ જવો જોઇએ. આવી સૂચનાઓ આપવામાં આવે છે. મારી વિનંતી એટલી છે કે તમે એ પૈસા ઉઘરાવવાની વ્યવસ્થા બીજી ઘણી બધી કરી છે. આપણે સરકારનો ટેકસ ઉઘરાવવા માટેની બીજી ઘણી બધી સુવિધાઓ છે તો આ એડિશનલ સુવિધાઓ ન ઉભી કરો. તમે દંડ લો એમાં અમને વાંધો નથી. પણ દંડ ક્યાં લેવો જોઇએ કે જ્યાં ખરેખર કોઇ કાયદાનું ઉલ્લંઘન કરતું હોય, ખોટી રીતના નીકળી ગયો હોય, જતો રહ્યો હોય, આ તો પોલીસ એક ખૂણામાં ઉભી રહી જાય અને એ પણ પાછું ન દેખાય એ રીતે ઉભી રહે અને પેલો આવે એટલે પછી એનામાં ભૂલ ગોતે કે તારામાં શું છે? નંબર પ્લેટ નથી? કંઇ ન હોય તો તારું લાયસન્સ ક્યાં છે? એણે કારણ વગરનો ઉભો રાખ્યો હોય. જે વિકસીત દેશો છે ત્યાં નિયમ છે કે જ્યાં સુધી તમને વાહન ચલાવનારમાં ફોલ્ટ ના દેખાય ત્યાં સુધી એને ઉભો ના રાખવો અને એને ઉભા રાખ્યા પછી પોલીસવાળા પહેલાં એને એમ કહે કે મેં તને ઉભો એટલા માટે રાખ્યો છે કે તારી ઓવર સ્પીડ છે, તારી આ તકલીફ છે, તારી નંબર પ્લેટમાં આ તકલીફ છે માટે તમને ઉભા રાખ્યા છે આ જો વિકસીત દેશ કરી રહ્યા હોય તો અહીંયા તો ઉભા રાખીને પછી ખામી શોધે. કયાં છે શું છે, આનામાં ભૂલ ક્યાં રહી ગઇ છે ? આ આપણે કઇ દિશામાં જઇ રહ્યા છીએ. આવી ગતિશીલતા એ અધોગતિ તરફની કહેવાય. લોકોને ઉપયોગી થાય, લોકોની સુવિધા વધે અને ભ્રષ્ટાચાર ઘટે અને પછી પેલો ટારેગટ પૂરો થઇ જાય પછી પણ આ લોકો ઉભા રહી જ જાય છે એ તો મને અને તમને બધાને ખબર જ છે. મારે તો એ ધ્યાન દોરવું છે હાઇવે ઉપર આપણે વાહન લઇને જતા હોય એ ધારાસભ્ય જતા હોય કે આપ જતા હોઇએ કે કોઇ મિનિસ્ટર જતા હોય તો ક્યાંક થપ્પા ખટારાના લાગેલા હોય વગર ડ્રેસના માણસો ખટારા ઉભા રાખીને ઉઘરાણા કરતા હોય છે. આપણે આ નરી આંખી જોતા હોઇએ છીએ.

ઉપાધ્યક્ષશ્રી : આપણે સુધારા ઉપર બોલવાનું છે ઇન્દ્રનીલભાઇ, એ તો બધું ઘણું બોલી શકાય એવું છે આ સુધારા ઉપર બોલો.

ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : હવે મારી છેલ્લી વાત કહી દઉં. મારા સાથી મિત્ર ગોવાભાઇ અહીંયા છે નહિ ગોવાભાઇ હું રાજકોટનો છું એટલે •(xxx)

ઉપાધ્યક્ષશ્રી : આપના આ તમામ શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું. ચાલો, તમામ શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું.

ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : હું પણ મારી વાત અહીંયા પૂરી કરું છું.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, હું ટૂંકમાં બે વાત કરવા માગુ છું. માનનીય અધ્યક્ષશ્રી, જે બિલ લઇને (અંતરાય) તમારે નક્કી નથી કરવાનું સ્પીકર સાહેબને કરવાનું છે. આ રીતે જો કરવાનું હોય તો મને ખેંચતા પણ આવડે છે, મને આવડે છે કઇ રીતે બિલની મર્યાદામાં કેટલુ બોલવુ, રોકો નહીંતર તકલીફ તમને થશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે જે મંત્રીશ્રી બિલ લઇને આવ્યા છે તેના સંદર્ભમાં કેટલીક વાસ્તવિક પરિસ્થિતિ નિર્માણ થવાની છે તેના વિશે વાત કરવી છે. એક તો જે જોગવાઇ આપે કરી છે, જે સુધારેલી જોગવાઇ આપ લઇને આવો છો સેકસન-૧૯. જો કોઇ વ્યકિત આ અધિનિયમ કલમ-૩ની જોગવાઇનું ઉલ્લંઘન કરે તો તેને છ માસ સુધીની મુદ્દતની કેદની અને વેરાની બમણી રકમ અને લેણાં થતા વ્યાજની રકમ જેટલી દંડની શિક્ષા થશે. આપ જે એમેન્ડમેન્ટ કરો છો એ આપનું આ એમેન્ડમેન્ટ પહેલાંની પરિસ્થિતિ it is very interesting to say પ્રવર્તમાન સેકસન-૧૯ છે તે કહે છે બીજા વર્ગના મેજીસ્ટ્રેટની કોર્ટથી ઉતરતા દરજ્જાની કોઇ કોર્ટ આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર કોઇ ગુન્હાનો ઇન્સાફ કરી શકશે નહીં. Very wise legislation

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

કે જયારે તમે કોઇને ખાસ કરીને ગુન્હાના સંદર્ભમાં સજા કરવા જાવ છો ત્યારે એ કોઇ જન્મજાત ગુન્હેગાર h a r d core criminal નથી. He is the owner of the vehicle, and for circumstances known to him નથી ભરી શકયા ટેકસ એને જયારે સજા કરવાની છે ત્યારે એમના બધાજ who can evaluate properly અને એટલા જ માટે બીજા વર્ગના મેજીસ્ટ્રેટ કોર્ટથી ઉતરતા દરજ્જા એટલે એ પણ એ વખતના વિધાયકોએ, કાયદો ઘડનારાઓએ, આપણાં પુરોગામીએ એ ચિંતા સેવી કે કમસે કમ બીજા વર્ગથી ઉપરના મેજીસ્ટ્રેટ હશે એ હશે તો એ જયુડિશ્યલ માઇન્ડ એપ્લાય કરશે. માનનીય અધ્યક્ષશ્રી, આવા પ્રકારના લોકોને સજા કરતી વખતે આ બાબત ધ્યાનમાં લેવાય એ આવશ્યક હતુ. માનનીય મંત્રીશ્રીને હું આપના મારફતે વિનંતી કરીશ કે આપની આ જે સેકસન–૧૯ની જે એમેન્ડમેન્ટ લઇને આપ આવવા માગો છો તે એમેન્ડમેન્ટ નહીં કરવું જોઇએ અને મને વિશ્વાસ છે કે સામાન્ય રીતે કોઇ પણ બિલ બને છે ત્યારે તેમાં આપણું લીગલ ડિપાર્ટમેન્ટ જો as a Minister મારો ભૂતકાળનો અનુભવ એવો રહ્યો છે કે મંત્રી તરીકે વિધાનસભા ગૃહમાં બિલ લઇને આવતા હોઇએ, ત્યારે કારણ કે પ્રશ્નોત્તરીમાં થોડુ ઘણું આમ તેમ હોય તો ચાલે પણ બિલ છે તેની દૂરોગામી અસરો હોય છે અને એટલા માટે એના સાથે at length આપણે ચર્ચાઓ કરતા હોઇએ છીએ. કાયદા મંત્રીશ્રીને ચાલુ બિલની ચર્ચા દરમિયાન વર્ગ–૨થી ઉપરના મેજિસ્ટ્રેટનું પૂછવાનો અવકાશ જ આપણને ના ઉભો થાય એટલી આપણી ગંભીરતા સામાન્ય રીતે બિલોમાં હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રોવિઝન કર્યુ છે આપણે vehicle detain કરવાનું એ વ્હિકલનું ઓકશન કરવાનું. મારે માનનીય મંત્રીશ્રીને આપના મારફતે કહેવું છે કે, આપ થોડો ખ્યાલ રાખજો આપ જો આપની સરકારની તિજોરીમાં આવક વધારવાની આપની મહેચ્છા છે ખોટા ટેક્સ ચોરોને પકડવાની આપની ભાવના છે. અને આપણું માઇન્ડ ત્યાં એપ્લાય થવું પડે કે સ્વતંત્ર એજન્સી આપણને ઓડિટ કરીને આપે છે કે ટેકસની કયાં ચોરી થાય છે અને એને કેમ રોકી શકાય એના માટે માઇન્ડ એપ્લાય કરવું પડશે. આપને શોધીને આપ્યું કે આપણા કાયદામાં જોગવાઇ છે કે વ્હીકલ ઓનર વ્હીકલ રજિસ્ટર કરાવવા જાય એ સમયે એના એડ્રેસની પૂરી ચકાસણી કર્યા પછી જ વાહન રજિસ્ટર થાય એવી કાયદામાં જોગવાઇ છે. આપે લાવવું પડે છે એના મૂળમાં જાવ, આપને ઓડિટે શોધીને આપ્યું છે. આપણી કેટલીક ઓફિસોમાં જોઇએ તો ત્યાં વાહન રજિસ્ટર થાય છે ત્યારે કાયદામાં જોગવાઇ હોવા છતાં ઘરનું એડ્રેસ વેરીફાઇ થતું નથી પરિણામે એ માણસ ટેકસની ચોરી કર્યા જ કરે છે. તમારી નોટિસ બજતી નથી, એડ્રેસ ખોટું હોય છે અને સરકારને બે હજાર લાખ કે બે લાખ નહિ આપે એનો આંકડો ખૂબ મોટી રકમની ટેકસની ચોરી ઓડિટ એજન્સીએ શોધીને આપી છે. એ માણસ આમાં આવશે નહિ, નોટિસ બજવાની નથી. વાહન ડિટેઇન થશે નહિ અને એ માણસ ખૂબ મોજમજા કર્યા કરશે, વાહન ભંગારમાં વેચી મારશે અને તમે એની પાસેથી એક પણ રૂપિયો વસૂલ કરી શકવાના નથી. આ પરિસ્થિતિ ચાલે છે ત્યારે સરકારે માઇન્ડ એપ્લાય કરવું જોઇએ. સરકાર આ પ્રકારની જોગવાઇમાં સુધારો લાવી રહી છે ત્યારે એમાં કોણ દંડાશે? સામાન્ય માણસ પકડાશે એને કદાચ સજાની ધમકી આપો,વાહન હરાજી કરવાનું કહ્યું જે એમાનું આ બિલમાં નથી એવી ચીવટ નહિ રાખો તો વાહનની હરાજી થશે ત્યારે જે સિસ્ટમ ડેવલપ થઇ છે એ ખૂબ જ ખતરનાક છે. કેટલાક સરકારી વિભાગોમાં અને ભારત સરકારમાં થોડા વખત પહેલા આ સિસ્ટમ તોડીને એનું અમલીકરણ કર્યું. ગુજરાતમાં પણ થોડું અમલીકરણ થયું. આપે એ વિચારવું પડશે જે કોઇ માણસનું વાહન પકડાય એની હરાજી માટે મોકલશો એનો સમય નક્કી હશે ત્યાં એકાદ ઇન્ફ્લુઅન્સવાળો *(xxx) આવી ગયા, મિસ્ટર એકસ આવી ગયો,

ઉપાધ્યક્ષશ્રી : *(xxx) હું રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : શકિતસિંહ જેવા આવી ગયા છે. હું એમ કહું છું કે કોઇપણ એક વ્યકિત જે પ્રભાવશાળી છે, પાવરનો પાવર છે, મનીનો પાવર છે, મસલ્સનો પાવર છે એ વ્યકિત કહી દેશે કે મારે આ વાહનોની હરાજીમાં ભાગ લેવો છે તેથી બીજા કોઇ એમાં પડશો નહિ. તાકાત નહિ રહે કે બીજા કોઇ હરાજીમાં ભાવ બોલી શકે અને એજ માણસ એ હરાજીમાં તમારી બોલી બોલીને વાહનો લઇ જશે. બીજી એક એવી

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા છે.

વ્યવસ્થા ઉભી થઇ છ, સિસ્ટમ શરૂ થઇ છે કે ત્યાં જેટલા પણ હરાજીવાળા હોય એ બધા ભેગા થાય, અને એ બધા વચ્ચે રીંગ કરીને એવું નક્કી કરી લે કે આપણે આટલે સુધી વાહન માટે બોલી બોલવાની, ત્યાં અટકી જજો. એટલે પછી એ લઇ લેશે. માનનીય મંત્રીશ્રી બોખીરીયા સાહેબને અનુભવ છે. આપ સમજાવી શકશો કે આ રીંગની સિસ્ટમ છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શકિતસિંહભાઇ, આપ કોઇના નામના ઉલ્લેખ કર્યા વગર બોલો. It is not necessary to say anyone's name.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : When I am submitting something very seriously I at least expect that the Minister give attention to me. When there is a cross talk, I understand that there is something is going on. So it is my right to put in the knowledge of the Minister and with due respects, just submitting, that you can share our experience and it will be helpful to you Hon'ble Minister. એટલે શું થાય કે ૫૦ લાખની વસ્તુ હરાજીમાં વેચવાની હોય એ વસ્તુ પાંચ લાખમાં ઓફિશ્યલ હરાજીમાં વેચાશે એ પછી એ બધા લોકો ભેગા થઇને બહાર ઓકશન કરે અને એ ૫૦ લાખમાં જશે, એની સામે સરકારને પાંચ લાખ આપીને બાકીના ૪૫ લાખ છે એ બધા રીંગવાળા સરખા ભાગે વહેંચી લેશે. અને સરકારની તિજોરીમાં ૫૦ લાખ આવવા જોઇએ તેના બદલે માત્ર ૫ લાખ આવે અને ૪૫ લાખ રૂપિયા પાછા જાય. આને રોકવા માટે જો આપ મારી વાત ન જ માનવાના હો અને આપ આમાં આગળ જ વધવાના હો તો મારું સૂચન છે કે આને રોકવા માટે આપે બહુ ગંભીરતાથી વિચારવું પડશે. કાં તો આપ એને ઓન લાઇન મૂકો. Anyone from anywhere can quote the amount અને ઇ-ટેન્ડરીંગ જે રીતે થાય છે તે રીતે જો આપ નહીં કરો તો આ થશે.

એક બીજું દૂષણ છે. માનનીય મંત્રીશ્રીને આપના મારફત કહેવા માગું છું કે વાહન જયારે ડિટેઇન થાય છે ત્યારે તેની હાલત ખૂબ સારી હોય, ચાલુ હોય અને આપને ત્યાં થોડોક સમય પડ્યું રહે એટલે ટાયર બદલાઇ જાય, બેટરી બદલાઇ જાય, એન્જિનના પાર્ટસ બદલાઇ જાય અને એ હાલત જે વાહનોની થાય છે એ અત્યંત ખરાબ થઇ જતી હોય છે. તેને તમે હરાજીમાં મૂકશો તો પણ, આપ ઇ-ટેન્ડરીંગ કરીને હરાજી કરશો તો પણ સરકારની તિજોરીમાં જે નાણાં આવવા જોઇએ એ નહીં આવે અને પેલો જે માણસ, બે પ્રકારના માણસો હોય છે. મારા કચ્છના બન્ને માનનીય સાથી સભ્યશ્રીઓ નથી. માનનીય વાસણભાઇ અને માનનીય નીમાબહેન. નહીં તો આ ટ્રાન્સપોર્ટની બાબતમાં ખૂબ પ્રકાશ પાડી શકત. તેમાં ખૂબ જ્ઞાન છે. તો આપ તેમના અનુભવનો પણ લાભ લો કે કયાં કયાં ચોરી કેમ થાય છે અને તેને કેમ રોકી શકાય? માનનીય મંત્રીશ્રી એ દિશામાં વિચારે. અહીંયા કેટલાક માનનીય સભ્યશ્રીઓએ ચિંતા વ્યકત કરી, કેટલાક પેલા તરફથી આવ્યા કે ટ્રેકટરવાળા કોઇકની રેતી લેવા જાય તેને તો આમ થાય, તેમ થાય. હું ગામડાં સાથે જોડાયેલો માણસ છું. નાના ગામડાંઓમાં આ ગૃહમાં બેઠેલાં આ પક્ષના કે પેલા પક્ષના માનનીય સભ્યશ્રીઓ જે ગામડાં સાથે જોડાયેલા છે તેને ખબર છે. એક મર્યાદાઓ આજે પણ આપણાં ગામડાંઓની છે અને સાચું હિંદુસ્તાન ગામડાંઓમાં વસે છે. ત્યાં એક માણસને ત્યાં ટ્રેકટર હોય અને કોઇ માણસને એના ઘેર એક નાની એવી કૂંડી કે ઓરડી કરવા માટે રેતીની જરૂર હોય તો એ ટ્રાન્સપોર્ટરને શહેરમાંથી નહીં બોલાવી શકાય. તેને તો પેલા ટ્રેકટરવાળા પાસે જ રેતીનો એક ફેરો કરાવવો પડે છે અને એ પકડાયો કે તું રેતીનો ફેરો કરે છે, કોમર્શીયલ યુઝ છે માટે હું તને દંડ કરું અને દંડ નથી ભર્યો માટે હું તારું ટ્રેકટર હરાજી કરું. સાહેબ, જાન લઇને એક ગરીબ માણસને જવું હોય છે તો આપણે જાણીએ છીએ, પરંતુ તેના પાસે ઓપ્શન નથી. We will have to understand our own limitations અને એ સંજોગોમાં એ જાય છે. તો આપ કોઇક એવી રકમ નક્કી કરો કે મોટા લોકો છે, જેનું વધારે પડતું ભારણ આપને ત્યાં આવે છે. એના માટે જ વાહન ડિટેઇન, એના માટે જ વાહન ઓક્શન. એની મર્યાદાઓ આપ નક્કી કરશો તો આવકારદાયક રહેશે. ગ્રામીણ કૃષિ સાથે સંકળાયેલું વાહન પછી એ કદાચ જેને ટેક્નિકલી આપણે પડીએ તો કોમર્શીયલ યુઝ કહી શકીએ. તેને આમાં ન સાંકળીએ એ મને લાગે છે આવકારદાયક રહેશે. આટલા બિલના સ્કોપની અંદરના મારા સૂચનો સાથે વિરમું છું.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી (વાહન વ્યવહાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહમાં મારો સ્વભાવ નથી કે કોઇ વ્યક્તિગત કે બીજી વાતો કરવી. પરંતુ ઇન્દ્રનીલભાઇ બોલ્યા. બે વખત બોલ્યા છે આજે. વ્યક્તિગત વાત કરી છે. ત્યારે હું દાવા સાથે કહીશ કે •(xxx)

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : એટલે એનો જવાબ મારે દેવો જ પડે. અહીંયા બોલ્યા છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસી જાવ, મેં શબ્દો રેકર્ડ પરથી દૂર કર્યા છે.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : અહીંયા બોલ્યા છે. હાઉસમાં બોલ્યા છે. માટે મારે જવાબ દેવો પડે. બાકી મારો સ્વભાવ નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું ન બોલું. પણ એ અહીં બોલ્યા છે, માટે જવાબ દેવો પડે અને શક્તિસિંહે સાંભળવો પડે. એમના સભ્ય બોલ્યા છે. (અંતરાય) વ્યક્તિગત આક્ષેપ મારો સ્વભાવ નથી. એ બોલ્યા છે માટે જવાબ આપ્યો છે. (અંતરાય)

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મુદ્દો તો સાંભળવો પડે આપે.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, •(xxx)

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો તો સાંભળવો પડે. માનનીય અધ્યક્ષશ્રી, નિયમથી જોગવાઇ છે. પછી મંજૂર-નામંજૂર આપની ઇચ્છા.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : આ *(xxx) પોઇન્ટ ઓફ ઓર્ડર ન હોઇ શકે અને શક્તિસિંહ પાસે અપેક્ષા છે, એના સભ્યને ઠપકો આપે.(અંતરાય)

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : આપણાં નિયમથી જોગવાઇ છે. માનનીય મંત્રીશ્રી હમણાં જ આવ્યા છે ગૃહમાં, એમને ન ખબર હોય. (સતત અંતરાય)

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય શક્તિસિંહ, આપ પણ ગૃહનું સન્માન કરતા હો. કોઇ પણ સભ્ય વ્યક્તિગત આક્ષેપ કરતા હોય તેમને ઠપકો આપવાની તમારી જવાબદારી છે...

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : જયારે પોઇન્ટ ઓફ ઓર્ડર કરીને કોઇ પણ ઉભું થાય.. એટલે તેમણે તેમનું સ્થાન લેવું જોઇએ. એટલે એમણે એમનું સ્થાન લેવું જોઇએ. આપ મારો મુદ્દો નામંજૂર કરો. માનનીય મંત્રીશ્રી નિયમોથી જોગવાઇ છે કે, whenever a Member is on his leg and he raises a point of order તો બોલનારા સભ્યએ પોતાનું સ્થાન લેવું જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : બોલો, બોલો આપ બોલો. આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર બોલો.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : મારો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મર્યાદીત મુદ્દો એટલો જ છે કે, આ નવી પ્રથા પડશે મારો ટેકનીકલ મુદ્દો આટલો જ છે. આપણે ત્યાં અનેક નિર્ણયો છે. જે શબ્દો રેકર્ડ ઉપરથી દૂર થઇ ગયા હોય, એની કોઇ પુનઃ ચર્ચા નથી થઇ શકતી. એમના શબ્દો દૂર કર્યા છે. એટલે એમના શબ્દો રેકર્ડ ઉપર ગણીને ચર્ચા થાય છે, એટલે એ *(xxx) છે એટલું જ.

ઉપાધ્યક્ષશ્રી : મેં એમના શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કર્યા છે. એટલે તમારે એની ચર્ચા કરવાની જરૂર નહોતી. ચાલો. કેરી ઓન.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમે વાંધો લીધો જ નહોતો. સભ્યશ્રીના શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કર્યા જ નથી. સભ્યના શબ્દો રેકર્ડ ઉપર જ છે.

શ્રી પંકજ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે કોઇ આક્ષેપ જ નથી કર્યો. તેઓ ૫૦૦૦ મતે જીત્યા છે અને હું ૨૫૦૦૦ મતે જીત્યો છું એટલું જ બોલ્યા છે. એટલે કોઇ આક્ષેપ થયા જ નથી.

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસો. માનનીય મંત્રીશ્રી આપ આપનું પ્રવચન ચાલુ રાખો. સામસામા આક્ષેપ-પ્રતિ આક્ષેપ ન થાય તેની કાળજી રાખો. પ્લીઝ.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ લઇને આવ્યો છું ત્યારે સભ્યશ્રીઓએ ખૂબ

---

• માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી રદ કરવામાંઆવ્યા.

• માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી રદ કરવામાંઆવ્યા.

સારી ચર્ચાઓ કરી છે ત્યારે મારે એટલું જ કહેવું છે કે, અમારો વિભાગ જે ટેક્સ ઉઘરાવે છે એમાં બે પ્રકારના ટેક્સ છે. શ્રી શક્તિસિંહજી આપ પણ સાંભળો. એક ટેક્સ છે લમ્પસમ. એટલે કે જે વાહનો. આપ પણ સાંભળો. તમારો જવાબ આપું છું. તમારી વાત બધાએ એટેન્ડ કરવાની બાકીનાની વાત નહીં સાંભળવાની આ પણ વાજબી નથી.

ઉપાધ્યક્ષશ્રી : આપણે પણ અંદર અંદર ચર્ચા નહીં કરીએ.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલમાં જે ટેક્સ ઉઘરાવવાની વાત છે. એમાં બે પ્રકારના ટેક્સ લેવાય છે. એક લમ્પસમ ટેકસ અને રીકરીંગ ટેકસ. લમ્પસમ ટેકસ એટલે આપણે કોઇપણ નવું વાહન ખરીદે તો આજીવન ટેકસ ઉઘરાવીએ છીએ. નાના નાના વાહનોની ચિંતા થઇ. એટલે કે, ટૂ વ્હીલર, સ્કૂટર, મોટરકાર આપણા અંગત વપરાશની, જીપ, ટેક્સી, ૭.૫ ટન સુધીનું ગ્રોસ વ્હીકલ, માલવાહક વાહન– એટલે કે, નાની નાની રીક્ષા, મીની મેટાડોર, નાની હાથી રીક્ષા આ બધા આવે છે. પછી ટ્રાન્સપોર્ટ હેતુ ટૂ વ્હીલર, ડ્રાઇવર સિવાય છ માણસની ક્ષમતા ધરાવતી ઓટો રીક્ષા અને ખેતી વિષયક ટ્રેક્ટર. ૨૫૦ કિલો વજન ધરાવતું વિકલાંગો માટેનું વાહન. આ બધાને લમ્પસમ ટેક્સ હેઠળ આવરી લીધેલા છે. એ વાહન ખરીદે એટલે આજીવન ટેક્સ ભરાઇ જાય છે. એટલે કે એમની ટેક્સ ચોરીની વાત આ બિલમાં જ નથી. એટલે જે ચિંતા વ્યક્ત થઇ. નાના નાના વાહનો રીક્ષા અને નાની નાની જીપની વાત થઇ એને અને આ બિલને કોઇ સંબંધ નથી. (અંતરાય) એમાં ટ્રેક્ટર આવી ગયું છે. કારણ કે, પહેલી વખત ટ્રેક્ટર ખરીદે છે એટલે આજીવન ટેક્સ એની પાસેથી લેવામાં આવે છે. એટલે આમાં કોઇ તકલીફ નથી. નંબર બે– આ રીકરીંગ ટેક્સ અસર કરે છે મોટા વાહનોને, બસ અને ટ્રકને. રીકરીંગ ટેકસ– જે લોકો દર મહિને ટેક્સ ભરે છે, છ મહિને ટેક્સ ભરે છે, બાર મહિને ટેક્સ ભરે છે, નોન યુઝ કરે છે. એટલે કે, કેટલાક સમય માટે વાહન બંધ રહે છે. એ સમય દરમિયાન નોન યુઝ વાહન કરે છે અને પછી ચાલુ કરે એટલે ટેક્સ ચાલુ થાય છે. આ પ્રકારના વ્હીકલોને આ બિલની અસર કરે છે. આ બિલમાં જે વાત થઇ. આ એટલા માટે આમાં ફર્સ્ટ ચાર્જની વાત કરી છે. હમણાં જ ૨૦૦૨ પછી જે બેંકીંગ સિસ્ટમને રેગ્યુલર કરવા માટે, બેંકોના પૈસા ડૂબે નહીં એટલા માટે સરફેસ ટેક્સ આવ્યો. કે જેમાં સિક્યોરીટીમાં મૂકેલી વસ્તુ એનો ચાર્જ બેંકને સીધો મળે અને બેંક પોતાના પૈસા વસૂલે. આજે પણ વાહનોમાં મોટા ભાગે બસ અને ટ્રકો બેંક લોન આધારીત હોય છે. એટલે આપણે ટેકસ લેવા જઇએ ત્યારે બેંક પોતે પહેલા વાહનની રીકવરી કરી લે. અને પોતાના પૈસા વસૂલ કરી લે અને આપણા પૈસા ન મળે એટલે એડવોકેટ જનરલની સલાહ લઇને, માનનીય શક્તિસિંહે કહ્યું એમ લીગલી એડવોકેટ જનરલનો પત્ર પણ ફાઇલ ઉપર છે અને એમનું કહેવું હતું કે આ ૧૯૫૮ વખતનો જે એક્ટ છે એમાં એમેન્ડમેન્ટની આવશ્યકતા છે. એટલા માટે આ લાવ્યો છું. બીજી વાત ઇન્દ્રનિલભાઇએ કરી. અંતે તો કાયદાનું રાજ છે. કાયદો બનાવવો પડે, કાયદો એના માટે બનાવીએ છીએ કે જે લોકો ગુનાઓ કરે, દા.ત. ઇન્ડિયન પીનલ કોડ તો એ બધી સેકશનો એમાં ૩૦૨ થી માંડીને સાવરકરજીને તો ડબલ જન્મટીપ પડી હતી એ આપણા માટે નથી. પણ એક્ટ એ છે કે જેના ઉપર પ્રોસિક્યુશન ચાલે અને ન્યાયધીશ સજા કરે, આ ૬ મહિનાની સજા આપણા અધિકારી નક્કી કરવાના નથી. કોર્ટમાં ન્યાયધીશ સજા નક્કી કરે ત્યારે આ પ્રોસિજરમાં કાયદાનું રાજ છે માટે કાયદો બનાવવો પડશે. નહીં તો એકેય એક્ટની જરૂર નથી. જેને ભરવા હોય એ ભરે અને ન ભરવા હોય તો ન ભરે એવું થાય. સામાન્ય પ્રજાને તકલીફ કરવી નથી. પણ અવાર નવાર ગુનાઓ કરે છે, જેને ટેક્સ ભરવો નથી, રીઢા ગુનેગારો છે એના માટે કાયદો મજબૂત કરવો છે. એટલા માટે આ સુધારા લાવ્યો છું. બીજી વાત કે ટેક્સ ચડી ગયો તો સીધું આપણે એકશનમાં આવતા નથી. એને પહેલા નોટિસ આપીએ છીએ, નોટિસ આપ્યા પછી વાહનની જપ્તી થાય છે અને એના પછી હરાજી થાય છે. હરાજી પછી એ પરિસ્થિતિમાં આપણે આગળ વધીએ છીએ. પણ શક્તિસિંહે કહ્યું એમ પછી વ્યક્તિ મળે નહીં, વાહનની કોઇ વેલ્યુ ન હોય, ટેક્સ એટલો બધો ચડી ગયો, વાહનમાંથી એન્જિન કાઢી નાખ્યું હોય, ટાયર–ટયૂબ કાઢી નાખ્યા હોય તો આ બધા પછી ટેક્સની કોઇ અમલવારી થતી નથી. એટલા માટે આપણે ફર્સ્ટ ચાર્જની વાત કરી. કાયદાકીય પ્રક્રિયા કરીને એના ઉપર ફરજ પડે એટલા માટે આપણે સજા સુધીની વ્યવસ્થાઓને લઇ ગયા છીએ. બીજું કે, આ એક્ટમાં જેમ પહેલાં કહ્યું એમ કોઇપણ પ્રકારના નાના વાહનોની ચિંતા આપણે કરવાની જરૂર નથી. હું હાઉસમાં એશ્યોરન્સ પણ આપું છું કે આ વસ્તુમાં ક્યાંય લોકોને તકલીફ

પડે એ પ્રકારે નહીં પરંતુ મેં કહ્યું એ પ્રમાણે રીઢા ગુનેગારો છે અને અત્યારની જોગવાઇ એવી છે, ૧૯૫૮નો કાયદો છે, રૂપિયો નાનો હતો એ સ્વીકારીએ છીએ. પછી ભલે કઇ ભાષામાં અને કઇ પાર્ટી શું કરે છે એની ચર્ચા કરવા માગતો નથી. પરંતુ મારે કહેવું છે કે આજે રૂપિયો નાનો થઇ ગયો છે એના કારણે આજે ૫ હજાર અને ૧૦ હજાર મોટી રકમ નથી. જ્યારે ૨૦−૨૫ લાખની બસ હોય અને એના સંદર્ભમાં પણ રકમ વાજબી રકમ છે એટલું જ મારે કહેવું છે. અમે ચોક્કસ ઇચ્છીએ છીએ કે હવે આવનારા દિવસોમાં વન ટાઇમ સેટલમેન્ટની સ્કીમ લાવવાના છીએ. જેથી કરીને વ્યાજ ઉપર વ્યાજ અને દંડ ઉપર દંડ અને એ બધું ભેગું થઇ ગયું હોય અને વાહન માલિકને ગુંગળામણ થતી હોય તો એને પણ બીજા વિભાગોની જેમ વન ટાઇમ સેટલમેન્ટ કરીને એને અનુકૂળતા કરીને ભાર હળવો કરવા માગીએ છીએ. આ કાયદો પાસ થયા પછી આના રુલ્સ બનશે અને રુલ્સમાં જે જે અહીંથી સૂચનો આવ્યા છે, દા.ત. હરાજીની પદ્ધતિ કઇ હશે, અર્નેસ્ટ રકમ નક્કી થાય છે એનાથી નીચે વેચાણ ન થઇ શકે જેથી કરીને પૂરતા પૈસા મળે, ઇ−ટેન્ડરીંગ, ઇ−હરાજી થાય એના માટે વિચાર કરીશું. એમાં આપણને વધારેમાં વધારે લાભ થાય અને અંતે રાજ્યની તિજોરીમાં પૈસા આવશે તો પ્રજાના કામમાં વપરાવાના છે. આપના સૂચનોના આધારે ભવિષ્યમાં રુલ્સ રેગ્યુલેશન એવા કરીએ કે જેથી કરીને આપણો મકસદ ટેક્સ રી−કલેક્ટ થાય અને અવાર નવાર ગુનો કરતા ગુનેગારોને મોકો ન મળે એટલા માટે આ બિલના હાર્દને લઇને આવ્યો છું. બધી ચર્ચાને અંતે આ પ્રકારનું કામ કરનાર લોકોને ઉત્તેજન ન મળે એટલા માટે આ સુધારાઓ કરવા માગીએ છીએ. લમસમ વેરો ચાલુ રહેવાનો છે અને હજી પણ સમય અનુસાર આમાં પણ જે કાંઇ લમસમની સાથે રીકરીંગને કેવી રીતે જોડી શકાય એ માટે ટ્રાન્સપોર્ટેશનના લોકોને સાથે લઇને, જેથી કરીને એવી પણ સમસ્યા ઊભી ના થાય એનો પણ સરકાર પોઝિટિવ વિચાર કરશે. એટલે મને લાગે છે કે આ બિલ સૌ પોઝિટિવલી સર્વાનુમતે પસાર કરશો તેવી આશા સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, હમણાં એમના જવાબમાં કહેવામાં આવ્યું કે ટ્રેક્ટરનો આમાં સમાવેશ થવાનો નથી. આજે પણ જે ખેડૂત ટ્રેક્ટર ખરીદે છે એ કોમર્સિયલ ગાડાનું પાસિંગ કરાવેલું ના હોય તો એને ગમે ત્યારે પોલીસ, મામલતદાર કે કોઇપણ વિભાગના અધિકારીઓ રોકે છે એમને દંડ ફટકારે છે, નોટિસ આપે છે. એ દંડ ના ભરે ત્યાં સુધી કલેકટર એ ટ્રેક્ટરને છોડતાં નથી. એટલે ખેડૂતોને આની અસર થવાની છે ત્યારે આવી બાબત હોય એમાં કાંઇ સુધારો કરવા માગો છો કે કેમ?

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : એટલે આ બિલ સાથે સંબંધ નથી પણ આપે જે ધ્યાન દોર્યુ છે તો સૂચન છે અને ચોક્કસ વિચાર કરશુ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી વિજયકુમાર ર. રૂપાણી ( વાહન વ્યવહાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, ૨૦૧૫ના વિધેયક ક્રમાંક−૯ −સને ૨૦૧૫નું ગુજરાત મોટર વાહન વેરા (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૫, કલમ−૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, ૨૦૧૫ના વિધેયક ક્રમાંક−૯ સને ૨૦૧૫નું ગુજરાત મોટર વાહન વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : **સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક−૯ સને ૨૦૧૫નું ગુજરાત મોટર વાહન વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.**

**સન ૨૦૧૫ નું ગુજરાત વિધેયક કમાંક : ૧૦**

ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સ્પ્લાન્ટેશન સાયન્સિઝ વિધેયક, ૨૦૧૫

**ગુજરાત રાજ્યમાં ટ્રાન્સ્પ્લાન્ટેશન અને સંલગ્ન વિજ્ઞાનમાં યોગ્ય અને પદ્ધતિસરનું પ્રશિક્ષણ આપવા, અધ્યાપન આપવા, તાલીમ આપવા અને સંશોધન કરવા માટે ગુજરાત યુનિવર્સિટી ઓફ ન્ટ્રાન્સ્પ્લાન્ટેશન**

**સાયન્સિઝ તરીકે ઓળખાતી બિન–સંલગ્ન યુનિવર્સિટીની સ્થાપના અને સંસ્થાપન માટે અને શ્રીમતી ગુલાલબેન રસિકલાલ દોશી અને શ્રીમતી કમળાબેન મફતલાલ મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડિસિઝિસ એન્ડ રિસર્ચ સેન્ટર–ડો.એચ.એલ. ત્રિવેદી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રાન્સ્પ્લાન્ટેશન સાયન્સિઝ (IKDRC-ITS )–ને યુનિવર્સિટીનો દરજ્જો આપવા માટેની જોગવાઈ કરવા અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.**

શ્રી નીતિનભાઈ ર. પટેલ( આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું •રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૫ નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૦ – સન ૨૦૧૫નું ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સ્પ્લાન્ટેશન સાયન્સિઝ વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫ નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૦ – સન ૨૦૧૫નું ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સ્પ્લાન્ટેશન સાયન્સિઝ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણા આ સભાગૃહમાં ઉપસ્થિત અને આ ગૃહના જે સન્માનનીય સભ્યો છે એમના માટે એક આનંદ અને ગૌરવપ્રદ બિલ આ વિધાનસભામાં હું અમારી સરકાર તરફથી, અમારા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન તરફથી અને અમારા આરોગ્ય વિભાગ તરફથી રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતમાં ઘણી સંસ્થાઓ એવી છે કે, જે સંસ્થાઓના નામ દેતાં દરેક ગુજરાતીને ગૌરવ થાય. દરેક ગુજરાતીને એમ થાય કે, આ સંસ્થાની કામગીરી વધુ ને વધુ સારી ઉજ્જવળ બને. આ સંસ્થાને હું શક્ય હોય ત્યાંથી બને એટલો વધુ પ્રયત્નો કરીને મદદરૂપ થઈ શકું અને આ સંસ્થા ગુજરાતીઓને વધુ ને વધુ ઉપયોગી થાય, નાગરિકોને વધુ ને વધુ ઉપયોગી થાય એવી ઘણી સંસ્થાઓ આપણા ગુજરાત રાજ્યમાં અસ્તિત્વમાં છે. એ પૈકીની એક સંસ્થા એટલે જેને આપણે કીડની ઈન્સ્ટિટ્યૂટના ટૂંકા નામે ઓળખીએ છીએ. અને ગુજરાતમાં, ગુજરાત બહાર રાજ્યના કોઈ પણ વિસ્તારોના, અન્ય ભાષાના પરપ્રાંતિયો રહેતા હોય કે વિદેશમાં પણ ગુજરાતીઓ રહેતા હોય એ બધા જ ગુજરાતીઓ જ્યારે કીડનીને લગતા કોઈ દર્દની વાતો થતી હોય, એની સારવારની વાતચીત થતી હોય તો દરેકના મોંઢે એક નામ આવી જાય, એવી આપણી આ ગુજરાતની કીડની ઈન્સ્ટિટ્યૂટ કે, જેની સ્થાપના૧૯૮૧માં થઈ અને ધીમે ધીમે પ્રગતિ કરતા કરતા આ સંસ્થાએ રાજ્ય સરકારની ગ્રાંટ અને દાતાઓના દાનથી જે પ્રગતિ કરી છે. એ પ્રગતિ હું માનું છું, એ ગુજરાતની અનેકવિધ પ્રગતિ જે સર્વાંગી વિકાસની થઈ છે એમાં ખૂબ અગત્યની આ સંસ્થાની પ્રગતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હોસ્પિટલો હોવી, ઈન્સ્ટિટ્યૂટ હોવી, મેડિકલ કોલેજ હોવી એ દરેક રાજ્ય માટે ઉપયોગી છે, જરૂરી પણ છે અને દરેક સરકારો સમયાનુસાર એને મદદરૂપ થવાનો સતત પ્રયત્ન કરતી હોય છે. આપણા ગુજરાતનું સદભાગ્ય છે કે, આપણને ગુજરાતમાં હંમેશા એવા દાતાઓ મળ્યા છે કે, જે દાતાશ્રીઓએ જે તે સમયે માતબર રકમોના દાન આપી અને ગુજરાતમાં વિવિધ સંસ્થાઓનો પાયો નાખ્યો છે. એ રીતે આપણે જો જોઈએ તો આપણી આ કીડની ઈન્સ્ટિટ્યૂટની પણ શુભ શરૂઆત જ્યારે થઈ ત્યારે ખૂબ નાના પાયે થયેલી અને રાજ્યની આ સંસ્થા, જેનું નામ આઈ.કે.ડી.આર.સી.આઈ.ટી.એસ.ના નામથી જોડાયેલી આ સંસ્થા, એનું ટૂંકું નામ કીડની ઈન્સ્ટિટ્યૂટ અને એનો બીજો પર્યાય પણ કહીએ કે, ઘણી સંસ્થાઓ, સંસ્થાના નામથી, કામથી ઓળખાય છે, સાથે સાથે સંસ્થાઓ એના સંચાલક એના સ્થાપક અથવા એના વહીવટકર્તાના નામથી પણ ઓળખાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે કીડની ઈન્સ્ટિટ્યૂટની વાત કરીએ તો તરત જ આપણા બધાના મનમાં, લાખ્ખો લોકોના મનમાં ડો. એચ.એલ. ત્રિવેદી સાહેબનો ચહેરો નજર સમક્ષ આવી જાય. વ્યક્તિઓ સંસ્થાઓને

• વિધેયક તા.૧૬મી માર્ચ, ૨૫૦૧૫ના ગુજરાતન ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પાળે છે, પોષે છે, મોટી કરે છે. સરકારમાં કર્મચારીઓ, ડોકટરો, અધિકારીઓ, નોકરી કરતા હોય, ફરજ બજાવતા હોય એ સ્વાભાવિક છે કે, કોઇ ૫૮ વર્ષે નિવૃત્ત થાય, કોઇ ૬૦ વર્ષે નિવૃત્ત થાય, કોઇ પગાર માગે, કોઇ સવલતો માગે, કોઇ ભથ્થા માગે એ બધું સ્વાભાવિક છે અને એ એક વ્યવસ્થાનો ભાગ હોઇ શકે છે. પણ માનનીય અધ્યક્ષશ્રી, આપણી આ કીડની ઈન્સ્ટિટયૂટને જો આપણે જોઇએ તો એનો પાયો નખાયો ત્યારથી ડો. ત્રિવેદી સાહેબે, એમના ધર્મપત્નીએ અને એમની સાથેની ટીમે, એની સાથે એટલા બધા ઓતપ્રોત થઇ અને આ સંસ્થાના વિકાસ માટે પોતાની જાતને પોતાના પરિવારને હોમી દીધી છે એમ કહીએ તો પણ સહેજપણ ખોટું નહિ ગણાય. વ્યક્તિ પ્રસિદ્ધ હોય, વ્યક્તિ નિષ્ણાંત હોય, વ્યક્તિ તેજસ્વી હોય, ડોક્ટર હોય તો બધાના મનમાં ભાવના એવી હોય કે હું મોટો ડોક્ટર છું, તો મારી પોતાની સરસ અંગત હોસ્પિટલ બનાવું. ગુજરાતમાં નહિ, ભારતમાં નહિ, પણ પરદેશમાં જતો રહું અને ત્યાં કરોડો રૂપિયા મને મળે તો ખૂબ ધનવાન, સુખી થઇ જઉં. તેવું સ્વાભાવિક છે કે દરેક વ્યક્તિને એની પ્રગતિ કરવા માટેની ઇચ્છા થતી હોય, પરિવારને આર્થિક રીતે સક્ષમ કરવાની ઇચ્છા થતી હોય કે આપણે બધા આખું ગુજરાત, કીડનીને લગતા રોગોના અત્યાર સુધીના લાખો દર્દીઓ એમના આભારી છે એ ડો.એચ.એલ.ત્રિવેદી સાહેબે આ સંસ્થાને ખૂબ નામના અપાવી છે.  તેમની ટીમ પણ આના માટે સતત કાર્યરત છે. અહીંયા બેઠેલા આપણે બધા કોઇ પક્ષાપક્ષી નથી. આજે મને ખ્યાલ છે મને આનંદ છે આજે માનનીય બલવંતસિંહ કોંગ્રેસ પક્ષના દંડકશ્રીએ, નેતાશ્રીનો આભાર માનવો છે કે તેમણે મને રિસેસમાં કહ્યું અમારે બિલને સપોર્ટ કરવાનો છે. વિના વિરોધે આ યુનિવર્સિટીનો દરજ્જો આપતું બિલ અમારે પસાર કરવાનું છે. આ સરકાર એકલી નહિ, પણ આખું આ ગૃહ આજે આ વાતને સ્વીકારે છે કે આપણી કીડની ઈન્સ્ટિટ્યૂટ હોય, આપણી કાર્ડીયોલોજી ઈન્સ્ટિટ્યૂટ હોય, કે આપણી કેન્સર ઈન્સ્ટિટ્યૂટ હોય આપણી અન્ય સિવિલ હોસ્પિટલથી માંડી અન્ય સંસ્થાઓ છે એ સંસ્થાએ ગુજરાતના અત્યાર સુધી કરોડો દર્દીઓને, ગરીબ, મધ્યમ વર્ગની જે સેવા કરી છે એ સેવાની સુહાસ આપણા ગુજરાતની આખા વિશ્વમાં પ્રસરી છે, ત્યારે આ સંસ્થા કીડની ઈન્સ્ટિટ્યૂટને વિવિધ પ્રકારના ઓર્ગનને ટ્રાન્સ્પ્લાટ કરવા માટેનો વધુ વ્યાપ મળે, એને મેડિકલ કોલેજ તરીકે વધુ ફોકસ મળે, ગુજરાતની આ સંસ્થા સ્વાયત્ત યુનિવર્સિટી બને એ માટે સંસ્થા તરફથી માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલને અને આરોગ્ય મંત્રી તરીકે મને રજૂઆત કરવામાં આવી. આપને જાણીને આનંદ થશે કે જે પ્રમાણે આપણે સવારે શિક્ષણ વિભાગની એક યુનિવર્સિટીને વહેલી તકે મંજૂરી આપવાનું કામ શિક્ષણ વિભાગે ભુપેન્દ્રસિંહજી, વસુબેન ત્રિવેદીએ ઝડપથી હાથ ઉપર લઇ ગુજરાતમાં શિક્ષણ વધે એ કામ મંજૂર કર્યુ એમ અમારા આરોગ્ય વિભાગ મારે તો મુખ્યમંત્રીશ્રીનો આરોગ્ય મંત્રી તરીકે આભાર માનવો છે કે એમણે આ દરખાસ્ત આવ્યાના ૧૫ દિવસની અંદર જ એમના બંગલે મીટિંગનું આયોજન કર્યુ. અને આને લગતા તજજ્ઞો, અમારા સિનિયર આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓ, શિક્ષણ વિભાગના અધિકારીઓ, કાયદા અને વૈધાનિક વિભાગના અધિકારીઓ બધા સાથે ચર્ચા કરીને માનનીય મુખ્યમંત્રીશ્રીએ લાગણી પ્રદર્શિત કરી કે  વહેલામાં વહેલી તકે બજેટ સત્ર આવે ત્યારે આપણે આ સંસ્થા સ્વાયત્ત યુનિવર્સિટી બનાવવા માટે રાજય સરકારના સપોર્ટ સાથેની યુનિવર્સિટીને કાયદા સ્વરૂપે મંજૂરી આપીએ અને આજે આ બિલ આપણે અહીયા રજૂ કરીએ છીએ.  અમે કીડની ઈન્સ્ટિટ્યૂટના અધિકારીઓ, સાથે ડોક્ટર સાહેબ સાથે ખૂબ ચર્ચા વિચારણા કરી છે.  આનો એક વ્યાપ વધારવા માટે શું શું કરીએ? તો મેં જ પહેલો પ્રશ્ન પૂછેલ કે યુનિવર્સિટી બનાવીએ. અત્યારે સરકાર જે ગ્રાન્ટ આપે છે. ડોનેશન મોટા પ્રમાણમાં થાય છે.  આપણને આનંદ એ છે કે ડોક્ટર સાહેબનો જન્મ દિવસ હોય તો પોતાની રીતે નહિ, પણ પોતાના સગાવ્હાલા મિત્રો, દાતાઓને બોલાવવાના, ડાયરો રાખવાનો, સંગીતનો કોઇ સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવાનો પછી તેમ ૫ લાખ, ૨૫ લાખ, ૨ કરોડ, ૫ કરોડ જે ડોનેશન આવે તે જન્મદિન નિમિત્તે તે પાછું કીડની ઈન્સ્ટિટ્યૂટમાં દાન આપી દેવાનું. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં આપણને આનંદ છે કે તાજેતરમાં દાતાશ્રીઓના સહયોગથી પૂજય મોરારીબાપુની કથાનું અમદાવાદમાં રીવર ફ્રન્ટ ઉપર આયોજન કરવામાં આવ્યું. આપણે સદભાગી કેવા છીએ કે રીવર ફ્રન્ટનો અનેક ઉપયોગ થાય છે. યુવાનો માટે, સાંસ્કૃતિક કાર્યક્રમો માટે, નવરાત્રિ માટે, પતંગ ઉત્સવ માટે અને તેમાં આ વધારાનો ઉપયોગ એક કથા સ્વરૂપે ધાર્મિક વાતાવરણમાં દાન એકત્ર કરવા માટે પૂજય મોરારીબાપુએ  ટહેલ નાંખી અને આપણે સૌ જાણીએ છીએ કે ખૂબ મોટી રકમ, કરોડો  રૂપિયાનું દાન તાજેતરમાં આ ઈન્સ્ટિટયૂટને પ્રાપ્ત થયેલ છે. હું ગયા વર્ષની આ સંસ્થાની

પ્રગતિની વાત કરું તો ૧ લાખ ૫૦ હજાર જેટલા દર્દીઓની ઓ.પી.ડી. કરવામાં આવી. ૯૭૬૦ દર્દીઓની કીડનીને સંલગ્ન રોગોના ઓપરેશન થયા. ૫૫૧૮ મેજર ઓપરેશન થયા. ૪૮૪૯ માઇનોર ઓપરેશન થયા. જેના માટે આ સંસ્થા, હોસ્પિટલ પ્રખ્યાત છે તે કીડની ટ્રાન્સપ્લાન્ટ, કીડની બદલવા માટે એક વ્યક્તિ પાસેથી દાન લેવાનું અથવા કેડેવરમાંથી લેવાની અને જેને જરૂર છે, જેના જીવનની ઘડીઓ ગણાતી હોય તેને આ કીડની આપવામાં આવે તો વર્ષો સુધી તેનું જીવન લંબાઇ જાય. તેવી કુલ કીડની ટ્રાન્સપ્લાન્ટ ૪૨૭૩ વ્યક્તિઓનું કર્યુ છે. આપણને એ પણ આનંદ છે કે ૯૦ ટકા કરતાં વધુ સકસેસ રેશીયો કીડની ટ્રાન્સપ્લાન્ટનો છે. આપણે ટેકનોલોજી વધતી જાય તેમ તેનો ઉપયોગ કરીએ છીએ. સમયનો ઉપયોગ કરીએ છીએ. કોઇને અકસ્માત થયો, કોઇનું બ્રેઇન ડેડ થયું અને કોઇનું હાર્ટ ફેઇલ થવાથી ડેડ થયું અને તેના પરિવારો એમ કહે, આપણે જેમ આંખનું દાન કરીને આંખ આપીને કોઇને જોતા કરીએ છીએ. એ જ રીતે કોઇને અકસ્માત થાય, બ્રેઇન ડેડ થાય, હાર્ટ એટેકથી અવસાન થાય તો તે નજીકમાં હોય, હોસ્પિટલાઇઝ હોય અને તેના પરિવારના લોકો એમ કહે કે આમની કીડની અમે દાનમાં આપવા ઇચ્છીએ છીએ. તો પાંચ થી છ કલાકના ટૂંકા ગાળામાં મૃત વ્યક્તિ અથવા જેનું મૃત્યુ નકકી છે, ડેડ થઇ ચૂકયું છે, સર્ટિફાઇ થયેલ છે તેની કીડની લઇ તરત જ જેને મેચ થતી હોય, જેનું લીસ્ટમાં નામ હોય તેવા વ્યક્તિઓને તાત્કાલિક કેડેવર કહેવાય તે કીડની ટ્રાન્સપ્લાન્ટ કરીએ છીએ. તેની સંખ્યા ૪૮૨ જેટલી થઇ છે. તે ટેકનોલોજી હમણાં આવી તેમ હવે ઝડપથી લોકોમાં આના ઉપર વિશ્વાસ વધ્યો છે તે કહે છે કે ભલે ગુજરી ગયા પણ તેમની કીડની દાનમાં આપીએ, તેમનું બીજું કોઇ ઓર્ગન દાનમાં આપીએ તો તેમનું જીવન આપણે બચાવી શકીએ તે રીતે ટ્રાન્સપ્લાન્ટેશન ખૂબ મોટા પ્રમાણમાં થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, લીવર ટ્રાન્સપ્લાન્ટ આપણા ત્યાં કીડની ઇન્સ્ટિટયૂટમાં એક નવી બ્રાન્ચ મોટા પ્રમાણમાં લીવર ટ્રાન્સપ્લાન્ટ માટે ઉભી કરી છે. જેના લીવરમાં ખરાબી હોય અને બદલવાનું હોય તેનું લીવર ટ્રાન્સપ્લાન્ટ કરી તે વ્યક્તિનો જીવ બચાવવા માટે અત્યાર સુધીમાં આપણે ૯૯ લીવર ટ્રાન્સપ્લાન્ટના પણ ઓપરેશન સફળતાપૂર્વક કર્યા છે. ચાર કેસ તો એવા મળ્યા કે નાના બાળકનું લીવર બગડી ગયેલ હોય અને તેનું લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવું હોય તો ચાર નાના બાળકોના લીવર ટ્રાન્સપ્લાન્ટ કર્યા છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને.**

માનનીય અધ્યક્ષશ્રી, નવી રીસર્ચની કામગીરી આ સંસ્થા કરે છે. ફકત જૂનું કામ ચાલુ રાખે એટલું નહીં. દવા વિના અહીં જે જાણકાર છે તે જાણે છે કે કીડની ટ્રાન્સપ્લાન્ટ થયા પછી દવા ખૂબ મોંઘી હોય છે અને દર્દી જીવે ત્યાં સુધી દર વર્ષે હજારો રૂપિયાની દવા કરવી પડે છે. દવા વિના ટ્રાન્સપ્લાન્ટ થાય અને પાછળથી દર્દીને ઓછી દવા લેવી પડે તે પ્રમાણેના ત્યાં આગળ રીસર્ચ ચાલી રહ્યા છે. તેમાં ઘણી સફળતા પણ મળી છે. ઇન્સ્યુલીન બનાવવા, આપણે ત્યાં લેબોરેટરીમાં તેનો વિકાસ કરીએ છીએ. ડાયાબીટીસવાળા દર્દીને ઇન્સ્યુલીન લેવું પડે, ખૂબ મોટા પ્રમાણમાં ઘણાને લેવું પડે છે. તો ડાયાબીટીસના દર્દીને ઓછું ઇન્સ્યુલીન લેવું પડે, કીડનીના રોગના દર્દી હોય અને ડાયાબીટીસ થયેલ હોય તો તેને ઓછું ઇન્સ્યુલીન લેવા માટે કોષોનો વિકાસ કરી તેને પ્લાન્ટ કરવા માટેની મોટા પ્રમાણમાં રીસર્ચની કામગીરી થઇ રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, મજ્જા કોષોનો પણ જેને લકવો થયો હોય જેના જ્ઞાનતંતુઓ ખલાસ થઇ ગયા હોય તો મજ્જા કોષોનો પણ વિકાસ કરવાનું, ડેવલપમેન્ટનું, રિસર્ચનું કામ આપણે ત્યાં ચાલે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે જે વિવિધતા કરી રહ્યા છીએ એનો બધો ફાયદો આપણને મળે સરકારે નક્કી કર્યું કે આને સ્વાયત રાજય સરકારની સંપૂર્ણ નાણાકીય સહયોગવાળી યુનિવર્સિટીનો દરજ્જો આપીએ જેથી ઇન્ટરનેશનલ કક્ષાએ પણ આ યુનિવર્સિટીનો દરજ્જો મળ્યા પછી આપણી સંસ્થાને અનેકવિધ મોટા કામોમાં ફાયદો થાય. આ ઇન્સ્ટીટ્યુટ ફકત સારવાર નથી કરતી, આપણી ઇન્સ્ટીટ્યુટમાં અત્યારે એનેસ્થેશિયા એમ.ડી.ના જે ડીપ્લોમાં છે એની ૧૧ સીટો છે, રીનલ પેથોલોજીની ૨ સીટો છે એવી જ રીતે સુપર સ્પેશિયાલિટી કોર્સ જેને આપણે ડી.એમ. અને ડી.એન.બી., એમ.સી.એચ. કહીએ છીએ. જે સુપર સ્પેશિયાલિટી ડીગ્રી હોય એમાં નેફ્રોલોજીની ૪ સીટો છે, યુરોલોજીની ૩ સીટો છે જે યુનિવર્સિટી બન્યા પછી ૩ માંથી વધારો થઇ ૭ સીટ થશે, ટ્રાન્સપ્લાન્ટ એનેસ્થેશિયા માટેની ડી.એમ.ની એક પણ સીટ નથી એ યુનિવર્સિટી બનશે એટલે ૪ સીટ આપણને પ્રાપ્ત થશે, હીમોટોલોજીમાં અને ટ્રાન્સફ્યુઝન મેડિસીન ડી.એમ.માં અત્યારે એક પણ સીટ નથી યુનિવર્સિટી બન્યા પછી એ સીટ પણ બનશે,

ટ્રાન્સપ્લાન્ટ પેથોલોજી ડી.એમ.ની અત્યારે એક પણ સીટ નથી એ યુનિવર્સિટી બન્યા પછી ૨ સીટ થશે. પીડીયાટ્રીક યુરોલોજીની પણ અત્યારે એમ.સી.એચ. ની એક પણ સીટ નથી એ બે સીટ આપણને યુનિવર્સિટી બન્યા પછી મળશે. એબ્લોમીનલ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ, એમ.સી.એચ.ની અત્યારે એક પણ સીટ નથી એ યુનિવર્સિટી બન્યા પછી ૪ સીટ મળશે. ભલે ૨ સીટ વધે કે ૪ એને સીટથી નથી જોવાનું પણ એનું જે મહત્વ છે એના નિષ્ણાતોની આપણે ત્યાં ગુજરાતમાં નહીં સમગ્ર દેશમાં આ પ્રકારના વિશેષ સુપર સ્પેશિયાલિસ્ટ ડોકટરોની ખૂબ મોટા પ્રમાણમાં શોર્ટેઝ છે એને નિવારવા માટે પણ આપણી યુનિવર્સિટીમાં તબીબી સારવારની સાથે મેડિકલ એજ્યુકેશનનું પણ કામ આપણી સરકાર દ્વારા આ યુનિવર્સિટીનો દરજ્જો મળ્યા પછી આ સંસ્થા તરફથી કરવાનું છે. અમે જે બિલ રજૂ કર્યું છે એ માનનીય સૌ સભ્યશ્રીઓને વિતરીત કરવામાં આવ્યું છે એમાં આર્થિક બાબતો, વહીવટી બાબતો, ડીન, કુલપતિ, ઉપકુલપતિ આ બધી જ વ્યવસ્થા આપણે બિલમાં જ આયોજીત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદો બને પછી એને જે રીતની વ્યવસ્થા બિલમાં જ આપણે બતાવી છે એ પ્રમાણે ડો. ત્રિવેદીસાહેબ એના ચાન્સેલર તરીકે કામ કરશે અને ડેપ્યુટી ડાયરેકટર તરીકે માનનીય વંદના બેન શાહ પણ એમની સાથે કામ કરવાના છે. પાંચ વર્ષ સુધી આ બંનેનો હોદો આખી યુનિવર્સિટી ઉભી થાય, એનું તંત્ર વ્યવસ્થિત થાય એ આપણે કરવા માટે એમને સરકાર તરફથી કામગીરી સોંપવામાં આવી છે. બીજું આ બિલની સાથે સાથે, યુનિવર્સિટી બનાવવાની સાથે સાથે રાજય સરકાર તરફથી મંજુશ્રી મીલમાં કીડની ઈન્સ્ટીટ્યુટ માટે સાત માળનું વિશાળ નવું મકાન બનાવવા માટે પણ રાજય સરકાર તરફથી કરોડો રૂપિયાની ફાળવણી માનનીય નરેન્દ્રભાઇ મોદી જ્યારે આપણા મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે આપણે કરેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, મને અહીંયા એ વાતનો આનંદ છે કે, ડો.ત્રિવેદીસાહેબની સેવાઓ તો આપણે બહુ લઇએ જ છીએ પણ તાજેતરમાં ભારત સરકારે, માનનીય રાષ્ટ્રપતિજીએ માનનીય વડાપ્રધાનશ્રીની ભલામણથી ડો.ત્રિવેદીસાહેબને પદ્મશ્રીના એવોર્ડથી નવાજ્યા છે એ સમગ્ર ગુજરાતના તબીબી ક્ષેત્ર માટે અને ગુજરાતીઓ માટે ગૌરવની વાત છે ત્યારે વિશેષ હું નહીં કહું કારણ કે આપણે બધા જ વારે તહેવારે જરૂરિયાત પ્રમાણે ગરીબો માટે બધા જ આ સંસ્થાનો જ્યારે ઉપયોગ કરીએ છીએ ત્યારે આને યુનિવર્સિટીનો જે દરજ્જો મળશે એટલે ટ્રાન્સપ્લાન્ટેશનમાં જુદી જુદી નવી ઇન ફ્યુચર જે વ્યવસ્થાઓ થશે એના કારણે ગુજરાત એક મેડિકલ હબ પણ બનશે. અત્યારે ગુજરાતમાં લગભગ દસ થી બાર જેટલી હોસ્પિટલોમાં કીડની ટ્રાન્સપ્લાન્ટ થાય છે પણ એમાં વધારો કરવા અને વિવિધ ઓર્ગનને પણ ટ્રાન્સપ્લાન્ટ કરવા માટે આપણે આ જે યુનિવર્સિટી બનાવીશું એના કારણે એક વૈશ્વિક ફલક આપણી આ યુનિવર્સિટીને પ્રાપ્ત થશે અને ઇન્ટરનેશનલી માન્યતા મળવાના કારણે આખી દુનિયાની મદદ અને આખી દુનિયાનું જ્ઞાન આપણા ગુજરાતના લોકોને સારવાર માટે પ્રાપ્ત થશે એટલે મારી માનનીય સૌ સભ્યશ્રીઓને નમ્ર વિનંતી છે કે આપ સૌ આ બિલને સર્વાનુમતે પાસ કરો અને ગુજરાતની આરોગ્યના ક્ષેત્રની આ વિકાસ યાત્રામાં આપ સહયોગ કરો એવી આપ સૌને વિનંતી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક – ૧૦, ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સીઝ વિધેયક, ૨૦૧૫ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરું છું અને કોંગ્રેસ પાર્ટીએ આજે નક્કી કર્યું છે કે આટલું સારું શિક્ષણને લગતું અને મેડિકલ સાયન્સને લગતું આ વિધેયક છે તો એને ટેકો કરવો. આજે મેડિકલ સાયન્સ અને શિક્ષણને લગતું વિધેયક છે અને તે પણ સેવા સાથે સંકળાયેલું અને એક ઉદારતાની ભાવના સાથે અને કરૂણતા સાથે જોડાયેલું આ વિધેયક હોય ત્યારે સોનામાં સુગંધ ભળે અને શિક્ષણની જ્યારે વાત આવે ત્યારે "શિક્ષણનો વ્યાપ છે અતિ વિશાળ, એના ઉંડાણનો નહિ પાર એ છે જીવન ઘડતરનો મુખ્ય આધાર" માનનીય અધ્યક્ષશ્રી, આ સિવિલ હોસ્પિટલ એટલે બી.જે. મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલની સ્થાપના થઇ એ કોંગ્રેસના સમયમાં થયેલી આ બિલ માનવતાવાદી છે એટલે આજે કોંગ્રેસ પક્ષે નક્કી કર્યું છે કે એને ટેકો કરવો અને જ્યારે એની સંસ્થા સાથે સંકળાયેલા કીડની ઈન્સ્ટિટ્યૂટ સાથે સંકળાયેલા ડો. એચ.એલ. ત્રિવેદી સાહેબની જ્યારે વાત આવે ત્યારે એમના જેટલા વખાણ કરીએ એટલા ઓછા છે કારણકે એ સુરેન્દ્રનગર જિલ્લાના ચરાડવા ગામના રહેવાસી છે તેઓ વરસો પહેલાં કેનેડા ગયેલા ત્યાં એમની ધીકતી પ્રેકટીસ હતી, હાઇએસ્ટ ઇન્કમટેકસ ભરનાર ડોકટર હતા અને છતાંય દેશ પ્રેમને કારણે અને કીડનીથી પીડાતા આપણા દેશના અને આપણા રાજ્યના લોકોની વ્યથા એ

જોઇ ન શક્યા અને દર્દીનો પુકાર સાંભળી તેઓએ આ ઇન્સ્ટિટ્યૂટની આખી જવાબદારી સંભાળી લીધી અને આપણા રાજ્યના ગરીબ દર્દીઓ તો એમની સેવાનો લાભ લે જ છે પણ મંત્રીશ્રીએ કહ્યું તે પ્રમાણે બીજા રાજ્યોના અને બીજા દેશના લોકો પણ દર્દીઓ તરીકે સેવા લે છે, ડોકટરો પણ એમાં સેવા આપે છે, પોતાના સજેશન્સ આપે છે, લેકચર્સ લેવા આવે છે અને એની નામના એટલી બધી છે કે આજે આ ડોકટર ત્રિવેદી સાહેબને જ્યારે પદ્મશ્રી એવોર્ડ મળ્યો છે ત્યારે હું અને મારા કોંગ્રેસ પક્ષ તરફથી એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ બહુ સારી બાબત છે. પરંતુ ગુજરાતની કેટલીક કરૂણ સત્યતા છે એ પણ મારે અત્યારે સામે મૂકવી જોઇએ કારણકે અત્યારે બી.જે. મેડિકલ કોલેજમાં ૨૫૨ જગ્યાઓ ખાલી છે, સરકારી મેડિકલ કોલેજ, વડોદરામાં ૨૬૭ જગ્યાઓ ખાલી છે, સરકારી મેડિકલ કોલેજ, ભાવનગરમાં ૩૨૦ જગ્યાઓ ખાલી છે અને સુરતમાં ૧૫૧, જામનગરમાં ૨૫૫ અને રાજકોટમાં ૩૯૧ એટલે કે કુલ ૧૪૨૭ જગ્યાઓ, એટલે કે આશરે ચાળીસેક ટકા જેટલી જગ્યાઓ સરકારી મેડિકલ કોલેજોમાં ખાલી રહેતી હોય ત્યારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ૩૯.૨૨ ટકા જગ્યાઓ ખાલી રહેતી હોય ત્યારે જ્યારે એમ.સી.આઇ.નું ઇન્સ્પેકશન આવે છે ત્યારે આપણી દશા કફોડી થઇ જાય છે અને આપણે એક કોલેજમાંથી બીજી કોલેજમાં દોડાદોડ કરાવીને એ લોકોને ટ્રાન્સફર કરીને બતાવવું પડે છે ત્યારે આ કોલેજમાં જગ્યાઓ પણ ભરવી અને સાથે સાથે આ યુનિવર્સિટીમાં પણ એવું ન થાય એની આપ ચિંતા કરશો. બીજું એ કે આપે તમારા ભારતીય જનતા પાર્ટીના મેનિફેસ્ટોમાં કહેલું કે મેડિકલ યુનિવર્સિટી લાવશું એટલે એના માટે તમે આ પહેલ કરી છે શરૂઆતમાં મને એવું લાગ્યું પણ પછી આપે એ પ્રમાણે કહ્યું કે અમે સીટો વધારશું તો એ મેડિકલ સ્ટુડન્ટના ફાયદા માટે જ થશે તો એનો પણ હું આનંદ વ્યક્ત કરું છું. અને હું આ બાબતે કોઇ રાજકારણ કરવા નથી માગતી પણ મંત્રીશ્રી જાણતા જ હશે કે, ત્રણ વર્ષ પહેલાં કીડની ઇન્સ્ટિટયૂટમાં ગ્રાન્ટ મળવાની જે તકલીફો ઉભી થઇ હતી તે આપ જાણતા હશો તો એવુ ના થાય એનું પણ ધ્યાન રાખજો.

માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર તો જયારે કોઇ પણ ડીગ્રી મેડિકલ સાયન્સને લગતી લેવાની હોય ત્યારે અન્ડર ગ્રેજયુએટ હોય કે પોસ્ટ ગ્રેજયુએટ હોય તેની ડીગ્રીની નોંધણી એમ.સી.આઇ. માં કરાવવી પડે છે. માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે અમે ૧૫ દિવસમાં જ આ વાત આવી અને ઉતાવળ કરીને બિલ મૂકી દીધુ તો હું એટલુ કહેવા માગુ છું કે, તમે એમ.સી.આઇ.માં આની જાણ કરી અને પરમિશન લીધી છે ખરી? કારણ કે અન્ય રાજયો કે અન્ય દેશના વિદ્યાર્થીઓ જયારે આપણે ત્યાં ભણે, આપણે ત્યાંથી ડીગ્રી લઇને જાય કારણ કે આ ગુજરાતની શ્રેષ્ઠ, સર્વોપરી આપણી શિક્ષણ વ્યવસ્થા છે. આજ સુધી એવુ થયુ નથી કે બોગસ ડીગ્રી અહીંયા મળી હોય તો એવું ના બને કે આપણા વિદ્યાર્થીઓ કયાંક પાછળ રહી જાય, અથવા તો એમને સાંભળવુ પડે એવા દિવસો ના આવે એની ખાસ તકેદારી લેજો.

માનનીય અધ્યક્ષશ્રી, આ કીડની ઇન્સ્ટિટયૂટ એ ખૂબ જ વર્ષોથી ચાલે છે, ખૂબ સારી રીતે ચાલે છે અને ગરીબ દર્દીઓની સેવા થાય છે. આ યુનિવર્સિટીનો દરજ્જો મળે ત્યારે ખાસ કીડનીને ડાયાલીસીસના અને transplantation અને બીજા organ transplantation ના જે સાધનો વધારે વિકસાવવાની જરૂર હોય અને વધારે ફેસેલીટીની જરૂર હોય એના માટે આપ ચિંતિત રહેજો. •(xxx)

માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલુ જ કહેવું છે કે, મઝધાર મેં નૈયા ડોલે તો માજી પાર લગાયે, માજી જો નાવ ડૂબોયે તો ઉસે કૌન બચાયે. જયારે દરિયામાં નાવ હાલક ડોલક થતી હોય ત્યારે તેને નાવિક જ બચાવી શકે. જો બીજા કોઇ ભૂલ કરે તો સરકાર બચાવે પણ જો સરકાર જ ભૂલ કરે તો વિદ્યાર્થીઓને કોણ બચાવે ?

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર સ્પેશ્યલાઇઝેશન એટલે કે સુપર સ્પેશ્યલાઇઝેશનની ડીગ્રી માટે ડોકટરો બનાવવા માગતા હોય તો આમાં બિલમાં એવુ કંઇ જણાવ્યુ નથી કે તમે કઇ ડીગ્રી, કેટલા સમયમાં આપશો ? એનુ ડયુરેશન શું હશે ? તેનું ફીનું ધોરણ શું હશે ? એની એડમિશનની પદ્ધતિ શું હશે ? તો આ બધુ પણ આપ જાણ કરશો. જયારે બારમા ધોરણ પછી વિદ્યાર્થી પાસ થાય ત્યારે જે કોમન મેડિકલમાં એન્ટ્રન્સ થતી હોય છે એ પ્રમાણે જ તેનુ મેરિટ લિસ્ટ બનશે અને એ પ્રમાણે જ એડમિશન થશે કે શું થશે ? એ પણ જો આપ વિગતવાર વાત કરશો તો વધારે સારું રહેશે. Organ transplantation એ સુપર સ્પેશ્યાલીટીનો સબજેકટ છે અને

•આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

મેડિકલ કાઉન્સિલના એકટ પ્રમાણે ભારત દેશની પાર્લામેન્ટમાં ઘડાયેલા કાયદા પ્રમાણે દેશની કોઇ પણ મેડિકલ કોલેજને ડીગ્રી અથવા તો ડિપ્લોમા કોઇ પણ ડીગ્રી આપવાની હોય ત્યારે મેડિકલ કાઉન્સિલની મંજૂરી વગર કે તેની ગાઇડલાઇન વગર આપણે તેને ચાલુ કરી શકતા નથી કે આપણે તેને પરમિશન આપી શકતા નથી. યુનિવર્સિટીના યુ.જી.સી.ના નિયમો એવા છે કે ઓછામાં ઓછી પાંચ ફેકલ્ટી હોવી જોઇએ તો જ આપણે તેને યુનિવર્સિટીનો દરજ્જો આપી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને એ પણ વિનંતી કરવા માગું છું કે, જયારે બી.જે. મેડિકલ કોલેજનું કેમ્પસ આટલુ મોટું હોય અને બી.જે.મેડિકલ કોલેજ પણ જો સાથે ઇન્વોલ્વ કરવામાં આવે અને જો યુનિવર્સિટી બનાવવામાં આવે કારણ કે દિલ્હીમાં પણ AI IMS છે. All India Institute of Medical Science કે જયાં બધી જ વ્યવસ્થા છે છતાં યુનિવર્સિટીનો દરજ્જો નથી આપ્યો તો એ પ્રમાણે આની પણ વિચારણા કરવામાં આવે તો સારું.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં સુપ્રિમ કોર્ટના જજમેન્ટો એવા આવ્યા છે કે રાતોરાત યુનિવર્સિટીઓ કેન્સલ કરવાના ચૂકાદાઓ આપ્યા છે તો એમ.સી.આઇ.ની પરમિશન એ લોકોએ નહોતી લીધી. એટલે હું એ રાજયનું નામ લેવા માગતી નથી પણ ગુજરાતમાં પણ શિક્ષણ જગતને લાંછન ના લાગે અને મંત્રીશ્રીની ગરિમા જળવાય અને લાંછન ના લાગે એથી વિનંતી કરું છું. બિલ થોડુ મોડું મંજૂર થાય અથવા તો સ્પેશ્યલ સત્ર ફરીથી બોલાવવામાં આવે ટૂંકાગાળાનું સત્ર હોય તો પણ વાંધો નહીં. પણ બધી જ ચકાસણી કરી અને આ બિલને મૂકી અને મંજૂર કરશો એવી વિનંતી કરું છું. આ યુનિવર્સિટીમાં યોગ અને ખાસ કરીને રમત ગમતનો વિભાગ ચાલુ કરવો જોઇએ. આ એટલા માટે કહું છું કે હું પણ મેડિકલ સ્ટુડન્ટ રહી હતી મને ખબર છે. ડો. એચ.એલ. ત્રિવેદી સાહેબને ખબર છે કે મેડિકલ સ્ટુડન્ટ કેટલા સ્ટ્રેસમાં રહેતા હોય છે અને કેટલી મહેનત માગી લે તેવો કોર્ષ હોય છે અને ખૂબ જ ગંભીર બાબત હોય છે. એવા કિસ્સામાં અવારનવાર મેડિકલ કેમ્પસમાં ડિપ્રેશનના કારણે મેડિકલ સ્ટુડન્ટો સ્યુસાઇટ કરતા હોય છે. તો એના માટે એક વિભાગ હોય કે રમતગમત કે મેડિટેશન થાય તો વધારે સારું.

માનનીય મંત્રીશ્રીએ ખૂબ સારી વાત કરી, ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશનની વાત કરી. એમાં એવા પણ કિસ્સા જાણમાં આવે છે કે કયારેક ગેરરીતિ થતી હોય છે. ગરીબ માણસો ખૂબ આર્થિક સંકડામણ ભોગવતા હોય, પૈસાની ખૂબ જરૂર હોય ત્યારે પોતાના અંગો વેચી દેતા હોય તેવા કિસ્સા બનતા હોય એ ખૂબ કરૂણ બાબત છે. પણ એવું ન થાય એ ખૂબ ગંભીર અને ચિંતાજનક બાબત છે તો એની પણ કાળજી લેવામાં આવે.

બીજું એ કહેવા માગું છું કે કલમ નંબર–૭ ની પેટા કલમ–૧૫ પ્રમાણે આ યુનિવર્સિટીએ રાજય સરકારની મંજૂરી સિવાય વિદેશી રાષ્ટ્ર કે વિદેશી ફંડ અથવા કોઇ આવા ફાઉન્ડેશન કે કોઇ વ્યકિત પાસેથી દાન સ્વીકારવું નહિ એવું જે લખવામાં આવ્યું છે તો મારે કહેવું છે કે સરકાર મેડિકલ ટુરીઝમ અને મેડિકલ હબની વાત કરતી હોય ફોરેનર્સ ટ્રીટમેન્ટ અને લેકચર લેવા આવતા હોય અને મેનેજમેન્ટમાં ભાગ લેતા હોય ત્યારે આમાં કોન્ટ્રાડિકશન થાય છે તો જેને દાન કરવું હોય એને છૂટ હોઇ શકે તેવું મારું માનવું છે.

બીજી કલમ–૭ માં પેટા કલમ–૧૯માં જણાવ્યું કે કોઇપણ પદવી ઇલકાબ ડિપ્લોમાં અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાં પાછા ખેંચી શકાય તેવી રીતે શરતો ઠરાવવી. તો હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે એમ.સી.આઇ. જ ડીગ્રી કે ડીપ્લોમાની પદવી આપે છે અને એ જ પાછી ખેંચી શકે છે. એમાં રાજય સરકાર જોડે કે કોઇ યુનિવર્સિટી જોડે ડીગ્રી પાછી ખેંચી લવાની સત્તા હોતી નથી.

બીજી કલમ–૮માં જણાવ્યા પ્રમાણે કોઇ વ્યકિતને લીંગ, જાતિ, પંથ કે જ્ઞાતિ કે જન્મસ્થળ કે ધાર્મિક માન્યતા કે રાજકીય મંતવ્યના લીધે કોઇ યુનિવર્સિટીના હોદ્દામાંથી કે અભ્યાસક્રમમાંથી વંચિત રાખી શકાશે નહિ. તો મારી ખાસ મંત્રીશ્રીને વિનંતી છે કે આ જોગવાઇ ખાલી કાગળ પૂરતી સિમિત ન રહે અને સાચા અર્થમાં ભેદભાવ વગર આ સેવાઓ પૂરી પાડવામાં આવે તો એનો અર્થ સાર્થક રહેશે.

બીજું કલમ–૧૦માં પેટા કલમ–૨ પ્રમાણે એમાં લખ્યું છે કે ઉપકુલાધિપતિ ટ્રાન્સપ્લાન્ટેશનમાં ૨૦ વર્ષનો અનુભવ ધરાવતી નામાંકિત વ્યકિત હોવી જોઇએ. ડો. એચ. એલ. ત્રિવેદી સાહેબની વાત થાય તેવી નથી. એમની નિમણૂંક કરો છો એ તો સારી બાબત છે. પણ આ જોગવાઇ જેમ શકિતસિંહભાઇએ કહ્યું એમ

આજીવન રહેવાની હોય અને લાંબો વખતો વખત પ્રક્રિયા હોવાથી એ પણ જોગવાઇનો અભ્યાસ કરી લેવામાં આવે કારણ કે અનુભવી વ્યકિતજ આમાં આવે એ વાત બહુ સારી છે. જેમ યુ. જી. સી. ના નિયમોનું ઉલ્લંઘન કરીને બીજી યુનિવર્સિટીમાં આ નોર્મ્સની જાળવણી કરી નથી. આટલું સારું વિધેયક છે એટલે મારે ઉદાહરણ આપવું નથી પરંતુ તમે કયા કયા ઉપકુલપતિઓ, ઇન્ચાર્જ કુલપતિઓ અને કુલપતિઓની કેવી કેવી નિમણૂંક કરી છે એ અમે સૌ કોઇ જાણીએ છીએ. તો એનું પણ ભવિષ્યમાં ધ્યાન રાખશો.

કલમ–૧૨ (૧) પ્રમાણે રાજય સરકાર ઉપકુલાધિપતિ સાથે વિચાર વિમર્સ કરીને કુલપતિની નિમણૂક કરશે તેવું લખવામાં આવ્યું છે. આ બાબત યુ.જી.સી.ના નિયમની વિરુદ્ધ છે. ૨૦૧૩ના ધારા ધોરણ પ્રમાણે રાજયપાલની જે સર્ચ કમિટીની ભલામણ હોય એ પ્રમાણે રાજયપાલ એ બંધારણીય વડા છે. તો આમાં રાજયપાલનો કયાંય ઉલ્લેખ થયો નથી. તો યુનિવર્સિટીને સ્વાયતતા આપવાની વાત કરો છો એના બદલે તમે એવું કરવા નથી માગતાને કે તબીબી શિક્ષણનું એકસ્ટેશન સેન્ટર બનાવવા માગતા હોય કારણ કે રાજય સરકારના પ્રતિનિધિ એટલે કે રાજયપાલે કોઇપણ નિમણૂક કરેલી હોય એટલે રાજયપાલ આમાં હોવા જોઇએ તો જ બંધારણની ગરિમા જળવાય અને એનો દુરુપયોગ ન થાય. અને લાંબા ગાળે રાજય અને રાષ્ટ્રના વિકાસ માટે માર્ગદર્શકરૂપ બનાય. એટલે આ સ્વતંત્ર સંસ્થાના બદલે કોઇ ડિપેન્ડન્ટ સંસ્થા ન બની જાય એટલા માટે પણ આમાં રાજયપાલ હોવા જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરું કે છેલ્લે જયારે એમણે ઉદ્દેશો અને કારણોમાં લખ્યું છે કે મેડિકલ કાઉન્સીલ ઓફ ઇન્ડિયા દ્વારા આવા પ્રકારnf સુયોજીત કાર્યક્રમનો સમાવેશ કરવામાં આવ્યો ન હોવાથી તબીબી યુનિવર્સિટીના સ્તરે શૈક્ષણિક કાર્યક્રમનો સમાવેશ કરવું મુશ્કેલ પડ્યું છે. તો મારે એ જ ખાસ ધ્યાન દોરવું છે કે એમ.સી.આઇ.માં જો આવી કોઇ જાણ ન હોય તો ખાસ આમાં માન્યતાનો પ્રશ્ન ઉભો ન થાય, કારણ કે યુનિવર્સિટીઓમાંથી વિદ્યાર્થીઓ જે ભવિષ્યના ડોકટર બનવાના છે અને ડોકટર બનવાના સ્વપ્ન જોતા હોય એ વિદ્યાર્થીઓ હેરાન ન થાય અને તબીબી પ્રેકટીસ રાજયમાં તો ઠીક પણ બીજા દેશમાં કે બીજા રાજયમાં ન કરી શકે એવું ન બને અને આપણને લાંછન ન લાગે. તેનું ખાસ ધ્યાન રાખજો. બાકી કોંગ્રેસ પક્ષ અને હું અને મારા બધા જ સાથી મિત્રો આ બિલને ટેકો આપીએ છીએ અને ડો. એચ.એલ.ત્રિવેદી સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપીએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી આપ ડોકટર છો. •(xxx) એટલે હું તમામ બાબત રેકર્ડ ઉપરથી દૂર કરું છું. (અંતરાય) માનનીય જોષીયારાજી.

ડો. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ વિધેયક –૨૦૧૫ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. ..(અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ બેસી જાવ. મહેરબાની કરીને બેસી જાવ. અધ્યક્ષના સૂચન ઉપર કોઇ ચર્ચા હોતી નથી. મેં આપને સૂચન જ કર્યું છે અને આપના શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કર્યા છે. જોષીયારાજી, આપનું પ્રવચન ચાલુ રાખો.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ વિધેયક–૨૦૧૫ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા છે તેને અમે સંપૂર્ણ ટેકો આપીએ છીએ. એટલા માટે કે જનતાની જરૂરિયાત છે અને વિભાગ આ જે કામ કરી રહ્યું છે. માનનીય ડો. એચ.એલ. ત્રિવેદી સાહેબ, એમની સાથે કામ કરવાનો મોકો પણ મને મળેલો છે. અત્યાર સુધી આપણે ઘણા બધા ડોકટરોને જોઇએ છીએ પણ આ એચ.એલ. ત્રિવેદી સાહેબ જયારે ૧૯૮૧માં કેનેડાથી આવ્યા અને આવ્યા પછી એમણે ઝીરો બ્લોકમાં ઇન્સ્ટીટ્યૂટ ઓફ કીડની ડીસીઝની શરૂઆત કરી. તેમાં નીચે કીડની ડીસીઝનું કામ ચાલે અને ઉપર ડાયાબિટીસનું કામ ચાલે, જયાં ઓ.પી ગુપ્તા સાહેબ રહેતા હતા. મોટા ભાગે ડાયાબિટીસના કેસોમાં renal

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

failure થાય એટલે ડાયાલીસીસનું કામ આવે અને ત્રિવેદી સાહેબ આ કેસોને સંભાળતા હતા. ત્રિવેદી સાહેબે એટલી બધી મહેનત કરી, ખૂબ જ ટૂંકા ગાળામાં લગભગ હું જાણું છું ત્યાં સુધી ૧૯૮૩માં પહેલો કીડની ટ્રાન્સ્પ્લાન્ટેશનનો કેસ કર્યો અને એ ટ્રાન્સ્પ્લાન્ટેશનનો કેસ ડો. સૂર્યકાંત એમ. ત્રિવેદી સાહેબ જેમને કરેલો અને એમાં આસિસ્ટ કરવાનો મને મોકો મળેલો એનું મને ગૌરવ છે. સાહેબ, એમની કામ કરવાની પદ્ધતિ માટે મારે વાત કરવી છે. આ ટ્રાન્સ્પ્લાન્ટ થયું તે દિવસે રાત્રે ૨–૦૦ વાગ્યે ત્રિવેદી સાહેબ હોસ્પિટલમાં આવ્યા અને એ દર્દી પાસે બેઠાં અને દર્દીની યુરિન બેગ તપાસે કે આજે જે ટ્રાન્સ્પ્લાન્ટ થયું તેમાં કીડની ફંકશન કરતી થઇ કે નહીં, એમાં યુરીન આવ્યું કે નહીં? એમાં યુરિન નથી આવ્યું તો નળીમાં કયાંક ખામી છે કે નહીં એની ચિંતા કરનારા એવા ત્રિવેદી સાહેબના વિભાગનું જયારે વિધેયક આવ્યું છે ત્યારે ખરેખર મને ગર્વ છે અને હું તેમને અભિનંદન પણ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગમાં જે કામગીરી ચાલે છે એ વિભાગમાં ઘણી બધી Renalને લગતી કામગીરી ચાલે છે. હમણાં મંત્રીશ્રીએ જણાવ્યું તે પ્રમાણે તેમાં Transplantation Immunology, Renal Physiology, Biochemistry, Microbiology એમાં Ph.D. ની ડીગ્રી આપણે આપીએ છીએ. Critical Care Medicine, Transfusion Medicine, Surgical Medicine ની એમ.ડી.ની ડીગ્રી અને ઘણી સ્નાતક, અનુસ્નાતક અને હાયર કક્ષાની ડીગ્રીઓ પણ આપણે આપવાના છીએ. ત્યારે આવી સંસ્થા ડેવલપ થઇ રહી છે એના માટે હું બીજું ખાસ કાંઇ નહીં કહેતો આજે મંત્રીશ્રીને અભિનંદન આપું છું. આ જે બિલ લાવવા માટેનો વિચાર છે એ ખૂબ સારો છે. પણ ચિંતા એક જ બાબતની છે. તેજશ્રીબેને જે ચિંતા કરી એ જ મારી ચિંતા છે. આનું જે રિજસ્ટ્રેશન થવાનું છે, મેડિકલ કાઉન્સિલમાં આવા પ્રકારના જે કોર્ષિસ ચાલે છે એમાં એમ લખ્યું છે કે, મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા આવા પ્રકારના સુયોજીત કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવેલ નથી. ત્યારે ચિંતા એ છે કે, આમાં જે છોકરાઓ ભણી–ગણીને તૈયાર થવાના છે એમને રજિસ્ટ્રેશનમાં કોઇ તકલીફ ન પડે એની ખાસ ચિંતા આપણે કરવી જોઇએ. બીજી એક ચિંતા એ કરવાની છે કે, એમાં જે કલમ–૨૩ છે, એકઝીક્યુટીવ કાઉન્સીલની સત્તા અને કાર્યો– એમાં આપે જણાવ્યું છે કે, રાજ્ય સરકારની પૂર્વ મંજૂરીને આધિન રહીને યુનિવર્સિટીના કર્મચારીઓ અને અધિકારીઓની જગ્યાઓ ઉભી કરવાની રહેશે. બહુ સરસ છે. આ કાર્ય કરવાની જો જવાબદારી એમને એકઝીક્યુટીવ કાઉન્સીલને આપવામાં આવે તો બહુ સારું. પણ ભૂતકાળમાં જોવા મળ્યું છે કે, સરકારમાં પણ આવી જગ્યાઓ ઉભી કરવી હોય તો બહુ મુશ્કેલી પડે છે અને નાણા વિભાગની મંજૂરીની જરૂર પડતી હોય છે. તો આમાં નાણા વિભાગના કોઇ અધિકારી હોય તો વધુ સારું કારણ કે, આપણે ઘણી વખત જગ્યા ઉભી કરી શકતા નથી અને એના કારણે ઘણી મુશ્કેલી પડતી હોય છે. ત્યારે આ સત્તા એમને આપી છે એ ખૂબ સારી વાત છે. હું તો વિનંતી કરું છું કે, આવી જગ્યાઓ મંજૂર કરજો. ભવિષ્યમાં કદાચ મુશ્કેલી ઉભી થાય તો આવી જગ્યાઓ મંજૂર કરવામાં આવે. મારો પોતાનો દાખલો આપું. ૧૯૮૩માં હું જ્યારે એમ.એસ. થયેલો ત્યારે આ જ ત્રિવેદી સાહેબ એમની ગાડીમાં બેસાડીને આ સચિવાલયમાં મને લાવેલા અને ક્લીનીકલ આસિસ્ટન્ટની જગ્યા એમણે ઉભી કરાવેલી. એમ.ડી. યુનિટમાં સ્પેશિયલ પોસ્ટ ઉભી કરાવેલી. આર્ટરી અને વેઇન આર્ટિલરી અને વેન જોડવાનું કામ એમણે મને સોંપેલું અને એના દ્વારા ટીસ્યુ મેચીંગ કરીને કીડનીને તૈયાર કરવી પડતી એ બધું કરવું પડતું એ કામગીરી મને સોંપેલી એનો પણ મને ગર્વ છે. મારી એટલા માટે આપને વિનંતી છે કે, એમને થોડા દિવસ પહેલાં બે વર્ષ થયા છે. સેલના ટ્રાન્સપ્લાન્ટની વાત કરી. જે ખરેખર બહુ જ મોટી વાત છે. સેલના ટ્રાન્સપ્લાન્ટથી આખો ઓર્ગન ડેવલપ થઇ શકે. એ સંશોધન એમણે કર્યું છે. ખરેખર એને સેલ્યૂટ કરવાનું મન થાય. આનાથી ઘણા એવા ઓર્ગન છે કે, આપણે તો ઓર્ગનને કાપીને ફેંકી દેતા હોઇએ છીએ. આ સેલથી ઓર્ગન ડેવલપ થઇ શકતા હોય તો એ ખરેખર અભિનંદનને પાત્ર છે. આપણે ત્યાં હવે તો ઘણા બધા ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ કરીએ છીએ. હવે તો આંખ આખી બદલીએ છીએ. લિવર ટ્રાન્સપ્લાન્ટ કરીએ છીએ. હમણાં એક જગ્યાએ હાથ ટ્રાન્સપ્લાન્ટ થયો છે. એટલે આવા બધા ટ્રાન્સપ્લાન્ટ થયા છે. ઇવન હવે આપણને એમ લાગે કે, આપણે તો ૬૦–૭૦ વર્ષ થાય એટલે પૂરું થઇ ગયું એમ માનીએ છીએ. પણ હવે તો માનવ મરે નહીં એ રીતે ધીરિ ધીરિ સાયન્સ ડેવલપ થઇ રહ્યું છે ત્યારે આવા સાયન્સીઝ નવા નવા ડેવલપ કરવા માટેનું જે વિધેયક છે. એમાં આપ સૌ પણ સંમત થઇએ. ખાસ ત્રિવેદી સાહેબ માટે ચિંતા વ્યકત

કરી છે. ત્રિવેદી સાહેબ ખૂબ સારી કામગીરી કરે છે. એટલા માટે ત્રિવેદી સાહેબે આખી જિંદગી એમાં હોમી દીધી છે ત્યારે એકપણ શબ્દ આડો–અવળો બોલાય એવું નથી. એમની કામગીરી કરવાની પદ્ધતિ એવી હતી. એટલા માટે અમે કહીએ છીએ કે, એવા ડોક્ટર છે કે જેમણે સેવા સિવાય બીજું કાંઇ જોયું નથી. એના લીધે એમને પદ્મશ્રીનો એવોર્ડ મળ્યો એ આપણા સૌનું ગૌરવ છે. આ બિલને સંપૂર્ણ ટેકો આપીને વિરમું છું, આભાર.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એમાં હું અને મારો પક્ષ સમર્થન આપીએ છીએ. કેટલાક વ્યક્તિઓનું વ્યક્તિત્વ એ સંસ્થા કરતાં પણ મોટું બની જતું હોય છે. આ બિલને સમર્થન આપવાનો નિર્ણય માનનીય મંત્રીશ્રીએ વાત કરી એ બિલકૂલ સાચી છે. ડો. એચ.એલ.ત્રિવેદી આની સાથે સંકળાયેલ છે ત્યારે નિઃશંકપણે આ બિલને ટેકો આપીએ છીએ. સતત નવા નવા સંશોધનો, સતત નવી વસ્તુઓ એક એક મિનિટે કંઇકને કંઇક નવું મેડિકલ સાયન્સમાં આવતું હોય છે. ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશનની શરૂઆત લાંબા સમય પહેલાં થઇ. ૧૦ વર્ષ પહેલાં આવી યુનિવર્સિટીની આપણે સ્થાપના કરી હોય એવી જરૂરિયાતો એ સમયથી ઉભી થઇ હતી. ''દેર આયે દુરસ્ત આયે'' જે થયું એ સારું થયું છે. આ એક યુનિવર્સિટીની શરૂઆત થઇ રહી છે. મારું નમ્રભાવે મંત્રીશ્રીને સૂચન છે કે અહીં આપણે ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સ્પ્લાન્ટેશન એન્ડ સાયન્સિઝ યુનિવર્સિટી બનાવીએ છીએ એની આગળ ડો. એચ.એલ. ત્રિવેદી ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સ્પ્લાન્ટેશન એન્ડ સાયન્સિઝ એવું નામ રાખીએ. એ નામ ચિરંજીવી રહેશે અને એ નામ સાથે જોડાવાના કારણે એ નામની તો પ્રતિષ્ઠા છે જ પણ એ નામના કારણે યુનિવર્સિટીની પ્રતિષ્ઠા વધશે એમ કહેતા હું ખચકાતો નથી. બહુ જ નજીકથી એમની સાથે કામ કર્યું છે, એટલા માટે આ વાત કરું છું. ૧૯૯૨માં આરોગ્ય વિભાગમાં મંત્રી હતો અને મોબાઇલનો જમાનો ન હતો. એવા સમયમાં એક દિવસ ફોન આવ્યો કે ડો. એચ.એલ.ત્રિવેદી સાહેબ એમની ઇન્સ્ટીટયૂટના કેટલાક પ્રશ્નો માટે મળવા માગે છે. મેં કહેવડાવ્યું હતું કે એ વ્યક્તિત્વને મિનિસ્ટરના કાર્યાલયમાં ન આવવાનું હોય, મિનિસ્ટર એમને મળવા માટે કીડની ઇન્સ્ટીટયૂટ જશે. ત્યાં બેસીને કેટલીક બાબતો અને એમાં ખાસ કરીને મારા વિભાગના એ વખતના કેટલાક બ્યુરોક્રેટસ દ્વારા પણ કેટલીક મુશ્કેલીઓ આવતી હતી ત્યારે મેં મારા અધિક મુખ્ય સચિવશ્રીને બોલાવીને કહ્યું હતું કે, કીડની ઇન્સ્ટીટયૂટ, કાર્ડિયાક ઇન્સ્ટીટયૂટ અને કેન્સર ઇન્સ્ટીટયૂટ એ સેવાનું કામ કરતા ઘણા એવા વ્યક્તિઓ સંકળાયેલા છે કે જેમના યોગદાનના કારણે આ ઇન્સ્ટીટયૂટ ચાલે છે. ત્યાં આપણો ઇગો ન હોવો જોઇએ. સરકારથી ઉપર એ વ્યક્તિત્વ છે એમ માનીને મિનિસ્ટર કે ચીફ મિનિસ્ટરથી એ ઉપર છે એટલું માન અને સન્માન એમને મળે એ આવકારદાયક છે. કેટલાક નાના સૂચનો કરીને હું મારી વાત પૂરી કરવા માગું છું. પાના નં. ૮ ઉપર એક પ્રોવિજન સેકશન ૧૧માં સબ સેકશન ૧૮ જરૂર જણાય તે પ્રમાણે પ્રત્યારોપણ, ટ્રાન્સ્પ્લાન્ટેશન અને સંલગ્ન સ્પેશિયાલિટીનો વિભાગ શરૂ કરવો, વિકસાવવો, તેમાં સુધારણા કરવી અને આવા અભ્યાસક્રમો માટે નક્કી કરવામાં આવે તેવી સૂચનાઓ આપવી. આપના મારફતે માનનીય મંત્રીશ્રીને કે નમ્ર સૂચન છે આ એક જટિલ વિષય છે અને સ્પેશિયાલિટીઝનો વિભાગ ભવિષ્યમાં શરૂ કરવાની વાત આપણે કરીએ છીએ. જરૂર જણાય તે પ્રમાણે, હું માનું છું કે આજની વધારેમાં વધારે આવશ્યકતા છે અને ડો. એચ.એલ. ત્રિવેદી સાહેબ જેવા વ્યક્તિત્વની હાજરીમાં જેટલા સુપર સ્પેશિયાલિટીના કામો શરૂ કરી શકીએ એટલો યુનિવર્સિટીને વધારે ફાયદો થવાનો છે. એક્ઝિક્યુટીવ કાઉન્સિલ અને સંચાલક મંડળની આ વિધેયકમાં જોગવાઇ કરવામાં આવી છે. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ, બન્ને પક્ષેથી મેડિકલ ગ્રેજ્યુએટસ આ ગૃહમાં વર્ષોનો ઇતિહાસ ચકાસીએ તો બન્ને પક્ષેથી કમસે કમ એક એક મેડિકલ ગ્રેજ્યુએટ ચૂંટાઇને ધારાસભામાં આવે છે. આપણે આ વિધાનસભા ગૃહના બે સભ્યો એક એ તરફથી પાર્ટ ઇન પાવર અને એક પાર્ટ ઇન ઓપોઝિશન તરફથી જો ત્યાં આગળ મૂકાય તો કેટલાક પ્રશ્નો અંગે યુનિવર્સિટીને મુશ્કેલી હશે એને વાચા આ વિધાનસભા ગૃહમાં આપવા માટે, કોઇ પોલિટીકલ વાત ન હોય, કારણ કે આ વિષયના ગ્રેજ્યુએટ હોય એમને જ મૂકવાના રાઇડર સાથે મૂકવાની જોગવાઇ કરીએ તો એ આવકારદાયક રહેશે. પન નં. ૧૪ સેકશન ૪૦ તરફ પણ ધ્યાન દોરું છું, એમાં જે સંચાલક મંડળની વાત કરી છે અને ગુજરાતી વર્જનમાં પાન ૧૭ ઉપર સેકશન ૨૩ થી એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સત્તાઓ અને કાર્યો, મારી વિનંતી છે કે આપ એમાં થોડો ઉમેરો કરો તો આવકારદાયક રહેશે. માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મિત્ર ડો. જોષીયારા વાત કરતા હતાં, હું માનું છું કે,

કદાચ મેડિકલ સાયન્સ એટલે હોય કે એમની ઇચ્છા છે એ પ્રમાણે આગળ વધે અને માણસ મરેજ નહિ એની શરૂઆત ડો. ત્રિવેદી સાહેબથી એવી અપેક્ષા રાખું. બાકીના તો આપણાં જેવા એવાય હોય કે એ જાય તો પણ સારું જગ રાહ જોતું હોય છે પણ આવા લોકો આજીવન જીવે. પરંતુ અત્યારની જે વર્તમાન પરિસ્થિતિ છે એમાં જન્મે છે એ મૃત્યુ પામે છે. કોઇ જ ચિરંજીવી નથી. ત્રિવેદી સાહેબ છે ત્યાં સુધી કોઇ ચિંતા નથી. એમ ઇચ્છીએ કે **''શતમ્ જીવમ્ શરદ્''** એમનું ખૂબ લાંબુ આયુષ્ય રહે. પરંતુ સેકશન ૩૯, હું માનું છે કે આમાં આપણે ગંભરતાથી વિચારવાની જરૂર છે. કલમ–૩૯ આ યુનિવર્સિટી, નીચે એ કહે છે કે– આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ વિનિયમો અનુસાર શુદ્ધબુદ્ધિથી અથવા કરવાનું અભિપ્રેત હોય તેવા કોઇ કાર્યના સંબંધમાં, યુનિવર્સિટીના ઉપકુલાધિપતિ, કુલપતિ, નિયામકો, પ્રધ્યાપકો, સહ–પ્રાધ્યાપકો, મદદનીશ પ્રાધ્યાપકો, ડીન, રીડર બધાંજ કર્મચારીઓ સહિત કોઇ દાવો, ફોજદારી કામ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઇ શકશે નહિ અને કોઇ નુકસાન બદલ તેમની પાસેથી કોઇ વળતર માંગી શકાશે નહિ.

માનનીય અધ્યક્ષશ્રી, ડેવલપ કંન્ટ્રીમાં જેને પોષાય છે એ સારવાર લેવા માટે બહાર શા માટે જાય છે? કારણ કે એક accountability છે અને એક ડર છે કે મને શું કરશે? I will have to be more careful, I am sure કે જ્યાં સુધી ડો. ત્રિવેદી છે ત્યાં સુધી આની ચિંતા જ નથી, સહેજ પણ શંકા નથી. પરંતુ આ એક બહુ સંવેદનશીલ ઓરગન ટ્રાન્સ્પ્લાન્ટેશનનો વિષય છે અને એટલા માટે જો વિકસિત દેશો પણ આવા રાઇડર ના રાખતાં હોય, આપણે આ રાઇડર રાખીશું એમાં મારી ચંતા એ છે કે– હમણાં થોડા સમય પહેલાં મેં એમને ખૂબ convince કરાવવાનો પ્રયત્ન કરેલો અમારાં એક મિત્રને કે આપ અમદાવાદ કીડની ઇન્સ્ટિટ્યૂટમાં ટ્રાન્સ્પ્લાન્ટ કરો પણ નહિ સિંગાપુર કરવી છે અને એમણે સિંગાપુર ટ્રાન્સ્પ્લાન્ટેશન કર્યું. I have personally visited to that person. મારો અંગત મિત્ર છે. હું સિંગાપુર ત્રણ દિવસ રોકાયો હતો અને જ્યાં દાખલ થયાં હતાં એ હોસ્પિટલ ના લાગે. 7-start hotel માં જતાં હોઇએ એ પ્રકારની પરિસ્થિતિવાળી એ હોસ્પિટલ. અહીંયા આ ચિંતા એટલા માટે રહે છે કે એ એમ કહે છે કે ત્યાં ડોક્ટર્સની accountability છે. If something goes wrong, હું એને જવાબદાર ઠેરવી શકીશ. આપણે ખોટા કેઇસિસને પ્રમોટ કરવા માગતા નથી. સાચા ડોક્ટર્સને તકલીફ પડે એવું કરવા માગતા નથી. But, we will have to trust our judiciary અને આપણે આપણાં દર્દીઓને પણ, આપણે અહીંયા તો ડોક્ટર એટલે ભગવાન. કદાચ ખોટું થાય તો પણ ૯૦% આપણો ગુજરાતી એમ માને કે મારું નસીબ અને ભગવાનની ઇચ્છા હશે. આવરદા નહિ હોય તો થઇ રહ્યું. એ હદ સુધી આપણે માનનારા લોકો છીએ. પરંતુ જે ડોક્ટર operation perform કરે અથવા જેની જવાબદારી છે અને શુદ્ધબુદ્ધિ હતી કે નહિ એ નક્કી કરવાનું કામ કોર્ટ ઉપર છોડીએ. If tomorrow judiciary will decide that હા, એમણે શુદ્ધબુદ્ધિથી કામ કર્યુ હતું. એ દાવામાંથી બરી થશે, કેસમાંથી બરી થશે, પણ એના ઉપર accountability રહે એ પણ મને લાગે છે કે અત્યંત આવશ્યક છે. આજ વિધાનસભા ગૃહમાં કદાચ અત્યાર સુધીના ઇતિહાસમાં એક જ માત્ર એવો દાખલો છે કે ઓરગન ટ્રાન્સ્પ્લાન્ટેશનનો છે કે જ્યારે સામાન્ય રીતે મિનિસ્ટર બિલ લાવે એ પસાર થતું હોય છે. ખાનગી સભ્ય બિલ લાવે. સરકાર એ બિલનો સ્વીકાર કરે અને એ બિલ કાયદાનું સ્વરૂપ લે એવું વિધાનસભાના ઇતિહાસમાં માનનીય અધ્યક્ષશ્રી મારા નોલેજમાં તો માત્ર એક દાખલો છે અને એની ક્રેડિટ પણ જો કોઇને આપવી હોય તો ડો. એચ. એલ. ત્રિવેદી સાહેબને ક્રેડિટ આપી શકાય. હું વિધાનસભામાં સત્તાધારી પક્ષમાં નહતો, એક સભ્ય તરીકે હતો અને ડો. ત્રિવેદી સાહેબે મને કહ્યું કે, આવો કાયદો બનતો નથી આવો કાયદો બનવો જોઇએ. આપણે ત્યાં ગરીબ માણસનું ઓરગન લે. કુટુંબના સભ્યો કીડની આપી શકે તેમ હોય તે કીડની આપે નહીં અને વેચાતી કીડનીઓ લેવાય છે. આ બંધ થવું જોઇએ અને આનો કાયદો બનવો જોઇએ. મને એમણે આખું બિલ ડ્રાફ્ટ કરીને આપેલું. થોડી technicality add કરીને એ વખતના વિધાનસભાના સચિવશ્રીએ મારી સાથે બે કલાક બેસીને એમણે પણ યોગદાન આપ્યું. અને આ વિધાનસભા ગૃહમાં એ ખાનગી મેમ્બર તરીકે હ્યુમન ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશન પ્રોહિબિટ કરવા માટેનું વિધેયક આવ્યું અને સરકારે એમ કહ્યું કે, આ ખાનગી સભ્યના બિલનો અમે સ્વીકાર કરીએ છીએ અને આમાં જે પરિસ્થિતિ છે એ સુધારીને સરકાર આજ સત્રમાં આજ કાયદાનું બિલ લઇને આવે અને સર્વસંમતિથી એક ખાનગી સભ્યનું બિલ સ્વીકારાય અને એ પછી આપણે ત્યાં હ્યુમન ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશન ઉપરનો કોઇ અંકૂશ નહતો,

એ આપણે અંકૂશ લાવી શકયા હતા. હું ફરી વખત આ બિલનું સ્વાગત કરું છું અને માનનીય મંત્રીશ્રીને પુન: વિનંતી કરું છું કે, યુનિવર્સિટીની ક્રેડીબિલીટી વધારવા માટે પણ ડો.એચ.એલ.ત્રિવેદીના નામ સાથે જોડીને આ યુનિવર્સિટીને બનાવવામાં આવે એવી વિનંતી કરું છું અને જે મારા બંને માનનીય સભ્યશ્રીઓએ ચિંતા કરી, એની આપ ચિંતા સેવીને મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની જે કાંઇ એફિલીએશનમાં જરૂરિયાત પડતી હોય આપણા ગુજરાતનું મેડિકલ કાઉન્સિલમાં ખૂબ વેઇટેજ છે. તો એ વગનો ઉપયોગ કરીને પણ એ જોડાણ લેવાય એ ચિંતા વાજબી છે. એ પૂરું થાય એટલી ચિંતા આપ રાખજો. અને છેલ્લું એક સૂચન એવું છે કે, અહીં શરૂઆતના તબક્કે, કારણ કે, આ એક એવું કામ છે કે, જે નવા કામમાં લોકોને જવાનું છે, રૂટિન જે કામથી બહાર હટીને. તો જે કોઇ અહીંયા અભ્યાસ માટે આવે, જે કોઇ અહીંયા આ વ્યક્તિ આમાં આવે એના માટે ગવર્નમેન્ટ બોન્ડ આપે કે, તને બીજે કામ નહીં મળે તો અહીંયા જે કામ કરેલું છે એને સરકાર બોન્ડ આપે કે, અમારી ઇન્સ્ટિટયૂટ કે અમારા બીજા વિભાગોમાં તમને નોકરીની ગેરંટી આપીએ છીએ જો તમે કામ કરવા માગતા હોવ તો. તો જે એક ચિંતાની પરિસ્થિતિ ખાસ કરીને આપણે મેરી ટાઇમ યુનિવર્સિટીની સ્થાપના કરી અને પછી એમાંથી જે ગ્રેજ્યુએટ થયા છોકરાઓ, એને ક્યાંય કોઇ જગ્યાએ ચાન્સ નહીં મળ્યો અને એક ચિંતાનો વિષય ઉભો થયો હતો, એવી પરિસ્થિતિ નહીં થાય આટલા જ શબ્દો સાથે આ બિલને સમર્થન કરીને વિરમું છું.

અધ્યક્ષશ્રી : મારે આ ગૃહને જણાવવાનું છે કે, આજે બીજી બેઠક પણ છે અને હજુ આપણી પાસે બે બિલો બાકી છે. તો માનનીય સભ્યશ્રીઓને અને મંત્રીશ્રીઓને હું પોતે તો સમય મર્યાદા બાંધી શકતો નથી પણ મંત્રીશ્રી અને સભ્યશ્રી પોતે સમય મર્યાદા બાંધે પ્રવચનમાં એવી વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓએ આ બિલને કોઇ પણ રાજકીય અવલોકન સિવાય મંજૂર કરવા માટેની જે લાગણી બતાવી છે એ બદલ માનનીય ડો.જોષીયારાજી, માનનીય શક્તિસિંહ અને ડો. તેજશ્રીબેનનો અને અમારા પક્ષના સભ્યોએ તો મૂક સંમતિ આપી છે, બોલ્યા જ નથી. સરકાર કરે એ સારું જ કરે છે એવી મૂક સંમતિ આપી છે. તે બદલ સરવનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું પણ વધારે સમય નહીં લઉં. માનનીય શ્રી શક્તિસિંહજીએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે, એમાં હું માનનીય શ્રી શક્તિસિંહજીનું ધ્યાન દોરું કે, એમાં સાહેબ આપણે એવું લખેલું છે કે, શુદ્ધ બુદ્ધિથી કરેલ અથવા કરવાનું અભિપ્રેત હોય તેવા કોઇ કાર્યના સંબંધમાં એટલે ક્યાંક એવું લાગે કે, ખોટી રીતે કર્યું છે, ગેરરીતી કરી છે, સંસ્થાને કે દર્દીને નુકસાન થાય એવું પ્રથમ દ્રષ્ટિએ કર્યું છે તો એમાં આપણે કોઇ કાયદાકીય એમાં છટકબારી રાખવા માગતા નથી. પણ કોઇએ શુદ્ધ બુદ્ધિથી કર્યું હોય, ડોકટરે તમામ પ્રયત્ન કર્યા હોય છતાંય દર્દીને સંતોષ ના થતો હોય તો એવું રક્ષણ આપવા માટે જ. આપ વાંચો પ્રથમ લીટીમાં જ છે કે, શુદ્ધ બુદ્ધિથી અથવા કરવાનું અભિપ્રેત હોય, એ સ્પષ્ટ કર્યું છે. એટલે કોઇ વ્યક્તિને આપણે કોઇ કાયદાથી મળતા અધિકાર રોકતા નથી, બીજું એમણે જે સૂચન કર્યું છે કે, હાઉસના જે ડોકટરો હોય એમના ભવિષ્યમાં આ સંસ્થામાં કોઇ સારી કામગીરીમાં કે જવાબદારીમાં જોડી શકાય તો એ એમનું સૂચન છે. અભ્યાસ કરી લઇશું, કાયદાની રીતે અથવા તો વહીવટની રીતે પણ જો શક્ય હશે તો ચોક્કસ આપણે એના માટે હકારાત્મક રીતે વિચારીશું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, આ સંસ્થાનું નામ અત્યારે જોડાયેલું જ છે. બીજું મારે આપને સૌને કહેવું છે કે, આ સંસ્થાનું નામ સરકારે નક્કી નથી કર્યું. જ્યારે ત્રિવેદી સાહેબને અને એમની ટીમ સાથે મિટિંગ કરી ત્યારે જ અમે એમને સજેસ્ટ કર્યું કે સંસ્થાનું નામ તમે આપો. પણ અત્યારની આપણી જે સંસ્થાઓ છે એમાં શ્રીમતી ગુલાબબેન રસિકલાલ દોશી જે આપણા મુખ્ય દાતા છે અને શ્રીમતી કમળાબેન મફતલાલ મહેતા એ પણ મુખ્ય દાતા હતા. ઈન્સ્ટિટયૂટ ઓફ કીડની ડિસિઝ એન્ડ રિસર્ચ સેન્ટર અને શ્રી ત્રિવેદી સાહેબનું નામ ડો. એચ.એલ. ત્રિવેદી ઇન્સ્ટિટયૂટ ઓફ કન્સલટેશન સાયન્સીઝ એ રીતે આખું આઇ.કે.ડી.આર.સી.આઇ.ટી.એસ.નું નામ આ સંસ્થા સાથે પેટામાં જોડાયેલું રહેવાનું જ છે. એવી મારી સમજ છે, તે પ્રમાણે ત્રિવેદી સાહેબનું નામ પણ આમાં રહેવાનું છે. સ્વાભાવિક છે કે કોઇપણ સિનિયર વ્યક્તિએ નવી પેઢી તૈયાર કરવી પડે. મને આનંદ છે કે ત્રિવેદી સાહેબે આ કામ ખૂબ બુદ્ધિપૂર્વક કર્યુ છે અને ત્રિવેદી સાહેબની ટીમમાં અત્યારે ડો. પ્રાંજલભાઇ મોદી હોય કે ડો. અરૂણાબેન વણીકર હોય કે અન્ય એમના ડોકટરો ખૂબ મોટો સ્ટાફ એમની સાથે મેડિકલ ટીમમાં છે. તો હવે

બધાને માર્ગદર્શન આપે છે. રિસર્ચ કરે છે. અને ઇન્ટરનેશનલ કોન્ફરન્સમાં એ આપણા ભારત વતી આપણી સંસ્થા વતી એ પ્રતિનિધિત્વ કરે છે. બાકી નવી ટીમ એમણે તૈયાર કરી જ છે. એટલે કોઇ પણ પ્રકારની ભવિષ્યની કોઇ ચિંતા કરવાનું આપણે કોઇ પણ દ્રષ્ટીએ રહેતું નથી. બીજું, અહીંયા દાન બાબતમાં વાત થઇ તો દાન તો ભારત સરકાર, ગુજરાત સરકાર અને રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના નિયમો પ્રમાણે જે સંસ્થા આપી શકે તે જ આપે એ કાયદાકીય જોગવાઇ આપણે કરી છે. બીજી કોઇ નવીનતા આપણે ઉમેરી નથી. બીજું એમ.સી.આઇ. સાથે મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા સાથે આપણે ચર્ચા કરી રહ્યા છીએ. ગુજરાત સરકાર અને આ ટીમ એમની સાથે સતત સંપર્કમાં છે.  આપણા ડો. જયશ્રીબેન જેઓ અત્યારે એમ. સી. આઇ. ના પ્રેસિડન્ટ છે. એમની સાથે પણ આપણે મીટિંગ કરી છે. એમણે પણ આપણને બધી રીતે મદદરૂપ થવાની ખાતરી આપી છે, એટલે એમ.સી.આઇ.ના ધારા ધોરણ પ્રમાણે આ બધી ફેકલ્ટી ચલાવવાના છીએ અને એ પ્રમાણેના એમ.ઓ.યુ. કર્યા છે, એટલે જે વિદ્યાર્થીઓ આવશે એનો કેલીબરનો પણ આપણે ઉપયોગ કરી શકીશું. આ સંસ્થા સાથે સાથે અત્યારે આપણા વિસેક જિલ્લામાં જિલ્લા મથક ઉપર ડાયાલીસીસની કામગીરી પણ ચાલુ કરી છે. બે–ત્રણ વર્ષ પહેલાં ફકત અમદાવાદમાં આવીને બધાએ ડાયાલીસીસ કરાવવું પડતું હતું. અહીયા ઘસારો થતો હતો. દર્દીઓને તકલીફ પડતી હતી. એટલે રાજય સરકારે અમે નિર્ણય કર્યો કે કીડની ઇન્સ્ટિટ્યૂટને જવાબદારી સોંપી જિલ્લા મથકો ઉપરની સરકારી હોસ્પિટલોમાં ડાયાલીસીસ સેન્ટર આપણે શરૂ કરવાં અને ૨૦ જેટલા જિલ્લામાં ડાયાલીસીસ સેન્ટરો આપણે શરૂ કરી દીધાં છે. એના ડાયાલીસીસ ટેકનિશિયનની તાલીમ અને શિક્ષણ પણ આપણી કીડની ઇન્સ્ટિટ્યૂટમાં જવાબદારી સોંપી છે, એટલે આખા રાજયમાં ડાયાલીસીસની સુવિધા ઉભી થાય અને અમદાવાદની મુખ્ય હોસ્પિટલમાં ભારણ ઓછું થાય તે પણ આપણે કર્યુ, એટલે આ બધુ ધ્યાનમાં રાખી આ બિલ સર્વાનુમતે મંજૂર કરી દીધું છે તે બદલ આપ સૌનો આભાર મનું છું.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગું છું. જે આપ યુનિવર્સિટી બનાવશો એમાં સીધુ નામ નહિ જાય અને હું નથી માનતો કે દાતા પરિવારને પણ વાંધો હોય, એટલે જેમ આપણે બરોડામાં કરેલું છે. વડોદરા યુનિવર્સિટીને ગાયકવાડ સાથે જોડીને જે વ્યવસ્થા કરેલ છે, તે જ રીતે અહીયા ડો.એચ.એલ.ત્રિવેદીના સંદર્ભમાં વિચારવા માગો છો એક,  અને બીજું જે શુદ્ધબુદ્ધિ હું સમજ્યો હતો અને એ કલમ મેં વાંચી છે, પણ એ એમના ઉપર રાખવાના બદલે લેટ ઇટ ગો ટુ વિઝડમ ઓફ ધ કોર્ટ. એટલે કોર્ટ નક્કી કરે, એટલે ભવિષ્યમાં ભલે આપ સુધારો લઇને આવો. આજે બિલ પસાર કરીએ. આપ ટેકનિકલી જોઇ લેજો કે શુદ્ધબુદ્ધિ હતી કે નહીં? એ કોર્ટ નક્કી કરે. આપણા દર્દી ઉપર નાખવાના બદલે તે ત્યાં રાખીએ એટલું જ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી મેં અગાઉ કહ્યું છે કે આ આખી યુનિવર્સિટી જે બનાવીએ છીએ એની સાથે જૂના દાતાઓનાં નામ એમણે જે હોસ્પિટલો ઉભી કરી છે, જે રિસર્ચ સેન્ટર ચાલે છે, અથવા અન્ય દાતાઓએ ભૂતકાળમાં દાન આપ્યું છે, અથવા ભવિષ્યમાં જે દાતાઓ દાન આપશે તેની પદ્ધતિ પ્રમાણે નામકરણ, વોર્ડ ઉપર, અથવા ઇન્સ્ટિટ્યૂટ ઉપર લેબોરેટરી ઉપર આ બધુ જ ચાલુ છે, એટલે ત્રિવેદી સાહેબનું નામ એ રિસર્ચ સેન્ટર સાથે જોડાયેલું છે, તે યથાવત રહેવાનું છે.

ડો. તેજશ્રીબેન  દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ડો.એચ.એલ. ત્રિવેદી પ્રત્યે ખૂબ જ માન છે.

અધ્યક્ષશ્રી : નહિ, નહિ શું છે? રાઇટ ઓફ કવેશ્ચન છે? શું છે?

ડો. તેજશ્રીબેન  દિ. પટેલ : પોઇન્ટ ઓફ કલેરિફિકેશન છે.

અધ્યક્ષશ્રી : નહિ, આપને એલાઉ કરતો નથી. એમનું માઇક બંધ કરો.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૧૦નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૪૩, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની**.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૧૦નું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૧૦નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૧૧
## ગુજરાત કોર્ટ–ફી (સુધારા) વિધેયક, ૨૦૧૫
## ગુજરાત કોર્ટ–ફી અધિનિયમ, ૨૦૦૪ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા **(**કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૧૧ સન ૨૦૧૫ના ગુજરાત કોર્ટ–ફી (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંકઃ૧૧ સન ૨૦૧૫ના ગુજરાત કોર્ટ–ફી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે જ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ કાયદા વિભાગની માગણીઓ લઇને હું આવ્યો હતો. મારી માગણીઓની અંદર ગુજરાત સરકારની પોતાની સ્ટેટ લીટીગેશન પોલીસી છે. આ પોલીસીના અંતર્ગતમાં આગામી દિવસોમાં કોર્ટની અંદર પણ ઇ–ગવર્નન્સના માધ્યમથી તેની અંદર વ્યાપક સુધારાઓ અને વ્યાપક સૂચનો નામદાર હાઇકોર્ટે કર્યા હતા તે પૈકી કેટલીય વસ્તુઓ આગામી દિવસોમાં અમલમાં આવવાની છે. તે પૈકીનો ગુજરાત કોર્ટ ફી એક્ટ ૨૦૦૪ છે. આ ગુજરાત કોર્ટ ફી એક્ટ ૨૦૦૪માં આજે હું ગુજરાત કોર્ટ ફી એમેન્ડમેન્ડ બિલ ૨૦૧૫ લઇને આવ્યો છું તે પૈકીની જુદી જુદી કલમ–૨, ૧૬, ૧૭, ૨૧, ૩૭, ૩૮, ૩૯ અને ૪૨ કુલ આઠ જેટલી કલમોના સુધારા હું સન્માનનીય સભાગૃહ સમક્ષ લઇને આવ્યો છું. ગુજરાત કોર્ટ ફી એક્ટ ૨૦૦૪ છે તે કોર્ટો અને જાહેર ઓફિસોમાં લેવામાં આવતી ફી તથા અન્ય કેટલીક બાબતો માટે લેવામાં આવતી ફીનો આનુષાંગિક કાયદો છે. ગુજરાત કોર્ટ ફી એક્ટ ૨૦૦૪ની જોગવાઇઓ અનુસાર આ એક્ટની અંદર અનુસૂચિ–૧ અને અનુસૂચિ–રમાં દર્શાવેલ દરે ફી ભર્યા સિવાય કોઇપણ દસ્તાવેજ કોર્ટમાં દાખલ કરી શકાતો નથી કે તેને સ્વીકારી શકાતો નથી. આ એક્ટ હેઠળ જણાવવામાં આવેલી ફી મુજબની ફી સાથેનો કોઇ દસ્તાવેજ રજૂ કરવામાં આવે છે કે નહીં તે કોર્ટ અથવા રાજય સરકાર દ્વારા નિયુકત કરેલા ઇન્સપેક્ટર દ્વારા સુનિશ્ચિત કરવાનું રહે છે. જે કિસ્સામાં ઠરાવેલ દર કરતાં ઓછી ફી અથવા દસ્તાવેજ રજૂ કર્યો હોય તો ઇન્સપેક્ટર દ્વારા યોગ્ય ફી વસૂલ કરવા માટે કોર્ટનો ફીનો રેફરન્સ દાખલ થાય છે. આ ગુજરાત કોર્ટ ફી ૨૦૦૪ જેમાં કોર્ટમાં ફી ભરવા માટેની વ્યાપક જોગવાઇઓ આવેલી છે. તેવી જ રીતે યોગ્ય કિસ્સામાં વધારાની ફી પરત લેવા માટેની પણ જોગવાઓ કરવામાં આવેલી છે. આ આખા એક્ટની અંદર કલમ ૩૭(૧)મુજબ ભરવા પાત્ર થતી તમામ ફી, કોર્ટ ફી, સ્ટેમ્પ ચોંટાડીને ભરવાની અને કલમ ૩૮ની જોગવાઇ મુજબ આવા કોર્ટ ફી સ્ટેમ્પ એડહેસિવ કે ઇમ્પ્રેસ અથવા આંશિક રીતે એડહેસિવ કે આંશિક રીતે ઇમ્પ્રેસ હોય એ આવશ્યક છે. ગુજરાત એ પ્રગતિશીલ રાજય છે અને પ્રગતિશીલ રાજય હોય ત્યારે રાજયની અંદર નાના મોટા લિટિગેશનનું પ્રમાણ પણ વધતું રહેવાનું, ત્યારે કોર્ટ ફી સ્ટેમ્પ અથવા યોગ્ય કિંમતના કોર્ટ ફી સ્ટેમ્પની ક્યારેક ક્યારેક અછત પણ વર્તાતી હોય છે તેવા સંજોગોમાં કોર્ટ ફી સ્ટેમ્પ ન મળવાના કારણે આવા દાવા દાખલ કરવાની નાની મોટી મુશ્કેલીઓનો અનુભવ કરવો પડતો હોય છે એના માટે આજે કોર્ટ ફી એક્ટ ૨૦૦૪માં ઘણાં સમયથી સુધારો કરવા માટે અને ૨૨–૭–૨૦૧૪ અને ૨૨–૧૧–૨૦૧૪ના નામદાર હાઇકોર્ટના પત્રથી ગુજરાત કોર્ટ ફી એક્ટ ૨૦૦૦માં સુધારો કરીને ઓનલાઇન પેમેન્ટ ગેટ વે એટલે ઇ–પેમેન્ટ પદ્ધતિ દાખલ

* વિધેયક સન ૨૦૧૫ના માર્ચ મહિનાની ૧૬મી તારીખે ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કરવાની ભલામણ કરી છે જેના સંદર્ભમાં હું આ સન્માનીય સભાગૃહ સમક્ષ સુધારો લઇને આવ્યો છું અને આ સુધારાની મેં કહ્યું તે પ્રમાણે ૮ કલમો એમાં કલમ ૨ છે જેની અંદર હાલ ઇ–પેમેન્ટની કોઇ જોગવાઇ નથી એની જગ્યાએ કલમ ૨(બ) ઇ–ચૂકવણી, ઇ–પેમેન્ટ એટલે કે ઠરાવવામાં આવે તેવી રીતે ઇલેક્ટ્રોનિક પધ્ધતિ અથવા તે હેતુ માટે ગોઠવવામાં આવે તેવી પદ્ધતિથી આ અધિનિયમ હેઠળ કોર્ટ ફીની ચૂકવણી અથવા રીફંડ એનો સમાવેશ કરીશું. જે કલમ–૧૬ છે એમાં ફેસલાની ફેરવિચારણા માટે અરજદારની અરજી જો વિલંબથી કરવામાં આવી હોય અને આવા વિલંબ બદલ અરજદાર જવાબદાર ન હોય તો કોર્ટ પોતાના વિવેક અનુસાર આવી વધારાની ફી પાછી આપવા અરજદારને અધિકૃત કરી શકશે. આની અંદર પણ પેટા કલમ–૧ હેઠળ જોગવાઇ કર્યા પ્રમાણે ફીના નાણા પાછા આપવા જોઇએ, જે ઇ–ચૂકવણીથી પણ પાછા આપી શકશે એ પ્રમાણેની જોગવાઇ છે. કલમ–૧૭ની અંદર ફેંસલાની ફેર વિચારણા માટે અરજદારની અરજી અન્વયે જો હકીકતની ભૂલના કારણે કોર્ટ ફેર વિચારણા કરે અને જો ફી પાછી આપવાની થાય તો પરત આપવા અરજદારને અધિકૃત કરી શકાશે. આ ઇ–પેમેન્ટ દ્વારા આવી વધારાની ફી રીફંડ કરી શકશે એના માટે કલમ–૧૭ને પેટા કલમ (૧) તરીકે નંબર આપીને નીચે મુજબની પેટા કલમ–૨ ઉમેરવાનો સુધારો છે અને કલેકટરે પેટા કલમ –૧ હેઠળ જોગવાઇ કર્યા પ્રમાણે એવી ફીના નાણા પાછા આપવા રીફંડ કરવા જોઇએ જે ઇ–ચૂકવણીથી પાછા આપી શકાશે. એ પ્રમાણે કલમ–૨૧ની અંદર પણ પ્રોબેટ અથવા વીલના કેસના અરજદારે દર્શાવેલ મિલકતની કિંમતના આધારે ફી ભરેલ હોય અને તેમાં તફાવત આવે તો આવી રકમ અરજદારને પરત કરવા માટે કોર્ટ હુકમ કરી શકશે. આમાં ઇ–પેમેન્ટ દ્વારા આવી વધારાની ફી રીફંડ કરી શકશે એના માટે કલમ–૨૧માં અથવા તે નાણામાં તે તફાવત ભરી શકશે એ શબ્દોના બદલે (અંતરાય)

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા બાબત**

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું દરખાસ્ત કરું છું કે કામકાજ સલાહકાર સમિતિમાં નક્કી થયા મુજબ આજના એજન્ડા ઉપરના ૫ બિલો પસાર થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્ય દંડકની જે સમય લંબાવવાની દરખાસ્ત છે એમાં મારું સમર્થન છે.

અધ્યક્ષશ્રી : આજના એજન્ડા ઉપરના પાંચેય બિલ પસાર થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, અથવા તે તફાવતના નાણા પાછા આપી શકે જે ઇ–ચૂકવણીથી પણ પાછા આપી શકે તે શબ્દો મૂકવાનો સુધારો આ કલમ–૨૧ની અંદર છે. એ પ્રમાણેની મુખ્ય કલમ છે કલમ–૩૭ અને કલમ ૩૭(૧) હેઠળની હાલની જોગવાઇઓ મુજબ આ અધિનિયમ હેઠળની તમામ ફી કોર્ટ માત્ર ફી સ્ટેમ્પ દ્વારા લેવાની જોગવાઇ છે એની જગ્યાએ કલમ ૩૭(૧)માં સ્ટેમ્પ દ્વારા એ શબ્દો પછી ઇ–ચૂકવણી દ્વારા એ શબ્દો મૂકવા. એનો સુધારો સજેશ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૩૮ અને કલમ–૩૮ની હાલની જોગવાઇ મુજબ કોર્ટ ફી સ્ટેમ્પ એ એડહેસિવ અથવા ઇમ્પ્રેસ્ડ પ્રકારે અથવા આંશિક પ્રકારે એડહેસિવ અને આંશિક રીતે ઇમ્પ્રેસ્ડ પ્રકારે ચોડવાના થાય છે. એમાં કલમ–૩૮માં કોર્ટ ફીની ચૂકવણી કોર્ટ દ્વારા કરવામાં આવતી હોય તે કિસ્સામાં એવી રીતે ઉપયોગ કરાતા સ્ટેમ્પ રાજ્ય સરકાર, રાજપત્ર, જાહેરનામાથી વખતોવખત આદેશ કરે તેવા છાપ પાડેલા અથવા ચોંટાડી શકાય એવા અંશતઃ છાપ પાડેલા અથવા અંશતઃ ચોંટાડી શકાય તેવા હોવા જોઇએ.

ત્યારબાદ કલમ–૩૯માં આ રાજ્ય સરકારને નિયમો ઘડવાની સત્તા છે, એમાં પણ –(ચ) ઇ–ચૂકવણીથી કોર્ટ ફીની ચૂકવણી અને તેના રિફંડની રીત બાબતમાં ઉમેરો કર્યો છે, કલમ–૪૨ એ સ્ટેમ્પ રદ કરવાની પ્રક્રિયાની બાબતની જોગવાઇ દર્શાવતી છે, આની અંદર કોર્ટ ફી ઇ–ચૂકવણી દ્વારા કરવામાં આવતી હોય ત્યારે સ્ટેમ્પ રદ કરવા સક્ષમ અધિકારીએ ચૂકવણીના સાચાપણાની ખરાઇ કરવી જોઇશે અને તેને ખાતરી થાય કે કોર્ટ ફી ભરવામાં આવી છે તે પછી તેને કમ્પ્યુટરમાં તે બાબતની નોંધ લોક કરી અને દસ્તાવેજ ઉપર તેની સહીથી શેરો કરવો જોઇએ કે કોર્ટ ફી ભરેલી છે અને તેની નોંધ લોક કરેલી છે. આ કલમ–૪૨ની અંદર છે. આમ

પ્રવર્તમાન કોર્ટ ફી સ્ટેમ્પ ચોડીને દાવા, અરજીઓ વિગેરે દાખલ કરવાની પદ્ધતિની સાથે સાથે ભરવાપાત્ર ઇ–પેમેન્ટ દ્ધારા ભરી શકાય એ પ્રમાણેનો આ નવો સુધારો સમગ્ર સન્માનનીય હાઉસ સમક્ષ લાવ્યો છું. ઓનલાઇન પેમેન્ટ ગેટવે ઇ–પેમેન્ટની પદ્ધતિ સમગ્ર દેશની અંદર ગુજરાતનું આ ક્રાંતિકારી પગલું રહેશે અને આ ક્રાંતિકારી પગલાંના માધ્યમથી રાજ્ય સરકાર અને ખાસ કરીને અરજદારને લિટિગન્ટને એના વ્યાપક ફાયદાઓ થવાના છે ત્યારે આ રાજ્ય સરકાર ઇ–ગવર્નન્સ અને આ ઇ–સ્ટેમ્પીંગવાળી જે સિસ્ટમ છે એ સન્માનનીય સભાગૃહમાં નાના મોટા સુધારા લઇને હું આવ્યો છું તો સન્માનનીય સભાગૃહ આ રાજ્યના અરજદારોને કેન્દ્રમાં રાખીને આ સુધારો હોઇ સૌ એને આવકારે એ પ્રમાણે હું આપ સૌને વિનંતી કરું છું.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદામંત્રીશ્રી જે ગુજરાત કોર્ટ ફી સુધારા વિધેયક, ૨૦૧૫ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરું છું અને સૂચનો પણ રજૂ કરું છું અને આ બિલને સમર્થન પણ હું આપું છું. માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી કે કોઇપણ કેસ દાખલ કરવો હોય ત્યારે કોર્ટ ફી ભર્યા બાદ જ આ કેસો દાખલ થતાં હોય છે. વાત સાચી છે ત્યારે માનનીય મંત્રીશ્રીને મારી એક વિનંતી છે કે, આ જે ઇલેકટ્રોનિક ઓન લાઇન પદ્ધતિથી જ્યારે આ ઇ–ચૂકવણી, ઇ–પેમેન્ટ અંગેનું નવું બિલ લઇને આવ્યા છે ત્યારે આપણે જોઇએ છીએ કે સમગ્ર દેશમાં આજે બેન્કીંગ વ્યવસ્થા પણ ઓન લાઇન સિસ્ટમથી ચાલે છે આ સિસ્ટમમાં ઘણીવાર કોઇ ટેકનીકલ કારણસર વાયરસ આવી જવાના કારણે આવા પ્રસંગો બને ત્યારે આવી આખી સિસ્ટમ ખોરવાઇ જાય છે. કોર્ટમાં કોઇપણ કેસ દાખલ કરવાનો હોય એની એક ચોક્કસ સમય મર્યાદા હોય છે, ૯૦ દિવસની મર્યાદા હોય, અને જો દાવો દાખલ કરવાનો હોય તો ૯૦ દિવસમાં દાખલ કરી દેવો પડે છે, ૧૨૦ દિવસની સમય મર્યાદા હોય તો ૧૨૦ દિવસમાં દાવો દાખલ કરી દેવો પડે છે અને તેના ઉપર જરૂરી સ્ટેમ્પ વાપરવો પડે છે. પણ જ્યારે આવી પરિસ્થિતિ ઉભી થાય ત્યારે સન ૨૦૦૪ના કોર્ટ ફી એકટ મુજબ પણ માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે ઉદ્દેશોમાં જણાવ્યું છે કે, વિદ્યમાન જે નિયમો છે એ પણ ચાલુ રહેશે ૨૦૦૪ના, પણ મારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે આજે ગુજરાત રાજ્યમાં લગભગ ઘણા બધા સ્ટેમ્પ વેચનાર મતલબ કે લાયસન્સ હોલ્ડરો ગુજરાત સરકારે નિમણૂંક કરેલા છે જ્યારે ઓન લાઇન પદ્ધતિથી સ્ટેમ્પ વેચાવાના ચાલુ થશે એ રીતે સ્ટેમ્પ મળવાના ચાલુ થશે, અગાઉ પણ ઇ–ફ્રેન્કીંગથી આપણે આ પદ્ધતિ અપનાવી અને રજિસ્ટર્ડ થતાં દસ્તાવેજોમાં આ સ્ટેમ્પો આપણે વાપરતા થયા આ નવી પદ્ધતિમાં જે ઉંચી રકમના સ્ટેમ્પો છે એમાં પણ જ્યારે આ રીતેની પદ્ધતિ અમલમાં આવશે ત્યારે અરજદારોને જ્યારે એક રૂપિયો, બે રૂપિયો, પાંચ રૂપિયા, દસ રૂપિયા, વીસ રૂપિયાની જે ટિકિટો લેવાની થાય કોર્ટમાં પ્રેકટીસ કરતાં એડવોકેટ હોય એને રોજબરોજની આ જરૂરિયાત પડે. કોઇ અરજદાર આવે તેને પણ આવી અરજી ઉપર લગાવવા માટે ટિકીટની જરૂર પડે આવી ટિકીટો કયાંથી મેળવવી એ માનનીય મંત્રીશ્રી સ્પષ્ટતા કરે. કારણ કે ૨૦૦૪ના વિદ્યમાન મુજબ જો આપણે વાત કરીએ છીએ ઉદ્દેશોમાં કે ૨૦૦૪ના વિદ્યમાન મુજબના સ્ટેમ્પ પણ વેંચાશે. મારી દ્રષ્ટિએ આ સ્ટેમ્પ લાયસન્સ હોલ્ડરો છે તે હવે આ સુધારો આવ્યા બાદ તેમના લાયસન્સ જમા કરાવશે. કારણ કે ત્યાર બાદ તેમને જે કમિશન મળતું હોય કે તેમને જે આવક થતી હોય એ મળતી બંધ થશે એટલે આવા સ્ટેમ્પ હોલ્ડરો તે તેમના પોતાના લાયસન્સ સરકારમાં પરત જમા કરાવશે. મારી દ્રષ્ટિએ ત્યારે જે નાની ટિકીટો જે રોજબરોજ પ્રેકટીસ કરતા અરજદારોને, વકીલોને જયારે આ જરૂરિયાત ઉભી થશે ત્યારે એ કયાંથી મળશે એ બાબતે માનનીય મંત્રીશ્રી ચોખવટ કરે. બીજુ મારું એવુ પણ કહેવુ છે કે, આ જે સ્ટેમ્પ વેન્ડરો છે જેને આપણે લાયસન્સ ઇશ્યુ કર્યા હતા તેમનું પણ કંઇક વિચારવામાં આવે કારણ કે આવનારા દિવસોમાં એ પણ બેકાર થવાના છે. સમગ્ર સીસ્ટમ સારી છે ઓન લાઇન ઇ ચૂકવણીથી સ્ટેમ્પ મળવાના છે ત્યારે તે આખી સીસ્ટમ સારી છે પણ જે સ્ટેમ્પ વેન્ડર બેકાર થવાના છે તેના માટે પણ સરકારે વિચાર કરવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આવા એક બે સુધારા અને આ માટે કોઇ ચોક્કસ આયોજન રૂપે કંઇક વિચારી અને આ ગૃહમાં તેનો ખુલાસો કરે તો આ રાજયના સ્ટેમ્પ વેન્ડરો માટે, આ રાજયના કોર્ટોમાં પ્રેકટીસ કરતા વકીલો માટે પણ ખૂબ અનુકૂળ રહેશે. માનનીય મંત્રીશ્રી જે આ વિધેયક લઇને આવ્યા છે તેને હું મારો ટેકો જાહેર કરું છું.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત કોર્ટ ફી અધિનિયમ–૨૦૦૪માં કાયદા મંત્રીશ્રી કેટલાક સુધારા લઇને આવ્યા છે. કુલ આઠ સુધારા લઇને આવ્યા છે જે કલમ–૨, ૧૬, ૧૭, ૨૧, ૩૭, ૩૮ અને ૪૨માં છે. મારા સાથી પક્ષના ધારાસભ્ય અને ધારાશાસ્ત્રીએ જે ચિંતા વ્યકત કરી છે એ જો તમે સેકસન–૪૨ વાંચશો તો ઇ–પેમેન્ટની ચૂકવણીની તમારી એ આખી ચિંતા દૂર થઇ જશે. રહી વાત ઇ– સ્ટેમ્પ વેન્ડરની તો ઇ– સ્ટેમ્પ વેન્ડરનો એક આખો જુદો પ્રશ્ન છે. અત્યાર સુધીમાં આપને પણ ખ્યાલ હશે કે ઇ–સ્ટેમ્પમાં તેલગી કાંડ આખું હિન્દુસ્તાન જાણે છે. બોગસ સ્ટેમ્પો તૈયાર કરીને કોર્ટોમાં ભરવાના કારણે ઘણી બધી તકલીફો થતી હતી. હવે બન્ને વસ્તુ ઇ–સ્ટેમ્પથી પણ તમારો દાવો દાખલ થઇ શકે અને ઇ–ચૂકવણીથી પણ થઇ જાય. એટલે જે રીતે આ કાયદામાં એમેન્ડમેન્ટ કરવામાં આવ્યા છે તેના માટે હું મંત્રીશ્રીને અભિનંદન આપુ છું કે તેનાથી ઘણી બધી સરળતા થશે. સાહેબ અમે વકીલાત કરીએ છીએ. ઘણી વખત પેલી ૧ રૂપિયા, ૨ રૂપિયા, ૩ રૂપિયાની ટિકીટની વાત જે તમે કરી ઘણી વખત અસીલ આવ્યો હોય અને તમે અરજી લખી અને ટિકીટને જીભ ઉપર મૂકીને ચોંટાડી દીધી આ બધી પ્રથાઓ બંધ થઇ જશે.

માનનીય અધ્યક્ષશ્રી, બોગસ ઇ–સ્ટેમ્પ જે થતા હતા તે પ્રથામાં ખૂબ લાભ થશે કેમ કે તેના કારણે ઇ–સ્ટેમ્પની ચોરી થતી હતી. ઘણી વખત એવું હોય છે કે દાવો દાખલ કર્યો તો ઇ–સ્ટેમ્પ ઓછો ભર્યો છે કે ઇ–સ્ટેમ્પ વધારે ભર્યો છે અને પછીથી ઇન્સ્પેકટર તેની ચકાસણી કરે ઇ–સ્ટેમ્પ ઓછો ભર્યો હોય તો પાર્ટી સ્ટેમ્પ વધારે ભરે અને વધારે ભર્યો હેય તો તેને રિફંડ કરે. રિફંડ કરવામાં પણ ઘણી વખત એ થતા હતા પણ હવે આનાથી જે ચૂકવણી થશે એ એનાથી ચૂકવણી અને રિફંડ બન્ને વસ્તુ આનાથી કરવામાં આવશે તો હું માનુ છું કે ખૂબ સારી વસ્તુ છે. અત્યારે સમય કોમ્પ્યુટર યુગનો છે ઓન લાઇન બધુ થઇ રહ્યું છે. હાઇકોર્ટમાં, સેશન્સ કોર્ટોમાં, સીટી સિવિલ કોર્ટોમાં, લોઅર કોર્ટોમાં કોમ્પ્યુટર અને લેપટોપની જોગવાઇઓ કરવામાં આવેલી છે ત્યારે જો સમયની સાથે આપણે તાગ મેળવીને ના ચાલીએ તો આપણે પાછળ રહી જઇશું. તેના માટે જયારે જે જે જગ્યાએ કાયદામાં જયાં જયાં સુધારા કરવા હોય તે કરવા જરૂરી હોય છે. આપણે ખૂબ વહેલાં કહેવાય છેને કે ગુજરાત હંમેશા આગળ ચાલે છે. એટલે આમાં પણ આપણે આ સુધારો લાવ્યા છીએ ૨૦૧૪ના એકટમાં તો એ સુધારો મંજૂર કરવા માટે હું વિનંતી કરું છું.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર(સંતરામપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત કોર્ટ ફી સુધારા વિધેયક, ૨૦૧૫ના સંદર્ભમાં મારા વિચારો રજૂ કરું છું.

આ વિધેયક તો માત્ર નવ જ સેકશનનું છે. પરંતુ એમાં સુધારા સૂચવ્યા છે એ આવકાદાયક છે અને આ વિધેયકને હું મારી સંમતિ પણ આપું છું. એમાં જે કંઇ ભયસ્થાનો રહેલા છે એના તરફ મંત્રીશ્રી અને સભાગૃહનું ધ્યાન દોરું છું.

કલમ–૧૬માં જે નવી પેટા કલમ–૨ ઉંમેરવામાં આવી છે અને સાથે સાથે કલમ–૧૭માં પણ પેટા કલમ–૨ ઉંમેરવામાં આવી છે. રીફંડની વાત સામાન્ય રીતે ન્યાય કોર્ટમાં કોર્ટ ફી રજૂ થાય છે અને સરકારની જુદી જુદી કચેરીઓમાં મામલતદાર હોય કે તાલુકા પંચાયત હોય કે બીજી કેટલીક કચેરીઓ છે એમાં કોર્ટ ફી સાથેની અરજી રજૂ કરવી પડતી હોય છે અને તો જ અરજી માન્ય રહેતી હોય છે. એવી કોર્ટ ફી એટલે ન્યાય કોર્ટમાં જે કેસમાં વધારે સ્ટેમ્પ ભરાઇ ગયો હોય એનું રીફંડ લેવાની બાબત છે એ બહુ જ ગૂંચવાડા ભરેલ છે. ન્યાય કોર્ટમાં ફીની વધારે ચૂકવણી થઇ હોય ત્યારે જયુડિશિયલ મેજિસ્ટ્રેટ સર્ટિફિકેટ આપે એ લીધા પછી એ અરજદાર કલેકટર ઓફિસમાં જાય છે. અને કાયદા મુજબ કલેકટરેને રીફંડ કરવાનો અધિકાર છે. કલેકટર રીમાર્કસ કરે ત્યાર પછી પણ કલેકટરશ્રી એ પૈસા જાતે આપતા નથી. કલેકટર પાસે તિજોરીની કચેરીમાં સુવિધા હોતી નથી. કલેકટર વતિ એ રીફંડ તિજોરીમાંથી મળે છે. મારું આ બાબતમાં એકજ સૂચન છે કે જે કલેકટરને કાયદામાં પાવર્સ આપવામાં આવ્યા છે એમાં પણ એટલો સુધારો લાવવાની જરૂર હતી કે જયુડિશિયલ મેજિસ્ટ્રેટને કોર્ટ ફી રીફંડ માટે સર્ટિફિકેટ આપવાનો અધિકાર છે એટલે એ લઇને સીધા તિજોરીમાં જાય અને ત્યાંથી બારોબાર એને રીફંડ મળી જાય તેવી સુવિધા કરવામાં આવે તો વધારે સારું રહેશે. કલેકટરને ખૂબ જ ભારણ હોય છે. કલેકટર ઓફિસમાં જયારે જયારે રીફંડના કેસો રજૂ થાય ત્યારે આ કાયદામાં રીફંડ કેટલા સમયની અંદર પાસ કરવું એની કયાંય જોગવાઇ નથી. હાલની સ્થિતિ જોઇએ તો

કલેકટર અનેક વિધ કામોમાં રોકાયેલા હોય છે. જિલ્લામાં જ ૧૨૫ જેટલી મિટિંગો હોય છે. રાજય કક્ષાએ પણ મિટિંગો હોય છે. આ ઉપરાંત અત્યારે જુદા જુદા મેળા જેવા કે ગરીબ કલ્યાણ મેળા, કૃષિ રથ વગેરેમાં કલેકટર રોકાયેલા હોય છે. એટલે સમયસર કલેકટર પાસે ન્યાય મળતો નથી. એવા સંજોગોમાં આ સેકશનમાં કલેકટર કચેરીમાં જે રીફંડના કેસ દાખલ થાય છે એના માટે સમય મર્યાદામાં ચૂકવાય તેવી પણ જોગવાઇ કરવાપાત્ર છે. એના માટે ટૂંકો સમયગાળો ન રાખે બે કે ત્રણ મહિના જેટલો સમય રાખે અને એનો ચોક્કસ સમયગાળો નક્કી કરવામાં આવે તો રીફંડ લેનાર છે એને સુવિધા રહેશે અને એને વારંવાર કચેરીના ધક્કા પણ ન ખાવા પડે.

આ બિલની કલમ–૫ માં એવું જણાવવામાં આવ્યું છે. કલમ–૨૧ માં અથવા તો નાણાંનો તફાવત ભરી શકશે. એ શબ્દોને બદલે એ તફાવતના નાણાં આપી શકશે એ ઇ ચૂકવણીથી પણ પાછી આપી શકશે એ શબ્દો મૂકવા. મેં બે –ત્રણ વખત વાચ્યું એમાં સમજણ ન પડી એટલે અંગ્રેજી આવૃતિ જોઇ. હું કોઇ ભૂલ નથી કાઢતો પણ એ શબ્દોને બદલે એ શબ્દો પછી એવું વાપર્યું હોત તો વધારે ઉચિત જણાત. કેમ કે અંગ્રેજીનો પણ એવો જ અર્થ નીકળે છે.

છેલ્લી વાત મારે આ બિલની કલમ–૯ માં મૂળ અધિનિયમની કલમ– ૪૨ છે એની વાત કરવી છે. કલમ–૪૨માં એવી જોગવાઇ છે કે કોઇ પણ સ્ટેમ્પ કચેરીમાં કોઇ પણ દસ્તાવેજ સાથે આવે અથવા તો અરજી સાથે આવે એટલે તેને રદ કરવો જોઇએ. આ રદ કરવાનો મૂળભૂત હેતુ એવો છે કે જયારે જયારે ચોંટાડેલા સ્ટેમ્પ હોય એ ચોંટાડેલા સ્ટેમ્પ પાછળથી કોઇ ગેરરીતિ કરીને ઉખેડીને ફરીવાર ઉપયોગમાં ન લેવામાં આવે એટલે તેને રદ કરવો આવી મૂળભૂત કાયદામાં જોગવાઇ છે. મારું આ બાબતમાં એક જ સબમિશન છે કે નાની નાની કચેરીઓમાં, દા.ત. મામલતદાર કચેરીમાં રોજના ૨૦૦ કેસોમાં આવી અરજીઓ આવે અને દરેકમાં સ્ટેમ્પ લગાડેલો આવે. તાલુકા પંચાયત કચેરીમાં પણ સહેજે ૨૦૦ અરજીઓ આવે અને એમાં પણ સ્ટેમ્પ લગાડેલો આવે. આને અત્યાર સુધીમાં તો અધિકારીઓ શું કરતા હતા કે પંચથી તેને કાણું કરી દે અથવા તો પેનથી લખી દે કે તેને રદ કર્યો. એટલે એ કાર્યવાહી ત્યાં પૂરી કરે. હવે આ નવા વિધેયકમાં એવો સુધારો સૂચવવામાં આવ્યો છે કે બધા જ ઇ–સ્ટેમ્પ તેને કોમ્પ્યુટરમાં નાખવા અને કોમ્પ્યુટરમાં નાખ્યા પછી તેને લોક કરવા. આના માટે કેટલું બધું ઇન્ફ્રાસ્ટ્રક્ચર જોઇશે અને કોમ્પ્યુટરની ઇ–સિસ્ટમ પણ દરેક કચેરીઓમાં જોઇશે અને આના માટે દરેક કચેરીમાં ઇન્ટરનેટ સાથેની સુવિધા પણ જોઇશે જે સરકાર માટે ખરેખર પાછળથી માથાનો દુઃખાવો થાય એવી પરિસ્થિતિ પણ નિર્માણ થશે. આ બાબતમાં મારું નમ્ર સૂચન એવું છે કે પાંચ–દસ રૂપિયાના કે વીસ રૂપિયાના સ્ટેમ્પ સુધી જે મર્યાદા છે તેમાંથી કાઢી નાખી અને મોટી રકમના સ્ટેમ્પ આવે એટલામાં આ વેરીફીકેશન કરવાનું રાખીએ તો થોડું–ઘણું સરળ રહેશે. બાકી જયારથી ઇ–સ્ટેમ્પ લગાડવાના શરૂ થશે એટલે કચેરીમાં નાયબ મામલતદાર હશે કે મામલતદાર હશે કે ટી.ડી.ઓ. હશે એ સ્ટેમ્પનું વેરીફીકેશન કરી અને રદ કરવામાં જ ટાઇમ પૂરો કરશે એટલે અરજીઓ સ્વીકારી પણ શકશે નહીં. આટલી વાત કરીને હું વિરમું અને આ બિલમાં મેં જે સુધારા સૂચવ્યા છે એ સરકાર વિચાર કરે એવી વિનંતી સાથે વિરમું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મહેન્દ્રસિંહભાઇ, ગેંદાલભાઇ અને માનનીય જગરૂપસિંહજીએ આ બિલના સંદર્ભમાં પોતાના વિચારો વ્યક્ત કર્યા. તેમાં મૂળ જે અત્યારની સિસ્ટમ છે એ સિસ્ટમ તો ચાલુ જ રહેવાની છે. તેમાં આ ઇ–પેમેન્ટની એક વધારાની સિસ્ટમ આપણે એડ કરીએ છીએ અને રાજય સરકારનું નાણા વિભાગનું જે ઇ–પોર્ટલ છે તેના માધ્યમથી આખેઆખી આ વ્યવસ્થા આપણે જોવાના છીએ એટલે આવા સંજોગોમાં જયારે પણ કોઇ નવી પદ્ધતિ ઉભી કરતા હોઇએ ત્યારે સ્વાભાવિક છે, માનનીય ગેંદાલભાઇએ જે કહ્યું એ પ્રમાણેના તેમાં નાના–મોટા હર્ડલ્સ આવશે, પણ ક્રમશઃ પહેલાં આપણે મૂળ સિસ્ટમ ચાલુ રાખી અને આ વધારાની વ્યવસ્થા આપણે કરવાના છીએ. આમાં રાજય સરકારનો અને નામદાર હાઇકોર્ટનો અભિગમ છે, આખી ટ્રાન્સપરન્સી આના માધ્યમથી ઉભી થશે. મહેન્દ્રસિંહભાઇએ જે કહ્યું કે નાની ટિકિટોના વેચાણના સંદર્ભમાં સામાન્ય રીતે આ સ્ટેમ્પ વેન્ડર બધા કોર્ટ કેમ્પસમાં જ બેસતા હોય છે અને કલેકટર દ્વારા આ સ્ટેમ્પમાં શોર્ટેજ ન ઉભી થાય તેની ચિંતા થતી હોય છે, પરંતુ મારા ધ્યાન ઉપર પણ કયાંક કયાંક નાની ટિકિટોના સંદર્ભમાં મુદ્દા આવ્યા છે. સ્ટેમ્પ વિભાગનો

પણ પ્રશ્ન છે, પણ તેને આનુષાંગિક અમે કાયદા વિભાગ તરીકે તેની ચિંતા કરીશું. તેમણે જે કલમ–૧૬ અને કલમ–૩૯માં રીફંડના સંદભર્માં જે વાત કરી છે. પહેલાં આખેઆખી સિસ્ટમ એવી હતી કે મેજીસ્ટ્રેટ દ્વારા તેને મળે, પછી તેના કલાર્ક પાસેથી તેનું સર્ટિફિકેટ લે, પછી તેનું ચલણ થાય, ચલણ કલેકટર પાસે જાય, કલેકટર તિજોરીનો હુકમ કરે અને પછી તેને પૈસા મળે. આ આખેઆખી વ્યવસ્થામાં અરજદાર દુઃખી થઇ જતો હતો. એની જગ્યાએ હવે આ પોર્ટલ ઉપરથી તેની ખરાઇ કરીને તેનું લોગઇન કરીને તેને સીધેસીધા ઝડપથી પૈસા મળે, એટલે કલેકટરની જે પ્રોસેસ છે એની જગ્યાએ ઇ–પોર્ટલમાં એ સીધેસીધું લોગઇન થઇને કરી શકશે. હું ગેંદાલભાઇના સૂચનો સાથે સંમત થાઉં છું, પણ રાજ્ય સરકાર આના માટેના જુદા જુદા નિયમો બનાવવાની છે. આ નિયમોની અંદર આ બાકીના મુદ્દાઓની અંદર એનું ઘ્યાન રાખી અને આ નવતર અભિગમનું રાજ્ય સરકાર અમલીકરણ કરવા માગે છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.** શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૧ સન ૨૦૧૫નું ગુજરાત કોર્ટ–ફી (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ થી ૯, કલમ–૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૧ સન ૨૦૧૫નું ગુજરાત કોર્ટ–ફી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૧ સન ૨૦૧૫નું ગુજરાત કોર્ટ–ફી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૨**

**ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત(સુધારા) વિધેયક, ૨૦૧૫**

**ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત અધિનયમ, ૨૦૧૧ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી બાબુભાઇ બોખીરીયા **(** કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૨ સન ૨૦૧૫નું ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયક આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૨ સન ૨૦૧૫નું ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ધીરધારનો કાયદો ૨૦૧૧ પહેલાં રાજ્યમાં મુંબઇ શાહુકાર ધારો ૧૯૪૬ અમલમાં હતો. બૃહદ મુંબઇમાંથી ગુજરાત રાજ્ય તા.૧–૫–૧૯૬૦થી અલગ થતાં ગુજરાત રાજ્યના સમગ્ર વિસ્તારમાં આ કાયદો અમલમાં આવેલ હતો. ત્યાર બાદ ૧૯૬૩ના ગુજરાત અધિનિયમ જ્યથી સુધારા વધારા સાથેનો શાહુકાર કાયદો ગુજરાત રાજ્યમાં અમલમાં છે. મુંબઇ શાહુકાર ધારો ૧૯૪૬ને લાંબો સમય થવાથી બદલાતા સમય સાથે અને બદલાતી પરિસ્થિતિને અનુરૂપ ગુજરાત નાણા ધીરધાર કરનાર બાબત અધિનિયમ ૨૦૧૧ ગુજરાત સરકાર દ્વારા ઘડવામાં આવ્યો છે. ગુજરાત સરકારે રાજ્યમાં ધીરધારની પ્રવૃત્તિને નિયંત્રણ કરવા માટે ગુજરાત નાણા ધીરધાર કરનાર બાબત અધિનિયમ ૨૦૧૧ બનાવેલ છે. આ કાયદાના અમલ દરમિયાન ધ્યાન ઉપર આવેલ બાબતો જોતાં એવું જણાયેલ છે કે,

---

* વિધેયક સન ૨૦૧૫ના માર્ચ મહિનાની ૧૮મી તારીખે ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કાયદામાં દર્શાવેલ જોગવાઇઓમાં સુધારો કરવાનું જરૂરી છે. આ કારણસર સદરહુ કાયદાની કલમ–૨૨ કે જે ધીરધાર લાયસન્સ ધરાવતા હોય, ધીરધારનું કામ કરનાર વ્યક્તિને તેના દેણદારને વાર્ષિક પત્રક ૩૦ દિવસમાં મોકલવાની જોગવાઇ છે. તેને સુધારીને ૪૫ દિવસ દરમિયાન મોકલાની જોગવાઇ છે. કારણ કે, આ પત્રક આરપીએડી પોસ્ટથી મોકલવાની જોગવાઇ છે. પોસ્ટ ખાતા દ્વારા મોકલવામાં વિલંબ થતો હોય છે. એક સાથે વધુ આરપીએડી પોસ્ટ સ્વીકારતી નથી. સદરહુ કાયદાની કલમ–૨૩માં દરેક લાયસન્સ ધરાવનાર ધીરધારનો ધંધો કરનાર વ્યક્તિના ધંધાનું ઓડિટ સી.એ. દ્વારા કરાવવાનું ફરજિયાત છે. તેમાં સુધારો કરી રૂ.૫૦/– લાખ સુધીના ધીરધાર વ્યવહારોનું ઓડિટ સહકારી અધિકારી (ધીરધાર) દ્વારા અને તેના ઉપરના વ્યવહારોનું ઓડિટ સી.એ. દ્વારા કરવાની જોગવાઇ સૂચવવામાં આવી છે. કારણ કે, નાનો ધંધો હોય તેને સી.એ.ની ફી પોસાતી ન હોઇ તેમને રાહત મળે એ માટે આ સુધારો સૂચવેલ છે. કારણ કે, ધીરધાર કાયદાની કલમ–૪૩ કે જેમાં કાયદાની કલમ ૨૧ અને ૨૨ નો ભંગ કરે તો લાયસન્સ ધારકે કરેલ ઉલ્લંઘન બદલ શિક્ષાની જોગવાઇ છે. આ બાબતના ઉલ્લંઘન માટે કલમ ૪૩ માં પહેલા ગુના માટે એક માસથી ઓછી નહીં તેટલી કેદની સજા અને રૂપિયા ૫ હજારથી ઓછો નહીં તેટલો દંડ અને બીજા અને ત્યાર પછીના ગુના માટે ૬ માસથી ઓછી નહીં તેટલી કેદ અને ૫૦ હજારથી ઓછો નહીં તેટલો દંડ કરવાની જોગવાઇ છે. આ બાબતો વહીવટી બાબતો છે. વહીવટી પ્રકારના ગુના માટે કેદની જોગવાઇ વાજબી ન જણાતા કેદની જોગવાઇ દૂર કરેલ છે. આમ છતાં કલમમાં દંડની જોગવાઇમાં ફેરફાર કરેલ નથી. આ શિક્ષાના બદલે દંડનો હેતુ પૂર્ણ થાય છે. ગુજરાત નાણા ધીરધાર કરનાર બાબત અધિનિયમ ૨૦૧૧ પહેલા મુંબઇ શાહુકાર ધારો ૧૯૪૬ અમલમાં હતો તેમાં આ પ્રકારના ગુના બદલ રૂપિયા ૫૦નો દંડ કરી ગુનો માંડવાળ કરવાની જોગવાઇ હતી.

**ડૉ. અનિલ જોષીયારા(ભિલોડા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયક લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૩ કલમ મુખ્ય છે. મને એમ લાગે છે કે આ ધીરધાર માટે એમને સવલતો ઉભી થાય એ માટેનું આ વિધેયક દેખાઇ રહ્યું છે. જે માણસ પૈસા લે છે એમને માટે કોઇ સવલત હોય એવું દેખાતું નથી. કલમ ૨૨ માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ૩૦ દિવસના બદલે ૪૫ દિવસ સુધીનો સુધારો કરવામાં આવ્યો છે. ૩૦ ના બદલે ૪૫ દિવસ હોય તો જે ધીરધાર કરનાર છે એ તો વર્ષ પૂરું થાય એટલે હિસાબો કરી દેતા હોય છે પણ એ ૪૫ દિવસની રાહ જોતો નથી. લેણદારને ૪૫ દિવસનું વધારાનું વ્યાજ આપવું પડશે. આ કલમ તો ખરેખર જે લેનાર છે એના માટે વધારે મુશ્કેલી ઉભી કરશે. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં આપ ફેરફાર કરો અને તાત્કાલિક એને જાણ થાય એવું કરવું જોઇએ. બીજું, કલમ ૨૩ છે એમાં જે સુધારો આપ લઇને આવ્યા છો એમાં ઓડિટની બાબત છે. સરકાર ધારે તેવા અધિકારીઓ અથવા બીજા કિસ્સામાં ઓડિટ સી.એ. દ્વારા કરવામાં આવેલ ૫૦ લાખથી ઓછી રકમનું ધીરધાર કરનાર હોય તે. ગામડાંમાં એવી પરિસ્થિતિ છે કે અત્યારે ધીરધાર કરનાર માણસ છે એ લેણદાર પાસે ૩ થી ૩.૫ ટકા વ્યાજ માગે છે. આ રકમ ૩ ટકાએ આપે છે ત્યારે પહેલા એવું કરે છે કે એક લાખ હોય તો ૩ ટકા પહેલા કાપી લેતા હોય છે અને બાકીની રકમ ઉપર ૩ ટકા મહિને ચૂકવવાના હોય છે. મહિને ૩ ટકા એટલે વાર્ષિક ૩૬ ટકા વ્યાજ હોય છે. આપને ખબર હશે કે ગુજરાતમાં આવા માણસો વ્યાજે પૈસા લે છે એ લોકો મૂળ રકમ તો ઠીક, વ્યાજનું વ્યાજ, વ્યાજનું વ્યાજ, વ્યાજના ખપ્પરમાં ડૂબતા જાય છે અને છેવટે આપઘાત કરવાના પ્રશ્નો ઉભા થતા હોય છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આવા કેસો બને છે એના માટે તમે ચિંતિત થાઓ. આ જે બિલ લાવ્યા છો એમાં કલમ ૪૩ લાવ્યા છો એમાં જે જોગવાઇ હતી, જે રદ કરી છે. શિક્ષાની જોગવાઇ રદ કરી છે એ બરાબર નથી. કેદની સજા નથી એટલે ધીરધાર નિશ્ચિંત થઇ જાય છે. એ એવું સમજે છે કે આ તો વહીવટી બાબત છે એટલે મારે કંઇ કરવાનું રહેતું નથી. એણે ચોક્કસ રજિસ્ટર્ડ નિભાવવા જોઇએ પણ ગામડાંમાં કોઇ નિભાવતું નથી અને ક્યારેય ઓડિટ પણ કરાવતા નથી. મારે બીજી વાત કરવી છે કે અમારા શીડ્યુલ વિસ્તારમાં પંચાયત એક્સટેન્શન એક્ટમાં એવી જોગવાઇ છે કે આદિવાસીઓને ધીરધારનો ધંધો કરનાર ઉપર અંકૂશ હોવો જોઇએ. એનો આમાં પ્રકાશ પડતો નથી. આપ અભ્યાસ કરી લેજો. શીડ્યુલ વિસ્તારનો કાયદો છે એમાં અભ્યાસ કરીને સૂચનો કરો એવી વિનંતી છે. કલમ ૪૩માં શિક્ષાની જોગવાઇ છે એ રાખો, કારણ કે શિક્ષા વગર તો આપ એક બાજુ એમ કહો છો કે શિક્ષા વગર કોઇ

સુધરતું નથી અને શિક્ષાની કલમ કાઢી નાખો તો પરિણામ શું આવે એ સમજી શકો છો. ૩ કલમો સાથે અમે સંમત થઇ શકતા નથી અને આ બિલનો વિરોધ કરીએ છીએ.

**શ્રી પુનમભાઇ મા. પરમાર(સોજીત્રા) :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત નાણાની ધીરધાર કરનાર બાબત સુધારા વિધેયક ઉપર મારા સૂચનો અને વિચારો રજૂ કરવા ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, વાહ, ગરીબોના બેલી, વાહ ''સૌનો સાથ, સૌનો વિકાસ'' કરનારી સરકાર, વાહ, વાત કરવાની ગરીબોની, ખેડૂતોની અને આ વિધેયકના સુધારા ધીરધાર કરનાર ગરીબોના પરસેવા કમાણી હડપ કરનાર, ગરીબોનું લોહી ચૂસનાર લેણદાર, શાહુકારોને રક્ષણ આપવાના સુધારા કરવા સરકાર જઇ રહી છે ત્યારે આ સરકારને મેં મારી સ્પીચમાં અગાઉ પણ કીધેલું કે– •(xxx) એ આજે ફલિત થઇ રહ્યું છે સાહેબ. (અંતરાય) લેણદાર, શાહુકારો સાચા હિસાબો રાખે છે ખરા?

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો રેકર્ડ પરથી દૂર કરીએ છીએ.

શ્રી પુનમભાઇ મા. પરમાર : તેની પહેલા તપાસ કરાવે. જે પઠાણી વ્યાજ શાહુકારો લે છે એ દેણદારને લખીને આપે છે ખરા? શાહુકારોને રક્ષણ આપવાની આ વાત છે. ગરીબ દેણદાર ભલે બાપડો આપઘાત કરીને મરી જાય. તેના બૈરાં–છોકરાં ભલે ભીખ માગે પણ સરકારને તો શિક્ષણ, આરોગ્ય વગેરેનો ખર્ચ બચી જશે. એ ભગવાન ભરોસે છોડી દેવાની આ તો સાજીસ છે. હા, એ વાત તો હું ભૂલી ગયો કે આ સરકારને ફંડ તો મૂડીવાદીઓ આપે છે. કેમ તેમનું રક્ષણ ના કરવું? કેમ તેનું ઋણ ના ચુકવવું? એ સ્વાભાવિક છે ત્યારે આ વિધેયકના મુખ્ય ઉદ્દેશો રાજ્ય સરકારે સદરહુ અધિનિયમની કલમ–૨૨ સુધારવા ધારેલ છે. જે હેઠળ નાણાની ધીરધાર કરનારે હવે વર્ષ પૂરું થયા પછી ૩૦ દિવસના બદલે ૪૫ દિવસની અંદર દરેક દેણદારને બાકી રકમનું પત્રક આપવાનું રહેશે. કલમ–૨૩ ની જોગવાઇઓ મતલબ પર સુધારવા ધારેલ કે જેની લેવડ–દેવડ ૫૦ લાખ સુધીની હોય એવા નાણાના ધીરધાર કરનાર હિસાબોનું ઓડિટ રાજ્ય સરકાર જાહેર દેવા અધિકારી દ્વારા બીજા કિસ્સાઓમાં આવું ઓડિટ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા કરાવવું જોઇએ. કલમ–૨૩ની જોગવાઇઓ સુધારીને એક કરવા ધારેલ કલમ–૨૧ અને ૨૨ ની જોગવાઇના ઉલ્લંઘન માટે કેદની શિક્ષાની જોગવાઇ છે તે રદ કરવી. કારણ કે તે વહિવટી પ્રકારની છે. સદરહુ કલમો હેઠળ અમુક રજિસ્ટર અને માહિતી ના રાખવા બદલ આટલી કડક સજા જરૂરી જણાતી નથી. હમણાં અમારાં જોષીયારા સાહેબે કીધું એમ વિધયેકની કલમ–૨૨ માં એવી જોગવાઇ કરેલ છે કે નાણા ધીરનારે વર્ષ પૂરું થયા બાદ ૩૦ વર્ષની અંદર દરેક દેણદારને બાકી રકમોનું પત્રક આપવું પડશે. કલમ–૨ ની જોગવાઇ સુધારીને ૩૦ દિવસના બદલે ૪૫ દિવસ કરવા ધારેલ એમાં હું મારું સૂચન રજુ કરું છું. સરકારે આ સુધારો નાણા ધીરધારની સગવડ માટે કરેલ છે. ધીરધાર કરનાર પોતાના હિસાબ કિતાબ વર્ષ પૂરું થતાં કરી દેતાં હોય છે. પરંતુ વધારે પડતું કરજ લેનાર ધીરધારને પત્રકો મોડા મળશે અને તેમને એટલી રકમનું વ્યાજ વધારે ભરવાનું થશે એટલા માટે આ સુધારો અસ્થાને છે. માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૨૩ માં એવી જોગવાઇ કરવામાં આવી કે નાણા ધીરધાર કરનારે દર વર્ષે ચાર્ટર્ડ એકાઉન્ટંટ પાસે ઓડિટ કરાવવું પડશે. ઓડિટ રિપોર્ટમાં ઠરાવેલી મુદત રજિસ્ટ્રારને રજૂ કરવી પડશે. આ વિધેયકની કલમ–૩ થી સુધારો કરીને ૫૦ લાખ સુધીની લેવડ–દેવડ હોય એવા નાણાના ધીરધાર કરવાના હિસાબો અને ઓડિટ રાજ્ય સરકાર જાહેર કરે તેવા અધિકારી અને બીજા કિસ્સાઓમાં આવું ઓડિટ ચાર્ટર્ડ એકાઉન્ટંટ પાસે, ત્યારે હું મારું સૂચન માનનીય મંત્રીશ્રીને રજૂ કરું છું કે– આ સુધારાથી નાણા ધીરધાર જો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સિવાય બીજા પાસે ઓડિટ કરાવે તો હિસાબોમાં ગોટાળાઓ થવાની શક્યતાઓ રહેલી છે અને આના કારણે નાણાની ગેરરીતિઓ પણ વધવાની શક્યતાઓ રહેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિધેયકની કલમ–૨૧ માં એવી જોગવાઇ કરવામાં આવી હતી કે હિસાબો રાખવાની અને પત્રકો પૂરા પાડવાની ફરજ નાણા ધીરધાર કરનારની છે અને કલમ–૨૨ મુજબ દેણદારોને વાર્ષિક હિસાબોનું પત્રક આપવાની ફરજ બતાવી છે. નાણા ધીરનાર આ ફરજોનું પાલન ના કરે તો હાલના કાયદાની કલમ–૪૩ મુજબ એક વર્ષ સુધીની કેદની સજા અને ૧૦,૦૦૦ રૂપિયાના દંડની જોગવાઇ કરેલી છે. માનનીય

---

• આ શબ્દો ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

અધ્યક્ષશ્રી, મારું એમાં સૂચન છે કે– આ વિધેયકથી સરકાર કેદ શિક્ષાની જોગવાઇ દૂર કરવા માગે છે. માત્ર દંડની જોગવાઇ ચાલુ રાખવા માગે છે. નાણા ધીરધાર કરનાર ગરીબ અને મજદૂર લોકોનું લોહી ચૂસે છે. આવા લોકો ધીરધાર કરનારના સકંજામાં સપડાય જાય છે અને મૂડી તો દૂર પણ વ્યાજના ખપ્પરમાં હોમાય જાય છે અને આખાને આખા કુટુંબો આપઘાતના રસ્તે સરી પડે છે તેથી આ વિધેયકની જોગવાઇઓમાં સુધારો કાયદા વિરોદ્ધનો છે તેથી આ વિધેયકનો હું વિરોધ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માર કેટલાક બીજા પણ સૂચનો છે નાણા ધીરધાર ને દેણદાર વચ્ચે લીધેલ રકમ, વ્યાજ દર, કેટલી મુદતમાં નાણા તથા વ્યાજની રકમની કેવી રીતે પરત ચૂકવણી કરવી તેની કોઇ જોગવાઇ કરવી જોઇએ. વીસ રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર કરાર થવો જોઇએ. બે સાક્ષીઓ બંને પક્ષના રાખવા જોઇએ અને તેની એક નકલ લેણદારને આપવી ફરજીયાત હોવી જોઇએ. ધીરધારની રકમ ગમે તેટલી ઓછી કે વધારે હોય ચાર્ટડ એકાઉન્ટન્ટ પાસે જ ઓડિટ ફરજીયાત હોવું જોઇએ. મારું બીજું એક સૂચન છે કે, ડૂબત લેણા માટે વ્યાજમાંથી ચોક્કસ ટકાના દરે જોગવાઇ રાખવી જોઇએ, જેથી ગરીબ લેણદારને વ્યાજમાં રાહત આપી શકાય. નાણા ધીરનાર, ધીરાણ લેનાર પાસેથી કોરા ચેક લેવામાં આવે છે અને જ્યારે ઉંચા દરના કારણે આ ધીરાણના પૈસા વધુ વ્યાજના કારણે આ ગરીબ લોકો ન ભરી શકવાના કારણે કોરા ચેકનો મિસયુઝ કરી ખોટા કેસો કરવામાં આવે છે. એની સામે પણ આ સરકારે ધ્યાન રાખવું જોઇએ.

જ્યારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે આ ગરીબ અને ખેડૂત લોકોને, મધ્યમવર્ગના લોકોને સહેલાઇથી ઓછા વ્યાજના દરે સહકારી બેન્કોમાંથી ધીરાણ મળી રહે એના માટે સહકારી બેન્કોનું નિર્માણ કરેલું. આખા દેશના લોકો ગુજરાતની અંદર આ સહકારી માળખું જોવા અહીંયા આવતા હતા. સાહેબ, *(xxx)

ઉપાધ્યક્ષશ્રી : આપના શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું પુનમભાઇ.

શ્રી પુનમભાઇ મા. પરમાર : આજે આ ભા.જ.પ. સરકાર શાહુકારોને, પૈસાવાળાઓને જે નાણા ધીરધાર કરવાવાળાઓની તરફેણમાં આ વિધેયક લઇને આવ્યા છે ત્યારે મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, વાતો ખેડૂતોની અને ગરીબોની કરે. જો ગરીબો અને ખેડૂતો માટેનું કોઇ વિધેયક લાવ્યા હોત અને એમને વ્યાજમાં કોઇ રાહત આપવાનું વિધેયક લાવ્યા હોત તો મને જરૂર આનંદ થાય.

માનનીય અધ્યાશ્રી, આ ગુજરાત રાજ્યની અંદર કોઇ ગામ એવું નહીં હોય કે, જ્યાં જેને પરવાનગી નથી આપી, જેને આ સરકારનું નાણા ધીરવાનું લાયસન્સ નથી લીધું એવા લોકો દસ ટકા અને વીસ ટકાના દરે વ્યાજે રૂપિયા આપે છે. અને આ ઉંચા વ્યાજના કારણે આ લોકો પૈસા ભરી શકતા નથી. અને નથી ભરી શકતા તેના કારણે આ ધીરાણ કરનારા માથાભારે ઇસમો, માફિયાઓ મારફત એમના ઉપર પ્રેશર લાવે, દબાણ લાવે, કુટુંબને હેરાન પરેશાન કરે, આવી ફરિયાદો પોલીસમાં થઇ હોવા છતાં ફરિયાદ નથી સાંભળવામાં આવતી અને ત્યારે આ કુટુંબોને આપઘાત કરવા પડે છે. અવારનવાર છાપાઓની અંદર આપણે વાંચીએ છીએ. સરકારે, આવા ઉંચા દસ અને વીસ ટકાના ધીરાણવાળાઓની સામે શું પગલાં લીધા? આજ દિન સુધી આવા ખોટું કૃત્ય કરવાવાળા, આવા ખોટા વ્યાજના ધંધા કરવાવાળાઓની સામે આ સરકારે કેસ કર્યો નથી અને કોઇને સજા પણ કરાવી નથી. ત્યારે આ બાબતે પણ આ સરકારે ધ્યાન રાખવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત બિચારો અત્યારે લૂંટાઇ રહ્યો છે. આ ધીરાણ કોણ લેવાનું છે ? આ ધીરાણ ખેડૂત લેવાનો છે, બિચારો ગરીબ લેવાનો છે. આ ધીરાણ કોઇ સુખી લોકો લેવાના નથી. અહીંયા ગૃહની અંદર અમારા મંત્રીશ્રી નીતિનભાઇ સાહેબ, શ્રી સૌરભભાઇ સાહેબ ઘણીવાર આ ગૃહની અંદર બોલે છે કે, આ તો ખેડૂતોની સરકાર, આ તો ગરીબોની સરકાર. ત્યારે *(xxx) તરફેણ ક્યાંથી આવી ? ત્યારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, આ સરકાર વાતો *(xxx) કરે છે. આ સરકાર જેની તરફણ કરવી જોઇએ એની જગ્યાએ આ સરકાર નાણા ધીરનારને સુખી લોકોને રક્ષણ માટેનું વિધેયક લઇને આવ્યા છે ત્યારે મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, આ સરકાર ધીરાણ લેનારની તરફેણમાં એમને ઓછા ટકે, ઓછા વ્યાજે લોન મળે, ઓછા વ્યાજે એમને પૈસા મળે, એમના ઉપર ખોટા અત્યાચાર ના થાય, એમને આપઘાત કરવો પડે અવું કોઇ દબાણ ના થાય એની તરફ આ

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સરકારે ધ્યાન રાખવું જોઇએ. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, કેટલાક મારા સૂચનો સાચા અને સારા છે એને અમલમાં લે અને હમણાં એ ઉભા થાય ત્યારે થોડુંક મેં જે કહ્યું છે એમાંનું એક્સેપ્ટ કરે એવી વિનંતી સાથે વિરમું છું. જયહિન્દ, જયભારત.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ જે હું સુધારા લઇ આવ્યો એ વહીવટી સુધારાઓ છે. ખાસ કરીને જો પુનમભાઇએ એનો બરાબર અભ્યાસ કર્યો હોત તો એમને એટલું બધું બોલવું ના પડત.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગરીબોની સરકાર છે, ખેડૂતોની સરકાર છે. અને એના માટે હંમેશા સરકાર ચિંતિત પણ હોય છે. સહકારી બેન્કોનું આજથી તમારું સાશન હતું ત્યારે શું પરિસ્થિત હતી? આજે શું પરિસ્થિતિ છે. ત્યારે ખેડૂતોને શું ધીરાણ મળતું હતું? આજે શું ધીરાણ મળે છે? તેના આંકડઓ કાઢશો તો તેનો આપને ખ્યાલ આવશે. આખી પરિસ્થિતિ છે, તે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી પછી બદલાઇ છે. કારણ કે એની પહેલા તો બેન્કો બંધ થતી. આજે એક પણ સહકારી બેન્ક એવી નથી કે જેને આર.બી.આઇ. એ મંજૂરી ન આપી હોય અને લાઇસન્સ ન હોય. ત્યારે તમારી બધી બેન્કો પાસે આર.બી.આઇ.નું લાઇસન્સ ન હતું. આ પૂનમભાઇએ વાત કરી તેની હું ચોખવટ કરું છું. ખાસ કરીને ડો.જોષીયારાજીએ ચિંતા કરી. ૩૦ દિવસને બદલે ૪૫ દિવસના હિસાબોનું આપણે કરીશું તો એનાથી નાણા લેનાર ઉપર વધારે વ્યાજનો બોજો પડશે. મારે સભ્યશ્રીને આપના દ્વારા જણાવવાનું છે કે આ જે હિસાબો છે તે ૩૧ મી માર્ચ સુધીના હિસાબો એની પહેલા ૩૦ સુધી એટલે એપ્રીલ સુધી એણે પહોંચાડવાના હતા, એના બદલે આપણે ૧૫ એપ્રિલ સુધી પહોંચાડી શકીએ એવી વ્યવસ્થા એટલા માટે કરી છે કે મેં હમણા શરૂઆતમાં કહ્યું હતું કે આ પત્રકોની અમારી પાસે એ લોકોની એવી રજૂઆત આવી હતી કે આ પત્રકો આંગડિયા મારફત મોકલવા માટેની રજા આપો. અમે એમાં સંમત નથી થયા. કારણ કે આજે પત્રકો જશે એ આર.પી.એ.ડી. પોસ્ટથી મોકલવામાં આવશે, એટલે એ મોકલાયા હશે, ત્યાં પહોંચ્યા હશે કે નથી પહોંચ્યા તેની નોંધો રહેશે. આ પત્રકો બે જગ્યાએ આપવાના હોય છે. એક તો નાણાં લેનારને આપવાનાં હોય. બીજી કોપી એ રાજય સરકારને આપવાની હોય છે. બીજી બાબત જે કલમ–૨૧ અને ૨૨ માં સજા કાઢી નાખી અને દંડ રાખ્યા એની પાછળનું કારણ છે કે આમાં કોઇપણ ક્રિમિનલ કેસ નથી. આમાં જોગવાઇ હતી એની અંદર હિસાબો રાખવાની અને પત્રકો પૂરા પાડવાની, નાણાની ધીરધાર કરવાની ફરજ બાબતોનો ઉલ્લેખ. બંને પત્રકો. હમણા વાત કરી કે ૨૧ ના પત્રકો અને ૨૨ ના પત્રકો. બંને પત્રકો નાણા લેનારને અને રાજય સરકારને પહોંચાડવાના હતા. એમાં પહોંચાડવામાં કસૂર થાય તો આ સજાની જે જોગવાઇ હતી તે વહીવટી પ્રકિયા માટે સજાની જોગવાઇ હતી. એટલે રજૂઆત આવી કે તમે સજા કાઢી નાખો. દંડ રાખો. આમાં જે વહીવટી કામ છે તે હું આપને બતાવું તો આપને ખ્યાલ આવશે. હિસાબો રાખવાની જોગવાઇ, રોકડવહી, ખાતાવહી, જામીનગીરી, દેણદાર રજિસ્ટર, અન્ય બીજા ચોપડાઓ. આ છે તે નાણા ધીરનારે રાખવાના છે. ધીરધાર કરનારે દેણદારને પત્રકો આપવાના છે તેની જોગવાઇ. લેવડ–દેવડની ખરી નકલ, લોનની રકમની તારીખ, લોન પાક્યાની તારીખ, જામીનગીરીનો પ્રકાર, વ્યાજનો દર, નામ સરનામાનું પત્રક, જણસના રૂપમાં લોન આપી હોય જે તે તારીખે તેની ખરેખર કિંમત, લોન સંબંધી લેવડ–દેવડની ખરી વિગતો, પાસબૂક, ધીરધાર કરનારે નક્કી કરેલ નમૂનામાં સમય મર્યાદામાં પત્રકો રજૂ કરવાના હોય છે. એણે જેની આગળ પૈસા લીધેલા છે, એને વર્ષ પૂરું થાય ત્યારે હિસાબો બધા એને આપવાના છે એની જોગવાઇ હતી. કલમ ૨૨ છે, એમાં ધીરધાર કરનારે દર વર્ષે વર્ષ પૂરું થયે ૩૦ દિવસમાં મેં જે વાત કરી. ૩૦ દિવસમાં દેણદારે વાર્ષિક હિસાબો અને દસ્તાવેજનું પત્રક આપવાનું હતું, કારણ કે જ્યારથી તેણે લોન લીધી હશે અથવા નાણાં લીધાં હશે એનો હિસાબ ૩૧ મી માર્ચે વર્ષ પૂરું થાય ત્યારે હિસાબ એણે લોન લેનારને આપવાનો હતો. એમાં વર્ષની શરૂઆતમાં દેણદારની લેણી થતી મુદલ અને વ્યાજની રકમ. ધારો કે એક વર્ષમાં લીધું હોય અને વર્ષમાં તમે ચુકવ્યા ન હોય અને બીજું વર્ષ જો લંબાતુ હોય તો વર્ષમાં એણે લેવડ–દેવડ કરી હોય અને વ્યાજની શું રકમ થઇ, એને કેટલા પૈસા લીધા હતા, કેટલા ચૂકવ્યા હતા. આ બધા હિસાબો આપવાના હોય છે. વર્ષ દરમ્યાન આપેલી લોનની કુલ રકમ, વર્ષ દરમ્યાન પરત ચૂકવાયેલ નાણાં, વર્ષના અંતે લેણી થતી મુદલ અને વ્યાજની રકમ, ગીરો, હાથ ગીરો અથવા જામીનગીરી તરીકે રાખેલ ચીજ અને તેને રાખવામાં આવેલ સ્થળ. એણે ગીરો તરીકે કોઇ વસ્તુ રાખી હોય

તો ગીરો તરીકે વસ્તુ કઇ જગ્યાએ, કઇ બેન્કમાં, કોના લોકરમાં રાખેલી છે, તે પણ આ નાણા લેનારને એને બધુ બતાવવું પડે છે. આ એની બધી કલમો હતી. પૂનમભાઇને મારે બીજું પણ કહેવાનું છે કે મુંબઇ શાહુકાર ધારો ૧૯૪૬ માં બન્યો હતો તે અમારી સરકાર આવી અને ૨૦૧૧ માં ફેરફાર ન કર્યો ત્યાં સુધી સજાની કોઇ જોગવાઇ નહોતી અને દંડ માત્ર ૫૦ રૂપિયા હતો. મને લાગે છે કે ત્યારે જો તમે વધારવાનું કહ્યું હોત તો સારું લાગત. અમે તો કાયદામાં જે સુધારો કર્યો એની અંદર જે વહીવટી પ્રક્રિયામાં સજાની જોગવાઇ હતી, કારણ કે વહીવટી પ્રક્રિયામાં સજા છે તે આપ સૌ જાણશો કે બરાબર ન હતી. એટલા માટે એમાં ફેરફાર કર્યો છે. અન્ય જે કેસો થાય. આમાં સજા કાઢેલી છે. બાકી આના સિવાય બીજા કોઇ હોય તો આમાં સજાની અમે જોગવાઇ ચાલુ રાખેલી છે. આખા કાયદાનો તમે અભ્યાસ કર્યો હોત તો ખ્યાલ આવત. કલમ ૪૨ છે તેમાં ૨૫ હજાર રૂપિયા દંડ અને બે વર્ષની સજાની જોગવાઇ છે. તમે તેને ગેરકાયદેસર રીતે હેરાન કર્યા હોય તો આ રીતે સજાની જોગવાઇ છે. વ્યાજના દરની વાત માનનીય સભ્યશ્રી ડો.જોષીયારાજીએ જે કહી કે ૩ ટકા વ્યાજ શાહુકારો લે છે. આવી જો ફરિયાદ અમારી પાસે કરે અને તેને ૩ ટકા વ્યાજ લીધુ હોય તો આ સજાની જોગવાઇમાં તેને સજા થાય છે. વ્યાજના જે દર છે તેમાં તમે કોઇ વસ્તુ ગીરો મૂકીને પૈસા લીધા હોય તો ૧૮ ટકા અને વગર અવેજે પૈસા લીધા હોય તો ૨૧ ટકા દર છે. આ રીતે વ્યાજદર રાજય સરકારે ઠરાવેલ છે. આ કાયદેસરના વ્યાજદર છે. આના સિવાય વધારે વ્યાજ લે તો તેમાં સજાની જોગવાઇ છે. લાઇસન્સ વગર ધીરધારનો ધંધો કરે તો તેને પણ સજાની જોગવાઇ છે. કલમ.૧૯ હેઠળ કોઇ રેકર્ડ અથવા દસ્તાવેજ રજૂ ન કરે કે જાણી જોઇને ખોટા રેકર્ડ અને દસ્તાવેજ રજૂ કરે, પ્રવેશ જડતી લેતાં જપ્તી કરતા અધિકારીઓ માટે અડચણ ઉભી કરે, ઉંચા વ્યાજદરની માગણી કરે તો કલમ ૩૩માં તેની જોગવાઇ છે. કલમ ૩૮માં વચનચિઠ્ઠી, સ્વીકૃતી બોન્ડ અથવા બીજું લખાણ અથવા દસ્તાવેજ કે કોઇ ખતનો સ્વીકાર ન કરે, દેણદારીના રેકર્ડ તથા લેવડ દેવડ સાથે ચેડાં કરે, ખોટી લોન કે ગીરો મૂકેલ જણસ અથવા મિલકત સાથે ચેડાં કરે તો તેમાં દોષિત કરી ૨૫ હજારનો દંડ અને ઓછામાં ઓછી ત્રણ માસ અને વધુમાં વધુ બે વર્ષ સુધીની સજાની જોગવાઇ છે. આ રીતે કોઇ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરે તો તેના માટે સજાની જોગવાઇ છે. ખાસ કરીને સભ્યશ્રીએ ચિંતા કરી આદિવાસી વિસ્તારની. આ જે લાઇસન્સો આપેલા છે તે માત્ર સાત જિલ્લાઓમાં જ છે. અમદાવાદની અંદર ૧૯૨૬, ભાવનગરમાં ૯૯, રાજકોટમાં ૧૬૩૮, સુરતમાં ૧૧૯૭, ગોધરામાં ૫૯૪, વડોદરામાં ૮૩૦, મહેસાણામાં ૧૩૩૨ એમ કુલ ૭૬૫૬ લાઇસન્સ અત્યાર સુધીમાં આખા રાજયમાં આપવામાં આવેલ છે. ગોધરા સિવાય કયાંય નજીકમાં આદિવાસી વિસ્તાર નથી. બીજું કે જોષીયારાજીની જે ચિંતા હતી તેમાં જણાવું કે ઓડિટની પદ્ધતિ છે તેમાં તે લોકોની માગણી હતી કે ૫૦ લાખ સુધીની ધીરધાર કરે, પહેલાં ૧ રૂપિયાથી લઇને ગમે તેટલી ધીરધાર કરે તો પણ તેને સી.એ. પાસે ઓડિટ કરાવવું પડતું. આમાં તેની માગણી એટલા માટે હતી કે સી.એ.ની ફી ઉંચી હોય છે. તેના લીધે તેઓ ઓડિટ કરાવતા ન હતા. હું આંકડો બતાવું તો આ જે ૭૬૫૬ શરાફો છે તેમાંથી ૩૬૪૩એ ઓડિટ કરાવેલ છે. ૪૦૧૩ લોકો એવા છે કે જે અવાર નવાર ઓડિટ કરાવતા નથી. કારણકે તેમને ફી પોષાતી નથી. એટલે તેણ એમ કહ્યું કે સરકારી અધિકારી પાસે ઓડિટ કરાવો તો ફી ન ભરવી પડે અને અમારા ઓડિટના ચોપડા સરખા રહે. એટલે આ વહીવટી પ્રક્રિયા છે તેની સરળતા માટે થઇને આ કરેલ છે. વહીવટી સરળતા માટે છે એટલે આપ બધા તેને સર્વાનુમતે પાસ કરો તેવી વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૧૨નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૪ , કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૧૫ ગુજરાત નાણાની ધીરધાર કરનાર બાબત (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૧૨નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

ઉપાધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે. ગુજરાત વિધાનસભાના માનનીય અધ્યક્ષશ્રી દ્વારા ૧૩મી ગુજરાત વિધાનસભાના સર્વે માનનીય ધારાસભ્યશ્રીઓના ગ્રૃપ ફોટોગ્રાફનું આયોજન શુક્રવાર તારીખ ૨૭–૩–૨૦૧૫ના રોજ એટલે આવતી કાલે સવારના ૯–૩૦ કલાકે ગુજરાત વિધાનસભાના બિલ્ડીંગના પશ્ચિમ દિશાના મુખ્ય પ્રવેશ દ્વારના પગથિયા પાસે કરવામાં આવેલ છે તો આ કાર્યક્રમમા આપશ્રી અચૂકપણે ઉપસ્થિત રહેવા વિનંતી છે.

સભાગૃહની પ્રથમ બેઠકનું કામકાજ પૂરું થાય છે. સભાગૃહની પ્રથમ બેઠક મોડી પૂરી થઇ હોઇ આજની સભાગૃહની બીજી બેઠક બપોરના ૨–૩૦ વાગ્યાને બદલે ૩–૦૦ વાગ્યે મળશે.

**સભાગૃહની પ્રથમ બેઠકનું કામકાજ બપોરના ૧–૪૬ વાગ્યે પુરું થતા સભાગૃહ, ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર બીજી બેઠક માટે બપોરના ૩–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

# ગુરુવાર, તા. ૨૬મી માર્ચ, ૨૦૧૫
# ચૈત્ર ૫, ૧૯૩૭ શાકે
# બીજી બેઠક
# સભાગૃહ બપોરે ૩-૦૦ વાગે મળ્યું
# અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષ સ્થાને
# તારાંકિત પ્રશ્નો

### નવસારી જિલ્લામાં દીકરી યોજનાના લાભાર્થીઓ

* ૧૮૩૪૧ શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં દીકરી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને | (૧) ૬૧૦. |
| (૨) તે અન્વયે કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૩૦,૮૦,૦૦૦/- |

**શ્રી ભરતભાઇ કી. પટેલઃ** માનનીય અધ્યક્ષશ્રી, દીકરી યોજના હેઠળ ૬૧૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને ૩૦,૮૦,૦૦૦-૦૦ નો ખર્ચ કરવામાં આવેલ છે તો હું જાણવા માગું છું કે દીકરી યોજના એટલે શું અને દીકરી યોજનાનો લાભ મેળવવાની પાત્રતા કઇ કઇ છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, દીકરી યોજના એટલે દીકરીનો જન્મ વધુ થાય અને દીકરા અને દીકરીના જન્મના દરનું સંતુલન જળવાય તે માટે ૩૫ વર્ષથી નીચેની ઉંમરના દંપતિને એક દીકરી હોય અને જો કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવે એટલે કે દીકરો ન હોય અને ઓપરેશન કરાવે તો એને છ હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે અને બીજું બે દીકરી હોય અને દીકરો ન હોય અને કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવે તો પાંચ હજારના વિકાસ-બચત પત્રો આ બન્ને યોજનામાં આપવામાં આવે છે. મુળ ઉદ્દેશ એ છે કે દીકરાની સાથે સાથે દીકરીઓની પણ જન્મની સંખ્યા વધે, બન્નેનું સંતુલન જળવાય એ માટેનો મુખ્ય ઉદ્દેશ છે. મારે આ જિલ્લાની અંદર પ્રશ્ન આવ્યો છે ત્યારે જિલ્લાના પ્રજાજનોને અભિનંદન આપવા પડે કે દીકરીનો જ માત્ર જન્મ હોય અને કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવેલું હોય તે પ્રમાણેની સંખ્યા ધ્યાન આકર્ષક કહી શકાય તે પ્રમાણેની છે એટલે જે અભિયાન માનનીય નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી હતા ત્યારે ઉપાડ્યું હતું એ અભિયાનને વધારે વેગવંતુ કરવાનું કામ અત્યારના માતૃવાત્સલ્ય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ કરી રહ્યા છે અને એને આગળ ધપાવ્યું છે અને એનું પરિણામ પણ અત્યારે દેખાઇ રહ્યું છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નવસારી જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર અને વર્ષવાર કેટલો ખર્ચ થયો છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : વર્ષવાર જોઇએ તો ૨૦૧૩ની અંદર ૧૧ લાખ ૨૪ હજારનો ખર્ચ, ૨૦૧૪ની અંદર ૧૯ લાખ ૫૬ હજારનો ખર્ચ, પાંચ તાલુકાઓ છે એની અંદર નવસારીમાં ૨૦૧૩ની અંદર ૧ લાખ ૧૧ હજાર, ૨૦૧૪ ની અંદર ૪ લાખ ૪૨ હજાર એટલે કુલ ૫ લાખ ૫૩ હજાર, જલાલપોરની અંદર ૨૦૧૩માં ૧ લાખ ૪૫ હજાર અને ૨૦૧૪માં ૨ લાખ ૯૮ હજાર કુલ ૪ લાખ ૪૩ હજાર, ગણદેવીમાં ૨૦૧૩માં ૨ લાખ ૨૩ હજાર અને ૨૦૧૪માં ૧ લાખ ૮૬ હજાર કુલ ૪ લાખ ૯ હજાર, ચીખલીમાં ૨૦૧૩માં ૨.૩૧ લાખ અને ૨૦૧૪માં ૪.૮૩ લાખ કુલ ૭.૧૪ લાખ અને છેલ્લે વાંસદાની અંદર ૨૦૧૩માં ૪.૧૪ લાખ અને ૨૦૧૪માં ૫.૪૭ લાખ કુલ ૯.૬૧ લાખ એટલે મેં કહ્યું એ પ્રમાણે ૩૦.૮૦ લાખનો ખર્ચ થયેલ છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નાનું કુટુંબ સુખી કુટુંબ, બેટી વધાવોની આ પ્રોત્સાહિત યોજના અંતર્ગત સરકાર ખૂબ સારી રીતે જ્યારે કામ કરી રહી છે ત્યારે આ દીકરી યોજનામાં મારા નવસારી જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ખર્ચની વાત તો થઇ પરંતુ એ લાભ લીધેલ લાભાર્થી દંપતિઓની વર્ષવાર તેમજ તાલુકાવાર સંખ્યા શું છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : હું બન્ને વર્ષની ભેગી જ સંખ્યા આપું છું. નવસારીની અંદર બન્ને વર્ષની મળીને ૧૧૦, જલાલપોરની ૮૭, ગણદેવીની અંદર ૮૦, ચીખલીની અંદર ૧૪૨ અને વાંસદાની અંદર ૧૯૧ એટલે કુલ ૬૧૦ જેટલા દંપતિએ આ યોજનાનો લાભ મેળવેલ છે એટલે કે એમના ઘરની અંદર માત્ર દીકરી જ છતાં પણ એમણે કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવડાવ્યું છે. શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં એક દીકરી યોજના હેઠળ કેટલા લાભાર્થીની સંખ્યા છે ? અને ત્યાર પછી આ યોજનામાં સુધારો થયો તેમાં બે દીકરીને લાભ આપવામાં આવે છે તો બે દીકરીઓની સંખ્યા બે વર્ષમાં કેટલી છે ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ટોટલ ૬૧૦ દંપતિ છે તેમાં એક જ દીકરી હોય અને ઓપરેશન કરાવ્યું હોય એવા ૩૦ દંપતી છે અને બે દીકરી હોય અને તેમણે કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવ્યું હોય એવા દંપતિ ૫૮૦ છે.

**વડોદરા જિલ્લામાં કિશોરી શક્તિ યોજનાના લાભાર્થીઓ**

* ૧૮૩૩૫ શ્રી યોગેશ પટેલ**(**માંજલપુર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કિશોરી શક્તિ યોજના હેઠળ પૂરક પોષણમાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે, | (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કિશોરી શક્તિ યોજના હેઠળ પૂરક પોષણમાં સરેરાશ ૨૭૭૨૩ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. |
| (૨) આ યોજના હેઠળ ઉક્ત સમયગાળામાં કેટલા લોકોને તાલીમ આપવામાં આવી, અને | (૨) આ યોજના હેઠળ ઉક્ત સમયગાળામાં ૫૯૪ લોકોને તાલીમ આપવામાં આવી. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) કિશોરીઓને કૌશલ્ય વર્ધક તાલીમ કેન્દ્ર દ્વારા વ્યવસાયિક તાલીમ, જીવન કૌશલ્ય તાલીમ આપવામાં આવેલ છે. જેથી તાલીમનો કોઈ પણ ખર્ચ કરવામાં આવેલ નથી. |

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, કિશોરી શકિત યોજના હેઠળ આ યોજનામાં કિશોરીઓને સમાવેશ કરવાના નિયમો શું છે ? બીજુ એક ઘટક પાછળ ખર્ચ કેટલો ? અને એક ઘટકમાં કિશોરીઓની સંખ્યા કેટલી ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ૧૧ થી ૧૮ વર્ષની બહેનોનો આ યોજનામાં સમાવેશ કરવામાં આવે છે. જે બહેનો સ્કૂલે પણ નથી જતી અને તેના પોષણની ચિંતા રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે કરીને કિશોરી એટલે કે ભવિષ્યની જે મા બનવાની છે તેના સંદર્ભમાં આ યોજનાની શરૂઆત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક ઘટક દીઠ ૧ લાખ અને ૧૦ હજાર રૂપિયા ખર્ચ થાય છે અને આપણે ત્યાં વાર્ષિક ૨૦૨૨ ઘટકો છે એટલે ૨૨૨.૨૦ લાખના ખર્ચની જોગવાઇ કરેલી છે. આ કિશોરીઓને રોજ ૬૦૦ કેલેરી મળે અને ૧૮ થી ૨૦ ગ્રામ પ્રોટીન મળી રહે તે મુજબ પૂરક પોષણમાં શીરો, સુખડી અને ઉપમા આપવામાં આવે છે. શીરોના ત્રણ પેકેટ, સુખડીનું એક પેકેટ અને ઉપમાના બે પેકેટ તેમને આપવામાં આવે છે. બીજો જે ખર્ચ થાય છે તે નોન ન્યુટ્રીશ્યન માટે કરવામાં આવે છે તેમાં કિશોરીઓને આરોગ્ય, શિક્ષણ અને પોષણ આ બધાનું જ્ઞાન આપવામાં આવે છે. જીવન કૌશલ્ય, જાતિય શિક્ષણ, કાનૂની માર્ગદર્શન અને વ્યવસાયિક તાલીમ પેટે આ ખર્ચ કરવામાં આવતો હોય છે.

શ્રીમતી મનિષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, વર્ષ ૧૩–૧૪ની સ્થિતિએ વડોદરા જિલ્લાના કિશોરી શકિત યોજના હેઠળ ઘટકવાર કેટલા લાભાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં કુલ ૧૦ ઘટકો છે. ડભોઇમાં ૫૦, કરજણમાં ૧૧૦, પાદરામાં ૬૧, પાદરા–૨માં ૫૫, સાવલી–૧માં ૪૫, સાવલી–૨માં ૫૦, સિનોરમાં ૧૦૪, વડોદરા ગ્રામ્યમાં ૪૦, વડોદરા ગ્રામ્ય–૨માં ૪૦, વાઘોડિયામાં ૪૯ એમ કુલ ૫૯૪ દીકરીઓને તાલીમ

આપવામાં આવી છે અને આ તાલીમ કૌશલ્ય વર્ધન કેન્દ્ર હેઠળ કરવામાં આવે છે એટલે બીજો કોઇ ખર્ચ થતો નથી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલુ જ જાણવુ છે કે, વડોદરા જિલ્લામાં કિશોરી શકિત યોજના હેઠળ પોષણક્ષમ લાભાર્થીઓની સંખ્યા ૨૭૭૨૩ જેટલી છે તો તેની પાછળ વાર્ષિક કુલ કેટલો ખર્ચ થયો અને પૂરક પોષણ માટે દૈનિક ખર્ચ મર્યાદા અને કેલેરી પ્રોટિનની માત્રા કેટલી નક્કી કરવામાં આવી છે ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ ૧૧ થી ૧૮ વર્ષની કિશોરી માટે ગુજરાતના ૧૭ જિલ્લામાં ૨૦૨ ઘટકોમાં આ યોજના કરવામાં આવી છે. અને વાર્ષિક ઘટક દીઠ ૧ લાખ ૧૦ હજાર રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી સતિષભાઇ મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, કિશોરી શકિત યોજનાનો હેતુ અને ઉદ્દેશ શું છે ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, સમર્થમાં સમર્થ ભારત, સમર્થ ગુજરાત. આજની કિશોરી ભવિષ્યની મા બનવાની છે ત્યારે તે સક્ષમ કઇ રીતે બને, સશકત કઇ રીતે બને, સમર્થ કઇ રીતે બને એ આ યોજનાનો હેતુ છે. એના માટે કિશોરીઓને પૂરતું પોષણ પૂરું પાડવું, કિશોરીઓને આર્યન અને ફોલિક એસીડની ગોળીઓ આરોગ્ય વિભાગના મારફતે અપાવવી, કૌશલ્ય વર્ધક અને આર્થિક ઉપાર્જન કઇ રીતે કરી શકે તેના માટેની તાલીમ આપવી, મહિલાના કાયદા અને મહિલા ઉત્થાનની સરકારની જે વિશેષ યોજનાઓ છે તેની માહિતી તેમને આપવામાં આવે છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : સન ૨૦૧૩–૧૪માં વડોદરા જિલ્લામાં કિશોરી શકિત યોજનામાં પૂરક પોષણ હેઠળ ઘટકવાર કેટલા લાભાર્થીઓને આવરી લેવાયા.?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : કુલ મળીને વડોદરા જિલ્લામાં ૧૦ ઘટકો છે. અગાઉ કહ્યું એમ કાર્યાન્વિત આંગણવાડી ૧૩૪૪ છે. આ ૧૩૪૪ આંગણવાડીઓમાં ડભોઇમાં ૩૮૪૧ની સંખ્યા છે. એમાં ૩૬૩૫ પૂરક પોષણનો લાભ લીધેલ સંખ્યા છે. કુલ મળીને ૩૦૨૫૬ નોંધાયેલ કિશોરીઓ છે. જયારે એની સામે ૨૭૭૨૩ પૂરક પોષણ યોજનાનો લાભ લીધો છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : કુલ લાભાર્થીઓ સંખ્યા ૨૭૭૨૩ની બતાવેલ છે. એમાં ૫૯૪ને જ તાલીમ આપવામાં આવી છે. તો બીજા લાભાર્થીઓને તાલીમ આપવા માટેનું કોઇ આયોજન છે કે કેમ, તાલીમ આપવાનું આયોજન હોય તો કેટલા સમયમાં તાલીમ આપવામાં આવશે.?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : કિશોરીને પોષણ સાથે તાલીમ આપવાનું કામ આઇ.ટી.આઇ. મારફતે કરવામાં આવે છે. કૌશલ્ય વર્ધક કેન્દ્રો મારફતે પણ કરવામાં આવે છે. એની નોંધણી કરવામાં આવે, કુલ મળીને તાલીમાર્થીઓની સંખ્યા હોય એની બેન્ચ બનાવવામાં આવે છે. એટલે એક વર્ષમાં જેટલા તાલીમાર્થીઓ નોંધવામાં આવ્યા હોય એને તાલીમ આપવાનું કામ પૂરું કરી શકાય છે.

**દાહોદ જિલ્લામાં દૂધ સંજીવની યોજના**

* ૧૭૫૯૫ શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર દૂધ સંજીવની યોજના અંતર્ગત કયા તાલુકાઓમાં આ યોજના કાર્યરત નથી, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર દૂધ સંજીવની યોજના અંતર્ગત (૧) ગરબાડા (૨) દેવગઢ બારીયા (૩) ધાનપુર (૪) દાહોદ તાલુકાઓમાં આ યોજના કાર્યરત નથી. |
| (૨) તે અન્વયે જે તાલુકાઓમાં આ યોજના કાર્યરત નથી તેવા તાલુકાઓમાં આ યોજના અમલીકરણ કરવા સરકારે શું આયોજન કરેલ છે? | (૨) ઉકત દર્શાવેલ તાલુકાઓમાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન દુધ સંજીવની યોજનાનું અમલીકરણ કરવા આયોજન કરેલ છે. |

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : મારો પ્રશ્ન દાહોદ જિલ્લામાં દૂધ સંજીવની યોજના ચાલુ કરવા બાબતનો છે. હું આપની મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગુજરાતમાં કૂપોષણ ધરાવતા જિલ્લામાં દાહોદ નંબર વન છે ત્યારે કૂપોષણ ધરાવતી મહિલાઓના દ્વારા આવનાર બાળક ઉપર એની વિપરીત અસર પડવાની છે ત્યારે આ દૂધ સંજીવની યોજનાનો અમલ વહેલી તકે શરૂ કરવા માગો છો કે કેમ? અમારા ગરબાડા, દેવગઢબારિયા, ધાનપુર અને દાહોદ તાલુકામાં સન ૨૦૧૫-૧૬ દરમિયાન ચાલુ વર્ષમાં આયોજન કરેલ છે ત્યારે હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ આયોજના કરેલ છે તો એની પાછળ કેટલા નાણાં ફાળવવામાં આવ્યા છે અને કેટલા સમયમાં એ શરૂ કરવામાં આવશે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : દાહોદ જિલ્લાનું કુલ બજેટ સન ૨૦૧૪-૧૫માં ૭,૧૨,૨૫,૦૦૦ રૂપિયાનું છે. રાજય સરકાર માને છે કે દૂધ સંજીવની યોજનાનો લાભ ઝડપથી પહોંચાડવા માટે આપણે પ્રયત્ન કરવો પરંતુ ત્યાં આવેલા એમના જ તાલુકા ગરબાડા, દેવગઢ બારીયા અને ધાનપુર તાલુકામાં દૂધની ડેરીઓ મારફત દૂધ આપવામાં આવે છે. એ કેવળ મિલ્ક ત્યાં ન હોવાને કારણે નથી આપતા. બીજું ૨૦૦ એમ.એલ.ના પેકીંગમાં નહિ પણ ૫૦૦ એમ.એલ.ના પેકગમાં આપે તો બાળકોને ૧૦૦, ૨૦૦ આપવાનું હોય પણ લૂઝ આપણે આપી શકતા નથી. આ યોજનાને ચાલુ કરવા માટે વિભાગ દ્વારા અને માનનનીય મુખ્મંત્રીશ્રી દ્વારા ઝડપથી ચાલુ કરવાના પ્રયત્નો ચાલી રહ્યા છે અને એ આપણે ઝડપથી ચાલુ કરી દઇશું.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : દાહોદ જિલ્લામાં ઝાલોદ અને સંજેલી આ બે તાલુકામાં અમલ કરવામાં આવ્યો છે. એટલે એક તાલુકાને ગોળ અને બીજાને ખોળ એવી વાત છે. આદિવાસી બાળકો કૂપોષણથી પીડાઇ રહ્યા છે. દાહોદ જિલ્લામાં આદિજાતિમાંથી મોટો ખર્ચો પાડવામાં આવે છે. તો કયા હેડે કેટલો ખર્ચો પાડવામાં આવે છે અને કયા વર્ષથી આ યોજનાનો અમલ શરૂ કરવા માગો છો?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : કોઇને ગોળ અને કોઇને ખોળની નીતિ ભારતીય જનતા પાર્ટીની રહી નથી. આ રાજયના બધા જ બાળકો આપણા બધાના બાળકો છે એમ સમજીને આ કામ થતું હોય છે. કોઇ જિલ્લાનું બજેટ કોઇનામાં નાખવું એવું પણ નથી. દરેક બાળકોને જયાં ડેરીની વ્યવસ્થા થશે ત્યાં કરવા માટે ઉત્સુક છીએ. શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દૂધ સંજીવની યોજના હેઠળ આપવામાં આવતા દૂધમાં કયા પોષક તત્વો ઉમેરવામાં આવે છે? દાહોદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં આ આયોજન પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, દૂધ સંજીવની યોજના હેઠળ બાળકો દૂધ પીતા થાય, તેમને દૂધ પીવાનું ગમે એટલે આપણે ફલેવર્ડ મિલ્ક આપવાનું શરૂ કર્યું છે. તેમાં ૧૦૦ એમ.એલ. ફોર્ટીફાઇડ ફલેવર્ડ પેશ્ચ્યુરાઇઝ્ડ દૂધ આપણે આપતા હોઇએ છીએ. તેમાં ૩ ગ્રામ ફેટ હોય છે, ૧૫૦ માઇક્રોગ્રામ કાર્બોહાઇડ્રેટ્સ છે. ૩.૫ ગ્રામ પ્રોટીન હોય છે. ૧૫૦ માઇક્રોગ્રામ વિટામીન હોય છે. વિટામીન ડી-૧ પણ માઇક્રોગ્રામની રીતે ઉમેરેલું છે. ઝાલોદમાં ૧૮,૮૯,૩૪૯ રૂપિયાનો ખર્ચ થયો છે. ફતેપુરામાં ૧૫,૩૩,૫૦૦ અને લીમખેડામાં ૮,૨૨,૨૪૬ રૂપિયા ખર્ચ આ યોજના હેઠળ કરવામાં આવ્યો છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે દૂધ સંજીવની યોજના હેઠળ ફલેવર્ડ મિલ્ક આપવામાં આવે છે. આ ફલેવર્ડ મિલ્ક કેટલા ફેટનું હોય છે? અને અઠવાડિયામાં બે દિવસ આપવામાં આવે છે તો દરરોજ આપવા માગો છો કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : રોજ આપવામાં વાંધો નથી. પરંતુ બાળકોની પોષણ શક્તિ, પોષણ ક્રિયાઓને પણ ધ્યાનમાં રાખવી પડતી હોય છે અને ફલેવર્ડ મિલ્ક જયાં અવેલેબલ હોય ત્યાં આપણે આપીએ છીએ. હાલ બે દિવસ આપવાની યોજના છે. વિશેષ કોઇ યોજના નથી.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દૂધ સંજીવની યોજના કયારથી શરૂ કરવામાં આવી, કયા કયા જિલ્લાઓમાં શરૂ કરવામાં આવી અને તેના માટેનું બજેટ કેટલું છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૨૪-૧૨-૨૦૦૯ના ઠરાવથી આ યોજનાની શરૂઆત કરવામાં આવી. બનાસકાંઠા જિલ્લાના દાંતા, અમીરગઢ, વડોદરા જિલ્લાના કવાંટ, નર્મદા જિલ્લાના

દેડિયાપાડા ઘટક–૧ અને ૨, પંચમહાલ જિલ્લાના સંતરામપુર ઘટક–૧ અને ૨, દાહોદ જિલ્લાના ઝાલોદ ઘટક–૧ અને ૨, તાપી જિલ્લાના ઉચ્છલ ઘટકમાં આ યોજના શરૂ કરવામાં આવી. ૨,૩૮,૫૭,૦૦૦ તેનું બજેટ હતું. મારે બીજી વાત કરવી છે. આ યોજના એ એકદમ સંવેદનાસભર યોજના હતી. આ યોજનાની શરૂઆત કરતાં પહેલાં માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન આ વિભાગના વડા હતા અને એમણે ભગવાનના ભાગ તરીકે જે લોકો દૂધ ઉત્પાદકો છે એ બધાની પાસે વિનંતી કરી હતી અને તેને કારણે યોજના હોય કે ન હોય જયાં સુવિધા હોય ત્યાં આંગણવાડીમાં પોતાના દૂધના ભાગમાંથી, પોતાના ઢોરના દૂધના ભાગમાંથી ૧૦૦ એમ.એલ., ૨૦૦ એમ.એલ. જે પણ દૂધ હોય તે આપીને યોજનાઓ આજની તારીખે લોકભાગીદારીથી ચાલુ છે.

**જામનગર જિલ્લામાં દીકરી યોજનાના લાભાર્થીઓ**

* ૧૮૩૮૦ શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં દીકરી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને | (૧) ૯ |
| (૨) તે અન્વયે કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૪૭,૦૦૦/- |

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જામનગર જિલ્લામાં આ યોજના માટે કુટુંબનિયોજનનું ઓપરેશન કરતા સરકારી દવાખાના અને કુટુંબકલ્યાણ કેન્દ્રો તાલુકાવાર કેટલા આવેલ છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આમ જનરલી પી.એચ.સી. અને સી.એચ.સી. બન્નેની અંદર કુટુંબનિયોજનના ઓપરેશનો થતાં હોય છે. જામનગરમાં ૨૨, જોડિયામાં ૧, ધ્રોળમાં ૧, કાલાવડમાં ૨, લાલપુરમાં ૧, જામજોધપુરમાં ૧, ભાણવડમાં ૧, દ્વારકામાં ૧, ખંભાળિયામાં ૪ અને કલ્યાણપુરમાં ૧. કુલ મળીને ૩૫ જેટલા દવાખાનામાં આ કુટુંબકલ્યાણના ઓપરેશન કરવામાં આવે છે. બીજી તેની સાથે સંલગ્ન બાબત મારે માનનીય સભ્યશ્રીને જણાવવાની હતી કે આ દીકરીનો જન્મનો દર વધે તે માટે ૨૦૦૧થી ૨૦૧૧ સુધીના આંકડા આવ્યા તેમાં છ પોઇન્ટ જેટલો વધારો જામનગર જિલ્લામાં દીકરીઓના જન્મનો થયો છે. એ આપણાં માટે સારી બાબત છે. પરંતુ હજી રાજયનો જે રેશિયો છે એ ૯૧૧ જેટલો એટલે સ્ટેટના રેશિયોને પહોંચવા માટે હજુ આ અભિયાન ચલાવવું પડે. આ યોજના અંતર્ગત દીકરી યોજના તો છે, પરંતુ દીકરી યોજનાને પેરેલલ પણ કેટલીક યોજનાઓ રાજય સરકારે મૂકી છે. તેના કારણે દીકરી જન્મે તે ભારરૂપ નથી. દીકરી જન્મે તો તેના માટેના શિક્ષણ, પોષણની બધી ચિંતા રાજય સરકાર કરશે. તેવું વાતાવરણ બનાવવા માટે મમતા દિવસ, ચીરંજીવ યોજના, જનની સુરક્ષા, કસ્તુરબા પોષણ સહાય યોજના, ઇ–મમતા જેવી યોજનાઓના કારણે દીકરીનો જન્મ પરિવાર માટે ભારરૂપ નથી અને ગૌરવરૂપ બાબત છે. ભરતીમાં દીકરીઓ માટે ૩૩ ટકા અનામતની જોગવાઇ કરી છે. આ બધાના કારણે દીકરીઓના જન્મને પ્રોત્સાહન મળશે. સ્ત્રીના ગર્ભની અંદર હત્યા થતી અટકશે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, દીકરી યોજના અને બેટી બચાવો ઝૂંબેશ બન્નેનો હેતુ એક જ છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, બન્નેનો ઉદ્દેશ એક જ છે. દીકરાની સાથોસાથ દીકરીનો જન્મ થાય અને બન્નેનું સંતુલન જળવાઇ રહે એ એનો મુખ્ય ઉદ્દેશ છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, દીકરી યોજના માટે જામનગર જિલ્લામાં રાજય સરકારે વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલી રકમની ફાળવણી કરેલ છે અને સાથોસાથ આગામી બજેટમાં આ રાજય સરકારે શું જોગવાઇ કરેલ છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૪–૧૫માં બે લાખ રૂપિયાની ગ્રાન્ટ ત્યાં ફાળવેલી છે. જામનગર જિલ્લાની વાત કરીએ રૂ.૧૧,૮૯,૨૨૬/– જેટલી ગ્રાન્ટ ઉપલબ્ધ હતી. આ વર્ષના બજેટમાં રૂ.૧.૫૦ કરોડની જોગવાઇ કરેલ છે. આ દીકરી યોજનાની અંદર સ્ટેટના બજેટમાં જોગવાઇ કરી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે દીકરી યોજનાના લાભાર્થીઓ છે એમાં આજની

પ્રશ્નોત્તરીની અંદર પ્રશ્ન ક્રમાંક-૧, ૫, ૧૬, ૨૧ અને ૮૪માં એના ખર્ચનો રેશિયો આપેલ છે. એમાં રૂ.૫૦૦૦/- થી માંડીને રૂ.૫૨૨૨/- સુધીનો રેશિયો થાય છે. આમાં સરકારનો કોઇ ફિક્સ રેશિયો છે? કારણ કે, દરેક જગ્યાએ ખર્ચ અલગ અલગ આવે છે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના ધ્યાન ઉપર મૂકું. એક દીકરી હોય અને દીકરો ન હોય અને ઓપરેશન કરાવવામાં આવે તો એને રૂ.૬૦૦૦/- અને બે દીકરીઓ હોય અને ઓપરેશન કરાવવામાં આવે તો તેને માટે રૂ.૫૦૦૦/-ના બચત પત્રો આપતા હોઇએ છીએ. એના કારણે આ ડિફરન્સ આવતો હશે.

**ગાંધીનગર જિલ્લામાં નંદઘર બનાવવા બાબત**

* ૧૮૪૦૭ શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નવા નંદઘર બનાવવામાં આવ્યા, | (૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં **૯૨** નવા નંદઘર બનાવવામાં આવ્યા. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો, | (૨) તે માટે **રૂ. ૪૮૫૮૫૯૮૫.૫૧/-**નો કુલ ખર્ચ થયેલ છે. |
| (૩) કેટલા નંદઘર બનાવવાના બાકી છે, અને | (૩) **૧૬૪** નંદઘર બનાવવાના બાકી છે. |
| (૪) બાકીના નંદઘર ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૪) બાકી રહેતાં ૧૬૪ નંદઘર પૈકી ગ્રામ્ય વિસ્તારના ૫૯ અને નગરપાલિકા વિસ્તારના ૬૦ આંગણવાડી કેન્દ્રો મળીને કુલ ૧૧૯ મકાન બાંધકામની કામગીરી પ્રગતિમાં છે. જ્યારે બાકી રહેતાં ૪૫ આંગણવાડી કેન્દ્રો બનાવવાની કાર્યવાહી બનતી ત્વરાએ કરવામાં આવશે. |

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ઘટકવાર કેટલી આંગણવાડીઓ મંજૂર થયેલ છે અને તે પૈકી કેટલી આંગણવાડી કેન્દ્રો કાર્યાન્વિત કરવામાં આવેલ છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કુલ ૬ ઘટકો છે. એ ૬ ઘટકોમાં ૧૦૬૧ આંગણવાડી કેન્દ્રો મંજૂર થયેલ છે અને ૧૧૬૧ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની રાજધાની ગાંધીનગર શહેર છે. આપણે બધા ગાંધીનગરથી સરકારનું સંચાલન કરીએ છીએ. એમના જવાબમાં એવું લખ્યું છે કે, તા.૩૧-૧૨-૨૦૧૪માં ૯૨ નવા નંદઘર બાંધ્યા. ૧૬૪ નંદઘર બનાવવાના બાકી છે. એમાં ૫૯ આંગણવાડીઓ નગરપાલિકા વિસ્તારમાં છે અને ૬૦ આંગણવાડીઓ ગ્રામ્ય વિસ્તારમાં આવેલ છે. બાકીની ૪૫ આંગણવાડી કેન્દ્રો સત્વરે બનાવવામાં આવશે. ગતિશીલ ગુજરાતમાં ૨૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન ચાલે છે. ૪૫ આંગણવાડી કેન્દ્રોની કાર્યવાહી સત્વરે કરીશું એમ કહ્યું છે એના બદલે ચોક્કસ ટાઇમ આપવા માગો છો કે કેમ?

**પ્રો વસુબેન ન. ત્રિવેદી :** માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતની ગતિ ચાલુ જ છે અને ચાલુ રહેવાની છે એની કોઇ ચિંતા કરવાની આવશ્યકતા નથી. નંદઘર બનાવવા માટેનું પૂર્ણ બજેટ આપણી પાસે છે. પરંતુ નગરપાલિકામાં અને મહાનગર હોય કે કોઇ શહેરી વિસ્તાર હોય ત્યાં જગ્યાના અભાવે આપણે આ કરી શકતા નથી. એટલા માટે ૧૦૬૧ આંગણવાડીઓ કાં તો ભાડાના મકાનમાં, કાં તો નગરપાલિકા કે શાળાના મકાનમાં આપણે કાર્યાન્વિત કરી દીધી છે. મારી આ ગૃહના તમામ વિપક્ષના સભ્યોને વિનંતી છે કે એમના વિસ્તારમાં આવતી નગરપાલિકામાં જ્યાં આંગણવાડીઓ નથી, એમના ધ્યાનમાં જગ્યા હોય અથવા પ્રાઇવેટ જગ્યા હોય તો એ આપે તો અમે કરી દઇશું.

**શ્રી અશોકકુમાર ર. પટેલ :** મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ના રોજ જે ઘટકવાર આંગણવાડીઓ છે એમાં પોતાના મકાનમાં કેટલી છે અને બીજી કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં ચાલે છે અને અન્ય જગ્યાએ કોઇ આવી આંગણવાડીઓ ચાલે છે કે કેમ?

**પ્રો વસુબેન ન. ત્રિવેદી :** ઘટકવાર માહિતી છે. પોતાના મકાનમાં બેસતી હોય એવી ગાંધીનગર–૧માં ૧૩૪, ગાંધીનગર–૨માં બેસતી હોય એવી ૧૫૮, દેહગામ–૧માં ૧૧૨, દેહગામ–૨માં ૧૧૮, કલોલમાં ૧૯૬, માણસામાં ૧૩૭ એમ કુલ ૮૫૩ આંગણવાડીઓની સંખ્યા છે અને પોતાના મકાનમાં છે. આ ૬ ઘટકોમાં ૧૬૪ આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે. ૪૪ આંગણવાડીઓ એવી છે કે મેં અગાઉ કહ્યું એમ નગર પંચાયત, શાળા કે ટ્રસ્ટની જગ્યામાં બેસીને ચાલતી હોય છે.

**શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ :** માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે છેલ્લા એક વર્ષમાં ભારત સરકાર તરફથી અને રાજય સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ મળી અને જે ૧૧૯ મકાનો બાંધવાની કામગીરી પ્રગતિમાં છે એ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

**પ્રો વસુબેન ન. ત્રિવેદી :** મેં કહ્યું એમ એક આંગણવાડી દીઠ ૭૫ ટકા લેખે કેન્દ્રના મળતા હોય અને ૨૫ ટકા રાજ્ય સરકારના હોય છે. કેન્દ્ર સરકારને અવાર–નવાર લખ્યું હોવા છતાં મંજૂર થતી ન હતી. હમણાં જ ૨૦૧૫ની સ્થિતિએ માગણી કરી અને મંજૂર થઇને આવવાની છે. એટલા માટે નવા કેન્દ્રો કાર્યાન્વિત કરી શકયા નથી.

**શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ :** ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા નંદઘર બનાવવામાં આવ્યા છે?

**પ્રો વસુબેન ન. ત્રિવેદી :** તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મેં કહ્યું એમ ગાંધીનગરમાં ૧૫૮ કુલ મળીને લગભગ ૮૫૪ જેટલા એક વર્ષમાં બનાવવામાં આવ્યા છે.

**શ્રી પુંજાભાઇ ભી. વંશ :** માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, એમણે જવાબમાં જણાવ્યું કે ભારત સરકારને દરખાસ્ત કરી છે પણ ભારત સરકાર મંજૂર કરતી નથી. આ મંજૂર નહીં કરવાના કારણો શા છે? આપણે દરખાસ્ત કર્યા પછી ભારત સરકાર શા માટે ના પાડે છે?

**પ્રો વસુબેન ન. ત્રિવેદી :** હું છેલ્લા ચાર મહિના પહેલાની વાત કરું છું. આંગણવાડી મંજૂર કરવાના કોઇ કારણો હોતા નથી. વસતિના આધાર ઉપર અને મીની આંગણવાડી પણ વસતિના આધાર ઉપર આપણે પૂરાવા સાથે મોકલતા હોઇએ છીએ. પણ સૌ જાણે છે, આખું ગુજરાત જાણે છે કે કેન્દ્ર તરફથી •(xxx) આપણને આ ગ્રાન્ટ મળી ન હતી.

**અમદાવાદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની તપાસ**

* ૧૮૩૪૪ શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની તપાસ કરવામાં આવી,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | તપાસેલ બાળકો | |
|---|---|---|
| | વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ |
| દશક્રોઈ | ૮૪૦૨૦ | ૮૦૯૦૫ |
| સાણંદ | ૬૭૯૪૫ | ૬૪૭૮૮ |
| વિરમગામ | ૫૪૯૦૩ | ૫૪૪૭૮ |
| માંડલ | ૧૯૧૧૮ | ૨૦૨૬૮ |
| દેત્રોજ | ૨૧૮૮૦ | ૨૧૯૧૭ |
| બાવળા | ૪૫૭૦૦ | ૪૪૩૪૭ |
| ધોળકા | ૬૯૬૨૨ | ૬૯૬૧૬ |
| ધંધુકા | ૩૬૧૪૭ | ૪૦૯૬૮ |
| બરવાળા | ૨૧૪૩૫ | ૨૧૧૬૬ |
| રાણપુર | ૨૫૯૨૧ | ૨૬૩૬૪ |
| **કુલ** | **૪૪૬૬૯૧** | **૪૪૪૮૧૭** |

(૨) કયા રોગો માટે સારવાર આપવામાં આવી,

(૨) સામેલ **પત્રક** મુજબ

•આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

**પત્રક**

| અ.નં. | રોગનું નામ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ |
|---|---|---|---|
| ૧ | પાડુંરોગ | ૧૬૩૯૦ | ૧૧૫૦૦ |
| ૨ | આંત્રકૃમિ | ૧૦૫૨૭ | ૧૦૦૦૬ |
| ૩ | દાંતની તકલીફ | ૨૬૪૭ | ૨૯૬૭ |
| ૪ | આંખની તકલીફ | ૩૫૪૩ | ૨૯૫૮ |
| ૫ | કાન-નાક-ગળાની તકલીફ | ૧૯૦૬ | ૧૯૪૮ |
| ૬ | પેટની તકલીફ | ૧૨૧૦ | ૧૭૦૧ |
| ૭ | ચામડીના રોગ | ૧૮૮૭ | ૨૦૦૨ |
| ૮ | શરીરની સ્થૂળતા | ૯૪ | ૧૧૮ |
| ૯ | તમાકુનું સેવન | ૮૫ | ૪૮ |
| ૧૦ | માનસીક તણાવ | ૩૫ | ૬૪ |
| ૧૧ | શ્વસનતંત્રના રોગ | ૩૫૭ | ૪૯૦ |
| ૧૨ | ચેતાતંત્રના રોગ | ૫૩ | ૪૩ |
| ૧૩ | અસ્થિતંત્રના રોગ | ૪૮ | ૨૮ |
| ૧૪ | વિકલાંગતા | ૨૪૩ | ૨૨૬ |
| ૧૫ | અન્ય | ૨૯૮૫ | ૩૨૮૧ |

(૩) તે પૈકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવી, અને

(૩)

| વર્ષ | રેફરલ સારવાર | તજજ્ઞ સારવાર |
|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ૩૫૧૫ | ૩૫૧૫ |
| ૨૦૧૩-૧૪ | ૩૨૧૧ | ૩૨૧૧ |

(૪) કેટલા બાળકોને હૃદયરોગની સારવાર આપવામાં આવી?

(૪)

| વર્ષ | હૃદયરોગની સારવાર |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૧૪૦ |
| ૨૦૧૩-૧૪ | ૧૧૬ |

**શ્રી રાકેશ જ. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત શાળાએ જતા દીકરા-દીકરીઓને ૧૫ થી વધુ પ્રકારના રોગોની ચકાસણી થાય છે, નાની ઉંમરના દીકરા-દીકરીઓને નાની ઉંમરથી રોગોને તપાસી એની સારવાર મળતી હોય છે અને વિશેષ પ્રકારની જરૂર પડે ત્યારે હૃદયરોગ જેવા રોગોની સારવાર મળતી હોય છે. નાના બાળકો તંદુરસ્ત હશે તો આવનારા દિવસોમાં ભારત પણ તંદુરસ્ત બનવાનું છે. આ યોજના પૈકી ૨૦૧૨-૧૩માં ૪ લાખ ૪૬ હજાર, ૨૦૧૩-૧૪માં ૪ લાખ ૪૪ હજાર તાલુકાવાર શાળાના બાળકોના આરોગ્યની તપાસ થઈ હતી તો ૨૦૧૪-૧૫માં તાલુકાવાર કેટલી તપાસ યોજી હતી એની માહિતી આપશો. શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪-૧૫ ની અંદર અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓની અંદર ૯૬૫, માધ્યમિક શાળામાં ૨૫૦, આંગણવાડીમાં ૧૬૩૧, મદ્રેસા અને અન્યની અંદર- ૬ એટલે ટોટલી ૨૮૫૨. તાલુકાવાઇઝ માનનીય સભ્યશ્રીને કહું તો આ સહિત દસક્રોઇમાં ૫૧૫, વિરમગામમાં ૩૨૫, માંડલ ૧૬૬, દેત્રોજમાં ૨૦૫, સાણંદમાં ૩૮૬, બાવળામાં ૨૭૦, ધોળકામાં ૪૪૩, ધંધૂકામાં ૨૮૦, બરવાળાની અંદર ૧૨૨ અને રાણપુરની અંદર ૧૪૦ જગ્યા ઉપર એટલ હાઇસ્કુલ, પ્રાથમિક શાળા, આંગણવાડી, મદ્રેસા ૬ મેં કહી, કુલ મળીને આ પ્રમાણેનો આંકડો થાય છે.

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે રેફરલ સેવા અને તજજ્ઞ સેવા એટલે શું?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાર્થીને ત્યાં શાળાની અંદર તપાસણી કરવામાં આવી અને એવું લાગે કે આને કાંઇ રિફર કરીને કોઇક તજજ્ઞ પાસે સારવાર કરાવવાની જરૂર પડે છે, એટલે રેફરલ સેવા અને તજજ્ઞ સેવા બન્ને મૂળ એક જ છે. એટલે રેફરલ શબ્દ રિફરમાંથી આવ્યો છે. એટલે રિફર કરીને કોઇ તજજ્ઞની પાસે સારવાર કરવા જવું એટલે ઉદ્દેશ બન્નેનો એક જ છે. રાજ્યમાં અહીં પોતાની કક્ષાએ પી.એચ.સી.,

સી.એચ.સી. કક્ષાએ સારવાર અપાય તેને તો આપીએ જ છીએ. પરંતુ કોઇ સ્પેશ્યાલિસ્ટ નિષ્ણાંતની જરૂર પડે તો તેની પણ જોગવાઇ આની અંદર કરવામાં આવી છે. તેને રેફરલ કે તજજ્ઞ સેવા કહેવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે આ જે બાળકો છે એમાં કોઇ કીડનીના પેશન્ટ હોય એના ટ્રાન્સ્પ્લાન્ટ કેટલા થયા અને બીજું હાર્ટના કોઇ બાળકો આવ્યાં હોય એવા કેટલા બાળકો હાર્ટના અને ટ્રાન્સ્પ્લાન્ટના આવ્યાં એ જાણવું છે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર જોગવાઇ બધી જ છે, હાર્ટની પણ છે. કીડનીની પણ છે.

અધ્યક્ષશ્રી : હાલ ઉપલબ્ધ ના હોય તો માનનીય સભ્યશ્રીને પહોંચાડી દે જો.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આના ફિગર હું આપું. પરંતુ આ તમામ પ્રકારની સારવારનો આની અંદર સમાવેશ કરવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : ભાઇ, અત્યારે પટાવાળા કોઇ અવર-જવર ના કરો.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે આ શાળા આરોગ્ય પ્રથા ક્યારે શરૂ થઇ? બીજી વાત મારી એ છે કે, આ શાળા આરોગ્ય દરમ્યાન છેલ્લા બે વર્ષમાં થેલેસેમિયાના કેસો કેટલા બન્યાં, અને જો કેસો બન્યાં તો સરકારે શું એની વ્યવસ્થા કરી?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આના મૂળમાં જઇએ તો શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ ગુજરાતની અંદર વડોદરામાં સયાજીરાવ ગાયકવાડનું સ્ટેટ હતું ત્યારે ત્યાં આગળ એ વખતે શરૂઆત કરવામાં આવી હતી. વચ્ચે બંધ રહી અને ૧૯૯૮થી ફરી આપણે અહીંયા આગળ શરૂ કરી. એમાં દર વર્ષે નવું નવું ઉમેરતાં ગયાં. થેલેસેમિયાના કેસોની વાત કરીએ તો ૨૦૧૨-૧૩ની અંદર ૪૮ કેસ અને ૨૦૧૩-૧૪ની અંદર ૧૪૧ કેસો અને ૨૦૧૪-૧૫ની અંદર અત્યાર સુધી જોઇએ તો ૩૪ જેટલા કેસો આવ્યાં.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, એમણે જે પત્રક દર્શાવ્યું છે, પત્રક-૬માં પેટની તકલીફના રોગો મોટા ભાગે વધ્યા છે. ત્યારે માનનીય મંત્રીને આપના દ્વારા એ પૂછવું છે કે, પેટની તકલીફના જે રોગો છે એમાં પાંચસોથીય વધારે એક વર્ષમાં વધારો થયો છે. ખરેખર સ્કુલની અંદર જે પાણી આવે છે એ ફ્લોરાઇડના કારણે થયા છે કે, શું ? પેટના રોગ વધવાનું કારણ શું ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને પેટની જે બીમારી હોય છે એમાં કૃમીની બીમારી ખાસ હોય છે. નાના બાળકોની અંદર મોં-હાથ ધોવાની બાબત હોય, એની અંદર સફાઇનું કારણ ખાસ કરીને રહેતું હોય છે અને મોંની અંદર વારંવાર હાથ નાખવાના કારણે પણ ફેલાતો હોય છે. તો કૃમી કે જેને આપણે સાદી ભાષામાં કરમિયા કહેતા હોઇએ છીએ. આ વખતે એનો ઉકેલ કરવા માટે આખા રાજ્યમાં એક સાથે એની ટેબલેટ આપીને, દરેક શાળાઓમાં એક સાથે શાળાઓમાં જ આ ટેબલેટ આપીને ગળાવવાનો પણ કાર્યક્રમ કર્યો છે એટલે શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમની અંદર કૃમીની બીમારી ન થાય એના માટેની પણ આ વ્યવસ્થા કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ પણ માહિતી મારે આ ગૃહને આપવી હતી કે, આ વખતે થેલેસીમિયાની બીમારીની અંદર બ્લડ ટ્રાન્સપ્લાન્ટ કરવા માટેની સુવિધા તો અગાઉ પણ આપણે કરી દીધી હતી. પરંતુ આ વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક નવો વિષય અમારા ધ્યાન ઉપર મૂક્યો કે, ખાસ કરીને થેલેસીમિયાની બીમારીમાં બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ કરવાની જ્યારે જરૂર હોય તો એનો ખર્ચ ખાસ બહુ મોટો થતો હોય છે, ૮ લાખ કરતાં પણ વધારે ખર્ચ થતો હોય છે. તો આ શાળા આરોગ્ય તપાસણીની અંદર થેલેસીમિયાના વિદ્યાર્થીઓ હોય બીમારીવાળા તો બોનમેરો ટ્રાન્સપ્લાન્ટની બીમારીમાં પણ ખર્ચ રાજ્ય સરકાર એ વિદ્યાર્થીનો ભોગવે એવી આની અંદર જોગવાઇ કરવામાં આવી છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, તેમણે પ્રશ્ન નંબર-૪નો જવાબ આપ્યો છે કે, વર્ષ ૨૦૧૨-૧૩માં ૧૪૦ બાળકો અને ૨૦૧૩-૧૪માં ૧૧૬ બાળકો. તો આ જે બાળકો છે એ તાલુકાવાર કેટલા બાળકોને હૃદયરોગની તપાસ કરવામાં

આવી, કેવા પ્રકારની કરવામાં આવી ? કોઇ પણ બાળકને હૃદયરોગ હોય તો તેમનું બાયપાસ કર્યું કે કેવા પ્રકારની સારવાર કરી તે હું તાલુકાવાર વિગતો જાણવા માગુ છું.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યશ્રી, માનનીય સભ્યશ્રીએ જે કહ્યું એ પ્રમાણે એમનો પ્રશ્ન જે હું સમજ્યો છું ત્યાં સુધી હું જવાબ આપું છું. ચાર નંબરનો પ્રશ્ન આમાં છે નહીં, આ સાત નંબરનો પ્રશ્ન છે. પણ એમણે જે બિમારીની વાત કરી છે ત્યાં સુધી, સાતના પેટા ચારનો એમને જો જવાબ જોઇતો હોય તો જે બાળકો ત્યાં તપાસવામાં આવ્યા તેની અંદર બાળ રોગ નિષ્ણાંત દ્વારા ૧૫૮૧, આંખની તકલીફવાળા ૧૧૩૦, દાંતની તકલીફવાળા ૩૦૭.(અંતરાય) હું આપું જ છું ભાઇ.

અધ્યક્ષશ્રી : ફક્ત એમને હૃદયરોગની માહિતી જોઇએ છે, તાલુકાવાર. હૃદયરોગની તાલુકાવાર માહિતી જોઇએ છે બસ, તાલુકાવાર કેટલા બાળકોને.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : મેં કહ્યું છે તે પ્રમાણે હૃદયરોગનો પ્રશ્ન મેં અગાઉના પેલામાં પણ કહ્યું કે આની અંદર ફિગર કદાચ એ અંદર હોત તો ચોક્કસ આવી જાત. હૃદયરોગ નથી (અંતરાય) પણ આખા જિલ્લામાં ન હોય તો કદાચ તાલુકાવાઇઝ ન હોય છતાય એમને કાંઇ જોઇતું હોય તો કહેશે તો માહિતી આપીશું.

અધ્યક્ષશ્રી : આપની પાસે જેટલી માહિતી હોય તે શક્ય બને એટલી આપણે સભ્યશ્રીને આપવી.

**રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ કેન્દ્ર સરકારની સહાય**

* ૧૮૭૪૭ શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતીએ રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી વર્ષવાર કેટલી સહાય મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કયા કામોમાં કેટલી રકમ વર્ષવાર ખર્ચ કરવામાં આવી?

**જવાબ**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ

| | |
|---|---|
| વર્ષ ૨૦૧૩–૧૪ | રૂ.૭૪૦.૪૮ કરોડ |
| વર્ષ ૨૦૧૪–૧૫ (ડીસેમ્બર–૧૪) | રૂ.૫૭૧.૯૧ કરોડ |

(૨)

| | **કામની વિગત** | **વર્ષ ૨૦૧૩–૧૪** | **વર્ષ ૨૦૧૪–૧૫ (ડિસેમ્બર–૧૪)** |
|---|---|---|---|
| ૧ | આર.સી.એચ. ફ્લેક્સીપુલ | ૬,૩૨,૨૮,૭૮૦ | ૪,૭૩,૩૦,૯૫૪ |
| ૨ | મિશન ફ્લેક્સીપુલ | ૫,૯૪,૮૫,૧૬૩ | ૩,૦૬,૭૯,૫૩૬ |
| ૩ | રૂટીન ઇમ્યુનાઇઝેશન | ૮૪,૫૭,૬૩૨ | ૫૭,૯૫,૨૫૧ |
| | **કુલ** | **૧૩,૧૧,૭૧,૫૭૫** | **૮,૩૮,૦૫,૭૪૧** |

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશનમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો હિસ્સો કેટલો છે ? રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચો કર્યો છે, એનાથી જે રૂટીન ઇમ્યુનાઇઝેશનની બીમારી છે એમાં કેટલી તિવ્રતા ઘટી છે ?

સાહેબ, બીજું હું, માનનીય આરોગ્ય મંત્રીશ્રી સૌમ્ય, શાલીન અને સંવેદનશીલ છે, એમને પૂછવા માગુ છું કે, જે રીતે કોંગ્રેસે ગરીબો માટે મનરેગા, રાઇટ ટુ ફૂડ અને રાઇટ ટુ એજ્યુકેશન લાવી, એ રીતનું રાજ્ય સરકાર કાંઇ રાઇટ ટુ હેલ્થ આપવા માગે છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી તે પ્રમાણે કેન્દ્ર સરકારનો હિસ્સો અત્યાર સુધીમાં પહેલા ૮૫ ટકા કેન્દ્ર સરકાર આપતી અને ૧૫ ટકા રાજ્ય સરકાર આપતી હતી. ૨૦૧૨–૨૦૧૩ થી કેન્દ્ર સરકારનો હિસ્સો ૭૫ ટકા અને રાજ્ય સરકારનો વધીને ૨૫ ટકા થયો, એટલે રૂરલ હેલ્થ મીશન અંતર્ગત અને અર્બન હેલ્થ મીશન પાછળથી ચાલુ કર્યુ. અત્યારે રૂરલ અને અર્બન શબ્દની જગ્યાએ હેલ્થ મીશન એવો શબ્દ હવે પછી ઉપયોગમાં લઇશું. વર્ષવાર સંખ્યા જોઇએ તો ૨૦૧૩–૧૪ માં કેન્દ્રનો હિસ્સો ૭૪૦ રાજ્યનો હિસ્સો ૨૩૨. ખર્ચ ૯૪૨.૭૮ કરોડ. આંકડા કરોડમાં સમજીએ. વર્ષ–૨૦૧૪–૧૫ માં કેન્દ્ર સરકારનો હિસ્સો ૫૭૧.૯૧ કરોડ રાજ્યનો હિસ્સો ૩૩૨.૮૪ કરોડ કુલ ખર્ચ ૫૨૪.૩૯ કરોડ ડિસેમ્બરના અંત સુધીનો અત્યારે આ થયો છે. માનનીય સભ્યશ્રીએ બીજી વાત કરી. બીમારી ઘટી છે કે નહિ? ચોક્કસ કહી

શકીશ કે આ કોઇ એક સ્પેસિફિક બીમારી પુરતો પ્રશ્ન નથી, પણ ઓલ અવર આનો વિચાર કરીને તો દા.ત. પોલિયોની અંદર તો પોલિયાનું અભિયાન ચલાવ્યું, રસીકરણ થયું, વેક્સિનની અને બાકીની જાગૃતતાના કારણે ગુજરાત પોલિયો મુક્ત બન્યું છે. અને ગુજરાતને ડબલ્યુ.એચ.ઓ. એ એબોટ પણ ૭ વર્ષથી સતત પોલિયોનો કેસ એક પણ ન આવ્યો એના કારણે થયું છે. તે જ પ્રમાણે માતા મૃત્યુદરની અંદર પણ ફિગર ઉંચો હતો જે ઘટીને ૧ લાખે ૧૧૨ જેટલો આવ્યો છે. એ જ પ્રમાણે બાળમૃત્યુ દર જે અપ હતો તે પણ ઘટ્યો છે. એટલે ઘણા બધા માપદંડોની અંદર આપણે ઇનિશિયેટિવ કામ લઇ રહ્યાં છીએ તેમાં આપણને ફાયદો થયો છે. રાજ્યમાં કોઇપણ પી.એચ.સી. ની અંદર અને સી.એચ.સી.ની અંદર, સિવિલની અંદર, ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં, આરોગ્ય માટે રાજ્ય સરકારે જે યોજના ગરીબો માટે જાહેર કરેલી છે. બે દિવસ પહેલા આપણે આ માટે અભિનંદન જાહેરમાં આપ્યા હતા. કદાચ નોટિસ સહન કરવી પડશે, પણ રાજ્ય સરકારે ખૂબ સારી યોજના મૂકી છે, એનો લાભ ગરીબ લોકો લઇ રહ્યા છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય કાર્યક્રમ ક્યારથી અમલમાં મૂક્યો? તેનો હુખ્ય હેતુ અને તેનાથી શું લાભ થાય છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મીશનની શરૂઆત ૨૦૦૫ માં થઇ. મેં કહ્યું તે પ્રમાણે અલગ અલગ એના ઉદેશો હતા. બાળમૃત્યુ દર એને કન્ટ્રોલ કરવાનો, માતાનું મરણ ઘટે, બાળ આરોગ્ય, સ્ત્રી આરોગ્ય, રસીકરણ, પોષણ, જાહેર આરોગ્ય સેવાઓ આ બધાની અંદર ખૂટતી જે કડી હોય તેને પૂરક થવું, એટલે આની લિબરાલિટી બહુ મોટા પ્રમાણમાં છે. એટલે પી.એચ.સી. નું મકાન બનાવવું હોય તો પણ એની અંદર હેડ છે. કોઇ એમ્બ્યુલન્સ લેવી હોય અથવા વધારે જાગૃતતાનું કામ કરવું હોય તો થઇ શકે. નીચેની કક્ષાએ ખાસ કરીને પી.એચ.સી., સી.એચ.સી. કક્ષાએ રોગી કલ્યાણ સમિતિ હોય એના માધ્યમથી કોઇ ખૂટતું હોય અને ઇમીડિયેટ વ્યવસ્થા કરવી હોય તો આની અંદર સમાવેશ કરવામાં આવે છે. ઓલઅવર કહીએ તો ચાર–પાંચ માપદંડો મેં કહ્યા એ સિવાય કોઇ સ્પેસિફિક એપેડેમિક આવે તો એની અંદર પણ મદદરૂપ આની અંદરથી થઇ શકાતું હોય છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૨૦૧૩–૧૪ ની સરખામણીએ ૨૦૧૪–૧૫ માં ૧૬૮.૫૭ કરોડ રૂપિયાનો કેન્દ્રીય હિસ્સો ઘટ્યો તો ઘટવાં પાછળનાં મુખ્યત્વે કારણો શું છે? બીજો પ્રશ્ન રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મીશન અંતર્ગત રોગી કલ્યાણ સમિતિ મારફત આપણે સબ સેન્ટર પી.એચ.સી. અને સી.એચ.સી. આનું વ્યવસ્થાપન કરીએ છીએ. એની અંદર ડોક્ટરોની વર્ગ–૧, ૨, નર્સિંગ અને ટેકનિકલ સ્ટાફ એની આપણે નિમણૂક કરી શકીએ. પગાર ખર્ચ એન.આર.એચ.એમ.માં બુક કરીએ છીએ. દવા ઘટતી હોય તો દવાની ખરીદી પણ આપણે સ્વાસ્થ્ય મીશન અંતર્ગત કરીએ છીએ. મિલકતોના સમારકામ અને નવીનીકરણ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન અંતર્ગત કરીએ છીએ. આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આપણે કુલ ૧૩૧૨.૩૯ કરોડ રૂપિયા છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને પ્રાપ્ત થયા છે. આમાંથી કેટલા રૂપિયા આપણે પગાર ખર્ચ પાછળ ખર્ચ કર્યો, કેટલા રૂપિયાનો દવા અને આરોગ્ય સારવાર પાછળ ખર્ચ કર્યો અને કેટલા રૂપિયા દવાખાનાના બિલ્ડીંગોના નવીનીકરણ અને સમારકામ પાછળ ખર્ચ કર્યો.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વિસ્તૃત માહિતી આ વિભાગની તેમણે આપી તેના માટે પહેલા તેમનો આભાર માનું છું. પહેલો પ્રશ્ન એમણે પૂછયો કે વર્ષ ૨૦૧૩–૧૪ની સરખામણીએ ૨૦૧૪–૧૫ની અંદર ખર્ચ કેમ ઘટયો છે? તેની અંદર નીચે લખેલ છે કૌંસમાં કે ડિસેમ્બર સુધીમાં. એટલે આ માર્ચ સુધીનો હોત તો તેનો આંકડો વધારે હોઇ શકે. આ જવાબ આપને આપેલ છે અને તેમાં લખેલ છે. તમારે આ વાંચવાનું રહી ગયેલ છે. ડિસેમ્બર ૨૦૧૪ સુધીમાં આવું લખેલ છે. છાપેલો જવાબ છે આ તો તમારા ધ્યાનમાં આવે એટલે. બીજું વિગતવાર એમણે પૂછ્યું છે કે રાજયમાં દવાખાનામાં કેટલો ખર્ચ, કેટલો પગારનો ખર્ચ અને કેટલો દવાઓનો ખર્ચ તો તેમને અલગથી હું તે વિગત માગશે તો આપીશ.

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમદાવાદ જિલ્લામાં નેશનલ રૂરલ હેલ્થ મિશન હેઠળ છેલ્લા બે વર્ષમાં જે રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે તેમાં કેવા પ્રકારની કામગીરી થઇ છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ હેડ આમાં કર્યા છે. હું આ બાબતમાં જણાવું તો એક આરસીએચ ફલેકસીપુલ કહીએ છીએ. તેમાં માતા બાળ આરોગ્ય, કુટુંબ નિયોજન, રાષ્ટ્રીય કિશોરી સ્વાસ્થ્ય કાર્યક્રમ, રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ, પી.એન.ડી.ટી. કાયદાનું અમલીકરણ, પેરા મેડિકલ, મેડિકલ સ્ટાફ અને તજજ્ઞોનો પગાર, તાલિમ, પ્રોગ્રામ આ માટેની વ્યવસ્થા આમાં હોય છે. બીજું મિશન ફલેકસીપુલ તરીકે આવે છે. તેમાં આશા કાર્યક્રમ, રોગી કલ્યાણ સમિતિ, ગ્રામ સંજીવનિ સમિતિ, દવાખાનાઓની જાળવણી, હોસ્પિટલ સ્ટ્રેન્ધનીંગ, નવું કન્સ્ટ્રકશન, રીનોવેશન, આયુષ તબીબોનો પગાર, પ્રચાર પ્રસાર ત્યાંથી આગળ ઇનોવેશન પ્લાનીંગ અમલીકરણ, સાધન સામગ્રી અને દવાઓની ખરીદી આ બધું આની અંદર આવે છે. ત્રીજું રૂટીન ઇમ્યુનાઇઝેશન જેની અંદર ૦ થી ૧૬ વર્ષ સુધીના બાળકોને થતા વિવિધ રોગોની સામે લડવા માટે રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે રસીકરણનું કામ થતું હોય છે. આમ આ ત્રણ પાર્ટમાં આ કામ કરવામાં આવે છે.

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નોન પ્લાન રસ્તાઓ મંજૂર કરવા બાબત**

* ૧૯૪૬૪ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા નોન-પ્લાન રસ્તાઓ વર્ષવાર મંજુર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| **તાલુકો** | **૧-૨-૨૦૧૩થી ૩૧-૧-૨૦૧૪** | **૧-૨-૨૦૧૪ થી ૩૧-૧-૨૦૧૫** | **કુલ** |
|---|---|---|---|
| | **સાબરકાંઠા જિલ્લો** | | |
| હિંમતનગર | ૧ | ૧ | ૨ |
| ઈડર | ૩ | ૪ | ૭ |
| વડાલી | ૦ | ૨ | ૨ |
| વિજયનગર | ૦ | ૭ | ૭ |
| ખેડબ્રહ્મા | ૧ | ૭ | ૮ |
| **કુલ** | **૫** | **૨૧** | **૨૬** |
| | **અરવલ્લી જિલ્લો** | | |
| બાયડ | ૦ | ૧ | ૧ |
| માલપુર | ૦ | ૨ | ૨ |
| મોડાસા | ૦ | ૨ | ૨ |
| ધનસુરા | ૦ | ૨ | ૨ |
| ભીલોડા | ૩ | ૨૨ | ૨૫ |
| મેઘરજ | ૫ | ૩૯ | ૪૪ |
| **કુલ** | **૮** | **૬૮** | **૭૬** |

(૨) નોન-પ્લાન રસ્તાઓ બનાવવા કે ન બનાવવા તેના માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ ચોક્કસ નીતિ બનાવેલ છે કે કેમ?

(૨) ના, જી.

તાંત્રિક જરૂરીયાત તથા આંતરિક અગ્રતા અનુસાર વિચારણા કરવામાં આવે છે.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન મારા જિલ્લા પૂરતો છે. પરંતુ દરેક ધારાસભ્ય આ ગૃહના છે અને તેમાં ગ્રામ્ય વિસ્તારના છે તેમને સવિશેષ કરીને લાગુ પડતો હોય છે. તેની લાગણી આ પ્રશ્નમાં રજૂ થઇ છે. ખાસ કરીને ગુજરાતની વસ્તી વધે, કયાંક નવા તાલુકા બન્યા, કયાંક નવા જિલ્લા બન્યા અને ભૌગોલિક પરિસ્થિતિ બદલાઇ તેના કારણે નોન પ્લાન રસ્તા જે છે, આજે પ્લાન રસ્તા કરતાં નોનપ્લાન રસ્તા વધુ જરૂરિયાતવાળા ઉભા થયા છે. તે પરિસ્થિતિમાં આપ નોન પ્લાન રસ્તાને પ્લાન રસ્તામાં ફેરવવા માગો છો કે કેમ? વિશેષ કરીને બજેટમાં જે જોગવાઇ કરવામાં આવેલ છે તેમાં મારા મત વિસ્તાર બાયડ અને માલપુર તાલુકા પૂરતો છે કે તેમાં દસ કે બાર વર્ષ ઉપરાંત કરતાં વધુ સમયથી રીસરફેસ ન થયા હોય તેની સંખ્યા કેટલી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ નીતિ વિષયક પ્રશ્ન છે એટલા માટે હું આ સભાગૃહને માહિતી આપવા માગું છું. આ નોનપ્લાન રસ્તા તે કોઇ અમે ઉભા કરેલા કે અમારા વખતે વર્ગીકૃત થયેલા રસ્તા નથી. જયારે ભૂતકાળમાં કોઇ દુકાળ પડેલ હોય અને રાહતકામ કરવા હોય કે કોઇને રોજગારી આપવી હોય ત્યારે દાયકાઓથી આ શરૂ થયેલ. એક ગામથી બીજે ગામ જોડતો રસ્તો હોય તો તે વખતે રાહતકામ માટે માટીકામ કરાવડાવે. તેને રસ્તા તરીકે વાપરવાનું ખેડૂતો અને નાગરિકો ચાલુ કરે. તે રીતે રાજયની અંદર એક ગામથી બીજા ગામ અથવા તાલુકા સાથે જોડતા બીજા અન્ય નોનપ્લાન રસ્તા મોટા પ્રમાણમાં ઉભા થયેલા છે. રાજય સરકારની, અમારા પક્ષની સરકાર હોય કે ભૂતકાળમાં અન્ય પક્ષની સરકારો હતી ત્યારે સામાન્ય નીતિ એવી રહેલી કે ફક્ત પ્લાન રસ્તા કે જેના માટે બજેટ ફળવાય છે, જેના માટે આયોજન કરવામાં આવે છે એવા પ્લાન રસ્તાને જ પાકા ડામર રસ્તા કરવા અથવા એને પહોળા કરવા વગેરે કામગીરી મંજૂર કરવામાં આવતી હતી પણ જે રીતે માનનીય મહેન્દ્રસિંહે કહ્યું અને આપણે બધા પણ જાણીએ છીએ કે હવે ગામડાંમાં પણ વિકાસ થયો છે હાઇસ્કૂલો, કોલેજો, હોસ્પિટલો આ બધું જ જયારે વધતું જાય છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગયે વખતે જયારે માર્ગ મકાન વિભાગની જવાબદારી સંભાળતા હતા ત્યારે નક્કી કર્યું કે જે ગામો મોટા છે ૫ હજારની વસતિવાળા ગામ હોય કે મોટા ગામ હોય એ ગામના નોન પ્લાન રસ્તા હોય, બે ગામને જોડતા હોય, એસ.ટી.નો રૂટ નક્કી થતો હોય, કોઇ મોટું ધાર્મિક સ્થળ અથવા હોસ્પિટલ અથવા સ્કૂલ આવી જતી હોય તો એવા નોન પ્લાન રસ્તાને પણ પ્લાન રસ્તાની જેમ, પ્લાનમાં ફેરવતા નથી પણ પ્લાન રસ્તાની જેમ એને પણ ડામરના રસ્તા કરવા એ માનનીય મુખ્યમંત્રીશ્રીએ અગાઉ જયારે નક્કી કર્યું છે એ પ્રમાણે અત્યારે મેં પણ માર્ગ મકાન મંત્રી તરીકે આ કાર્યવાહી ચાલુ રાખી છે અને આ વખતે મેં જેમ અમારા વિભાગની માગણી વખતે કહ્યું હતું કે, નોન પ્લાન રસ્તાઓને પણ પાકા ડામરના રસ્તા બનાવવા માનનીય બધા જ ધારાસભ્યશ્રીઓને પત્ર લખ્યો તમારા તરફથી પ્રાયોરીટી પણ આવી અને એ પ્રાયોરીટીના ભાગરૂપે લગભગ મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારના માનનીય ધારાસભ્યશ્રીઓને જોબ નંબર આપીને નોન પ્લાન રસ્તાને પાકા ડામરના રસ્તા કરવા માટે આપણે કરીએ છીએ. બીજું જે આદિવાસી વિસ્તાર છે એમાં ૨૫૦ થી ઓછી વસતિ ધરાવતા ફળિયા હોય તો એને પણ આપણે પ્રધાનમંત્રી સડક યોજના નીચે અને ૫૦૦ થી વધુ વસતિ ધરાવતા પેટા પરા હોય તો એને જનરલમાં લેવાનું પણ માનનીય આનંદીબેને નક્કી કરેલું. ભારત સરકારે ગ્રાન્ટ નહોતી આપી અને એ વખતની ભારત સરકારે તો એમ કહેલું કે, અમે ૨૦૨૧ સુધી આ ગ્રાન્ટ નહીં ફાળવીએ તો મુખ્યમંત્રીશ્રીએ એ વખતે નિર્ણય કરેલો કે, આ રસ્તા પણ કરવા. એટલે અમે કરી રહ્યાં છીએ, તબક્કાવાર કરી રહ્યાં છીએ અને અમારી પણ લાગણી છે કે ગુજરાતનો જેમ સર્વાંગી વિકાસ થાય છે તો નોન પ્લાન રસ્તાને પણ તબક્કાવાર એની અગત્યતા સમજી અને પ્રાયોરીટી આપી ધારાસભ્યશ્રીઓ પાસે લિસ્ટ લઇ, આગેવાનો પાસે લિસ્ટ લઇ અને અમે એને પાકા ડામર રસ્તા કરી રહ્યાં છીએ.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આદરણીય શ્રી અટલ બિહારી બાજપેયીજીના શાસન દ્વારા પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અમલમાં મૂકેલી હતી જેમાં દરેક ફળિયાને પાકા રસ્તાથી જોડવાનું આયોજન કરવામાં આવેલ હતું તેમ છતાં આજ દિન સુધી ઘણાં ફળિયાઓને પાકા રસ્તા મળેલ નથી તો તેના કારણો શું છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મને આ સન્માનીય ગૃહને જણાવતા આનંદ થાય છે કે, આદરણીય અટલ બિહારી બાજપેયીજી જેમને આવતી કાલે ભારત રત્નથી આપણી કેન્દ્રની સરકાર, આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકાર નવાજવાની છે અને એમને ઘરે જઇને ભારત રત્ન ઓવોર્ડ અટલજીને આપવાની છે તે કદાચ આ દેશના ઇતિહાસમાં પહેલીવાર હશે.

માનનીય અધ્યક્ષશ્રી, એમની વાત ખૂબ સાચી છે કે, જયારે અટલ બિહારી બાજપેયીજી દેશના પ્રધાન મંત્રી હતા ત્યારે એમણે ગામના છેવાડાના વ્યક્તિની ચિંતા કરી હતી. છેવાડાના ફળિયાને પાકો રસ્તો મળે એની ચિંતા કરી હતી અને એમના જન્મ દિવસ ૨૫ મી ડિસેમ્બરે અમદાવાદથી એમણે જાહેરાત કરી કે, અમારે દેશના

છેવાડાના ફળિયા સુધી રસ્તો લઇ જવો છે અને એ પ્રમાણે એમણે નીતિ બનાવી •(xxx) આ દેશની અંદર યુ.પી.એ.ની સરકાર આવી અને યુ.પી.એ.ની સરકાર આવી એટલે એણે નીતિમાં ફેરફાર કર્યો અને નીતિમાં ફેરફાર કરી અને યુ.પી.એ.ની સરકારે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : આપણે કેન્દ્ર સરકારની ટીકામાં ન પડીએ. પ્રશ્નનો સીધો જવાબ આપો.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું ટીકા નથી કરતો. એમની કેન્દ્રની સરકારે વિઝન ૨૦૨૫માં એવું કહ્યું કે, ૫૦૦થી ઓછી વસતિ હોય કે ૨૫૦ થી ઓછી ટ્રાયબલની વસતિ હોય એને ૨૦૨૨માં અમે પાકા રસ્તા આપીશું. અને ગતિશીલ ગુજરાતમાં છેવાડાના વ્યક્તિની જ્યારે રાજ્ય સરકાર ચિંતા કરતી હોય ત્યારે આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ જેમણે ગુજરાતનો વિકાસ કર્યો એ સમગ્ર દેશ અને દુનિયાએ જોયો છે,

અધ્યક્ષશ્રીઃ મંત્રીશ્રી આપ સભ્યશ્રીનો સીધો જવાબ આપો. ખૂબ લાંબો જવાબ થાય છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર :આદરણીય અત્યારના મુખ્યમંત્રી આનંદીબહેને એની ચિંતા કરી. ૫૦૦ થી ઓછી વસતિ હોય અને ટ્રાયેબલની ૨૫૦થી ઓછી વસતિ હોય એને પાકા રસ્તા આપવાની શરૂઆત આપણા રાજ્ય સરકારના બજેટમાંથી કરવાની શરૂઆત આપણી રાજ્યની સરકારે કરી અને એના ફળસ્વરૂપે સમગ્ર રાજ્યની અંદર જે ૫૦૦ની વસતિવાળા ૬૪૪ પરાં હતા એને પાકા રસ્તાની મંજૂરી આજદિન સુધી આપી અને એ કામ પૂરું થઇ ગયું. જે ૨૫૦થી ઓછી વસતિવાળા જે પરાંઓ છે એવા કુલ ૯૮૪ પરાંઓને ગામના રસ્તા સાથે જોડવાનું કામ આ રાજ્ય સરકારે કર્યું છે. હું આ સન્માનનીય સભાગૃહમાં કાયમ જોતો હતો કે આ અરવલ્લી જિલ્લાનો પ્રશ્ન છે, આપણા માનનીય સભ્યશ્રી ડો. અનિલભાઇ જોષીયારાજી કાયમ સરકારની ટીકા કરે, સરકાર કામ નથી કરતી.

અધ્યક્ષશ્રી : નહિ, આપ ચર્ચા નહિ કરો પ્લીઝ,

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય સભ્યશ્રી ડો. અનિલભાઇ જોષીયારાજીના ૭૬ માંથી ૬૯ રસ્તાઓ અરવલ્લી જિલ્લાના કર્યા છે. આપે આ સરકારને અભિનંદન આપવા જોઇએ

અધ્યક્ષશ્રી : જયદ્રથસિંહજી આ જવાબ આપવાની પદ્ધતિ નથી કોઇ સભ્યશ્રીના નામનો ઉલ્લેખ કરીને આપ વાત ના કરો. આ પ્રશ્નોત્તરીનો સમય છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : હું એ કહેવા માગું છું કે આદરણીય સભ્ય શ્રી ડો. અનિલભાઇ જોષીયારાના પણ લગભગ ૬૯ રસ્તાઓ મંજૂર કર્યા છે અને એ રીતે સમગ્ર રાજ્યની કામગીરી આ રાજ્યની સરકાર આગળ કરવા જઇ રહી છે.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અરવલ્લી જિલ્લાના ધનસુરા અને મોડાસા તાલુકાના નોન પ્લાન રસ્તા માટે છેલ્લાં બે વરસમાં કેટલી રજૂઆતો મળી અને એમાંથી કેટલા મંજૂર કરવામાં આવ્યા? બાકીના નોન પ્લાન રસ્તાઓ ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવશે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર :માનનીય અધ્યક્ષશ્રી, જે મેં વાત કરી કે ૨૬ અને ૭૬, બે વરસમાં કુલ મંજૂર કર્યા એમાં માનનીય સભ્યશ્રી રાજેન્દ્રસિંહ ઠાકોરે જે પ્રશ્નો કર્યો એમાં મોડાસા અને ધનસુરાના જે રસ્તાઓ છે એ ચાર રસ્તાઓ મંજૂર કર્યા છે.

ડો. અનિલ જોષીયારા : મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ નોન પ્લાન રસ્તાઓને સરકારે પ્લાનમાં ફેરવવા જોઇએ, આ પરિસ્થિતિ એટલા માટે પેદા થાય છે કે, સરકાર કોઇ પ્લાનિંગ નથી કરતી, આમાં આ જે રસ્તાઓ છે એ એવા નથી કે ડામર વગરના હતા પણ જે તે વખતે સરકારને જરૂરિયાત લાગી એટલે ડામર કરેલા હતા પણ એ નોન પ્લાનના હતા એટલા માટે અત્યારે ફરી ડામર થતા નથી મારી તો મંત્રીશ્રીને એ વિનંતી છે કે, તમે નવેસરથી સરવે કરીને એને પ્લાનમાં ફેરવવાનું પ્લાનિંગ કરો આખા ગુજરાતમાં, માનનીય નીતિનભાઇએ

•આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હમણાં સાત વરસ ઉપરના ડામર કરવા માટે માગણી કરી છે પણ મારી વિનંતી છે કે દસ વરસ ઉપરના જે રસ્તા રહી ગયા છે એને પહેલાં શરૂઆતમાં ડામર કરે. તો આવા રસ્તાઓ ડામર કરવા માગો છો કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : જે એમણે નોન પ્લાનના રસ્તા પ્લાનમાં ફેરવવાની વાત કરી એની માનનીય મંત્રીશ્રી નીતિનભાઇએ બહુ વિગતવાર આ સન્માનનીય સભાગૃહને જાણ કરી છે અને મેં આપને કહ્યું એમ અટલબિહારી બાજપાઇજીનું જે સ્વપ્ન હતું અને તે વખતે જો આ રસ્તા એ નીતિ પ્રમાણે થતાં આવ્યા હોત તો આજે પી.એમ.જી.એસ.વાય.ના જેટલા નોન પ્લાન રસ્તાઓ થયા હોય એ બધા આજે પ્લાન થઇ ગયા હોત. પણ પ્લાન કેમ ન થયા? કારણકે યુ.પી.એ.ની સરકારે ૨૦૨૧-૨૨ સુધી કરવાની વાત કરી. તેમ છતાં રાજ્ય સરકારે તેમની ગ્રાન્ટમાંથી આ બધા રસ્તા પાકા કર્યા છે અને એ રસ્તા ઉપર વાહન વ્યવહાર ચાલે અવરજવર કરી શકાય એવા રસ્તા છે, રસ્તા વાહન વ્યવહાર યોગ્ય છે. રસ્તાની મરામત એ રાજ્ય સરકારની ચાલતી પ્રક્રિયા છે અને એ પ્રમાણે જે કંઇ રસ્તાઓ છે એ રિપેર કરીને વાહન વ્યવહાર લાયક આ સરકાર એ રસ્તાઓને રાખે છે.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : મારા પ્રશ્નનો જવાબ બાકી રહી ગયો કે મારા મત વિસ્તાર બાયડ અને માલપુરમાં દસ કે બાર વરસથી વધુ વરસથી રિસરફેસ ના થયા હોય એવા કેટલા રસ્તા છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે આ પ્રશ્ન પુછ્યો છે આપ જૂઓ કે બહુ સ્પષ્ટ પ્રશ્ન છે કે છેલ્લાં બે વરસમાં કેટલા નોન પ્લાન રસ્તાની મંજૂરી આપી છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### ખેડા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં ફાયર સેફટીની સુવિધા

* ૧૮૩૭૨ શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તાલુકાવાર આંગણવાડી કેન્દ્રોમાં ફાયર સેફટી સુવિધા પૂરી પાડવામાં આવેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (૨) (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પાછળ કોઈ જ ખર્ચ થયેલ નથી. પરંતુ, (૨) વર્ષ ૨૦૧૪-૧૫માં ખેડા જિલ્લામાં તાલુકાવાર કુલ ૨૨૨૨ નંગ ફાયર સેફ્ટી ઈન્સ્ટુમેન્ટ પુરા પાડેલ છે. ફાયર સેફટી ઈન્સ્ટુમેન્ટ પ્રતિ નંગ રૂ. ૨૫૩૦/- લેખે કુલ રૂ. ૫૬,૨૧,૬૬૦/-નો ખર્ચ થયેલ છે. |

---------

### ગાંધીનગર જિલ્લામાં કિશોરી શકિત યોજનાના લાભાર્થીઓ

* ૧૮૩૬૫ શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં કિશોરી શકિત યોજના ક્યારથી અમલમાં છે, અને | (૧) ગાંધીનગર જિલ્લામાં કિશોરી શકિત યોજના ૨૦૦૫-૨૦૦૬ થી અમલમાં છે. |
| (૨) વર્ષ ૨૦૧૩-૧૪માં કિશોરી શકિત યોજના હેઠળ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે? | (૨) વર્ષ ૨૦૧૩-૧૪માં કિશોરી શકિત યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાં કુલ ૨૨૪૦૯૧ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. |

---------

### ખેડા જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ

* ૧૮૩૧૩ શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી,

(૧) ૧૬૧૫

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને

(૨) મંજૂર ૧૧૭૪ નામંજૂર ૩૦૪

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

(૩) ૧. વાર્ષિક આવક વધુ હોવાથી.
૨. પુખ્ત વયનો પુત્ર હોવાથી.
૩. અરજી ફોર્મ સાથે પુરાવા/વિગતો અધુરી હોવાના કારણે.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં સરકારી સહાય મેળવતી ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલો**

* ૧૯૪૯૭ શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૨૮-૨-૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર સરકારી સહાય મેળવતી ટ્રસ્ટ સંચાલિત કઈ હોસ્પિટલો છે,

**જવાબ**

(૧) તા.૨૮-૨-૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર સરકારી સહાય મેળવતી ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલો નીચે મુજબ છે.

| તાલુકો | સંસ્થાનું નામ |
|---|---|
| છોટાઉદેપુર | શ્રી સી.સી.પટેલ આંખની હોસ્પિટલ, છોટાઉદેપુર. |
| સંખેડા | ૧. શ્રી બોડેલી ટોકલીયા પબ્લીક હોસ્પિટલ, બોડેલી.<br>૨. શ્રી પ્રમુખ સ્વામી આરોગ્ય મંદિર, કોસીન્દ્રા. |

(૨) આ હોસ્પિટલોને રાજ્ય સહાયક ગ્રાન્ટ નિયમો અને સુધારા મુજબ ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે, અને

(૨) આ હોસ્પિટલોને તા.૨૮-૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ફાળવેલ ગ્રાન્ટની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | સંસ્થાનું નામ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ (૨૮-૨-૧૫) |
|---|---|---|---|---|
| ૧ | શ્રી સી.સી.પટેલ આંખની હોસ્પિટલ, છોટાઉદેપુર | ૨૭૬૩૦૦ | ૯૩૬૯૫૬ | ગ્રાન્ટની દરખાસ્ત મળેલ નથી. |
| ૨ | શ્રી બોડેલી ટોકલીયા પબ્લીક હોસ્પિટલ, બોડેલી. | ૫૪૧૫૬૯૦ | ૩૮૩૬૦૨૧ | ૨૩૮૬૦૦૦ |
| ૩ | પ્રમુખ સ્વામી આરોગ્ય મંદિર, કોસીન્દ્રા. | ૧૪૦૦૧૫૨ | ૧૧૫૦૪૫૨ | ૭૧૩૦૦૦ |

(૩) ફાળવેલ ગ્રાન્ટ પૈકી કેટલી ગ્રાન્ટના નાણા ચૂકવાયેલ નથી અને આ ગ્રાન્ટના નાણા ક્યારે ચૂકવાશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આણંદ જિલ્લામાં ચિરંજીવી યોજનાના લાભાર્થીઓ**

* ૧૮૩૪૨ શ્રીમતી નિમીષાબેન મ. સુથાર **(મોરવા હડફ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ચિરંજીવી યોજના અંતર્ગત આણંદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા લોકોને લાભ મળેલ છે,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | ૧-૧-૧૩ થી ૩૧-૧૨-૧૩ સુધી | ૧-૧-૧૪ થી ૩૧-૧૨-૧૪ સુધી |
|---|---|---|
| આણંદ | ૫૩૪ | ૩૮૬ |
| આંકલાવ | ૫ | ૧૧૪ |
| બોરસદ | ૧૧૪૦ | ૬ |
| ખંભાત | ૪૧૧ | ૧૯૦ |
| તારાપુર | ૮ | ૪૭ |

| | | |
|---|---|---|
| પેટલાદ | ૧૦૮ | ૦ |
| સોજીત્રા | ૦ | ૦ |
| ઉમરેઠ | ૨૩ | ૫૮ |
| **કુલ** | **૨૨૨૯** | **૮૦૧** |

(૨) તે અન્વયે કેટલી પ્રસુતિઓ સરકારી દવાખાનામાં અને કેટલી ખાનગી દવાખાનામાં થયેલ છે,

(૨) ૩,૦૩૦ પ્રસુતિ ખાનગી દવાખાનામાં થયેલ છે. સરકારી દવાખાનાઓમાં ૨૯૭૧૯ પ્રસુતિઓ ચિરંજીવી યોજના સિવાયની થયેલ છે.

(૩) ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલા ખાનગી ડોકટરોને કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૪) તાલુકાવાર કેટલા ડોકટરોને ચૂકવણું કરવાનું બાકી છે ?

(૩) અને (૪) :

| તાલુકાનું નામ | ખાનગી ડોકટરોની સંખ્યા | ખાનગી ડોકટરોને ચૂકવેલ રકમ | ચૂકવણું બાકી ડોકટરોની સંખ્યા |
|---|---|---|---|
| આણંદ | ૧૦ | રૂ.૨૮,૯૧,૮૦૦/- | ૨ |
| આંકલાવ | ૨ | રૂ.૩,૨૬,૪૮૪/- | ૦ |
| બોરસદ | ૯ | રૂ.૩૦,૦૭,૩૦૦/- | ૦ |
| ખંભાત | ૫ | રૂ.૧૫,૫૧,૭૪૫/- | ૦ |
| તારાપુર | ૧ | રૂ.૨૨,૪૦૦/- | ૦ |
| પેટલાદ | ૨ | રૂ.૩,૦૨,૪૦૦/- | ૦ |
| સોજીત્રા | ૦ | ૦/- | ૦ |
| ઉમરેઠ | ૩ | રૂ.૩,૫૨,૮૦૦/- | ૦ |
| **કુલ** | **૩૨** | **રૂ.૮૪,૫૪,૯૨૯/-** | **૨** |

---------

**જામનગર જિલ્લામાં સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ મંજૂર થયેલ આંગણવાડી કેન્દ્રો**

* ૧૮૪૦૪ શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત વિકાસ યોજના અંતર્ગત કેટલા આંગણવાડી કેન્દ્રો મંજૂર થયેલાં છે,

(૧) એકપણ નહીં.

(૨) તે પૈકી કેટલાં આંગણવાડી કેન્દ્રો ઉકત સ્થિતિએ કાર્યાન્વિત છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) બાકીના કેન્દ્રો ક્યારે કાર્યાન્વિત કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**મહેસાણા જિલ્લામાં કિસાનપથ, વિકાસપથ અને પ્રગતિપથ યોજના પાછળ થયેલ ખર્ચ**

* ૧૯૫૧૬ શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કિસાનપથ, વિકાસપથ અને પ્રગતિપથ યોજના હેઠળ કેટલા કિ.મી. લંબાઇના કેટલા ગ્રામ્ય માર્ગોનું સુધારણા કામ કરવામાં આવ્યું, અને

(૨) તેની પાછળ તાલુકાદીઠ કેટલો ખર્ચ થયો ?

(૧) અને (૨) : ફકત કિસાનપથ યોજના હેઠળ ૮ ગ્રામ્ય માર્ગોની સુધારણાની મંજૂરી આપવામાં આવેલ છે. જે તમામ કામો વહીવટી પ્રક્રિયા હેઠળ હોઈ, ઉકત સ્થિતિએ કોઈ ખર્ચ થયેલ નથી.

---------

**રાજકોટ જિલ્લામાં દીકરી યોજનાના લાભાર્થીઓ**

* ૧૮૩૩૬ શ્રી શીવાભાઇ જે. ગોહિલ(**તળાજા**) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં દીકરી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને

(૧) ૨૮

(૨) તે અન્વયે કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) રૂ.૧,૪૬,૦૦૦/-

---------

તા.૨૬મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

**સાબરકાંઠા જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ**

* ૧૮૩૭૩ શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી, | (૧) ૮૬૫ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને | (૨) મંજૂર ૬૪૯ નામંજૂર ૧૦૫ |
| (૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ? | (૩) ૧. વાર્ષિક આવક વધુ હોવાથી.<br>૨. પુખ્ત વયનો પુત્ર હોવાથી.<br>૩. અરજી ફોર્મ સાથે પુરાવા/વિગતો અધુરી હોવાના કારણે. |

---------

**પોરબંદર જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ**

* ૧૮૩૭૫ શ્રી નલીનભાઈ ના. કોટડીયા(ધારી) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પોરબંદર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી, | (૧) ૩૧૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને | (૨) મંજૂર ૨૩૬ નામંજૂર ૩૯ |
| (૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ? | (૩) ૧. વાર્ષિક આવક વધુ હોવાથી.<br>૨. પુખ્ત વયનો પુત્ર હોવાથી.<br>૩. અરજી ફોર્મ સાથે પુરાવા/વિગતો અધુરી હોવાના કારણે. |

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પુરાતત્વ સ્થળોની જાળવણી પાછળ ખર્ચ**

* ૧૮૬૮૫ શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : **માનનીય યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ક્યાં પુરાતત્વ સ્થળોનો સમાવેશ થાય છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ આ સાથે સામેલ પત્રક–૧ અને પત્રક–૨ મુજબ જામનગર જિલ્લામાં કુલ–૧૮ પુરાતત્વ સ્થળોનો અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ–૧૭ પુરાતત્વ સ્થળોનો સમાવેશ થાય છે.

**પ ત્ર ક – ૧**

**જિલ્લો – જામનગર**

| **ક્રમ** | **સ્મારકનું નામ** | **ગામ** | **તાલુકો** |
|---|---|---|---|
| ૧ | કીર્તિ સ્તંભ | માછરડા | કાલાવડ |
| ૨ | આલેચ પાટણની શૈલ ગુફા ઉર્ફે ખાપરા કોડીયાના ભોયરા | પાટણ | જામજોધપુર |
| ૩ | ટીંબો | અમરા | જામનગર |
| ૪ | શિવમંદિર | ખીમરાણા | જામનગર |
| ૫ | કોઠો (ભુજીયો) | જામનગર | જામનગર |
| ૬ | ખંભાળીયા દરવાજો | જામનગર | જામનગર |
| ૭ | જુમ્મા મસ્જીદનો શીલાલેખ | જામનગર | જામનગર |
| ૮ | નાગનાથનું મંદિર | જામનગર | જામનગર |
| ૯ | લખોટા ટાવર | જામનગર | જામનગર |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | ટીંબો | નરમાણા | જામનગર |
| ૧૧ | ટીંબો | બેડ | જામનગર |
| ૧૨ | ટીંબો | મોડા | જામનગર |
| ૧૩ | ટીંબો | લાખાબાવળ | જામનગર |
| ૧૪ | ટીંબો | વસઈ | જામનગર |
| ૧૫ | પળીયા લેખ અને યુદ્ધ ક્ષેત્ર | શેખપાટ | જામનગર |
| ૧૬ | કોઠો | જોડીયા | જોડીયા |
| ૧૭ | ભુચર મોરીના પળીયા, દેરી અને યુદ્ધ ક્ષેત્ર | ધ્રોલ | ધ્રોલ |
| ૧૮ | ટીંબો | મોડપર | લાલપુર |

**પત્રક – ૨**

**જિલ્લો – દેવભૂમિ દ્વારકા**

| ક્રમ | સ્મારકનું નામ | ગામ | તાલુકો |
|---|---|---|---|
| ૧ | પ્રાચીન મંદિર | દાત્રાણા | ખંભાળીયા |
| ૨ | કાલીકામાતાનું મંદિર | ધ્રાસણવેલ | દ્વારકા |
| ૩ | કિલેશ્વર પાસેનો કિલ્લો | ઘુમલી | ભાણવડ |
| ૪ | ગણેશ મંદિર | ઘુમલી | ભાણવડ |
| ૫ | નવલખા મંદિર | ઘુમલી | ભાણવડ |
| ૬ | પ્રાચીન મંદિર (છેલસર તળાવને કાંઠ) | ઘુમલી | ભાણવડ |
| ૭ | રામપોળ દરવાજો | ઘુમલી | ભાણવડ |
| ૮ | વિકિયાવાવ | ઘુમલી | ભાણવડ |
| ૯ | સોનકંસારી | ઘુમલી | ભાણવડ |
| ૧૦ | પાંચ મંદિર | પાછતર | ભાણવડ |
| ૧૧ | ભીમેશ્વર મહાદેવનું મંદિર (ગામના પાદરમાં) | ભુવનેશ્વર | ભાણવડ |
| ૧૨ | ભુવનેશ્વરના બે મંદિરો | ભુવનેશ્વર | ભાણવડ |
| ૧૩ | કિલ્લો | મોડપર | ભાણવડ |
| ૧૪ | વાવ | મોડપર | ભાણવડ |
| ૧૫ | ધિંગેશ્વર મહાદેવનું મંદિર અને શૈલ ગુફાઓ | મોડપર | ભાણવડ |
| ૧૬ | પનોતીનું મંદિર | હાથલા | ભાણવડ |
| ૧૭ | શનીની વાવ | હાથલા | ભાણવડ |

(૨) ઉકત ક્યાં પુરાતત્વોની જાળવણી માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) ઉકત પુરાતત્વ સ્થળો પૈકી જામનગર ખાતે આવેલ લખોટા ટાવરની જાળવણી માટે વર્ષ ૨૦૧૩–૧૪ માં રૂ.૧૨,૫૯૦/– રાસાયણિક માવજત અંગે ખર્ચ કરવામાં આવેલ છે અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગામ ઘુમલી, તાલુકો ભાણવડ ખાતેના નવલખા મંદિરમાં ફલોરીંગના કામ માટે વર્ષ ૨૦૧૨–૧૩ માં રૂ.૧,૪૪,૦૦૦/– નો ખર્ચ કરવામાં આવેલ છે. તથા વર્ષ ૨૦૧૩–૧૪ માં નવલખા મંદિર પાસે અવશેષના સ્ટોર રૂમના રીપેરીંગ કામ માટે રૂ.૩,૨૦,૧૨૬/– નો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**રાજકોટ અને મોરબી જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં કાર્યરત શબવાહીનીઓ**

* ૧૮૯૭૩ શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને સરકારી હોસ્પિટલોમાં કેટલી એમ્બ્યુલન્સ શબવાહીનીઓ છે, અને

**જવાબ**

(૧) ૪૭ એમ્બ્યુલન્સ,
૩ શબવાહીની.

(૨) તે અન્વયે કેટલી બંધ હાલતમાં છે અને તેને કાર્યરત કરવા સરકારે શાં પગલાં લીધા ?

(૨) ૮ એમ્બ્યુલન્સ બંધ હાલતમાં છે તે પૈકી એક એમ્બ્યુલન્સ રીપેરીંગ હેઠળ હોઈ કાર્યરત થવામાં છે. આ સિવાયની ૭ એમ્બ્યુલન્સ કંડમ કરવા પાત્ર હોઈ કાર્યરત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં દીકરી યોજનાના લાભાર્થીઓ**

* ૧૮૩૮૧ શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં દીકરી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને

(૨) તે અન્વયે કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૨.

(૨) રૂ.૧૦,૦૦૦/–

---------

**હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સીટી સ્કેન મશીન ખરીદવા બાબત**

* ૧૯૦૫૩ શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સીટી સ્કેન મશીનબંધ હાલતમાં છે તે વાતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) આ સીટી સ્કેન મશીન નવીન ખરીદવા માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હાલમાં કોઈ આયોજન નથી. પરંતુ હિંમતનગર ખાતે જી.એમ.ઈ.આર.એસ. ના નિયંત્રણ હેઠળ નવી મેડીકલ કોલેજ ચાલુ કરવામાં આવી રહી છે. જેને સંલગ્ન હોસ્પિટલ ખાતે એમ.સી.આઈ. ના ધારાધોરણ મુજબ ખરીદી કરવાનું આયોજન છે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની તપાસ**

* ૧૮૩૪૫ શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા વિદ્યાર્થીઓની તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આરોગ્ય તપાસણી કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓની ક્યા પ્રકારની બિમારીઓ જણાઈ આવી,

**જવાબ**

(૧) કુલ ૭,૯૩,૬૯૭.

(૨)

| અ.નં. | રોગનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | પાંડુરોગ | ૨૮,૮૨૫ |
| ૨ | આંત્રકૃમિ | ૨૨,૬૮૪ |
| ૩ | દાંતની તકલીફ | ૬,૦૮૯ |
| ૪ | આંખની તકલીફ | ૪.૪૯૧ |
| ૫ | કાન–નાક–ગળાની તકલીફ | ૨,૯૪૭ |
| ૬ | પેટની તકલીફ | ૨,૩૨૪ |
| ૭ | ચામડીના રોગ | ૩,૯૨૫ |
| ૮ | શરીરની સ્થૂળતા | ૨૫૬ |
| ૯ | શ્વનતંત્રના રોગ | ૧,૪૩૪ |
| ૧૦ | અસ્થિતંત્રના રોગ | ૯૯ |
| ૧૧ | વિકલાંગતા | ૪૬૦ |

(૩) તેમની સારવાર માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી, અને

(૩) તેમની સારવાર માટે સરકારે નીચે પ્રમાણે કાર્યવાહી કરેલ છે.

૧. સામાન્ય બિમારીવાળા બાળકોને સ્થળ પર સારવાર
૨. વધુ બિમારીવાળા બાળકને સામૂહિક આરોગ્ય કેન્દ્ર/ જિલ્લા હોસ્પિટલ ખાતે સંદર્ભ સેવા.
૩. ગંભીર બિમારીવાળા બાળકોને નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે સારવાર આપવાનું આયોજન કરેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હ્રદયરોગ | યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ. |
| કીડની | ઈન્સ્ટીટયુટ ઓફ કીડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ. |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ. |

(૪) કેટલા બાળકોને કીડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા ?

(૪) કોઈપણ બાળકને કીડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવેલ નથી.

---------

**નર્મદા જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ**

* ૧૮૩૯૨ શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ૨૮૧.

(૨)

| મંજૂર | નામંજૂર |
|---|---|
| ૧૯૦ | ૫૯ |

(૩) ૧. વાર્ષિક આવક વધુ હોવાથી.
૨. પુખ્ત વયનો પુત્ર હોવાથી.
૩. અરજી ફોર્મ સાથે પુરાવા/વિગતો અધુરી હોવાના કારણે.

---------

**પાનસ-દોલધા નદી ઉપર માયનોર બ્રિજ બાંધવા બાબત**

* ૧૮૪૪૪ શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના પાનસ-દોલધા નદી ઉપર માયનોર બ્રિજ બાંધવા અન્વયે ક્યારે મંજૂરી અપાઈ, અને

(૨) ઉકત સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) મંજૂર થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ઈન્સ્ટીટયુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે અપાતી સેવાઓ**

* ૧૮૩૭૮ શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ ઈન્સ્ટીટયુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે ક્યા ક્યા પ્રકારની તબીબી સેવાઓ આપવામાં આવે છે, અને

(૨) આ સુવિધાઓનો લાભ રાહતદરે તેમજ વિનામૂલ્યે કોને કોને આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) કીડનીના રોગોના નિદાન અને સારવાર માટે આઉટડોર, ઈન્ડોર અને ઓપરેશનની સેવાઓ જેમાં મુખ્યત્વે ડાયાલીસીસ, કીડની/લીવર/સ્ટેમસેલ ટ્રાન્સપ્લાન્ટ, લીથોટ્રીપ્સીની સારવાર તથા અન્ય તબીબી સેવાઓ આપવામાં આવે છે.

(૨) નીચે જણાવ્યા પ્રમાણેના દર્દીઓને વિના મૂલ્યે આ સુવિધાનો લાભ આપવામાં આવે છે.

૧. ૧૮ વર્ષની નીચેની ઉંમરના બાળકો.
૨. અનુસૂચિત જનજાતિના દર્દીઓ.
૩. બી.પી.એલ. દર્દીઓ.
૪. વાર્ષિક રૂ.૧.૨૦ લાખ સુધીની આવક ધરાવતા કુટુંબની મહિલાઓ અને પરિવારના ૨૧ વર્ષ સુધીના બાળકો.
૫. વાર્ષિક રૂ.૩૬,૦૦૦/- સુધીની આવક ધરાવતા અનુસૂચિત જાતિના દર્દીઓ.

તેમજ આ સુવિધાનો લાભ ૫૦ ટકાના રાહત દરે વાર્ષિક રૂ.૨ લાખ સુધીની આવક ધરાવતાં કુટુંબના દર્દીઓ અને વાર્ષિક રૂ.૩૬,૦૦૦ થી વધારે આવક ધરાવતા અનુસૂચિત જાતિના દર્દીઓને આપવામાં આવે છે.

---------

## પોરબંદર જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન

* ૧૮૩૭૦ શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોરબંદર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે,

(૨) ગેસ કનેકશન આપવામાં આવ્યા ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને

(૩) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | અપાયેલ ગેસ કનેકશન |
|---|---|---|
| ૧ | પોરબંદર | ૮ |
| ૨ | કુતિયાણા | ૧૦ |

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## વિરમગામ, માંડલ અને દેત્રોજ તાલુકાના રસ્તાઓને જોબ નંબર આપવા બાબત

* ૧૮૪૬૦ ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના વિરમગામ, માંડલ અને દેત્રોજ તાલુકામાં ક્યા રસ્તાઓને છેલ્લા બે વર્ષમાં જોબ નંબર આપવામાં આવ્યાં,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ક્યા રસ્તાઓને જોબ નંબર આપવાના બાકી છે, અને

(૩) બાકી રહેલ રસ્તાઓને કેટલા સમયમાં જોબ નંબર આપી કામ શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) પરિશિષ્ટ-૧ મુજબ મંજૂરી આપવામાં આવી.

(૨) અને (૩) : અન્ય રસ્તાઓ વાહન વ્યવહાર લાયક છે.

**પરિશિષ્ટ-૧**

| ક્રમ | કામનું નામ |
|---|---|
| **૧** | **૨** |
| ૧ | ધોરીમુબારક કરકથલ રોડ |
| ૨ | સચાણા ઓગણ કાયલા રોડ |
| ૩ | થોરીમુબારક કરકથલ રોડ |
| ૪ | કાલીયાણા થી ઝુંડ તથા ધાકડી થી કાલીયાણા રોડ |
| ૫ | દલસાણા તાલુકા લીમીટ થી હાંસલપુર વેકરીયા તાલુકા લીમીટ થી ૩૬.૦૦ થી ધોડા એ. રોડ. |
| ૬ | દસલાણા તાલુકા લીમીટ થી વિરમગામ એટ કી.મી. ૧૧૨.૦૦ ટુ દેસાઈપુરા એ.રોડ |

| ક્રમ | કામનું નામ |
|---|---|
| ૧ | ૨ |
| ૭ | ચણોઠીયા થી વેકરીયા તાલુકા લીમીટ કી.મી. ૫૪/૦૦ થી વેકરીયા એ. રોડ |
| ૮ | વનપરડી આલમપુર રોડ |
| ૯ | રખીયાણા એ. રોડ |
| ૧૦ | મીસીંગ લિંક ટુ બામરોલી સુરજ રોડ |
| ૧૧ | કાંત્રોડી એ. રોડ |
| ૧૨ | હાંસલપુર બેચરાજી તાલુકા લીમીટ થી કડવાસણ એટ વિલેજ ઈન્દીરાનગર એ. રોડ. |
| ૧૩ | ગુંજાલા બરીયફ રોડ |
| ૧૪ | તાલુકા લીમીટ કાનપુરા થી માંડલ (વીંછણ) થી ડઢાણા રોડ |
| ૧૫ | દાલોદ થી માંડલ રોડ |
| ૧૬ | વાસણા રીબડી રોડ |
| ૧૭ | મીઠાપુર એ. રોડ |
| ૧૮ | એંદલા થી ઓડકી રોડ |
| ૧૯ | તાલુકા લીમીટ કાનપુરા થી માંડલ નવાગામ રોડ |
| ૨૦ | હાંસલપુર બેચરાજી તાલુકા લીમીટ થી કડવાસણ એટ વિલેજ રામનગર એ. રોડ |
| ૨૧ | જાલીસણા વિછંણ ઝાંઝરવા રોડ |
| ૨૨ | બાન્ટાઈ નાદીશાલા જાસપુરા રોડ |
| ૨૩ | વાસણા શિહોર ઉઘરોજ રોડ |
| ૨૪ | દેત્રોજ કુકવાવ રોડ |
| ૨૫ | મોટાહરીપુરા ભોજીયાપુરા રોડ |
| ૨૬ | કાનપુરા ભંકોડા દસલાણા રોડ |
| ૨૭ | સુવાળા થી ઈશ્વરપુરા રોડ |
| ૨૮ | ઈન્દ્રપુરા થી મઢ્રીસણા રોડ, સુઝપુરા થી તેલાવી રોડ, મારુસણા ટુ ઈન્દ્રપુરા રોડ |
| ૨૯ | કનોડીયાપુરા એ. રોડ |
| ૩૦ | ભગાપુરા એ. રોડ |
| ૩૧ | લક્ષ્મીપુરા એ. રોડ |
| ૩૨ | કોઈન્તીયા થી ભીમગઢ રોડ |
| ૩૩ | કટોસણ થી રાજપુરા રોડ |
| ૩૪ | વિઠ્ઠલાપુર થી વિંછણ કાર્ટ રોડ |
| ૩૫ | ડુમાણા થોરીવડગાસ રોડ |
| ૩૬ | સચાણા હરીપુરા નરસિંહપુરા રોડ |
| ૩૭ | લીયા થોરીમુબારક વાસવા રોડ |
| ૩૮ | માંડલ વિઝુંવાડા રોડ |
| ૩૯ | ઉકરડી માનપુરા રોડ |
| ૪૦ | ઉઘરોજ ઓઢવ રોડ |
| ૪૧ | ચંદનનગર નાનીકુમાદ રોડ |
| ૪૨ | સાદરા સોલગામ રોડ |
| ૪૩ | વિરમગામ માંડલ દસાડા રોડ |
| ૪૪ | વરમોર વિઠ્ઠલાપુર દેત્રોજ કડી રોડ |
| ૪૫ | વિરમગામ માંડલ દસાડા શંખેશ્વર રોડ |
| ૪૬ | વિરમગામ બેચરાજી રોડ અને સુરેન્દ્રનગર દસાડા બેચરાજી રોડ |
| ૪૭ | મોટી કિશોલી નાની કિશોલી રોડ |
| ૪૮ | મઢ્રીસણા એપ્રોચ રોડ |

---------

**રાજકોટ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થીઓ**

તા.૨૬મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

* ૧૮૩૫૧ શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ દ્વારા કેટલા દર્દીઓને સેવાનો લાભ લીધેલ છે ? | ૮૨,૫૦૨ દર્દીઓ. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં દીકરી યોજનાના લાભાર્થીઓ**

* ૧૮૩૩૮ શ્રી પંકજ અ. મહેતા **(રાપર)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં દીકરી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને | (૧) શૂન્ય. |
| (૨) તે અન્વયે કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદથી ધોલેરા ફોરલેન એક્સપ્રેસ હાઈવે બનાવવા બાબત**

* ૧૮૮૯૪ શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદથી ધોલેરા ફોરલેન એક્સપ્રેસ હાઈવે બનાવવા માટે તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે જાહેરાત કરવામાં આવી, | (૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ જાહેરાત કરવામાં આવેલ નથી. પરંતુ માર્ગ અને મકાન વિભાગના વર્ષ ૨૦૧૨–૨૦૧૩ના અનુદાન માટેની માંગણીઓ પરના માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન વિભાગના<br>તા. ૨૦–૦૩–૨૦૧૨ના રોજના બજેટ પ્રવચનમાં જાહેરાત કરવામાં આવેલ. |
| (૨) ઉક્ત સ્થિતિએ સદરહુ હાઈવે બનાવવાની કામગીરી કયા તબક્કે છે, અને<br>(૩) ક્યાં સુધીમાં કામ પૂર્ણ કરવામાં આવશે ? | (૨) અને (૩)<br>જમીન સંપાદનની કાર્યવાહી નવા કાયદા હેઠળ કરવાની હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**કચ્છ જિલ્લામાં વિધવા સહાય હેઠળ મળેલ અરજીઓ**

* ૧૮૩૯૩ ડૉ. નીમાબેન આર્ચાય **(ભુજ)** : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી, | (૧) ૧૦૮૫. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને | (૨) મંજૂર ૮૮૬ નામંજૂર ૧૮૧ |
| (૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ? | (૩) ૧. વાર્ષિક આવક વધુ હોવાથી.<br>૨. પુખ્ત વયનો પુત્ર હોવાથી.<br>૩. અરજી ફોર્મ સાથે પુરાવા/વિગતો અધુરી હોવાના કારણે. |

---------

**વડોદરા જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન**

* ૧૮૩૧૮ શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે |

આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે,

આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગેસ કનેકશન આપેલ આંગણવાડીની સંખ્યા |
|---|---|---|
| ૧ | કરજણ | ૬ |
| ૨ | વડોદરા | ૩૭ |
| ૩ | વાઘોડીયા | ૧૮ |

(૨) ગેસ કનેકશન આપવામાં આવ્યા ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને

(૨) તમામ આંગણવાડીઓને ગેસ કનેકશન આપી દેવામાં આવેલ છે.

(૩) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી.

---------

**અમદાવાદ જિલ્લામાં દીકરી યોજનાના લાભાર્થીઓ**

* ૧૮૩૩૯ **ડૉ.** નિર્મલાબેન સુ. વાધવાણી **(**નરોડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં દીકરી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને

(૧) ૫.

(૨) તે અન્વયે કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) રૂ. ૨૬,૦૦૦/-.

---------

**તબીબી શિક્ષણ આપતી સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં એન.આર.આઈ. ક્વોટા પેટે લેવાતી ફીમાંથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ**

* ૧૯૩૬૮ શ્રી મિતેશભાઈ ક. ગરાસીયા(ઝાલોદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તબીબી શિક્ષણ આપતી સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં એન.આર.આઈ. ક્વોટા પેટે લેવાતી ફીમાંથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવાનો નામદાર સુપ્રિમ કોર્ટનો આદેશ કે સુચનને તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં અમલ કરેલ છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો તે અન્વયે ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવી, અને

(૨) ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં કોઈ સેલ્ફ ફાઈનાન્સ મેડિકલ કોલેજ આવેલ ન હોઈ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જો ના, તો નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ કે સૂચનનું પાલન કરવા માટે સરકારને છેલ્લા બે વર્ષમાં કોના તરફથી કેટલી માંગણી કે રજુઆતો મળી અને મળેલ માંગણી કે રજુઆતો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી અને ક્યાં સુધીમાં આદેશ/સૂચનનું પાલન કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**દાહોદ જિલ્લામાં વિધવા સહાય ની મળેલ અરજીઓ**

* ૧૮૩૯૫ શ્રી રમેશભાઈ ભુ. કટારા**(**ફતેપુરા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી,

(૧) ૬૯૬

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને

(૨) મંજૂર ૫૧૩ નામંજૂર ૧૬૧

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

(૩) ૧. વાર્ષિક આવક વધુ હોવાથી.

૨. પુખ્ત વયનો પુત્ર હોવાથી.
૩. અરજી ફોર્મ સાથે પુરાવા/વિગતો અધુરી હોવાના કારણે.

---------

**ખેડા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ રજીસ્ટર થયેલ હોસ્પિટલો**

* ૧૮૪૩૮ શ્રી નટવરસિંહ કુ. ઠાકોર**(**મહુધા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ ખેડા જિલ્લામાં કુલ કેટલી હોસ્પિટલો રજીસ્ટર થયેલ છે, | (૧) ૬૨ |
| (૨) તે પૈકી ખાનગી અને સરકારી હોસ્પિટલો કેટલી, અને | (૨) ૩૫ ખાનગી<br>૨૭ સરકારી |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજના અંતર્ગત ખેડા જિલ્લામાં કેટલો ખર્ચ થયો ? | (૩) રૂ. ૬,૯૪,૮૮,૯૧૯/– નો પ્રિમિયમ પેટે ખર્ચ થયેલ છે. |

---------

**રાજ્યમાં કાર્યરત ‘અભયમ’ હેલ્પ લાઈન–૧૮૧**

* ૧૮૩૩૩ શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી**(**ભાવનગર પશ્ચિમ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ‘‘અભયમ’’ હેલ્પ લાઈન–૧૮૧ તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યના કયા જિલ્લાઓમાં કાર્યરત છે, અને | (૧) અમદાવાદ શહેર, સુરત શહેર અને ગાંધીનગર જિલ્લામાં કાર્યરત છે. |
| (૨) રાજ્યના તમામ જિલ્લાઓમાં આ યોજના ક્યારથી અમલમાં આવશે ? | (૨) તા. ૮–૩–૨૦૧૫–આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના રોજથી આ યોજનાનો અમલ રાજ્યના તમામ જીલ્લાઓમાં કરવામાં આવેલ છે. |

---------

**માનસિક વિકલાંગ ખેલાડીઓને પ્રોત્સાહનની યોજના**

* ૧૮૬૧૯ શ્રી નિરંજન પટેલ**(**પેટલાદ) : **માનનીય રમત ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ માનસિક વિકલાંગ ખેલાડીઓ રાષ્ટ્રીય/આંતર રાષ્ટ્રીય રમતમાં ભાગ લેતો સરકાર તરફથી મદદ પ્રોત્સાહન આપવાની કઈ યોજનાઓ અમલમાં છે, અને | (૧) કોઈ યોજના અમલમાં નથી. પરંતુ ઓસ્ટ્રેલીયા ખાતે થયેલી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાના અનુસંધાને ખેલાડીઓને ખાસ કિસ્સામાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા સહાય આપી પ્રોત્સાહીત કરવામાં આવેલ છે. |
| (૨) તેની વિગતો શી છે ? | (૨) સ્પેશ્યલ ઓલિમ્પીક્સ એશિયા રીજીયોનલ રમતોત્સવ તા. ૨૮–૧૧–૨૦૧૩ થી તા. ૮–૧૨–૨૦૧૩ દરમ્યાન ન્યુ કસલ, ઓસ્ટ્રેલીયા મુકામે યોજાયેલ હતો.<br>આ રમતોત્સવમાં ગુજરાત રાજ્યના ૩૧ ખેલાડીઓ અને ૮ કોચીઝે ભારતીય ગૃપનું પ્રતિનિધિત્વ કરેલ તેઓને પ્રવાસ ખર્ચ અને સ્પોર્ટસ કીટ પેટે રૂ. ૧૫,૦૦,૨૦૦/–ની સહાય કરવામાં આવેલ છે. |

---------

**રાજ્યમાં એઈમ્સ ફાળવવા રજુઆત**

* ૧૮૪૪૮ શ્રી ભોળાભાઇ ગોહેલ**(જસદણ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ એઈમ્સની રચના માટે સરકારે કયા જિલ્લાની પસંદગી કરી, | (૧) રાજ્યમાં એઈમ્સ શરૂ કરવાની બાબત કેન્દ્ર સરકારના નિર્ણયાધિન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) રાજકોટ જિલ્લાને એઈમ્સ ફાળવવા માટે કેટલી | (૨) રાજકોટ જિલ્લાને એઈમ્સ ફાળવવા માટે ૫૫ |

માંગણીઓ મળી, અને

(૩) સરકારે રાજકોટને એઈમ્સની અદ્યતન સુવિધા પુરી પાડવા શી કાર્યવાહી કરી ?

માંગણીઓ મળેલ છે.

(૩) પીએમએસએસવાય ફ્રેઝ–૪ અંતર્ગત નવી એઈમ્સની સ્થાપના માટે ગુજરાત રાજ્યમાં વડોદરા અને રાજકોટ જિલ્લાઓમાં ચાર વૈકલ્પિક સ્થળો આરોગ્ય અને પરિવાર વિભાગના તા. ૦૬–૦૮–૨૦૧૪ના પત્રથી સૂચવવામાં આવેલ તેમજ જિલ્લા સત્તાવાળાઓ તરફથી મળેલ ચેક લીસ્ટની વિગતો સાથેની દરખાસ્ત ભારત સરકારશ્રીમાં સાદર કરવામાં આવેલ. જે અન્વયે ભારત સરકારશ્રીની કેન્દ્રીય ટીમ દ્વારા તા. ૨૧ થી ૨૩ જાન્યુઆરી, ૨૦૧૫ સુધીમાં ઈન્સ્પેકશન કાર્યવાહી થયેલ છે. તે દરમ્યાન રાજ્ય સરકાર તરફથી પુરતા સહયોગ સાથે જરૂરી માહિતી પુરી પાડવામાં આવેલ છે.

---------

**વડગામ તાલુકામાં ગ્રામ્ય રસ્તાઓને મંજૂરી**

* ૧૮૬૬૬ શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વડગામ તાલુકામાં કુલ કેટલા ગ્રામ્ય રસ્તાઓને મંજૂરી આપવામાં આવી, | (૧) ૧૪(ચૌદ) રસ્તા. |
| (૨) તે પૈકી કેટલા ગ્રામ્ય રસ્તાઓનું કામ પૂર્ણ થયું, અને | (૨) ૬ (છ) રસ્તા. |
| (૩) બાકીના ગ્રામ્ય રસ્તા પૂર્ણ કરવા સરકારે શું આયોજન કર્યુ છે ? | (૩) બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે. |

---------

**પીપળી–કાલીબેલ રસ્તાને પહોળો કરવા બાબત**

* ૧૮૩૫૬ શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લાના પીપળી–ભેંસકાતરી–કાલીબેલ રસ્તાને પહોળો કરવાની કામગીરી તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) પ્રગતિમાં. |
| (૨) આ કામગીરી પાછળ અંદાજે કેટલો ખર્ચ થશે ? | (૨) રૂ.૧૫૦૦ લાખ. |

---------

**વડોદરા જિલ્લામાં માતા યશોદા ગૌરવનિધી વીમા યોજના હેઠળ લાભ આપવા બાબત**

* ૧૮૩૧૨ શ્રી જયંતિભાઈ સ. રાઠવા(જેતપુર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માતા યશોદા ગૌરવનિધી વીમા યોજના હેઠળ તા.૦૧–૦૧–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં વડોદરા જિલ્લાના કેટલા આંગણવાડી કાર્યકર/તેડાગર બહેનોને આવરી લેવામાં આવેલ છે, અને | (૧) માતા યશોદા ગૌરવનિધી વીમા યોજના હેઠળ તા.૦૧–૦૧–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં વડોદરા જિલ્લાના ૧૪૮૯ આંગણવાડી કાર્યકર અને ૧૩૬૦ આંગણવાડી તેડાગર બહેનોને આવરી લેવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સમયગાળામાં કેટલા આંગણવાડી કાર્યકર/ તેડાગર બહેનોને મૃત્યુ અને નિવૃત્તિ અંગે લાભ આપવામાં આવેલ છે ? | (૨) ઉક્ત સમયગાળામાં ૨ આંગણવાડી કાર્યકર અને ૭ આંગણવાડી તેડાગર બહેનોના મૃત્યુ થતાં વિમા રકમનો અને ૪૧ આંગણવાડી કાર્યકર અને ૬૫ આંગણવાડી તેડાગર |

બહેનોને નિવૃત્તિ અંગેનો લાભ આપવામાં આવેલ છે.

---------

**અરવલ્લી જિલ્લામાં નવીન પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખોલવાની દરખાસ્તો**

* ૧૯૪૫૩ શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખોલવા માટે સરકારને કેટલી દરખાસ્તો કે રજુઆતો મળી, અને | (૧) ૦૭ (સાત). |
| (૨) મળેલ દરખાસ્ત કે રજુઆત પછી સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) ગામ પાલ્લા, તા.ભિલોડા ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર થયેલ છે. બાકીના ૬(છ) કેસ સર્વગ્રાહી વિચારણા વખતે ધ્યાને લેવામાં આવશે. |

---------

**સુરત જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ**

* ૧૮૩૩૧ શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી, | (૧) ૧૮૦૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને | (૨) **મંજૂર** ૧૫૨૩ **નામંજૂર** ૧૬૭. |
| (૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ? | (૩) ૧. વાર્ષિક આવક વધુ હોવાથી.<br>૨. પુખ્ત વયનો પુત્ર હોવાથી.<br>૩. અરજી ફોર્મ સાથે પુરાવા/વિગતો અધુરી હોવાના કારણે. |

---------

**જામનગર જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ**

* ૧૮૩૭૪ શ્રી પ્રવીણભાઇ માંકડીયા(**ધોરાજી**) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી, | (૧) ૬૮૨. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને | (૨) **મંજૂર** ૪૬૨ **નામંજૂર** ૧૪૬. |
| (૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ? | (૩) ૧. વાર્ષિક આવક વધુ હોવાથી.<br>૨. પુખ્ત વયનો પુત્ર હોવાથી.<br>૩. અરજી ફોર્મ સાથે પુરાવા/વિગતો અધુરી હોવાના કારણે. |

---------

**તબીબી શિક્ષણ આપતી સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં એન.આર.આઇ. ક્વોટા પેટે લેવાતી ફીમાંથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ**

* ૧૯૨૨૬ શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તબીબી શિક્ષણ આપતી સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં એન.આર.આઇ. ક્વોટા પેટે લેવાતી ફીમાંથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવાનો નામદાર સુપ્રિમ કોર્ટનો આદેશ કે સૂચનને તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં અમલ કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવી, અને | (૨) ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં કોઇ સેલ્ફ ફાયનાન્સ મેડિકલ કોલેજ આવેલ ન હોય જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ કે સૂચનનું પાલન કરવા માટે સરકારને છેલ્લા બે વર્ષમાં કોના તરફથી કેટલી માંગણી કે રજૂઆતો મળી અને મળેલ માંગણી કે રજૂઆતો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી અને ક્યાં સુધીમાં આદેશ/સૂચનનું પાલન કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**મહેસાણા જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ**

* ૧૮૩૧૧ શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી, | (૧) ૯૯૯. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને | (૨) **મંજૂર** ૬૮૬ **નામંજૂર** ૧૮૫. |
| (૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ? | (૩) ૧. વાર્ષિક આવક વધુ હોવાથી.<br>૨. પુખ્ત વયનો પુત્ર હોવાથી.<br>૩. અરજી ફોર્મ સાથે પુરાવા/વિગતો અધુરી હોવાના કારણે. |

---------

**અમરેલી જિલ્લામાં ત્રીજા ભોજનની યોજનાના લાભાર્થીઓ**

* ૧૮૩૧૪ શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| અમરેલી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ત્રીજા ભોજનની યોજના હેઠળ કેટલાં બાળકોએ લાભ લીધેલ છે ? | અમરેલી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ત્રીજા ભોજનની યોજના હેઠળ કુલ-૫૯૯૧૧ બાળકોએ લાભ લીધેલ છે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં નોંધાયેલ સ્વાઇન ફ્લુના કેસો**

* ૧૯૪૨૯ શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાદીઠ તા.૧૫-૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે માસમાં સ્વાઇન ફ્લુના કેટલા કેસો નોંધાયા, અને | (૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાદીઠ તા.૧૫-૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે માસમાં સ્વાઇન ફ્લુના કેસની વિગત નીચે મુજબ છે. |

| તાલુકાનું નામ | નોંધાયેલ કેસ |
|---|---|
| પાલનપુર | ૧૦ |
| દાંતા | ૧ |

| તાલુકાનું નામ | નોંધાયેલ કેસ |
|---|---|
| અમીરગઢ | ૦ |
| દીયોદર | ૨ |

| | | | |
|---|---|---|---|
| ધાનેરા | ૩ | ભાભર | ૧ |
| દાંતીવાડા | ૧ | વાવ | ૨ |
| થરાદ | ૪ | લાખણી | ૦ |
| ડીસા | ૪ | સુઇગામ | ૦ |
| કાંકરેજ | ૨ | વડગામ | ૧ |
| | | **કુલ કેસ** | **૩૧** |

(૨) સ્વાઇન ફ્લુ અટકાવવા તથા સ્વાઇન ફ્લુના દર્દીઓની સારવાર માટે શું આયોજન કરવામાં આવેલ છે ?

(૨) સ્વાઇન ફ્લુ અટકાવવા તથા સ્વાઇન ફ્લુના દર્દીઓની સારવાર માટે સરકારશ્રી દ્વારા નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.

- વર્ષની શરૂઆતથી જ રાજ્યમાં સ્વાઇન ફ્લુના દર્દીઓ નોંધાતા અને તેમાં ઉત્તરોત્તર વધારો જણાતા આરોગ્ય વિભાગ તરફથી તાત્કાલિક કાર્યવાહી કરી રાજ્યની તમામ જિલ્લા હોસ્પિટલો અને મેડીકલ કોલેજ સાથે સંકળાયેલ બધી હોસ્પિટલોમાં સ્વાઇન ફ્લુના દર્દીઓની સઘન સારવાર માટે આઇસોલેશન વોર્ડ શરૂ કરેલ, જેથી દર્દીઓને તેઓના રહેઠાણથી શક્ય તેટલા નજીકના સ્થળે સારવાર ઉપલબ્ધ થાય.
- સમગ્ર વિશ્વમાં સ્વાઇન ફ્લુની સારવાર માટે અપાતી અને ટેમીફ્લૂના પ્રચલિત નામથી જાણીતી દવાઓ રાજ્યની બધી હોસ્પિટલો તેમજ દવાખાનાઓમાં ઉપલબ્ધ કરાવેલ અને સરકારી હોસ્પિટલોની સાથે સાથે ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેતા દર્દીઓ તથા પડોશી રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ અને કેન્દ્ર શાસિત પ્રદેશો દાદરા અને નગરહવેલી, સેલવાસ જેવા સ્થળોથી આવતા દર્દીઓને પણ વિનામૂલ્યે ટેમીફ્લૂ દવાનો કોર્સ જે અંદાજે ૫ થી ૧૦ દિવસ સુધીનો હોય છે તે વિનામૂલ્યે આપવામાં આવે છે.
- સ્વાઇન ફ્લુના લક્ષણો ધરાવતા દર્દીઓને સ્વાઇન ફ્લુ પોઝીટીવ છે કે કેમ તેની ચકાસણી માટેનો લેબોરેટરી ટેસ્ટ રાજ્યની પાંચ(૫) લેબોરેટરીઓમાં વિનામૂલ્યે કરી આપવામાં આવે છે.
- રોગની જાણકારી તમામ લોકો સુધી પહોંચાડવા રાજ્યમાં સ્વાઇન ફ્લુની શરૂઆતથી જ રાજ્ય સરકારે વિવિધ વર્તમાનપત્ર, ટી.વી. અને અન્ય પ્રસાર માધ્યમો દ્વારા સ્વાઇન ફ્લુથી બચાવ માટેની માર્ગદર્શન અને માહિતી લોકો સુધી વ્યાપક રીતે પહોંચાડેલ છે.
- આકાશવાણી અને એફ.એમ. રેડીયોમાં જાહેરાત, સમાચાર ચેનલો પર L-Band, સ્ક્રોલ તથા જાહેરાતો પ્રસારિત કરવામાં આવી. નિષ્ણાંતો દ્વારા રેડીયો અને ટેલીવિઝન પર જરૂરી વાર્તાલાપ પણ યોજવામાં આવે છે.
- તમામ જિલ્લાઓ અને કોર્પોરેશનમાં સ્વાઇન ફ્લુના લક્ષણો અને સારવાર માટેના હોર્ડીંગ્સ અને ફ્લેક્ષ બેનરો મૂકવામાં આવેલ છે.
- રાજ્યના તમામ લોકોને સ્વાઇન ફ્લુ અંગે જરૂરી માહિતી મળી રહે તે માટે રાજ્ય કક્ષાએથી ૨૪ કલાક

હેલ્પલાઇન નં.૧૦૮ (ટોલ ફ્રી) શરૂ કરેલ છે. આ ઉપરાંત અમદાવાદ મહાનગરપાલિકામાં ૧૮૦૦ ૨૩૩ ૨૫૧૧ (ટોલ ફ્રી), વડોદરા મહાનગરપાલિકમાં ૦૨૬૫ ૨૪૩ ૨૩૮૩ અને સુરત મહાનગરપાલિકામાં ૧૮૦૦ ૧૨૩ ૮૦૦૦ (ટોલ ફ્રી) હેલ્પ લાઇન શરૂ કરવામાં આવેલ છે.

- રાજ્ય સરકાર દ્વારા રાજ્ય કક્ષાએથી સેટકોમ દ્વારા તબીબી અધિકારીઓ તથા ફીમેલ હેલ્થ વર્કર, ફીમેલ હેલ્થ સુપરવાઇઝર, આશા, આંગણવાડી કાર્યકરોને માર્ગદર્શન, સ્વાઇન ફ્લુના કેસોનો કોન્ટેક્ટ સર્વે તથા ગાઇડલાઇન મુજબ જરૂરી સારવાર આપવા માટે જાણકારી આપવામાં આવેલ.
- પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે વ્યક્તિગત સ્વચ્છતા, હાથ ધોવાની સાચી રીત તથા સ્વાઇન ફ્લુ અને અન્ય સંક્રામક રોગ અટકાવવા માટેની અગમચેતીના પગલાંઓ અંગેની સેટકોમ કોન્ફરન્સ પણ કરવામાં આવી. શિક્ષણ વિભાગ દ્વારા દરેક સ્કૂલોમાં શંકાસ્પદ સ્વાઇન ફ્લુના વિદ્યાર્થીએ શું કાળજી લેવી તે અંગે સૂચનો–માર્ગદર્શન પુરા પાડવામાં આવ્યા.
- સમગ્ર રાજ્યમાં એક સાથે હાઉસ ટુ હાઉસ અવરનેસ કેમ્પેઇન કરવામાં આવેલ. જેમાં આશરે ૮૬ લાખ થી વધુ ઘરોની મુલાકાત લઇ ૪ કરોડ થી વધુ વ્યક્તિઓનું સંપર્ક કરવામાં આવેલ છે.
- રાજ્યમાં સ્વાઇન ફ્લુ દર્દીઓના પરીક્ષણ માટે નીચે મુજબની પાંચ સ્પેશ્યલ લેબોરેટરીની સુવિધા ઉપલબ્ધ છે.
  - (૧) બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ
  - (૨) ગવર્મેન્ટ મેડીકલ કોલેજ, સુરત
  - (૩) પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટ
  - (૪) જી.એમ.ઇ.આર.એસ. મેડીકલ કોલેજ, સોલા, અમદાવાદ
  - (૫) જી.એ.આઇ.એમ.એસ. (GAIMS) મેડીકલ કોલેજ, ભુજ
- સ્વાઇન ફ્લુના દર્દીને ગંભીર સ્થિતિમાં વેન્ટીલેટર જેવા સાધન પર મુકવા પડે તે ધ્યાને લઇ આ વર્ષે ૪૨ વધુ વેન્ટીલેટર વસાવવામાં આવ્યા છે અને હાલમાં રાજ્યમાં આવેલ સરકારી હોસ્પિટલોમાં ૮૦૦ પથારી તથા ૨૦૦ વેન્ટીલેટર આઇસોલેશન વોર્ડમાં ઉપલબ્ધ છે.
- સ્વાઇન ફ્લુના દર્દીની સારવાર સાથે સંકળાયેલા તમામ ડોક્ટર, સ્ટાફનર્સ, પેરા મેડીકલ સ્ટાફ અને કર્મચારીઓ તથા ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીઓને આ રોગની રસી આપવામાં આવી રહી છે.
- રાજ્યમાં તમામ સ્તરે ટેમીફ્લૂ કેપ્સ્યુલ અને સીરપ, પી.પી.ઇ. કીટ અને એન–૯૫ માસ્ક અને ત્રિપલ લેયર માસ્કનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે. તમામ પ્રા.આ.કે.,

સા.આ.કે. ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ, સિવીલ હોસ્પિટલ અને મેડીકલ કોલેજ ખાતે કેપ્સ્યુલ ઓઝેલ્ટામીવીરનો જથ્થો ઉપલબ્ધ છે.

- રાજ્યમાં પ્રવર્તમાન પરિસ્થિતિ પર સરકાર દ્વારા સતત મોનીટરીંગ રાખવામાં આવી રહ્યું છે અને આ રોગના દર્દીઓને યોગ્ય સારવાર મળે તે માટેના તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.

---------

**ભાવનગર જિલ્લામાં મલ્ટી પરપઝ હેલ્થ વર્કરનું મંજુર મહેકમ**

* ૧૭૬૧૪ શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં મલ્ટીપરપઝ હેલ્થ વર્કરનું મંજુર મહેકમ કેટલું છે, | (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં મલ્ટી પરપઝ હેલ્થ વર્કરનું મંજુર મહેકમ ૩૬૦ છે. |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી હતી, | (૨) તે પૈકી તા.૩૧–૩–૧૪ની સ્થિતિએ ૧૨૯ જગ્યાઓ ખાલી હતી. |
| (૩) તે પૈકી વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી અને કેટલી જગ્યાઓ ખાલી રહી, અને | (૩) તે પૈકી વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ૮૪ જગ્યાઓ ભરવામાં આવી અને રાજીનામાના કારણે ખાલી પડેલ જગ્યા સહિત ૪૫ જગ્યાઓ ખાલી રહેલ છે. |
| (૪) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે ? | (૪) વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે. |

---------

**વિજાપુર જનરલ હોસ્પિટલમાં મંજુર મહેકમ**

* ૧૮૪૫૩ શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ વિજાપુર તાલુકાની જનરલ હોસ્પિટલમાં મંજુર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) વિજાપુર તાલુકામાં જનરલ હોસ્પિટલ આવેલ નથી. |
| (૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પાટણ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન બાબત**

* ૧૮૩૬૮ શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પાટણ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકવાર આંગણવાડીઓને કોઈ ગેસ કનેકશન સુવિધા આપવામાં આવેલ નથી. જિલ્લાની તમામ ૧૪૨૭ આંગણવાડી કેન્દ્રોમાં તા.૧–૧–૨૦૧૪ અગાઉ ગેસ કનેકશન આપવાની કામગીરી પુર્ણ કરેલ છે. |
| (૨) ગેસ કેનેકશન આપવામાં આવ્યા ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**આણંદ જિલ્લામાં આંગણવાડીઓને શૌચાલયની સુવિધા**

* ૧૮૪૦૮ શ્રી રોહિત પટેલ **(**આણંદ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) આણંદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, | (૧) આણંદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૧૯૭૯ આંગણવાડીઓ કાર્યરત છે. |
| (૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી આંગણવાડીઓમાં શૌચાલયની વ્યવસ્થા છે, અને | (૨) ઉકત સ્થિતિએ તે પૈકી ૧૭૭૩ આંગણવાડીઓમાં શૌચાલયની વ્યવસ્થા છે. |
| (૩) બાકી રહેતી આંગણવાડીઓમાં શૌચાલયની વ્યવસ્થા કયારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

---------

**લુણાવાડા થી બાલાસિનોરનો રસ્તો પહોળો કરવા બાબત**

* ૧૯૨૬૬ શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના હેડકવાર્ટર લુણાવાડા થી બાલાસિનોર સુધીનો મુખ્ય રસ્તો સાત મીટર પહોળો છે તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) ઉકત રસ્તા પર વાહનવ્યવહાર ઘણો જ વધુ હોઈ આ રોડ સાત મીટરના બદલે ૧૧ મીટર પહોળો કરવા સરકાર માગે છે કે કેમ, અને | (૨) અને (૩) હાલમાં રસ્તાની પહોળાઈ વાહન વ્યવહાર માટે પુરતી હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો સરકાર આ રસ્તો પહોળો કયાં સુધીમાં કરવા માગે છે ? | |

---------

**જંબુસર–કારેલી રસ્તાને દ્રીમાર્ગીય કરવા બાબત**

* ૧૮૩૫૭ શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભરૂચ જિલ્લામાં જંબુસર–ગજેરા–કારેલી રસ્તાની ૧૪.૨૦ કી.મી. લંબાઇને દ્રીમાર્ગીય કરવાની કામગીરી તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) ડામર કામ પૂર્ણ. |
| (૨) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થશે ? | (૨) અંદાજે રૂ.૧૩૦૦ લાખ. |

---------

**વસ્ત્રાપુર ખાતે લાઈબ્રેરી બિલ્ડીંગ બનાવવા બાબત**

* ૧૮૩૬૭ શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે લાયબ્રેરી બિલ્ડીંગ બનાવવા માટે વર્ષ ૨૦૧૪–૧૫માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા તો કેટલી રકમની મંજુરી આપવામાં આવેલ છે ? | (૨) રૂ.૭.૪૦ કરોડ. |

---------

**દાહોદ જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ**

* ૧૮૩૨૮ શ્રી વીછીયાભાઇ જો. ભુરીયા **(લીમખેડા)** : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી, | (૧) ૬૯૬. |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને

(૨) મંજૂર નામંજૂર
૫૧૩ ૧૬૧

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

(૩) ૧. વાર્ષિક આવક વધુ હોવાથી.
૨. પુખ્ત વયનો પુત્ર હોવાથી.
૩. અરજી ફોર્મ સાથે પુરાવા/વિગતો અધુરી હોવાના કારણે.

---------

**ગાંધીનગરથી નવી ટ્રેનો શરૂ કરવા કેન્દ્ર સરકારમાં કરેલ રજૂઆતો**

* ૧૯૪૬૦ શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગાંધીનગરથી કયા કયા શહેર સુધી નવી ટ્રેનો શરૂ કરવા કે ટ્રેનો લંબાવવા માટે તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયારે કેટલી રજૂઆતો રાજય સરકાર દ્વારા કેન્દ્ર સરકારમાં કરવામાં આવી, અને

(૨) કરવામાં આવેલ રજૂઆતો અન્વયે કયારે કેવા પ્રકારનો પ્રતિભાવ મળ્યો ?

**જવાબ**

(૧) તા.૧૨–૨–૨૦૧૩, તા.૨–૧૨–૨૦૧૩ અને તા.૭–૮–૧૪ એમ કુલ ત્રણ વાર રજૂઆતો કરવામાં આવી.

(૨) કોઈપણ પ્રતિભાવ મળેલ નથી.

---------

**તાપી જિલ્લામાં સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ મંજૂર થયેલ આંગણવાડી કેન્દ્રો**

* ૧૮૩૨૫ શ્રી રણજીતભાઈ મં. ગીલીટવાલા(સુરત–પૂર્વ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત કેટલા આંગણવાડી કેન્દ્રો મંજૂર થયેલાં છે,

(૨) તે પૈકી કેટલા આંગણવાડી કેન્દ્રો ઉક્ત સ્થિતિએ કાર્યાન્વિત છે, અને

(૩) બાકીના કેન્દ્ર કયારે કાર્યાન્વિત કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તાપી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત એકપણ આંગણવાડી કેન્દ્ર મંજૂર થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ભાવનગર જિલ્લામાં ફિમેલ હેલ્થ વર્કરનું મંજૂર મહેકમ**

* ૧૭૬૧૫ શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ફિમેલ હેલ્થ વર્કરનું મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી હતી, અને

(૩) તે પૈકી વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી અને કેટલી ખાલી રહી, અને

(૪) આ ખાલી જગ્યાઓ કયારે ભરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) ૩૬૮.

(૨) ૧૨૬.

(૩) ૭૬ ભરવામાં આવી ૫૦ ખાલી.

(૪) ખાલી જગ્યાઓ ભરવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. શકય ત્વરાએ ભરવામાં આવશે.

---------

**પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં નવું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાલુ કરવાની રજુઆતો**

* ૧૮૯૬૬ શ્રી ગેંદાલભાઈ મો. ડામોર (સંતરામપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં નવું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાલુ કરવા માટે છેલ્લા બે વર્ષમાં કેટલી માંગણીઓ મળી,

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં ૨ (બે) અને મહિસાગર જિલ્લામાં ૫ (પાંચ) નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાલુ કરવા માંગણીઓ મળી છે.

(૨) મળેલ માંગણી પૈકી કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરવા વિચારણા કરવામાં આવી, અને

(૨) ૬ (છ)

(૩) કેટલાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા?

(૩) સને ૨૦૧૩-૧૪માં પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં અણિયાદ ખાતે તથા સને ૨૦૧૪-૧૫માં પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકામાં પાધોરા, ગુંદી અને માલુ ખાતે કેન્દ્ર દીઠ એક એમ કુલ-૪(ચાર) નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવ્યા તેમજ સને ૨૦૧૪-૧૫માં મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકા ખાતે રામભેમના મુવાડા અને ઉંબર ગામે કેન્દ્રદીઠ એક એમ કુલ ૨ (બે) નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો શરૂ કરવા મંજુર કરવામાં આવેલ છે.

---------

**અમદાવાદ જિલ્લામાં સબલા યોજનાના લાભાર્થીઓ**

*૧૮૩૬૬ શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪માં સબલા યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે? | અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪ માં સબલા યોજના હેઠળ સરેરાશ ૪૩,૩૪૩ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. |

---------

**અક્કલકુવા તલોદા શાહદા રોડને પહોળો કરવા બાબત**

* ૧૮૩૦૪ શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી **(સુરત પશ્ચિમ)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તાપી જિલ્લાના અક્કલકુવા તલોદા શાહદા રોડની ૬.૬ કી.મી. લંબાઇમાં રસ્તાને પહોળો કરવાની કામગીરી તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) પ્રગતિમાં. |
| (૨) આ રસ્તાની કામગીરી પૂર્ણ કરવામાં કેટલો ખર્ચ થશે? | (૨) અંદાજે રૂ. ૧૧૦૮.૮૨ લાખ. |

---------

**વડોદરા જિલ્લામાં દૂધ સંજીવની યોજનાના લાભાર્થીઓ**

* ૧૮૩૧૯ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી **(**રાવપુરા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દૂધ સંજીવની યોજના હેઠળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દૂધ સંજીવની યોજના અમલમાં નથી |
| (૨) આ યોજના હેઠળ તાલુકાવાર કેટલા બાળકોને લાભ આપવામાં આવે છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**બોરખાડ પ્રાથમિક શાળાથી બોરસી પ્રાથમિક શાળા સુધીના રસ્તાને ડામર કરવાની ભલામણો**

* ૧૯૪૯૧ **ડૉ.** અનિલ જોષિયારા(ભિલોડા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં બોરખાડ પ્રાથમિક શાળાથી બોરસી પ્રાથમિક શાળા સુધીના રસ્તાને ડામર કરવા માટે કેટલી ભલામણો મળી,

(૧) ભલામણ મળેલ નથી.

(૨) આ બન્ને આદિવાસી ગામોની સ્કૂલો અને બોરખાડની વસ્તી ૫૦૦ કરતાં પણ વધુ હોવા છતાં રસ્તો ડામર ન કરવાના કારણો શા છે, અને

(૨) બન્ને ગામો અલગ અલગ રસ્તાથી ડામર સપાટીથી જોડાયેલ છે.

(૩) આ આદિવાસી બોરખાડ ગામને રસ્તો બનાવવા કયાં સુધીમાં ગ્રાન્ટની વ્યવસ્થા થનાર છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આણંદ જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોની ઘટ**

* ૧૮૩૪૮ શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં વસ્તીના ધોરણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોની કેટલી ઘટ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો નવા કેન્દ્રો શરૂ કરવા સરકારે કેવા પ્રકારનું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) હા જી, આણંદ જિલ્લામાં વસ્તીના ધોરણે ૧ (એક) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ૨ (બે) સામૂહિક આરોગ્ય કેન્દ્રોની ઘટ છે.

(૨) સનેઃ ૨૦૧૧ ની વસ્તીના ધોરણે રાજ્યના તાલુકાઓને મળવાપાત્ર સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પૂર્ણ કરવા માટે આયોજન કરેલ છે.

---------

**મહેસાણા જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન બાબત**

* ૧૮૩૬૯ શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે,

(૨) ગેસ કનેકશન આપવામાં આવ્યા ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને

(૩) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે?

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચેની વિગતે તાલુકાવાર આંગણવાડીઓને ગેસ કનેકશન સુવિધા આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગેસ કનેકશન પુરા પાડેલ આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખેરાલુ | ૩ |
| ૨ | જોટાણા | ૬ |
| ૩ | સતલાસણ | ૬ |

(૨) તમામ ૧૯૧૧ આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેકશનની સુવિધા પુરી પાડવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પાટણ જિલ્લાની આંગણવાડીઓમાં પાણી, વીજળી તથા કંપાઉન્ડ વોલની સુવિધા**

* ૧૮૯૧૪ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાની તાલુકાવાર કેટલી આંગણવાડીઓમાં પાણી, વીજળીકરણ તથા કમ્પાઉન્ડ વોલની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં નીચે મુજબના તાલુકામાં પાણી/વીજળી/કમ્પાઉન્ડ વોલ/ની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી તેની વિગતો.

| ક્રમ | તાલુકાનું નામ | પાણીની સુવિધા | વિજળીની સુવિધા | કમ્પાઉન્ડ વોલની સુવિધા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | સમી | ૨૧ | ૨૪ | ૨૭ | પાણીની સુવિધા તમામ કેન્દ્રોમાં પંચાયત/વાસ્મો મારફતે કરવામાં આવેલ છે. વીજળીની સુવિધા નવીન મકાન સાથે કરવામાં આવેલ છે. કમ્પાઉન્ડ વોલની સુવિધા આયોજન મંડળ દ્વારા |
| ૨ | હારીજ | ૫ | ૧૧ | ૪ | |
| ૩ | ચાણસ્મા | ૧૨ | ૧ | ૫ | |
| ૪ | સિદ્ધપુર | ૯ | ૨ | ૬ | |
| ૫ | પાટણ-૧ | ૫ | ૭ | ૫ | |
| ૬ | પાટણ-૨ | ૬ | ૧૯ | ૦ | |
| ૭ | રાધનપુર | ૧૭ | ૧૮ | ૦ | |
| ૮ | સાંતલપુર | ૭ | ૩ | ૧૦ | |

(૨) આ કામો પૂર્ણ કરાવવા માટે રાજ્ય સરકારનું કેટલા ખર્ચે શું આયોજન છે?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | કમ્પાઉન્ડ વોલની સંખ્યા | કમ્પાઉન્ડ વોલ માટેનો ખર્ચ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | સમી | ૧૦ | ૯૮૫૦૦૦/- | - પાણીની સુવિધા તમામ કેન્દ્રોમાં પંચાયત/વાસ્મો મારફતે કરવામાં આવેલ છે. -વીજળીની સુવિધા નવીન મકાન બાંધકામ સાથે કરવામાં આવેલ છે. વીજળીકરણ માટે રૂ. ૧૫૦૦૦૦/- ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે. -કમ્પાઉન્ડ વોલની સુવિધા ખર્ચ આયોજન મંડળ દ્વારા કરવામાં આવેલ છે. |
| ૨ | હારીજ | ૬ | ૯૦૦૦૦૦/- | |
| ૩ | ચાણસ્મા | ૧ | ૧૦૦૦૦૦/- | |
| ૪ | સિદ્ધપુર | ૧ | ૧૦૦૦૦૦/- | |
| ૫ | પાટણ-૧ | ૦ | ૦ | |
| ૬ | પાટણ-૨ | ૦ | ૦ | |
| ૭ | રાધનપુર | ૩ | ૨૫૦૦૦૦/- | |
| ૮ | સાંતલપુર | ૧ | ૧૦૦૦૦૦/- | |

**નોંધઃ-** વધુમાં જિલ્લા નવીનીકરણ ભંડોળ ૧૩માં નાણાં આયોગમાં કુલ દરેક તાલુકામાં ૩ આંગણવાડી પ્રમાણે કુલ ૨૫ આંગણવાડીમાં વરંડા માટે રૂ. ૭૫૦૦૦૦૦/-નું આયોજન કરેલ છે. અને ૧૦ ટકા લેખે લોકફાળાની રકમ જિલ્લા પંચાયત સ્વભંડોળમાંથી રૂ. ૭૫૦૦૦૦/-નું આયોજન ચાલુ વર્ષમાં કરેલ છે.

---------

**નસવાડી, સંખેડા અને બોડેલી તાલુકાઓમાં મુખ્યમંત્રી અમૃત્તમ યોજના હેઠળ બી.પી.એલ. લાભાર્થીઓને કાર્ડ આપવા બાબત**

* ૧૯૫૦૪ શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના નસવાડી, સંખેડા અને બોડેલી તાલુકાઓમાં મુખ્યમંત્રી અમૃત્તમ યોજના હેઠળ તાલુકાવાર બી.પી.એલ. લાભાર્થીઓને કેટલા કાર્ડ આપવામાં આવ્યા,

(૧)

| તાલુકો | કાર્ડ આપેલ લાભાર્થીની સંખ્યા |
|---|---|
| નસવાડી | ૧૦૦૬૩ |
| સંખેડા, બોડેલી | ૧૧૨૬૪ |
| **કુલ** | **૨૧૩૨૭** |

(૨) કેટલા લાભાર્થીઓને કાર્ડ આપવાના બાકી છે, અને

(૨)

| તાલુકો | બાકી લાભાર્થીની સંખ્યા |
|---|---|

| | |
|---|---|
| નસવાડી | ૭૪૩૨ |
| સંખેડા, બોડેલી | ૮૩૧૦ |
| **કુલ** | **૧૫૭૪૨** |

(૩) બાકી રહેતા લાભાર્થીઓને કેટલા સમયમાં મુખ્યમંત્રી અમૃત્તમ યોજનાના કાર્ડ આપવામાં આવશે?

(૩) બી.પી.એલ. લાભાર્થીએ કિયોસ્ક ઉપર જઈને કાર્ડ મેળવવાનું રહે છે. આ માટે કોર્પોરેશન કક્ષાએ તેમજ તાલુકા કક્ષાએ કિયોસ્ક ઉભા કરવામાં આવેલ છે. જે હાલ કાર્યરત છે. બી.પી.એલ. કાર્ડ ધારક જે તે કિયોસ્કની જગ્યાએ જઈને કાર્ડ મેળવી શકે છે.

---------

**અમદાવાદ-મહેસાણા ટોલ રોડ ઉપર બિન અધિકૃત ટેકસ ઉઘરાવવા બાબત**

* ૧૭૮૮૫ શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ-મહેસાણા ટોલ રોડ ઉપર પસાર થતા વાહનચાલકો પાસેથી બિનઅધિકૃત રીતે ટોલ ટેકસ ઉઘરાવવા બાબતની સરકારને કેટલી ફરીયાદો મળી,

(૨) મળેલ ફરીયાદો સંદર્ભે શાં પગલાં લીધા,

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલો ટેક્સ ઉઘરાવવામાં આવ્યો, અને

(૪) ઉકત સ્થિતિએ કાર્યરત એજન્સીને ટોલ ટેકસ ઉઘરાવવા માટેનો કોન્ટ્રાકટ કયાં સુધીનો આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) અને (૨) આ રસ્તા પર કન્સેશન એગ્રીમેન્ટમાંની જોગવાઈઓ અનુસાર કન્સેશનરને ટોલ વસુલાત કરવા અધિકૃત કરવામાં આવેલ છે અને કન્સેશનર દ્વાર અધિકૃત રીતે ટોલ વસુલાત કરવામાં આવતી હોઈ, મળેલ ત્રણ ફરીયાદમાં તથ્ય જણાયું ન હોવાથી પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) અને (૪) કન્સેશન એગ્રીમેન્ટમાંની જોગવાઈ અનુસાર

આ રસ્તાને ખાનગીકરણ ધોરણે બી.ઓ.ઓ.ટી પધ્ધતીથી વિકસાવવા, જાળવવા અને તે પેટે ફેબ્રુઆરી-૨૦૩૩ સુધી ટોલ ઉઘરાવવા કન્સેશનરને સોંપવામાં આવેલ છે

---------

**ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની તપાસ**

* ૧૮૩૪૬ શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલા બાળકોની તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આરોગ્ય તપાસણી કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા બાળકોને કયા પ્રકારની બિમારીઓ જણાઈ આવી,

**જવાબ**

(૧) કુલ-૫,૯૮,૦૬૬.

(૨) સામેલ ***પત્રક** મુજબ

**પત્રક**

| અ.નં. | રોગનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | પાડુંરોગ | ૨૦૩૪૧ |
| ૨ | આંત્રકૃમિ | ૮૩૪૦ |
| ૩ | દાંતની તકલીફ | ૪૫૪૩ |
| ૪ | આંખની તકલીફ | ૨૭૩૩ |
| ૫ | કાન-નાક-ગળાની તકલીફ | ૨૨૬૫ |
| ૬ | પેટની તકલીફ | ૮૬૧ |
| ૭ | ચામડીના રોગ | ૨૦૪૯ |
| ૮ | શરીરની સ્થૂળતા | ૪૩ |
| ૯ | તમાકુનું સેવન | ૧૨ |
| ૧૦ | માનસીક તણાવ | ૨૪ |
| ૧૧ | શ્વસનતંત્રના રોગ | ૧૫૨૮ |
| ૧૨ | ચેતાતંત્રના રોગ | ૧૩ |
| ૧૩ | અસ્થિતંત્રના રોગ | ૧૯ |
| ૧૪ | વિકલાંગતા | ૨૮૮ |
| ૧૫ | અન્ય | ૩૯૯૭ |

(૩) ગંભીર રોગની સારવાર માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી, અને

(૩) ગંભીર રોગની સારવાર માટે સરકાર દ્વારા નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવાનું આયોજન કરેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદયરોગ | યુ.એન. મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કીડની | ઈન્સ્ટીટયુટ ઓફ કીડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

(૪) કેટલા બાળકોને હૃદયરોગની સારવાર આપવામાં આવી?

(૪) કુલ-૧૩૭ બાળકોને હૃદયરોગની સારવાર આપવામાં આવી.

---------

**અમદાવાદ જિલ્લામાં સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ મંજૂર થયેલ આંગણવાડી કેન્દ્રો**

* ૧૮૪૦૬ શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત વિકાસ યોજના અંતર્ગત કેટલા આંગણવાડી કેન્દ્રો મંજૂર થયેલાં છે,

(૨) તે પૈકી કેટલાં આંગણવાડી કેન્દ્રો ઉક્ત સ્થિતિએ કાર્યાન્વિત છે, અને

(૩) બાકીના કેન્દ્રો કયારે કાર્યાન્વિત કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત એકપણ આંગણવાડી કેન્દ્ર મંજૂર થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજકોટ જિલ્લામાં દીકરી યોજનાના લાભાર્થીઓ**

* ૧૮૩૩૭ ર્ડા. ટી. ડી. માણીયા(બોટાદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં દીકરી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓેએ લાભ લીધેલ છે, અને

(૨) તે અન્વયે કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૨૮.

(૨) રૂ.૧,૪૬,૦૦૦/-

---------

**બનાસકાંઠા જિલ્લામાં બાળકોને કુપોષણથી મુક્ત કરવા બાબત**

* ૧૯૫૨૬ શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : તા.૨૬-૨-૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૭૫૦૭ (અગ્રતા-૧૬૧)ના અનુસંધાને **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઓછા વજનવાળા તથા અતિ ઓછા વજનવાળા કુલ અનુક્રમે ૧૦૩૧૩૧ અને ૫૫૪૧૮ બાળકો હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા તો તે પૈકી ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ દત્તક લીધેલા કેટલા બાળકો કુપોષણથી મુક્ત થયા, અને

(૩) બાકીના તમામ બાળકોને કુપોષણથી મુકત કરવા સરકારે શાં પગલાં લીધા છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ દત્તક લીધેલા બાળકો પૈકી કુલ ૧૯૮૬ બાળકો કુપોષણથી મુક્ત થયેલ છે.

(૩) રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ વિવિધ યોજનાના કાર્યક્રમોના પરિણામે કુપોષિત બાળકોની સંખ્યામાં ઉત્તરોત્તર ઘટાડો થઈ રહેલ છે. જે અન્વયે તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા કુલ ૨૬૨૦૧ બાળકો છે. આમ કુપોષિત

બાળકોની સંખ્યામાં ઘટાડો થયેલ છે. બાળકોમાં કુપોષણ નિવારવા માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવે છે.

- ૬ માસથી ૩ વર્ષમાં બાળકોને ટેક હોમ રેશન તરીકે અનાજ આપવામાં આવે છે. અને તેમાંથી નિર્દેશક ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને THR તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવી આપવામાં આવે છે.
- આ ઉપરાંત ૩ થી ૬ વર્ષના અતિઓછા વજનવાળા બાળકોને THR તરીકે પુરક પોષણ આહાર આપવામાં આવે છે.
- ૬ માસથી ૬ વર્ષના બાળકોને પાલનપુર અને અમીરગઢ તાલુકામાં દુધ સંજીવની યોજના હેઠળ અઠવાડિયામાં બે દિવસ દુધ આપવામાં આવે છે.
- ન્યુટ્રીશન કાઉન્સલીંગ વોલીન્ટીઅર (NCV) યોજના દ્વારા બાળકોના વાલીઓને પેષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.
- વાત્સલ્ય દિવસ/બાલ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.
- ઘનિષ્ટ પોષણ અભિયાન અન્વયે ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોને સારવાર આપવામાં આવે છે.
- ગતિશીલ ગુજરાત અંતર્ગત કુપોષણ નિવારવા તમામ સી.એચ.સીમાં બાલ સેવા કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે. તેમજ જિલ્લામાં નવા ૧૩ બાલ સેવા કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે.
- જિલ્લાના અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓ દ્વારા કુપોષિત બાળકોને દત્તક લેવામાં આવેલ છે.
- અંબાજી દેવસ્થાનમાં આવતા કોપરામાંથી સખી મંડળ/મીશન મંગલમના સહયોગથી કોપરાપાક બનાવીને દાંતા અને અમિરગઢ ઘટકમાં બાળકોને વિતરણ કરવામાં આવે છે.

----------

**અમદાવાદ જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ**

* ૧૮૩૯૬ શ્રી બાબુભાઈ જ. પટેલ**(**દસક્રોઈ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી, | (૧) ૨૪૨૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને | (૨) મંજૂર ૨૨૮૬ નામંજૂર ૧૨૧ |

(૩) અરજીઓ નામંજુર થવાના કારણો શાં છે ?

(૩) ૧. વાર્ષિક આવક વધુ હોવાથી.
૨. પુખ્ત વયનો પુત્ર હોવાથી.
૩. અરજી ફોર્મ સાથે પુરાવા/વિગતો અધુરી હોવાના કારણે.

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી હેઠળ બાળકોની તપાસ**

* ૧૮૪૪૨ શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન કુલ કેટલા બાળકોની આરોગ્ય અંગેની તપાસણી કરેલ છે,

(૨) આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર રોગથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી, અને

(૩) આ અંગે આરોગ્ય વિભાગ દ્વારા સારવાર માટે શાં પગલાં લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) કુલ–૧,૯૭,૨૯૧.

(૨) કુલ–૧૬૨

(૩) ગંભીર રોગની સારવાર માટે સરકાર દ્વારા નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવાનું આયોજન કરેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદયરોગ | યુ.એન. મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કીડની | ઈન્સ્ટીટયુટ ઓફ કીડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

---------

**જૂનાગઢ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ, સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ફાળવેલ ગ્રાન્ટ**

* ૧૯૨૮૩ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ, સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) આ ગ્રાન્ટ કયા હેતુ માટે ખર્ચ કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી બચત રહેવા પામી ?

**જવાબ**

(૧) સામેલ *પત્રક–૧ તથા *પત્રક–૨ મુજબ.

(૨) આ ગ્રાન્ટ પગાર–ભથ્થા, પ્રવાસ–ભથ્થા, પેટ્રોલ–ડીઝલ, ટેલીફોન–લાઇટબીલ, સાધનો ખરીદી,કન્ટીજન્સી ખર્ચ, તેમજ દવાના હેતુ માટે ખર્ચ કરવામાં આવી.

(૩) ઉક્ત સ્થિતિએ રાજ્યકક્ષાની કચેરીઓમાં વર્ષ ૨૦૧૩–૧૪માં રૂ.૪૪.૪૯ લાખ અને વર્ષ ૨૦૧૪–૧૫માં રૂ.૧૨૭.૬૩ લાખ બચત રહેવા પામી.
અને જીલ્લા પંચાયત કચેરી પાસે, ઉઘડતી સિલક સહિત વર્ષ ૨૦૧૩–૧૪માં રૂ.૮૯૫.૫૨ લાખ બચત અને વર્ષ ૨૦૧૪–૧૫માં રૂ.૪૪.૮૪ લાખ અતિ ખર્ચ થવા પામેલ.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**વિધવા બહેનોને માસીક પેન્શન**

* ૧૮૪૮૧ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં વિધવા બહેનોને માસિક કેટલી રકમનું પેન્શન આપવામાં આવે છે, અને

(૨) આ પેન્શનમાં વધારો કરવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ?

(૧) રાજ્યમાં વિધવા બહેનોને માસિક રૂ.૭૫૦/- અને બે બાળકોની મર્યાદામાં બાળક દીઠ રૂ.૧૦૦/- ની રકમની સહાય આપવામાં આવે છે.

(૨) હાલ વિચારણા હેઠળ નથી.

---------

**રાજકોટ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન**

* ૧૮૩૧૭ શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે,

(૨) ગેસ કનેકશન આપવામાં આવ્યા ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને

(૩) બાકી રહેતી આંગણવાડીઓની કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગેસ કનેકશન આપેલ આંગણવાડીની સંખ્યા |
|---|---|---|
| ૧ | લોધિકા | ૮ |
| ૨ | જસદણ | ૨ |
| ૩ | રાજકોટ(૩) | ૧૫ |
| ૪ | જામકંડોરણા | ૫ |
| ૫ | પડધરી | ૫ |
| ૬ | ઉપલેટા | ૭ |
| ૭ | મોરબી | ૧૧ |
| ૮ | જેતપુર | ૮ |
| ૯ | ધોરાજી | ૩ |
| ૧૦ | કોટડા | ૧૮ |

(૨) ૨૭ આંગણવાડીઓને ગેસ કનેકશન આપવાના બાકી છે.

(૩) બાકી રહેતી કુલ ૨૭ આંગણવાડીઓને આઈ.ઓ.સી. એજન્સી તરફથી મંજુરી મળતા ગેસ કનેકશન આપવામાં આવશે.

---------

**દાંતા અને અમીરગઢ તાલુકામાં ચોમાસામાં નુકસાન પામેલ રસ્તાઓને રીપેર કરવા બાબત**

* ૧૯૪૦૬ શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં દાંતા અને અમીરગઢ તાલુકામાં છેલ્લા એક વર્ષમાં વરસાદના કારણે માર્ગ અને મકાન (પંચાયત) હસ્તકના કયા રસ્તાઓ ચોમાસામાં ભારે વરસાદના કારણે નુકસાન પામેલ છે,

**જવાબ**

(૧) પરિશિષ્ટ-૧ મુજબ.

પરિશિષ્ટ-૧

| અ.નં. | તાલુકો | રસ્તાનું નામ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | દાંતા | સેબલ પાણી ગુડા કરમદી રોડ |
| ૨ | દાંતા | બેડા બારવાસ દલપુરા રોડ |
| ૩ | દાંતા | દલપુરા ગોરાડ ટુંડીયા કાટીવાસ થી જિલ્લા હદ સુધી |
| ૪ | દાંતા | દાંતા દિવડી વશી પીપળા વાળી વાવ રોડ |
| ૫ | દાંતા | દલપુરા માંકડી રોડ |
| ૬ | દાંતા | કુકડી કાનઘર થલવાડા રોડ |
| ૭ | દાંતા | રંગપુર ભવાનગઢ રોડ |
| ૮ | દાંતા | વશી ઘરેડા રોડ |
| ૯ | દાંતા | કુંવારસી ભદ્રમાળ અંબાજી રોડ |
| ૧૦ | દાંતા | કોયલા પુરા નવાણીયા રોડ |

| | | |
|---|---|---|
| ૧૧ | દાંતા | નવા વાસ ગોઘણી પાણીયારી રોડ |
| ૧૨ | દાંતા | હડાદ ગોઠડા રોડ |
| ૧૩ | દાંતા | માંકડી ઉબરા રોડ |
| ૧૪ | દાંતા | માંકડી સેબલ રોડ |
| ૧૫ | દાંતા | કુંડેલ અંતરસા ઝેર રોડ |
| કુલ | | ૧૫ |
| ૧ | અમીરગઢ | જુની રોહ આવલ ગઢડા રોડ |
| ૨ | અમીરગઢ | નેશનલ હાઈવેથી કપાસીયા સરોત્રા રાજસ્થાન હદ સુધી |
| ૩ | અમીરગઢ | ખારી ડાભેલા ઇસવાણી રોડ |
| ૪ | અમીરગઢ | ડામોરવાસ (રબારીયા) એપ્રોચ રોડ |
| ૫ | અમીરગઢ | ખેમરાજીયા જાંબુડી હાથીદ્રા રોડ |
| ૬ | અમીરગઢ | ઘાંઘુ મુળીવાસ રોડ |
| ૭ | અમીરગઢ | ગઢડા ગરાસીયા ફળી રોડ |
| ૮ | અમીરગઢ | સોનવાડી એપ્રોચ રોડ |
| કુલ | | ૮ |
| કુલ એકંદરે | | ૨૩ |

(૨) ઉક્ત રસ્તાઓ રીપેર કરવા માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત કામો ક્યા તબક્કે છે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૨) અને (૩) સમયાંતરે જરૂરીયાત મુજબ રસ્તાની મરામત કરાવી વાહન વ્યવહાર યોગ્ય બનાવવામાં આવેલ છે.

---------

**દફતર સંચાલનના તાલીમ વર્ગો સંબંધે ખોટું માનદવેતન લેવા બાબત**

* ૧૮૯૫૧ શ્રી અમીત ચાવડા(આંકલાવ) : **માનનીય યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગે રાજ્ય અભિલેખાગાર કચેરી ગાંધીનગર દ્વારા દફતર સંચાલનના તાલીમવર્ગો સંબંધે ખોટું માનદ વેતન લેનારા અધિકારી/કર્મચારીઓ માટે માનદ વેતન જમા કરવા બાબતનો પરિપત્ર ક્યારે કર્યો, | (૧) આવો કોઈ પરિપત્ર કરેલ નથી. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ આ પરિપત્ર અન્વયે ખોટી રીતે માનદ વેતન લેનારા અધિકારી/કર્મચારીઓ પાસેથી માનદ વેતન જમા લીધુ છે કે કેમ અને જો ના તો તેના શા કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ખોટી રીતે માનદ વેતન લેનારા કેટલા અધિકારી/કર્મચારીઓ સામે ઉક્ત સ્થિતિએ સરકારે શી કાર્યવાહી ક્યારે કરી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પાટણ જિલ્લામાં સંકલિત બાળ વિકાય યોજના હેઠળ મંજૂર થયેલ આંગણવાડી કેન્દ્રો**

* ૧૮૪૦૧ શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત વિકાસ યોજના અંતર્ગત કેટલા આંગણવાડી કેન્દ્રો મંજૂર થયેલાં છે, | (૧) એક પણ નહીં. |
| (૨) તે પૈકી કેટલાં આગણવાડી કેન્દ્રો ઉક્ત સ્થિતિએ કાર્યાન્વિત છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકીના કેન્દ્રો ક્યારે કાર્યાન્વિત કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

તા.૨૬મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

**વડોદરા જિલ્લામાં દીકરી યોજનાના લાભાર્થીઓ**

* ૧૮૩૪૦ શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં દીકરી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને | (૧) ૧૫૩. |
| (૨) તે અન્વયે કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૭,૮૯,૦૦૦/– |

---------

**માંગરોળ અને માળીયા તાલુકાના નોન પ્લાન રસ્તાઓના પેવરકામ**

* ૧૮૪૫૫ શ્રી બાબુભાઇ કા. વાજા(**માંગરોળ**) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માંગરોળ અને માળીયા તાલુકાના કેટલાં નોન પ્લાન રસ્તાઓ પેવર કામ વગરના છે, | (૧) માંગરોળ તાલુકાના ૧૨ રસ્તાઓ અને માળીયા તાલુકાનાં ૧૨ રસ્તાઓ |
| (૨) આ નોન પ્લાન રસ્તા પર ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કોઇ એજન્સીને કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ છે, અને | (૨) અને (૩) ના, જી. |
| (૩) જો હોય, તો તેની વિગત શી છે, કેટલા રૂપિયાના ખર્ચે ક્યાં સુધીમાં કામ પૂર્ણ કરવામાં આવશે? | |

---------

**અમરેલી જિલ્લામાં આગણવાડીઓને ગેસ કનેકશન**

* ૧૮૩૧૫ શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર આંગણવાડીઓને કોઇ ગેસ કનેકશન આપવામાં આવેલ નથી. |
| (૨) ગેસ કનેકશન આપવામાં આવ્યા ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને | (૨) ગેસ કનેકશન આપવામાં આવ્યા ન હોય તેવી કુલ ૪૨ આંગણવાડીઓ છે. |
| (૩) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે? | (૩) બાકી રહેતી આંગણવાડીઓને ગેસ એજન્સીઓ તરફથી મંજુરી મળતા ગેસ કનેકશન આપવામાં આવશે. |

---------

**નર્મદા જિલ્લામાં દૂધ સંજીવની યોજનાના લાભાર્થીઓ**

* ૧૮૩૭૧ શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દૂધ સંજીવની યોજના હેઠળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) નર્મદા જિલ્લામાં તા. ૦૧–૦૧–૨૦૧૪ થી તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દૂધ સંજીવની યોજના હેઠળ તાલુકાવાર નીચેની વિગતે ખર્ચ કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કરેલ ખર્ચ |
|---|---|---|
| ૧ | ડેડીયાપાડા | રૂ. ૯,૭૨,૨૦૪/– |

**પ્રશ્ન**

(૨) આ યોજના હેઠળ તાલુકાવાર કેટલા બાળકોને લાભ આપવામાં આવે છે?

**જવાબ**

(૨) આ યોજના હેઠળ તાલુકાવાર નીચે મુજબના બાળકોને લાભ આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કરેલ ખર્ચ |
|---|---|---|
| ૧ | ડેડીયાપાડા | ૨૪૩૦૪૯ |

---------

### ગાંધીનગર જિલ્લામાં દીકરી યોજનાના લાભાર્થીઓ

* ૧૮૩૭૯ શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં દીકરી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને | (૧) ૧. |
| (૨) તે અન્વયે કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૫,૦૦૦/–. |

---------

### આણંદ જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ

* ૧૮૩૨૯ શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી, | (૧) ૧૨૭૦. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજુર થઇ, અને | (૨) મંજૂર ૯૪૫, નામંજૂર ૩૨૫ |
| (૩) અરજીઓ નામંજુર થવાના કારણો શાં છે? | (૩) ૧. વાર્ષિક આવક વધુ હોવાથી.<br>૨. પુખ્ત વયનો પુત્ર હોવાથી.<br>૩. અરજી ફોર્મ સાથે પુરાવા/વિગતો અધુરી હોવાના કારણે. |

---------

### તાપી જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ

* ૧૮૩૯૪ શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી, | (૧) ૭૨૨. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઇ, અને | (૨) મંજૂર ૫૩૬, નામંજૂર ૧૬૩ |
| (૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે? | (૩) ૧. વાર્ષિક આવક વધુ હોવાથી.<br>૨. પુખ્ત વયનો પુત્ર હોવાથી.<br>૩. અરજી ફોર્મ સાથે પુરાવા/વિગતો અધુરી હોવાના કારણે. |

---------

### સાણંદ અને બાવળા તાલુકામાં રસ્તાઓને માટી મેટલના બાકી કામો

* ૧૯૦૩૬ શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં સાણંદ અને બાવળા તાલુકામાં એક ગામથી બીજા ગામને જોડતા રસ્તાઓને માટી અને મેટલ કામ કરવાના કેટલા બાકી છે,

(૧) અમદાવાદ જિલ્લામાં સાણંદ અને બાવળા તાલુકામાં કાચી સપાટીના પ્લાન અને નોન પ્લાન રસ્તાઓ નીચે મુજબ છે.

| તાલુકો | પ્લાન | નોન પ્લાન | કુલ |
|---|---|---|---|
| સાણંદ | ૩ | ૧૫ | ૧૮ |
| બાવળા | ૫ | ૩ | ૮ |
| **કુલ** | **૮** | **૧૮** | **૨૬** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા કેટલાં

(૨) છેલ્લા બે વર્ષમાં બે રસ્તાઓને કાચી સપાટીથી

| | |
|---|---|
| રસ્તાઓને માટી અને મેટલ કામ કરવામાં આવ્યા, અને | ડામરકામ કરવામાં આવ્યા. |
| (૩) ઉક્ત સ્થિતિએ આવા બાકી રહેતા રસ્તાઓને ક્યાં સુધીમાં માટી કે મેટલ કામ કરવામાં આવશે ? | (૩) ઉકત સ્થિતિએ બાકી રસ્તાઓને તાંત્રિક જરૂરિયાત તથા આંતરિક અગ્રતા અનુસાર વિચારવામાં આવશે. |

---------

**નર્મદા જિલ્લામાં સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ મંજૂર થયેલ આંગણવાડી કેન્દ્રો**

* ૧૮૪૦૨ શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત કેટલા આંગણવાડી કેન્દ્રો મંજૂર થયેલાં છે, | (૧) નર્મદા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત એકપણ આંગણવાડી કેન્દ્રો મંજૂર થયેલા નથી. |
| (૨) તે પૈકી કેટલા આંગણવાડી કેન્દ્રો ઉક્ત સ્થિતિએ કાર્યાન્વિત છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી કેન્દ્રો ક્યારે કાર્યાન્વિત કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**નવસારી જિલ્લામાં સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ મંજૂર થયેલ આંગણવાડી કેન્દ્રો**

* ૧૮૪૦૩ શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત કેટલા આંગણવાડી કેન્દ્રો મંજૂર થયેલાં છે, | (૧) એક પણ નહીં. |
| (૨) તે પૈકી કેટલા આંગણવાડી કેન્દ્રો ઉક્ત સ્થિતિએ કાર્યાન્વિત છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકીનાં કેન્દ્ર ક્યારે કાર્યાન્વિત કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પંચમહાલ જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ**

* ૧૮૩૩૨ શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી, | (૧) ૧૨૦૪. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને | (૨) **મંજૂર** ૧૦૬૨ — **નામંજૂર** ૧૧૩. |
| (૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ? | (૩) ૧. વાર્ષિક આવક વધુ હોવાથી.<br>૨. પુખ્ત વયનો પુત્ર હોવાથી.<br>૩. અરજી ફોર્મ સાથે પુરાવા/વિગતો અધુરી હોવાના કારણે. |

---------

**રાજ્યના સરકીટ હાઉસ અને વિશ્રામગૃહોમાં મેનેજર ગ્રેડ–૧ અને ૨ ની જગ્યાઓ અપગ્રેડ કરવા બાબત**

* ૧૯૩૯૩ **શ્રી** શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આવેલ સરકીટ હાઉસો તેમજ વિશ્રામગૃહોમાં મેનેજર ગ્રેડ–૧ અને ૨ ની જગ્યાઓ અપગ્રેડ કરવા અથવા નવી જગ્યાઓ ઉભી કરવાની કાર્યવાહી | (૧) વિચારણા હેઠળ છે. |

તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) ક્યાં સુધીમાં જગ્યાઓ અપગ્રેડ કરવાની અથવા નવી જગ્યાઓ ઉભી કરવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે ?

(૨) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી શક્ય તેટલી વહેલી.

---------

**ખેડા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં ફાયર સેફ્ટીની સુવિધા**

* ૧૮૩૯૧ શ્રી કેસરસિંહ જે. સોલંકી (માતર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તાલુકાવાર આંગણવાડી કેન્દ્રોમાં ફાયર સેફ્ટી સુવિધા પૂરી પાડવામાં આવેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પાછળ કોઇ જ ખર્ચ થયેલ નથી. પરંતુ<br>(૨) વર્ષ ૨૦૧૪-૧૫ માં ખેડા જિલ્લામાં તાલુકાવાર કુલ ૨૨૨૨ નંગ ફાયર સેફ્ટી ઇન્સ્ટુમેન્ટ પુરા પાડેલ છે. ફાયર સેફ્ટી ઇન્સ્ટુમેન્ટ પ્રતિ નંગ રૂ.૨૫૩૦/- લેખે કુલ રૂ.૫૬,૨૧,૬૬૦/- નો ખર્ચ થયેલ છે. |

---------

**ભરૂચ જિલ્લામાં આઇ.સી.ડી.એસ. યોજના હેઠળ મંજુર થયેલ આંગણવાડી કેન્દ્રો**

* ૧૮૩૨૦ શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં આઇ.સી.ડી.એસ. યોજના હેઠળ કેટલા કેન્દ્રો મંજુર થયેલાં છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં આઇ.સી.ડી.એસ. યોજના અંતર્ગત કોઇ નવા આંગણવાડી કેન્દ્રો મંજુર થયેલ નથી. |
| (૨) તે પૈકી કેટલા આંગણવાડી કેન્દ્રો ઉક્ત સ્થિતિએ કાર્યાન્વિત છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકીનાં કેન્દ્રો ક્યારે કાર્યાન્વિત કરવમાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જામનગર જિલ્લામાં કોસ્ટલ હાઇવે નં.૬ ના ચેઇનેજના રોડનું મજબુતીકરણ**

* ૧૯૫૨૦ શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં આવેલ કોસ્ટલ હાઇવે નં.૬ ના ૩૨ કિ.મી. થી ૯૬ કિ.મી. ની ચેઇનેજના રોડને મજબુતીકરણ તથા વાઇડનીંગનું કામ તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) મજબુતીકરણની કામગીરી પૂર્ણ, વાઇડનીંગની કામગીરી પ્રગતિમાં. |
| (૨) આ રસ્તાની ડામર સપાટીની પહોળાઇ (વાઇડનીંગ) તથા મજબુતીકરણ સ્પેશીફીકેશન મુજબ થાય તથા દૂધઇ થી તારાણા વચ્ચેના રસ્તાનું ધોવાણ અટકાવવા આર.સી.સી. કામમાં યોગ્ય સાઇઝનું લોખંડ ડીઝાઇન મુજબ વપરાયું છે કે કેમ તેની ચકાસણી ક્યારે કરવામાં આવી છે ? | (૨) વિભાગના તાંત્રિક અધિકારીશ્રીઓ દ્વારા નિયમાનુસાર સમયાંતરે અલગ અલગ તારીખોએ ચકાસણી કરવામાં આવેલ છે. |

---------

**અમરેલી શહેરની ફરતે ગ્રામીણ રિંગ રોડ બનાવવા બાબત**

* ૧૮૪૭૨ શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે | (૧) હા. |

વર્ષમાં અમરેલી શહેરની ફરતે હયાત ગાયકવાડી રસ્તાઓને જોડતા ગ્રામીણ રિંગ રોડ બનાવવા અંગેની દરખાસ્ત રાજ્ય સરકારને મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો ક્યારે અને અંદાજિત કેટલી રકમનાં ખર્ચે આ રોડ બનાવવાનું કામ કેટલા સમયમાં હાથ ઉપર લેવામાં આવશે, અને

(૩) ઉપરોક્ત ગ્રામીણ રિંગ રોડ બનાવવાથી અમરેલી શહેર અને તાલુકાનાં ક્યા ગામોને કેવા પ્રકારનાં લાભાલાભ થશે?

(૨) અને (૩)
હાલ કોઇ આયોજન ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ડુમકા-કાંસટા રોડને ડામર કરવાની દરખાસ્ત**

* ૧૯૦૨૮ શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ડુમકા-ખલતા-ગરબડી-કાંસટા રોડને ડામર કરવા માટે સરકારને છેલ્લા બે વર્ષમાં ક્યારે દરખાસ્ત મળી, અને | (૧) તા.૫-૬-૨૦૧૪ ના રોજ. |
| (૨) મળેલ દરખાસ્ત અન્વયે સરકારે શાં પગલાં લીધા ? | (૨) તાંત્રિક જરૂરિયાત અને આંતરીક અગ્રતાના ધોરણે વિચારણા કરવામાં આવશે. |

---------

**ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા હેઠળ લીવર પ્રત્યારોપણની મંજૂરી**

* ૧૮૩૭૬ શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં ઓથોરાઈઝેશન કમીટી દ્વારા કુલ કેટલી લીવર પ્રત્યારોપણની મંજુરીઓ અપાઈ, અને | (૧) ૩૭ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ મંજુરી માંગતી લીવર પ્રત્યારોપણની કેટલી અરજીઓ પડતર છે? | (૨) શૂન્ય |

---------

**અમદાવાદ જિલ્લામાં બલમ સુખમ યોજના પાછળ ખર્ચ**

* ૧૮૭૪૮ શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં બલમ સુખમ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલા લોકોને મદદ/સહાય કરવામાં આવેલ છે, | (૧) બલમ સુખમ યોજના હેઠળ કોઈ મદદ/સહાય આપવામાં નથી આવતી પરંતુ કુપોષણના અટકાવ અને સારવાર માટે આંગણવાડી કક્ષાએ બાલ શક્તિમ કેન્દ્ર પર બાળક દિઠ દૈનિક રૂ. ૩૦/-ની જોગવાઈ આહાર અને દવાઓ માટે કરવામાં આવે છે. તાલુકા કક્ષાએ બાલ સેવા કેન્દ્ર તથા જિલ્લા કક્ષાએ બાલ સંજીવની કેન્દ્ર પર પ્રતિ બાળક દૈનિક રૂ. ૧૦૦/- તેમજ બાળકની માતાને દૈનિક ભથ્થા પેટે રૂ. ૧૦૦/-ની જોગવાઈ કરવામાં આવે છે.<br>તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં મિશન બલમ સુખમ યોજના અંતર્ગત ૩૩ કેન્દ્રોમાં ચાલતાં ઘનિષ્ઠ પોષણ અભિયાનમાં ૫૪૫ બાળકોને લાભ આપવામાં આવેલ છે. |
| (૨) તે કયા પ્રકારની મદદ/સહાય પુરી પાડવામાં આવેલ છે, અને | (૨) ઘનિષ્ઠ પોષણ અભિયાન હેઠળ બાળકોને સવારે ૯.૦૦ વાગ્યા થી સાંજના પાંચ વાગ્યા સુધીમાં પાંચવાર |

ગરમ નાસ્તો, દવાઓ આપવામાં આવેલ છે અને અતિ ઓછા વજનવાળા બાળકોને જરૂરી સારવાર માટે એન.આર.સી. અને સી.એમ.ટી.સી. માં રીફર કરવામાં આવેલ છે.

(૩) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૩) તે પાછળ ઘનિષ્ઠ પોષણ અભિયાનમાં કુલ રૂ. ૩,૨૭,૦૦૦/–નો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં એન.આર.એચ.એમ. યોજના હેઠળ થયેલ ખર્ચ**

* ૧૯૪૬૬ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર એન.આર.એચ.એમ. યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા રૂપિયા ખર્ચ કરવામાં આવ્યો,

**જવાબ**

(૧) અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખર્ચનાં પત્રક અનુક્રમે પત્રક–૧(અ) અને ૧(બ) સામેલ છે.

**પત્રક–૧ (અ) – અરવલ્લી**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વર્ષ** | |
|---|---|---|---|
| | | **૨૦૧૩–૧૪** | **૨૦૧૪–૧૫ (તા.૩૧/૦૧/૨૦૧૫ની સ્થિતિએ** |
| ૧ | બાયડ | ૭૭૧૩૯૫૪ | ૮૪૩૫૫૨૪ |
| ૨ | મોડાસા | ૧૧૪૫૫૯૭૨ | ૧૦૭૬૦૦૭૩ |
| ૩ | ધનસુરા | ૧૩૪૯૭૦ | ૧૫૩૦૦૦ |
| ૪ | મેઘરજ | ૧૪૦૯૩૨૨૫ | ૧૦૬૧૪૮૩૩ |
| ૫ | ભિલોડા | ૯૨૨૪૬૦૫ | ૧૦૩૧૪૭૪૭ |
| ૬ | માલપુર | ૧૨૫૬૦૧ | ૫૦૫૨૮૦ |
| | **કુલઃ–** | **૪૨૭૪૮૩૨૭** | **૪૦૭૮૩૪૫૭** |

**પત્રક–૧ (બ) – સાબરકાંઠા**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વર્ષ** | |
|---|---|---|---|
| | | **૨૦૧૩–૧૪** | **૨૦૧૪–૧૫ (તા.૩૧/૦૧/૨૦૧૫ની સ્થિતિએ** |
| ૧ | હિંમતનગર | ૯૫૮૩૩૪૫ | ૮૯૧૭૭૬૮ |
| ૨ | ઈડર | ૧૩૮૨૯૫૨૬ | ૧૨૯૦૬૮૦૦ |
| ૩ | ખેબ્રહ્મા | ૮૮૧૦૪૧૬ | ૭૮૭૮૪૦૪ |
| ૪ | વિજયનગર | ૭૩૫૧૬૧૭ | ૫૩૩૪૯૨૧ |
| ૫ | પ્રાંતિજ | ૫૯૩૧૦૯૫ | ૫૩૬૯૪૨૬ |
| ૬ | તલોદ | ૬૦૯૯૩૧૦ | ૪૭૩૩૦૨૨ |
| ૭ | વડાલી | ૧૯૪૨૮૭ | ૨૧૬૫૨૯ |
| ૮ | પોશીના | ૨૧૧૧૨૭ | ૧૨૮૧૧૪ |

(૨) તે પૈકી માલપુર અને બાયડ તાલુકાઓમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા નિદાન કેમ્પ કયાં કયાં કરવામાં આવ્યા, અને

(૨) નિદાન કેમ્પ કરવામાં આવેલ નથી.

(૩) વધુને વધુ દર્દીઓને આરોગ્ય વિભાગની સેવાઓ લાભ મળી રહે તે માટે સરકાર દ્વારા શું આયોજન કરેલ છે?

(૩) સરકારશ્રી તરફથી રોગી કલ્યાણ સમીતીની ગ્રાન્ટની ફાળવણી લોકલ લેવલના પંચાયતી રાજ ઈન્સ્ટીટયુટ મેમ્બર (પીઆરઆઈ) મારફતે જે તે આરોગ્ય કેન્દ્ર ખાતે દર્દીઓને લાભ મળી રહે તે પ્રકારની કામગીરીનું આયોજન કરેલ છે.

---------

**શહેરા તાલુકામાં સંકલિત બાળ વિકાસ યોજના કચેરીમાં સ્ટાફ પેટર્ન**

તા.૨૬મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

* ૧૯૨૦૭ શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ શહેરા તાલુકામાં સંકલિત બાળ વિકાસ યોજના કચેરીમાં છેલ્લા બે વર્ષમાં મંજુર મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ શહેરા તાલુકામાં સંકલિત બાળ વિકાસ યોજના કચેરીમાં છેલ્લા બે વર્ષમાં મંજુર મહેકમ ૨૧નું છે.

| | |
|---|---|
| મંજુર મહેકમ | ૨૧ |
| ભરાયેલ જગ્યા | ૧૫ |
| ખાલી જગ્યા | ૦૬ |

**પ્રશ્ન**

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૨) તે પૈકી નીચેની જગ્યાઓ તેના સામે દર્શાવેલ સમયથી ખાલી છે.

| ક્રમ | સંવર્ગ | સંખ્યા | કેટલા સમયથી ખાલી છે |
|---|---|---|---|
| ૧ | સીડીપીઓ | ૨ | ૧ જગ્યા ૧ માસથી<br>૧ જગ્યા ૫ માસથી |
| ૨ | આંકડા મદદનીશ | ૨ | ૧ જગ્યા એપ્રિલ૨૦૧૦થી<br>૧ જગ્યા મે ૨૦૧૩થી |
| ૩ | કલાર્ક કમ ટાઇપીસ્ટ | ૧ | એપ્રિલ૨૦૧૦થી |
| ૪ | ડ્રાઇવર | ૧ | તા.૧–૭–૨૦૧૦ થી |

**પ્રશ્ન**

(૩) આ ખાલી જગ્યાઓ કયારે ભરવા માંગો છો?

**જવાબ**

(૩) આ ખાલી જગ્યાઓ પૈકી સીડીપીઓ વર્ગ–૨ની જગ્યા તા. ૨૬–૨–૨૦૧૫ની અધિસુચનાથી ભરવામાં આવેલ છે.

આંકડા મદદનીશની એક જગ્યા તા. ૧૦–૨–૨૦૧૫થી ભરવામાં આવેલ છે, જ્યારે અન્ય જગ્યાઓ બનતી ત્વરાએ ભરવામાં આવશે.

---------

## છોટાઉદેપુર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં પીવાના પાણી અને શૌચાલયની સુવિધા

* ૧૯૪૯૮ શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૨૮–૨–૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોમાં પીવાના પાણીની સુવિધા અને શૈૌચાલય ઉપલબ્ધ નથી,

**જવાબ**

(૧) તા. ૨૮–૨–૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર આંગણવાડી કેન્દ્રોમાં પીવાના પાણીની સુવિધા અને શૈૌચાલય ઉપલબ્ધ નથી તેની માહિતી નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | પાણીની સુવિધા નથી તેવા કેન્દ્રોની સંખ્યા | શૌચાલયની સુવિધા નથી તેવા કેન્દ્રોની સંખ્યા | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૦ | ૧૦૧ | હાલમાં શૌચાલય બનાવવાની કામગીરી ચાલુ છે. |
| ૨ | કવાંટ | ૦ | ૪૮ | |
| ૩ | નસવાડી | ૦ | ૪૧ | |
| ૪ | જેતપુરપાવી–૧ | ૦ | ૨૦ | |
| ૫ | જેતપુરપાવી–૨ | ૦ | ૩ | |

**પ્રશ્ન**

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત આંગણવાડી કેન્દ્રમાં પીવાના પાણીની સુવિધા અને શૌચાલય માટેની સુવિધા કેટલા કેન્દ્રોમાં કરવામાં આવી છે, અને

**જવાબ**

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત ૧૫ આંગણવાડી કેન્દ્રમાં શૌચાલય માટેની સુવિધા અંગે આયોજન હાથ ધરવામાં આવેલ છે.

**પ્રશ્ન**

(૩) બાકી સુવિધા પૂરી પાડવા સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૩) બાકી સુવિધા પૂરી પાડવા સરકાર દ્વારા શૌચાલય માટે તાલુકા વિકાસ અધિકારીશ્રીને શૌચાલય બનાવવા માટે ગ્રાન્ટ આપવામાં આવેલ છે. અને અપગ્રેડેશનની ગ્રાન્ટમાંથી શૌચાલય બનાવવા માટે આયોજન કરવામાં આવેલ છે.

---------

## ગાંધીનગર થી ન્યુ દિલ્હી અને મુંબઈ માટે ટ્રેનો ચાલુ કરવાની દરખાસ્ત

* ૧૯૫૧૭ શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર થી ન્યુ દિલ્હી અને મુંબઈ જતી રેલ્વે ટ્રેનો શરૂ કરવા માટે રાજ્ય સરકારે રેલ્વે મંત્રાલય અને કેન્દ્ર સરકારમાં કયારે કોને દરખાસ્તો કરી, અને

(૨) કેન્દ્ર સરકારે ઉક્ત દરખાસ્તો અન્વયે કયારે શાં પ્રતિભાવો આપ્યા?

**જવાબ**

(૧) તા. ૧૨–૨–૨૦૧૩, તા. ૨–૧૨–૨૦૧૩ અને તા. ૭–૮–૧૪ એમ કુલ ત્રણ વાર રજૂઆતો કરવામાં આવી.

(૨) કોઈ પ્રતિભાવ મળેલ નથી.

---------

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીમાં મંજૂર મહેકમ

* ૧૮૬૮૬ શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : **માનનીય યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીઓમાં સંવર્ગવાર મહેકમ કેટલું મંજુર થયેલ છે.

(૨) તે પૈકી જિલ્લાવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) **જામનગર જિલ્લો**

| | | |
|---|---|---|
| (૧) | જિલ્લા રમતગમત અધિકારી વર્ગ–૩ | ૦૨ જગ્યા |
| (૨) | મદદનીશ પ્રોજેકટ અધિકારી વર્ગ–૩ | ૦૨ જગ્યા |
| (૩) | સિનીયર કલાર્ક વર્ગ–૩ | ૦૧ જગ્યા |
| (૪) | જુનિયર કલાર્ક વર્ગ–૩ | ૦૧ જગ્યા |
| (૫) | પટાવાળા વર્ગ–૪ | ૦૨ જગ્યા |

દેવભૂમિ દ્વારકા નવરચિત જિલ્લો હોઈ, મહેકમ મંજૂર થયેલ નથી.

(૨) જિલ્લા રમતગમત અધિકારી વર્ગ–૩ની ૦૧ જગ્યા ખાલી છે બાકીની જગ્યાઓ ભરેલી છે.

(૩) ખાલી જગ્યા ભરવા માટે ખાતાકીય ભરતી સમિતિ દ્વારા જાહેરાત પ્રસિદ્ધ થયેલ છે, ભરતી પ્રક્રિયા પૂર્ણ થયેથી જગ્યા ભરવામાં આવશે.

---------

## મોરબી અને રાજકોટ જિલ્લામાં ડૉકટરોની ખાલી જગ્યાઓ ભરવા બાબત

* ૧૮૯૭૪ શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મોરબી અને રાજકોટ જિલ્લામાં મંજુર મહેકમ પૈકી વર્ગ–૧, વર્ગ–૨ના સ્પેશીયાલીસ્ટ તથા સુપર સ્પેશીયાલીસ્ટ ડૉકટરોની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મોરબી અને રાજકોટ જિલ્લામાં તબીબી સેવા હેઠળ વર્ગ–૧ના સ્પેશીયાલીસ્ટની કુલ–૭૫ જગ્યાઓ ખાલી છે. જયારે સુપર સ્પેશીયાલીસ્ટની જગ્યાઓ મંજુર થયેલ નથી. વર્ગ–૨માં તબીબી અધિકારી તરીકેની જગ્યાઓ હોય છે, પરંતુ સ્પેશીયાલીસ્ટ કે સુપર સ્પેશીયાલીસ્ટની જગ્યાઓ હોતી નથી.

**– ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.**

| ખાલી જગ્યાની સંખ્યા | સ્પેશીયાલીસ્ટની ખાલી જગ્યાઓ કયારથી ખાલી છે? | | |
|---|---|---|---|
| | ૦ થી ૧ વર્ષ સુધી | ૧ થી ૨ વર્ષ સુધી | ૨ વર્ષ થી વધુ સમયથી |

(૨) લાયકાત ધરાવતા તજજ્ઞો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

---------

## પ્રાંતિજ અને તલોદ તાલુકામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ચાલુ કરવા બાબત

* ૧૯૫૨૯ શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અને તલોદ તાલુકામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો શરૂ કરવા માટે રાજ્ય સરકારને કેટલી માંગણી કે રજૂઆતો મળી, અને | (૧) પ્રાંતિજ તાલુકામાં એકપણ નહીં. તલોદ તાલુકામાં ૧ (એક) |
| (૨) તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) સર્વગ્રાહી વિચારણા વખતે ધ્યાને લેવામાં આવશે. |

---------

**રાજ્યમાં ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા હેઠળ કીડની પ્રત્યારોપણની મંજૂરી**

* ૧૮૩૭૭ શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા હેઠળ કીડની પ્રત્યારોપણની માન્યતા ધરાવતી કેટલી હોસ્પિટલો છે, અને | (૧) ૧૦ |
| (૨) ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા હેઠળ કીડની પ્રત્યારોપણની તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી મંજૂરીઓ અપાઈ? | (૨) ૧૪૨૯ |

---------

**વલસાડ જિલ્લામાં રસ્તાઓ રીસરફેશીંગ કરવા બાબત**

* ૧૮૪૪૫ શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર સાત વર્ષ કે તેથી વધુ સમયના કેટલા રસ્તાઓ રીસરફેસીંગ કરવાના બાકી છે, અને

**જવાબ**

(૧) નીચે મુજબ.

| તાલુકો | રસ્તાની સંખ્યા |
|---|---|
| વલસાડ | ૧૨ |
| પારડી | ૧૭ |
| વાપી | ૦૭ |
| ધરમપુર | ૧૪ |
| કપરાડા | ૨૫ |
| ઉમરગામ | ૦૮ |
| **કુલ** | **૮૩** |

(૨) તે અન્વયે આ રીસરફેસીંગ કામ કેટલા સમયમાં હાથ ધરવામાં આવશે ?

(૨) જરૂરિયાત મુજબના ૩૦ રસ્તાની રીસરફેસીંગની કામગીરી હાથ ધરવામાં આવશે, જ્યારે બાકીના ૫૩ રસ્તાઓ વાહન વ્યવહાર લાયક છે.

---------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં ખેલાડીઓને ઇનામ આપવા બાબત**

* ૧૮૪૬૧ ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાંથી કોઇ ખેલાડી/સ્પર્ધક નેશનલ કે ઇન્ટરનેશનલ લેવલે છેલ્લા બે વર્ષમાં ભાગ લીધો છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કઇ કઇ રમતમાં ભાગ લીધેલ અને નંબર પ્રાપ્ત કરેલ છે કે કેમ, નંબર મેળવેલ હોય તો રાજ્ય સરકારે પ્રોત્સાહનરૂપે કોઇ ઇનામ આપેલ છે તો તેની વિગતો શી છે, અને | (૨) (૧) ટેબલ ટેનીસ (૨) ફુટબોલ (૩) એથ્લેટીક્સ (૪) હોકી (૫) બાસ્કેટબોલ (૬) રાયફલ શુટીંગ (૭) સ્વીમીંગ (૮) બેઝબોલ (૯) કુસ્તી જેવી ઓલમ્પિક રમતો ઉપરાંત, સોફ્ટબોલ, વોલીબોલ, બોલ બેડમિન્ટન, ક્રિકેટ, હેન્ડબોલ, ડોઝબોલ, જુડો, કબડ્ડી, ખો-ખો, જીતકુનેડો, થાન્ગતા, સ્કવોશ,, સપક ટકરાવ, વુશુ, ચોઇકોન્ડો, ફેન્સીંગ, નેટબોલ, થ્રો બોલ, ટેકવેન્ડો, રોપ સ્કીપીંગ, સ્કાય માર્શલ આર્ટ, સ્કેટીંગ વિગેરે રમતોમાં ભાગ લીધેલ છે. |

(૨) આ સમયગાળા દરમ્યાન રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં કુલઃ ૯૦ ખેલાડીઓએ પદક સ્થાન પ્રાપ્ત કરેલ છે તેઓને પ્રોત્સાહન રૂપે રૂ.૧૮,૪૦,૦૦૦/– પુરસ્કાર આપવામાં આવેલ છે.

જ્યારે રાષ્ટ્રકક્ષાની સ્પર્ધાના ૩૭ વિજેતા ખેલાડીઓને પ્રોત્સાહન ચુકવણી પ્રક્રિયા હવે હાથ ધરાશે.

આંતરરાષ્ટ્રીય સ્તરે તરણ અને આર્કીકસ્ટીક સ્કેટીંગની રમતોમાં પદક વિજેતાને કુલ રૂ.૧,૪૨,૮૫,૮૯૩/– ના પ્રોત્સાહનો ચુકવવામાં આવેલ છે.

(૩) જો કોઇ ખેલાડીએ ભાગ ન લીધેલ હોય તો ખેલાડીઓ તૈયાર થાય તે માટે રાજ્ય સરકારનું શું આયોજન છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ રાજ્ય સરકારશ્રી દ્વારા ખેલાડીઓને તૈયાર કરવા અંગે (૧) સ્વામી વિવેકાનંદ બિનનિવાસી પ્રતિભા સંવર્ધન કેન્દ્ર, (૨) 'શક્તિદુત યોજના' અને (૩) જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ આદિ પ્રમુખ યોજનાઓ અમલમાં છે.

---------

**અમદાવાદ અને રાજકોટ શહેરમાં અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા**

* ૧૯૫૩૩ શ્રી શૈલેષ મ. પરમાર**(**દાણીલીમડા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ જિ.અમદાવાદ અને રાજકોટ શહેરમાં શહેરવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા કેટલી છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ જિ.અમદાવાદ અને રાજકોટ શહેરમાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

❖ અમદાવાદ

| ક્રમ | ઘટકનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ઘટક–૧ | ૨૩૫૩ | ૩૨૧ | ૨૬૭૪ |
| ૨ | ઘટક–૨ | ૨૯૨૧ | ૪૬૮ | ૩૩૮૯ |
| ૩ | ઘટક–૩ | ૧૦૭૪ | ૧૭૬ | ૧૨૫૦ |
| ૪ | ઘટક–૪ | ૨૦૨૪ | ૪૬૭ | ૨૪૯૧ |
| ૫ | ઘટક–૫ | ૬૦૩ | ૧૯૯ | ૮૦૨ |
| ૬ | ઘટક–૬ | ૨૫૪૪ | ૨૯૭ | ૨૮૪૧ |
| ૭ | ઘટક–૭ | ૩૮૧૦ | ૪૦૯ | ૪૨૧૯ |
| ૮ | ઘટક–૮ | ૨૦૬૨ | ૨૬૫ | ૨૩૨૭ |
| ૯ | ઘટક–૯ | ૩૧૫૭ | ૬૨૫ | ૩૭૮૨ |
| ૧૦ | ઘટક–૧૦ | ૧૯૩૧ | ૪૪૫ | ૨૩૭૬ |
| ❖ રાજકોટ | | | | |
| ૧ | રાજકોટ શહેર–૧ | ૧૪૬૪ | ૨૮૭ | ૧૭૫૧ |
| ૨ | રાજકોટ શહેર–૨ | ૧૪૪૧ | ૩૦૨ | ૧૭૪૩ |

(૨) ઉક્ત સ્થિતિએ ૬ માસથી ૩ વર્ષના અને ૩ થી ૬ વર્ષના બાળકોને કેવા કેવા પ્રકારનું ભોજન આપવામાં આવે છે, અને

(૨) ૬ માસથી ૩ વર્ષના અને ૩ થી ૬ વર્ષના બાળકોને નીચે દર્શાવેલ પુરક આહાર આપવામાં આવે છે.

**૬ માસ થી ૩ વર્ષના**

- ૬ માસથી ૩ વર્ષના બાળકોને ટેક હોમ રેશન તરીકે અનાજ આપવામાં આવે છે. અને તેમાંથી નિર્દશક ભોજન તરીકે રાબ અને સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.

- ૬ માસથી ૯ માસના બાળકો માટે અન્નપ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.

**૩ થી ૬ વર્ષના**

- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્ધારા સવારનો ગરમ નાસ્તો અને આંગણવાડી કાર્યકર દ્ધારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને THR તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવીને આપવામાં આવે છે.
- આ ઉપરાંત ૩ થી ૬ વર્ષના અતિઓછા વજનવાળા બાળકોને ટેક હોમ રેશન આપવામાં આવે છે.

(૩) ૬ માસથી ૩ વર્ષના અને ૩ થી ૬ વર્ષના બાળકોને આપવામાં આવતા ભોજન પાછળ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવે છે ?

(૩)

- આ કુપોષણ દુર કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં કુલ રૂ.૫,૦૩,૭૬,૬૦૦/– નો ખર્ચ કરવામાં આવેલ છે.
- આ કુપોષણ દુર કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ શહેરમાં કુલ રૂ.૬૮,૧૯,૩૦૦/– નો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં મંજૂર મહેકમ**

* ૧૯૩૭૦ શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ કક્ષાએ સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે, | (૧) વિભાગ કક્ષાએ સંવર્ગવાર મહેકમ સામેલ *પત્રક–ક મુજબ મંજુર થયેલ છે. |
| (૨) તે અન્વયે કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, | (૨) સામેલ *પત્રક–ખ મુજબ. |
| (૩) ભરાયેલ જગ્યાઓ ફીક્સ પગાર કે રોજમદારથી ભરાયેલ હોય તો સંવર્ગવાર કેટલો પગાર આપવામાં આવે છે, અને | (૩) નિવૃત્ત ઉપ સચિવ વર્ગ–૧ ની બે જગ્યા, સેકશન અધિકારી વર્ગ–૨ ની બે જગ્યા, નાયબ સેકશન અધિકારી વર્ગ–૩ ની દસ જગ્યા ભરવામાં આવેલ છે અને તેઓને તેઓની નિવૃત્તિના છેલ્લા મહીનાના પગારના ગ્રેડ પે અને પે બેન્ડના ૬૦% મુજબ માસિક પગાર તથા સીધી ભરતીના પંદર કરારીય નાયબ સેકશન અધિકારી વર્ગ–૩ ને માસિક રૂપિયા ૧૩,૭૦૦/– ફીક્સ પગાર આપવામાં આવે છે. વર્ગ–૪ સંવર્ગ ની ૧૮ ખાલી જગ્યાઓ આઉટ સોર્સીંગથી માર્ગ અને મકાન વિભાગ દ્ધારા ભરવામાં આવેલ છે તેઓનો પગાર માર્ગ અને મકાન વિભાગ દ્ધારા ચુકવવામાં આવે છે. |
| (૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) વર્ગ ૧, ૨ અને ૩ સંવર્ગની બદલી, બઢતી તથા ભરતી સંબંધિત પસંદગી અને નિમણૂકની કાર્યવાહી સા.વ.વિ. દ્ધારા કરવામાં આવતી હોઇ સા.વ.વિ. દ્ધારા ફાળવણી કરવામાં આવતા વિભાગની ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ખેડા જિલ્લામાં સરકારી ગ્રંથાલયોને ફાળવેલ ગ્રાન્ટ**

* ૧૮૪૩૯ શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : **માનનીય રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલા સરકારી ગ્રંથાલયો આવેલ છે, | (૧) ૨. |
| (૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૨) વર્ષ ૨૦૧૩–૧૪ રૂ.૧,૧૦,૩૩,૪૫૭/–<br>વર્ષ ૨૦૧૪–૧૫ રૂ.૨,૧૯,૪૨,૬૬૯/–. |
| (૩) ઉક્ત સ્થિતિએ ગ્રંથાલય માટે નવું મકાન બનાવવા સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ ? | (૩) હા. |

---------

## આણંદ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન બાબત

* ૧૮૬૨૦ શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલી આંગણવાડીઓમાં ગેસ કનેકશન હયાત છે, | (૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૯૭૯ આંગણવાડીઓમાં ગેસ કનેકશન હયાત છે. |
| (૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયો, અને | (૨) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કોઇ ખર્ચ થયેલ નથી. તે અગાઉ તમામ આંગણવાડીઓમાં ગેસ કનેકશન આપવાની કામગીરી પૂર્ણ કરેલ છે. |
| (૩) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૧૮૬૬૭ શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં વસ્તીના ધોરણે કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની જરૂરિયાત છે,

**જવાબ**

(૧) નીચે મુજબ જરૂરિયાત છે.

| અ.નં. | જિલ્લો | સા.આ.કેન્દ્રો | પ્રા.આ.કેન્દ્રો |
|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૧૨ | ૪૬ |
| ૨. | બનાસકાંઠા | ૩૦ | ૧૨૧ |

(૨) તે પૈકી કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે, અને

(૨) નીચે મુજબ.

| અ.નં. | જિલ્લો | કાર્યરત સા.આ.કેન્દ્રો | કાર્યરત પ્રા.આ.કેન્દ્રો |
|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૧૧ | ૩૯ |
| ૨. | બનાસકાંઠા | ૧૯ | ૮૮ |

(૩) ખૂટતાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ચાલુ કરવા માટે સરકારનું શું આયોજન છે ?

(૩) સનેઃ ૨૦૧૧ ની વસ્તીના ધોરણે રાજ્યના તાલુકાઓને મળવાપાત્ર સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પૂર્ણ કરવા માટે આયોજન કરેલ છે.

---------

## અરવલ્લી જિલ્લામાં નવીન પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ

* ૧૯૪૫૪ શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૫ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મહેકમ અંગે *પત્રક–અ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના મહેકમ અંગે *પત્રક–બ સામેલ છે. |

| | |
|---|---|
| (૨) તે અન્વયે કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવશે ? | (૨) જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ-૩ અને ૪ ની જગ્યાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજ્યમાં નારી સંરક્ષણ ગૃહમાં અસ્થિર મગજની બહેનો માટે અલગ વોર્ડ રાખવા બાબત**

* ૧૮૪૭૫ શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ**(**ભરૂચ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં આવેલ નારી સંરક્ષણ ગૃહમાં અસ્થિર મગજની બહેનો માટે અલગ વોર્ડ રાખવામાં આવેલ નથી તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી.<br>નારી સંરક્ષણ ગૃહમાં અસ્થિર મગજની બહેનોને અલગ રૂમમાં રાખવાની વ્યવસ્થા કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો રાજ્ય સરકાર આવી અસ્થિર મગજની બહેનો માટે નારી સંરક્ષણ ગૃહમાં અલગ વોર્ડની વ્યવસ્થા કરવા માંગે છે કે કેમ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પાલનપુર અને ડીસા જનરલ હોસ્પિટલોમાં સી.ટી. સ્કેન તથા એમ.આર.આઇ. મશીનો વસાવવા બાબત**

* ૧૯૪૩૦ શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર તથા ડીસા ખાતેની જનરલ હોસ્પિટલોમાં સીટી સ્કેન તથા એમ.આર.આઇ. મશીનો વસાવવા સરકાર વિચારી રહેલ છે તે વાત ખરી છે, | (૧) પાલનપુર ખાતે ટ્રોમા સેન્ટરમાં સી.ટી. સ્કેન મશીન ઉપલબ્ધ છે.<br>પાલનપુર ખાતે એમ.આર.આઇ. મશીન અને ડીસા ખાતે સી.ટી. સ્કેન તથા એમ.આર.આઇ. મશીન વસાવવા હાલમાં કોઇ આયોજન નથી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો તેનાં શું કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ભાવનગર જિલ્લામાં સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ મંજૂર થયેલ આંગણવાડી કેન્દ્રો**

* ૧૮૩૨૪ શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત કેટલા આંગણવાડી કેન્દ્રો મંજૂર થયેલાં છે, | (૧) ભાવનગર જિલ્લામાં તા. ૦૧-૦૧-૨૦૧૪થી તા. ૩૧-૧૨-૨૦૧૪ દરમ્યાન એકપણ આંગણવાડી મંજુર કરેલ નથી. |
| (૨) તે પૈકી કેટલાં આંગણવાડી કેન્દ્રો ઉકત સ્થિતિએ કાર્યાન્વિત છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકીના કેન્દ્રો ક્યારે કાર્યાન્વિત કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વિજાપુર તાલુકામાં કાર્યરત ૧૦૮ એમ્બ્યુલન્સ**

* ૧૮૪૫૪ શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ**(**વિજાપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ કાર્યરત છે, અને | (૧) |

| તાલુકો | એમ્બ્યુલન્સ | એમ્બ્યુલન્સની સંખ્યા |
|---|---|---|

| | લોકેશન | |
|---|---|---|
| વિજાપુર | સરદારપુર | ૧ |
| | વિજાપુર | ૧ |
| | કુલ | ૨ |

(૨) વસ્તીના ધોરણે વધારાની આ સેવાઓ પુરી પાડવા સરકારે શું આયોજન કરેલ છે?

(૨) રાજ્યના કોઈપણ વિસ્તારમાં નવી એમ્બ્યુલન્સનો ઉમેરો કે વધારો કરવા માટે જુદા જુદા પાસાઓને ધ્યાને લીધા બાદ નિર્ણય કરવામાં આવે છે.

વિજાપુર તાલુકામાં દર એમ્બ્યુલન્સે રોજની સરેરાશ ૩.૬ ઈમરજન્સી કેસોની સંખ્યાનું વલણ જોતાં ૧૦૮ એમ્બ્યુલન્સની સંખ્યા હાલની સ્થિતિએ જરૂરી કરતા ઓછી જણાતી નથી.

વિજાપુર તાલુકામાં ઈમરજન્સી કેસોમાં વધારો થતો જણાશે તો જરૂરીયાત પ્રમાણે ૧૦૮ એમ્બ્યુલન્સની વધારાની સુવિધા પુરી પાડવાનું આયોજન કરવામાં આવશે.

---------

**ખેડા જિલ્લામાં કાર્યરત આયુર્વેદિક દવાખાનાઓ**

* ૧૯૨૬૮ શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલાં આયુર્વેદ દવાખાના કાર્યરત છે,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં નીચે દર્શાવેલ કૂલ–૮ તાલુકાઓમાં કૂલ–૧૪ આયુર્વેદ દવાખાનાઓ કાર્યરત છે. તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | દવાખાનાનું નામ |
|---|---|---|
| ૧ | નડિયાદ | ૧. સોડપુર |
| | ,, | ૨. ડભાણ |
| ૨ | કઠલાલ | ૩. ફાગવેલ |
| | ,, | ૪. ખડાલ |
| ૩ | કપડવંજ | ૫. નરસિહપુર |
| | ,, | ૬. ઘડિયા |
| ૪ | ઠાસરા | ૭. વનોડા |
| | ,, | ૮. આગરવા |
| | ,, | ૯. અજુપુરા |
| ૫ | મહેમદાવાદ | ૧૦. માંકવા |
| | ,, | ૧૧. કેસરા |
| ૬ | મહુધા | ૧૨. મહિસા |
| ૭ | માતર | ૧૩.આંત્રોલી |
| ૮ | ખેડા | ૧૪.હરિયાળા |
| | કુલ | ૧૪ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા દવાખાનામાં ડોકટરોની જગ્યા કેટલા સમયથી ખાલી છે,

(૨) નીચે દર્શાવેલ બે તાલુકામાં ડોકટરોની ખાલી જગ્યાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | દવાખાનાનું નામ | ક્યારથી ખાલી છે. |
|---|---|---|---|
| ૧ | નડીયાદ | ડભાણ | ૩૧–૧૧–૨૦૧૩ થી |
| ૨ | ઠાસરા | આગરવા | ૧૬–૮–૨૦૧૩ થી |

(૩) આ ખાલી જગ્યાઓ ન ભરવાના કારણો શા છે?

(૩) મેડીકલ ઓફીસર (આયુર્વેદ) વર્ગ–૨ની વય નિવૃત્તિ અને બદલીથી ખાલી પડેલ જગ્યા ભરવાની કાર્યવાહી ગતિમાં છે. ઉમેદવારો ઉપલબ્ધ થયે ભરવામાં આવશે.

---------

**અમદાવાદ જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ યોજનાના લાભાર્થીઓ**

અતારાંકિત પ્રશ્નો

* ૧૮૩૮૮ શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ મુખ્યમંત્રી અમૃતમ યોજના હેઠળ સ્પેશ્યાલીટી વાઇઝ ખાનગી હોસ્પિટલોનો સમાવેશ કરેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી હોસ્પિટલો જોડાયેલ છે, અને | (૨) ૮ |
| (૩) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે? | (૩) ૧૭૫૦. |

---------

**પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં આઈ.સી.ડી.એસ. હેઠળ કાર્યરત આંગણવાડી કેન્દ્રો**

* ૧૮૯૬૮ શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર સંકલિત બાળ વિકાસ યોજના અન્વયે કેટલી આંગણવાડી કેન્દ્ર કાર્યરત છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં ૧૯૧૬ અને મહીસાગર જિલ્લામાં ૧૨૯૬ આંગણવાડી કેન્દ્ર કાર્યરત છે. તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

**પંચમહાલ જિલ્લો**

| ક્રમ | તાલુકો | મંજૂર આંગણવાડી કેન્દ્રો | કાર્યરત આંગણવાડી કેન્દ્રો |
| --- | --- | --- | --- |
| ૧ | ગોધરા | ૪૫૮ | ૪૪૮ |
| ૨ | શહેરા | ૨૮૫ | ૨૮૫ |
| ૩ | મોરવા (હ) | ૨૯૬ | ૨૯૫ |
| ૪ | ઘોઘંબા | ૩૭૦ | ૩૬૬ |
| ૫ | કાલોલ | ૨૧૪ | ૨૧૪ |
| ૬ | હાલોલ | ૨૫૧ | ૨૫૧ |
| ૭ | જાંબુઘોડા | ૫૭ | ૫૭ |

**મહીસાગર જિલ્લો**

| ક્રમ | તાલુકો | મંજૂર આંગણવાડી કેન્દ્રો | કાર્યરત આંગણવાડી કેન્દ્રો |
| --- | --- | --- | --- |
| ૧ | લુણાવાડા | ૩૧૪ | ૩૧૪ |
| ૨ | ખાનપુર | ૧૪૪ | ૧૪૨ |
| ૩ | કડાણા | ૨૦૩ | ૨૦૩ |
| ૪ | સંતરામપુર | ૩૭૯ | ૩૭૯ |
| ૫ | બાલાશિનોર | ૧૬૦ | ૧૬૦ |
| ૬ | વિરપુર | ૯૮ | ૯૮ |

**પ્રશ્ન** (૨) તે પૈકી કેટલાં આંગણવાડી કેન્દ્રો પોતાના મકાનમાં ચાલે છે અને કેટલાં કેન્દ્રો ખાનગી મકાનમાં ચાલે છે, અને

**જવાબ** (૨) ઉપરોક્ત આંગણવાડી કેન્દ્રો પૈકી પંચમહાલ જિલ્લામાં ૧૫૮૫ અને મહીસાગર જિલ્લામાં ૧૦૦૩ આંગણવાડી કેન્દ્રો પોતાના મકાનમાં ચાલે છે. અને પંચમહાલ જિલ્લામાં ૨૭૨ અને મહીસાગર જિલ્લામાં ૨૯૩ આંગણવાડી કેન્દ્રો ખાનગી મકાનમાં ચાલે છે.

**પ્રશ્ન** (૩) ખાનગી મકાનમાં બેસતાં/ચાલતાં આંગણવાડી કેન્દ્રો ને કેટલાં સમયમાં પોતાનાં મકાનો ઉપલબ્ધ કરાવવામાં આવશે?

**જવાબ** (૩) ખાનગી મકાનમાં બેસતા/ચાલતા આંગણવાડી કેન્દ્રો પૈકી પંચમહાલ જિલ્લામાં ૧૯૭ મકાનોના બાંધકામની કાર્યવાહી પ્રગતિમાં છે. જ્યારે ૭૫ આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામ અંગે જમીન ઉપલબ્ધ નથી. જ્યારે મહિસાગર જિલ્લામાં ૨૪૪ મકાનોના બાંધકામની કાર્યવાહી પ્રગતિમાં છે. જ્યારે ૪૯ આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામ અંગે જમીન ઉપલબ્ધ નથી. જેથી જમીન મેળવવાની કાર્યવાહી ઝડપથી કરવામાં આવશે અને પોતાના મકાન બનાવવામાં આવશે.

---------

**ઘંબોલીયા આદિવાસી વસાહત અને મણીપુર કંપાને રસ્તાની સુવિધા**

* ૧૯૪૯૨ **ડૉ.** અનિલ જોષિયારા(ભિલોડા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં ઘંબોલીયા આદિવાસી વસાહત અને મણિપૂર કંમ્પાને રસ્તાની સુવિધા આપવાની ઉક્ત સ્થિતિએ કેટલી માગણીઓ સરકારને મળી, | (૧) ૧ (એક) |
| (૨) આ બંને ગામોને રસ્તાની સુવિધા ન આપવાના કારણો શાં છે, અને<br>(૩) હવે આવા આદિવાસી વિસ્તારના ગામોને રસ્તાની સુવિધા આપવા માટે ગ્રાન્ટની ઉપલબ્ધિ ક્યાં સુધી થશે? | (૨) અને (૩) બન્ને ગામે અન્ય પાકા રસ્તાથી જોડાયેલ છે. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**મહેસાણા જિલ્લામાં માતા યશોદા ગૌરવનિધી વીમા યોજનાના લાભાર્થીઓ**

* ૧૮૩૯૦ શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં માતા યશોદા ગૌરવનિધી વીમા યોજના હેઠળ તા.૦૧–૦૧–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કેટલા આંગણવાડી કાર્યકર/તેડાગર બહેનોને આવરી લેવામાં આવેલ છે, અને | (૧) મહેસાણા જિલ્લામાં માતા યશોદા ગૌરવનિધી વીમા યોજના હેઠળ તા.૦૧–૦૧–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં ૧૮૫૪ આંગણવાડી કાર્યકર અને ૧૭૮૦ આંગણવાડી તેડાગર બહેનોને આવરી લેવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સમયગાળામાં કેટલા આંગણવાડી કાર્યકર/ તેડાગર બહેનોને મૃત્યુ અને નિવૃત્તિ અંગે લાભ આપવામાં આવેલ છે ? | (૨) ઉક્ત સમયગાળામાં ૮ આંગણવાડી કાર્યકર અને ૬ આંગણવાડી તેડાગર બહેનોના મૃત્યુ થતાં વિમા રકમનો અને ૮૮ આંગણવાડી કાર્યકર તથા ૭૯ આંગણવાડી તેડાગર બહેનોને નિવૃત્તિ અંગેનો લાભ આપવામાં આવેલ છે. |

---------

**પાટણ જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ યોજનાના લાભાર્થીઓ**

* ૧૮૯૦૪ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત તાલુકાવાર કુલ કેટલા લાભાર્થીઓને આવરી લેવાયા છે, અને

(૨) તે પૈકી કેટલા લોકોને તાલુકાવાર હેલ્થકાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે અને કેટલાં બાકી છે?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | લાભાર્થીઓ |
|---|---|
| ચાણસ્મા | ૯૩૪૧ |
| હારિજ | ૧૦૩૬૦ |
| પાટણ | ૩૦૧૪૫ |
| રાધનપુર | ૧૯૪૧૭ |
| સમી | ૨૧૩૦૮ |
| સાંતલપુર | ૧૩૭૧૮ |
| સિધ્ધપુર | ૧૫૨૩૯ |
| **કુલ** | **૧,૧૯,૫૨૮** |

(૨)

| તાલુકાનું નામ | લાભાર્થીઓ | વિતરણ કરેલ હેલ્થકાર્ડ | બાકી કાર્ડની સંખ્યા |
|---|---|---|---|
| ચાણસ્મા | ૯૩૪૧ | ૬૯૧૭ | ૨૪૨૪ |
| હારિજ | ૧૦૩૬૦ | ૭૪૪૬ | ૨૯૧૪ |
| પાટણ | ૩૦૧૪૫ | ૧૮૭૧૨ | ૧૧૪૩૩ |
| રાધનપુર | ૧૯૪૧૭ | ૯૫૬૯ | ૯૮૪૮ |
| સમી | ૨૧૩૦૮ | ૧૦૭૭૮ | ૧૦૫૩૦ |
| સાંતલપુર | ૧૩૭૧૮ | ૭૬૫૭ | ૬૦૬૧ |

| | | | |
|---|---|---|---|
| સિધ્ધપુર | ૧૫૨૩૯ | ૧૧૮૮૨ | ૩૩૫૭ |
| **કુલ** | **૧,૧૯,૫૨૮** | **૭૨,૯૬૧** | **૪૬,૫૬૭** |

---------

## નસવાડી, સંખેડા અને બોડેલી તાલુકામાં પાકા રસ્તાથી વંચિત પરાઓ

* ૧૯૫૦૫ શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના નસવાડી, સંખેડા તેમજ બોડેલી તાલુકામાં ૨૫૦ થી ઓછી વસ્તીવાળાં કેટલા પરાં કે વસાહતો પાકા રસ્તાથી વંચિત છે, અને | (૧) તાલુકા નસવાડીમાં–શૂન્ય<br>તાલુકા સંખેડામાં–૨<br>તાલુકા બોડેલીમાં–૭ |
| (૨) આ પરાં કે વસાહતોને કેટલા સમયમાં પાકા રસ્તાઓનો લાભ આપવામાં આવશે? | (૨) ૧ મંજૂર હોઈ બનતી ત્વરાએ, બાકીના પરા માટે હાલમાં કોઈ આયોજન નથી. |

---------

## કલોલ સિંદબાદ હોટલથી ધમાસણાને જોડતા રસ્તાનું નવીનીકરણ

* ૧૯૫૪૦ શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ કલોલ સિંદબાદ હોટલથી તેરસાના પરાથી ધમાસણાને જોડતો રસ્તો અતિ બિસ્માર હાલતમાં છે, તે વાત સરકાર જાણે છે ખરી, | (૧) રસ્તો વાહનવ્યવહાર લાયક છે. |
| (૨) જો હા, તો આ રસ્તાના નવીનીકરણ માટે સરકારે શું આયોજન કરેલ છે, અને | (૨) ખાસ મરામત સદરે રૂ. ૭૦૦.૦૦ લાખની મંજુરી આપવામાં આવેલ છે. |
| (૩) રસ્તાનું સમારકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી. |

---------

## ગાંધીનગર જિલ્લામાં સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ મંજુર થયેલ આંગણવાડી કેન્દ્રો

* ૧૮૪૦૫ શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત કેટલાં આંગણવાડી કેન્દ્રો મંજુર થયેલાં છે, | (૧) એક પણ નહીં |
| (૨) તે પૈકી કેટલાં આંગણવાડી કેન્દ્રો ઉક્ત સ્થિતિએ કાર્યાન્વિત છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકીના કેન્દ્ર ક્યારે કાર્યાન્વિત કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## વિસાવદર શહેરમાં ધારી બાયપાસ અન્ડરબ્રિજનું કામ

* ૧૯૨૮૪ શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ વિસાવદર શહેરમાં ધારી બાયપાસ અન્ડરબ્રિજનું કામ ઘણાં સમયથી બંધ હાલતમાં પડેલ છે તો સરકાર દ્વારા તાત્કાલિક કામ હાથ ધરવા માંગે છે કે કેમ, અને<br>(૨) જો હા, તો તે કેટલા સમયમાં શરૂ કરવા માંગે છે ? | (૧) અને (૨)<br>તા. ૩૧–૭–૨૦૧૪ના અન્ડર પાસની કામગીરી રેલ્વે વિભાગ દ્વારા પુર્ણ કરેલ છે બાકી રહેતી એપ્રોચની કામગીરી ટેન્ડરની પ્રક્રિયા પુર્ણ થયે બનતી ત્વરાથી હાથ ધરવામાં આવશે. |

---------

## દાંતા અને અમીરગઢ તાલુકામાં ફળીયાઓ/ગામોને પાકા રસ્તાથી જોડવા બાબત

* ૧૯૪૦૭ શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં દાંતા અને અમીરગઢ તાલુકામાં ૨૫૦ થી ઓછી | (૧) જોડવાના બાકી ગામ/ફળીયા |

| | ગામ | ફળીયા | કુલ |
|---|---|---|---|

વસ્તી ધરાવતાં કેટલા ફળીયાઓ/ગામોને બારમાસી પાકા રસ્તાથી જોડવાના બાકી છે,

| | | | |
|---|---|---|---|
| દાંતા | ૪ | ૨ | ૬ |
| અમીરગઢ | – | ૨ | ૨ |
| **કુલ** | **૪** | **૪** | **૮** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૫૦ થી ઓછી વસ્તી ધરાવતાં કેટલા ફળીયાઓ/ગામોને પાકા રસ્તાથી જોડવામાં આવ્યા, અને

(૨) જોડવામાં આવેલ ગામ/ફળીયા

| | ગામ | ફળીયા | કુલ |
|---|---|---|---|
| દાંતા | ૦ | ૫ | ૫ |
| અમીરગઢ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | **૦** | **૫** | **૫** |

(૩) બાકી રહેતાં ફળીયાઓ/ગામોને ક્યાં સુધીમાં બારમાસી પાકા રસ્તાથી જોડવામાં આવશે ?

(૩) વન વિભાગની મંજૂરી મળેથી આયોજન વિચારવામાં આવશે.

---------

## આણંદ જિલ્લામાં સીવીલ હોસ્પિટલ, પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં આઉટ સોર્સીંગથી ભરતી

* ૧૯૫૧૦ શ્રી અમીત ચાવડા(આંકલાવ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સીવીલ હોસ્પિટલ, પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં છેલ્લા બે વર્ષમાં કઈ એજન્સી મારફતે કઈ સેવાઓ આઉટ સોર્સીંગથી અને કઈ જગ્યાઓ ઉચ્ચક પગારથી ભરવામાં આવી,

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં સીવીલ હોસ્પિટલ પેટલાદ ખાતે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી મારફત લેવામાં આવેલ વર્ગ–૩ ના અલગ અલગ સંવર્ગની સેવાઓ સામેલ *પત્રક–૧ મુજબ છે. ખુશી સખી મંડળ, પેટલાદ દ્વારા વર્ગ–૪ ના ૧૫ કર્મચારીની સેવાઓ લેવામાં આવી છે.

સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદ મારફતે લેવામાં આવતી વર્ગ–૩ની સેવાઓ સામેલ *પત્રક–૨ મુજબ છે. પાંચ વર્ષ માટે કરાર આધારિત ઉચ્ચક પગારથી ભરવામાં આવેલ જગ્યાની વિગત સામેલ *પત્રક –૩ મુજબ છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે મે. મહેશભાઈ જે વાઘેલા, આણંદ તેમજ મે. સ્વામી ટ્રાવેલ્સ, મોગરી, તા. જી. આણંદ દ્વારા વાહન હંકારનાર ડ્રાઈવરની આઉટસોર્સીંગથી સેવાઓ મેળવવામાં આવે છે. વર્ગ–૪ની ખાલી જગ્યાઓ સામે ખુશ્બુ ટ્રેડીંગ કંપની, નડીયાદ મારફતે આઉટસોર્સીંગથી સેવાઓ લેવામાં આવે છે.

(૨) આઉટ સોર્સીંગમાં એજન્સી દ્વારા કર્મચારીને ઓછી રકમ ચૂકવવામાં આવે છે તે હકીકત ધ્યાનમાં છે કે કેમ, અને

(૨) ના, જી.

(૩) તેઓની સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## ગાંધીનગર જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતોમાં માર્ગ અને મકાન વિભાગમાં ફરજ બજાવતા ઓવરશીયરો

* ૧૯૩૯૮ શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લા પંચાયતમાં તથા જિલ્લાની તાલુકા પંચાયતોમાં માર્ગ અને મકાન વિભાગના કેટલા ઓવરશીયર ફરજ બજાવે છે,

**જવાબ**

(૧) શૂન્ય

(૨) આ ઓવરશીયરો સામે અન્ય સીનીયર કર્મચારીઓને પડતા મૂકીને જુનિયર કર્મચારીઓને બઢતી આપવામાં આવી હોવાથી છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો મળી, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) મળેલ ફરિયાદો અંગે શી કાર્યવાહી કરવામાં આવી

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

?

---------

**જામનગર અને જોડિયા તાલુકામાં રસ્તાના પેવરકામની પડતર દરખાસ્તો**

* ૧૯૫૨૧ શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : તા. ૧૬–૭–૨૦૧૪ના રોજ સભાગૃહમાં રજુ થયેલ તારાંકિત પ્ર. ક્ર. ૧૧૯૪૪ (અગ્રતા–૧૧૦) ના અનુસંધાને **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર અને જોડિયા તાલુકામાં તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ પ્લાન–નોનપ્લાન અને ગ્રામ્ય માર્ગો મળીને, કુલ ૭૪ રસ્તાઓ પેવર સપાટીના બનાવવાની દરખાસ્તો પડતર હતી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે પૈકી કેટલા રસ્તાઓની દરખાસ્તો મંજૂર કરી તા. ૨૮–૨–૨૦૧૫ની સ્થિતિએ પેવર સપાટીના બનાવવામાં આવ્યા, અને | (૨) ૪ રસ્તાઓની દરખાસ્ત મંજુર, જે પૈકી<br>૨ કામ પૂર્ણ<br>૨ કામ ટેન્ડર પ્રક્રીયા હેઠળ |
| (૩) બાકીના રસ્તાઓની કામગીરી તા. ૨૮–૨–૨૦૧૫ની સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) પ્લાન રસ્તાઓને પ્રાધાન્ય આપવામાં આવતું હોઈ બાકીનાં રસ્તાઓની કામગીરી માટે તાંત્રિક જરૂરિયાત અને આંતરિક અગ્રતાક્રમ અનુસાર વિચારણા કરવામાં આવશે. |

---------

**અમરેલી નગરપાલિકા દ્વારા અમરેલી શહેરમાંથી પસાર થતા રસ્તાઓ માર્ગ અને મકાન વિભાગને સોંપવાની દરખાસ્ત**

* ૧૮૪૭૩ શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી નગરપાલિકા દ્વારા અમરેલી શહેરમાંથી પસાર થતા કયા કયા રસ્તાઓ માર્ગ અને મકાન વિભાગને સોંપવા માટેની દરખાસ્ત સરકારને ક્યારે મળેલ છે, અને<br>(૨) આ અંગે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૧) અને (૨)<br>જેસીંગ પરાથી જગુ પુલ ૦.૮૦ કિ.મી. અને ચિત્તલ રોડ હેબી ડેમના પાળા પાસેથી જીવાપરા સોમનાથ મંદિર–૪ કિ.મી. ની દરખાસ્ત કાર્યપાલક ઈજનેરશ્રી, મા. મ. રાજ્ય વિભાગ, અમરેલીને મળેલ છે. જે નગરપાલિકાને પુર્તતા અર્થે પરત કરેલ છે. |

---------

**ધાનપુર –ગાંગરડી રોડને રીકાર્પેટીંગ કરવા બાબત**

* ૧૯૦૨૯ શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ધાનપુરથી ગાંગરડી રોડ ખુબ જ બિસ્માર હાલતમાં છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) રસ્તો વાહન વ્યવહાર યોગ્ય છે. |
| (૨) જો હા, તો આ રોડને મજબુત કરવા અને રીકાર્પેટીંગ કરવા સરકારે શાં પગલાં લીધાં ? | (૨) પસંદગીની લંબાઇમાં રસ્તો પહોળો કરી રીકાર્પેટ કરવા રૂ. ૫૦૦.૦૦ લાખ અને રૂ. ૭૫.૦૦ લાખના બે જોબ નંબર ફાળવેલ છે. જે નકશા અંદાજ તબક્કે છે. |

---------

**શહેરા તાલુકામાં ટી.બી. અને રક્તપિત્તના નોંધાયેલ કેસો**

* ૧૯૨૦૮ શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ શહેરા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ટી.બી. અને રક્તપિત્તના કેસો નોંધાયા,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ નોંધાયેલ કેસો

| વર્ષ | શહેરા તાલુકામાં નોંધાયેલ કેસો | |
|---|---|---|
| | ટી.બી. | રક્તપિત્ત |
| ૨૦૧૩ | ૬૪૭ | ૭૧ |

(૨) તે પૈકી કેટલા દર્દીઓને સહાય મંજૂર કરી અને કેટલા બાકી છે, અને

(૨) આરોગ્ય વિભાગ તરફથી આ દર્દીઓને કોઇ નાણાંકીય સહાય આપવામાં આવતી ન હોઈ મંજુર કરવાની રહેતી નથી. માત્ર વિનામૂલ્યે તબીબી સારવાર આપવામાં આવે છે.

(૩) બાકી દર્દીઓને ક્યારે સહાય ચૂકવવા માંગો છો ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં યુવાનોને રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા ફાળવેલ રકમ**

* ૧૯૪૯૯ શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : **માનનીય રમત ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૨૮–૦૨–૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં યુવાનોને રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, | (૧) રૂ. ૫,૨૫,૦૦૦/– |
| (૨) ફાળવેલ રકમમાંથી કયા હેતુ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, | (૨) (૧) રમતના સાધનોની ખરીદી માટે રૂ. ૧,૯૯,૮૩૦.૭૫/– (૨) પ્રતિભા પસંદગી પ્રક્રિયા રૂ. ૨૫,૦૦૦/– |
| (૩) ફાળવેલ રકમમાંથી કેટલી રોકડમાં ચૂકવાઈ, અને | (૩) શૂન્ય |
| (૪) આ રકમ તાલુકા કક્ષાએ કોને હવાલે મુકાઈ છે ? | (૪) જિલ્લા સિનિયર કોચશ્રી જિલ્લા રમતગમત પ્રશિક્ષણ કેન્દ્ર છોટાઉદેપુરના હવાલે. |

---------

**મહેસાણા જિલ્લામાં કિશોરી શક્તિ યોજના હેઠળ કિશોરીઓને પૂરક પોષણ**

* ૧૯૫૧૯ શ્રી રમેશભાઈ મ. ચાવડા(કડી) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિશોરી શક્તિ યોજના હેઠળ કુલ કેટલાં કિશોરીઓને પૂરક પોષણ આપવામાં આવેલ છે, | (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિશોરી શક્તિ યોજના હેઠળ નોંધાયેલ ૮,૬૪,૩૧૬(આઠ લાખ,ચોસઠ હજાર, ત્રણસો સોળ) કિશોરીઓને પૂરક પોષણ આપવામાં આવેલ છે. |
| (૨) આ યોજના પાછળ જિલ્લામાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) આ યોજના પાછળ રૂ.૧૪,૩૬,૯૨,૫૩૫ (રૂપિયા ચૌદ કરોડ છત્રીસ લાખ, બાણું હજાર, પાંચસો પાંત્રીસ )નો ખર્ચ કરવામાં આવ્યો. |
| (૩) આ યોજના હેઠળ પૂરક પોષણ આપવાનું બાકી હોય તે કયાં સુધીમાં આપવામાં આવશે ? | (૩) આ યોજના હેઠળ નોંધાયેલ તમામ કિશોરીઓને પૂરક પોષણ આપવામાં આવેલ છે. |

---------

**દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં શાળામાં રમત–ગમતના સાધનોની રકમ**

* ૧૭૫૫૭ શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : **માનનીય રમત ગમત મંત્રીશ્રી**(રાજ્યકક્ષા ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં જિલ્લાવાર પ્રાથમિક શાળાઓમાં રમત–ગમતના સાધનો માટે કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧) વર્ષ–૨૦૧૩માં કોઈ રકમ ફાળવેલ નથી. અને તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં ફાળવેલ રકમ રૂ. ૬૧,૮૪૦/– |
| (૨) તે અન્વયે કેટલી રકમ વાપરવામાં આવી અને કેટલી રકમ વણવપરાયેલી રહી, અને | (૨) વપરાયેલ રકમ રૂ.૬૧,૮૪૦/– |
| (૩) જો રકમ પૂરી ન વપરાઈ હોય તો તેના કારણો શાં છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

તા.૨૬મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

---------

**રાજકોટ અને મોરબી જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

* ૧૮૯૭૫ શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ કાર્યરત આંગણવાડીઓ

**રાજકોટ જિલ્લોઃ**

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | લોધિકા | ૫૩ |
| ૨ | જસદણ | ૨૧૪ |
| ૩ | રાજકોટ ગ્રામ્ય | ૧૭૩ |
| ૪ | જામકંડોરણા | ૯૨ |
| ૫ | પડધરી | ૮૯ |
| ૬ | ઉપલેટા | ૧૫૭ |
| ૭ | ગોંડલ | ૨૦૮ |
| ૮ | જેતપુર | ૧૪૩ |
| ૯ | ધોરાજી | ૧૨૩ |
| ૧૦ | કોટડા | ૮૭ |

**મોરબી જિલ્લોઃ**

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | વાંકાનેર | ૨૨૮ |
| ૨ | મોરબી | ૧૯૭ |
| ૩ | માળીયા | ૯૩ |
| ૪ | ટંકારા | ૮૩ |
| ૫ | હળવદ | ૧૩૫ |

(૨) આ બન્ને જિલ્લામાં નવી આંગણવાડીઓ શરૂ કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૨) આ બન્ને જિલ્લામાટે નવી આંગણવાડીઓ શરૂ કરવા જિલ્લા દ્રારા ઘટકવાર આંગણવાડી કેન્દ્રોની માંગણી મેળવી મંજૂરી મેળવવાનું આયોજન કરેલ છે.

(૩) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં આંગણવાડીઓમાં તાલુકાવાર સંવર્ગવાર મંજુર મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે?

(૩) ઉકત સ્થિતિએ મંજૂર/ભરેલ/ખાલી જગ્યાની વિગતો

**રાજકોટ જિલ્લોઃ**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **આંગણવાડી કાર્યકર** | | | **તેડાગર** | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **મંજુર** | **ભરેલી** | **ખાલી** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| ૧ | લોધિકા | ૫૩ | ૫૧ | ૨ | ૫૩ | ૪૯ | ૪ |
| ૨ | જસદણ | ૨૧૪ | ૧૯૭ | ૧૭ | ૨૧૪ | ૧૮૯ | ૨૫ |
| ૩ | રાજકોટ ગ્રામ્ય | ૧૭૩ | ૧૬૬ | ૭ | ૧૭૩ | ૧૫૮ | ૧૫ |
| ૪ | જામકંડોરણા | ૯૨ | ૮૬ | ૬ | ૯૨ | ૮૬ | ૬ |
| ૫ | પડધરી | ૮૯ | ૮૨ | ૭ | ૮૯ | ૮૫ | ૪ |
| ૬ | ઉપલેટા | ૧૫૭ | ૧૫૩ | ૪ | ૧૫૬ | ૧૫૩ | ૩ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૭ | ગોંડલ | ૨૦૮ | ૨૦૮ | ૦ | ૨૦૭ | ૨૦૨ | ૫ |
| ૮ | જેતપુર | ૧૪૩ | ૧૩૯ | ૪ | ૧૪૧ | ૧૩૨ | ૯ |
| ૯ | ધોરાજી | ૧૨૩ | ૧૨૩ | ૦ | ૧૨૩ | ૧૨૦ | ૩ |
| ૧૦ | કોટડા | ૮૭ | ૮૧ | ૬ | ૮૭ | ૭૮ | ૯ |

**મોરબી જિલ્લોઃ**

| ક્રમ | તાલુકાનું નામ | આંગણવાડી કાર્યકર | | | તેડાગર | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર | ભરેલી | ખાલી | મંજુર | ભરેલી | ખાલી |
| ૧ | વાંકાનેર | ૨૨૮ | ૨૨૦ | ૮ | ૨૨૮ | ૨૨૦ | ૮ |
| ૨ | મોરબી | ૧૯૭ | ૧૮૭ | ૧૦ | ૧૯૭ | ૧૭૭ | ૨૦ |
| ૩ | માળીયા | ૯૩ | ૭૮ | ૧૫ | ૯૩ | ૭૯ | ૧૪ |
| ૪ | ટંકારા | ૮૩ | ૮૦ | ૩ | ૮૨ | ૭૮ | ૪ |
| ૫ | હળવદ | ૧૩૫ | ૧૨૯ | ૬ | ૧૩૫ | ૧૧૯ | ૧૬ |

---------

**સાબરમતી નદીપર અંબોડથી ઈન્દ્રાજપુર પોયડા તરફ થઈ નેશનલ હાઈવે તરફ જતા રસ્તા ઉપર પુલ બનાવવા બાબત**

* ૧૯૫૩૦ શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લાની હદમાંથી પસાર થતી સાબરમતી નદી પર અંબોડ થી ઈન્દ્રાજપુર પોયડા તરફ થઈ નેશનલ હાઈવે તરફ જતા રસ્તા ઉપર પુલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) આ અંગે સાબરકાંઠા જિલ્લા પંચાયત અને ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં કરવામાં આવેલ ઠરાવની નકલ રાજ્ય સકરારને ક્યારે મળેલ છે?

**જવાબ**

(૧) ના, જી.

(૨) ઠરાવ મળેલ નથી.

---------

**મોટી વડાળ ખાતે પ્રાથમિક કે પેટા આરોગ્ય કેન્દ્ર ફાળવવા બાબત**

* ૧૮૪૪૦ શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના મોટી વડાળ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે પેટા આરોગ્ય કેન્દ્રની સુવિધા નથી તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ ગામને પેટા આરોગ્ય કેન્દ્ર કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સરકારે સત્વરે ફાળવવા શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) હા, જી

(૨) ૨૦૧૧ ની ગ્રામ્ય વસ્તીનાં ધોરણે મોટી વડાળ ગામ ખાતે પેટા આરોગ્ય કેન્દ્ર કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મળવાપાત્ર નથી.

---------

**આર.એસ.બી. હેઠળ આયુર્વેદ અને હોમીયોપેથીક ડોકટરોની મંજૂર જગ્યાઓ બાબત**

* ૧૮૬૨૧ શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્યના કાર્યક્રમ આર.એસ.બી. હેઠળ આયુર્વેદ અને હોમીયોપેથીક ડોકટરોની કેટલી જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) તે અન્વયે કેટલી જગ્યાઓ ભરાયેલ છે ?

**જવાબ**

(૧) આર.બી.એસ.કે. હેઠળ કોઈ જગ્યા મંજૂર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તા.૨૬મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

---------

**દાંતા તાલુકામાં કીડી નદી પર પૂલ બનાવવા જોગવાઈ**

* ૧૮૬૬૮ શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં દાંતા તાલુકાના મોટા દામોદર, ઉમરી, હડાદ રોડ પર કીડી નદી પર પુલ બનાવવા માટે રાજ્ય સરકારે રૂ. ૪૦૦ લાખની જોગવાઈ કરી હતી. તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ આ કામ કયા તબક્કે છે? | (૨) કામ પ્રગતિ હેઠળ છે. |

---------

**ભરૂચ જિલ્લામાં ગોલ્ડન બ્રીજની બાજુમાં નવો બ્રીજ બનાવવાની મંજૂરી**

* ૧૮૪૭૬ શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં ભરૂચ ખાતે આવેલ ગોલ્ડન બ્રીજની બાજુમાં નવો બ્રીજ બનાવવાની રાજ્ય સરકારે મંજૂરી આપેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી, |
| (૨) જો હા, તો આ કામ માટે રાજ્ય સરકારે કેટલી રકમ મંજૂર કરેલ છે, | (૨) રૂ. ૪૦૧.૭૦ કરોડ. |
| (૩) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ આ બ્રીજ બનાવવાની કામગીરી કયા તબક્કે છે, અને | (૩) ટેન્ડર તબક્કે. |
| (૪) આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે? | (૪)ટેન્ડર મંજૂર થયેથી ૩૦ માસની સમય મર્યાદામાં. |

---------

**ડીસા અને પાલનપુર જનરલ હોસ્પિટલોમાં ડોકટરોની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

* ૧૯૪૩૧ શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ડીસા તથા પાલનપુરની જનરલ હોસ્પિટલોમાં સુપર સ્પેશ્યાલીસ્ટ કેટલા ડૉકટરોની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં જનરલ હોસ્પિટલ, ડીસા ખાતે સુપર સ્પેશ્યાલીસ્ટની જગ્યા મંજૂર થયેલ નથી. જનરલ હોસ્પિટલ, પાલનપુર ખાતે માનદ કાર્ડીયોલોજીસ્ટ અને માનદ નેફ્રોલોજીસ્ટ ની એક–એક જગ્યા તા. ૨૨–૭–૨૦૧૦ થી મંજૂર થયેલ છે. આ બંને જગ્યાઓ મંજૂર થઇ ત્યારથી ખાલી છે. |
| (૨) આ જગ્યાઓ ન ભરવા માટેનાં શાં કારણો છે, અને | (૨) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ ન થવાથી. |
| (૩) તમામ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ ન થયેથી. |

---------

**ખેડા જિલ્લામાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પાછળ ખર્ચ**

* ૧૯૨૬૯ શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : **માનનીય યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને લગતા કયાં કાર્યક્રમો રાખવામાં આવેલ છે, અને | (૧) ખેડા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબનાં તાલુકાવાર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવેલા છે.<br>વર્ષ ૨૦૧૩– નડિયાદ તાલુકામાં જિલ્લા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા, ઠાસરા તાલુકામાં જિલ્લા લોક ડાયરાનો કાર્યક્રમ અને ડાકોર ઉત્સવ યોજવામાં આવેલ હતા.<br>વર્ષ ૨૦૧૪– નડિયાદ તાલુકામાં જિલ્લા બાળ પ્રતિભા શોધ |

સ્પર્ધા અને જિલ્લા લોક ડાયરાનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતા.

(૨) તેની પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ થયો છે?

(૨) ખેડા જિલ્લામાં તાલુકાવાર સાંસ્કૃતિક કાર્યક્રમોમાં થયેલ ખર્ચ.

**વર્ષ ૨૦૧૩**

૧. નડિયાદ તાલુકામાં જિલ્લા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા માટે રૂ. ૧૦,૦૦૦/- નો ખર્ચ થયેલ હતો.

૨.ઠાસરા તાલુકામાં જિલ્લા લોક ડાયરાના કાર્યક્રમ માટે રૂ. ૨૦,૦૦૦/- અને ડાકોર ઉત્સવ માટે રૂ. ૨૨,૫૦,૦૦૦/- નો ખર્ચ થયેલ હતો.

**વર્ષ ૨૦૧૪**

૧. નડિયાદ તાલુકામાં જિલ્લા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા માટે રૂ. ૧૦,૦૦૦/- અને જિલ્લા લોક ડાયરાના કાર્યક્રમ માટે રૂ. ૨૦,૦૦૦/- નો ખર્ચ થયેલ હતો.

---------

## ભિલોડા, મોડાસા અને મેઘરજ તાલુકામાં રસ્તાની સુવિધા માટે ગ્રાન્ટ

* ૧૯૪૯૩ **ડૉ.** અનિલ જોષિયારા(ભિલોડા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૩ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ધાંટા (કુડોલ) અને મેઘરજ તાલુકાના ઘરોલા વસાહત આદિવાસી ગામોને રસ્તાની સુવિધા નથી, તે સરકારના ધ્યાન પર છે, અને

(૨) જો હા, તો ભિલોડા, મોડાસા અને મેઘરજ તાલુકાના ત્રિભેટે આવેલા આદિવાસી ગામોને રસ્તાની સુવિધા માટે સરકાર ક્યાં સુધીમાં ગ્રાન્ટની વ્યવસ્થા કરવા માંગે છે ?

**જવાબ**

(૧) અને (૨) : બંને ગામો પાકા રસ્તાથી જોડાયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## ગાંધીનગર જિલ્લામાં બિસ્માર રસ્તાઓ અંગે મળેલ રજૂઆતો

* ૧૯૫૪૧ શ્રી બળદેવજી ચં. ઠાકોર**(**કલોલ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ક્યા ક્યા રસ્તાઓ બિસ્માર હાલતમાં હોવા અંગેની ફરીયાદો મળેલ છે, અને

(૨) ફરીયાદો સંદર્ભે શાં પગલાં ભરવામાં આવ્યાં ?

**જવાબ**

(૧) અને (૨) : તમામ રસ્તાઓ જરૂરીયાત મુજબ મરામત કરી વાહનવ્યવહાર લાયક રાખવામાં આવે છે, જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## દાંતા અને અમીરગઢ તાલુકામાં રસ્તાઓની મરામત માટે ફાળવેલ ગ્રાન્ટ

* ૧૯૪૦૮ શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં દાંતા અને અમીરગઢ તાલુકામાં તાલુકાવાર રસ્તાઓની મરામત માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) ફાળવવામાં આવેલ રકમ પૈકી ક્યા કામ માટે કેટલી રકમ ખર્ચ કરવામાં આવી ?

**જવાબ**

(૧) અને (૨) : તાલુકાવાર ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવતી નથી. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## આણંદ જિલ્લામાં સીવીલ હોસ્પિટલ, સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ

* ૧૯૫૧૧ શ્રી અમીત ચાવડા(આંકલાવ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં

સીવીલ હોસ્પિટલ, સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

આવેલ સીવીલ હોસ્પિટલની વિગતો આ સાથે સામેલ *પત્રક–અ માં દર્શાવ્યા મુજબની છે.

સામૂહિક આરોગ્ય કેન્દ્રોની વિગતો આ સાથે સામેલ *પત્રક–બ માં દર્શાવ્યા મુજબની અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વિગતો આ સાથે સામેલ *પત્રક–ક માં દર્શાવ્યા મુજબની છે.

(૨) ઉકત સ્થિતિએ સીવીલ હોસ્પિટલ, સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફને રહેવા માટે કેટલા અને ક્યા પ્રકારના રહેણાંક મકાનો ઉપલબ્ધ છે ?

(૨) આણંદ જિલ્લામાં સીવીલ હોસ્પિટલ પેટલાદમાં સ્ટાફને રહેવા માટે ૭ (સાત) પ્રકારની કેટેગરીના કુલ–૪૭ રહેણાંકના મકાનો ઉપલબ્ધ છે જેની વિગત દર્શાવતું *પત્રક–એ આ સાથે સામેલ છે.

સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ૯ (નવ) પ્રકારની કેટેગરીના કુલ–૧૧૪ રહેણાંકના મકાનો ઉપલબ્ધ છે જેની વિગત દર્શાવતું *પત્રક–બી સામેલ છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ૨ (બે) પ્રકારની કેટેગરીના કુલ–૧૦૦ રહેણાંકના મકાનો ઉપલબ્ધ છે જેની વિગત દર્શાવતું *પત્રક–સી સામેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## ગુરૂ ગોવિંદસિંહ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિ દ્વારા યુઝર્સ ચાર્જની વસુલાત અંગે

* ૧૯૫૨૩ શ્રી રાઘવજી હં. પટેલ**(**જામનગર ગ્રામ્ય) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગરની ગુરૂ ગોવિંદસિંહ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિ દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દર્દી દીઠ કેટલો વસૂલ કરવાનો દર નક્કી થયેલ છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલો યુઝર્સ ચાર્જ રોગી કલ્યાણ સમિતિ દ્વારા વર્ષવાર વસૂલવામાં આવ્યો,

(૩) વસૂલ કરેલ યુઝર્સ ચાર્જનો ઉપયોગ રોગી કલ્યાણ સમિતિ દ્વારા ક્યા હેતુ માટે ઉપયોગ કરવામાં આવ્યો, અને

(૪) ગરીબ દર્દીઓના ક્યા રોગ અને ટેસ્ટ કરવા માટે વર્ષ વાર કેટલી રકમ વાપરવામાં આવી ?

**જવાબ**

(૧) જામનગરની ગુરૂ ગોવિંદસિંહ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિ દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દર્દી પાસેથી યુઝર્સ ચાર્જ વસૂલ કરવાનો દર નક્કી થયેલ નથી. પરંતુ આલ્કોહોલ પરમીટ માટે આવતી અરજીઓ માટે યુનિટ દીઠ રૂ.૧૦૦૦ લેખે તથા વિદેશમાં જતા લાભાર્થીઓ પાસેથી યલો ફીવર વેક્સીન માટે રૂ.૧૫૦૦ લેખે વસૂલ કરવાનો દર નક્કી થયેલ છે.

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રોગી કલ્યાણ સમિતિ દ્વારા વસૂલવામાં આવેલ યુઝર્સ ચાર્જની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | વસુલાત |
|---|---|
| તા. ૧–૧–૨૦૧૩ થી તા.૩૧–૧૨–૨૦૧૩ | રૂ.૧૨,૫૮,૫૦૦/– |
| તા. ૧–૧–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪ | રૂ.૩૧,૫૩,૫૦૦/– |

(૩) અને (૪) : વસૂલ કરેલ યુઝર્સ ચાર્જનો ઉપયોગ હોસ્પિટલમાં આઉટસોર્સના ધોરણે ઉપલબ્ધ કરાયેલ સીટી સ્કેન માટે કરારનામાથી નિયત કરાયેલ શરતો મુજબ બીપીએલ દર્દીઓ માટે વિના મૂલ્યે તપાસનો ૨૦ ટકા કવોટા પૂર્ણ થયે વધારાના જરૂરીયાતમંદ બીપીએલ દર્દીઓ માટે નિયત કરાયેલ ચાર્જ ચૂકવવા કરવામાં આવે છે.

---------

**અમરેલી શહેરના સરકીટ હાઉસનું આધુનિકરણ કરવાનું આયોજન**

* ૧૮૪૭૪ શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ અમરેલી શહેરમાં આવેલ સરકીટ હાઉસનું વિસ્તૃતિકરણ અને આધુનિકીકરણ કરવા માટે સરકારે શું આયોજન કરેલ છે,

(૨) તેની વિગતો શી છે, અને

(૩) ઉપરોકત કામ અંગે કેટલી રકમના ખર્ચે સૈધાંતિક, તાંત્રિક અને વહીવટી મંજૂરી કેટલા સમયમાં આપવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩) : હાલ કોઈ આયોજન નથી અને તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

પોઈન્ટ ઓફ ઓર્ડર

કેન્દ્ર સરકાર માટેના ટીકાત્મક શબ્દો દૂર કરવા અંગે

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશોકભાઇ ભટ્ટે તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૦૮ના રોજ જે નિર્ણય આપેલો છે પાના નંબર ૩૭ ઉપર તે વખતે વિષય બહુ સંકુચિત હતો. કેન્દ્ર સરકારના નિયમોથી બી.પી.એલ.કાર્ડમાં રૂકાવટ આવે છે એટલી જ માત્ર કે જેને સીધી ટીકા પણ ના કહી શકાય. છતાં માનનીય અશોકભાઇ ભટ્ટનો તે વખતનો નિર્ણય આપ વાંચો. પોઈન્ટ ઓફ ઓર્ડર સંદર્ભમાં તત્પૂરતો નિર્ણય આપવાનું મુલતવી રાખી માનનીયશ્રી અશોકભાઇ ભટ્ટે ૧૦–૩–૨૦૦૮ના રોજ પોતાનો નિર્ણય આપતા જણાવ્યુ કે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી દ્વારા ઉલ્લેખ નિર્ણય ક્રમાંક ૪૮૩ ના હાર્દ સાથે હું સહમત. જે વ્યકિત ગૃહમાં હાજર ના હોય તે વ્યકિતની ટીકા ના થઇ શકે તેમજ કેન્દ્ર અને રાજય સરકારો વચ્ચે સુમેળભર્યા સબંધો જળવાઇ રહે તે પ્રકારનો હોય તેમ લાગે છે. કેન્દ્ર અને રાજય સરકાર વચ્ચે સુમેળભર્યા સબંધો જળવાઇ રહે તે ઉમદા હેતુને ધ્યાનમાં રાખી માનનીય વિરોધપક્ષના નેતાએ ઉઠાવેલા મુદ્દાના હાર્દને સ્વીકાર કરી દરેક સભ્યશ્રીને વિનંતી કરું છું કે રાજય સરકારના કાર્યક્ષેત્ર હેઠળ આવતી બાબતની જ ગૃહમાં ચર્ચા કરે અને કેન્દ્ર સરકાર કે અન્ય રાજય સરકારની કામગીરી અંગે ટીકા–ટીપ્પણી કરવાથી દૂર રહે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી વસુબેને હકીકતમાં ઓન રેકોર્ડ સી.એ.જી.નો રિપોર્ટ કહે છે કે, નાબાર્ડના પૈસા કેન્દ્રના પૈસા છતાં આંગણવાડીઓ નથી બની શકી અને એમ કહેવું કે કેન્દ્ર •(xxx) માનનીય અધ્યક્ષશ્રી, આ ટીકાત્મક શબ્દો છે, કોઇ સંજોગોમાં આ યોગ્ય વાત નથી, જે કોઇ હકીકતની વાત હોય તે મૂકે, આંકડાઓ મૂકે ત્યાં સુધી સમજી શકાય પણ *(xxx) એ સીધી ટીકા છે અને વાસ્તવિકતાથી તદન વિપરીત છે. માનનીય સ્વર્ગસ્થશ્રી અશોકભાઇ ભટ્ટનો નિર્ણય આ સંદર્ભમાં સ્વયં સ્પષ્ટ છે એટલી જ મારી વિનંતી છે આ અંગે આપનું માર્ગદર્શન અને નિર્ણયન માગું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહભાઇએ જે ૨૦૦૮થી ૨૦૧૨ના નિર્ણયના સંદર્ભમાં જૂના નિર્ણયને ટાંકીને તેમણે પોતાના વિચારો વ્યકત કર્યા. આના સંદર્ભમાં એટલુ જ કહેવુ છે કે કેન્દ્ર સરકારની ટીકા કરી શકાય નહીં પરંતુ રાજયના હિતને વિપરીત અસર થતી હોય તો તેવી માહિતી કેન્દ્ર સરકારનો ઉલ્લેખ કરીને ગૃહના સભ્યોને આપી શકાય. માનનીય વસુબેને કેન્દ્ર સરકારનો જે નિર્ણય હતો અને એ નિર્ણયના કારણે દસ દસ વર્ષ સુધી રાજયની પ્રજાએ જે સહન કરવુ પડયુ હતું તેના સંદર્ભમાં એ વિષયને સાંકળીને કર્યો.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર કોઇ નિર્ણય લે અને ગુજરાતની છ કરોડની પ્રજાને તેની અસર થતી હોય અને આ સન્માનીય સભાગૃહની અંદર તેની ચર્ચા ના થાય તે પ્રમાણે માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયની

•આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અંદર આવી કોઇ માર્ગદર્શન સૂચના નહોતી અને માત્ર એવા સંજોગોમાં માનનીય વસુબેને કરેલા ઉલ્લેખ યોગ્ય છે એટલે મારી દ્રષ્ટિએ આની અંદર કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહજીભાઇએ આ સન્માનનીય ગૃહ સમક્ષ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે ત્યારે વિધાનસભાના નિયમો પણ સ્પષ્ટ છે અને ભૂતકાળમાં ગૃહની અંદર અધ્યક્ષશ્રીઓએ વારંવાર જે નિર્ણયો જાહેર કર્યા છે તે મુજબ આ ગૃહમાં ઉપસ્થિત ન હોય એવી વ્યકિત, આપણા અધિકાર ક્ષેત્રમાં ના આવતી હોય એવી કેન્દ્ર સરકાર અન્ય રાજય સરકાર કે કોઇ સરકારી સંસ્થાઓની ટીકાઓ આપણે કરી શકતા નથી. પરંતુ આજે શંભુજી ઠાકોર માનનીય સભ્યશ્રીના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૬માં માનનીય મંત્રીશ્રીએ પૂરક ચર્ચાઓના જવાબમાં એવા શબ્દોનો ઉલ્લેખ કર્યો કે •(xxx). આ કેન્દ્ર સરકારની સ્પષ્ટ ટીકા કરતો જવાબ હતો એટલે આ શબ્દો ચર્ચામાંથી દૂર થાય એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આ પોઇન્ટ ઓફ ઓર્ડરનો અભ્યાસ કરીને નિર્ણય પછી કરીશું.

પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન

**પ્રશ્નોત્તરીમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાને નહિ દર્શાવવા બાબત**

**શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા :** માનનીય અધ્યક્ષશ્રી, આજના પ્રશ્ન ક્રમાંક-૯માં મારો મત વિસ્તાર પ્રાંતિજ અને તલોદ બંને તાલુકાના નામનો ઉલ્લેખ થયો નથી. એટલે એ કયા જિલ્લામાં છે એ હું જાણવા માગું છું. એટલે આ ગૃહમાં રેકર્ડ સાચુ થાય એટલા માટે પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશનથી જાણવા માગું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ઘણા પ્રશ્નો મર્યાદિત સમયની કટ ઓફ તારીખ આપીને પૂછાતા હોય છે. એ પછી જે મંજૂર થયા છે એમાં આપના પણ રસ્તાનું કામ મંજૂર કરવામાં આવ્યું છે અને આપની પણ માહિતી અમારી પાસે છે. દા.ત. કોઇએ પૂછયું હોય કે આ તારીખ સુધીમાં કેટલું થયું તો એ તારીખ સુધીનો જવાબ અપાય એ જ જવાબ અપાય એ પછીની માહિતી અલગ હોય શકે છે. તમારા બંને તાલુકા સાબરકાંઠા જિલ્લામાં જ છે એને કયાંય ફેરવ્યા નથી.

મુખ્યમંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

**કમોસમી વરસાદના કારણે ખેડૂતોને થયેલ નુકસાનમાં રાહત પેકેજ આપવા બાબત**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મુખ્યમંત્રીશ્રી ) :** માર્ચ, ૨૦૧૫માં રાજયમાં થયેલ કમોસમી વરસાદ અને કરા પડવાને કારણે ગુજરાતના ખેડૂતોને ખેતી પાકોમાં નુકસાન થયેલ છે. આ સંબંધમાં મારા તરફથી મંત્રીશ્રીઓની કેબીનેટની પેટા સમિતિની રચના કરી નુકસાન બાબતે ખેડૂતોને રાહત આપવા માટે ભલામણ કરવા સમિતિને જણાવવામાં આવેલ.

ઉકત પેટા સમિતિએ સંબંધિત વિભાગો પાસેથી પાક નુકસાનની વિગતો મેળવી પુખ્ત વિચારણા કરી તેમના તરફથી મળેલ ભલામણોના આધારે રાજયમાં સામાન્ય સંજોગોમાં કુદરતી આપત્તિ સમયે રાજયમાં કૃષિ-બાગાયતી પાકોને થયેલ ૫૦ ટકાથી વધુ નુકસાનનું વળતર એસ.ડી.આર.એફ.ની માર્ગદર્શિકા મુજબ ચૂકવણું થઇ શકે છે. પરંતુ જયારે ૨૫ થી ૫૦ ટકા સુધીનું નુકસાન થયેલ હોય તેવા ખેડૂતોને પણ સહાય આપવી જોઇએ તેવું રાજયના ખેડૂતોના બહોળા હિતને ઘ્યાનમાં રાખીને અસરગ્રસ્ત ખેડૂતોને મદદરૂપ થવા માટે નીચે પ્રમાણેનું ખાસ રાહત પેકેજ આપવાનું સરકારે નક્કી કરેલ છે. જે આ સન્માનનીય સભાગૃહના ઘ્યાને મૂકવા રજા લઉં છું.

**કૃષિ અને બાગાયતી પાકો માટે સહાય**

**૨૫ થી ૫૦ ટકા સુધી નુકસાનના કિસ્સામાં.**

(૧) નાના અને સીમાંત ખેડૂતોને ઇનપુટ સબસિડી

| **કૃષિ અને બાગાયતિ પાકોની વિગત** | **સહાયનું ધોરણ** |
|---|---|
| કૃષિ અને બાગાયતી અને વર્ષાયુ પાકો માટે | રૂપિયા ૪૫૦૦ પ્રતિ હેકટર બિન પિયત (વાવેતર વિસ્તારની મર્યાદામાં) |

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથીદૂર કરવામાં આવ્યા.

| | |
|---|---|
| | રૂપિયા ૭ હજાર પ્રતિ હેક્ટર પિયત (વાવેતર વિસ્તારની મર્યાદામાં) |
| બહુ વર્ષીય બારમાસી પાકો માટે | રૂપિયા સાત હજાર પ્રતિ હેક્ટર બારમાસી પાક (વાવેતર વિસ્તારની મર્યાદામાં) |

(૨) નાના અને સીમાંત સિવાયના ખેડૂતોને (વધુમાં વધુ બે હેક્ટર)

| | |
|---|---|
| કૃષિ, બાગાયતી અને વર્ષાયુ પાકો માટે | રૂપિયા ૪૫૦૦ પ્રતિ હેક્ટર બિન પિયત (વાવેતર વિસ્તારની મર્યાદામાં) |
| | રૂપિયા સાત હજાર પ્રતિ હેક્ટર પિયત (વાવેતર વિસ્તારની મર્યાદામાં) |
| બહુવર્ષીય બારમાસી પાકો માટે | રૂપિયા સાત હજાર પ્રતિ હેક્ટર બારમાસી પાક (વાવેતર વિસ્તારની મર્યાદામાં) |

અસરગ્રસ્ત ખેડૂતો પાસેથી અરજીઓ મેળવી અને નુકસાનીના પ્રમાણની ચકાસણી કરી ઉકત જાહેર કરેલ પેકેજની સહાય ચૂકવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે નિયમ ૪૪ નીચે જાહેરાત લઇને આવ્યા છે એમાં એટલું જ જાણવા માગું છું કે આપે નાના અને સીમાંત સિવાયના ખેડૂતોને આપે મર્યાદિત માત્રામાં બે હેક્ટર લેખે આપી છે એટલે કે જમીન ટોચ મર્યાદાની જગ્યા જેટલી પણ આપો નહિ તો આ મજાક જેવું લાગશે. જે જાહેરાત કરી એ નુકસાનીના પ્રમાણમાં મજાક જેવું લાગે છે. માત્ર બે હેક્ટરના પ્રમાણમાં આપવાની વાત કરી છે પરંતુ ખરેખર વાસ્તવિક નુકસાન છે એટલું આપવા માગે છે કે કેમ**?**

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, વરસાદનું જે પ્રમાણ હતું, આપણે ત્યાં જે ૧ થી ૨ તારીખમાં પહેલી વખત વરસાદ થયો તેમાં ૨૭ જિલ્લામાં કુલ ૧૩૯ તાલુકા. તેમાંથી ૮૯ તાલુકામાં ૧ થી ૯ મિલિમીટર જેટલો વરસાદ. ૨૫ તાલુકામાં ૧૦ થી ૧૫ મિલિમીટર જેટલો વરસાદ. ૨૦ મિલિમીટરથી વધારે છે ખાલી ૯ તાલુકામાં. તા. ૧૨ અને ૧૩માં જે વરસાદ પડ્યો તેમાં ૩૫ તાલુકામાં કમોસમી વરસાદ અને કરાની જે અસર હતી, તેમાં ૩૦ તાલુકામાં ૧થી ૯ મિલિમીટર. ૧ તાલુકામાં ૧૦ થી ૧૫ મિલિમીટર. ૩ તાલુકામાં ૧૫ થી ૨૦ મિલિમીટર અને એક તાલુકામાં ૨૦ મિલિમીટર કરતા વધારે. એવી જ રીતે તા. ૧૪ થી ૧૫ દરમ્યાન રાજયના કુલ ૧૫ જીલ્લાના ૪૯ તાલુકામાં કમોસમી વરસાદ, જેમાં ૪૮ તાલુકામાં ૧ થી ૯ એમ.એમ. અને એક તાલુકામાં ૧૦ થી ૧૫ એમ.એમ. વરસાદને લીધે આપણને જે નુકસાન ગયું. આમાં ખેડૂત મિત્રો હશે તેને ખ્યાલ હશે કે ૧ થી ૯ એમ.એમ. વરસાદ થાય તો તેમાં નુકસાનીનું પ્રમાણ કેટલું હોય, ૯ થી ૧૬માં થાય તો કેટલું હોય, વધારે જે નુકસાન થાય એ ૨૦ એમ.એમ.થી વધારે હોય તેમાં થાય છે. આમાં ખાસ કરીને જે અસર થઇ છે એ પાક છે તે સંપૂર્ણ રીતે જેટલું પણ વાવેતર કરેલું હોય એટલો નાશ નથી પામ્યો.

અધ્યક્ષશ્રી : એમનો બે હેક્ટરની મર્યાદા બાબતનો પ્રશ્ન છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે જ આ ડિટેઇલમાં આપું છું કે જે નુકસાની થઇ છે એ એક હેક્ટર હોય, બે હેક્ટર હોય, ત્રણ હેક્ટર હોય, ચાર હેક્ટર હોય તેમાં નુકસાનીનું પ્રમાણ ઓછું છે. ધારો કે તેણે જીરૂ વાવ્યું હશે તો જીરૂમાં જે ક્વોલિટી બગડી હશે, એટલે એને જે ભાવ મળવાનો હશે તેના કરતા ઓછો ભાવ મળ્યો હશે. એ જ રીતે ઘઉં સંપૂર્ણ નાશ નથી થયા, પણ તેની જે ક્વોલિટી હશે તેના લીધે ભાવમાં નુકસાની ગઇ હશે. આ જે ભાવમાં નુકસાની ગઇ છે એટલા માટે એક હેક્ટર નહીં, પણ બે હેક્ટર જેટલો વધારે આપીએ. નહીં તો જે જૂના નિયમો છે તેમાં એક જ હેક્ટરને આપીએ છીએ. એટલે આ નુકસાનીનું વળતર હતું તે હું માનું છું કે જે ભાવમાં તેને નુકસાની ગઇ હશે તે પૂરી થતાં જો વરસાદ ન થયો હોત અને જે વળતર મળત એટલું વળતર આની અંદર મળી જશે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યા પ્રમાણે અને શકિતસિંહભાઇએ કહ્યું એ પ્રમાણે કે બે હેક્ટરની મર્યાદા છે તેમાં મોટા ભાગનાને લાભ મળશે જ નહીં.

બાગાયતી પાકો છે તેમાં તો ૨૦ વીઘા, ૨૫ વીઘા, ૩૦ વીઘા, ૫૦ વીઘાનું નુકસાન થયું છે. આપ પણ સારી રીતે જાણો છો કે બગીચાઓની અંદર પરિસ્થિતિ કેવી નિર્માણ થઇ છે? તો આ હેકટરની મર્યાદાને દૂર કરીને જેટલું નુકસાન થયું છે એટલું વળતર આપવા માગીએ છીએ કે કેમ? વાયબ્રન્ટ માટે જો કરોડો રૂપિયાનો ખર્ચ કરતા હોઇએ તો ખેડૂતો માટે શું તકલીફ છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે આ સરકાર વાયબ્રન્ટમાં ખર્ચ કરે છે એ પણ રાજયના વિકાસ માટે, ઉદ્યોગો આવે એ માટે અને લોકોનું જીવનધોરણ સુધરે, રોજગારી મળે એટલા માટે કરે છે અને એ જ રીતે આપણાં માનનીય મુખ્યમંત્રીશ્રી એક ખેડૂત પુત્રી છે અને ખેડૂતને શું તકલીફ પડે એ તેમને ખબર પડે છે. એટલા માટે તેમણે એક જ વર્ષમાં આપ જૂઓ, પહેલાં કપાસના ભાવમાં જે તફાવત પડ્યો ૧૧૦૦ કરોડ રૂપિયાનું પેકેજ. તેના પછી બટાકામાં તકલીફ પડી, એક એકરે ૭૫૦ રૂપિયા અને ૧૧૦૦ રૂપિયા અને આ વરસાદમાં જે થોડી–ઘણી નુકસાની થઇ છે, માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ઇતિહાસમાં આઝાદી પહેલાં અને આઝાદી પછી આ ત્રણ–ત્રણ જે પેકેજો આપ્યા છે. થોડો વરસાદ થયો હોય અને વરસાદનું પ્રમાણ ઓછું હોય છતાં પણ જયારે ખેડૂતોની પડખે રાજય સરકાર ઉભી રહે છે એ આ આખા ગુજરાતના ઇતિહાસમાં પહેલી વખત બન્યું છે. એટલે આપ જે મને કહો છો, કારણ કે હું પોતે પણ ખેડૂત છું. એટલે હું માનું છું કે ખાસ કરીને કેરીનો પાક હોય, તેમાં પણ ખેડૂતોને રાહત થશે. તેના લીધે મેં કહ્યું તેમ જે વળતર મળવાનું હતું, પોતે જે પાક વાવેલો છે. વરસાદ ન થયો હોત અને જે વળતર મળવાનું હોત એટલું વળતર આમાં બધાં લોકોને મળી જશે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ રાજયમાં ઉદ્યોગોને ગોળ અને ખેડૂતોને ખોળ સાહેબ. (અંતરાય) સાહેબ આ સ્પષ્ટ વાત છે. હિસાબ કરીને બતાવું છું. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નાના અને સિમાન્ય ખેડૂતો એટલે ગુજરાતમાં બે એકર કે તેનાથી ઓછી જમીન હોય એ લોકો નાના ખેડૂત. એ લોકો નાના ખેડૂતો અને મોટા ખેડૂતો માટે બે હેક્ટર એટલે પાંચ એકર થઇ અને નાના અને સીમાંત ખેડૂતો એટલે અડધો હેક્ટર પણ જગ્યા ન થાય અને તમે એમાં વાવેતર વિસ્તારની જગ્યા નક્કી કરી છે. પ્રતિ હેક્ટરે રૂ.૪૫૦૦/– એટલે રૂ.૨૦૦૦/–થી વધુ કોઇ ખેડૂતોને નહીં મળે. આપે જે હિસાબ કર્યો છે એ કહું છું. એટલે મારી રાજ્ય સરકારને વિનંતી છે કે, અમે કાંઇ ઉદ્યોગોની વિરુદ્ધ નથી. આજે ખેડૂત બિચારો બનીને બેઠો છે. આ પ્રતિ હેક્ટર સહાયનું ધોરણ છે એમાં રૂ.૪૫૦૦/– અને રૂ.૭૦૦૦/– કર્યા છે. એટલે આ સહાય બમણી કરવાની વિનંતી છે અને નાના અને સીમાંત ખેડૂતો સિવાયના ખેડૂતો માટે બે હેક્ટરની મર્યાદા છે એના બદલે દસ હેક્ટરની મર્યાદા કરવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ નુકસાની માટેનું વળતર નથી પણ રાહત છે. કારણ કે, કુદરતી આફતો અને બીજી જે કોઇ આફત આવી હોય એમાં જે અપાતી હોય છે એ રાહત અપાતી હોય છે. જે પરિસ્થિતિ છે અને જે કમોસમી વરસાદ છે એમાં વળતરને બદલે આ રાહત જેવું છે. આમાં નાના અને સીમાંત ખેડૂતો છે એની બે એકર કરતાં ઓછી હોય અને બે એકર જેટલું વાવેતર કરેલ હશે તો એને સોએ સો ટકા રાહત મળવાની છે. એટલે મેં મારા અગાઉના જવાબમાં કહ્યું હતું કે, ગુજરાતના ઇતિહાસમાં આ પહેલી વખત છે. અમે પણ ખેડૂત છીએ અને અગાઉ અનેક વખત કમોસમી વરસાદ થયો છે અને નુકસાન પણ થયું છે ત્યારે કોઇએ નવો પૈસો પણ આપ્યો નથી. આ સંવેદનશીલ સરકાર છે એટલે પહેલી વખત આપ્યું છે.

કેન્દ્ર સરકાર તરફથી કોલ માઇન્સ ફાળવવા બાબત

શ્રી સૌરભભાઇ પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. ગુજરાત સરકાર હેઠળની વીજ ઉત્પાદક કંપની છે અને તેની કુલ ક્ષમતા ૫૪૯૬ મે.વોટ છે. તે પૈકીની ૩૯૩૦ મેગા વોટ ક્ષમતા કોલ આધારિત છે.

આ ઉપરાંત ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. દ્વારા નજીકના ભવિષ્યમાં સિક્કા ખાતે ૫૦૦ મેગા વોટનું કોલ આધારિત વીજ મથક કાર્યરત કરવાનું આયોજન છે. આ ઉપરાંત વણાકબોરી ખાતે ૮૦૦ મેગા વોટ સુપર ક્રીટીકલ પાવર પ્લાન્ટનું કામ ગતિમાં છે. આમ ૩૯૩૦ અને ૧૩૦૦ મેગાવોટ મળીને આગામી ત્રણ વર્ષમાં કોલ આધારીત કુલ વીજ સ્થાપિત ક્ષમતા ૫૨૩૦ મેગાવોટની થશે.

ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.ના હાલના હયાત વીજ મથકોની જરૂરીયાત સામે હાલમાં

વાર્ષિક જરૂરિયાત સામે સાઉથ ઈસ્ટર્ન કોલચરી લી. તેમજ વેસ્ટર્ન કોલચરી લી. માંથી વાર્ષિક ૧૭.૩૭ મિલિયન મેટ્રીક ટન કોલસાની ફાળવણી થાય છે. તેમજ જરૂરિયાત મુજબ ઇમ્પોર્ટેડ કોલ મેળવવામાં આવે છે.

કોલ આધારીત વીજ ઉત્પાદન માટે ગુણવત્તાયુક્ત અને સાતત્યપૂર્ણ રીતે કોલસાની ઉપલબ્ધી એ અનિવાર્ય બાબત છે. વર્ષોથી દેશના વિવિધ રાજ્યો અને કોલ ઇન્ડીયા લી. વચ્ચે અપૂરતા કોલસાની ફાળવણી બાબતે અનેક પ્રશ્નો ઉભા થતા હતા અને તેના કારણે ફરજીયાતપણે ઇમ્પોર્ટેડ કોલની ખરીદી કરવી પડતી હતી એટલું જ નહીં પરંતુ અપૂરતા કોલસાના પુરવઠાના કારણે વીજ ઉત્પાદનને અસર પડતી હતી.

રાજ્યના તમામ પ્રકારના વીજ ગ્રાહકોને જરૂરિયાત મુજબ વીજ પુરવઠો પૂરો પાડી શકાય તે માટે રાજ્ય સરકારે છેલ્લાં ૧૦ વર્ષમાં પૂરેપૂરી જાગૃતી રાખી રાજ્યના વીજ મથકોને પૂરતા પ્રમાણમાં કોલસાનો પુરવઠો ઉપલબ્ધ થઇ શકે તે માટે સઘન પ્રયાસો કર્યા છે.

તાજેતરમાં ભારત સરકારે રાજ્યના કોલસા અંગેના પ્રશ્નોના કાયમી નિરાકરણ માટે રાજ્યની વીજ કંપનીઓને કોલ માઇન્સ ફાળવવાનો નિર્ણય કર્યો.

જે અન્વયે આ સન્માનનીય ગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે, કોલ મંત્રાલય ભારત સરકારના તા.૨૪-૩-૨૦૧૫ના પત્રથી છત્તીસગઢ ખાતેની ગરેપાલમાં સેક્ટર-૧ કોલ માઇન્સ ગુજરાતને ફાળવાયેલ છે. જે દેશની અન્ય તમામ વીજ કંપનીઓને ફાળવાયેલ કોલ માઇન્સ પૈકીની સૌથી મોટી કોલ માઇન્સ છે.

હાલમાં રાજ્યમાં કોલસા આધારિત ૩૯૩૦ મેગા વોટની સ્થાપિત ક્ષમતા માટે વાર્ષિક ૧૭.૩૭ મિલિયન મેટ્રીક ટન કોલસો ફાળવાય છે. ભવિષ્યમાં ૫૨૩૦ મેગા વોટ ઉત્પાદન માટે વાર્ષિક ૨૫.૮૨ મિલિયન મેટ્રીક ટન કોલસાની જરૂરિયાત પડશે.

જ્યારે ગુજરાતને ફાળવાયેલ કોલ માઇન્સમાંથી વાર્ષિક ૫૫.૫૦ મિલિયન વાર્ષિક મેટ્રીક ટન કોલસો મળશે જે ૮૦૦૦ મેગા વોટનું વીજ ઉત્પાદન ૩૦ વર્ષ સુધી મેળવી શકાય તેટલો અનુમાનિત જથ્થો છે.

આમ, ગરેપાલમાં સેક્ટર-૧ કોલ માઇન્સની ફાળવણીથી રાજ્ય હેઠળની વીજ કંપનીના વીજ મથકો માટે નિયમિતપણે સારી ગુણવત્તાનો કોલસો ઉપલબ્ધ થઇ શકે તે બાબત સુનિશ્ચિત થઇ છે.

રાજ્યના લોકોના હિતમાં બનેલ આ બાબત સન્માનનીય ગૃહના ધ્યાને મૂકું છું.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કહે છે એ પ્રમાણે વીજ ક્ષમતા વધવાની છે. ભૂતકાળમાં આપણે ૧૫-૧૬ કલાક ખેડૂતોને વીજળી આપતા હતા. અત્યારે ૮ કલાક જ આપીએ છીએ. તો ખેડૂતોની વીજળી વધારવા માગો છો કે કેમ? બીજું કે કોલ સેસ માત્ર ૫૦ રૂપિયા પ્રતિ ટન હતો, હવે આપના પક્ષની સરકાર આવ્યા પછી ૧૦૦ રૂપિયા પ્રતિ ટન થયો છે તો એ ઘટાડવા માટે કેન્દ્ર સરકારને રજૂઆત કરવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આ કોલસા અને માઇન્સનો પ્રશ્ન છે. એમના બન્ને પ્રશ્નનો ૪૪ હેઠળના નિવેદનને સ્પર્શતા પ્રશ્નો નથી.

**શ્રી શૈલેષ મ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વર્ષોથી એન.ડી.એ.ની સરકાર હતી, પહેલેથી છત્તીસગઢથી ૧૬૪.૬૦ લાખ ટન કોલસો આપવામાં આવતો હતો. આજે સરકારે રજૂઆત કરી અને એ રજૂઆતના ભાગરૂપે જાહેરાત કરી કે ૫૫ મિલિયન મેટ્રિક ટન કોલસો મળવાનો છે. આપણી માગણીના ૩૦ ટકા જ માગણી પૂરી કરવામાં આવી છે. ઓરિજિનલી ૧૬૩.૪૦ લાખ મે.ટન કોલસો છત્તીસગઢથી આવે છે જેના કારણે ગુજરાતને નુકસાન થાય છે. ફકત ૫૫ જ આવ્યો છે. ઓછો કેમ આપવામાં આવ્યો? આપણે પૂરેપૂરી માગણી કરી હતી તેમ છતાં કેમ ઓછો આપવામાં આવ્યો?

**શ્રી સૌરભ પટેલ :** સભ્યશ્રીને ગેરસમજ થતી હોય એમ લાગે છે. ફરીથી બોલું છું. હાલમાં ૧૭.૩૭ મિલિયન મે. ટનની જરૂરિયાત. નવા મેગા પ્લાન્ટ ઉભા થયા પછી ૨૫.૮૨ મિલિટન મે.ટનની જરૂરિયાત થશે. એનાથી ડબલથી વધારે ૫૫.૫૦ મિલિટન મે.ટન એટલે નવું ૮ હજાર મેગાવોટ વીજ ઉત્પાદન થાય એટલી મોટી માઇન આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતને આપી છે.

**શ્રી શૈલેષ મ. પરમાર :** ૧૬૪.૪૦ છે એ લાખ મે.ટન છે. પણ એ છતાં પણ નજીકથી કોલસો આપવાનો સરકારે નિર્ણય લીધો છે કે કેમ?

**શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ રાજ્યને આ ખાણની ફાળવણીથી શું ફાયદા થશે અને આપણે જે ઇમ્પોર્ટેડ કોલ મગાવતા હતા એ હવે મગાવવો પડશે કે કેમ? જો ના તો કેટલી બચત થશે?

**શ્રી સૌરભ પટેલ :** પહેલી વસ્તુ એ કે આપણે પહેલા કમ્પ્લીટલી ડિપેન્ડન્ટ હતા. હવે આપણે કોલ ઇન્ડિયા પર ડિપેન્ડન્ટ રહીશું નહીં. આપણી એક જ માઇનમાંથી જોઇએ એટલો કોલસો ગમે ત્યારે મગાવી શકીશું. બીજું કે જ્યારે પણ વીજ મથક નાખવાનું થતું ત્યારે આપણે પહેલા ફ્યુઅલ સપ્લાય એગ્રીમેન્ટ કરવું પડતું હતું કે ફ્યુઅલ સપ્લાય એગ્રીમેન્ટ આપે તો આપણે અહીંયા વીજ મથક નાખી શકીએ. આપણે જોખમ લેવા સાથે પણ આપણે નાખતા હતા. હવે જ્યારે પણ વીજ મથક નાખવું હોય ત્યારે આપણે કેન્દ્ર સરકાર ઉપર કે કોલ ઇન્ડિયા ઉપર ડિપેન્ડ નહીં થવું પડે. આપણી પોતાની માઇન આપી દીધી. ત્રીજું કે, ૮ હજાર મેગાવોટ એટલે રાજ્યની સ્થાપના પહેલાથી જેટલી વીજળીનું ઉત્પાદન થતું હતું અને હાલની જેટલી વીજળી ઉત્પાદન થાય છે એ બધાનો સરવાળો કરો એનાથી ડબલ ૮ હજાર મેગાવોટનો કોલસો આપણને આપી દીધો છે. ચોથું કે, અત્યારે આપણે કોલસો લાવીએ છીએ એને આપણે વોશરી માટે લઇ જઇએ છીએ. એ વોશીંગનો ખર્ચ લાગે છે. કોલ ઇન્ડિયાની ઇન-એફિસિઅન્સીનો ખર્ચ લાગે, આ બધું જ મિનિમમ બાદ કરીએ અને ૨૦-૨૫ ટકા પણ ખાલી કોલસાની જ કિંમતની વાત કરીએ, ફ્રેટની વાત નથી કરતો તો પણ ઓછામાં ઓછો હાલની રિકવાયરમેન્ટ પ્રમાણે ગણતરી કરીએ તો ર હજાર કરોડથી વધારેનો ફાયદો આપણને મળશે. પાંચમું કે, જે આપે કહ્યું એ છેલ્લા છ – આઠ મહિનામાં શરૂઆત થઇ ગઇ છે. આપે મારું ઉર્જાનું પ્રવચન બરાબર સાંભળ્યું નહીં હોય. એ વખતે હું બધું બરાબર બોલી ગયો હતો. સ્વેપીંગ અપ કોલની ફોર્મ્યુલા ગુજરાત સરકારે એ વખતે કેન્દ્રને અનેક વખત લખ્યું પણ ન મંજૂર કર્યું. નરેન્દ્રભાઇ સાહેબ, આવ્યાં સ્વેપીંગ અપ કોલ મંજૂર કર્યુ અને એના કારણે એન.ટી.પી.સી.ને અને ગુજસેટને ફ્રેઇટનો ફાયદો થયો. એટલે એની પણ શરૂઆત થઇ ગઇ છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

શ્રી રજનીકાન્ત સો. પટેલ ( ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૬,૬૦,૫૩,૦૦૦/- ની માગણી ક્રમાંક ૪૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૪૨ રજૂ કરવામાં આવી.**

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.**

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.**

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.**

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.**

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.**

શ્રી રજનીકાન્ત સો. પટેલ ( ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૩૩,૬૪,૫૪,૯૧,૦૦૦/– ની માગણી ક્રમાંક ૪૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૪૩ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.**

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.**

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.**

શ્રી પુજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.**

શ્રી ભોળાભાઇ ભી ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.**

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.**

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.**

શ્રી મેરામણભાઇ મા. આહીર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.**

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.**

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવી.**

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરવામાં આવી.**

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરું છ.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરવામાં આવી.**

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરવામાં આવી.**

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરવામાં આવી.**

શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૫ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરવામાં આવી.**

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરવામાં આવી.**

શ્રી રજનીકાન્ત સો. પટેલ ( ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું જેલ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૦૧,૫૮,૬૩,૦૦૦/– ની માગણી ક્રમાંક ૪૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૪૪ રજૂ કરવામાં આવી.**

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરવામાં આવી.**

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા (કપડવંજ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના ગૃહ ખાતાની માગણીઓની ચર્ચા માટે આ ગૃહમાં હું ઉપસ્થિત થયો છું.

ગુજરાતમાં વિકાસ, વિકાસ, નંબર–વન, નંબર–વન, કાયદો અને વ્યવસ્થાની બાબતમાં ગુજરાતે ઘણો બધો વિચાર કરવાનો છે. અને આ જે એમની માગણીઓ મૂકી છે એ બજેટ બહુ ઓછું છે એવું હું માનું છું. આટલા પૈસાથી છ કરોડ જેટલા ગુજરાતનીઓની સુરક્ષા જે અત્યારે છે જ નહીં અને આખું તંત્ર ખાડે ગયું છે એમ કહીએ તો ચાલે. એમાં પોલીસ ફોર્સના આધુનિકરણ માટે, આવાસો માટે કે ડ્રાયવરોની ભરતી માટે કે, બુલેટ પ્રુફ જેકેટ, હેલ્મેટ વિગેરે માટે આ પૈસા ઘણા ઓછા છે. હું માનું છું ત્યાં સુધી પોલીસ ખાતાનો પગાર એક સામાન્ય માણસ આમાં ભરતી થયા પછી ગુજરાતની પ્રજાને એમ કહે કે, અમારી સુરક્ષા સારી રીતે થશે. એમાં બાંધ્યા પગારવાળો કર્મચારી જેને એક મોટર સાયકલ ઉપર જતો હોય તો પેટ્રોલ ક્યાંથી લાવતો હશે ? ચ્હા–પાણી ક્યાંથી કરતા હશે, ભોજન ક્યાંથી કરતા હશે બે ટંકનું, કોઇ ફિક્સ વેતનો કરતાં પણ ઓછો એનો વિચાર રાજ્ય સરકારે કરવો જોઇએ અને જનસંખ્યા પ્રમાણે પૂરો સ્ટાફ હોવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશમાં ગુજરાત નંબર–વન છે, જેમાં ચાળીસ ટકા સ્ટાફ ઓછો છે, ચાળીસ ટકા ? આટલા ઓછા સ્ટાફથી જો રાજ્યની સુરક્ષા તમે કરવાના હોય, જે હાલ પ્રજા ત્રાહિમામ પોકારી રહી છે કાયદો અને વ્યવસ્થાથી એનો વિચાર કરવો જોઇએ. અને આપણા કરતાં અનેક બીજા રાજ્યો બિહાર જેવું બિહાર રાજ્યમાં પણ કાયદો અને વ્યવસ્થા ગુજરાત કરતાં સારી છે. ગૃહ ખાતું આખું બિહારની તુલનામાં ક્યાં જઇને આજે ઉભું છે એનો વિચાર આપણે કરીએ. અને જે રીતે અત્યારે હાલ ગુજરાત સરકાર આ ડિમાન્ડ લઇને આવી છે, એમાં જે અત્યાર સુધીના ગુન્હાઓ જેની ટકાવારીમાં પણ ગુજરાત સરકાર કદાચ રેકોર્ડ બીજા બધા રાજ્યો કરતાં ત્રીસ ટકા જેટલા ગુન્હાઓ ગુજરાતમાં વધ્યા છે. હું માનું છું ત્યાં સુધી સરકારની ગુન્હા વધ્યાની ચિંતા છે કે, નહીં બહુ એમાં એક પ્રશ્નાર્થ છે. એટલું જ નહીં બહુ ઝડપથી શહેરીકરણ, ચાળીસ ટકાના દરે શહેરીકરણ વધી રહ્યું છે. આ શહેરીકરણ એ અસામાજિક તત્વોનો અડ્ડો બની ગયું છે.

માનનીય અધ્યક્ષશ્રી,ગુજરાતમાં ઘણા હબ તમે વખાણો છો, ગુજરાત આમાં હબ બન્યું છે. ગુજરાત ક્રાઇમમાં નંબર–વન, ગુજરાત ક્રાઇમ હબ બની ગયું છે. આનો વિચાર તમારે કરવો જોઇએ અને કલ્પના બહાર જે રીતે ચાલી રહ્યું છે અત્યારે, હું માનું છું ત્યાં સુધી ભગવાન બચાવે. ગુજરાતના આ નંબર–વનવાળા વિકાસવાળા રાજ્યના જે વખાણ થાય છે એનાથી તો આપણને ભગવાન બચાવો.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે સ્ટાફ ઓછો છે એ સ્ટાફમાં હું માનું છું ત્યાં સુધી ગુજરાતની પોલીસ, ગુજરાતના પોલીસને પકડવામાં પણ નંબર–વન છે. અને એટલા બધા અધિકારીઓ જેલમાં હતા. પુરો સ્ટાફ નહીં, •**(xxx)** શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય વિપક્ષના નેતાશ્રીએ ૧૦ મહિનામાં સરકારે માત્ર પોલીસના અધિકારીઓને (અંતરાય) મારી વાત પૂરી થવા દો. મારી વાત પૂરી થવા દો. માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત પૂરી થવા દો. ૧૦ મહિનાની અંદર માત્ર ***(xxx)** કામ કર્યુ છે. ***(xxx)** કામ.

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ના સાહેબ, મારે રેકર્ડ માટેનો વાંધો નથી. ***(xxx)** એ સરકાર કરતી નથી. એ કામ કોર્ટ દ્વારા કરવામાં આવે છે,(અંતરાય) એટલે એના સંદર્ભમાં એમણે વાપરેલા શબ્દો યોગ્ય નથી.(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : બેસી જાઓ, એટલા માટે મેં કહ્યું છે કે એમના જે શબ્દો છે, તે રેકર્ડ ઉપરથી દૂર કર્યા છે. વિષય પૂરો થાય છે. માનનીય શંકરસિંહજી આપની પાસે પાંચ મિનિટ છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, જો આવી રીતે ટાઇમ બગાડવાનો હોય તો મારે ભાષણ કરવાનો મતલબ નથી.

ઉપાધ્યક્ષશ્રી : મને ફાળવેલી મિનિટો પ્રમાણે મારે ચાલવાનું હોય છે.(અંતરાય) આપના દંડકશ્રીએ જે બધાનો સમય આપેલ છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : ૨૦ મિનિટ આપેલ છે મારામાં.

ઉપાધ્યક્ષશ્રી : દસ મિનિટ તમારી છે. ૨૦ મિનિટ આ બાજુ છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૩ વાગ્યે વિધાનસભા શરૂ થઇ છે. એમાં અમારો કોઇ વાંક નથી. અડધો કલાક તમે લેઇટ કરી છે. સાડા સાત વાગ્યા સુધી હોય. આજે અમારો ટાઇમ ૨૦ મિનિટ છે. આપ કેટલા વાગ્યે, કેવી રીતે ગણો છો? અમને તો ખબર જ નથી?

ઉપાધ્યક્ષશ્રી : ૨૦ મિનિટ નથી, આપના ફાળે અત્યારે છેલ્લા બે કલાક એને માટે.(અંતરાય) બે કલાકની વાત કરી હતી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : કેટલા વાગ્યે વિધાનસભા શરૂ કરી છે. આ રીતે વિધાનસભા ઓછી ચાલે? સાહેબ, ત્રણ વાગ્યે ચાલુ કરી છે. અઢી વાગ્યાના બદલામાં? એમાં અમારે શું લેવાદેવા?(અંતરાય) અમે ઓછો લંબાવ્યો છે અમારા પક્ષમાં.

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસો. ત્રીસ જ મિનિટ આપણને ચર્ચા માટે. બલવંતસિંહજી બેસો. છેલ્લા બે કલાક તો આપણે જે બિનસરકારી વિધેયકો છે એને આપવાના હોય છે. એટલા માટે એમને બોલવા દો. એમનો સમય ન બગાડો. બેસી જાઓ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : જે સરકારના રાજમાં ગૃહમંત્રીના કહેવાથી બહેન–દીકરીની જાસૂસી થતી હોય, તેમાં પોલીસ અધિકારીઓ ટેપ કરતા હોય, ટેપ બજારમાં એમની આવતી હોય. આ કાયદો અને વ્યવસ્થા છે આપણી? અને *(xxx)અને કેસ ચાલુ છે તો પણ સારી જગ્યાઓ ઉપર એમનું પોસ્ટિંગ કર્યુ. ***(xxx)**

ઉપાધ્યક્ષશ્રી : ***(xxx)** એ શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : એમને એમ છૂટ્યા છે. જામીન વગર? અને તમે જે બિલ લાવી રહ્યા છો.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

* આ શબ્દ માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

એમાં એના ઉદેશોમાં ગુજરાત સરકારનો કાયદો અને વ્યવસ્થા તમે સ્વીકારો છો કે છેલ્લાં કેટલાંક વર્ષોથી એટલે ૨૦ વર્ષથી તમે છો ત્યારથી સંગઠિત ગુનાઓ આપણા સમાજ માટે ગંભીર જોખમરૂપ બનેલ છે. કોઇ રાષ્ટ્રીય સીમાઓ લાગુ પડતી નથી અને સોપારી એટલે કોન્ટ્રાક્ટ કીલિંગ, ધાકધમકી, પૈસા પડાવવા, દાણચોરી, ગેરકાયદે આયાત નિકાસ, દુનિયાભરના ઉદેશ અને કારણોમાં તમે જે લખ્યું છે તેનો અર્થ.

ઉપાધ્યક્ષશ્રી : શંકરસિંહજી, આપની પાસે બે મિનિટ છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : મારે આ ભાષણમાં રસ પણ નથી લેવો. અને આપને જો હાઉસ ચલાવવું હોય તો ચલાવો. તમે કેવી રીતે બે મિનિટ છે આમાં?(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : તમારા નેતાશ્રી ઉભા છે. તમે શા માટે ઉભા થઇ જાવ છો?(અંતરાય) એમણે નક્કી કરવાનું છે? એમણે નક્કી કરવાનું છે? આપ બેસોને?(અંતરાય)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : ના, ના આમાં ચાલે નહિ.

ઉપાધ્યક્ષશ્રી : શા માટે એમની મિનિટ બગાડો છો આપ?

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : જે જે કાયદો અને વ્યવસ્થામાં સરકાર આખી ભીસમાં આવી હોય. દુનિયાભરના મુદા છે એ મુદામાં બે મિનિટમાં મુદા કેવી રીતે પૂરા થાય? ટાઇમ તમે વધારે ખરાબ કરો છો બાકીના મિત્રોના. અમારી પાસે ન બોલવા દેવા હોય તો માફ કરો. અમે બહાર જઇશું. કઇ વાંધો નહિ. લોકશાહી છે. તમે મજા કરો આમાં. લહેર કરો જાવ.

( ત્યારબાદ વિરોધ પક્ષના નેતાશ્રી દ્વારા સભાત્યાગ કરવામાં આવ્યો. તથા બાકીના ગૃહમાં હાજર રહેલા વિરોધ પક્ષના તમામ સભ્યશ્રીઓ પોતાની જગ્યાએ ઉભા થઇ જતા ) ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપનો જવાબ આપો. આપની પાસે ૨૦ મિનિટ છે. માનનીય મંત્રીશ્રી આપની પાસે ૨૦ મિનિટ છે. શરૂ કરો.

શ્રી રજનીકાન્ત સો. પટેલ **(** ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મારા વિભાગની માગણીઓ લઇને ઉપસ્થિત થયો છું. પ્રત્યેક વ્યક્તિ સુખની કામના કરતો હોય છે. (સતત સૂત્રોચ્ચાર)

ઉપાધ્યક્ષશ્રી :ભાઇ, પ્લીઝ આપ સૂત્રોચ્ચાર બંધ કરો નહીં તો આજના દિવસનું કામકાજ પૂરું થાય ત્યાં સુધી ગૃહમાંથી બધાને સસ્પેન્ડ કરવામાં આવશે. આ મારી લાસ્ટ વોર્નીગ છે. ધીસ ઇઝ માય લાસ્ટ વોર્નીંગ. બેસી જાઓ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમે પ્રશ્નો પૂછતા હતા. તમે પ્રશ્નો પૂછતા હતા.

ઉપાધ્યક્ષશ્રી : ભાઇ પ્લીઝ, બલવંતસિંહ ધીસ ઇઝ માય લાસ્ટ વોર્નીંગ. સાર્જન્ટ મિત્રો તમામ સભ્યશ્રીઓ જે ઉભા છે તેમને આજના દિવસની કાર્યવાહી પૂરતા સસ્પેન્ડ કરવાનો હુકમ કરું છું. તેમને ગૃહમાંથી બહાર લઇ જાઓ. આપ ચાલુ રાખો. લઇ જાઓ ભાઇ. બહાર લઇ જાઓ. આજના દિવસની કાર્યવાહી પૂરતા સસ્પેન્ડ કર્યા છે. વારંવારની સૂચનાઓની અવગણના કરવા માટે આપને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવે છે. (સતત સૂત્રોચ્ચાર) તમામ સભ્યોને ગૃહની કાર્યવાહીમાંથી એક દિવસ માટે સસ્પેન્ડ કર્યા છે તેમને સાર્જન્ટો બહાર લઇ જાઓ. સાચવીને લઇ જાઓ બધાને બહાર. ચાલો સાર્જન્ટ મિત્રો લો. લઇ લો બધાને લઇ લો ભાઇ. શક્તિસિંહજી આપ પણ ઉભા હતા. લઇ લો સાર્જન્ટ મિત્રો. લઇ લો તેમને બહાર. અંદર જાઓ, લઇ લો, ચાલો બહાર લઇ જાઓ, માનનીય ધારાસભ્યશ્રીઓ આપ સન્માનપૂર્વક બહાર નીકળો પ્લીઝ. ભાઇ પ્લીઝ સન્માનપૂર્વક મિત્રોને બહાર લઇ જાઓ, ધારાસભ્યશ્રીઓને સન્માનપૂર્વક, ભાઇ ધીરુભાઇ, ધીરુભાઇ. (સતત સૂત્રોચ્ચાર) ભાઇ પ્લીઝ સાર્જન્ટ આપનું કામ પૂરું કરો. મંત્રીશ્રી આપ ચાલુ રાખો. મિત્રો બધા માઇક લગાવી દો. હેડફોન લગાવી દો ભાઇ. બીજા સભ્યો હેડફોનનો ઉપયોગ કરે. આપ પ્રવચન ચાલુ રાખો. ભાઇ સાર્જન્ટ મિત્રોને સૂચના આપો બહાર લઇ જાય. શેના માટે રાહ જુઓ છો? ચાલો છેલ્લેથી જોષીયારાથી શરૂ કરો. લઇ જાઓ.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રત્યેક વ્યક્તિ સુખની કામના કરતો હોય છે. આપના ત્યાં એવું કહેવાયું છે કે પહેલું સુખ તે જાતે નર્યા. જેમ તંદુરસ્ત શરીર તે માણસના..

ઉપાધ્યક્ષશ્રી : તમામ સાર્જન્ટ મિત્રોને સૂચના આપો તેમને બહાર લઇ જાઓ.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિકાસ માટે સૌથી આવશ્યક છે.

ઉપાધ્યક્ષશ્રી : ભાઇ તમામને બહાર કાઢો. તમામને બહાર કાઢો ભાઇ. સન્માનપૂર્વક બહાર લઇ જાઓ.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તંદુરસ્ત શરીર ન હોય તો આપણે સુખની અનુભૂતિ કરી શકતા નથી તેમ સંપૂર્ણ સમાજના સુખાકારીનો આધાર..

ઉપાધ્યક્ષશ્રી :ભાઇ આટલા બધા સાર્જન્ટ છે તમે શું કરો છો? પ્લીઝ

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના લોકોની સુખાકારી રાજયનો વિકાસ રાજયના લોકોની સુખાકારી રાજયના વિકાસ માટે રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાયેલી હોય, રાજયમાં શાંતિ અને સલામતી હોય તો જ આ શક્ય બનતું હોય છે. વર્ષ દરમ્યાન જે અનેકવિધ કાર્યક્રમો થયા.(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ સાર્જન્ટ સાથે જીભાજોડી નહીં કરો, પ્લીઝ. માનનીય મહેન્દ્રસિંહ, બધાને પ્રેમથી બહાર કાઢો. વિપક્ષના તમામ સભ્યશ્રીઓને આજની કાર્યવાહી પૂરતા સસ્પેન્ડ કર્યા છે. ધીરુભાઇ સિવાય. ધીરુભાઇ સિવાય બધાને બહાર કાઢો.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી કાયદો અને વ્યવસ્થાની વાત કરતા હતા ત્યારે મારે કહેવું છે કે જે પ્રકારે એન.સી.આર.બી.ના ફિગર્સ છે એમાં ગુજરાતનો ક્રાઇમ રેટ સમગ્ર દેશના ક્રાઇમ રેટ ૨.૭ ની સામે ગુજરાતનો ૧.૮ છે, લૂંટમાં ૨.૬ ની સામે ગુજરાતનો ક્રાઇમ રેટ ૨.૩ છે, ધાડમાં પણ ઓછો છે અને બળાત્કારમાં ૫.૭ ની સામે ૨.૫ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ જે નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના ફિગર્સ છે એ પ્રમાણે ગુજરાત એ સમગ્ર દેશનું સૌથી સુરક્ષિત રાજય છે અને નંબર વન સુરક્ષામાં પણ અને કાયદો અને વ્યવસ્થામાં પણ આજે છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી,

ઉપાધ્યક્ષશ્રી : સાર્જન્ટને સૂચના આપવામાં આવે છે અહીંયા ઉભા ન રહે અને એક એક ધારાસભ્યને એક એક સાર્જન્ટ બહાર લઇ જાવ. સાર્જન્ટ કોઇ એમજ ઉભા ન રહે, સાર્જન્ટ એક એક ધારાસભ્યને બહાર લઇ જાવ, એક પણ સાર્જન્ટ ધારાસભ્ય વગરનો અહીંયા હોવો જોઇએ નહીં, એક એક ધારાસભ્યને બહાર લઇને જાવ, તમામ સાર્જન્ટ મિત્રોની પાસે એક એક ધારાસભ્ય જોઇએ. સાર્જન્ટ મિત્રો પાછળથી જાવ આગળ અને બહાર કાઢો બધાને, બહાર લઇ જાઓ. પાછળથી બધાને સાર્જન્ટ મિત્રો (અંતરાય) ઓર્ડર કર્યો હોય તો you have to obey it. I have repeatedly requested to have your seat. (અંતરાય) માનનીય મંત્રીશ્રી આપ ચાલુ રાખો.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભા અને લોકસભાની ચૂંટણીઓ થઇ સમગ્ર રાજયમાં એક પણ અનિચ્છનીય બનાવ બન્યો નથી અને એમાંય એપ્રિલમાં જે ગત લોકસભાની ચૂંટણી થઇ આખા રાજયમાં ક્યાંય કોઇ એવી ઘટના બની નથી એના કારણે કોઇ મુશ્કેલી ઉભી થઇ હોય અને સમગ્ર દેશે જે પ્રકારના પરિણામો આપ્યા છે આ દેશમાં સ્પષ્ટ બહુમતી સાથે ભારતીય જનતા પાર્ટીની સરકાર બની અને માનનીય નરેન્દ્રભાઇ દેશના વડા પ્રધાન બન્યા. પાછલા એક વર્ષમાં જે ગુજરાતમાં ઉત્સવો-કાર્યક્રમો થયા એના તરફ હું એક દષ્ટિ કરવા માગુ છું. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : સાર્જન્ટ મિત્રોને સૂચના આપી છે ત્યારે તમે બહાર ઉભા કેમ રહો છો? આ બાજુથી લો, અહીંયાથી શરૂ કરો આ બાજુથી, આ બાજુથી, ભાઇ એમાં શકિત નહીં વેડફો આ બાજુથી લો, સાર્જન્ટ મિત્રો આ બાજુ આવો, આ બાજુ આવો બધા સાર્જન્ટ મિત્રો અહીંયાથી લો અને બધાને બહાર લઇ જાવ.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે અષાઢી બીજની યાત્રા (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી :હું સભાગૃહ ૫-૦૦ વાગ્યા સુધી એડજોર્ન કરું છું.

**સભાગૃહની બેઠક સાંજના ૫-૦૦ વાગ્યા સુધી મુલતવી રાખવામાં આવી**

**મુલતવી રહેલ સભાગૃહ સાંજના ૫-૦૦ વાગ્યે ફરી મળ્યું**

**ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

સભાગૃહનો સમય લંબાવવા અંગે

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ પરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાંસુધી સભાગૃહની બેઠક લંબાવવામાં આવે અને વિરામ રદ કરવામાં આવે તેવી હું દરખાસ્ત કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : સભાગૃહ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનું કામકાજ માગણીઓ પરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાંસુધી લંબાવવામાં આવે છે.

**સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

**સભાગૃહમાં હાજર રહેલા કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓને સસ્પેન્ડ કરવા અંગે**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદિય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહ વિભાગની માગણીઓના સંદર્ભમાં આ સન્માનનીય સભાગૃહની અંદર ભૂતકાળમાં ક્યારેય ન જોયા હોય એ પ્રમાણેના હિંસક દ્રશ્યો જોઇને માથું શરમથી ઝૂકી જાય છે. જે સભાગૃહની અંદર સંસદીય ઉચ્ચ પ્રણાલિકાઓનું જતન થતું હોય, જે સંસદીય પ્રણાલિકાઓના જતનની સાથે સાથે સમગ્ર ગુજરાતના પ્રશ્નોની અહીંયા આગળ રજૂઆત થતી હોય, રાજયનો સૌથી અગત્યનો એવો વિભાગ અને એ ગૃહવિભાગની માગણીઓના સંદર્ભની ચર્ચા થતી હોય, ત્યારે વિપક્ષના નેતા દ્વારા પોતાના પ્રવચનની શરૂઆતમાં એમને ખબર હતી કે આજે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના ખેડૂતોના હિતને અનુલક્ષીને જે નિર્ણય લીધેલો છે એના સંદર્ભમાં એમના જ સભ્યોએ પ્રશ્નોત્તરીમાં વધારે પ્રશ્નો કર્યા, અને એના કારણે આજે જે સમય હતો એ સમય પોતે જાણતા હતા કે એમનો સમય ઓછો થતો જાય છે અને છતાં પણ પોતે પોતાને અપૂરતો સમય મળ્યો છે એ અપૂરતો સમય એ પોતાના પક્ષના બિન આયોજનના કારણે મળ્યો છે અને પછી પોતાને સમય નથી મળતો એ મુદ્દો ઉપસ્થિત કરીને વિપક્ષના તમામ સભ્ય એકસાથે ઉભાં થઇ જાય, ત્યાંથી આપની સીટ ઉપર બેસવાની ગાદી નાંખે, ત્યાંથી અટકતું ના હોય તેમ અહીંયાથી હેડફોન તોડીને છૂટાં આપના ઉપર નાંખવામાં આવે, વિધાનસભાના સચિવના ટેબલને ઘેરીને એમની સાથે વરવા દ્રશ્યો કર્યા. જે સાર્જન્ટો આ વિધાનસભાની સલામતિની વ્યવસ્થા કરે છે એ સાર્જન્ટોને નીચે સુવડાવી એમની ઉપર ચડી જાય એવા શરમજનક દ્રશ્યો વિધાનસભાના ગૃહની અંદર અને આ લોકશાહીના મંદિરમાં આ પ્રમાણેના દ્રશ્યો અહીંયા થયા. આ અત્યંત શરમજનક ઘટના છે, આવી ઘટના કોઇપણ હિસાબે આ વિધાનસભા ગૃહની અંદર ચાલે જ નહિ આના સંદર્ભમાં હું આપ પાસેથી અપેક્ષા રાખું છું કે આ લોકશાહીના જતન માટે, આ લોકશાહીનું મંદિર છે અને આ લોકશાહીના મંદિર માટે આવી બીન સંસદીય રીતે વર્તીને અને સમગ્ર સંસદીય પ્રણાલિકાને સમગ્ર હાઉસને બાનમાં લેવા માટેનો જે પ્રયાસ કર્યો છે એના માટે આજની બેઠક અને આવતીકાલની બેઠક એમ બે બેઠક સુધી જેઓ હાજર હતા અને જેમણે આ કર્યું છે એ કોંગ્રેસ પક્ષના બધા જ લોકોને બે દિવસની બેઠકો માટે સસ્પેન્ડ કરવામાં આવે એવો હું પ્રસ્તાવ રજૂ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : કોંગ્રેસના આજે હાજર રહેલા તમામ સભ્યશ્રીઓને?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદીપસિંહજીએ જે વર્ણન કર્યું છે એ આપણે બધા સભ્યશ્રીઓએ પ્રત્યક્ષ જોયું છે વિધાનસભામાં વાદ વિવાદ હોય, ચર્ચા હોય નાના મોટા આરોપ આક્ષેપ હોય, વકતવ્યમાં કડક રીતે બોલે એ આપણે સમજી શકીએ છીએ અને સ્વીકારીએ છીએ પણ જે રીતે આજે એકદમ ઉશ્કેરણીજનક આયોજિત રીતે બધા જ લોકોએ સાથે મળી કોંગ્રેસના તમામ સભ્યશ્રીઓએ આપનું અપમાન કર્યું, આપના ઉપર કાગળો ફેંક્યા આપણી જે પ્રશ્નોત્તરીની બૂકો છે એ જાડી બૂકો છે એ બૂકો ફાડી નાંખીને, એના ડૂચા નાંખ્યા, ગાદી પણ નાંખી, પછી છેવટે હેડફોન પણ નાંખ્યું આ પ્રકારે ગુજરાત વિધાનસભામાં જ્યારે કોંગ્રેસે રાજપા સરકાર બનાવી અને ગુજરાતની એ વખતની ભા.જ.પ.ની સરકાર તોડી ત્યારે જે રીતે કોંગ્રેસના સભ્યશ્રીઓએ માઇક તોડી તોડીને એ વખતના માનનીય અધ્યક્ષશ્રી ઉપર નાંખ્યા હતા એ પ્રમાણેની એમની આખી જે વિકૃતિ છે એ પ્રમાણેનું કામ આજે લોકશાહીને ન શોભે એવું કામ કર્યું છે, ચર્ચા કરીને એમને જે વિરોધ કરવો હોય તે કરે, આક્ષેપ કરવો હોય તો કરે, અમારા મંત્રીશ્રી જવાબ આપવા સક્ષમ છે, બધું જ થતું હતું પણ એમને ખબર હતી કે આજે અમે બોલીને આ રીતે તોફાન કરીને, અને આખા ગૃહને વિક્ષેપ

કરીએ તે માટે તેમણે આપના ઉપર તોફાન કર્યુ, આપે ગૃહ એડજોર્ન કર્યુ અને આપ આપના કાર્યાલયમાં ગયા એ પછી વિધાનસભાના સચિવશ્રીને અને આ ત્રણેય અધિકારીશ્રીઓને સાહેબ તે લોકો ઘેરી વળ્યા. હું અહીંયા બેઠો હતો અને સાંભળતો હતો, ના સંભળાય એવી ભાષામાં ધમકી આપીને વાત કરતા હતા એટલે આને સહેજ પણ હળવાશથી લેવી જોઇએ નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, સાર્જન્ટોએ પણ ધારાસભ્યશ્રીઓ છે, એક સન્માનનીય હોદેદાર છે માટે તેમને વિનંતી કરી કે આપ બહાર આવી જાવ. પણ સાર્જન્ટોની વિનંતીને પણ માન ના આપી અને ઉપરથી ધક્કા મૂક્કી કરી અને પ્રદિપસિંહજીએ કહ્યું અને મેં અહીંયા જે જોયુ સાહેબ કે સાર્જન્ટોને પાડી દઇ અને તેમના ઉપર તેમણે પાટો અને લાતો મારવાનું કામ કર્યુ છે માટે માનનીય પ્રદિપસિંહજીએ કહ્યું એ પ્રમાણે આવતીકાલની બેઠક સુધી તેમને વિધાનસભામાંથી દૂર કરવામાં આવે.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહજીએ જે પ્રસ્તાવ મૂકયો છે તેને હું સમર્થન આપુ છું પરંતુ કોંગ્રેસે પોતાનું પોત પ્રકાશીને જે રીતે કાયદો વ્યવસ્થાની ચર્ચા કરવી અને કાયદો વ્યવસ્થાની ઐસી કી તૈસી અને એ પ્રકારેના આજે જે વરવા દર્શન કરાવ્યા છે મને એમ લાગે છે કે, મહાત્મા ગાંધીનું ગુજરાત, સરદારનું ગુજરાત અને ગુજરાત વિધાનસભાની એક ગરિમા અને અધ્યક્ષની પણ ગરિમાને લાંછન લાગે એ પ્રકારે જે વ્યવહાર અને વર્તન થયુ છે તેમાં કડકમાં કડક પગલાં લઇ અને ગુજરાત વિધાનસભા અને સંસદીય પ્રણાલિને કદી પણ ઠેસ ના પહોંચે એ પ્રકારનું આપ રૂલિંગ આપો એવી અમારી લાગણી છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા જે પ્રસ્તાવ આજની ગૃહની કાર્યવાહી દરમિયાન વિપક્ષના મિત્રોએ ગૃહમાં જે કાર્યવાહી કરી, જે તોડફોડ કરી, તકિયાઓ ઉછાળીને વેલ સુધી નાંખવામાં આવ્યા, સ્પીકરના ડેસ્ક ઉપર પણ કાગળના ડૂચાઓ નાંખવામાં આવ્યા એ કૃત્ય કોઇ સંજોગોમાં સંસદીય નહોતું અને એ આપણા સૌ માટે વખોડવાને લાયક કૃત્ય હતું. મિત્રો જયારે શંકરસિંહનું પ્રવચન ચાલુ હતુ ત્યારે આપણી પાસે ૩૦ મિનિટ બચેલ. ત્યાર પછીના બે કલાક જે હોય તે બે કલાક આપણે સામાન્ય રીતે દર વખતે જે રીતે ફાળવીએ છીએ તે પ્રમાણે બે કલાકમાં બિન સરકારી સંકલ્પો માટેના હતા. એ પહેલાં વિધેયક માટેના હતા એ પહેલાં રિશેષ હતી. એટલે અડધો કલાકની રિશેષ હતી એટલે આપણી પાસે ફકત ૩૦ મિનિટ હતી. આ ૩૦ મિનિટમાં પ્રોરેટા પ્રમાણે ૨૦ મિનિટ શાસક પક્ષમાં જાય અને ૧૦ મિનિટ વિરોધપક્ષમાં જાય. વિપક્ષના નેતા શંકરસિંહ ઉભા થયા હતા ત્યારે સૂચના આપી હતી કે આપની પાસે દસ મિનિટ છે. એમની પાંચ મિનિટ બાકી હતી ત્યારે પણ આપણે એમને કહ્યું હતું કે આપની પાસે ફકત પાંચ મિનિટ છે. એટલે તેમને સમયની જાણકારી અગાઉથી આપવામાં આવી હતી. સમયની જાણકારી નહોતી એવો વિષય ઉપસ્થિત નહોતો થતો. ત્યાર પછી શંકરસિંહજી આઠ મિનિટ પ્રવચન આપે છે અને પછી છેલ્લી બે મિનિટોમાં જે રીતે કોંગ્રેસ દ્વારા આ ગૃહનું વાતાવરણ કલુષિત કરવાના પ્રયત્નો થયા છે એ પ્રયત્નોને જોતાં મેં તેમને રીકવેસ્ટ કરી કે આપ બધા મિત્રો બેસી જાવ. ત્યાર પછી મેં બીજીવાર રીકવેસ્ટ કરી અને છેલ્લી વખત રીકવેસ્ટ કરતી વખતે મેં કહ્યું હતું કે ધીસ ઇઝ માય લાસ્ટ વોર્નીંગ. હવે આપ નહીં બેસશો તો ગૃહની આજની કાર્યવાહીમાંથી આપ સૌ કોંગ્રેસના સભ્યોને હું આજની કાર્યવાહી પૂરતાં સસ્પેન્ડ કરીશ એમ કરીને છેલ્લી ચેતવણી આપી હતી. એમની એમના ઉપર કોઇ અસર થઇ નહીં, તેમણે દેખાવો ચાલુ રાખ્યા અને આપણે સાર્જન્ટને સૂચના આપી કે બધાને વારાફરતી બહાર લઇ જવામાં આવે. કેટલાક સભ્યોને બહાર લઇ જવામા પણ આવ્યા પણ ત્યાર પછી કેટલાક સભ્યોએ જે રીતે સાર્જન્ટ સાથે એની ઉપર પણ જે હિંસક હુમલાઓ કર્યા તે હું એમ માનુ છું કે ગુજરાતની લોકશાહીના વિધાનસભાના ઇતિહાસમાં આ એક ખૂબ કલંકિત ઘટના હતી એમ કહી શકાય. આ વિધાનસભા ગૃહમાં હું ૧૯૯૩થી બેસુ છું અને મેં પણ જોયું છે, માનનીય નીતિનભાઇએ ઉલ્લેખ કર્યો કે જે વખતે રાજપાની સરકાર બનાવી હતી. તે વખતે ગૃહમાં જે વાતાવરણ પેદા કર્યું હતું તે જ પ્રકારનું વાતાવરણ કમનસીબે તે વખતે શંકરસિંહનું આખું રાજકીય ગૃપ હતું આ વખતે શંકરસિંહ વિપક્ષના નેતા હતા, આ એક જોગાનું જોગ છે, આપણે એમની ટીકા કરવા માગતા નથી. પણ ગૃહને કન્ટ્રોલમાં રાખવાની જવાબદારી વિપક્ષના નેતાની પણ છે. વિપક્ષના નેતા પ્રવચન આપે છે ત્યારે બીજા સભ્યશ્રીઓએ ઉભા થવાની જરૂર નથી એમનો વ્યૂહ મૂકવા માટે. તેમ છતાં આ સભાગૃહની શાંતિને ડહોળવા માટે વિપક્ષના ધારાસભ્યો આ બાજુ સત્તા પક્ષના ધારાસભ્યો

ઉપર હુમલા કરવાના, તકીયા નાખવાના, ચોપડી ફાડીને નાખવાના, સ્પીકરની ડેક સુધી તકીયા મારવાના પ્રયત્નો થયા છે, ઇયર ફોન કાઢી નાખીને તોડી નાખીને મારવાના પ્રયત્નો થયા છે. એ કોઇ સંજોગોમાં ચલાવી શકાય નહિ અને ગુજરાતની વિધાનસભાના ઈતિહાસમાં આવી કોઇ વસ્તુને સ્થાન હોઈ શકે નહિ. આ ગાંધીના ગુજરાતમાં, સરદાર વલ્લભભાઇના ગુજરાતમાં વિધાનસભામાં •**(xxx)** આપણા સૌના માટે ગુજરાતની પ્રજા માટે આ શરમજનક ઘટના છે, કયારેય એને માફ કરી શકાય નહિ. એવા સંજોગોમાં જે રીતે માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ મૂકેલી દરખાસ્તને માનનીય શ્રી નીતિનભાઈ અને માનનીય શ્રી વિજયભાઈ રૂપાણીએ જે રીતે સમર્થન આપેલ છે એ જોઇને, કારણ કે મને એક વસ્તુની ખબર છે કે જયારે ધમાલ થતી હતી ત્યારે શંકરસિંહજી બહાર નીકળી ગયા હતા. એટલે વિપક્ષના નેતા સિવાય ગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓને આજના તથા આવતી કાલના દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે એવો જે પ્રસ્તાવ રજૂ થયો છે તે હું હવે મત પર મૂકીશ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**.

**ઉપાધ્યક્ષશ્રી :** વિરોધપક્ષના નેતા સિવાયના ગૃહની આજની કાર્યવાહીમાં હાજર તમામ કોંગ્રેસ પક્ષના સભ્યોને આજ અને આવતી કાલ એમ બન્ને દિવસ માટે સસ્પેન્ડ કરવાનો હું હુકમ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૧૦, ૧૨, ૧૩, ૧૫ થી ૨૮ અને ૩૦ થી ૩૯ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૪૨, ૪૩ અને ૪૪ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**ઉપાધ્યક્ષશ્રી :** નેકસ્ટ.

## બિન સરકારી વિધેયકો

**સચિવશ્રીઃ** બાબત ક્રમાંક-૪ની પેટા બાબત-૧, સભ્યશ્રી સસ્પેન્શન હેઠળ છે.

પેટા બાબત-૨, માનનીય સભ્યશ્રી ભૂષણભાઇ ભટ્ટ, માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ, માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૨૭મી માર્ચ, ૨૦૧૫ ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| અજયકુમાર જે. ચોકસી | રાજ્યમાં ભૂકંપની આગોતરી જાણ માટે સંશોધન | ૧૮૩ |
| | સુરત જિલ્લા નગરપાલિકાઓમાં ઘન કચરા નિકાલનાં મંજૂર સાધનો | ૧૪૩ |
| અનિલ જોષિયારા | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોને રોટાવેટર માટે સહાય | ૧૬૧ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જમીન માપણીનાં પડતર કેસ | ૨૦૭ |
| | ધંબોલીયા આદિવાસી વસાહત અને મણીપુર કંપાને રસ્તાની સુવિધા | ૫૦૩ |
| | બોરખાડ પ્રાથમિક શાળાથી બોરસી પ્રાથમિક શાળા સુધીના રસ્તાને ડામર કરવાની ભલામણો | ૪૮૦ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકાના ખાલી જળાશયોમાંથી કાંપ કાઢવા બાબત | ૧૯૩ |
| | ભિલોડા, મોડાસા અને મેઘરજ તાલુકામાં રસ્તાની સુવિધા માટે ગ્રાન્ટ | ૫૧૧ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં એસ.કે.–૪(૧) અને એસ.કે.–૪(૨) યોજના | ૩૨ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન સહાય | ૫૮ |
| | ગુજરાત ખાનગી યુનિવર્સિટી(દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૫ | ૪૦૨ |
| | ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત(સુધારા) વિધેયક, ૨૦૧૫ | ૪૩૯ |
| | ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સ્પ્લાન્ટેશન સાયન્સિઝ વિધેયક, ૨૦૧૫ | ૪૨૭ |
| અમિત ચૌધરી | કેન્દ્ર સરકારમાં નોકરીના હેતુથી રાજ્યની જ્ઞાતિઓનો ''સામાન્ય યાદી''માં સમાવેશ | ૪૦ |
| | ગાંધીનગર જિલ્લાના દેવસ્થાનોનો વિકાસ | ૭૨ |
| | માણસા તાલુકાના ગામોમાં પીવાલાયક પાણી | ૬૩ |
| | માણસા તાલુકામાં નાના/મોટા/મધ્યમ તળાવો | ૧૮૨ |
| | માણસા તાલુકામાં લેન્ડ કમિટી ની બેઠક | ૧૪૨ |
| અમીત ચાવડા | આણંદ જિલ્લામાં ઓવરલોડ ટ્રકોનું પરિવહન | ૫૪ |
| | આણંદ જિલ્લામાં સુરક્ષા સેતુ કાર્યક્રમ માટે ફાળવેલ રકમ | ૧૮૬ |
| | આણંદ જિલ્લામાં સીવીલ હોસ્પિટલ, પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં આઉટ સોર્સીંગથી ભરતી | ૫૦૫ |
| | આણંદ જિલ્લામાં સીવીલ હોસ્પિટલ, સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ | ૫૧૨ |
| | દફતર સંચાલનના તાલીમ વર્ગો સંબંધે ખોટું માનદવેતન લેવા બાબત | ૪૮૭ |
| | લઘુમતિઓના વિકાસ માટે રાજ્યકક્ષાની સમિતિ | ૧૮ |
| | વાસદ–બગોદરા છ માર્ગીય રસ્તા માટે સંપાદીત જમીનના વળતર બાબત | ૧૫૧ |
| અરૂણસિંહ અ. રણા | જંબુસર તાલુકામાં મંજૂર ગામની આંતરિક પેયજળ યોજનાઓ | ૩૬ |
| | ભરૂચ જિલ્લા નગરપાલિકાઓમાં ઘન કચરા નિકાલનાં મંજૂર સાધનો | ૧૭૪ |
| | ભરૂચ જિલ્લામાં આઇ.સી.ડી.એસ. યોજના હેઠળ મંજુર થયેલ આંગણવાડી કેન્દ્રો | ૪૯૧ |
| | ભરૂચ જિલ્લામાં સાત ફેરા સમૂહલગ્ન યોજના હેઠળ સહાય | ૬૧ |
| અરવિંદકુમાર ગાં. પટેલ | ઈન્સ્ટીટયુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે અપાતી સેવાઓ | ૪૬૫ |
| | બહુચરાજી તીર્થસ્થાનનો વિકાસ | ૭ |
| | સાબરકાંઠા જિલ્લામાં જંતુનાશક દવાના નમૂના | ૧૪૫ |
| અરવિંદભાઇ કે. લાડાણી | કુતિયાણા ખાતે ન્યાયિક સ્ટાફના રહેણાંક મકાનનું બાંધકામ | ૬૭ |
| | જુનાગઢ જિલ્લામાં ફળપાક માટે સહાય | ૧૩૩ |

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| | જૂનાગઢ જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય | ૧૭ |
| | માળીયા હાટીના ખાતે હયાત કોર્ટ બિલ્ડીંગનું નવિનીકરણ | ૫૨ |
| અરવિંદસિંહ દા. રાઠોડ | પંચમહાલ જિલ્લા નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજના | ૧૪૪ |
| | પંચમહાલ જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ | ૪૯૦ |
| | રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં અરજીઓ | ૫૫ |
| | શામળાજીને પ્રવાસન સ્થળ તરીકે વિકાસ માટેની કાર્યવાહી | ૨૦ |
| અશ્વિન કોટવાલ | ગાંધીનગર જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતોમાં માર્ગ અને મકાન વિભાગમાં ફરજ બજાવતા ઓવરશીયરો | ૫૦૫ |
| | ડેડીયાપાડા અને સાગબરા તાલુકામાં ચેકડેમના કામનાં નાણાંની બાકી ચૂકવણી | ૧૬૪ |
| | રાજ્યના સરકીટ હાઉસ અને વિશ્રામગૃહોમાં મેનેજર ગ્રેડ–૧ અને ૨ ની જગ્યાઓ અપગ્રેડ કરવા બાબત | ૪૯૧ |
| અશોકકુમાર ર. પટેલ | ગાંધીનગર એ.આર.ટી.ઓ. કચેરીમાં આવક | ૨૯ |
| | ગાંધીનગર જિલ્લામાં પોલીસ ખાતાનાં રહેણાંક મકાનો | ૨૦૮ |
| | ગાંધીનગર જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ | ૧૯૬ |
| | ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની તપાસ | ૪૮૨ |
| | ગાંધીનગર જિલ્લામાં સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ મંજુર થયેલ આંગણવાડી કેન્દ્રો | ૫૦૪ |
| | ગાંધીનગર જિલ્લામાં હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી | ૧૬૮ |
| | શ્રી પ્રદિપસિંહ જાડેજાના તા. ૨૦–૩–૨૦૧૫ ના પોઇન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય | ૩૬૮ |
| આંનદભાઇ ચૌધરી | ગુજરાત કો–ઓપરેટીવ બેંકમાં હાઈકોર્ટમાં ચૂકાદા અન્વયે જરૂરી કાર્યવાહી | ૧૯૨ |
| | જામજોધપુર તાલુકાના પરવડા ગામની વીડીની જમીનને પ્રમોલગેશન વખતે નવી શરતની નોંધ બાબત | ૨૦૬ |
| | સુરત જિલ્લામાં માંડવી શહેર/તાલુકામાં વાડા લેન્ડ હોલ્ડરોને માલીકી હક્ક | ૧૫૭ |
| | પાર્લામેન્ટરી એસોસિએશનની બેઠક અંગે | ૧૦૪ |
| આનંદીબેન મ. પટેલ | કમોસમી વરસાદના કારણે ખેડૂતોને થયેલ નુકસાનમાં રાહત પેકેજ આપવા બાબત | ૫૧૪ |
| | ગુ.રા.ના પૂર્વ સંસદીય સચિવ સ્વ. શ્રી ગોંસાઇભાઇ છીબાભાઇ પટેલના અવસાન અંગે | ૭૪ |
| | ગુ.રા.ના રાજય કક્ષાના પૂર્વ મંત્રીશ્રી સ્વ. શ્રી જનકસિંહ ખેંગારજી રાણાના અવસાન અંગે | ૭૩ |
| આર.સી.પટેલ | ગુ.રા.ના પૂર્વ સંસદીય સચિવ સ્વ. શ્રી ગોંસાઇભાઇ છીબાભાઇ પટેલના અવસાન અંગે | ૭૭ |
| ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ | જામજોધપુર તાલુકાના પરવડા ગામની વીડીની જમીનને પ્રમોલગેશન વખતે નવી શરતની નોંધ બાબત | ૧૩૩ |
| | ગુજરાત ખાનગી યુનિવર્સિટી(દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૫ | ૩૯૮ |
| | ગુજરાત મોટર વાહન વેરા (સુધારા) વિધેયક, ૨૦૧૫ | ૪૧૩ |
| | પાર્લામેન્ટરી એસોસિએશનની બેઠક અંગે | ૧૦૧ |

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| ઈશ્વરભાઇ ઢે. પટેલ | જામજોધપુર તાલુકાના પરવડા ગામની વીડીની જમીનને પ્રમોલગેશન વખતે નવી શરતની નોંધ બાબત | ૧૬૫ |
| | વલસાડ જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૩૩ |
| | શ્રી પ્રદિપસિંહ જાડેજાના તા. ૨૦–૩–૨૦૧૫ ના પોઇન્ ટ ઓફ ઓર્ડરનો નિર્ણય | ૩૭૭ |
| ઈશ્વરસિંહ ઠા. પટેલ | જંબુસર–કારેલી રસ્તાને દ્વીમાર્ગીય કરવા બાબત | ૪૭૭ |
| | ભરૂચ જિલ્લા ખાતે આર.ટી.ઓ. કચેરીનું નવિનીકરણ | ૨૬ |
| | ભરૂચ જિલ્લામાં ફળપાક માટે સહાય | ૧૨૫ |
| | ભરૂચ જિલ્લામાં મરણોત્તર સહાય | ૫૬ |
| ઋષિકેશ ગ. પટેલ | બહુચરાજી તીર્થ સ્થાનનો વિકાસ | ૩૨ |
| | મહેસાણા જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન બાબત | ૪૮૦ |
| | મહેસાણા જિલ્લામાં માતા યશોદા ગૌરવનિધી વીમા યોજનાના લાભાર્થીઓ | ૫૦૩ |
| | મહેસાણા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન સહાય | ૫૮ |
| કેતનભાઇ મ. ઇનામદાર | ખેડા જિલ્લામાં કિટ્સની વહેંચણી | ૩૦ |
| | વડોદરા જિલ્લામાં દીકરી યોજનાના લાભાર્થીઓ | ૪૮૮ |
| | વડોદરા જિલ્લામાં ફૂલપાક માટે સહાય | ૧૫૪ |
| કનુભાઇ મો. દેસાઇ | વલસાડ જિલ્લામાં હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી | ૧૨૨ |
| કરમશીભાઇ વિ. પટેલ | અમદાવાદ જિલ્લા એન.એ.ની કાર્યવાહીમાં કલેકટરની સત્તામાં કાપ | ૨૦૦ |
| | અમદાવાદ જિલ્લામાં ગેરકાયદેસર જમીનોની ફરિયાદો | ૧૭૭ |
| | અમદાવાદ જિલ્લામાં બોઈલરની તપાસ | ૧ |
| | અમદાવાદ જિલ્લામાં મુક્ત થયેલ બાળમજુરો | ૪૯ |
| | અમદાવાદ જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય | ૬૬ |
| | ગાંધીનગર જિલ્લામાં જાત ઈનામીની નોંધ પડેલ જમીનની એન.એ. કરવામાં વિલંબ | ૨૧૦ |
| | સાણંદ અને બાવળા તાલુકામાં રસ્તાઓને માટી મેટલના બાકી કામો | ૪૮૯ |
| કેશુભાઇ હી. નાકરાણી | ભાવનગર જિલ્લામાં ટ્રેલીઝ મંડપના લાભાર્થી | ૧૩૬ |
| | ભાવનગર જિલ્લામાં મલ્ટી પરપઝ હેલ્થ વર્કરનું મંજુર મહેકમ | ૪૭૬ |
| | ભાવનગર જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય | ૩૮ |
| | ભાવનગર જિલ્લામાં સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ મંજૂર થયેલ આંગણવાડી કેન્દ્રો | ૫૦૦ |
| કેશાજી શિ. ચૌહાણ | દાંતીવાડા ખાતે ન્યાયિક સ્ટાફના ક્વાર્ટસનું બાંધકામ | ૬૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં કન્યાઓને સાયકલ | ૫૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ સહાય | ૨૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં ફળપાક માટે સહાય | ૧૭૧ |
| કેસરસિંહ જે. સોલંકી | ખેડા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં ફાયર સેફ્ટીની સુવિધા | ૪૯૧ |
| | ખેડા જિલ્લામાં નિરાધાર વૃધ્ધોને સહાય | ૫૭ |
| | ખેડા જિલ્લામાં બાગાયતી કિટ્સનું વિતરણ | ૧૫૮ |
| | ખેડા જિલ્લામાં મુક્ત થયેલ બાળમજુરો | ૨૭ |
| | નડિયાદ ખાતે ન્યાયિક સ્ટાફના કવાર્ટસનું બાંધકામ | ૭૦ |
| કાંતિલાલ શી. અમૃતિયા | મોરબી જિલ્લામાં હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી | ૧૫૦ |
| | રાજકોટ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન | ૪૮૬ |

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| | રાજકોટ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ સહાય | ૩૨ |
| કાન્તીભાઇ કા. ખરાડી | અમીરગઢ અને દાંતા તાલુકામાં પશુપાલન કીટનું વિતરણ | ૨૧૧ |
| | દાંતા અને અમીરગઢ તાલુકામાં ચોમાસામાં નુકસાન પામેલ રસ્તાઓને રીપેર કરવા બાબત | ૪૮૬ |
| | દાંતા અને અમીરગઢ તાલુકામાં જમીન ફાળવવા બાબત | ૧૪૬ |
| | દાંતા અને અમીરગઢ તાલુકામાં ફળીયાઓ/ગામોને પાકા રસ્તાથી જોડવા બાબત | ૫૦૫ |
| | દાંતા અને અમીરગઢ તાલુકામાં રસ્તાઓની મરામત માટે ફાળવેલ ગ્રાન્ટ | ૫૧૧ |
| | બનાસકાંઠા જિલ્લાની આર.ટી.ઓ. કચેરીમાં ખાલી જગ્યાઓ | ૪૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં જમીનની માપણીની રીસર્વેની કામગીરી | ૧૮૪ |
| કિરીટસિંહ જી. રાણા | ગુ.રા.ના પૂર્વ સંસદીય સચિવ સ્વ. શ્રી ગોંસાઇભાઇ છીબાભાઇ પટેલના અવસાન અંગે | ૭૬ |
| કિશોર શિ. કાનાણી | પાર્લામેન્ટરી એસોસિએશનની બેઠક અંગે | ૧૦૫ |
| | સુરત ગ્રામ્યમાં પોલીસ કોમ્યુનીટી હોલ | ૧૫૧ |
| | સોનગઢ તાલુકામાં મંજૂર ગામની આંતરિક પેયજળ યોજનાઓ | ૩૬ |
| કિશોરસિંહ બા. ચૌહાણ | ગાંધીનગર જિલ્લામાં દીકરી યોજનાના લાભાર્થીઓ | ૪૮૯ |
| | બોડકદેવ ખાતેના જજીસના સલામતિ સ્ટાફના બેરેકની કામગીરી | ૪૭ |
| ગણપતસિંહ વે. વસાવા | મહેમદાવાદ તાલુકામાં જેલ બનાવવા બાબત | ૧૬૦ |
| ગેંદાલભાઇ મો. ડામોર | કડાણા જળાશય આસપાસના વિસ્તારનો યાત્રાધામ તરીકે વિકાસ | ૫૫ |
| | ગુજરાત કોર્ટ–ફી (સુધારા) વિધેયક, ૨૦૧૫ | ૪૩૬ |
| | પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં નવું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાલુ કરવાની રજુઆતો | ૪૭૮ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં અનુસૂચિત જનજાતિના બાળકોને શિષ્યવૃત્તિ | ૩૧૪ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં આઇ.સી.ડી.એસ. હેઠળ કાર્યરત આંગણવાડી કેન્દ્રો | ૫૦૨ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં આંબેડકર આવાસ યોજના હેઠળ સહાય | ૬૭ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં કન્યાઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ | ૨૫૯ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં જમીન માપણીની રીસર્વેની કામગીરી | ૧૪૩ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં પછાત જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ | ૨૬૧ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ | ૨૧૪ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં મત્સ્યોદ્યોગ સહકારી મંડળીઓ | ૨૦૩ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં વિધવા પેન્શન યોજના અન્વયે સહાય | ૩૧૨ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ | ૩૧૩ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં સરકીટ હાઉસોના રીનોવેશનનો ખર્ચ | ૩૪૨ |
